(૮૨)

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57 Licence to post without prepayment No. 271
● વર્ષ : (૫૦) + ૧૫ ● અંક : ૧ ● જાન્યુઆરી, ૨૦૦૪ ● ● Regd. No. TECH / 47-890 / MBI / 2003-2005

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/- ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## પુદ્ગલ-પરાવર્ત

પુદ્ગલ (પ્રાકૃત-પુગ્ગલ, પોગ્ગલ) એટલે જડ તત્ત્વ. પરાવર્ત (પરાવર્તન) એટલે પાછું ફરવું, બદલાવવું, ચક્ર પૂરું કરવું. પુદ્ગલ પરાવર્ત એટલે જીવે જડ તત્ત્વના ભોગવટાનું ચક્ર પુરું કરવું. જીવ કયા પ્રકારનાં જડ તત્ત્વોનો ભોગવટો કરે છે ? ક્યાં ક્યાં કરે છે ? ક્યારે કરે છે ? કેવી રીતે કેવા ભાવથી કરે છે ?-એવા બધા પ્રશ્નોના ઉત્તર રૂપે કોઈ સંસારી જીવ પોતાની અંગત વાત કરે તો તે બીજાને રસિક લાગે છે. પરંતુ મોહાસક્તિથી કરેલો એ ભોગવટો જ, માણસને એમાંથી કંટાળીને બહાર નીકળવું હોય તો નીકળવા દેતો નથી. જીવ જ્યાં સુધી સંસારમાં છે ત્યાં સુધી જડ તત્ત્વ સાથેનો એનો સંબંધ અવિનાભાવ છે, પરંતુ જડ તત્ત્વના ભોગવટા કરતાં પણ કંઈક ઉચ્ચ વસ્તુ છે અને એ જોઈતી હશે તો જડ તત્ત્વ સાથેનો સંબંધ તોડ્યા વગર છૂટકો નથી એ બહુ ઓછા લોકોને સમજાય છે.

સંસારના ચાર ગતિના સર્વ પ્રકારના જીવોમાં અંતર્મુખ બની ચિંતન કરવાનો અવકાશ મનુષ્યોમાં સવિશેષ છે. બુદ્ધિશક્તિ હોવાથી માણસો ભૂત, વર્તમાન અને ભાવિ-એમ ત્રણે કાળનો વિચાર કરી શકે છે. પરંતુ મોટા ભાગના લોકોની આ વિચારણા તેઓના વર્તમાન જીવન પૂરતી સીમિત રહે છે.

દુનિયામાં અડધા લોકો પૂર્વજન્મ-પુનર્જન્મમાં માનતા નથી. તેઓ તો પોતાને પ્રાપ્ત થયેલું જીવન એટલું જ અસ્તિત્વ છે એમ માને છે અને એને કેમ વધુ સુખસગવડવાળું તથા આનંદપ્રમોદથી સભર બનાવી શકાય એના આયોજનમાં જ રચ્યાપચ્યા રહે છે. વૈજ્ઞાનિકો પણ એ દિશામાં જ કામ કરે છે.

જે ધર્મો જન્મજન્માન્તરમાં માને છે તે ધર્મના કેટલાક અનુયાયીઓ જો કે ભૂતકાળના અને ભવિષ્યકાળના જન્મો વિશે વિચારે છે, પરંતુ તેઓમાં પણ તે વિશે ઊંડું ચિંતન કરનારા થોડા છે. પોતે અનાદિકાળથી સંસારમાં ચાર ગતિમાં ભટકી રહ્યો છે અને હવે સંસારચક્રમાંથી છૂટી મુક્તિ પ્રાપ્ત કરવી છે એવી લગનીવાળા અને તે પ્રમાણે આચરણ કરનારા જીવો તો બહુ જ અલ્પ સંખ્યામાં જોવા મળશે.

વળી, પોતાનું સંસાર-પરિભ્રમણ કેટલા કાળથી ચાલે છે, તે કેટલું લાંબું-પહોળું છે અને તેનું સ્વરૂપ કેવું છે એ વિશે તો કોઈક જ વિચાર કરે છે.

જૈન ધર્મ પ્રમાણે ચૌદ રાજલોકપ્રમાણ સમસ્ત વિશ્વ અને એમાં ભમતા ચોરાશી લાખ જીવાયોનિના જીવો-આ બધાંનો મુખ્ય બે દ્રવ્યની દૃષ્ટિએ વિચાર કરી શકાય-ચેતન અને જડ અથવા જીવ અને અજીવ. અજીવ દ્રવ્યના પાંચ પ્રકાર છે: (૧) પુદ્ગલ (૨) ધર્માસ્તિકાય (૩) અધર્માસ્તિકાય (૪) આકાશાસ્તિકાય અને (૫) કાલ. એમાં જીવને સવિશેષ ઘનિષ્ઠ સંબંધ જો હોય તો તે પુદ્ગલ સાથે છે. આ સંબંધ અનાદિ કાળથી એટલે કે જ્યારે જીવ નિગોદ અવસ્થામાં હતો ત્યારથી છે. એ અવસ્થામાંથી બહાર નીકળી અનંતાનંત ચક્કરો ચારે ગતિમાં મારતો મારતો જીવ મનુષ્યપણું પામ્યો છે, પણ કેટલાક માણસોને જેમ અપ્રિય ભૂતકાળ યાદ કરવો ગમતો નથી, તેમ મનુષ્યને પોતે વીતાવેલા એ ચક્કરોના કાળને યાદ કરવો ગમતો નથી. એ વિશે સૂઝ પણ નથી. પરંતુ માણસો જો સમજે અને પોતે આગલા જન્મોમાં કેટલાં કષ્ટો વેઠ્યાં છે અને કેટલો બધો પુરુષાર્થ કર્યો છે એ વિશે જાણે તો જ આ ચક્કરમાંથી જલદી છૂટવાનો એને ભાવ થાય.

જીવનો જડ તત્ત્વ એટલે કે પુદ્ગલ સાથેનો સંબંધ અનાદિ છે એમ કહેવું સહેલું છે, પણ અનાદિની કલ્પના કરવી ઘણી અઘરી છે. અનાદિ કાળથી, નિગોદ અવસ્થાથી જીવનો જડ તત્ત્વ, પુદ્ગલ સાથે જોડાયેલો સંબંધ સતત આ મનુષ્ય ભવ સુધી ચાલતો આવ્યો છે.

આપણે આપણા સમગ્ર જીવનકાળ દરમિયાન આહાર માટે અને અન્ય વપરાશ માટે જે બધાં પુદ્ગલ પરમાણુઓનો ઉપયોગ કરીએ છીએ તેના જેટલો ઢગલો કરીને કોઈ આપણને બતાવે તો આશ્ચર્યચકિત થઈ જવાય. માણસ પોતાના સિત્તેર, એંસી કે સો વર્ષના આયુષ્યમાં ફક્ત અનાજ, શાકભાજી, પાણી વગેરે વાપરે છે એ બધાં એક જ સ્થળે એકત્ર કરવામાં આવે તો પણ મોટો પર્વત થઈ જાય. એક વિશાળ સરોવર કરતાં વધુ પાણી આપણે પીવામાં-નહાવાધોવામાં વાપરતા હોઇશું. જેમ ભોજન વગેરેમાં તેમ શૌચાદિ ક્રિયામાં જે પુદ્ગલોનું આપણે વિસર્જન કરીએ છીએ એનું પ્રમાણ પણ એટલું જ મોટું છે. શ્વાસોચ્છ્વાસમાં પ્રાણવાયુનો ઉપયોગ એક જિંદગીમાં જે થાય છે એનો હિસાબ તો કેવી રીતે થઈ શકે ?

આપણે જે પુદ્ગલ પરમાણુઓ ભોજનાદિમાં ગ્રહણ કરીએ છીએ અને એનું ઊંઝન-વિસર્જન કરીએ છીએ એમાં દરેક વખતે એના એ જ પરમાણુ નથી હોતા. પ્રત્યેક વેળા જૂનાની સાથે કેટલાયે નવા પરમાણુઓનું પણ ગ્રહણ-વિસર્જન થાય છે. આ બધાંનો હિસાબ કોણ રાખે ? અને આ તો વર્તમાન જીવન પૂરતી વાત થઈ. ભૂતકાળમાં જે અનંત જન્મો એકેન્દ્રિયથી મનુષ્યપણા સુધીમાં પસાર થઈ ગયા તેનો હિસાબ પણ વિચારવો જોઇએ.

જીવ જે પુદ્ગલ પરમાણુઓનું ગ્રહણ-વિસર્જન જન્મજન્માન્તરથી કરતો આવ્યો છે તેને માટે પારિભાષિક વિચારણા જૈન ધર્મમાં વ્યવસ્થિત રીતે થયેલી છે. આ પ્રક્રિયાને તદ્દન સાદી રીતે સામાન્ય દૃષ્ટિએ સમજાવવી હોય તો એમ કહેવાય કે ચૌદ રાજલોકમાં રહેલાં તમામે તમામ પુદ્ગલ પરમાણુઓનું કોઈપણ જીવ ગ્રહણ-વિસર્જન પૂર્ણ કરે

એને એક પુદ્‌ગલ પરાવર્ત કહેવામાં આવે છે. જો કે આટલી વાત પૂરતી નથી, કારણ કે આ પરાવર્તના સ્વરૂપ, ક્રમ ઇત્યાદિ વિશે આપણા આગમગ્રંથોમાં ગહન વિચારણા થયેલી છે.

પુદ્‌ગલ શબ્દ પુત્‌ અને ગલ એવાં બે પદોનો બનેલો છે. પુત્‌ (અથવા પુદ્‌) એટલે પૂરણ, એટલે પુરાવું, ભેગા થવું, જોડાવું ઇત્યાદિ. ગલ્‌ એટલે ગલન, એટલે કે ગળી જવું, છૂટા પડવું, જુદા થવું. આમ, પુદ્‌ગલ એટલે એવું દ્રવ્ય કે જેનામાં સંયોજન અને વિભાજનની પ્રક્રિયા નિરંતર ચાલતી રહે છે.

છ દ્રવ્યોમાંથી બીજો કોઈ દ્રવ્યમાં આવી સંયોજન, વિભાજનની ક્રિયા થતી નથી. એ માત્ર પુદ્‌ગલ દ્રવ્યની જ આ વિશિષ્ટતા છે.

પુદ્‌ગલ (પ્રા. પુગ્ગલ, પોગ્ગલ) શબ્દની વ્યાખ્યા 'પ્રવચન સારોદ્ધાર' ટીકામાં નીચે પ્રમાણે આપવામાં આવી છે:

**द्रव्याद् गलन्ति–वियुज्यन्ते किंचित् द्रव्यं स्वसंयोगतः पूरयन्ति–पुष्टं कुर्वन्ति पुद्गलाः ।**

[જે દ્રવ્યથી ગલિત થાય છે, વિયુક્ત થાય છે અને સ્વસંયોગથી કિંચિત્‌ પુષ્ટ કરે છે તે પુદ્‌ગલ છે.]

બીજી વ્યાખ્યા છે :

**पूरणगलणत्तणत्तो पुग्गलो ।**

**अथवा पूरणाद् गलनाच्च पुद्गलाः ।**

એટલે કે જેનામાં પૂરણત્વ અને ગલણત્વ છે તે પુદ્‌ગલ છે.

આપણે પથ્થર, લાકડું, ધાતુ વગેરે નિર્જીવ જડ વસ્તુને જોઇએ છીએ અને ઓળખીએ છીએ. એ વસ્તુના ટુકડા કરતાં કરતાં, બારીક ભૂકો કરતાં એવા તબક્કે આવીએ કે જ્યારે હવે એના બે વિભાગ થઈ શકે એમ ન હોય એને અણુ અથવા પરમાણુ કહીએ છીએ. શ્રી ભગવતીસૂત્રના પાંચમા શતકના સાતમા ઉદ્દેશકમાં કહ્યું છે કે પરમાણુ પુદ્‌ગલ અવિભાજ્ય, અચ્છેદ્ય, અભેદ્ય, અદાહ્ય અને અગ્રાહ્ય છે, એટલે કે પુદ્‌ગલ પરમાણુના વિભાગ થઈ શકતા નથી, તેનું છેદનભેદન થઈ શકતું નથી. તેને બાળી શકાતા નથી અને ઈન્દ્રિય વડે તે ગ્રહણ કરી શકાતા નથી. વળી તે અનર્ધ, અમધ્ય અને અપ્રદેશી છે. એટલે કે તેના બે ભાગ થઈ શકતા નથી, તેમાં આદિ, મધ્ય અને અંત એવા વિભાગ થઈ શકતા નથી અને તે એક પ્રદેશરૂપ હોવાથી તેના વધુ પ્રદેશો થઈ શકતા નથી.

નવતત્ત્વ પ્રકરણમાં કહ્યું છે કે **पुग्गला चउहा** (અર્થાત પુદ્‌ગલ દ્રવ્યના ચાર પ્રકાર છે) **खंधा, देस-पएसा परमाणु चेव नायव्वा** । આમ પુદ્‌ગલના સ્કંધ, દેશ, પ્રદેશ અને પરમાણુ એવા ચાર પ્રકાર છે. એમાં સ્કંધો અનંત છે, તેવી રીતે દેશ, પ્રદેશ અને પરમાણુ પણ અનંત છે. આ રીતે પરમાણુ એ પુદ્‌ગલનો સૂક્ષ્મતમ અંશ છે. તે નિત્ય, અવિનાશી અને સૂક્ષ્મ છે. એવા સૂક્ષ્મ પરમાણુમાં રસ, ગંધ, વર્ણ અને સ્પર્શ એ ચાર ગુણલક્ષણ હોય છે. બે કે તેથી વધુ પરમાણુ એકત્ર થાય, એટલે કે એકબીજા સાથે જોડાઈ જાય તો સ્કંધ થાય છે. બે, ત્રણ એમ સંખ્યાતા, અસંખ્યાતા, અનંતા પરમાણુઓના પિંડને સ્કંધ કહેવામાં આવે છે.

ભગવતીસૂત્રના આઠમા શતકના પહેલા ઉદ્દેશકમાં કહ્યું છે કે પુદ્‌ગલના ત્રણ પ્રકાર છે : (૧) પ્રયોગ પરિણત–એટલે જીવના વ્યાપારથી પરિણત પુદ્‌ગલો જેમ કે શરીરાદિ, (૨) વિસ્રસા પરિણત એટલે જીવના પ્રયત્ન વિના સ્વભાવથી પરિણત પુદ્‌ગલો જેમ કે તડકો, છાંયો, (૩) મિશ્ર પરિણત એટલે કે પ્રયોગ અને વિસ્રસા એ બંને દ્વારા પરિણત પુદ્‌ગલો–જેમ કે મૃતકલેવરો.

પુદ્‌ગલ દ્રવ્યમાં નિરંતર પરિવર્તન થયા કરે છે. પરમાણુ પુદ્‌ગલમાં સંઘાત અને ભેદથી અનંત પરિવર્તન સતત ચાલ્યા કરે છે. એક પરમાણુ બીજાં અનંત પરમાણુઓ સાથે અથવા સ્કંધ સાથે સંઘાત અને ભેદને પ્રાપ્ત થાય છે. આ પ્રકારનું પરિવર્તન અનંત છે, કારણ કે પુદ્‌ગલ પરમાણુઓ અનંત છે. એટલે આ પરિવર્તનના પ્રકાર પણ અનંત છે. આ પરિવર્તનના આધારે પુદ્‌ગલોનો જે પરાવર્ત થાય છે તેની વિચારણા આપણા શાસ્ત્રગ્રંથોમાં થયેલી છે.

ચૌદ રાજલોકમાં અનંતાઅનંત પુદ્‌ગલ પરમાણુઓ છે. એમાં કોઈપણ એક જાતિના સમૂહને વર્ગણા કહે છે. એવી અનંત વર્ગણાઓ પુદ્‌ગલ પરમાણુઓમાં છે. એ બધી વર્ગણાઓને સાત મુખ્ય પ્રકારની વર્ગણામાં વિભક્ત કરવામાં આવી છે, જેમ કે (૧) ઔદારિક વર્ગણા, (૨) વૈક્રિય વર્ગણા, (૩) તેજસ્‌ વર્ગણા, (૪) કાર્મણ વર્ગણા, (૫) મનોવર્ગણા, (૬) વચન વર્ગણા અને (૭) શ્વાસોચ્છ્‌વાસ વર્ગણા.

અનાદિ કાળથી જ્યાં સુધી મુક્તિ ન મળે ત્યાં સુધી જીવ પરિભ્રમણ કરતો રહ્યો છે. આ પરિભ્રમણનો આધાર તે પુદ્‌ગલ પરમાણુઓનું ગ્રહણ અને એનો ત્યાગ છે. આ ગ્રહણ અને ત્યાગની પ્રક્રિયાને પુદ્‌ગલ પરાવર્ત કહેવામાં આવે છે. જીવ જ્યારે ચૌદ રાજલોકમાં રહેલા સમસ્ત પુદ્‌ગલ પરમાણુઓને ગ્રહણ કરે અને પરિણમાવે ત્યારે એક પુદ્‌ગલ પરાવર્તન થાય. એમાં અનંત કાળચક્ર પસાર થઈ જાય છે. એક કાળચક્ર એટલે એક અવસર્પિણી અને એક ઉત્પસર્પિણીનો કાળ અર્થાત્‌ વીસ કોડાકોડી સાગરોપમ જેટલો કાળ. પલ્યોપમ અને સાગરોપમ એ કાળને માપવાનાં બે વિરાટ માપ છે.

પલ્યોપમ એટલે જેને પલ્યની ઉપમા આપી શકાય. પલ્ય એટલે કૂવો અથવા મોટો ખાડો. ચાર ગાઉ લાંબો, એટલો જ પહોળો અને એટલો જ ઊંડો એક ગોળાકાર વિરાટ કૂવો કરવામાં આવે અને તેમાં યુગલીઆના કોમળ વાળ (વધુ સંખ્યામાં સમાય એવા)ના અગ્રભાગના ટુકડા એવી રીતે ઠાંસી ઠાંસીને ભરવામાં આવે કે જેથી જરા પણ ખાલી જગ્યા રહે નહિ. એના ઉપરથી પાણીનો ધોધ વહી જાય તો પણ એક પણ ટીપું અંદર ઊતરે નહિં અને ચક્રવર્તીની સેના એના ઉપરથી ચાલી જાય તો પણ એ પલ્ય જરા પણ દબાય નહિ કે નમે નહિ. હવે એ પલ્યમાં રહેલા અસંખ્યાતા વાળના ટુકડાઓમાંથી દર સો વર્ષે એક ટુકડો બહાર કાઢવામાં આવે અને એ રીતે આખો કૂવો ખાલી થતાં જેટલો વખત લાગે તે વખત બરાબર એક પલ્યોપમ કહેવાય.

પલ્યોપમના છ પ્રકાર શાસ્ત્રકારો બતાવે છે અને એમાં દર સો વર્ષે વાળનો એક ટુકડો કાઢવાનું જે દૃષ્ટાન્ત આપ્યું છે તે સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમનું છે.

સાગરોપમ એટલે સાગરની ઉપમા અપાય એવું મોટું. હવે પલ્ય એટલે કે કૂવાને બદલે સાગર જેટલા વિશાળ કૂવામાં કે ખાડામાં વાળના ટુકડા એ જ પ્રમાણે ભરવામાં આવે તે પછી એ જ પ્રમાણે ખાલી કરવામાં આવે તો તેને સાગરોપમ કાળ કહેવામાં આવે છે. આ સાગર જેવો કૂવો કેટલો મોટો હોય ? તે માટે કહે છે કે દસ કોડાકોડી પલ્યોપમ બરાબર એક સાગરોપમ થાય. કોડાકોડી એટલે કરોડ ગુણ્યા કરોડ. દસ કોડાકોડી એટલે દસ કરોડ ગુણ્યા કરોડ.

પલ્યોપમની જેમ સાગરોપમના પણ છ ભેદ થાય છે. અહીં સૂક્ષ્મ અદ્ધા સાગરોપમનું દૃષ્ટાન્ત છે.

હવે કલ્પના કરી શકાશે કે એક સાગરોપમ એટલે કેટલો કાળ. એવા દસ કોડાકોડી સાગરોપમ બરાબર અડધું કાલચક્ર–ઉત્સર્પિણી અથવા અવસર્પિણી. ઉત્સર્પિણી અને અવસર્પિણી બંને ભેગા મળીને એક કાળચક્ર એટલે કે વીસ કોડાકોડી સાગરોપમ (સર્વાર્થસિદ્ધ વિમાનના દેવોનું અથવા સાતમી નરકના જીવોનું આયુષ્ય તેત્રીસ સાગરોપમનું હોય છે.) થાય. એક બે નહિ પણ અનંત કાળચક્ર જેટલો કાળ એક પુદ્‌ગલ પરાવર્તનમાં પસાર થઈ જાય છે. આપણે આ વાત તરત માની ન શકીએ, પણ શાસ્ત્રકારો કહે છે કે ચૌદ રાજલોક અને ચોર્યાસી લાખ

જીવયોનિમાં પરિભ્રમણ કરતો કરતો, અનંત પુદ્ગલ પરાવર્ત કરતો કરતો આપણો જીવ મનુષ્ય ગતિમાં આવ્યો છે.

આ પ્રમાણે પુદ્ગલ પરાવર્ત મુખ્ય ચાર પ્રકારના છે : (૧) દ્રવ્ય પુદ્ગલ પરાવર્ત (૨) ક્ષેત્ર પુદ્ગલ પરાવર્ત (૩) કાળ પુદ્ગલ પરાવર્ત અને (૪) ભાવ પુદ્ગલ પરાવર્ત.

આ ચારે પ્રકારના પુદ્ગલ પરાવર્તના બાદર (સ્થૂલ) અને સૂક્ષ્મ એવા ભેદ કરીએ તો કુલ આઠ પુદ્ગલ પરાવર્ત નીચે પ્રમાણે થાય :

(૧) બાદર દ્રવ્ય પુદ્ગલ પરાવર્ત, (૨) સૂક્ષ્મ દ્રવ્ય પુદ્ગલ પરાવર્ત, (૩) બાદર ક્ષેત્ર પુદ્ગલ પરાવર્ત, (૪) સૂક્ષ્મ ક્ષેત્ર પુદ્ગલ પરાવર્ત, (૫) બાદર કાળ પુદ્ગલ પરાવર્ત, (૬) સૂક્ષ્મ કાળ પુદ્ગલ પરાવર્ત, (૭) બાદર ભાવ પુદ્ગલ પરાવર્ત અને (૮) સૂક્ષ્મ ભાવ પુદ્ગલ પરાવર્ત.

પ્રવચન સારોદ્ધારમાં કહ્યું છે :

**पोग्गल परियट्टो इह दव्वाइ चउव्विहो मुणेयव्वो ।**
**थूलेयरभेएहिं जह होइ तहा निसामेइ ॥**

(દ્રવ્ય વગેરે પુદ્ગલ પરાવર્ત ચાર પ્રકારના જાણવા. એમાં પણ સ્થૂલ અને સૂક્ષ્મ એવા ભેદો કહેલા છે.)

સંસાર-પરિભ્રમણમાં જીવ આ આઠે પ્રકારનાં પુદ્ગલ પરાવર્ત કરતો આવ્યો છે. આ આઠે પુદ્ગલ પરાવર્તમાં એક પૂરું થાય પછી જીવ બીજું પુદ્ગલ પરાવર્ત ચાલુ કરે એવું નથી. આઠે પુદ્ગલ પરાવર્ત સાથે સાથે જે ચાલે છે. વળી એવું નથી કે એક પરાવર્ત પૂરું થયું એટલે કામ પતી ગયું, અથવા આઠે પરાવર્ત પૂરાં થયાં એટલે વાતનો અંત આવી ગયો. એક પરાવર્ત પૂરું થતાં બીજું તત્ક્ષણ ચાલુ થઈ જાય છે. એ રીતે જીવે અનાદિ કાળથી વર્તમાન કાળ સુધીમાં અનંત પુદ્ગલ પરાવર્ત કર્યા છે.

આઠે પ્રકારના પુદ્ગલ પરાવર્તનું સ્વરૂપ કોઈને તરત ન સમજાય એવું છે. એ માટે ઉદાહરણ તરીકે મેં નીચે આપેલી રમતો ઉપયોગી થઈ પડશે.

**રમત-૧**

ઊભી અને આડી લીટીઓ દોરીને ઊભાં દસ અને આડાં દસ-એ રીતે ગણતાં કુલ ૧૦૦ ખાનાં કરવાં. એ દરેક ખાનામાં અનુક્રમે ૧ થી ૧૦૦ની સંખ્યા લખવામાં આવે.

હવે એક જણ એક કોથળીમાં ઢગલો કરીને રાખેલી ૧૦૦ સોગઠીઓમાંથી એક પછી એક સોગઠી કાઢે. દરેક સોગઠી ઉપર કોઈ એક આંકડો લખ્યો હોય. એવી ૧ થી ૧૦૦ સુધીની સોગઠી કોથળીમાં છે. જેમ જેમ એક એક સોગઠી નીકળતી જાય તેમ તેમ બીજા રમનારે કાગળના કોઠામાં તે તે આંકડા ઉપર ચોકડી કરવી. એ રીતે બધી સોગઠી પૂરી થશે તેની સાથે કાગળ પરની ચોકડીઓ પણ પૂરી થશે. આ એક પ્રકારનું પરાવર્તન પૂરું થયું કહેવાય.

આમાં નંબર ઉપર એકથી અનુક્રમે ચોકડી કરી નથી, પણ જેમ જેમ જે જે નંબર નીકળે તે પ્રમાણે ચોકડી કરવામાં આવી છે એટલે આ વ્યુત્ક્રમ અથવા ક્રમ-ઉત્ક્રમ પરાવર્તન છે. એને સ્થૂલ અથવા બાદર પરાવર્તન કહી શકાય.

**રમત-૨**

હવે એ જ પ્રમાણે ૧ થી ૧૦૦ સુધીના આંકડા લખ્યા હોય એવા કોઠાવાળા કાગળ ઉપર ચોકડી કરવાની છે, પણ કોથળીમાંથી જ્યારે નંબર ૧ નીકળે ત્યારે જ ચોકડી કરવાની. ત્યાર પછી જ્યારે નંબર ૨ નીકળે ત્યારે જ ચોકડી કરવાની. વચ્ચે બીજા આંકડાવાળી સોગઠી નીકળે તો તેની ચોકડી નહિ કરવાની. હવે એક કોથળી પૂરી થઈ, પણ થોડાક જ આંકડા ઉપર અનુક્રમે ચોકડી થઈ શકી છે. એટલે રમત આગળ લંબાવવા એ બધી સોગઠીઓને કોથળીમાં પાછી મૂકી દઈને હલાવીને ફરીથી સોગઠીઓ એક પછી એક કાઢવાની. એમાં આગળ કરેલી ચોકડીઓમાં અનુક્રમે જ આગળ વધવાનું. આ કોથળી પૂરી થતાં બીજા કેટલાક નંબરમાં અનુક્રમે આગળ વધાશે. ત્યાર પછી ત્રીજી વાર, ચોથી વાર, એમ અનુક્રમે કોથળીમાંથી ફરી ફરી સોગઠીઓ કાઢવાની અને એમ કરતાં ૧ થી ૧૦૦ સુધીના આંકડા ઉપર અનુક્રમે બધી જ ચોકડી થઈ જાય ત્યારે એક પરાવર્તન થાય. આ પરાવર્તન ક્રમથી થયું છે. એમાં બે ત્રણ વાર કોથળી ફરીથી ભરીને કાઢવાથી ચોકડી પૂરી કરવાનું કાર્ય નહિ પતે. ઘણી બધી વાર કરવું પડશે. કોઈવાર પંદર-વીસ કોથળીથી પરાવર્તન પૂરું થાય અને ન થાય તો છેવટે સો વાર કોથળી ભરવાથી તો એ અવશ્ય પૂરું થશે જ. આ પ્રમાણે થયેલું પરાવર્તન ક્રમથી થયું છે એમ કહેવાય. આને સૂક્ષ્મ પરાવર્તન કહી શકાય.

**રમત નં. ૩**

આગળ પ્રમાણે જ ૧ થી ૧૦૦ ખાનાંમાં અનુક્રમે આંકડા લખવા. પણ એવા નંબરવાળા ચાર કાગળ સાથે રાખવા. એક લાલ રંગનો, એક વાદળી રંગનો, એક લીલા રંગનો અને એક કેસરી રંગનો.

ચાર બાજુવાળી ચોરસ સોગઠીમાં પ્રત્યેક બાજુ અનુક્રમે લાલ, લાદળી, લીલો અને કેસરી રંગ રાખવો. દરેક રંગ ઉપર ૧ થી ૧૦૦ માંથી કોઈ એક આંકડો લખેલો હોવો જોઇએ. જરૂરી નથી કે એક જ આંકડો ચારે રંગમાં એક સરખો લખેલો હોય. એ લખેલો હોઈ પણ શકે છે અને ન પણ હોય, પણ દરેક રંગમાં ૧ થી ૧૦૦ સુધીના આંકડા હોવા જોઇએ.

હવે કોથળીમાંથી એક સોગઠી કાઢવામાં આવે. એના ઉપર લાલ રંગમાં જે આંકડો હોય તે પ્રમાણે લાલ રંગના કાગળ પરના આંકડા પર ચોકડી કરવી. એ જ વખતે એ જ સોગઠીમાં વાદળી, લીલા અને કેસરી રંગમાં જે જે આંકડા લખ્યા હોય તે પ્રમાણે તે તે રંગના કાગળના આંકડામાં ચોકડી કરવી. આમ, ૧ થી ૧૦૦ સુધીની બધી સોગઠી બહાર નીકળશે ત્યારે ચારે રંગના કાગળ પર ચોકડીઓ પૂરી થશે. આ બધી ચોકડી ક્રમથી નહિ પણ અક્રમથી કે વ્યુત્ક્રમથી થઈ. આ અક્રમ પરાવર્તન એક સાથે ચાર રંગનું થયું. એ ચાર રંગ તે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ-એ ચારનાં છે. એટલે એક સાથે ચાર અક્રમ અથવા સ્થૂલ પરાવર્તન થયાં.

**રમત નં. ૪**

આગળ પ્રમાણે ચાર રંગના કાગળ અને ચાર રંગવાળી સોગઠી રાખવાની. પણ હવે દરેક રંગના કાગળમાં આંકડાઓ ઉપર ૧ થી ૧૦૦ સુધી અનુક્રમે જ ચોકડી કરવાની. વચ્ચે બીજા આંકડા નીકળે તે છોડી દેવાના. એટલે આગળ પ્રમાણે ચાર પરાવર્તન અનુક્રમે જ થશે. આ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવનું પ્રત્યેકનું અનુક્રમે પરાવર્તન થયું કહેવાય. આને સૂક્ષ્મ પરાવર્તન કહી શકાય.

અહીં તો સમજવા માટે રમતમાં આપણે ૧ થી ૧૦૦ સુધીના આંકડા ઉદાહરણ સ્વરૂપે રાખ્યા. જો કે આ રમતો સંપૂર્ણ નથી, પણ બાળજીવોને સમજવા માટે છે. પણ એ આંકડા ૧ થી લાખ, કરોડ કે અબજ સુધીના નહિ, પણ અસંખ્યાતા કે અનંતા હોય તો આ રમત રમતાં કેટલો બધો સમય લાગે ? આપણી કલ્પનામાં પણ ન આવે એટલો સમય લાગે.

અલબત્ત, આ પુદ્ગલ પરાવર્તનમાં એક સેકન્ડનો, એક 'સમય' માત્રનો બગાડ થતો નથી. રમત સતત ચાલુ જ રહે છે-એક ભવથી બીજા ભવ સુધી અને ભવોભવ સુધી એ પ્રમાણે ચાલ્યા જ કરે છે.

વળી આવી રીતે એક પરાવર્તન થયું એટલે રમત પૂરી થઈ ગઈ એવું નથી. એક પ્રકારના પરાવર્તન પછી તરત જ-તત્ક્ષણ તે પ્રકારનું બીજું પરાવર્તન ચાલુ થઈ જાય છે. એમ અનંત પરાવર્તનો કરતો જીવ

સંસારમાં પરિભ્રમણ કર્યા કરે છે.

હવે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ આ ચારે પ્રકારના પુદ્ગલ પરાવર્તન વિશે વિગતે જોઇએ.

**સ્થૂલ અને સૂક્ષ્મ દ્રવ્ય પુદ્ગલ પરાવર્ત**

'શ્રી પુદ્ગલ પરાવર્તસ્તવ' નામની કૃતિમાં કહ્યું છે:

**औदारिकवैक्रिय तेजसभाषाप्राणचित्त कर्मतया ।**

**सर्वाणुपरिणतेर्भे स्थूलोऽभूत्पुद्गलावर्तः ॥**

[ઔદારિક, વૈક્રિય, તેજસ, ભાષા, પ્રાણ (શ્વાસોચ્છ્વાસ), મન અને કર્મ–એ સાતે વર્ગણાના સર્વ અણુઓને પરિણમાવવાથી (ગ્રહણ કરીને મૂકવાથી) સ્થૂલ દ્રવ્ય પુદ્ગલ પરાવર્ત થાય છે.]

પુદ્ગલ પરમાણુઓના વર્ગણાની દૃષ્ટિએ સાત પુદ્ગલ પરાવર્ત ગણાવવામાં આવે છે. જેમ કે (૧) ઔદારિક પુદ્ગલ પરાવર્ત (૨) વૈક્રિય પુદ્ગલ પરાવર્ત (૩) તેજસ પુદ્ગલ પરાવર્ત (૪) કાર્મણ પુદ્ગલ પરાવર્ત (૫) મન પુદ્ગલ પરાવર્ત (૬) વચન પુદ્ગલ પરાવર્ત અને (૭) શ્વાસોચ્છ્વાસ પુદ્ગલ પરાવર્ત.

જીવે જ્યારે જ્યારે ઔદારિક શરીર ધારણ કર્યું હોય ત્યારે ઔદારિક વર્ગણાના લોકવર્તી સમસ્ત પુદ્ગલોને ક્રમશ: ઔદારિક શરીરરૂપે ગ્રહણ કરે અને પરિણમાવે. એમાં જેટલો કાળ પસાર થાય તેને ઔદારિક પરાવર્ત કહે છે. એ રીતે સંસારચક્રમાં પરિભ્રમણ કરતો જીવ, ક્રમશ: ઔદારિક વગેરે સાતે પ્રકારની વર્ગણાના સમસ્ત પુદ્ગલ પરમાણુઓને પરિણમાવે ત્યારે સાતે વર્ગણાનો એક પરાવર્ત પૂરો થાય.

જીવે જે ગતિમાં જે પ્રકારનો દેહ ધારણ કર્યો હોય તેને અનુરૂપ વર્ગણાના પુદ્ગલ પરમાણુઓને તે પરિણમાવે છે. ઉદાહરણ તરીકે જીવ મનુષ્ય હોય તો વૈક્રિય વર્ગણાના પુદ્ગલોને ન પરિણમાવી શકે, જો તે દેવગતિમાં કે નરકગતિમાં હોય ત્યારે તે તેટલો વખત ઔદારિક પુદ્ગલોને ન પરિણમાવી શકે. એ પ્રમાણે જીવ જો અસંજ્ઞી હોય તો તે વખતે તે મન વર્ગણાના પુદ્ગલોને ન પરિણમાવી શકે. એકેન્દ્રિય જીવો વચન વર્ગણાના પુદ્ગલોને ન પરિણમાવી શકે. નરક ગતિના જીવે પૂર્વના જન્મોમાં ઔદારિક પુદ્ગલ પરાવર્ત અનંત વાર કર્યા હોય. આ પ્રમાણે જુદી જુદી ગતિના જીવો વિશે તે ગતિ અનુસાર પૂર્વજન્મ અને પુનર્જન્મ વિશે કથન કરવામાં આવે છે. પૂર્વજન્મોમાં સર્વ જીવોએ અનાદિ કાળથી સંસાર પરિભ્રમણ કરવામાં સાતે વર્ગણાના પ્રકારના અનંત પુદ્ગલ પરાવર્ત કર્યા છે. અનાગત એટલે કે ભવિષ્ય કાળની દૃષ્ટિએ વિચારીએ તો અભવ્ય જીવો સાતે પ્રકારનાં પુદ્ગલ પરાવર્ત કરશે, કારણ કે તેમનો મોક્ષ નથી. બીજા બધા જીવો માટે અનાગત કાળ વિશે જુદી જુદી સ્થિતિ હોઈ શકે.

ઔદારિક શરીરવાળો જીવ ઔદારિક વર્ગણાના પુદ્ગલોનું પરાવર્તન કેવી રીતે કરે છે તે વિશે ભગવાન મહાવીર સ્વામીએ શ્રી ગૌતમસ્વામીને કહ્યું છે કે તે જીવે પ્રથમ ઔદારિક શરીરના નિર્માણને યોગ્ય પુદ્ગલ દ્રવ્યોને ઔદારિક શરીર રૂપે ગ્રહણ કર્યા છે, પછી તેને આત્મ પ્રદેશોની સાથે બદ્ધ કર્યા છે. (શરીરમાં ધૂળની જેમ પહેલાં સ્પર્શ કર્યો છે) પૂર્વ પરિણામમાંથી અન્ય પરિણામ રૂપે પરિણમિત કર્યા છે, તેને પ્રસ્થાપિત કર્યા છે, તેને નિવિષ્ટ કર્યા છે (પોતે તેનો પ્રવેશ કરાવ્યો છે), અભિનિવિષ્ટ કર્યા છે (આત્માની સાથે સંપૂર્ણપણે સંલગ્ન કરાવ્યા છે), અભિસમન્વાગત કર્યા છે (પુદ્ગલોનો રસાનુભવ કર્યો છે), પરિયાત્ત કર્યા છે (સર્વ અવયવોથી રસાનુભવ કર્યા છે, અન્ય રૂપે પરિણામિત કર્યા છે), નિર્જીર્ણ (ક્ષીણ રસવાળાં) કર્યાં છે, નિ:સૃત અને નિ:સૃષ્ટ (પૃથક્) કર્યા છે અને એ રીતે તે પુદ્ગલો આત્મ પ્રદેશોથી પૃથક્ અર્થાત્ છૂટા થયાં છે.

આમ જીવ પોતાના શરીરમાં ઔદારિક પુદ્ગલો ગ્રહણ કરીને, પરિણમાવીને પછી છોડી દે છે. એમાં ગૃહીત, બદ્ધ, સ્પૃષ્ટ, કૃત, પ્રસ્થાપિત, નિવિષ્ટ, અભિનિવિષ્ટ, અભિસમન્વાગત, પ્રસ્થાપિત, પરિણામિત, નિર્જીર્ણ, નિ:સૃત અને નિ:સૃષ્ટ એમ તેર પ્રકારની પ્રક્રિયા થાય છે. એવી જ રીતે પ્રત્યેક વર્ગણાનાં પુદ્ગલ પરમાણુઓ વિશે આ તેર પ્રકારની પ્રક્રિયા થાય છે.

ભગવતી સૂત્રમાં ભગવાન મહાવીર સ્વામી ગણધર શ્રી ગૌતમસ્વામીને કહે છે:

હે ગૌતમ ! સૌથી આછાં વૈક્રિય પુદ્ગલ–પરિવર્ત છે. એનાથી અનન્તગુણા વધારે વચન–પુદ્ગલ પરિવર્ત છે. એનાથી અનંતગુણા મન:પુદ્ગલ પરિવર્ત છે. એનાથી અનંતગુણા આન પ્રાણ (શ્વાસોચ્છ્વાસ) પુદ્ગલ પરિવર્ત છે. એનાથી અનંતગુણા ઔદારિક પુદ્ગલ–પરિવર્ત છે. એનાથી અનંતગુણા તેજસ્ પુદ્ગલ–પરિવર્ત છે અને એનાથી અનંતગુણા કાર્મણ પુદ્ગલ પરિવર્ત છે.

બીજી બાજુ આ સાતે વર્ગણાના પુદ્ગલ પરાવર્તના નિવર્તના (નિષ્પત્તિ) કાળનું અલ્પબહુત્વ કેવું છે તે વિશે ભગવાને કહ્યું છે કે સૌથી થોડો નિવર્તના કાળ કાર્મણ પુદ્ગલ પરાવર્તનો છે. એનાથી તેજસ પુદ્ગલનો કાળ અનંતગુણો છે. એનાથી ઔદારિક પુદ્ગલનો કાળ અનંતગુણો છે, એનાથી શ્વાસોચ્છ્વાસ પુદ્ગલનો કાળ અનંતગુણો છે. એનાથી મન પુદ્ગલનો કાળ અનંતગુણો છે. એનાથી વચન પુદ્ગલનો કાલ અનંતગુણો છે અને એનાથી વૈક્રિય પુદ્ગલ પરાવર્તનનો નિવર્તના કાળ અનંતગુણો છે.

આ પ્રમાણે ચૌદ રાજલોકમાં રહેલા સાતે વર્ગણાના સર્વ પુદ્ગલ પરમાણુઓનો ઉપભોગ થતાં એટલે કે ગ્રહણ કરીને મૂકી દેતાં જે પરાવર્ત થાય તેને સ્થૂલ દ્રવ્ય પુદ્ગલ પરાવર્ત કહે છે.

સંસારમાં ભ્રમણ કરતો જીવ ચૌદ રાજલોકમાં રહેલા સર્વ પરમાણુને સાત વર્ગણામાંથી અનુક્રમે એક પછી એક વર્ગણારૂપે પરિણમાવે એટલે કે ગ્રહણ કરીને મૂકે ત્યારે સૂક્ષ્મ દ્રવ્ય પુદ્ગલ પરાવર્ત કહેવાય.

જીવ પ્રથમ ઔદારિક વર્ગણારૂપે સર્વ પુદ્ગલ પરમાણુને ભોગવે, ત્યાર પછી વૈક્રિય વર્ગણા રૂપે ભોગવે, એમ કરતાં સાતે વર્ગણા રૂપે અનુક્રમે ભોગવે ત્યારે સૂક્ષ્મ દ્રવ્ય પુદ્ગલ પરાવર્ત થાય. જીવ પુદ્ગલ પરમાણુને ઔદારિક વર્ગણા તરીકે ભોગવતો હોય ત્યારે વચ્ચે વૈક્રિયાદિ વર્ગણારૂપે ગમે તેટલી વાર ભોગવે તે ન ગણાય. તેવી જ રીતે વૈક્રિયાદિ અન્ય વર્ગણા માટે પણ સમજવું.

કેટલાક શાસ્ત્રકારો દ્રવ્ય પરાવર્તના બે ભેદ બતાવે છે : (૧) નોકર્મ દ્રવ્ય પરાવર્ત અને (૨) કર્મ દ્રવ્ય પરાવર્ત. એમાં નોકર્મ દ્રવ્ય પરાવર્તના કાળના ત્રણ ભેદ બતાવવામાં આવે છે : (૧) અગૃહીત–ગ્રહણ કાળ, (૨) ગૃહીત–ગ્રહણ કાળ અને (૩) મિશ્ર કાળ.

**સ્થૂલ (બાદર) અને સૂક્ષ્મ ક્ષેત્ર પરાવર્ત**

સ્થૂલ ક્ષેત્ર પરાવર્ત વિશે શ્રી 'પુદ્ગલ પરાવર્તસ્તવ'માં કહ્યું છે:

**निरवशेषलोकदेशान् भवे भवे पूर्वसंभवैर्मरणैः ।**

**स्पृशतः क्रमोत्क्रमाभ्यां क्षेत्रे स्थूलस्तदावर्त्तः ॥**

[ચૌદ રાજલોકના બધા જ આકાશ પ્રદેશોને ભવે ભવે ક્રમ–ઉત્ક્રમથી મરણ વડે સ્પર્શે ત્યારે સ્થૂલ ક્ષેત્ર પરાવર્ત થાય.]

લોકાકાશના અસંખ્ય પ્રદેશો છે. એના પ્રત્યેક પ્રદેશને વ્યુત્ક્રમથી જીવ મરણથી સ્પર્શે અને એમ કરતાં બધા જ આકાશપ્રદેશોને સ્પર્શી લે ત્યારે એક બાદર ક્ષેત્ર પરાવર્ત થયો કહેવાય (અન્ય એક મત પ્રમાણે જીવ જન્મથી સ્પર્શે અને એમ કરતાં બધાં જ આકાશ પ્રદેશોને જન્મથી સ્પર્શી લે ત્યારે એક બાદર ક્ષેત્ર પરાવર્ત થયો કહેવાય.)

જીવ ચૌદ રાજલોકના સમગ્ર આકાશ પ્રદેશોને પ્રત્યેકને અનુક્રમે મરણથી સ્પર્શે ત્યારે સૂક્ષ્મ ક્ષેત્ર પરાવર્ત થયો કહેવાય.

કેટલાક શાસ્ત્રકારો ક્ષેત્ર પરાવર્તના બે ભેદ બતાવે છે: (૧) સ્વક્ષેત્ર પરાવર્ત અને (૨) પરક્ષેત્ર પરાવર્ત. સ્વક્ષેત્ર પરાવર્ત એટલે કોઈ એક જીવ સૂક્ષ્મ નિગોદની જઘન્ય અવગાહના સાથે ઉત્પન્ન થઈ ઉત્તરોત્તર ક્રમથી એક એક પ્રદેશ અધિક અવગાહના સાથે ઉત્પન્ન થતો થતો છેવટે મહામત્સ્યની ઉત્કૃષ્ટ અવગાહના સુધી પહોંચે અને એમાં જેટલી વાર લાગે તેને સ્વક્ષેત્ર પુદ્ગલ પરાવર્ત કહે છે. પરક્ષેત્ર પરાવર્ત એટલે કોઈ જીવ સમગ્ર લોકાકાશના એક એક પ્રદેશને જન્મક્ષેત્ર બનાવતાં બનાવતાં બધા જ પ્રદેશોને જન્મક્ષેત્ર બનાવી રહે ત્યારે એક પરક્ષેત્ર પરાવર્ત થાય.

### સ્થૂલ અને સૂક્ષ્મ કાળ પુદ્ગલ પરાવર્ત

'પ્રવચન સારોદ્ધાર'માં સ્થૂલ કાળ પરાવર્ત માટે કહ્યું છે:

**ओसप्पिणीह समया जावइया ते य नियमरणेणं ।**
**पुट्ठा कमुक्कमेण कालपरट्टो भवे थूलो ।।**

[અવસર્પિણી (તથા ઉત્સર્પિણી)માં એના સમયોને જીવ ક્રમ-ઉત્ક્રમથી મરણ વડે સ્પર્શે ત્યારે સ્થૂલ કાળ પુદ્ગલ પરાવર્ત થાય.]

જીવ અવસર્પિણી અને ઉત્સર્પિણીના જેટલા 'સમય' થાય તે સર્વ સમયને ક્રમ-અક્રમથી મરણ દ્વારા સ્પર્શે ત્યારે એક સ્થૂલ કાળ પુદ્ગલ પરાવર્ત થાય.

કોઈ જીવ અવસર્પિણીના પ્રથમ સમયે મરણ પામ્યો ત્યાર પછી તે એ જ અથવા બીજી અવસર્પિણીના બીજા સમયે મરણ પામે તો તે સમય ગણાય. વચ્ચે તે અવસર્પિણીના પંદરમા કે પચાસમા કે અન્ય કોઈ સમયે મરણ પામે તો તે ન ગણાય. તેવી રીતે અવસર્પિણીના બધા જ સમયને અનુક્રમે સ્પર્શવા જોઈએ.

આ રીતે જીવ ઉત્સર્પિણી અને અવસર્પિણીના એટલે કે એક કાળચક્રના સર્વ સમયોને અનુક્રમે મરણ વડે સ્પર્શે ત્યારે તે એક સૂક્ષ્મ કાળ પુદ્ગલ પરાવર્ત થયો કહેવાય.

### સ્થૂલ અને સૂક્ષ્મ ભાવ પરાવર્ત

શ્રી પુદ્ગલ પરાવર્તસ્તવમાં સ્થૂલ ભાવ પરાવર્ત માટે કહ્યું છે:

**अनुभागबन्धहेतून् समस्त लोकाप्रदेशपरिसंखयान् ।**
**म्रियतः क्रमोत्क्रमाभ्यां भावे स्थूलस्तदावर्तः ।।**

[સમસ્ત લોકાકાશના પ્રદેશ પ્રમાણે અનુભાગ બંધના સ્થાનોને (હેતુઓને) ક્રમ-ઉત્ક્રમથી મરણ પામીને જીવ સ્પર્શે ત્યારે ભાવ પુદ્ગલ પરાવર્ત થાય.]

સમસ્ત લોકાકાશના પ્રદેશ પ્રમાણે અનુભાગબંધના સ્થાનોને જીવ મરણ પામતો વ્યુત્ક્રમથી સ્પર્શે ત્યારે બાદર ભાવ પુદ્ગલ પરાવર્ત થાય. ક્રોધ, માન, માયા, લોભ એ ચાર કષાયોમાં મંદ-મંદતર, તીવ્ર-તીવ્રતર એમ એમાં ઘણી તરતમતા હોય છે. કષાયના અધ્યવસાયથી કર્મબંધ થાય. કષાયોની તરતમતાને લીધે અસંખ્ય અનુબંધસ્થાનો થાય છે.

આ પ્રમાણે આઠે કર્મનાં પુદ્ગલોમાં રહેલા અસંખ્યાતા રસભેદોના પુદ્ગલપરમાણુઓને જીવ વ્યુત્ક્રમથી મરણ વડે સ્પર્શે ત્યારે બાદર ભાવ પરાવર્તન થાય અને ક્રમથી સ્પર્શે ત્યારે સૂક્ષ્મ ભાવ પરાવર્તન થાય.

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ એ પ્રત્યેકનાં બાદર અને સૂક્ષ્મ એમ કુલ આઠ પ્રકારનાં પુદ્ગલ પરાવર્તન બતાવવામાં આવ્યાં છે, પરંતુ શાસ્ત્રકારો કહે છે કે બાદર અથવા સ્થૂલ પરાવર્ત એટલે કે વ્યુત્ક્રમવાળાં પરાવર્ત તો સૂક્ષ્મ પરાવર્ત સમજવા માટે છે. જીવે જે પુદ્ગલ પરાવર્ત અનંતવાર કર્યાં છે એ તો સૂક્ષ્મ જ સમજવાના છે.

દિગંબર પરંપરામાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ એ ચાર પ્રકારના પુદ્ગલપરાવર્ત ઉપરાંત પાંચમો ભવ પુદ્ગલપરાવર્ત ગણાવવામાં આવે છે. 'સર્વાર્થ સિદ્ધિ' ગ્રંથમાં જણાવ્યું છે કે:

**तत्र परिवर्तनं पंचविधं, द्रव्यपरिवर्तनं, क्षेत्रपरिवर्तनं, कालपरिवर्तनं, भवपरिवर्तनं, भावपरिवर्तनं चेति ।**

મિથ્યાત્વયુક્ત જીવ નરક ગતિનું ઓછામાં ઓછું આયુષ્ય ભોગવે ત્યાંથી તે પ્રમાણે અનેક વાર ભોગવ્યા પછી ત્યાં જ તે ગતિમાં જ્યારે આવે ત્યારે એક એક સમય વધારે આયુષ્ય ભોગવતો જઈ છેવટે નરક ગતિમાં ઉત્કૃષ્ટ આયુષ્ય ભોગવે, ત્યાર પછી તિર્યંચ ગતિમાં જઘન્ય આયુષ્યથી ઉત્કૃષ્ટ આયુષ્ય ક્રમે ક્રમે ભોગવી ત્યાર પછી મનુષ્યગતિમાં જઘન્ય આયુષ્યથી ઉત્કૃષ્ટ આયુષ્ય અનુક્રમે ભોગવે અને પછી દેવગતિમાં પણ એ રીતે આયુષ્ય ભોગવે (જે દેવોને એક જ ભવ બાકી હોય તેમના આયુષ્યની ગણના કરી નથી.) ત્યારે જીવનું સંસારપરિભ્રમણનું એક ભવપરાવર્તન થયું ગણાય છે. ટૂંકમાં ચોર્યાશી લાખ જીવયોનિમાં પ્રત્યેકમાં જીવ ઉત્પન્ન થઈ, જઘન્ય આયુષ્યથી અનુક્રમે ઉત્તરોત્તર વધતું આયુષ્ય ભોગવીને એમ છેવટે ઉત્કૃષ્ટ આયુષ્ય ભોગવીને મરણ પામે ત્યારે એક ભવપરાવર્ત પૂરો થયો કહેવાય. એવા અનંત ભવપરાવર્ત આ જીવે ભૂતકાળમાં કર્યાં છે.

આમ, પુદ્ગલ પરાવર્તનો અને એના પ્રકારોનો વિચાર કરીએ તો બુદ્ધિ કામ ન કરે. કોઈકને એમ લાગે કે ખરેખર આમ થતું હશે? વસ્તુતઃ સૂક્ષ્મ એકેન્દ્રિયાદિ જીવોને અને તિર્યંચ ગતિના જીવોને લક્ષમાં રાખી પોતે પણ આ બધાં ભવચક્રોમાંથી પસાર થયા છે એનું શાંત ચિત્તે મનન કરીએ તો કંઈક અંતરમાં પ્રતીતિ અવશ્ય થાય. માત્ર પોતાના મનુષ્યભવનો વિચાર કરવાથી આ તરત નહિ માની શકાય. સર્વજ્ઞ ભગવાને જ્યારે શ્રી ગૌતમસ્વામીને સ્વમુખે આ પ્રમાણે કહ્યું છે ત્યારે તો એમાં અડગ શ્રદ્ધા થવી જોઈએ.

કોઈને પ્રશ્ન થાય કે તો શું આ પરાવર્તનો અંત ન આવે ? અવશ્ય આવે. જો જીવનું મિથ્યાત્વ મંદ થઈ ગયું હોય અને તેનામાં અમુક ગુણલક્ષણો પ્રગટ થયાં હોય તો તે તેને હવે છેલ્લો એક પરાવર્ત કરવાનો બાકી રહે છે. એવા જીવો ચરમ (છેલ્લા) આવર્ત (પરાવર્ત)માં આવેલા હોવાથી તેઓ ચરમાવર્તી જીવ કહેવાય છે. શ્રી હરિભદ્રસૂરિજીએ 'યોગબિન્દુ'માં (શ્લોક ૭૨) જણાવ્યું છે:

**चरमे पुद्गल-परावर्ते यतो यः शुकलपाक्षिकः ।**
**भिन्नग्रन्थिश्चरित्री च, तस्यैवेतदुदाहृतम् ।।**

[છેલ્લા પુદ્ગલ પરાવર્તમાં વર્તતો જીવ શુકલ પાક્ષિક જાણવો. તે જ આત્મા ગ્રંથિભેદ કરનારો અને ચારિત્ર પાળનારો થાય છે એ પ્રમાણે કહેલું છે.]

જે જીવોને સંસારપરિભ્રમણમાં એક વખત પણ ગ્રંથિભેદ અને સમ્યગ્દર્શન થાય છે તો તે જીવો દેશઉણ અડધા પુદ્ગલપરાવર્તમાં આવી જાય છે. ભવસ્થિતિ અનુસાર વચ્ચે કદાચ કોઈનું સમકિત ચાલ્યું ગયું હોય તો પણ તે જીવને અર્ધપુદ્ગલ પરાવર્ત જેટલો કાળ ભવભ્રમણ કરવાનો રહે છે. જેમ સમકિત નિર્મળ થતું જાય તેમ ભવ ઓછા કરવાના રહે.

એટલે આપણે 'શ્રી પુદ્ગલપરાવર્તસ્તવ'ના રચનાર મહાત્માએ એમાં અંતે જે પ્રાર્થના કરી છે તે જ પ્રાર્થના કરીએ:

**नाना पुद्गल पुद्गलावलि परावर्तानन्तानहं,**
**पूरंपूरमियचिरं कियदशं वाढं दृढं नोढवान् ।**
**दृष्टवा दृष्टचरं भवन्तमधुना भक्त्यार्थयामि प्रभो,**
**तस्मान्मोचय रोचय स्वचरणं श्रेयःश्रियं प्रापय ।।**

[અનેક પુદ્ગલ પરમાણુઓની શ્રેણીવાળા અનંત પરાવર્ત સુધી ભમીભમીને હે પ્રભુ! હું ઘણું દુઃખ પામ્યો છું. હવે આપને દૃષ્ટિવડે નિહાળવાથી ભક્તિથી પ્રાર્થના કરું છું કે મને દુઃખ (અંશ) થી છોડાવો. આપનું ચારિત્ર મને રુચે અને કલ્યાણરૂપી (મોક્ષરૂપી) લક્ષ્મીને હું પ્રાપ્ત કરું.]

☐ રમણલાલ ચી. શાહ

# જૂનવાણી કે ઉપયોગિતાવાદી ?

□ ડૉ. રણજિત પટેલ ('અનામી')

માંડ પંદર વર્ષની વયે, આજથી લગભગ સવાસો વર્ષ પહેલાં મારાં ગંગા દાદી, કુલવધૂ બનીને લગભગ બાવીસ જણના સંયુક્ત કુટુમ્બમાં આવ્યાં. પંચાણુ વર્ષે તેઓ વૃદ્ધાવસ્થાને કારણે સ્વાભાવિક મૃત્યુ પામ્યાં. ત્રણ ત્રણ પેઢી સુધી એમણે ભર્યાભાદર્યા સંયુક્ત કુટુમ્બમાં એકચક્રી રાજ્ય કર્યું. લગભગ બાવીસ સંતાનોના જન્મને જોયો...એમને મોટા કર્યા, ભરપટ્ટે સંસ્કાર આપ્યા ને પોતે પૂરા માન મરતબા સાથે સંસારની વિદાય લીધી.

હું પચ્ચીસનો થયો ત્યાં સુધી મારાં ગંગાદાદીને જૂનવાણી સમજતો હતો પણ આઠ દાયકા વિતાવ્યા બાદ, એમને જૂનવાણી નહીં પણ ઉપયોગિતાવાદી સમજ્યો છું. કેટલાંક દૃષ્ટાંતો દ્વારા મારી વાત સ્પષ્ટ કરું.

મારા જન્મ પહેલાં અમારા ઘરમાં એક 'કોઠલો' હતો. એમાં મોટે ભાગે ઘી-દૂધ-માખણ-રોટલાની છાબડી, કેરી-લીંબુ-મરચાનાં અથાણાં-સચવાતાં. એવો 'કોઠલો' મેં કોઇને ત્યાં જોયેલો નહીં, ખૂબ મોટો મજૂસની પેટી જેવો, પણ ચીકણી માટીમાંથી બનાવેલો. ઢાંકણ વગેરે લાકડાનાં...માટીનું ફ્રીજ જોઈ લ્યો. ઘી-દૂધ-દહીં...કશું જ બગડે નહીં-ગમે તેટલી ઠંડી ગરમી હોય ! ઓલ-સીઝન-પ્રૂફ ! સંસ્કૃત 'કોષ્ઠાગાર', પ્રાકૃત કોઠ્ઠાર પરથી કોઠાર શબ્દ ગુજરાતીમાં આવ્યો. કોઠલી કે કોઠલો-માટીની બનાવેલી નાની કોઠી જેમાં ખાદ્ય વસ્તુઓ મૂકાય...કોઠારમાં અનાજ રખાય. પણ અમો ચારેય ભાઈઓ મોટા થયા, કૉલેજમાં ભણ્યા એટલે આ માટીનો કોઠલો', અમને સૌને 'જૂનવાણી' લાગ્યો. 'કોઈપણ કારણસર એને ઘરમાંથી રૂખસદ આપવી જોઇએ. પણ દાદીના એકચક્રી સામ્રાજ્યમાં એ શી રીતે બને ? ત્રીજી પેઢીની, કુટુમ્બની અર્ધો ડઝન વહુવારોમાંથી કોઇએ 'કોઠલો' શબ્દ સાંભળેલો નહીં, એ જોવાની વાત તો જૂદી !

પ્રથમ તો, 'કોઠલા' ને દેશવટો દેવા માટે દાદીની સાથે દલીલો કરી જોઈ: 'દાદી હવે આ કોઠલો ઠીક ઠીક ઘરડો થયો. એને રજા આપવી જોઇએ.' તરત જ દાદી બોલ્યાં: 'હું ય ઘરડી થઈ છું...પહોંચાડો મને ય સ્મશાને.' 'પણ દાદી, આ કોઠલો કેટલી બધી જગ્યા રોકે છે ?' દાદી બોલ્યાં : 'તમારે નાગા થઇને ય નાચવું હોય તો આ ઘર તો ખેતર જેવડું મોટું છે.' 'પણ દાદી હવે આપણા ઘરમાં આ શોભતો નથી.' 'જૂની વસ્તુઓથી ને ઘરડાં મા-બાપથી શરમાય એ માંણહમાં લેખામાં નહીં.' પત્યું, લાગ્યું કે આ પાણીએ મગ ચઢનાર નથી એટલે રફતે રફતે અમે 'આતંકવાદ'નો આશરો લીધો ને કકડે કકડે 'કોઠલા'ની ભાંગફોડ શરૂ કરી. રફતે રફતે ઉંદર-પ્રવેશ પૂરતી પ્રગતિ કરી ! એટલે દાદીને દલીલ કરી : 'દાદી ! હવે તો કોઠલામાં ઉંદર બગાડ કરે છે...ઉંદરની પાછળ સાપ પણ પેસે તો કુટુમ્બમાં ન બનવાનું બને ! આખરે દાદી ઢીલાં પડ્યાં ને કોઠલાનો તો નિકાલ કરી દીધો પણ દાદીએ બે દિવસ ખાધું નહીં. કુટુમ્બમાં કોઈનું અવસાન થયું હોય એવો ને એટલો શોક પાળ્યો. કોઠલાને સ્થાને અપ-ટુ-ડેટ કબાટ ને ફ્રીજ આવી ગયાં !

અમારી દૃષ્ટિએ, દાદીને જૂનવાણી ઠેરવતી બીજી વસ્તુ હતી...અનાજ ભરવાની બે માટીની તોતિંગ કોઠીઓ. એ બંને કોઠીઓ ઘરમાં ઠીક ઠીક જગ્યા રોકતી હતી. આમ તો અમારું ઘર વિશાળ હતું, ૧૩૦ ફૂટ લાંબું હતું પણ આ કોઠીઓ તોપખાના જેવી લાગતી. અનાજથી ઠસોઠસ ભરેલી કોઠીઓની નીચે એક બાજુ ન્હાનું બાકોરું રાખવામાં આવતું. એને ડૂચાથી બંધ કરવામાં આવતું. જ્યારે કોઠીમાંથી અનાજ કાઢવાનું હોય ત્યારે ડૂચો દૂર કરવાનો, નળમાંથી પાણી નીકળે તેમ બાકોરામાંથી અનાજનો ધોધ વછૂટે. 'એ ક્રિયા કરવામાં રમતની મજા આવતી પણ તોતિંગ એ બે માટીની તોપો દીઠેય ગમતી ન હતી' પિતાજીએ એમનાં બા (અમારાં દાદી)ને સમજાવી 'કોઠલા પાછળ બે કોઠીઓને ય વદાય કરી એટલે ચારસો મણ અનાજ સમાય એવો કોઠાર બની ગયો. અલબત્ત ! કોઠીઓમાં ક્યારેય જીવાત પડતી નહોતી. કોઠારમાં જીવાત અને ઉંદરથી અનાજનો બગાડ થવા લાગ્યો.

હવે ? અમારા ઘરમાં દળવાની બે દેશી ઘંટીઓ હતી. સવારે પાંચના સુમારે ઊઠીને બે વહુઓ દળવા બેસી જાય. દરરોજનો દશ શેર લોટ જોઈએ. ઘંટીએ દળેલા લોટની કમાલ જુદી ! યંત્ર-ઘંટીએ દળેલા અનાજના લોટનું પોષકતત્ત્વ બળી જાય, ઘટી જાય ને એની ભાખરી-રોટલી-રોટલાની મીઠાશ પણ ચાલી જાય ! ઠાંગાઠૈયા કરી વહુઓએ દેશી ઘંટીને ય દેશવટો દીધો ને ઘરમાં દળવાની યંત્ર-ઘંટી આવી ગઈ ! ત્રીજી પેઢીની વહુઓએ ભલે દેશી ઘંટીને દેશનિકાલ દીધો, પણ બીજી પેઢીની મારી પત્નીએ યંત્રઘંટી હોવા છતાં પણ એંશી વર્ષની જૈફ વયે પણ દેશી ઘંટીએ જ દળવાનું ચાલુ રાખ્યું. અમુક વસ્તુઓ બનાવવા માટે યંત્ર ઘંટીનો ઉપયોગ થતો ને કેટલીક વસ્તુઓ બનાવવા માટે દેશી ઘંટીનો.

અમારા મસમોટા ઘરને પાણિયારે ચારેક ત્રાંબાનાં બેડાં-ચારેક ઘડા અને ચારપાંચ ઘડા સમાય એવડો મોટો માટીનો ગોળો-રહેતો. ગોળામાં પાણી ખૂટે એટલે ત્રાંબાના ઘડા-બેડામાંથી ઠલવાય પણ પાણીની તૂટ પડે નહીં. ઉનાળામાંય એ ગોળો ફ્રીજની ગરજ સારે-પણ કોણ જાણે પિત્તળીઆ ને ત્રાંબાની સંસ્કૃતિમાં એ 'મૃત્તિકા-સંસ્કૃતિ' શોભતી નહોતી. એકવાર મારાં બાની ગફલતથી ત્રાંબાનો ઘડો માટીના ગોળા સાથે અથડાઈ ગયો ને ગોળો નંદવાઈ ગયો. એટલે દાદીનાં વાક્‌બાણ શરૂ થયાં. 'ગોળો ફૂટે શેને?' વીસ વીસ વરસથી એ સેવા આપતો હતો. કાળજી રાખીએ તો માટીનેય ગોબા શેના પડે ? અમારા રાજમાં ચાલે ને તમારા રાજમાં ફૂટે !' પિતાજીએ દલીલ કરી: 'બા! માણસ જેવા માણસ મરી જાય છે ને ! દરેકનું આયુષ્ય ખૂટે એટલે જવાનું', પણ બેચાર દિવસ સુધી દાદીનો કકળાટ ચાલુ રહ્યો.

અમારા ઘરમાં એક મોટી વળગણી હતી. એના પર ઘણાં લૂગડાં લટકે. બે-ત્રણ કબાટની એ ગરજ સારે. પણ ઘરની રોનકમાં એ ગાબડાં પાડતી હતી એટલે વળગણીનો વળગાડ ટળ્યો ને ખાસ્સાં કબાટ થઈ ગયાં. એ વળગણીના અનુસંધાનમાં દાદી પાસેથી માંડ દસ વર્ષની વયે મેં એક કહેવત સાંભળેલી: 'વળગણીએ સૂકવેલા બે શોક્યના સાડલા પણ લડે.' છાણ-માટીથી ઓકળીઓ પાડેલું ઘર ત્યારે કેવું કલાત્મક લીંપણથી શોભતું હતું. ઉનાળામાં ઠંડક ને શિયાળામાં ઉષ્મા આપતું ઘર 'ટાઈલ્સ' આવતાં શોભે છે ખરું ! આજથી છ-સાત દાયકા પૂર્વે અમારા ઘરમાં ખીચડી તપેલીઓમાં નહીં પણ માટીનાં હાડલામાં થતી. કઢી પણ, છાશ પણ મોટાં કાળાં માટલાંમાં સચવાય. દહીં અને અથાણાં પણ માટીના કટોરામાં રાખવાનાં. એની મીઠાશ કૈંક ઓર હતી. આજે સ્ટીલ-સંસ્કૃતિની 'ફીકાશ' અનુભવીએ છીએ. હું પચાસનો થયો ત્યાં સુધી, વતનમાં જવાનું થાય ત્યારે, દેશી ઘંટીથી દળેલા બાજરીના લોટના, કપાસની કરાંઠીના તાપે શેકેલા ત્રણ-ચાર રોટલા બેગમાં ભરી લાવતો ને વડોદરામાં એની મીઠાશ માણતો ને ખાતાં ખાતાં બોલતો. 'દાદી તમે રજમાત્ર જૂનવાણી નહોતાં, તમે તો ૧૦૦ ટકા ઉપયોગિતાવાદી હતાં.'

❖❖❖

# કયો જીવ કયા ગુણસ્થાનકે મોક્ષ પામે

☐ ડૉ. બિપિનચંદ્ર હીરાલાલ કાપડિયા

પ્રત્યેક જીવે અનંતાનંત પુદ્‌ગલ પરાવર્તકાળ વ્યતીત કર્યા છે. જ્યારે જીવ અર્ધપુદ્‌ગલાવર્તકાળથી ન્યૂન સમયમાં મિથ્યાત્વ (મોહનીયાદિ)ને મંદતમ કરે ત્યારે બોધિની પ્રાપ્તિ થકી સમકિતાદિ મળે છે.

આ કાળમાં જીવે સૂક્ષ્મ તેમજ બાદર ગણના પ્રમાણે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી અનુક્રમે વિશિષ્ટ રીતે સ્પર્શ કરવાનો હોય છે. આની ગણતરી કરીએ તો આંખે અંધારા આવી જાય ! દરેક જીવે આ રીતે ચાર ગતિ, ૨૪ દંડક તથા ૮૪ લાખ યોનિમાં અકલ્પ્ય સમય પસાર કર્યો છે. નિગોદના જીવોના મુખ્ય બે વિભાગો છે : શુકલપક્ષ કે વ્યવહાર રાશિ અને કૃષ્ણપક્ષ કે અવ્યવહાર રાશિ. તેમાંથી કોઈ સિદ્ધ પુરુષ સિદ્ધત્વ મેળવે છે તેના પ્રતાપે કોઈ પુણ્યશાળી જીવ જેના તથાભવ્યત્વનો પરિપાક થવાનો હોય તેવાં જીવો શુકલપક્ષમાં આવી શકે છે. પરંતુ તેવા જીવો કાળજી ન રાખે તો ફરી પાછા નિગોદમાં પહોંચી જાય ! આવા જીવોએ હવે બહાર નીકળવા પોતે જાતે સ્વપ્રયત્ન કરવો જ રહ્યો. હવે તેણે પૂર્વનો લાભ ગુમાવી દીધો છે.

જે ભાગ્યશાળી જીવ પ્રયત્ન કરી આગળ વધે તેવાં જીવો પ્રથમ ગુણસ્થાનકે એટલે કે મિથ્યાત્વ ગુણસ્થાને આવે. અહીં સમજવા જેવી વાત એ છે કે ૧૪ પગથિયાંની મોક્ષે પહોંચવાની સીડીનું આ પહેલું પગથિયું છે. મિથ્યાત્વ એટલે વીતરાગ પ્રભુની વાણીથી અલ્પ, અધિક, વિપરીત શ્રદ્ધે, પ્રરૂપે અને સ્પર્શે, જેના પરિપાકે ગતિ, દંડક અને યોનિમાં ભટકવું, કૂટાવું, રખડવું પડે. આને અજ્ઞાન, અલ્પજ્ઞાનની અવસ્થા કહી શકાય. અજ્ઞાન એટલે જ્ઞાનનો અભાવ નહીં પરંતુ ઓછું જ્ઞાન. જ્ઞાનનો અભાવ હોય તો ચેતન અને અચેતન, જીવ અને અજીવમાં ભેદ ન રહે. આ પ્રથમ સોપાને ચઢેલો જીવ ક્રમિક ઢંગે પ્રગતિના પંથે પ્રયાણ આદરતાં છેવટનું ૧૪ મું સોપાન પ્રાપ્ત કરી શકે. આ પ્રથમ પગથિયેથી મોક્ષ ખૂબ દૂર છે. જેની કોઈ સંખ્યામાં ગણતરી કરવી અશક્ય છે. એ સંખ્યા અકલ્પ્ય હોઈ શકે છે.

જે જીવ બીજે સાસ્વાદન ગુણસ્થાને આવ્યો છે તે કંઈ ચઢે તો આવે એવું પગથિયું નથી. આ પગથિયું પડતાનું છે. ૧૧ મે ગુણસ્થાને જે જીવ ઉપશમ શ્રેણિ ૮મા પગથિયાથી ચઢી ચૂક્યો છે તે જીવની ઉપશમાવેલી પ્રકૃતિ ફરી ઉદય પામે, કારણ કે તેનો ક્ષય નથી કર્યો. રાખથી ઢંકાયેલા દેવતા સમાન છે. પવનનો સપાટો આવે તો રાખ ઊડતાં દેવતા ફરી પ્રજ્વલિત થાય તેમ ઉપશમાવેલી પ્રકૃતિ પ્રાદુર્ભાવ પામે ત્યારે તે જીવે નક્કી પડવું પડે છે અને પડતાં તેવો જીવ, ત્રીજે, બીજે, પહેલે કે નિગોદ સુધી પણ પહોંચી જાય તો નવાઈ નહીં. આને સાસ્વાદન ગુણસ્થાનક શા માટે કહે છે તે જરા વિચારીએ. જેવી રીતે દૂધપાકનું ભોજન કર્યા પછી કોઈને ઊલટી થઈ જાય તો તે ખાધેલાનો સ્વાદ જીભ પર રહી શકે છે. સ્વાદ હોવાથી સાસ્વાદ. જેવી રીતે ઝાડ પરથી તૂટેલું ફળ હજી પૃથ્વી પર પટકાયું નથી તો તે અદ્ધર હોય તેમ પ્રકૃતિ જે દાબી રાખી હતી તે પુનઃ ઉદિત થતાં સમકિતથી પતન થયું તેથી તેને સાસ્વાદન એટલે એકવાર જેણે સમકિતનો કંઈક સ્વાદ ચાખ્યો છે તેથી તેને સાસ્વાદન ગુણઠાણું કહે છે. આવો જીવ કૃષ્ણપક્ષી મટી શુકલપક્ષી થઈ અર્ધપુદ્‌ગલાવર્તથી દેશઉણા સમયે સંસારનો પાર પામે છે.

ત્રીજું ગુણસ્થાનક તે મિશ્રગુણસ્થાનક છે. અહીં મિથ્યાત્વી જીવ સમ્યક્‌ત્વાભિમુખ તો થયો, પણ પામી ન શક્યો. જેવી રીતે શિખંડ ખાતાં કંઈક મીઠો કંઈક ખાટો સ્વાદ લાગે તેમ ખટાશની જેમ મિથ્યાત્વ અને મીઠાશ સમાન સમ્યક્‌ત્વ હોય તેમ મિશ્રપણું રહેતું હોવાથી, મિથ્યાત્વ અને સમ્યક્‌ત્વનું બંનેનું મિશ્રપણું રહે છે. આવો જીવ સર્વ ધર્મોને સરખો માને કેમકે તેવો જીવ સૂક્ષ્મતા તારવી શકતો ન હોવાથી મિશ્ર સ્થિતિ પામેલો છે. આવો જીવ પણ દેશઉણા અર્ધપુદ્‌ગલપરાવર્તમાં સંસારનો પાર પામી જાય છે.

ચોથું અવિરતિ સમ્યગ્‌દૃષ્ટિ ગુણસ્થાનક. અહીં પહોંચેલો જીવ અનંતાનુબંધી ચાર કષાયો તથા દર્શન મોહનીયની ત્રણ પ્રકૃતિ જેવી કે સમ્યક્‌ત્વ મોહનીય, મિશ્ર મોહનીય અને મિથ્યાત્વ મોહનીય એ ૭નો ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષય કરી સુદેવ, સુગુરુ અને સુધર્મ પર શ્રદ્ધાન્વિત થઈ સાધુ વગેરે ચારે તીર્થનો ઉપાસક બને અને પહેલાં આયુષ્યનો બંધ ન પડ્યો હોય તો (૧) નરકગતિ, (૨) તિર્યંચગતિ, (૩) ભવનપતિ, (૪) વાણવ્યંતર, (૫) જ્યોતિષી, (૬) સ્ત્રીવેદ અને (૭) નપુંસકવેદ એ ૭નું આયુષ્ય ન બાંધે જેથી ત્યાં જન્મે નહીં, પરંતુ જો આયુષ્યનો બંધ પડી ગયો હોય તો તે ભોગવી ઉચ્ચ ગતિને પામે છે.

પાંચમું દેશવિરતિ ગુણસ્થાનક પૂર્વોક્ત સાતે પ્રકૃતિનો ઉપશમ, ક્ષયોપશમ, ક્ષય કરે અને અપ્રત્યાખ્યાનાવરણીય ચતુષ્કનો ક્ષયોપશમ કરે અને શ્રાવકના ૧૨ વ્રત, ૧૧ પડિમા (પ્રતિમા), નવકારશી, છમાસી તપ વગેરે ધર્મક્રિયામાં શક્તિ અનુસાર ઉદ્યમવંત રહે તેવો જીવ પડવાઈ ન થાય તો જઘન્ય ત્રીજે ભવે અને ઉત્કૃષ્ટ ૧૫મા ભવે મોક્ષે જાય. અવિરતિ સમ્યગ્‌દૃષ્ટિ આત્માના બે ઉદાહરણો જોઇએ. એક છે મહારાજા શ્રેણિક અને બીજા છે કૃષ્ણ. શ્રેણિક રાજા અનાથ મુનિના સંપર્કમાં આવ્યા પછી સમકિતી બન્યા. જ્યારે ભદ્રમાતાનો સુપુત્ર ધન્ના સાર્થવાહ દીક્ષા લેવા તત્પર થયા ત્યારે શ્રેણિક ભદ્રામાતાને જણાવે છે કે દીક્ષા મહોત્સવનો સર્વ કારભાર મારા શિરે. પોતે દીક્ષા લઈ શક્યા ન હતા છતાં પણ બીજાને પ્રોત્સાહિત કરવામાં જરા પણ આઘુંપાછું કર્યું નથી. પોતે તે પ્રસંગોચિત છડીધર બન્યા હતા. બીજું તેઓ નગરના શ્રેષ્ઠ ધનાઢ્ય શેઠિયાઓ સાથે ત્રિકાળ પ્રભુ પૂજા કરતા અને દરરોજ નીતનવીન સોનાના જવારાથી સાથિયો કરતા હતા. આયુષ્યનો બંધ પડી જવાથી અત્યારે નરકમાં છે પરંતુ આગામી ઉત્સર્પિણીમાં પ્રથમ તીર્થંકર પદ્મનાભ થશે. (એમની પ્રતિમા જે ઉદયપુરમાં છે તેની અત્યારે પણ પૂજાદિ કરાય છે.)

તેવી રીતે શ્રીકષ્ણે જે જે વ્યક્તિ દીક્ષા લેવા તૈયાર થાય તેમનો સઘળો ખર્ચ પોતે ઉપાડવાનું આહ્‌વાન આપ્યું હતું. દીકરીને પણ તે માર્ગે જવા ઉદ્‌બોધન કર્યું હતું. તેમણે તીર્થંકર નામકર્મ બાંધ્યું હતું. એટલે તેઓ પણ આવતી ચોવીસીમાં બારમા અમમસ્વામી તરીકે તીર્થંકર થશે.

શ્રેણિક રાજાએ હરણીને મારી જે અપૂર્વ આનંદ અભિવ્યક્ત કર્યો હતો તેથી તેઓ નરકગામી થયા.

પ્રમત્ત સંયતિ ગુણસ્થાનકમાં પૂર્વોક્ત ૧૧ પ્રકૃતિ અને પ્રત્યાખ્યાનાવરણીય કષાયના ચતુષ્કોણનો ક્ષયોપશમાદિ કરી સાધુ બને; પરંતુ દૃષ્ટિ, ભાષા, કષાય અને ભાવચપલ હોવાથી આ ચારે ચપળતાને લીધે પ્રમાદી રહે, શુદ્ધ સાધુવ્રતનું પાલન ન થઈ શકે. તે જીવ ત્રીજે ભવે અને ઉત્કૃષ્ટ ૧૫મા ભવે મોક્ષે જાય.

સાતમા અપ્રમત્ત સંયતિ ગુણસ્થાનકે મદ, વિષય, કષાય, નિદ્રા

અને વિકથા એ પાંચે પ્રમાદ વગર શુદ્ધ સંયમનું પાલન કરે તો જઘન્ય તે જ ભવે, ઉત્કૃષ્ટ ત્રીજા ભવે મોક્ષગામી થાય. તેમને મન:પર્યાવજ્ઞાન થઈ શકે છે, કારણ કે તે જ્ઞાન મનુષ્યગતિમાં અપ્રમત્ત સાધુને જ થાય છે. પરંતુ અવધિજ્ઞાન જે ચારે ગતિવાળાને થાય છે તેના બે પ્રકારો છે. ભવપ્રત્યય અને લબ્ધિપ્રત્યય. પ્રથમ પ્રકાર દેવ અને નારકીને હોય છે જ્યારે લબ્ધિપ્રત્યય મનુષ્ય અને તિર્યંચને ક્ષયોપશમથી થાય છે. અવધિજ્ઞાન અનુગામી, અનાનુગામી, હીયમાન અને પડિવાઈ જે ઉત્પન્ન થઈને ચાલ્યું જાય. અવધિજ્ઞાનથી મન:પર્યયવજ્ઞાનનું ક્ષેત્ર થોડું છે. પરંતુ વિશુદ્ધતા અધિક છે. અવધિજ્ઞાનથી જઘન્ય અંગુલના અસંખ્યાત ભાગ જેટલું તથા અધિક પણ ક્ષેત્ર હોઈ શકે છે; જ્યારે મન:પર્યવજ્ઞાનનું ક્ષેત્ર અઢી દ્વીપ પ્રમાણ જ હોઈ શકે છે. પરંતુ જે રૂપી સૂક્ષ્મ પર્યાયોને અવધિજ્ઞાની જાણી શકતા નથી તેને મન:પર્યવજ્ઞાની જાણી શકે છે. જે સાતમા ગુણસ્થાને રહેલા અપ્રમત્ત સાધુને જ થઈ શકે છે. સર્વ સાધુને પણ નહીં !

નિયટ્ટીબાદર ગુણસ્થાનકે જીવ પૂર્વોક્ત ૧૫ પ્રકૃતિનો તીવ્રપણે ક્ષયોપશમ કરે છે. અહીં બે શ્રેણિની શરૂઆત થાય છે. અત્રે પૂર્વે નહીં કરેલું એવું અપૂર્વકરણ કરે છે એટલે કે કષાયોની મંદતા કરે છે જેથી અપૂર્વ, (અ+પૂર્વ) પહેલાં નહીં કરેલો એવો શુદ્ધતમ અધ્યવાસ પ્રાપ્ત કરે છે જેનો આનંદ અવર્ણનીય છે. પરંતુ જો પ્રકૃતિઓનો ઉપશમ કરે ત્યારે ઉપશમ શ્રેણિ પ્રાપ્ત થતાં ૧૧મા ગુણસ્થાનક સુધી ચઢી પાછો પડે છે જે ૩, ૨, ૧ કે નિગોદ સુધી પણ લઈ જાય ! જે જીવ પ્રકૃતિઓનો ક્ષય કરે તે ક્ષપક શ્રેણિ પ્રાપ્ત કરી નવમા, દશમા ગુણસ્થાનકથી ૧૧માનું ઉલ્લંઘન કરી સીધો ૧૨મે ગુણસ્થાનકે પહોંચી તત્કાળ તેરમે ગુણ સ્થાનકે જઈ કેવળજ્ઞાની થાય છે.

નવમા અનિયટ્ટીબાદર ગુણસ્થાનકે પૂર્વોક્ત ૧૫ પ્રકૃતિ તથા હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, દુગુંચ્છા છ નોકષાયો અને સંજવલન ત્રિક (ક્રોધ, માન, માયા) તથા ૩ વેદ (સ્ત્રી, પુરુષ, નપુંસક) એમ ૨૭ પ્રકૃતિને ઉપશમાવે કે ખપાવે તે અવેદી અને સરલ સ્વભાવી જીવ તે જ ભવે અથવા ઉત્કૃષ્ટ ત્રીજે ભવે મોક્ષે જાય.

દશમા સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનકે પૂર્વોક્ત ૨૭ પ્રકૃતિ અને સંજવલન લોભ એ ૨૮ પ્રકૃતિ ઉપશમાવે તો ઉપશમ શ્રેણિ કરે અને ખપાવે તો ક્ષપકશ્રેણિએ આરૂઢ થઈ તેવો જીવ અવ્યામોહ, અવિભ્રમ, શાંત સ્વરૂપી જઘન્ય તે જ ભવે અથવા ઉત્કૃષ્ટ ત્રીજે ભવે મોક્ષ પામે.

અગિયારમા ઉપશાંત મોહનીય ગુણસ્થાનકે મોહનીય કર્મની ૨૮ પ્રકૃતિઓને ઉપશમાવે તો ઉપશમ શ્રેણિ; ખપાવે તો ક્ષપક શ્રેણિ. જે જીવ તે પ્રકૃતિઓ ઉપશમાવે તેને યથાખ્યાતચારિત્ર હોય છે. જો તે અહીં કાળ કરે તો અનુત્તર વિમાનમાં ઊપજે ત્યાંથી એક ભવ મનુષ્યનો કરી મોક્ષે જાય. પરંતુ ઉપશમાવેલા સંજવલન લોભનો ઉદય થાય એટલે કે વાયુથી રાખ ઊડે અને ભારેલો અગ્નિ જેમ પ્રજ્વલિત થતાં સળગે તેમ પાછો પડી નવમે થઈ ૮મે આવે. ત્યાં સાવધાન થઈ જાય તો ફરી ક્ષપકશ્રેણિ કરી તે જ ભવે મોક્ષે જાય નહીંતર ચોથે આવી કોઈ જીવ સમકિતી રહે તો પણ ત્રીજે ભવે મોક્ષ પ્રાપ્ત કરે. જો કર્મ સંયોગે પહેલે ગુણસ્થાનકે આવી જાય તો દેશઉણા અર્ધપુદ્‌ગલપરાવર્તે મોક્ષ પામે.

૧૨મું ક્ષીણ મોહનીય ગુણસ્થાનક મોહનીય કર્મની ૨૮ પ્રકૃતિઓને ખપાવી હોવાથી અત્રે ૨૧ ગુણ પ્રગટે છે, જે પ્રાપ્ત કરી અંતર્મુહૂર્તમાં ૫ જ્ઞાનાવરણીય, ૯ દર્શનાવરણીય, ૫ અંતરાય કર્મની એમ કુલ ૧૯ પ્રકૃતિ ખપાવે છે અને તરત જ ૧૩મું ગુણસ્થાનક જે સયોગ કેવળી ગુણસ્થાનક તરીકે ઓળખાય છે તે મેળવે છે. અત્રે ફલિત થાય છે કે પ્રથમ મિથ્યાત્વ ગુણસ્થાનકથી પ્રારંભી ૧૧મા ગુણસ્થાનક સુધીમાં જે કાર્ય જીવે કરવાનું છે તે મિથ્યાત્વને ધીરે ધીરે તિલાંજલિ આપી ક્રમિક રીતે આત્મગુણોને વિકસાવવાના છે. જેથી આત્માના મૂળ ગુણો ૮ કર્મોથી આવરિત થયેલાં છે તે વધુ ને વધુ સ્પષ્ટ થતા જાય, દર્શનીય બને જેમકે વાદળોથી ઢંકાયેલો સૂર્ય વાદળાઓ જેમ જેમ ખસતાં જાય તેમ તેમ તે વધારે ને વધારે પ્રકાશિત થતો રહે. આ જીવ કેવળજ્ઞાન, કેવળદર્શન સંપન્ન, સંયોગી, અશરીરી, સલેશી, શુકલલેશી, યથાખ્યાત ચારિત્રધારી, ક્ષાયિક સમ્યકત્વી, પંડિત વીર્યવંત, શુકલધ્યાન યુક્ત હોય છે. જઘન્ય અંતર્મુહૂર્ત; ઉત્કૃષ્ટ દેશઉણા (૯ વર્ષ ઊણું) પૂર્વ ક્રોડ સુધી રહી પછી ૧૪મું અયોગી કેવળી ગુણસ્થાનક પ્રાપ્ત કરે છે.

આ જીવ શુકલધ્યાનના ચોથા પાયાનો ધ્યાતા, સમુચ્છિન્ન ક્રિયા અનંતર અપ્રતિપાતી અનિવૃત્તિ ધ્યાતા થઈ મન, વચન અને કાયા એ ત્રણે યોગોનો નિગ્રહ કરી શ્વાસોશ્વાસનું રૂંધન કરી અયોગી કેવળી થઈ રૂપાતીત સિદ્ધ સ્વરૂપી આત્માના અનુભવમાં લીન થઈ શૈલેશી મેરૂપર્વત સમાન નિશ્ચલ રહી બાકીના રહેલાં વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર એ ચારે કર્મોનો ક્ષય કરે છે. ત્યાર પછી તેજસ, કાર્મણ અને ઔદારિક ત્રણે શરીર ત્યજી જેમ એરંડાનું બીજ બંધનમુક્ત થતાં ઉછળે તેમ કર્મબંધનોથી જકડાયેલો જીવ મુક્તિ તરફ ગમન કરે છે. અગ્નિજ્વાળા જેમ ઉર્ધ્વગામી હોય છે તેમ નિષ્કર્મી જીવનો ઉર્ધ્વગામી સ્વભાવ પ્રમાણે સમશ્રેણિ, ઋજુગતિ અન્ય આકાશ પ્રદેશનું અવગાહન કર્યા વગર વિગ્રહગતિએ એક જ સમયમાં મોક્ષસ્થાને પહોંચી અનંત, અક્ષય, અવ્યાબાધ, અનુપમ સુખનો સ્વામી બને છે.

સમકિત એ મોક્ષ મહેલમાં પહોંચવાનો દરવાજો છે. ધર્મપાલન, ધર્મારાધના, ધર્માચરણ માટે સમ્યકત્વ એક અતિ અગત્યની વસ્તુ છે. તેના વિના સમ્યગ્જ્ઞાન ન મળે, તે વગર સમ્યક્ચારિત્ર ન મળે અને સમ્યક્ચારિત્ર વિના સકલ કર્મોનો નાશ અશક્ય છે. સમ્યકત્વ એ પાયાની વસ્તુ છે. તો આજથી સર્વ ધર્મકલાપો તે પ્રાપ્ત કરવાના હેતુથી કરવા જોઇએ જેમકે પ્રભુદર્શન, પૂજા, સામાયિક, પ્રતિક્રમણ, વ્રત, પચ્ચકખાણ, ઉપવાસ, ધ્યાન, દાન વગેરે સર્વ આચરણો, માત્ર સમકિત મેળવવા માટેના ઉદ્દેશ્યથી કરવાં. ભલે આ જાતનું ગાંડપણ કે વળગણ બીજાને હાસ્યાસ્પદ લાગતું હોય. સમકિત એ ગાડીને જોડેલા એન્જિન સમાન છે. તે વગર ગાડી નકામી છે, ચાલી જ ન શકે. તેમ સમકિત રૂપી એકડા વિના સર્વ ક્રિયાકલાપો શૂન્ય છે. તેની કંઈ કિંમત નથી. સમકિતરૂપી એકડો આગળ લાગે તો ટ્રેઈનના એન્જિનની જેમ શૂન્યની કિંમત ૧૦, ૧૦૦, ૧૦૦૦, લાખ, અબજ, પદમ સુધીની છે. તેથી તેના જેવું કોઈ રત્ન નથી. સમ્યકત્વ રત્ન ચિંતામણિથી વધારે મહત્ત્વનું છે.

જૈન દાર્શનિક ગ્રંથોમાં તેનું વર્ણન અનેક રીતે કર્યું છે. સમ્યગ્દર્શનને દર્શન, મુક્તિબીજ, સમ્યકત્વ, તત્ત્વઅનુસંધાન, દુખાંતકૃત, સુખારંભ કહેવાય છે. ચરમાવર્તકાળમાં સમ્યગ્દર્શન તથા ભવ્યત્વનો પરિપાક થયો હોય છે તેવા જીવો હોય છે. શ્રુતકેવલી ભદ્રબાહુસ્વામી કહે છે કે :-

સંસાર સાગરાઓ ઉબ્બુડાં મા પુણો નિબુડિજ્જા ।
ચરણકરણ વિપ્પહીણો બુહઈ સુબહુંપિ જાણંતો ।।

વળી પ્રતિક્રમણની વંદિત્તુ સુત્તની ૩૬મી ગાથામાં આમ કહ્યું છે કે :-

સમ્માદિટ્ઠી જીવો જયવિ પાવ સમાચરે કિંચિત્ ।

અપ્પોસિ હોઈ બંધો જેણ ન નિદ્ધંસં કુણઈ ।।

સમ્યગ્દર્શનના વિવિધ દૃષ્ટિબિંદુઓથી વિચારતાં તેના અનેક પર્યાયો છે, જે આચાર્ય હરિભદ્રસૂરિશ્વરે ગ્રંથરત્ન 'શાસ્ત્રવાર્તા સમુચ્ચય'માં આ પ્રમાણે આપ્યાં છે:- મુક્તિબીજ, સમ્યકત્વ, તત્ત્વસાધન, તત્ત્વવેદન, દુ:ખાંતકૃત, સુખારંભ, તત્ત્વરુચિ, ધર્મવૃક્ષનું મૂળ, ધર્મનગરનું પ્રવેશદ્વાર, ધર્મરૂપ પ્રાસાદની પીઠ, ધર્મરૂપનગરના આધાર, ઉપશમરસના ભાજન, ગુણરત્નના નિધાન, રત્નદીપક, વૃત્તરૂપી વૃક્ષનું મૂળ, ધર્મનગરનું પ્રવેશદ્વાર. વળી સમ્યગ્દર્શન, યથાર્થદર્શન, આત્મદર્શન, મોક્ષમાર્ગનું દર્શન, તત્ત્વપ્રતીતિ એકાર્થ શબ્દો છે. સમ્યક્તવ એ દુ:ખરૂપી કાંતારને સળગાવી મૂકવા માટે દાવાનલ સમાન છે કેમકે જીવનમાં ધર્મારાધના દ્વારા પ્રાપ્ત થયેલ યમ, પ્રશમાદિને જીવંત રાખવા માટે સમ્યગ્દર્શનની અનિવાર્ય આવશ્યકતા છે. સમકિતી જીવો આઠ યોગદૃષ્ટિમાંથી છઠ્ઠી કાન્તાદૃષ્ટિમાં આવે ત્યારે તેમનામાં વિષયોની અપ્રવૃત્તિ ન થઈ હોય. પ્રવૃત્તિશીલ હોવા છતાં પણ તેમનામાં વૈરાગ્ય ઉત્પન્ન થઈ શકે છે. કેમકે વંદિત્તુસુત્તની ૩૬મી ગાથા તેનું સમર્થન કરે છે. પૂજ્ય ન્યાય વિશારદ યશોવિજયજીએ અધ્યાત્મસાર પ્રબંધ ૨, શ્લોક ૧૫માં કહ્યું છે કે આક્ષેપકજ્ઞાનને લીધે ભોગ સમીપે રહ્યા છતાં પણ શુદ્ધિનો નાશ થતો નથી. આવું યોગદૃષ્ટિ સમુચ્ચયમાં શ્રી હરિભદ્રસૂરીશ્વરજીએ કાન્તાદૃષ્ટિનું વર્ણન કરતાં જણાવ્યું છે. શ્રી આનંદઘનજી મહારાજાએ આ સંદર્ભમાં બે સુંદર પદો આપ્યાં છે. આચાર્ય ભગવંત શ્રી હરિભદ્રસૂરીશ્વરજીએ શાસ્ત્રવાર્તાસમુચ્ચય તથા હિતોપદેશમાલા ૧૬-૧૭ માં તેને ધર્મવૃક્ષનું મૂળ, ધર્મનગરનું પ્રવેશદ્વાર, ધર્મરૂપ પ્રાસાદની પીઠ તરીકે ઉપશમરસના ભાજન તરીકે અને ગુણરત્નના નિધાન તરીકે વર્ણવ્યું છે.

આ ચર્ચા વિચારણાના અનુસંધાનમાં સમકિત અંગે થોડી માહિતી મેળવવી રહી. મુખ્ય ત્રણ સમકિત છે જેવાં કે ઉપશમ, ક્ષાયોપશમિક અને ક્ષાયિક, જે મોક્ષ પહેલનો દરવાજો ખોલવાની સોનેરી ચાવી છે. જેમ પાણીમાં પડેલો પત્થર પ્રવાહમાં અથડાતો, કૂટાતો સમય જતાં ગોળ થઈ જાય તેમ સંસારની નદીમાં પડે તો અનાદિકાળથી કૂટાતો, પરિભ્રમણ કરતો જીવ જે અનંતાનંત પુદ્‌ગલપરાવર્તકાળથી કર્યે જાય છે તે શારીરિક, માનસિક દુ:ખો ભૂખ, તરસ, તાપ, છેદન, ભેદનાદિ કષ્ટો સહન કર્યે જતાં અકામ નિર્જરા રૂપે પાણીથી ઘસાઇને રાગ-દ્વેષ રૂપથી ઉત્પન્ન થયેલા અનંતાનુબંધી ચતુષ્કોણ તથા ત્રણ મોહનીય એ ૭ કર્મપ્રકૃતિ રૂપ ગ્રંથીને રાખથી ભરેલા અગ્નિની જેમ ઉપશમાવે, ઢાંકે પરંતુ સત્તામાં રહેલી પ્રકૃતિ તેમ જ રહે તેને ઉપશમ સમકિત કહે છે-આવી ઉપશમ શ્રેણિ કે ઉપશમ સમકિત અંતર્મુહૂર્તનું હોય છે. આવું સમકિત સર્વ ભવાશ્રયી જીવને જઘન્ય એક વાર અને ઉત્કૃષ્ટ પાંચ વાર આવે. આ વાત નવપદની ઓળી વિષયક ગ્રંથ શ્રી શ્રીપાલ રાજાના રાસમાં પણ જોવા મળે છે. (ખંડ ૪, ૧૧મી ઢાળ ૨૭-૩૦)

જો આ સમક્તિનો કાળ પૂરો થઈ જાય એટલે કાં તો તે ક્ષાયોપશમિક સમકિતમાં જાય; નહિતર પડિવાઈ થઈ જતાં સાસ્વાદનમાં કે પહેલા ગુણસ્થાનકે પણ જાય. જો ઉપશમિત પ્રકૃતિ જે સત્તામાં છે તે ઉદિત ન થાય તો બેડો પાર થઈ શકે છે.

મિથ્યાત્વ મોહનીય અને અનંતાનુબંધી કષાયના ઉદય પ્રાપ્ત કર્મદલિકોનો ક્ષય અને અનુદિતના ઉપશમથી અને સમકિત મોહનીયના ઉદયથી આત્મામાં થઈ રહેલાં પરિણામો વિશિષ્ટ રીતે ક્ષયોપશમ સમકિત તરીકે ઓળખાય છે.

ક્ષયોપશમના ઘણા પ્રકારો છે, વિકલ્પો છે. પૂર્વોક્ત છ પ્રકૃતિમાંથી ચારનો ક્ષય કરે, બેનો ઉપશમ કરે અને જે એક સત્તામાં છે તેને વેદે અથવા પાંચનો ક્ષય કરે, બેનો ઉપશમ કરે અને એકને વેદે ત્યારે સમ્યગ જ્ઞાન, વિશેષ નિર્મળ થાય છે. આ સમ્યકત્વ જીવને અસંખ્યવાર આવે છે જેની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટ ૬૬ સાગરોપમની છે, વત્તા ત્રણ ક્રોડ પૂર્વ અધિક. આ સમકિતમાં શંકાદિ દોષો ઉત્પન્ન થાય, પરંતુ તરત જ ખુલાસો રહેતાં દોષનું નિવારણ થતાં સમકિત ચાલુ રહે છે.

સમ્યકત્વના પ્રકારો આમ છે: એગવિહં, દુવિહં, તિવિહં, ચઉહા, પંચવિહં, દસવિહં, સમ્મં. એકથી તેના ૧૦ પ્રકારો છે. બે પ્રકારો છે તે નૈસર્ગિક અને આધિગમિક અથવા નિશ્ચય અને વ્યવહાર સમ્યકત્વ. ત્રણ પ્રકારોમાં ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક.

પ્રકારાંતરોમાં કારક સમકિતમાં ૫,૬,૭ ગુણસ્થાનકવર્તી શ્રાવક અને સાધુમાં હોય છે. આ સમકિતી જીવો અણુવ્રત તથા મહાવ્રતનું અતિચારરહિત શુદ્ધ પાલન કરે છે. વ્રત, પ્રત્યાખ્યાન, તપ, સંયમાદિ ક્રિયા જાતે કરે છે; અને ઉપદેશ આદેશ દ્વારા બીજા પાસે કરાવે.

રોચક સમકિતી ચોથા ગુણસ્થાનકવર્તી શ્રેણિક મહારાજા અને કૃષ્ણ વાસુદેવની જેમ જિનપ્રણિત ધર્મના શ્રદ્ધાળુ હોય. તેઓ તન, મન, ધનથી જિનશાસનની ઉન્નતિ કરે છે. ચારે તીર્થના સાચા ભક્ત બની ભક્તિ અને શક્તિથી અન્યને ધર્મમાં જોડે છે. ધર્મવૃદ્ધિમાં આનંદ માને, વ્રત પ્રત્યાખ્યાન કરવામાં ઉત્સુક હોય; પરંતુ અપ્રત્યાખ્યાની કર્મોદયથી એક નવકારશી પણ કરી ન શકે !

દીપક સમકિતમાં જેમ દીવો પ્રકાશ આપી અન્યને પ્રકાશિત કરે; પરંતુ તેની નીચે અંધારું હોય તેવી રીતે કેટલાંક જીવો દ્રવ્યજ્ઞાન મેળવી સત્ય, સરળ, રુચિકારી, શુદ્ધ ઉપદેશ દ્વારા અન્યને સદ્‌ધર્માવલંબી બનાવી બીજાને સ્વર્ગ મોક્ષના અધિકારી બનાવે પરંતુ પોતાનો હૃદયનો અંધકાર જેવો ને તેવો રહે છે. તેઓ વ્યવહારમાં સાધુ શ્રાવકો દેખાય છતાં પણ મિથ્યાત્વ ગુણસ્થાનથી ઊંચે ચઢ્યા હોતા નથી. તેમને આંતરિક શ્રદ્ધા હોતી નથી.

અંગારમર્દકાચાર્ય સ્વયં અભવ્ય હોવા છતાં ઉપદેશથી એ દીપક સમ્યકત્વી કહેવાતા હતા.

મિથ્યાત્વ મોહનીયની ૨૮ પ્રકૃતિઓનો જેઓએ સમૂળો ક્ષય, નાશ કર્યો છે અથવા દર્શનમોહનીયની સાતે પ્રકૃતિઓ ઉપશમિત અને ક્ષય કર્યો છે જે ક્યારે પણ સત્તામાંથી ઉદિત થનારી નથી તે સ્થિતિને ક્ષાયિક સમ્યક્ત કહેવાય, જે ભવ દરમ્યાન એક જ વાર પ્રાપ્ત થાય છે. શ્રેણિક મહારાજા જેઓ ૫૦ વર્ષ સુધી બુદ્ધના અનુયાયી બૌદ્ધ હતા તેઓ જ્યારે અનાથમુનિના સંપર્કમાં આવ્યા ત્યારબાદ તેમણે સમકિત અને તે પણ ક્ષાયિક કરવામાં માર્ગારૂઢ થયા એટલે કે જેઓ આધેડ વયે સમકિતી થયા તેઓ ક્ષાયિક થયા; પરંતુ મૃત્યુ પહેલાં બીજા જન્મના આયુષ્ય અને ગતિ નિર્માણ કરી ચૂક્યા હતા. તેઓ નરકનું આયુષ્ય ભોગવી તે પૂર્ણ થતાં આવતી ચોવીસીમાં પ્રથમ તીર્થંકર પદ્મનાભ થશે.

વેદક સમ્યકત્વ: ક્ષયોપશમ સમકિતથી આગળ વધતાં અને ક્ષાયિક સમ્યકત્વ પ્રાપ્ત થતાં પહેલાં ફક્ત એક સમયે વેદક સમકિતની પ્રાપ્તિ થાય છે. ક્ષયોપશમ સમકિતનો મોહનીયનો છેલ્લો હિસ્સો જે સમયે વેદીને ખપાવાય તે સમયે વેદક સમકિત હોય. આ જીવને એક જ વાર આવે છે કેમકે તેને પામેલો જીવ તત્ક્ષણ અને નિશ્ચિતપણે ક્ષાયિક સમ્યકત્વ પ્રાપ્ત કરે છે. વેદક સમકિતની સ્થિતિ ફક્ત એક સમયની છે. તેથી વેદક સમ્યકત્વના બીજા સમયે ક્ષાયિક સમ્યકત્વ જરૂર મેળવી લે છે.

ટૂંકાણમાં સમજવું કે સ્વીકારવું પડશે કે અનંતાનંત કાળથી જે ચોકડીએ આત્માને બાંધી રાખ્યો છે તે ચોકડી એટલે કે અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભને દૂર કર્યા વગર, તેને નષ્ટ કર્યા વગર મિથ્યાત્વ મોહનીય, મિશ્ર મોહનીય અને સમ્યકત્વ મોહનીયનું બળ મંદ પડતું નથી અને તે આત્માને આગળ ને આગળ વિકાસના પંથે પ્રયાણ કરવામાં અવરોધરૂપ છે, જેથી ઢંકાઈ ગયેલા આત્મગુણોનો અનુભવ કે પ્રભાવ માલમ પડતો નથી. તેથી તો ૧૪ પગથિયાની સીડી ઉપર ચઢતાં ચઢતાં ધીરે ધીરે ૧૧-૧૨ સુધી તો મિથ્યાત્વને મંદ, મંદતર, મંદતમ કરી ક્ષય કે નષ્ટ કરવું જ રહ્યું. પ્રતિક્રમણ તથા સામાયિક લેતાં મુહપત્તિનું પડિલેહણ કરતાં મિથ્યાત્વ મોહનીય, મિશ્રમોહનીય, સમ્યકત્વ મોહનીય પરિહરું એમ બોલાય છે. આ ત્રણે, નષ્ટ કરવાનો એક આદર્શ સામાયિકનો છે.

સમકિત મેળવ્યું હોય તો તે નષ્ટ ન થાય, મળ્યું હોય તો દુષિત ન થતાં વધુ ને વધુ નિર્મળ થતું રહે અને તે જો ન મળ્યું હોય તો સર્વ ક્રિયા કલાપો તે માટે જ કરવાના. કોઈપણ ભૌતિક કે પૌદગલિક કામના ન રાખતાં સમકિતનું રટણ કરવું રહ્યું. વળી તે માટે આમ વિચારણા કરવા રહી:-

અરહંતો મમ દેવો જાવજ્જીવં સુસાહુણો ગુરુણો ।
જિન પણ્ણતં તત્તં ઇય સમ્મત્તં મયે ગહિયમ્ ।।

તેથી સમ્યકત્વ સહિતની ધાર્મિક ક્રિયા આચરણ કે ધ્યાનાદિ સર્વ અધિક ફળદાયી બની રહે છે. આમ આ સમકત્વની પ્રાપ્તિ નિસર્ગથી અને બીજા અધિગમથી થાય છે. ટૂંકમાં કર્મનાશ એ જ ધર્મ છે, સાધ્ય છે. અનંત પુદ્ગલપરાવર્તચક્રો વીતી ગયા. કાળાંતરે જીવ તથાપ્રકારની યોગ્યતા પ્રાપ્ત થતાં ચરમાવર્તમાં પ્રવેશે ત્યારબાદ જીવનું તથાભવ્યત્વ પરિપક્વ થાય છે. આ છેલ્લું આવર્ત છે, સકૃત આવર્તમાં આવ્યા પછી બીજીવાર આવર્તોમાં ફરવું પડતું ન હોવાથી અંતિમ આવર્તમાં જીવ પ્રવેશી ચૂક્યો છે. હવે કાળ, સ્વભાવ, નિયતિ, પૂર્વકૃતકર્મ અને પુરુષાર્થાદિ પાંચે સમવાયી કારણોના યોગે ભવ્ય જીવ પોતાનું ભવ્યત્વ પરિપક્વ કરે છે. હવે જીવ પોતાની ઓઘદૃષ્ટિ ત્યજી યોગદૃષ્ટિમાં પ્રવેશે છે. મિત્રા, તારા દૃષ્ટિમાં સ્વલ્પ બોધ પ્રાપ્ત કર્યો હતો હવે શ્રવણ સન્મુખીકાળમાં તે પ્રવેશેલો છે. ધર્મ સન્મુખીકરણ થતાં આગળ વધતાં વિશુદ્ધિ વધે છે. યથાપ્રવૃત્તિકરણમાં આગળ વધે છે. કરણ એટલે આત્માની શક્તિને વિશેષ ફોરવીને આગળ વધવાનું છે. ત્યારપછી વિશિષ્ટ બીજું યથાપ્રવૃત્તિકરણ કરે છે જેમાં રાગદ્વેષની ગાંઠ તોડવાની દિશામાં આગળ વધે છે. એને આત્મોન્નતિ કે આત્મવિકાસનું પ્રથમ સોપાન કહે છે. ભવ્ય જીવો બીજી વિશિષ્ટ યથાપ્રવૃત્તિકરણની પ્રવૃત્તિ કરી કર્મોની સ્થિતિ ૧ ક્રોડાક્રોડની અંદર લાવી દે છે. કર્મગ્રંથની ભાષામાં આ ગાંઠને અનંતાનુબંધી કષાયોની ચોકડી કહે છે. કર્મો અહીં સુધી ઘટે ત્યારે જીવ અપૂર્વકરણ કરી પૂર્વે ન કરી હતી તેવી અપૂર્વ શક્તિને વિકસાવી અપૂર્વકરણની પ્રક્રિયા કરે છે. રાગદ્વેષની ગાંઠ ભેદી આરપાર નીકળી અનંતાનુબંધી સપ્તકનો મજબૂત કિલ્લો ભેદી પ્રથમવાર સમ્યકત્વ પામે છે. જેનો આનંદ અકલ્પનીય, અવર્ણનીય છે. આગળ વધતાં સમ્યકત્વ પ્રાપ્ત કર્યા વગર પાછો ન હઠવાની પ્રતિજ્ઞારૂપ આત્માના વિશુદ્ધ અધ્યવસાયરૂપ સંકલ્પને અનિવૃત્તિકરણ કહે છે. એનો સમય અંતર્મુહૂર્ત-બે ઘડી માત્ર છે ને ચરમકરણ છે. મિથ્યાત્વના પુંજમાંથી મોહનીય કર્મના દળીયાઓનો ક્ષય કરી ઉપશમ સમ્યકત્વ પ્રાપ્ત કરે છે. ઉપશમ ભાવ દ્વારા ઉત્પન્ન થયેલું હોવાથી તેને ઔપશમિક સમ્યકત્વ કહે છે. ગાંઠને ભેદી સંસારચક્રમાં પ્રથમ વાર સમ્યકત્વ પામ્યો; એકદમ પ્રથમ મિથ્યાત્વના ગુણસ્થાનેથી ચોથા સમ્યકત્વના ગુણસ્થાને જીવ આવે છે. આ પ્રમાણે જે ભવ્ય જીવ તથાભવ્યત્વના પરિપાકરૂપે જેણે બે ઘડી- ૪૮ મિનીટના કાળ માત્રનું જેને સાચી શ્રદ્ધારૂપ સમ્યકત્વ પ્રાપ્ત થઈ ગયું હોય તે સમ્યકત્વવંત ભવ્યાત્માનો હવે અર્ધપુદ્ગલ પરાવર્તકાળનો જ સંસાર અવશિષ્ટ રહ્યો છે. હવે તેનો મોક્ષ નક્કી થઈ ગયો. સમકત્વની પ્રાપ્તિ એટલે મોક્ષના નિર્ણયની ઓળખાણ. મોક્ષ હવે પ્રાપ્ત થવાનો જ છે જેની શંકા નથી તેની આ નિશાની છે. સમ્યકત્વના પડદા પાછળ મોક્ષ જે સંતાયેલો હતો જે દૂર થતાં સમ્યકત્વનું હોવાપણું શંકાસ્પદ રહેતું નથી. ટૂંકમાં સમ્યક્ત્વ પ્રાપ્ત કરી સાચા શ્રદ્ધાળુ બનવું જ જોઇએ. તેને સ્થિર કરવા પુરુષાર્થ કરવો જ રહ્યો, ટકાવવું જોઇએ, વધુ ને વધુ નિર્મળ કરવું જ જોઇએ. નષ્ટ ન થાય તે માટે સતત તકેદારી રાખવી ઘટે અને તે માટે ભગવાન મહાવીર સ્વામીની સોનેરી સલાહ 'સમયં ગોયમ મા પમાએએ' કૃતકૃત્ય કરવી રહી. આમ સાધનામાં લીન થઈ સમ્યકત્વની જે ૬૭ ભેદે ઉપાસના છે તે ચાલુ જ રાખવી જોઇએ. અનાદિકાળના સંસારનું પરિભ્રમણ અજ્ઞાન મિથ્યાજ્ઞાનના લીધે થયું છે. તેથી હવે સાચા સમ્યગ્જ્ઞાન, સમ્યગ્શ્રદ્ધા (દર્શન)થી આગળ વધવાનાં આધ્યાત્મિક સાધનો જરૂરી છે. દેવ-ગુરુ, ધર્મથી, શ્રદ્ધાથી સમ્યકત્વ મળે છે કેમકે-

યા દેવે દેવતા બુદ્ધિ: ગુરૌ ચ ગુરુતા મતિ: ।
ધર્મે ધર્મધીર્યસ્ય સમ્યકત્વં તદુદીરિતમ્ ।।

❖❖❖


## અસ્થિ સારવાર કેન્દ્ર

સંઘના ઉપક્રમે હાડકાનાં નિષ્ણાત ડૉ. જમશેદ પીઠાવાલા દ્વારા હાડકાનાં દર્દીઓને મફત સારવાર દર રવિવારે સવારના ૧૦-૩૦ થી ૧-૩૦ સુધી સંઘના કાર્યાલયમાં (૩૮૫, સરદાર વી. પી. રોડ, પ્રાર્થના સમાજ, મુંબઈ-૪૦૦ ૦૦૪, ફોન: ૩૮૨૦૨૯૬) અપાય છે. હાડકાનાં દર્દીઓને તેનો લાભ લેવા વિનંતી છે.

જયાબેન વીરા — સંયોજક
નિરુબહેન એસ. શાહ
ડૉ. ધનવંત ટી. શાહ
મંત્રીઓ



## JINA-VACHANA

**(ચોથી સંવર્ધિત આવૃત્તિ)**

**અનુવાદક : ડૉ. રમણલાલ ચી. શાહ**

અર્ધમાગધી, અંગ્રેજી, હિંદી અને ગુજરાતી એમ ચાર ભાષામાં ભગવાન મહાવીરનાં વચનોના આ પ્રકાશનની ૧૯૯૫માં ત્રણ આવૃત્તિની બધી જ નકલો થોડા મહિનામાં જ ખલાસ થઈ ગઈ હતી. એની ઘણી માંગ હોવાથી આ ચોથી સંવર્ધિત આવૃત્તિ સંઘ તરફથી પ્રકાશિત કરવામાં આવી છે.

કિંમત રૂા. ૨૫૦/-
**સભ્યો માટે કિંમત રૂા. ૧૨૫/-**
પ્રાપ્તિસ્થાન: સંઘનું કાર્યાલય
ટેલિફોન નં.: ૨૩૮૨૦૨૯૬

□ મંત્રીઓ

# સ્વ. કવિ 'સ્નેહરશ્મિ'

□ ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)

ગુજરાતના સાહિત્ય અને શિક્ષણક્ષેત્રે માતબર પ્રદાન કરનાર આચાર્યશ્રી ઝીણાભાઈ રતનજી દેસાઈ (સ્નેહરશ્મિ)નું આ જન્મશતાબ્દી વર્ષ છે. એમનો જન્મ ગુજરાતના વલસાડ જીલ્લાના ચીખલી ગામે ભગત અટક ધરાવનાર ખેડૂત પિતા રતનજીને ત્યાં તા. ૧૬ એપ્રિલ, ૧૯૦૩ના રોજ થયેલો.

તેમણે પોતાના ૮૮ વર્ષના જીવનકાળમાં જે વિવિધ ક્ષેત્રોમાં પ્રદાન કર્યું તેમાં સાહિત્યક્ષેત્રે તેમનું પ્રદાન સૌથી મોટું ને નોંધપાત્ર છે. ગાંધીવાદી આ સાહિત્યકારે મેટ્રિક થયા પૂર્વે સ્વાતંત્ર્ય સંગ્રામમાં ય ભાગ લીધેલો ને ત્રણ વર્ષનો કારાવાસ ભોગવેલો. વળી ગાંધીચીંધ્યા માર્ગે રચનાત્મક ક્ષેત્રે પણ તેમણે સેવાકાર્ય કર્યું છે. પછી વિનીત ને સ્નાતક થયા બાદ મુંબઈ ખાતે થોડો વખત શિક્ષણકાર્ય બજાવીને તેમણે અમદાવાદની પ્રસિદ્ધ ચી. ન. વિદ્યાવિહાર શાળામાં આચાર્યપદે સફળતાથી જ્વલંત રીતે સુદીર્ઘ સમય સુધી કામગીરી બજાવી હતી. તે બદલ ઇ. સ. ૧૯૬૧માં ઉત્તમ શિક્ષક તરીકેનો એવોર્ડ મળ્યો. શિક્ષણક્ષેત્રે તેમણે ઇતિહાસગ્રંથો પણ લખ્યા છે.

પણ વધુ નોંધપાત્ર તો છે તેમનું લલિત સાહિત્ય સર્જન. કિશોરવયમાં તેમણે લખેલી આત્મકથાત્મક ને તત્કાલીન ગુજરાતનું સમાજચિત્ર અંકિત કરતી અધૂરી રહેલી દસ્તાવેજી મૂલ્યવાળી નવલકથાથી શરૂ થયેલી તેમની સાહિત્યસર્જન પરંપરામાં તેમણે કાવ્યક્ષેત્રે ૧૯૩૫માં કાવ્યસંગ્રહ 'અર્ધ્ય' આપ્યા પછી 'પનઘટ', 'અતીતની પાંખમાંથી', 'નિજલીલા', 'તરાપો', 'ઉજાણી', 'કેવળબીજ', 'સોનેરી ચાંદ રૂપેરી સૂરજ' નામક સંગ્રહો બાદ ૧૯૮૪માં છેલ્લો નવમો કાવ્યસંગ્રહ 'ક્ષિતિજે ત્યાં લંબાવ્યો હાથ' આપણને આપ્યો છે. બીજી તરફ તેમણે ૧૯૩૪માં 'ગાતા આસોપાલવ' ને 'તૂટેલા તાર', ૧૯૩૫માં 'પૃથ્વી અને સ્વર્ગ', ૧૯૫૫માં 'મોટી બહેન', ઈ. સ. ૧૯૬૨માં 'હીરાના લટકણિયાં', 'શ્રીફળ' ને 'કાળાટોપી' જેવા 'ધૂમકેતુ' ઢબના ઊર્મિપ્રધાન નવલિકાસંગ્રહો આપ્યા છે. ત્રીજી તરફ ઇ. સ. ૧૯૬૧માં તેમણે શિથિલ બંધવાળી 'અંતરપટ' નામની દીર્ઘનવલકથા આપી છે, તો તેમણે 'મારી દુનિયા', 'સાફલ્ય ટાણું' ને 'ઊઘડે નવી ક્ષિતિજ' નામક ત્રણ ભાગમાં તત્કાલીન ગુજરાતના ચિત્રાંકનવાળી સમાજશિક્ષણ સાહિત્યલક્ષી સાંસ્કૃતિક દસ્તાવેજ સમી દીર્ઘસૂત્રી શૈલીમાં લખાયેલી પણ વિશિષ્ટ રજૂઆત ધરાવતી આત્મકથા પણ આપણને આપી છે. તેમાં તેમના આગવા જીવનમૂલ્યોનો આગ્રહ ધરાવતા વિશિષ્ટ વ્યક્તિત્વ ને કૃતિત્વનું પ્રતિબિંબ દૃષ્ટિગોચર થાય છે. શરૂઆતનાં વર્ષોમાં ટાગોરની અસર હેઠળ લખાયેલ 'અણદીઠ જાદુગર' નામક તેમનું કાવ્ય 'કાન્તમાળા'માં પ્રગટ થયેલ હતું. તેમને સમગ્રતયા ઉત્તમ સાહિત્યસર્જન બદલ નર્મદ ચંદ્રક ને રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત થયેલ ને ૧૯૭૨માં ગુજરાતી સાહિત્ય પરિષદનું પ્રમુખપદ આપવામાં આવ્યું હતું. તેમના સમગ્ર સર્જનમાં ગુણવત્તા ને ઇયત્તાની દૃષ્ટિએ તેમનું કાવ્યસર્જન ચડિયાતું છે. ગાંધીયુગમાં જેમ વિવેચનક્ષેત્રે વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, વિજયરાય વૈદ્ય ને વિશ્વનાથ ભટ્ટ જેવા ત્રણ 'વિ' નામધારી વિદ્વાનો અગ્રસ્થાને નામાંકિત બન્યા હતા, તેમ કાવ્યક્ષેત્રે ઉમાશંકર જોશી ને સુંદરમ્‌ની સાથે 'સ્નેહરશ્મિ'નું નામ પંકાયેલું હતું. આમ છતાં ડૉ. સુરેશ દલાલના યોગ્ય કથન મુજબ ગાંધીયુગના આશ્રમમાં એમની કવિતા એ વિશાળ આંગણું નથી, પણ નાનકડો ગોખલો છે. અલબત્ત એમાં એમનો અવાજ એક ઝીણી જ્યોતની જેમ સળગે છે. એ કદી ય લખીને ધરાયા નથી, કેમકે એમને ઊંડે ઊંડે હશે કે ધરાઈ જવાય એવી કવિતા એમનાથી લખાઈ જ નથી.

એમના જેવા છે તેવા કાવ્યયશમાં તેમનું હાઈકુસર્જન સૌથી વધુ નોંધપાત્ર એ દૃષ્ટિએ છે કે આપણા ગુજરાતી કાવ્યસાહિત્યમાં હાઈકુનો પ્રારંભ અને તેની પ્રતિષ્ઠા કરનાર તો 'સ્નેહરશ્મિ' જ છે.

તેમણે આપેલ નવ જેટલા કાવ્યસંગ્રહોમાં તેમના પ્રકૃતિ, પ્રણય, પ્રભુભક્તિ, દેશભક્તિ ને ચિંતનલક્ષી આત્મલક્ષી ને પરલક્ષી વિવિધ પ્રકારનાં કાવ્યો કરતાં તેમણે 'કેવળ બીજ', 'અતીતની પાંખમાંથી' ને 'સોનેરી ચાંદ ને રૂપેરી સૂરજ' નામના ત્રણ હાઈકુસંગ્રહોમાં મળીને કુલ ૫૫૮ હાઇકુરચનાઓને છે. આમ, ઇયત્તા ને ગુણવત્તામાં તેમનું હાઈકુપ્રદાન સૌથી વધુ માતબર ને યશસ્વી છે. નામ ને અવાજ ઝીણો ધરાવનાર આ કવિનું આ પ્રદાન ઝીણું કે ઉપેક્ષાપાત્ર નથી.

હાઇકુની જેમ તેમની મુક્તરચનાઓ પણ નોંધપાત્ર છે. મુક્તકરચનાઓમાં અવતરણક્ષમ ચિંતન ને ચિત્રાત્મકતાનાં તત્ત્વો ધ્યાનપાત્ર છે. પ્રકૃતિનું ચિત્રાંકન કરતાં અલંકારથી મઢેલાં કે ચિંતનસભર મુક્તકો જુઓ-

ઝૂક્યો અધર વિધુ મુગ્ધ વસુંધરા યે,
જેવો લળે રસિક કો નીરખી પ્રિયાને
ને ગૌર તે પ્રિયતમા મુખને સુહાવી
ઝૂલી લટો અલકની જયમ રમ્ય રે'તી
છાયાઓ શી ત્યમ રહી લળી પૃથ્વી ભાલે-કપોલે.

x x x

ઝરમર વરસે મેહુલો આ તો માઝમરાત,
મનને મારા ભીંજવે, કિયા જનમની વાત,

x x x

હૈયે વડવાનલ જલે તોયે સાગર ગાય,
હસી જાણે જગ ઝેર પી સંતન તે કહેવાય.

પ્રભુશ્રદ્ધા, નવીનતા, ઇત્યાદિ વિશે સ્નેહરશ્મિની રચનાઓમાંથી થોડાક નમૂના જુઓ-

કહે છે કે વિશ્વે વ્યથિત ઉરનો એક જ અહીં,
વિસામો છે મોટો-અચલ દૃઢ શ્રદ્ધા પ્રભુમહીં.

x x x

ચાલ રે ! મન ચાલ,
ચાલ હવે તો ચાલ,
દેજે છોડી જરણ-શરણ,
તારા સઘળા ખ્યાલ.

x x x

તુલસીક્યારો કામણગારો,
ખેલે અહીં નંદદુલારો.
નિહાળું હુંય રાતદી પરમ વિશ્વવીણા અહીં,
મઢી સૂરજચંદ્રને અજબ ભવ્ય બે તુંબડે જ,

હાઈકુની ઉપાસના કરનાર 'સ્નેહરશ્મિ' 'હાઈકુરશ્મિ' પણ કહેવાયા છે. એના મૂળ ઉદ્ભવ વિશે જોઇએ તો જાપાનના રાજદરબારમાં ને સાહિત્યિક ડાયરાઓમાં 'તાન્કા' નામક લઘુ કાવ્ય પ્રકારની રચના સાહિત્યવિકાસ માટે થતી. તેમાં ૫-૭-૫ શ્રુતિની પહેલી ત્રણ પંક્તિઓ કોઈ એક કવિ રજૂ કરે અને બાકીની ૭-૭ શ્રુતિવાળી પાછલી બે પંક્તિઓની પાદપૂર્તિ અન્ય કવિ કરે-તેવી રસમ ત્યારે પ્રચલિત હતી. પરંતુ કાળાનુક્રમે તાન્કાની રચનામાંની છેલ્લી ૭-૭ શ્રુતિની બે પાદપૂર્તિઓવાળી પંક્તિઓ લુપ્ત થતી ગઈ અને માત્ર પ્રારંભની ૫-

૭-૫ શ્રુતિની ત્રણ પંક્તિઓ જ ધીમે ધીમે એક સ્વયંપર્યાપ્ત એકમરૂપે સિદ્ધ થવા લાગી. અને એમાંથી 'હાઈકુ'નું અવતરણ થયું: 'હાઈકુ'નો કવિ બોલતો નથી, પણ એ વસ્તુને બોલવા દે છે. જાપાની કવિતાનું મહત્ત્વ હાઈકુમાં અને નારીત્વ તાન્કામાં ક્રીડે છે. હાઈકુ ક્ષણના દર્શનનું વ્યક્તિકરણ છે. એમાં સમગ્રતયા ચિત્ર અંકિત થાય. તાન્કામાં પંક્તિએ પંક્તિએ ચિત્ર અંકિત થાય. તાન્કા હાઈકુથી વધુ પ્રાચીન છે.

હાઈકુમાં કોઈ ચોક્કસ વૃત્તનો ઉપયોગ થતો નથી; પણ એકવાક્યતા જળવાય તેવા લયમાં સત્તર અક્ષર ૫-૭-૫ અક્ષરની ત્રણ પંક્તિઓમાં પ્રયોજાય તો પર્યાપ્ત ગણાય છે. જાપાનીસ હાઈકુમાં છંદમુક્તિ ને પ્રાસમુક્તિ જેમ છે તેમ આપણે ત્યાં પણ એ લક્ષણો છે. છતાંય, પ્રાસ, નાદમાધુર્ય ને વર્ણપ્રાસનો લાભ લઈ શકાય છે. એમાં પ્રાસની જેમ યતિ અંગે ય કોઈ નિયમ નથી, પણ ત્રણ પંક્તિઓના અંતે યતિ સર્વ સાધારણ રીતે હોય છે.

હાઈકુમાં મુળ શબ્દ છે હોક્કુ એટલે કે આરંભની કડી. હાઈકુ પૂર્વે જાપાનમાં વાકા કાવ્યસ્વરૂપ પ્રચલિત હોવાની માન્યતા છે, એની આરંભની ત્રણ પંક્તિઓ સત્તર શ્રુતિની હતી. જાપાનમાં હાઈકુ રચનારા બધા કવિઓ ઝેનમાર્ગી સંન્યાસી હતા. ઝેનનો અર્થ મનની આપણી આસપાસની અન્ય વસ્તુઓથી ભિન્ન ન હોય તેવી સ્થિતિ. પરંતુ બધાની સાથે એકરૂપ છીએ અને તેમ છતાં એ બધાથી આપણે વ્યક્તિગત રીતે એકલા પોતે પણ છીએ. આ અર્થ જોતાં જાપાનના હાઈકુ કવિઓ માનવીની રોજબરોજની ક્ષુલ્લક એવી ઘટનાની બાબતને એના વિષય તરીકે યોગ્ય રીતે પસંદ કરતા હતા. 'કવિ ઉશનસ્' હાયકુને ઓળખાવીને 'ધ્વનિકાવ્ય' જણાવે છે તેમ એ તત્ત્વચિંતનની કણિકા નથી, વિચાર નથી, પણ એ છે ચિત્રકલ્પોની વ્યંજનાત્મક કાવ્યપ્રવૃત્તિ. વર્ષોથી જાપાનની પ્રજા પોતાના નૂતન વર્ષની ઉજવણી કાવ્યોત્સવ ને કાવ્ય સ્પર્ધાઓથી કરે છે ને એ એક રીતે તો 'હાઈકુ-ઉત્સવ' બની જતો હોય છે.

ગુજરાતી સાહિત્યમાં હાઇકુનું અવતરણ ને પ્રતિષ્ઠા કરનાર 'સ્નેહરશ્મિ' અર્થાત્ 'હાઈકુરશ્મિ'ના તદ્‌વિષયક પ્રદાન વિશે ડૉ. સિતાંશુ યશશ્ચંદ્ર 'સકલકવિતા'માં ઉદ્‌ગાર કાઢે છે તેમ અર્વાચીન ગુજરાતી કવિતામાં કવિ દલપતરામ પછી આવું ઠાવકું ને ભેદી હાસ્ય બહુ ઓછું દેખાયું છે. એ સિદ્ધ કરીને 'સ્નેહરશ્મિ'એ ગુજરાતી હાઈકુને જાપાની પરંપરામાં ઉત્તરકાલીન ગણાતા કેટલાક પ્રયોગો સાથે સાંકળી લીધું છે.

જાપાનીઝ કવિ બુસો (Buson) કૃત હાઇકુ-

In a mouth of a canon
a singing bird has nested
and hatched her young ones.

એને 'સ્નેહરશ્મિ'એ કરેલો અનુવાદ જુઓ-

ગાતાં પંખીએ
માળો મૂક્યો છે
તોપના મોંમાં.

'સ્નેહરશ્મિ'એ 'સોનેરી ચાંદ, રૂપેરી સૂરજ' હાઈકુ સંગ્રહમાં ૩૫૯, 'કેવળબીજ' સંગ્રહમાં ૨૯૦ તથા 'અતીતની પાંખમાંથી' સંગ્રહમાં ૧૫ એમ બધી મળીને કુલ ૬૬૪ જેટલી હાયકુ રચનાઓ આપણને આપી છે, એમાં પ્રયોગો અને વિષયોની સારી એવી વિવિધતા છે ને ચિત્રાત્મકતા ને આછું ચિંતન પણ છે. એ પૈકી પ્રકૃતિ, સમાજદર્શન, પ્રણયભાવ ઇત્યાદિ વિશેની કેટલીક નોંધપાત્ર રચનાઓ જુઓ-

ચંદ્રમા થોભ્યો
વૃક્ષોની ટોચે: પંખી
ગાઢ નિદ્રામાં.

xxx

ગીત આકાશે
પંખીની પાંખમાંથી
ફૂટે પરોઢ

xxx

મેળામાં ચઢી
ચગડોળે યૌવન
આકાશે ઊડે

xxx

દળતી ડોશી
ઘંટી પરથી જોતી
ચંદ્ર ડૂબતો

xxx

પેટાવી દીપ
બેઠાં સામસામે
વદને દીપ્તિ

xxx

પવન પડે
બિનહલેસે હોડી
એકલી તરે

xxx

અંધાર, ગાતાં
જાય ઝરણાં; વહેતું
તારક તેજ

xxx

છાપરું ચૂવે
ભીંજે ખોળામાં બાળ
માનાં આંસુથી

xxx

તારા સ્મિતથી
બની ઊજળી રાત
મન ખોવાયું

xxx

માને બતાવે
કો'ક બુદ્ધનો પત્ર
ચાલાક પુત્રી

xxx

આ રીતે ક્યારેક તીવ્ર સંવેદનનો અણુવિસ્ફોટ એમાં થતો હોવાથી હાઈકુને 'અણુકાવ્ય' પણ કહેવામાં આવે છે.

કવિના ઉપનામ 'સ્નેહરશ્મિ'ની જેમ તેમનું વ્યક્તિત્વ ને સર્જકતાનું તેજ આંખને આંજી નાખે તેવું નહિ, પણ શીતળ ને આહ્‌લાદક છે. ભલે, પણ આપણે ત્યાં જાપાનીસ લઘુકાવ્યસંગ્રહ 'હાઈકુ'ને રોપીને એનું સંવર્ધન કરનાર 'હાઈકુરશ્મિ' જેવા ગાંધીવાદી કવિને એમની જ એક કાવ્યપંક્તિ 'ઝાપટું વર્ષી શક્યું, વેરાયો ચંદ્ર; ભીના ઘાસમાં'થી તેમની જન્મશતાબ્દીએ અંજલિ આપીએ. ❖❖❖

## મંગલ ભારતી

### તા. ૨૬મી જાન્યુઆરીનો કાર્યક્રમ

સંઘના ઉપક્રમે ગત પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન મંગલ ભારતી (ગોલાગામડી પાસે, જિ. વડોદરા) નામની સંસ્થાને સહાય કરવા માટે આશરે રૂપિયા સોળ લાખ જેટલી રકમ નોંધાઈ હતી, એ રકમ એ સંસ્થાને અર્પણ કરવાનો કાર્યક્રમ સોમવાર, તા. ૨૬ મી જાન્યુઆરી ૨૦૦૪ના રોજ બપોરે ૨-૩૦ વાગે મંગલ ભારતી સંસ્થાના પટાંગણમાં યોજવામાં આવ્યો છે.

વળી એ દિવસે સંઘના ઉપક્રમે સવારે ૧૧ વાગે ત્યાં સ્વ. જ્યોત્સ્નાબહેન ભૂપેન્દ્રભાઈ ઝવેરીના સ્મરણાર્થે મફત નેત્રયજ્ઞનું આયોજન ચિખોદરાની આંખની હૉસ્પિટલના સહયોગથી કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે ઉપસ્થિત રહેવા સર્વને નિમંત્રણ છે.

મંત્રીઓ
નિરુબહેન સુબોધભાઈ શાહ
ધનવંત તિલકરાય શાહ

તા. ક. : જે સભ્યોએ આ કાર્યક્રમમાં જોડાવા માટે સંઘમાં પોતાનાં નામ નોંધાવ્યાં છે તેઓએ જવા-આવવાની વ્યવસ્થા અંગે સંઘના કાર્યાલયનો સંપર્ક કરવો.

Printed & Published by Nirubahen Subodhbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400 027. And Published at 385, S.V.P. Road, Mumbai-400 004. Editor: Ramanlal C. Shah.

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57 Licence to post without prepayment No. 271
● વર્ષ : (૫૦) + ૧૫ ● અંક : ૨ ● ફેબ્રુઆરી, ૨૦૦૪ ● ● Regd. No. TECH / 47-890 / MBI / 2003-2005
● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/- ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## સાધુચરિત સ્વ. ચી. ના. પટેલ

સાધુચરિત પ્રોફેસર, શેક્સપિયરનાં નાટકો અને આંગ્લ સાહિત્યના પ્રખર અભ્યાસી અને મર્મજ્ઞ વિવેચક, ગાંધીસાહિત્યના પણ ઊંડા અભ્યાસી, તેજસ્વી લેખક, સંપાદક પ્રો. ચીમનભાઈ નારણદાસ પટેલ (ચી. ના. પટેલ)નું ૮૬ વર્ષની વયે અમદાવાદમાં ૩૦મી જાન્યુઆરી, ૨૦૦૪ના રોજ અવસાન થયું. તેઓ જીવનનાં પાછલાં વર્ષોમાં એટલા બધા ગાંધીજીમય થઈ ગયા હતા કે જાણે કે પોતાના અવસાન માટે ગાંધીજીના સ્વર્ગારોહણની તારીખની રાહ જોતા ન હોય! અને ૩૦મી જાન્યુઆરી આવતાં એમણે સંકલ્પપૂર્વક દેહ છોડ્યો હોય એમ લાગે છે.

સ્વ. ચી. ના. પટેલ (ત્યારે સી. એન. પટેલ)નું નામ મેં વર્ષો પહેલાં સાંભળ્યું હતું. ઈ. સ. ૧૯૫૫-૫૬ના વર્ષમાં હું મુંબઈની ઝેવિયર્સ કૉલેજ તરફથી અમદાવાદમાં નવી થતી ઝેવિયર્સ કૉલેજમાં ગુજરાતી વિષયના અધ્યાપક તરીકે એક વર્ષ માટે સેવા આપવા ગયો હતો ત્યારે મારું રહેવાનું અમારા એક વડીલના ઘરે ગોઠવાયું હતું. એમનાં દીકરી વસુબહેન (હાલ એડવોકેટ) ત્યારે ગુજરાત કૉલેજમાં એમ.એ.નો અભ્યાસ કરી રહ્યાં હતાં. એમના સહાધ્યાયી મિત્ર શ્રી વિનોદભાઈ ત્રિવેદી પણ અમને મળવા આવતા. તે વખતે પટેલ સાહેબ એમને ઇંગ્લિશ ભાષા-સાહિત્ય વિશે ભણાવતા. વસુબહેન અને વિનોદભાઈ હંમેશાં પ્રો. ફિરોઝ દાવરસાહેબનાં વ્યાખ્યાનો ઉપરાંત પટેલ સાહેબનાં વ્યાખ્યાનોની પણ ભારોભાર પ્રશંસા કરતા. ત્યારે પટેલ સાહેબ પ્રો. સી. એન. પટેલ તરીકે વધુ જાણીતા હતા. પટેલ સાહેબનું નામ ત્યારે મેં પહેલી વાર સાંભળેલું અને મળવાનું નહોતું થયું તો પણ એમના પ્રત્યે ઘણો આદરભાવ થયો હતો.

જ્યારે તેઓ ગુજરાત કૉલેજમાં ઇંગ્લિશ ભાષા-સાહિત્યનો વિષય ભણાવતા ત્યારે તેઓ વિદ્યાર્થીઓ સાથે કે અન્ય અધ્યાપકો સાથે અંગ્રેજીમાં જ વાતચીત કરતા. તેઓ ઇંગ્લિશ ભાષા પોતાની માતૃભાષાની જેમ બોલતા. એમના ઉચ્ચારો સ્પષ્ટ અને શુદ્ધ રહેતા. કોઈ સુશિક્ષિત અંગ્રેજ શિષ્ટ ઇંગ્લિશ ભાષા બોલે તેવી રીતે તેઓ બોલતા. ઇંગ્લિશ ઉપર એમનું પ્રભુત્વ ઘણું સારું હતું. વળી આરંભના દિવસોમાં તો તેઓ ગુજરાતી બોલવામાં રખે ને ભૂલ થશે એવા ભયથી ગુજરાતી બોલવાનું ટાળતા. પરંતુ ગુજરાત કૉલેજ છોડી તેઓ અમદાવાદની એક કૉલેજમાં આચાર્ય તરીકે જોડાયા ત્યારથી એમણે ગુજરાતીમાં બોલવાનું, ગુજરાતીમાં વ્યાખ્યાનો આપવાનું અને પછીથી તો ગુજરાતીમાં લખવાનું પણ ચાલુ કર્યું.

પ્રો. ચી. ના. પટેલનો જન્મ અસારવા-અમદાવાદમાં ૨૩મી ડિસેમ્બર ૧૯૧૮માં થયો હતો. ત્યારે અસારવા અમદાવાદનું પરું, એક જુદું નાનું ગામ હતું. એમની કડવા પાટીદારની જ્ઞાતિના રિવાજ પ્રમાણે ચાર વર્ષની બાળવયે એમનું લગ્ન થયું હતું. પટેલ સાહેબ ભણવામાં હોશિયાર અને ઘણા આગળ વધ્યા હતા. એમણે પોતે લખ્યું છે કે 'દુનિયાની દૃષ્ટિએ મારું લગ્ન કજોડું ગણાય એવું હતું. મારી અને પત્નીની વચ્ચે શરીર, સ્વભાવ અને શિક્ષણ એ ત્રણે બાબતો અંગે મોટું અંતર હતું.' આવા સંજોગોમાં એમનાં સ્વજનો અને મિત્રોનો આગ્રહ હતો કે એમણે બીજાં લગ્ન કરી લેવાં જોઇએ. એ જમાનામાં એક પત્નીનો કાયદો નહોતો અને એક ઉપર બીજી પત્ની કરવાની બાબત ટીકાપાત્ર ગણાતી નહિ. એમ છતાં પટેલ સાહેબે ગાંધીજી, વિવેકાનંદ વગેરેના વિચારોના પ્રભાવના બળે બીજાં લગ્ન કરવાનો સ્પષ્ટ ઇન્કાર કરી દીધો હતો. તેમણે પોતાના લગ્નજીવનમાં સ્થિરતા અનુભવી હતી. એમણે લખ્યું છે કે 'અમારું લગ્ન કજોડું કહેવાય, પણ શરૂઆતથી જ અમારા હૃદયમાં એકબીજા માટે પ્રેમનાં ઝરણાં ફૂટ્યાં હતાં.'

નાનપણથી જ પટેલ સાહેબને જાતજાતની વસ્તુઓ જોવાજાણવાનો અને શીખવાનો રસ હતો. નાની વયમાં તેઓ તરતાં અને સાઇકલ ચલાવતાં શીખ્યા હતા. વળી તેમને ટેનિસ રમવાનું ગમતું, શાસ્ત્રીય સંગીતનો એમણે શોખ કેળવ્યો હતો અને એ જમાનામાં રોજ રાત્રે રેડિયો પર એક કલાક શાસ્ત્રીય સંગીતનો કાર્યક્રમ આવતો તે તેઓ નિયમિત સાંભળતા. તેમણે હિન્દી, ઇંગ્લિશ, ગુજરાતી એવાં અનેક ચલચિત્રો જોયાં હતાં. 'શંકરાભરણ' નામનું તેલુગુ ચલચિત્ર એમણે છ વાર જોયું હતું.

પટેલ સાહેબની વિદ્યાર્થી અને અધ્યાપક તરીકે કારકિર્દી ઘણી તેજસ્વી હતી. ૧૯૪૦માં બી.એ.માં તેઓ ઇંગ્લિશ અને સંસ્કૃતનો વિષય લઈ પ્રથમ વર્ગમાં આવ્યા હતા. એમ.એ.માં પણ તેઓ પ્રથમ વર્ગમાં આવ્યા હતા. પરંતુ આર્થિક સંકડામણને લીધે તેમને પુરુષાર્થ ઘણો કરવો પડ્યો હતો. અધ્યાપક તરીકે કામ કરવા સાથે તેઓ ટ્યૂશનો કરતા અને બીજાં પ્રકીર્ણ કામો પણ કરતા. કરકસરથી ઘર ચલાવવામાં એમનાં પત્નીનો પણ સારો સહકાર મળતો રહ્યો હતો. આર્થિક તકલીફ રહ્યા કરતી હતી છતાં એમણે ક્યારેય લાચારી અનુભવી નથી. તેમણે એમ.એ. થયા પછી પ્રારંભમાં ગુજરાત કૉલેજમાં ઇંગ્લિશ વિષયના અધ્યાપક તરીકે ઘણાં વર્ષ સુધી કાર્ય કર્યું હતું. ત્યાર પછી એક કૉલેજમાં આચાર્ય તરીકે, ત્યાર પછી સરદાર પટેલ યુનિવર્સિટીમાં રજિસ્ટ્રાર તરીકે અને ત્યાર પછી દિલ્હીમાં 'કલેક્ટેડ વર્ક્સ ઑફ મહાત્મા ગાંધી'માં અનુવાદક અને સંપાદક તરીકે કાર્ય કર્યું હતું. નિવૃત્ત થયા પછી તેમણે અમદાવાદમાં આવીને શેષ જીવન સ્વાધ્યાય-લેખન વગેરેમાં પસાર કર્યું હતું.

ઠેઠ બાલ્યકાળથી પટેલ સાહેબની તબિયત સારી રહેતી નહોતી. વારંવાર તાવ, હરસ, આંતરડાનો ક્ષય વગેરે બીમારીઓને કારણે તેઓ કેટલીયે વાર હોસ્પિટલમાં જઈ આવ્યા હતા, પરંતુ તેમનું મનોબળ અદ્ભુત હતું અને જીવન જીવવામાં તેમનો રસ સક્રિય હતો. તેઓ

સતત વાંચનમાં, અધ્યયનમાં અને લેખનકાર્યમાં જીવનના અંત સુધી પરોવાયેલા રહ્યા હતા. તેમનો જીવનરસ ક્યારેય સૂકાયો ન હતો.

'મારી વિસ્મયકથા'માં એમણે લખ્યું છે, 'વૃદ્ધાવસ્થાની નિર્બળતામાં હું પ્રમાણમાં માનસિક સ્વસ્થતા ભોગવું છું તેનું કારણ મારામાં સંકલ્પબળની વિશેષતા છે એવું નથી પણ મારામાં બાળક-સ્વભાવનું એક સારું લક્ષણ રહ્યું છે. હું બાળક જેવો છું અને ઘરડો થયો તો પણ એવો જ રહ્યો છું. બાળક પોતાના રસની વસ્તુને આગ્રહપૂર્વક વળગી રહેતું નથી. એક રમકડું ન મળે કે ખોવાઈ જાય કે ભાંગી જાય તો થોડીવાર રડે, પણ પછી બીજું મળે એટલે પહેલું ભૂલી જાય. મારા સ્વભાવમાં પણ એવું કંઈક છે. સમયના પ્રવાહની સાથે મારામાં નવા રસ જાગ્રત થતા રહ્યા છે અને આજ સુધી એ ચાલુ છે.'

પોતાની તબિયત અને મૃત્યુ માટેની તૈયારી વિશે ૧૯૮૫માં 'પ્રબુદ્ધ જીવન'માં એમણે લખ્યું હતું, 'મારા એક ડૉક્ટર વડીલે મને ૧૯૬૦માં કહ્યું હતું કે 'ચીમનભાઈ, તમારા શરીરના ઘડિયાળની ચાવી ઊતરી ગઈ છે. હવે તમે જેટલું જીવો તેટલી ઇશ્વરની કૃપા.' એ કૃપા પચીસ વર્ષ ચાલી અને હજુ કંઈક ચાલશે એમ લાગે છે. મારા જીવનનો અંત જ્યારે આવે ત્યારે હું તૈયાર થઇને બેઠો છું.' ૧૯૮૫માં એમ લખ્યા પછી ઠેઠ ૨૦૦૪ના જાન્યુઆરી સુધી તેઓ આવી નાદુરસ્ત તબિયત છતાં જીવી શક્યા એ બતાવે છે કે એમની જિજીવિષા કેટલી પ્રબળ હતી. હજુ થોડા વખત પહેલાં જ એમનો પત્ર મને મળ્યો હતો, જેમાં લખ્યું હતું કે આખો દિવસ અશક્તિ રહે છે, પરંતુ 'સાંજના પાંચ-છ વાગ્યા પછી હું સ્વસ્થતા અનુભવું છું.'

અમારા વડીલ ડૉ. અનામી સાહેબ દ્વારા અને પ્રો. જયંતભાઈ કોઠારી દ્વારા પટેલ સાહેબનો પ્રત્યક્ષ પરિચય મને થયો હતો. ૧૯૮૨-૮૩માં એમણે 'પ્રબુદ્ધ જીવન'માં લેખો લખવાનું ચાલુ કર્યું ત્યાર પછી અમારી વચ્ચે નિયમિત પત્રવ્યવહાર ચાલ્યા કર્યો અને એકબીજાના ઘરે જવા આવવાનો સંબંધ વધ્યો હતો. તેઓ પત્રવ્યવહારમાં નિયમિત હતા. સ્વ. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીની જેમ તેઓ પણ પોસ્ટકાર્ડનો જથ્થો પાસે રાખતા અને તરત મુદ્દાસર ટૂંકા પત્રો લખતા.

'પ્રબુદ્ધ જીવન'માં લેખમાળા સ્વરૂપે કશું છપાતું નથી. વધુમાં વધુ ત્રણ અંકમાં લેખ પૂરો થવો જોઇએ. પરંતુ પટેલ સાહેબે જ્યારે પોતાની આત્મકથા લખવાનો પ્રસ્તાવ મારી આગળ રજૂ કર્યો ત્યારે 'પ્રબુદ્ધ જીવન'માં અપવાદરૂપે એ પ્રગટ કરવાનો નિર્ણય કર્યો હતો. લગભગ સવા વર્ષ સુધી એમની આ આત્મકથા છપાઈ હતી.

આ આત્મકથામાં એમણે પોતાના શૈશવ-યૌવનકાળનાં, અધ્યાપન-કાળનાં સંસ્મરણો આલેખ્યાં છે. એમાં એવાં તાદશ ચિત્રો રજૂ થયાં છે કે એસ.એન.ડી.ટી. યુનિવર્સિટીએ આ આત્મકથા 'મારી વિસ્મયકથા'ના નામથી પોતાના પ્રકાશન તરીકે પ્રગટ કરી હતી. વળી મારી સાથેની આત્મીયતાને કારણે 'મારી વિસ્મયકથા' નામની એમની આ આત્મકથા ગ્રંથ સ્વરૂપે પ્રગટ થઈ ત્યારે એ ગ્રંથ પટેલ સાહેબે મને અર્પણ કર્યો હતો.

એકવડું શરીર અને નાજુક તબિયતને કારણે છેલ્લાં વર્ષોમાં તેઓ પ્રવાસ કરતા નહિ. આમ પણ એકંદરે તેમણે બહુ ઓછો પ્રવાસ કર્યો છે. ઠેઠ બાલ્યકાળથી તેમની તબિયત સારી રહેતી નહિ. પરંતુ એક વખત શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી વ્યાખ્યાનો આપવા માટે અમે નિમંત્રણ આપ્યું ત્યારે મારા આગ્રહને વશ થઈ એમણે તે સ્વીકાર્યું, પણ તેમાં સમયની, આવવા-જવાની, ખાનપાનની એમ ઘણી બધી વાતોની સ્પષ્ટતા અને શરત કર્યા પછી તે સ્વીકાર્યું હતું. પહેલો અનુભવ એમને અનુકૂળ લાગ્યો એટલે બીજીત્રીજી વાર પણ એમણે વ્યાખ્યાનો માટે અમારું નિમંત્રણ સ્વીકાર્યું હતું.

એક વાર તેઓ મુંબઈમાં અમારે ઘરે આવ્યા ત્યારે ઘરમાં સિતાર, હાર્મોનિયમ, તબલાં જોઇને એમણે પ્રશ્ન કર્યો કે સંગીતનો કોને શોખ છે ? મેં કહ્યું મારો પુત્ર અમિતાભ (ઉ.વ.૧૪) અને પુત્રી શૈલજા (ઉ.વ.૧૬) માટે સંગીતના શિક્ષક રાખ્યા છે. શિક્ષક બંનેને ગીતો ગાતાં અને જુદાં જુદાં રાગ વિશે શીખવે છે તથા અમિતાભને તબલાં તથા શૈલજાને સિતાર વગાડતાં શીખવ્યું છે. એમણે શૈલજાને સિતાર વગાડવાનું કહ્યું. શૈલજાએ સિતાર સંભળાવી એથી એમણે પોતાની પ્રસન્નતા દર્શાવી હતી અને પોતાના સંગીતના શોખની વાતો કરી હતી.

પટેલ સાહેબને કેટલાંક વર્ષોથી આંતરડાની તકલીફ હતી. એ અંગે તેઓ સાવધાન થઈ ગયા હતા. તેઓ કોઇના આગ્રહને વશ થતા નહિ. એક વાર તેઓ અમારે ઘરે પધાર્યા હતા ત્યારે ચા પીવા માટે અમે આગ્રહ કર્યો. છેવટે એમણે કહ્યું કે 'ચા હું તો જ પીઉં, જો તમારા રસોડામાં જઇને મારાં પત્ની જાતે ચા બનાવે તો.' અમે એમની એ દરખાસ્ત સ્વીકારી. એમનાં પત્નીએ ચા બનાવી તે એમણે પીધી હતી. પટેલ સાહેબને પાણી બરાબર ઉકાળીને પછી નીચે ઉતારીને એમાં અમુક જ પ્રમાણમાં ચાની પત્તી નાખવામાં આવે અને એમાં નહિ જેવું દૂધ હોય તો એવી ચા જ માફક આવતી હતી. એમનાં પત્ની એ પ્રમાણે બનાવતાં.

પટેલ સાહેબને અધ્યાપનકાળ દરમિયાન શેક્સપિયરનાં કોઇપણ બે નાટકો દર વર્ષે બી.એ. કે એમ.એ.ના વિદ્યાર્થીઓને ભણાવવાનાં આવતાં. આથી શેક્સપિયરનાં નાટકો એ જીવનભર એમનો અત્યંત પ્રિય વિષય રહેલો. શેક્સપિયરની સેંકડો પંક્તિઓ એમને કંઠસ્થ હતી. અમદાવાદમાં અને અન્યત્ર કેટલીક સંસ્થાના ઉપક્રમે એમણે એ વિષય પર વ્યાખ્યાનો પણ આપેલાં. તદુપરાંત 'ટ્રેજેડી, જીવનમાં અને સાહિત્યમાં' એ વિષય એમણે આપેલાં વ્યાખ્યાનો ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી પ્રગટ થયેલાં છે.

શેક્સપિયર ઉપરાંત શેલી, કિટ્સ, વર્ડઝવર્થ, ટેનિસન, બ્રાઉનિંગ, રોબર્ટ બર્ન્સ વગેરે આંગ્લ કવિઓની કવિતા કૉલેજના વિદ્યાર્થીઓને ભણાવવાનું કાર્ય વર્ષો સુધી એમણે કર્યું હતું. એટલે એ કવિઓની અનેક પંક્તિઓ પણ એમને કંઠસ્થ હતી. વાતચીતમાં પ્રસંગ અનુસાર જ્યારે તેઓ આવી પંક્તિઓ ટાંકતા ત્યારે એમની સ્મૃતિ અને બહુશ્રુતતા માટે આદર ઊપજતો.

સંસ્કૃત ભાષામાં લખાયેલું વાલ્મીકિનું રામાયણ એ પટેલ સાહેબના સ્વાધ્યાય-પરિશીલનનો એક મહત્ત્વનો ગ્રંથ જીવનભર રહ્યો હતો. એનો એમણે ગુજરાતીમાં ગદ્યસંક્ષેપ કર્યો હતો અને એ ગ્રંથસ્વરૂપે પ્રગટ થયો હતો. એ વિશે પોતાને જે કંઈ મૌલિક ચિંતન વ્યક્ત કરવા જેવું લાગ્યું તે એમણે આ ગ્રંથમાં વ્યક્ત કર્યું છે.

પટેલ સાહેબનું એક સૌથી વધુ યાદગાર અને મૂલ્યવાન કાર્ય તે-'Collected works of Mahatma Gandhi' છે. પટેલ સાહેબે આ શ્રેણીના નેવુ જેટલા ગ્રંથોમાં ગાંધીજીના લખાણોના અનુવાદ અને સંપાદનનું કાર્ય કર્યું છે. એ કાર્ય કરવા માટે તેઓ કુટુંબને અમદાવાદમાં રાખીને એકલા દિલ્હી જઇને રહ્યા હતા અને હાથે રસોઈ કરીને જમતા. ૧૯૬૧થી ૧૯૮૫ સુધી દિલ્હીમાં રહીને, દિવસ-રાત પરિશ્રમ કરીને ગાંધીજીનાં સર્વ લખાણોનું વ્યવસ્થિત રીતે, કાલાનુક્રમે એમણે સંપાદન કર્યું છે, અંગ્રેજીમાં અનુવાદ કર્યો છે અને સાથે સાથે પોતાની સંપાદકીય નોંધો પણ લખી છે. આ ભગીરથ કાર્ય કરવાને નિમિત્તે તેઓ ગાંધીજીના જીવન અને કવન વિશે એટલા બધાં ઓતપ્રોત થઈ ગયા હતા અને એટલા જ માહિતગાર થયા હતા કે કયા વિષય પર ગાંધીજીએ ક્યાં, ક્યારે અને શું કહ્યું છે તે ચોક્કસાઈપૂર્વક કહી શકતા. ગાંધીજીના જીવનની કોઈ ઘટના વિશે કે ગાંધીજીના વક્તવ્ય વિશે જ્યારે કંઈ પણ વિવાદ થાય ત્યારે એમાં પટેલ સાહેબનો અભિપ્રાય અંતિમ અને નિર્ણાયક બની રહેતો. ગાંધીજીના પુત્ર હરિલાલ વિશે જ્યારે વિવાદ થયો ત્યારે પટેલ સાહેબે આધાર સાથે પોતાનો અભિપ્રાય

જણાવ્યો હતો.

ગાંધીજીનાં લખાણો વિશે વર્ષો સુધી કાર્ય કરવાને કારણે તેઓ જાણે ગાંધીજીમય થઈ ગયા હતા. એ અંગે એમણે લખ્યું છે, 'મને આંતરડાનો ક્ષય થયો ત્યારે ડૉક્ટરે મને રમૂજમાં કહ્યું હતું., 'પટેલ, તમને ગાંધી વાઈરસનો રોગ લાગુ પડ્યો છે, (એટલે કે ગાંધીજીના વિચારોનો ચેપ લાગુ પડ્યો છે.) ગાંધીજીની જેમ આ ખવાય અને આ ન ખવાય એમ કરી તમે તમારું શરીર બગાડ્યું છે.' ડૉક્ટરનું નિદાન ખરું હતું., પણ પૂરું નહિ.' પણ બીજા એક અર્થમાં મને ખરેખર ગાંધી વાઇરસનો રોગ લાગુ પડ્યો છે. એની એક નિશાની એ છે કે મારા દરેક લેખમાં કંઈ ને કંઈ સંદર્ભમાં ગાંધીજીનો ઉલ્લેખ આવવાનો. મને એ ચેપ ન લાગ્યો હોત તો મારું જીવન કઈ દિશામાં વળ્યું હોત અને કેવું વેડફાઈ ગયું હોત એની હું કલ્પના નથી કરી શકતો.'

ઇંગ્લિશ ભાષાનું લેખનકાર્ય કરવું એ એમને માટે સહજ હતું. એમણે Moral and Social Thinking in Modern Gujarat નામનો ગ્રંથ લખ્યો છે જે ગુજરાત સાહિત્ય અકાદમી (ગાંધીનગર) એ પ્રગટ કર્યો છે. તદુપરાંત Mahatma Gandhi in his Gujarati Writings નામનો ગ્રંથ દિલ્હીની સાહિત્ય અકાદમીએ પ્રગટ કર્યો છે.

પટેલ સાહેબનું ચિંતન અત્યંત વિશદ હતું. વર્ષોથી ઉત્તમ સાહિત્યના પરિશીલનથી એમની દૃષ્ટિ અત્યંત માર્મિક તથા ઝીણી ઝીણી ભેદરેખાઓ દર્શાવવા જેવી સૂક્ષ્મ બની હતી. વાલ્મીકિ રામાયણ વિશેનાં તેમનાં અવલોકનો અને અભિપ્રાયોમાં એ સ્પષ્ટ જોઈ શકાય છે. વળી ગુજરાતી સાહિત્યમાં તેમનું અવલોકન બહુ સૂક્ષ્મ રહેતું. એક વખતે મારા ઘરે ચર્ચા થતી હતી ત્યારે એમણે વિધાન કરેલું કે 'ઉમાશંકર જોષીની 'વિશ્વશાન્તિ' નામની સુપ્રસિદ્ધ કવિતા એ બુદ્ધિની નીપજ છે, હૃદયની નહિ.'

પટેલ સાહેબ 'નવનીત-સમર્પણ'માં આવતી 'પાસપોર્ટની પાંખે' નામની મારી પ્રવાસ લેખમાળા નિયમિત વાંચતાં અને પોતાનો આનંદ પત્રમાં વ્યક્ત કરતા. એટલે જ 'પાસપોર્ટની પાંખે'નો બીજો ભાગ-ઉત્તરાલેખન પ્રગટ થયો ત્યારે એમણે એમાં 'સ્મૃતિની પાંખે'ના નામની પ્રસ્તાવના લખી આપી હતી.

પટેલ સાહેબના જીવનમાં સાદાઈ હતી અને જીવનના છેલ્લાં વર્ષોમાં તો તે વધુ જોવા મળતી હતી. છેલ્લે ત્રણેક વખત હું અમદાવાદમાં એમને મળવા એમના નીલકંઠ પાર્કના ઘરે ગયો હતો ત્યારે તેઓ ઘરમાં ઉઘાડા શરીરે માત્ર ખાદીની અડધી ચડ્ડી પહેરીને બેઠા હોય. એ ચડ્ડી પણ ધોબીની ધોયેલી, સફેદ બાસ્તા જેવી ઇસ્ત્રીવાળી ચડ્ડી નહિ, એક ગાંધીવાદીને શોભે એવી હાથે ધોયેલી સાધારણ ચડ્ડી. શિયાળો હોય તો જરૂર પૂરતાં ગરમ કપડાં તેઓ પહેરતાં, પરંતુ એમનાં વસ્ત્રોમાં કશી ટાપટીપ નહિ. તેઓ સહજ રીતે રહેતા. કોઈ મળવા આવ્યું હોય તો પણ તેઓ અડધી ચડ્ડી પહેરીને બેસતાં સંકોચ અનુભવતા નહિ. વસ્તુતઃ અનૌપચારિતા, સાદાઈ, અલ્પપરિગ્રહ, ત્યાગ, વૈરાગ્ય વગેરે તેમના જીવનમાં બરાબર વણાઈ ગયેલાં હતાં. ગાંધીજીનો એમના જીવન ઉપર ઘણો બધો પ્રભાવ પડ્યો હતા. થોડા વખત પહેલાં એમનાં પત્નીના અવસાન વખતે હું એમને મળવા ગયો ત્યારે પણ તેઓ અડધી ચડ્ડી પહેરીને બેઠા હતા અને એવા જ સ્વસ્થ હતા. એમનાં સંતાનો અને તેમાં એમની વિશેષતઃ પુત્રી એમનું ઘણું ધ્યાન રાખતાં.

અત્યંત પ્રવૃત્તિશીલ અને સક્રિય જીવન જીવનાર શ્રી પટેલ સાહેબે વાનપ્રસ્થાશ્રમમાં નિવૃત્ત જીવન જીવવાનું ચાલુ કર્યું ત્યારે એમણે લખેલું કે 'હું મારા આંતરજીવનની દિશા બદલવાનો પ્રયત્ન કરી રહ્યો છું. વળગણો, અધ્યાસો અને માથા ઉપરનો ભાર ઓછો કરતો જાઉં છું. છાપાં વાંચવાનાં બંધ કર્યાં છે. મનને ગમે તે જ વાંચું છું. નવું જ્ઞાન મેળવવાની દૃષ્ટિએ કંઈ વાંચતો નથી અને અગાઉથી વિચાર કરીને તૈયારી કરવી પડે એવું બોલવાનું કે લખવાનું કોઈ આમંત્રણ ન સ્વીકારવાનો સંકલ્પ કર્યો છે.'

પટેલ સાહેબની શૈક્ષણિક અને સાહિત્યિક સિદ્ધિઓની વખતોવખત કદર થતી રહી હતી. કૉલેજકાળમાં તેમને પારિતોષિકો અને શિષ્યવૃત્તિઓ સાંપડ્યાં હતાં. અધ્યાપનક્ષેત્રે એમણે કરેલા શ્રેષ્ઠ પ્રદાન માટે ગુજરાત સરકારનો એવૉર્ડ મળ્યો હતો. સાહિત્ય માટે તેમને રણજીતરામ સુવર્ણચંદ્રક મળ્યો હતો અને ૧૯૮૩માં સાહિત્ય પરિષદના અધિવેશનમાં તેમને વિવેચન વિભાગના અધ્યક્ષ બનાવવામાં આવ્યા હતા.

અંગ્રેજી ભાષા અને સાહિત્યના અધ્યયન અને અધ્યાપનને કારણે પટેલ સાહેબમાં શિસ્તપાલન, સમયપાલન, કાર્યવ્યવસ્થા, વહીવટી સૂઝ, ચોક્કસાઈ વગેરે બ્રિટિશ નાગરિકમાં હોય એવાં ગુણો ખીલ્યા હતા. (આ ગુણો ભારતીય નાગરિકમાં ન હોય એવું નથી. પણ વર્તમાન સમયમાં સરકારી તંત્રમાં જે શિથિલતા, પ્રમાદ, ભ્રષ્ટાચાર, ગેરશિસ્ત વગેરે જોવા મળે છે એ સંદર્ભમાં બ્રિટિશ ગુણોની વાત છે.) પટેલ સાહેબે આઝાદી પહેલાંના ત્રીસેક વર્ષ બ્રિટિશ શાસન નિહાળેલું અને એમના ગ્રેજ્યુએટ પિતાશ્રી સરકારી નોકરીમાં હતા અને મામલતદાર અને આસિસ્ટન્ટ કલેક્ટરના પદ સુધી પહોંચ્યા હતા. એટલે ગુલામ અને સ્વતંત્ર એમ બંને ભારતમાં જીવવાનો પટેલ સાહેબને જે લાભ મળ્યો એથી બંનેની ઉત્તમ ખાસિયતો તેમના જીવનમાં જોવા મળતી હતી.

પટેલ સાહેબના અવાજમાં મૃદુતાનો અને વાત્સલ્યભાવનો એક વિશિષ્ટ લહેકો હતો. તેઓ વાત કરે તો એટલી પ્રસન્નતાપૂર્વક કરે કે એમના હાવભાવ પરથી પણ તે આપણને સમજાય.

બાળપણમાં પટેલ સાહેબને ઘરમાં 'બબુ' કહીને બોલાવતાં, ત્યારપછી પટેલ સાહેબ પહેલાં સી. એન. પટેલ, પછી ચીમનભાઈ પટેલ અને પછી ચી. ના. પટેલ તરીકે ઓળખાયા. પટેલ સાહેબે બહુ નિખાલસપણે કહ્યું છે કે પોતાનું નામ ચીમનભાઈ પટેલ, પરંતુ ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી સ્વ. ચીમનભાઈ પટેલની સામે એક વખત આંદોલન ચાલ્યું હતું અને પ્રજામાં તેઓ અપ્રિય થઈ ગયા હતા એટલે તે વખતે નામસામ્ય ન રહે એ આશયથી એમણે પોતાનું નામ 'ચીમનભાઈ પટેલ' લખવાને બદલે 'ચી. ના. પટેલ' લખવાનું ચાલુ કરી દીધું હતું. ત્યારથી આ નામ જ રૂઢ થઈ ગયું. કેટલાક તો એમને માટે 'પટેલ' શબ્દ ન ઉચ્ચારતાં માત્ર 'ચી. ના.' જ ઉચ્ચારતા. જીવનના પૂર્વાર્ધમાં અંગ્રેજી પ્રમાણે 'સી. એન.' તરીકે જેમ તેઓ જાણીતા હતા તેમ ઉત્તરાર્ધમાં ચી. ના. તરીકે જાણીતા રહ્યા હતા. સી.એન.માંથી ચી.ના કરવાનું સૂચન શ્રી મહેન્દ્ર મેઘાણીએ કરેલું.

જેમ નામમાં તેમ પહેરવેશ, દેખાવ વગેરેમાં પટેલ સાહેબમાં પરિવર્તન આવતું ગયું હતું. સ્કૂલમાં હતા ત્યાં સુધી ખમીસ અને અડધી ચડ્ડી પહેરતા. કૉલેજમાં શર્ટ પેન્ટ પહેરતા. અધ્યાપક થયા ત્યારે સૂટ પહેરતા. પછી ખાદીનાં લાંબો ડગલો અને ધોતિયું અને ગાંધીટોપી પહેરતા, પછી પહેરણ, પાયજામો, ટોપી અને બંડી પહેરતા. છેલ્લાં વર્ષોમાં એમણે મૂછદાઢી ઉગાડેલાં એટલે કોઈ ઋષિમુનિ જેવા લાગતા. આમ પણ તેઓ ભારતીય પરંપરાના મનીષી હતા.

સાધુચરિત પ્રો. ચી. ના. પટેલના અવસાનથી ગાંધીયુગની અને ગાંધીજીની ભાવનાને ચરિતાર્થ કરતી એક તેજસ્વી, નિષ્ઠાવાન પ્રતિભા વિલીન થઈ ગઈ.

ગાંધીજી વિશે સ્વાનુભવની વાતો કરનારા આવા મહાનુભાવો હવે ક્યારે મળશે ?

પ્રભુ એમના આત્માને શાંતિ આપો ! એમના પુણ્યાત્માને નત મસ્તકે વંદન !

□ રમણલાલ ચી. શાહ

❖❖❖

# સ્યાદ્વાદ – સ્વરૂપ – નિરૂપણવાદ

□ સ્વ. પનાલાલ જગજીવનદાસ ગાંધી

બધાંયને બધુંય એક સાથે એક સમયે મળતું નથી, બનતું નથી અને કહેવાતું નથી. વળી બધાંયના મન, બધાંની માન્યતા, વારસો, કુળધર્મ, કુળ પરંપરા, ઉછેર, જન્મજાત સંસ્કાર, સંયોગો જરૂરિયાત આદિ જુદાં જુદાં હોય છે. ઉપરાંત મનુષ્યની બુદ્ધિશક્તિની મર્યાદા, જ્ઞાનની અપૂર્ણતા હોવાની સાથે સાથે પોતપોતાના રાગ, દ્વેષ અને અહં પણ આડે આવતા હોય છે. ભાવની સામે અભાવ પણ હોય છે અને ભાવ-અભાવ યુગપદ પણ હોય છે.

આવા પરસ્પર વિરોધથી ઉત્પન્ન થતાં વિસંવાદનું સંવાદમાં સુસ્થાપન કરનાર જે વિચારધારા છે તે સ્યાદ્વાદ દર્શન છે. ટૂંકમાં પરસ્પર વિરુદ્ધ દેખાતા ધર્મોનો સાપેક્ષ રીતે એકમાં સમાવેશ સ્વીકારતો વાદ યાને સિદ્ધાંત તે સ્યાદ્વાદ દર્શન. એ વિશ્વને જૈન દર્શન દ્વારા મળેલી વિશિષ્ટ મૌલિક દેણ છે. આ વિચારધારાને અપનાવવાથી દુરાગ્રહ, હઠાગ્રહ, કદાગ્રહનું શમન થઈ નિરાગ્રહી અને સમભાવી બની શકાય છે.

સ્યાદ્‌નો અર્થ થાય છે કથંચિત્. કથંચિત્ એટલે કંઈક, અલ્પ, અધૂરું કે અપૂર્ણ. જે કંઈક હોય તે અંશ(દેશ) હોય. એ સર્વ કે પૂર્ણ ન હોય. અને તેથી સર્વ કે પૂર્ણનું કાર્ય નહિ કરી શકે.

સર્વાંગ પરિપૂર્ણ શરીર હોય તે પૂર્ણાંગ કે સર્વાંગ કહેવાય. એવાં એ પૂર્ણ શરીરનો એક ભાગ (Part of the body) અવયવ કહેવાય. એવાં એકાદ અવયવનો અભાવ હોય તો તે વિકલાંગ કહેવાય. અંગ્રેજીમાં પણ કહેવત છે કે...Part cannot be equal to whole. અંશ, પૂર્ણની બરોબરી નહિ કરી શકે. હા ! અંશમાં પૂર્ણની ઝાંખી એટલે કે ઝલક હોય. 'ભાંગ્યું ભાંગ્યું તો ય ભરુચ' કહીએ છીએ ને ! ખંડિયેરમાં મૂળ અખંડ ઇમારતની ઝલક જોવા મળે છે !

જે વિવક્ષિત મુદ્દા વિષે વિધાન, જે સંદર્ભમાં કરાયેલ છે તેથી અન્ય સંદર્ભમાં અન્ય વિધાન હોઈ શકે છે તેવો નિરાગ્રહ સૂચક અને અન્ય ધર્મ, અન્ય અપેક્ષાની સ્વીકૃતિના સંકેત રૂપ 'સ્યાત્' શબ્દનો પ્રયોગ છે. અંગ્રેજી ભાષાના શબ્દો લઈ વિચારતા 'સ્યાત્' શબ્દનો લક્ષ્યાર્થ સુસ્પષ્ટ થાય છે કે...

A sentence in which there are words such as...

If, But, Perhaps, Yet, Only, Or, Also, Little, Less, Few....is 'SYAD'

એટલું જ નહિ પણ પૂર્ણતાના સંદર્ભમાં 'સ્યાત્' શબ્દની વિચારણા કરીએ તો 'સ્યાદ્'ના સંબોધનથી ભગવાન જિનેશ્વરદેવ આપણને આપણી અલ્પતાનું ભાન કરાવે છે અને પૂર્ણતાનું એટલે કે 'અસ્યાદ્' થવાનું લક્ષ બંધાવે છે.

વિશ્વમાં એકથી અધિક દ્રવ્યોનું અસ્તિત્વ છે અને સમગ્ર વિશ્વકાર્ય સર્વ દ્રવ્યના સામૂહિક ગુણકાર્યથી સંભવિત છે. તેથી સમષ્ટિની અપેક્ષાએ પ્રત્યેક પૂર્ણ દ્રવ્ય કે અપૂર્ણ દ્રવ્ય 'સ્યાદ્' છે. ઘડિયાળનું કાર્ય ઘડિયાળના બધાંય પૂરજા-ભાગ (spareparts) ના સહિયારા કાર્યનું પરિણામ છે. એમાં પણ સંસારી જીવ તો એના પોતાના શુદ્ધ સ્વરૂપમાં નથી તેથી તે તો સ્યાદ્‌માં પણ સ્યાદ્ છે.

પંચાસ્તિકાય સ્વરૂપ વિશ્વમાં જે વિશ્વકાર્ય કે સૃષ્ટિકાર્ય ચાલી રહ્યું છે તે પાંચે અસ્તિકાયના સામુદાયિક કાર્યથી ઘટી રહ્યું છે. સમગ્ર વિશ્વકાર્યમાં પ્રત્યેક અસ્તિકાય (દ્રવ્ય) પોતપોતાનો ફાળો દેશથી આપે છે તે અપેક્ષાએ પ્રત્યેક દ્રવ્ય સ્યાદ્ છે.

આમ છતાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને સિદ્ધપરમાત્માના જીવો પોતપોતાનું જે ગુણકાર્ય કરે છે તે સંપૂર્ણપણે, સતત, સરળ અને સહજપણે થયા કરે છે. એ કાર્યમાં ક્યારેય ખોટકાવાપણું નથી, અર્થાત્ આંતરા કે વિક્ષેપ વિનાનું અવિરત (સતત) થતું કાર્ય છે, ભેદભાવ વિના સરળપણે થતું કાર્ય છે અને કરવાપણા વિના અપ્રયાસ સ્વાભાવિક થયા કરતું કાર્ય છે. તેથી ઉપર્યુક્ત એ ચારેય દ્રવ્યમાં અસ્યાદ્‌તા (પૂર્ણતા) છે. આ ચારેય દ્રવ્યો સ્વરૂપથી પૂર્ણ છે અને તેથી તે દ્રવ્યોનું ગુણકાર્ય પણ પૂર્ણ કહેતાં અસ્યાદ્ છે.

જ્યારે આ ચારથી વિપરીત પુદ્‌ગલ દ્રવ્ય પોતાના ગુણમાં એટલે કે સ્વભાવમાં જ ખંડિત, વિનાશી, અનિત્ય અને ક્રમિક હોવાથી પુદ્‌ગલ દ્રવ્યનું ગુણકાર્ય પૂર્ણપણે થતું નથી. જે એક પુદ્‌ગલસ્કંધનું કાર્ય છે તે બીજો પુદ્‌ગલ સ્કંધ કરી શકતો નથી. પુદ્‌ગલ દ્રવ્યમાં ક્રમિકતા હોવાથી સર્વ પુદ્‌ગલ, સર્વ સમયે, સર્વ રૂપે પરિણમતા નથી. પુદ્‌ગલદ્રવ્યમાં ક્રમશઃ પરિણમન છે. જેમકે ઘટ દ્વારા થતું જલધારણ કાર્ય વસ્ત્રાદિથી થઈ શકતું નથી. અને વસ્ત્રનું શીતત્રાણાદિ કાર્ય ઘટથી થઈ શકતું નથી. આમ પુદ્‌ગલ પોતે રૂપી હોવાથી અને વિનાશી હોવાથી મૂળમાં પણ સ્યાદ્ છે અને કાર્ય તેમ જ ફળમાં પણ સ્યાદ્ છે. પુદ્‌ગલ રૂપી છે કેમકે એનામાં રૂપ-રૂપાંતરતા અર્થાત્ પરિવર્તનશીલતા છે અને ક્ષેત્રક્ષેત્રાંતરતા અર્થાત્ પરિભ્રમણશીલતા છે, જે અનિત્યતા અને અસ્થિરતા છે. આમ પુદ્‌ગલ દ્રવ્ય વિશ્વકાર્યમાં તો સ્યાદ્ છે જ પણ પોતાના ગુણકાર્યમાં પણ સ્યાદ્ હોવાથી સ્યાદ્‌માં સ્યાદ્ છે. તેમ સંસારીજીવ પુદ્‌ગલસંગે ભ્રષ્ટ બની મૂળ સ્વરૂપથી અવિનાશી અને પૂર્ણ એવો વિનાશી (અનિત્ય) અને અપૂર્ણ થઈ સ્યાદ્ બન્યો છે, તેણે અસ્યાદ્‌ના લક્ષ્યે સ્વયં અસ્યાદ્ બનવાનું છે. ટૂંકમાં જીવ જાતનો તો સિદ્ધની જાતનો છે. પોત પૂર્ણનું છે પણ ભાત પુદ્‌ગલની (અપૂર્ણની) છે તે દૂર કરી પોતરૂપે, જાતરૂપે પ્રગટ થવાનું છે.

છ અંધજને કરેલ હાથીના દર્શનની કહેવામાં આવતી શાસ્ત્રીય કથા સ્યાદ્વાદને સમજવામાં ઉપયોગી છે. દેખી ન શકતા એવાં છ અંધજનોએ એમની સમક્ષ રહેલ મહાકાય હાથીનું દર્શન પ્રત્યેક અંધજને પોતપોતાની રીતે પોતપોતાને હાથે હાથીનો જે અવયવ ચઢ્યો તેને સ્પર્શીને હાથીના તે અવયવના સંદર્ભમાં હાથીને તે મુજબનો કલ્પ્યો.

જે અંધજનના હાથે હાથીનો પગ ચઢ્યો, તેણે હાથીના એક અવયવ પગની અપેક્ષાએ હાથીને થાંભલા જેવો વર્ણવ્યો. પેટનો સ્પર્શ કરનારે પેટની અપેક્ષાએ હાથીને ઢોલ જેવો વર્ણવ્યો. પૂંછડી જેના હાથે ચડી એણે પૂંછડીની અપેક્ષાએ હાથીને સાવરણી જેવો જણાવ્યો. સૂંઢને સ્પર્શનારે સૂંઢના સ્પર્શના સંદર્ભમાં હાથીને પાઈપ જેવો જણાવ્યો. કાનના સ્પર્શના સંદર્ભમાં તે અંધજને હાથીને સૂપડા જેવો કહ્યો અને દંતશૂળના સ્પર્શની અપેક્ષાએ અંધજને હાથીને સળિયા જેવો કહ્યો.

હવે જે દેખતો જન હતો કે જેને સમગ્ર મહાકાય હાથીનું પૂર્ણ દર્શન હતું, એણે સર્વાંગ દર્શન કરીને છયે સુરદાસોને પૂર્ણ હાથીનું શાબ્દિક દર્શન કરાવતાં જણાવ્યું કે, તે પ્રત્યેક સુરદાસનું તેમણે હાથીના જે જે અંગનું સ્પર્શેન્દ્રિયના માધ્યમથી જે અચક્ષુ દર્શન કર્યું હતું, તે તે તેમનું પ્રત્યેકનું દર્શન તે તે અપેક્ષાએ સાચું તો હતું, પણ તેમનું તે તે દર્શન એકાંગી દર્શન હોવાથી તે આંશિક અને અપૂર્ણ દર્શન હતું, પણ તે મહાકાય હાથીનું સમગ્ર, સર્વાંગી પૂર્ણ દર્શન નહોતું.

એ ખાસ ધ્યાનમાં રાખવા જેવું છે કે કથાનું પાત્ર હાથી મહાકાય હોવાથી અંધજનને બે બાહુમાં સમાવી લઈ તેનું સમગ્ર દર્શન કરવું શક્ય નહોતું. અંધજન એકેક અંગનો સ્પર્શ કરી એકાંગી દર્શન કરી શકતા હોય છે. તેમને પૂર્ણદર્શન કરવા સમર્થ વ્યક્તિ તેમના એકાંગી દર્શનને હાથીના તે તે અવયવ સાપેક્ષ સત્ય જણાવી પૂર્ણ હાથીનું પ્રમાણ-જ્ઞાન કરાવે છે–સર્વાંગી દર્શન કરાવે છે.

એ જ રીતે છદ્મસ્થ કે જે અપૂર્ણ છે, અજ્ઞાની કે અલ્પજ્ઞાની છે, જેની પાસે બિંદુ માત્ર જ્ઞાન છે, તેને પૂર્ણજ્ઞાની, એવા કેવળજ્ઞાની જે સમગ્રદર્શન કરવા સમર્થ એવાં સર્વદર્શી, સર્વજ્ઞ, વીતરાગ તીર્થંકર ભગવંતે શ્રુતજ્ઞાન મહાસાગર દ્વારા બિંદુમાંથી સિંધુસમ વ્યાપક થવાની જે કલા, જે વિજ્ઞાન આપ્યું છે તે સ્યાદ્વાદ દર્શન છે.

વ્યક્તિ જ્યાં સુધી અપૂર્ણ છે ત્યાં સુધી એના દ્વારા થયેલ દર્શન અધૂરું એકાંગી હોઈ શકે છે. આમ જ્યાં સુધી આપણે સ્યાદ્ (અપૂર્ણ) છીએ ત્યાં સુધી આંધળાં છીએ કેમકે આપણાને થતું દર્શન પ્રત્યક્ષ નહિ પણ ઇન્દ્રિયોના માધ્યમથી થતું પરોક્ષ દર્શન હોય છે. આવાં આંધળા આપણે અથડાઈ કુટાઈ મરીએ નહિ, ભટકી નહિ જઇએ તે માટે થઇને પૂર્ણ અને પ્રત્યક્ષ દર્શન કરવાને સમર્થ એવાં વીતરાગી સર્વજ્ઞ તીર્થંકર ભગવંતે આપણને આંધળાને લાકડીની ગરજ સારે એવી સપ્તભંગી આપી કે જેના વડે વસ્તુ તત્ત્વ કે પદાર્થનું સાત દૃષ્ટિકોણથી કે સાત પ્રકારે યથાર્થ દર્શન કરી વ્યવહાર ન્યાયપૂર્ણ કરી શકીએ. વસ્તુતત્ત્વની વિચારણા, સ્યાદ્વાદ અંતર્ગત જે સાત પ્રકારે થતી હોય છે તે સાત ભાંગા નીચે પ્રમાણે છે :

(૧) स्यादस्त्येव स्यात्+अस्ति+एव. સ્યાત્+અસ્તિ+એવ.

(૨) स्यान्नास्त्येव=स्यात्+न+अस्ति+एव. સ્યાત્+ન+અસ્તિ+એવ.

(૩) स्यादस्तिनास्ति चैव=स्यात्+अस्ति+न+अस्ति+च+एव. સ્યાત્+અસ્તિ+ન+અસ્તિ+ચ+એવ.

(૪) स्यादवक्तव्य एव=स्यात्+अवक्तव्यः+एवः+સ્યાત્+અવક્તવ્ય+એવ.

(૫) स्यादस्त्येव स्यादवक्तव्यश्चैव=स्यात्+अस्ति+एव+स्यात्+अवक्तव्यः+च एव. સ્યાત્+અસ્તિ+એવ+સ્યાત્+અવક્તવ્ય+ચ+એવ.

(૬) स्यान्नास्त्येव स्यादवक्तव्यश्चैव=स्यात्+न+अस्ति+एव, स्यात्+अव्यक्तव्यः +च+एव. સ્યાત્+ન+અસ્તિ+એવ.સ્યાત્+અવક્તવ્ય+ચ+એવ.

(૭) स्यादस्ति नास्ति अवक्तव्यः च एव=स्यात्+अस्ति+न+अस्ति+अवक्तव्यः च एव. સ્યાત્+અસ્તિ+ન+અસ્તિ+અવક્તવ્ય:+ચ+એવ.

(૧) કથંચિત્ (કંઈક-કોઈ એક અપેક્ષાએ) 'છે' જ.

(૨) કથંચિત્ 'નથી' જ.

(૩) કથંચિત્ 'છે' જ; કથંચિત 'નથી' જ.

(૪) કથંચિત્ 'અવક્તવ્ય' જ છે.

(૫) કથંચિત્ 'છે' જ અને કથંચિત્ 'અવક્તવ્ય' છે જ.

(૬) કથંચિત્ 'નથી' જ અને કથંચિત્ 'અવક્તવ્ય' છે જ.

(૭) કથંચિત્ 'છે', નથી અને અવક્તવ્ય છે જ.

સાતે ય પ્રકારમાં 'સ્યાત્' એટલે 'કથંચિત્' અને 'એવ' એટલે 'જ' બધાં સાતે ય ભાંગામાં સર્વ સામાન્ય રીતે સંમિલિત છે. અહીં સ્યાત્ કે સ્યાદ્‌નો અર્થ શાયદ કે કદાચ નથી થતો એ ખાસ લક્ષમાં રાખવાની જરૂર છે. સ્યાત્‌નો અર્થ કથંચિત્ એટલે કે કંઈક અથવા તો વિવક્ષિત પદાર્થની જે અસ્તિ નાસ્તિ આદિ અપેક્ષાએ, જે સંદર્ભમાં, જે દૃષ્ટિકોણ view point થી વિચારણા થઈ રહી છે તે સ્વપર્યાય યા પર પર્યાયાદિ અપેક્ષાએ એવો અર્થ થાય છે. તેથી જ પછી 'જ' એવાં અવ્યયનો પ્રયોગ કરવામાં આવેલ છે. અર્થાત્ 'જ' અવ્યયથી વસ્તુસ્વરૂપની વિચારણાને નિશ્ચયાત્મક રૂપ આપવામાં આવ્યું છે કે જે અપેક્ષાએ વિવક્ષા થઈ રહી છે, એ અપેક્ષાએ વસ્તુ સ્વરૂપ નિશ્ચયાત્મક આવું જ છે. છતાં 'સ્યાત્' અવ્યયના પ્રયોગથી સાથે સાથે એ સ્વીકાર કરાયો છે કે એ કથંચિત એટલે કંઈક છે પણ સર્વ નથી અને અન્ય અપેક્ષાએ વસ્તુસ્વરૂપ અન્યથા પણ હોઈ શકે છે.

પહેલા ભાંગામાં 'છે'–'અસ્તિ'થી અસ્તિત્વના અસ્તિત્વનું પ્રકાશન છે. સ્વસમય કહેતાં સ્વપર્યાય એટલે કે 'સ્વ' દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ (સ્વ ચતુષ્કય)થી વસ્તુના હોવાપણાની વિચારણા છે. એનાથી વિપરીત બીજા ભાંગામાં પરસમય કહેતાં પર પર્યાય એટલે કે 'પર' દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ (પર ચતુષ્કય)થી વસ્તુના ન હોવાપણાની વિચારણા છે.

કહેવત છે ને કે 'સિક્કાને બે બાજુ હોય છે.' સિક્કાની સવળી બાજુ, એ અસ્તિ ભાંગાથી થતી વિચારણા છે, જે વિધેયાત્મક અભિગમ છે. સિક્કાની અવળી બાજુ. એ નાસ્તિ ભાંગાથી થતી વિચારણા છે, જે નિષેધાત્મક અભિગમ છે. એ નાસ્તિત્વના નાસ્તિત્વનું પ્રકાશન છે.

આ બન્ને પ્રથમ ભાંગા વિકલાદેશ Analytic judgement છે. એ પૃથક વિચારણા છે. એ સિક્કાની તે તે બાજુએ રહીને વિધેયાત્મક અને નિષેધાત્મક અભિગમથી કરાતી પૃથક પૃથક વિચારણા છે.

વસ્તુના વસ્તુત્વનો તેના અસ્તિત્વથી જેમ સ્વીકાર છે તેમ તેના નાસ્તિત્વથી પણ સ્વીકાર થતો હોય છે, જેને અંગ્રેજીમાં Negative to Positive કહે છે. એ નકારાત્મક સિદ્ધિ છે. ભૂમિતિના પ્રમેયોની સિદ્ધિમાં આવા નકારાત્મક સિદ્ધિના ઘણા ઉદાહરણો જોવા મળે છે. અદાલતમાં પણ ગુનેગારના ગુનાને પુરવાર કરવા કે પછી અપરાધીને નિર્દોષ પુરવાર કરવા આવો નકારાત્મક સિદ્ધિનો આશ્રય લેવાતો હોય છે. વસ્તુના અસ્તિત્વને અસ્તિભાંગાથી સમજાવવાની જ્યાં અસમર્થતા હોય છે ત્યારે ત્યાં નાસ્તિભાંગાથી 'નેતિ નેતિ'થી બ્રહ્મતત્ત્વ, મોક્ષાદિને સમજાવવાના પ્રયાસ થતાં હોય છે, ખાસ કરીને વેદાંત મતમાં 'નેતિ'નો પ્રયોગ થતો જોવામાં આવે છે. પ્રથમ ભાંગામાં ભાવથી ભાવનો નિર્ણય થતો હોય છે તો બીજા ભાંગામાં અભાવથી ભાવનો નિર્ણય થતો હોય છે. દૂધના અડધા પ્યાલામાં, 'અડધો પ્યાલો દૂધ છે' કહેવું તે પહેલા ભાંગાનો વિધેયાત્મક અભિગમ છે. પરંતુ 'અડધો પ્યાલો ખાલી છે' એમ કહેવું તે બીજા ભાંગાનો નિષેધાત્મક અભિગમ છે.

સિક્કાની સવળી બાજુએ રહેલાંએ સવળી બાજુનું દર્શન કર્યું. જ્યારે સિક્કાની અવળી બાજુએ રહેલાંએ અવળી બાજુનું દર્શન કર્યું. ગુણાનુરાગીએ ગુણદૃષ્ટિથી ગુણ જોયા. વાંકદેખાએ દોષદૃષ્ટિથી વાંક-દોષ જોયાં. આ એક તરફી દર્શન થયું. પોતપોતાનું પોતપોતાની રીતે વસ્તુનું મૂલ્યાંકન થયું. એવું એક તરફી દર્શન પણ સાચું દર્શન છે જો 'સ્યાત્' શબ્દના પ્રયોગથી બીજી બાજુના દર્શનનો, વસ્તુના અન્ય પાસાનો પણ સ્વીકાર હોય તો. પરંતુ જો વસ્તુના એકતરફા દર્શન, એકપક્ષી મૂલ્યાંકનનો આગ્રહ હોય તો તેવું દર્શન ખોટું, મિથ્યાદર્શન છે, જે એકાન્ત મત છે. આવા મતમાં વસ્તુના અન્ય ગુણધર્મ, અન્ય પાસાઓનો કે જેનું પણ અસ્તિત્વ, વસ્તુ અનેક ગુણધર્માત્મક હોવાના કારણે, છે તેનો અસ્વીકાર છે. વસ્તુ અનંત ગુણાત્મક હોઈ, વસ્તુના અન્ય ગુણોના સ્વીકારપૂર્વક વસ્તુના કોઈ એક ગુણધર્મની કોઈ અપેક્ષાએ વિવક્ષા (વિચારણા) એ અનેકાન્તવાદ છે અને વસ્તુના કથંચિતપણા અર્થાત્ દેશપણાના સ્વીકારપૂર્વક અને અન્ય ગુણધર્મના સ્વીકારપૂર્વક કોઈ અપેક્ષાએ થતી વિચારણા એ સ્યાદ્વાદ છે.

સિક્કાનું એક એક બાજુથી એકાંગી દર્શન તો થયું પણ સિક્કાનું બધી બાજુ, ચોમેરથી દર્શન કરવાને માટે, સર્વાંગી સમગ્ર દર્શન માટે હવે દર્શનનો ત્રીજો પ્રકાર બતાડે છે. જે દર્શન દ્વારા અસ્તિત્વના અસ્તિત્વનું, અસ્તિત્વના નાસ્તિત્વનું; નાસ્તિત્વના અસ્તિત્વનું અને નાસ્તિત્વના નાસ્તિત્વનું પ્રકાશન થતું હોય છે, જે સકલાદેશ Synthetic judgement છે.

વસ્તુની પરિપૂર્ણ ઓળખ માટે તેના ગુણ અને દોષ, લાભ અને નુકસાન, નફો અને તોટો ઉભય જોવાં પડતા હોય છે. સિક્કાની બંને બાજુઓને જોઇને જ નિર્ણય થતો હોય છે કે તે કયા દેશનો અને કેટલા મૂલ્યનો સિક્કો છે. વિધેયાત્મક અને નિષેધાત્મક ઉભયાત્મક ચકાસણીથી વસ્તુના વસ્તુત્વની સર્વાંગી જાણ થતી હોય છે.

જે પદાર્થ પોતાના સ્વચતુષ્ટય (સ્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ)થી અસ્તિત્વધર્મ વાળો છે, તે જ પદાર્થ પર ચતુષ્ટયથી નાસ્તિત્વધર્મ વાળો છે. માટે વસ્તુ સ્વરૂપનું સાચું સમ્યગ્ નિરૂપણ અસ્તિનાસ્તિ ઉભયાત્મક

વિચારણાથી થતું હોય છે. એ સર્વાંગીદર્શન, સકલાદેશ હોય છે. કર્તવ્ય અને અકર્તવ્ય પૃથક પૃથક જણાવવામાં આવે ત્યારે તે વિકલાદેશ હોય છે. પણ કર્તવ્ય અને અકર્તવ્ય ઉભયાત્મક જાણ કરવામાં આવે છે ત્યારે તે સકલાદેશ બને છે. ચિકિત્સામાં વૈદ્યરાજ પથ્ય અને અપથ્ય ઉભય વિષે રોગીને સાવધ કરે છે. પૈસા છે પણ બેંકમાં છે એટલે હાલ નથી. એ પૈસા લેવા પડ્યા અને ન હોવાપણાથી ત્રીજી સ્થિતિનો નિર્દેશ કરે છે.

દેખીતી રીતે તો આ ત્રીજો ભાંગો, પહેલા અને બીજા ભાંગાના સરવાળા રૂપ લાગે. પરંતુ આ એવું નથી. આ ત્રીજા ભાંગાથી નિશ્ચિત નવી ત્રીજી જ વાત પ્રકાશિત થાય છે. જુદી જુદી રહેલી કડીઓ અને આંકડાઓ જુદા જુદા કડી અને આંકડા તરીકે ઓળખાવવામાં આવશે. પરંતુ એ પૃથક રહેલાં કડી અને આંકડાને જોડી દેવાતાં તે સુંદર સોનાની સાંકળી રૂપે, ગળામાં પહેરવાથી ચેઈનના આભૂષણનું સ્વરૂપ ધારણ કરશે. લાલ અને પીળો એમ બે જુદા જુદા રંગના મિશ્રણથી બનતો રંગ ત્રીજો જ હોય છે જે લાલપીળા રંગ તરીકે ન ઓળખાતા લીલા રંગ તરીકે પ્રસિદ્ધિ પામતો હોય છે. સમાજની દૃષ્ટિએ શરાબ અપેય-અભક્ષ્ય છે. જ્યારે વ્યસની શરાબીને માટે શરાબપાન એ એનું જીવન છે. પરંતુ ડૉક્ટરના અભિપ્રાય પ્રમાણે શરાબ-દારૂ એની માત્રામાં લેવામાં આવે તો તે દવાનું કામ કરે છે. એટલે જ તો ચિકિત્સામાં દવાદારૂ એવો શબ્દ પ્રયોગ થતો હોય છે. અને જો શરાબ માત્રા કરતાં અધિક પ્રમાણમાં લેવાય તો તે જીવલેણ નીવડે છે. આમ શરાબીને શરાબ ઉપયોગી 'છે'; સમાજની નજરે ઉપયોગી 'નથી'; જ્યારે ડૉક્ટરના મતે ઉપયોગી 'છે' અને 'નથી'.

આ પ્રથમ ત્રણ ભાંગાથી જ્ઞાનીને એના જ્ઞાનમાં જ્ઞેય પદાર્થ જણાયા. પદાર્થ અજ્ઞેય (અજાણ) ન રહ્યો. પરંતુ જે જાણ્યું તેનું કથન કરવાનું આવે છે ત્યારે જાણેલું બધું જ કાંઈ કહી શકાતું નથી. કારણ શું ? એનું કારણ એ છે કે કહેવામાં મર્યાદા આવે છે. જે કહેવાનું હોય છે તે પુદ્‌ગલના માધ્યમથી, ભાષાવર્ગણાના પુદ્‌ગલનું આલંબન લઇને કહેવાનું હોય છે, જેમાં ક્રમિકતા હોય છે. જાણવામાં સમસમુચ્ચયતા છે-All at time જ્યારે કહેવામાં ક્રમબદ્ધતા By and by હોય છે. આમ જ્ઞાન અનંત-અગાધ છે જેને કહેનારા અને સાંભળનારાના સમયની મર્યાદા છે, તેથી જણાય બધું પણ બધું કહેવાય નહિ. બધું જ જણાતું અસ્તિ-નાસ્તિ યુગપદ્ એક સમયે એક સાથે કહી શકાતું નથી. એક જ સમયે એક જ વ્યક્તિ પૂર્વાભિમુખ અને પશ્ચિમભુખ ઉભય દિશાસન્મુખ થઈ શકતી નથી. તેમ કેટલુંક વેદન-અનુભવન પણ એવું હોય છે કે તેને શબ્દદેહ આપી નહિ શકાય એવું અનિર્વચનીય, અવર્ણનીય કે અનભિલાપ્ય હોય છે; જેમકે ઘીનો સ્વાદ જે અનુભવાય, જ્ઞાનમાં જણાય પણ કહેવાય નહિ. પોટેશ્યમ સાઇનાઇડ એવું કાતિલ ઝેર છે કે એને ચાખનારો એના સ્વાદને જણાવવા જેટલી કાળમર્યાદા પૂરતો પણ જીવિત રહેતો નથી. તો વળી ક્યારેક કટોકટીની પળમાં ઉપકારીનો એવો મહાન ઉપકર હોય છે કે ઉપકારને વાચા આપવા શબ્દો મળતા નથી એમ નહિ પણ એ ઉપકારની મહાનતા આગળ શબ્દો વામણા પુરવાર થાય છે. સમકિત પ્રાપ્તિમાં સહાયક દેવ ગુરુનો કે જે પૂર્વાચાર્યોએ આવું સમ્યગ્જ્ઞાન આપણા સુધી પહોંચાડ્યું છે તેનો ઉપકાર કેમ કરીને વર્ણવાય ? કેમ કરીને એ ઉપકારનો બદલો વાળી શકાય ? આવા સંજોગોમાં સહેજે શબ્દો સરી પડે છે કે 'I am grateful but sorry I cannot express." 'હું આભારી છું પણ તે અભિવ્યક્ત કરવા માટે અશક્ત છું. હું યુદ્ધના મેદાનમાં, વૈજ્ઞાનિક પ્રયોગશાળામાં અને ન્યાયની અદાલતમાં પરિણામની અનિશ્ચિતતા એવી હોય છે કે પરિણામની પૃચ્છાના જવાબમાં કહેવાતું હોય છે કે can't say anything-કશું કહી શકાય નહિ.

આ ચોથો ભાંગો અવક્તવ્યનો પ્રકાર છે, જેમાં અજ્ઞેયતા નથી પણ અવક્તવ્યતા છે. વેદ્ય છે, સંવેદ્ય છે પણ અવદ્ય, અવક્તવ્ય છે, અભિવ્યક્તિની અશક્તિ છે. ગુંગો ગોળનો સ્વાદ જાણે તો ખરો પણ કહી નહિ શકે. મૂક કેવળી એમના કેવળજ્ઞાનમાં જાણે બધું પણ કહી શકે નહિ. અંતકૃત કેવળી જાણે બધું પણ કહેવા જીવિત ન હોય. સિદ્ધ પરમાત્મા એમના કેવળજ્ઞાનમાં જાણે બધું પણ કહી શકે નહિ. કારણ કે તેઓ યોગાતીત અદેહી-અશરીરી હોવાથી વ્યવહારથી પર છે. જ્યારે સયોગી કેવળીભગવંતો, અરિહંત ભગવંતો જાણે બધું પણ ભવિતવ્યતા તથાપ્રકારની હોય તો મૌન ધારણ કરે. જ્યોતિષિઓ મૃત્યુયોગ બાબત મૌન રહે છે. જીવલેણ રોગનું નિદાન થયું હોવા છતાં ડૉક્ટર કહેવાનું ટાળે છે. પાંચ પાંડવોમાંના સહદેવ જાણતા બધું પણ કહેતાં નહિ.

વાસ્તવિક તો આ ચોથો ભાંગો જ્ઞાન કેવું પૂર્ણ છે તેનો નિર્દેશ કરે છે. વિચારવાની વાત એ છે કે જ્ઞાતવ્ય અજ્ઞાતવ્યના ભાંગા ન આપતાં વક્તવ્ય અવક્તવ્યના ભાંગા આપ્યા. જ્ઞાનમાં કશું અજ્ઞેય નથી પણ કથનમાં વક્તવ્યતા કે અવક્તવ્યતા છે. આમ આ ચોથો ભાંગો અને પછીના ભાંગાથી તો કેવળજ્ઞાન કેવું અખંડ, અભંગ, અવિનાશી, અક્રમિક, નિર્વિકલ્પ અને પૂર્ણ છે તેનું લક્ષ્ય કરાવનાર છે. અનેકમાં એક અને એકમાં અનેકની પ્રતીતિ કરાવનાર આ ભાંગો છે, જે નિર્દેશ કરે છે કે જ્ઞાન કેવું છે. શાસ્ત્રમાં અઢાર હાથીની કથાથી અઢારમાં હાથીથી એકમાં અનેક અને અનેકમાં એકની એવાં કેવળજ્ઞાનની સમજ આપવામાં આવેલ છે.

ચોથા ભાંગાથી થતું દર્શન નવિન છે. એમાં વસ્તુ અનેકમાં એક પ્રતીત થતી હોય છે અને અનેકને સાંકળીને એકનું સમગ્ર દર્શન કરાવાતું હોય છે. અવક્તવ્યતા છે પણ અજ્ઞેયતા નથી. ભાષાને મર્યાદા છે. બધાં જ શબ્દો વિચારને વ્યક્ત કરવાના સાધનો છે પણ બધાં જ વિચારો કાંઈ શબ્દ દ્વારા વ્યક્ત કરી શકાતા નથી.

અનંત જ્ઞેય કેવળજ્ઞાનીના જ્ઞાનમાં ઝળક્યા એટલે કે દેખાયા અને જણાયા. અર્થાત્ જ્ઞાની એના જ્ઞાનમાં જ્ઞેયની અપેક્ષાએ એક એવો અનેક થયો, છતાં એ અનેકની વચ્ચે એવો ને એવો રહે છે-As it is for ever તે અનેકની વચ્ચે એક હોવાપણું છે. છદ્મસ્થ પણ એના મતિજ્ઞાનમાં એટલે કે ચિત્તમાં કેટકેટલી અઢળક ધારણા સ્મૃતિ કરે છે ! છદ્મસ્થ પૂર્ણપણે નહિ પણ આંશિકતાએ એકમાં અનેક અને અનેકમાં એક હોય છે. આવું અનેકમાં એકપણું અને પાછું એકમાં અનેકપણું અનુભવાય ખરું પણ અભિવ્યક્ત કરી શકાય નહિ. એ અવ્યક્ત જ રહે ! વળી એ તો સર્વનો સ્વાનુભવ છે કે બધી અનુભૂતિ-સંવેદના અભિવ્યક્ત કરી શકાતી નથી.

જેમ પોટેશ્યમ સાઈનાઇડનો સ્વાદ અનુભવનારો એ સ્વાદનું વર્ણન કરવા જીવિત રહેતો નથી તેમ મુક્તિસુખને માણનારો મુક્તિધામથી એ સુખનું વર્ણન કરવા પાછો આવી શકતો નથી અને અરિહંત ભગવંતો તથા કેવળી ભગવંતો જે મોક્ષના સુખને જાણે છે તે તેને શબ્દમાં વર્ણવી શકતા નથી એટલે જ મોક્ષસુખને નેતિ નેતિથી વર્ણવાય છે. નિદ્રાના સુખને માણનારા શું આપણે નિદ્રાસુખને વર્ણવવા સમર્થ છીએ ? ચક્રવર્તીઓએ પણ સંખ્યાબંધ રાણીઓના સહવાસને ત્યાગી નિદ્રાસુખને-નિદ્રારાણીને આધીન થવું પડતું હોય છે ત્યારે જ પછીના ઊઘડતા પ્રભાતથી શરૂ થતાં દિવસનો દૈનિક વ્યવહાર શક્ય બનતો હોય છે. નિદ્રામાં સાથે અને પાસે કાંઈ નથી હોતું છતાં સુખ છે તેમ મોક્ષમાં સાથે અને પાસે કાંઈ નથી હોતું છતાં સુખ છે જે સાચું અને નિત્ય સુખ છે. માટે જેમ જીવનમાં બધું છોડીને નિદ્રારાણીને શરણે જવું પડતું હોય છે તેમ જીવે સઘળાં દુન્યવી સુખને છોડીને એ બધામાંથી છૂટા થઇને જ સાચું, શુદ્ધ, સંપૂર્ણ, સ્વાધીન, શાશ્વત, સર્વોચ્ચ સુખ મેળવવું

પડશે. જે અંગ્રેજીમાં કહીએ તો-'Pure, Perfect, Personal, Permanant and Paramount Happiness.' છે. એ તો એવું છે કે 'ચાખો તો જાણો !' સ્યાત્ કથંચિત્ શબ્દનું મહાત્મ્ય આ અવક્તવ્યનો ચોથો ભાંગો જ સમજાવે છે કે હે ભવ્યાત્મા ! તું કથંચિત્-અંશ-સ્યાદ્ છે પણ સંપૂર્ણ નથી, અસ્યાદ્ નથી તો તારા સ્યાદ્પણામાં સદ્વ્યવહાર તો જ થશે જો તું સ્યાદ્વાદ શૈલીને અપનાવી વીતરાગ અને વિરાટ (સર્વદર્શી-સર્વજ્ઞ) થવા માટે દૃષ્ટિને માધ્યસ્થ અને વિશાળ બનાવીશ.

આમ આ ચોથા ભાંગાથી અસ્તિત્વનો કે નાસ્તિત્વનો ઇન્કાર નહિ કરતાં તેનો સ્વીકાર કરવા સહિત અભિવ્યક્તિની અસમર્થતા બતાવાઈ છે. જ્ઞેયતા છે પણ વક્તવ્યતા નથી. આપણા વ્યવહારનો શબ્દ જે 'એહસાસ' છે તેનો લક્ષ્યાર્થ આ ચોથા ભાંગાથી પ્રાપ્ત થાય છે.

હવે પાંચમાં ભાંગા દ્વારા કહે છે કે વસ્તુ છે પણ અવક્તવ્ય છે. આ ભાંગાથી અસ્તિત્વના અસ્તિત્વનો સ્વીકાર છતાં તેની અભિવ્યક્તિની અસમર્થતા બતાડાઈ છે. ભગવાનના ગુણો અનંતા છે કે 'હજારો જીહ્વાથી હજારો વર્ષે પણ વર્ણવી શકાતા નથી તેમ પત્તા-પર્ણો પત્ર બની જાય, શાખા કલમ બની જાય અને દરિયાનું પાણી શ્યાહી બની જાય તો પણ લખી શકાય એમ નથી', એવું જે કહેવાય છે તે આ પાંચમા ભાંગાનો પ્રકાર છે. કૂવો ગાળવાના પ્રસંગે જમીન તો પસંદ કરવામાં આવી. જમીન નીચે પાણી છે એ નિશ્ચિત છે પણ પૂછવામાં આવે તો નિષ્ણાત પણ કહેશે કે પાણી છે પણ આ પસંદ કરાયેલ સ્થળે તે મળશે જ કે કેમ તે કહી શકાય નહિ. અદાલતમાં પણ વ્યવહાર છે કે આરોપી-અપરાધી ઉપર અપરાધ કર્યાની શંકા છે, આરોપ મુકાયો છે પણ તે સાબિત થાય ત્યારે તે અપરાધી ગુનેગાર જાહેર થશે અને સજા ફરમાવાશે પણ અત્યારે કાંઈ નિશ્ચિત કહી શકાય નહિ. જાડો હૃષ્ટપુષ્ટ છે પણ સાજો છે તેમ કૃશ (પાતળો) છે પણ માંદો છે એમ કહેવાય નહિ.

તેવી જ રીતે છઠ્ઠા ભાંગા દ્વારા જણાવે છે કે વસ્તુ નથી પણ અવક્તવ્ય છે. આ ભાંગા દ્વારા નાસ્તિત્વના નાસ્તિત્વનો સ્વીકાર છતાં તેની અભિવ્યક્તતાની અસમર્થતા જણાવાઈ છે. અસ્તિની જેમ નાસ્તિની પણ અનંતતા છે. એક સત્યને જાહેર કરવું સહેલું છે પણ એક અસત્ય-જૂઠાણાને છૂપાવવા હજાર જૂઠાણાનો આશરો લેવો પડતો હોય છે. એક દાખલાનો સાચો જવાબ એક છે પણ ખોટા જવાબ અનંતા છે. નપાણીયા પ્રદેશમાં કૂવો ગાળતા પાણી મળવાનું નથી છતાં તેવાં પ્રદેશમાં પણ પાણી મળી જાય એવું આશ્ચર્ય સર્જાતું હોય છે અને ખારાપાટમાં ય મીઠી વીરડી મળી આવે તેમાં નવાઈ નથી. એટલે કે નથી 'છતાં પણ કહી શકાય નહિ' એવી પરિસ્થિતિનું નિર્માણ થતું હોય છે. શરીરે ભરાઉ નથી પણ માંદો છે એમ કહી શકાય નહિ. બ્લડપ્રેશર નથી, પણ હૃદયરોગ છે કે નહિ તે કહી શકાય નહિ.

અંતે અસ્તિત્વનું અસ્તિત્વ હોવા છતાં અને નાસ્તિત્વનું નાસ્તિત્વ હોવા છતાં તેની અનિર્વચનીયતા કે અવર્ણનીયતા હોય છે એવું સપ્તભંગીનો સાતમો પ્રકાર કહે છે. એક મિત્રે બીજા મિત્રને વ્યાપાર કરવા મૂડી ધીરી પણ તે મૂડી સચવાશે, વધશે, ઘટશે કે નષ્ટ થઈ જશે તે કાંઈ કહી શકાય નહિ. લક્ષણો બતાડે છે કે રોગ છે પણ પીડા નથી તેથી કહી શકાય નહિ કે રોગ છે જ કે નથી જ.

વસ્તુ સ્વરૂપનું નિરૂપણ કરવા માટે આ સાતથી આઠમું કોઈ પરીક્ષણ છે નહિ માટે સ્યાદ્વાદદર્શને સપ્તભંગીનું પ્રદાર્પણ કર્યું કે સ્વરૂપનો નિર્ણય કરવા આ સાત રીતે વિસ્તૃત વિચારણા કરવી. એથી વિપરીત કોઈ પણ વસ્તુતત્ત્વનો નિર્ણય કરવામાં જો સ્યાદ્વાદનો આશ્રય લેવામાં નહિ આવે તો તે અંગેનો નિર્ણય સાચો થઈ શકતો નથી. આમ સ્યાદ્વાદ એ સ્વરૂપનિરૂપણવાદ છે.

હવે આ સપ્તભંગીરૂપ સ્યાદ્વાદને કેટલાંક જાત અનુભવના જીવન ઉદાહરણથી વિચારીએ જેથી તે સુસ્પષ્ટ બને અને તર્કસંગત થાય.

આપણી સન્મુખ એક આકૃતિ છે. એ આકૃતિની જીવંતતા, એની નિર્દોષતા, લઘુતા અને જાતિચિહ્નના હોવાપણાથી એટલે કે અસ્તિથી નિર્ણય કર્યો કે તે બાળક છે અને છોકરો છે. તેમ તેની કિશોર, પુખ્ત, વૃદ્ધ, નારીજાતિ ચિહ્ન ન હોવાપણાથી નિર્ણય થયો કે બાળક અને તે પણ છોકરો જ છે. આમ સ્વલક્ષણના હોવાપણાથી અને પરલક્ષણના ન હોવાપણાથી બાળકના હોવાપણાનો નિર્ણય થયો. એટલે અહીં નિર્ણય થવામાં સ્વપર્યાય એટલે અસ્તિભાંગા, પર પર્યાય એટલે નાસ્તિભાંગા અને અસ્તિનાસ્તિ ઉભયભાંગાથી નિર્ણય થયો કે બાળક છે. બાળકી, યુવાન કે યુવતી કે જડ રમકડું નથી.

કોઈક વાર એવું પણ બને કે સન્મુખ રહેલ આકૃતિ, દેખાવ, વસ્ત્ર પરિધાન, હલનચલન, હાવભાવાદિથી દેખાતી તો બાળક જેવી હોય પણ કહી શકાય નહિ કેમકે ઠીંગુજી વામન, ચાવી આપેલું રમકડું કે રોબોટ બાળક પણ હોઈ શકે. તેથી એવું ય બની શકે છે કે બાળક છે પણ કહી શકાય નહિ; બાળક અમુક અપેક્ષાએ નથી જ પણ કહી શકાય નહિ અને અમુક અપેક્ષાએ જોતાં બાળક છે જ પણ બીજી અપેક્ષાએ એટલે કે અન્ય દૃષ્ટિકોણ યા લક્ષણાથી જોતાં બાળક નથી પણ કહી શકાય નહિ. બાળક છે ખરો તો વળી બાળક લાગતો નથી એટલે કાંઈ કહી શકાય નહિ.

બીમારને પૂછવામાં આવે કે 'તબિયત કેમ છે ?' જવાબ મળે છે કે આજે તો તબિયત સારી લાગે છે. થોડા સમય બાદ કે બીજે કોઈ દિવસે પૂછવામાં આવે કે 'હવે તબિયતમાં કેમ લાગે છે ?' ત્યારે જવાબ મળે છે કે તબિયત સારી નથી. લાંબી માંદગી ભોગવનારને કાળાંતરે પૂછતાં જવાબ મળે છે કે 'તબિયત નરમ ગરમ ચાલે છે.' 'સોમવારે સાજા અને મંગળવારે માંદા જેવી હાલત છે.' ક્યારેક વળી એવો પણ જવાબ મળે કે ભઈસા'બ કાંઈ કહેવાય એવું નથી. સમજાતું નથી કે શરીરને શું થયું છે ? ડૉક્ટરો પણ કળી શકતા નથી અને કહી શકતા નથી કે નિદાન કરી શકતા નથી.

વધુ તપાસ કરતાં ડૉક્ટર કહે છે કે શરીરમાં ખરાબી જરૂર છે પણ તે ખરાબી શું છે ? એ ખરાબી શાની છે ? તે કાંઈ સમજાતું નથી, કહેવાય એવું ય નથી અને નિદાન પણ થાય એમ નથી. અથવા તો રોગ એવો અસાધ્ય જીવલેણ કેન્સર આદિ છે તો ડૉક્ટર જાણતા હોવા છતાં દર્દીના હિતમાં કહેતાં નથી. તો વળી પેટના દર્દમાં દર્દી કહેશે કે પેટમાં કળતર છે પણ કહેવાય એવું નથી.

તો વળી કોઈ બીજા ડૉક્ટર કે પછી તે જ ડૉક્ટર ફેરતપાસ (Recheck) માં કહેશે કે ભાઈ ! મારી તપાસમાં અને જે રીપોર્ટ કઢાવ્યા છે તે બધું ય જોતાં તો તમને નખમાં ય રોગ નથી, તો પછી તમને જે કાંઈ મૂંઝવણ થાય છે તે શેની છે તે કાંઈ હું કહી શકતો નથી. અને રોગી હશે તે પોતે એમ કહેશે કે કાંઈ જ નથી છતાં જે બેચેની, મુંઝારો, ગભરાટ થાય છે તે સમજાતું નથી, કળાતું ય નથી અને કહેવાતું ય નથી તેમ સહેવાતું પણ નથી.

ક્યારેક કોઈક ડૉક્ટર એમ પણ કહેશે કે બી.પી. બરાબર છે, કાર્ડિયોગ્રામમાં શંકા છે પણ સ્ટ્રેસ ટેસ્ટ બરોબર નથી એટલે કાંઈ કહી શકાતું નથી. તો રોગી પોતે એમ કહેશે કે કળતર છે ય ખરું અને નથી ય ખરું. ક્યારેક કળતર ઉપડે છે તો ક્યારેક શમી જાય છે માટે કાંઈ સમજાતું કે કળાતું નથી, કહી શકાતું નથી અને સહી શકાતું નથી.

અંતે હવે સ્યાદ્વાદ ગર્ભિત સપ્તભંગીથી થતું આત્મા વિષયક આધ્યાત્મિક વિશ્લેષણ જોઇશું.

કેવળજ્ઞાની ભગવંત એમના કેવળજ્ઞાનમાં અરૂપી એવાં આત્મપ્રદેશોને જુએ છે તેથી કહે છે કે કથંચિત્ આત્મા છે જ. આત્મા જ્ઞાનમાં શુદ્ધાત્મા તરીકે દેખાય છે, જણાય છે એટલે કહે છે કે પરમાત્મા

સ્વરૂપ છે.

છદ્મસ્થને પણ જ્ઞાયકતા, ચેતકતા, વેદકતાના લક્ષણથી આત્મા જણાય છે તેથી કહે છે કે કથંચિત્ આત્મા છે જ. વળી આગમ અનુમાનાદિ પ્રમાણના આધારે કહે છે કે કથંચિત્ પરમાત્મા છે જ. આ પ્રથમ સ્યાદસ્ત્યેવ ભાંગાથી વિચારણા થઈ.

કેવળજ્ઞાની ભગવંતના કેવળજ્ઞાનમાં આત્મદ્રવ્ય પર્યાય સહિત ભવભ્રમણતાવાળું, સાવરણ એટલે કર્માચ્છાદિત જણાતું હોવાથી કહે છે કે કથંચિત્ આત્મા નથી જ. કથંચિત્ પરમાત્મા નથી જ. આ દ્વિતીય સ્યાન્નાસ્ત્યેવ ભાંગાથી વિચારણા થઈ.

વળી કેવળજ્ઞાનમાં સંસારી જીવોના આત્મપ્રદેશો કર્મસહિત અને કર્મરહિત શુદ્ધ પરમાત્મા સ્વરૂપે ઉભય જણાતા હોય છે તેથી કહે છે કે આત્મદ્રવ્ય સ્વરૂપથી એના શુદ્ધસ્વરૂપમાં કર્મરહિત પરમાત્મા છે પણ વર્તમાનદશા કર્મસહિત અશુદ્ધ હોવાથી અને પર્યાય બદલાતાં હોવાથી તે અપેક્ષાએ કથંચિત્ આત્મા છે પણ નથી જ અને કથંચિત્ પરમાત્મા છે પણ નથી જ. આ તૃતીય 'સ્યાદસ્તિનાસ્તિ ચૈવ' ભાંગાથી વિચારણા થઈ.

હવે ચોથો ભાંગો જે 'સ્યાદવક્તવ્ય એવ' છે, એમાં વક્તવ્યની અસમર્થતાથી અવક્તવ્ય જણાવેલ છે. વક્તવ્ય એટલે વચનયોગ. વચનયોગ ભાષાવર્ગણાના પુદ્‌ગલોનો બને. પરંતુ જીવના ઉપયોગ અર્થાત્ ચેતના વડે કરીને જ ભાષાવર્ગણાના પુદ્‌ગલો વચનયોગરૂપે પરિણમે છે. આમ વચનયોગના મૂળમાં જીવના ઉપયોગની મુખ્યતા છે.

મન, વચન, કાયાના યોગ અને બને પુદ્‌ગલના પણ હોય જીવને! એટલા જ માટે તત્ત્વાર્થસૂત્રના પાંચમા અધ્યાયમાં 'योग उपयोगौ जीवेषु' સૂત્ર આપેલ છે.

જ્ઞાનના ત્રણ ભેદ છે. (૧) જ્ઞાન સાવરણ હોય કે નિરાવરણ હોય. (૨) જ્ઞાન ક્રમિક એટલે કે સવિકલ્પક હોય કે અક્રમિક એટલે નિર્વિકલ્પક હોય અને (૩) જ્ઞાન અપૂર્ણ હોય કે પૂર્ણ હોય.

પૂર્ણ, અક્રમિક, નિરાવરણ જ્ઞાન એક માત્ર કેવળજ્ઞાન છે. સયોગી કેવળી ભગવંતનો વચનયોગ પણ ક્રમિક છે અને છદ્મસ્થનો વચનયોગ પણ ક્રમિક હોય છે. કારણ કે વચનયોગ પુદ્‌ગલનો બને છે અને પુદ્‌ગલ દ્રવ્યનું પર્યાય સ્વરૂપ સ્વભાવથી જ ક્રમિક છે. સર્વજ્ઞ કેવળીભગવંત કે અસર્વજ્ઞ છદ્મસ્થ પુદ્‌ગલ સાથે ભળીને ક્રિયા કરે કે જ્ઞાનીને સહજ ક્રિયા થાય તો તે ક્રમિક જ હોય.

પરંતુ જ્ઞાનમાં એ ભેદ છે કે સર્વજ્ઞ કેવળીભગવંતનો ઉપયોગ અક્રમિક હોય પણ વચનયોગ ક્રમિક હોય. જ્યારે અસર્વજ્ઞ છદ્મસ્થનો તો ઉપયોગ પણ ક્રમિક હોય અને વચનયોગ પણ ક્રમિક હોય.

તેથી ચોથા ભાંગા 'સ્યાદવક્તવ્ય એવ'નો લક્ષ્યાર્થ એ કરવાનો છે કે વક્તવ્યનું મૂળ જે ઉપયોગ છે તે ક્રમિક (સવિકલ્પક) અને અક્રમિક (નિર્વિકલ્પક) એમ બે પ્રકારે છે.

આમ પૂર્વના ત્રણ ભાંગા છદ્મસ્થને લાગુ પડે છે અને પછીના ચાર ભાંગા લક્ષ્ય કે અર્થથી જ્ઞાનની સાચી દશાનું સ્વરૂપ સમજાવે છે અને તેમાંય કેવળજ્ઞાનનું સ્વરૂપ કેવું અક્રમિક છે તેનું લક્ષ્ય કરાવવાનો ઉદ્દેશ છે.

જિન કેવળી, દેશના કેવળી કેવળજ્ઞાનમાં જાણે જુએ સર્વ પણ વચનયોગ પુદ્‌ગલના માધ્યમના કારણે ક્રમિક હોવાથી સર્વ કાંઈ કહી શકે નહિ. વળી વ્યક્તિ વિશેષની પાત્રતા તેવી હોય, ભવિતવ્યતા તથાપ્રકારની હોય તો કહે નહિ. અસ્તિનાસ્તિધર્મ યુગપદ્ હોય પણ કહેવામાં ક્રમિકતા હોય. ઉપરાંત મૂક કેવળી જાણે બધું પણ બોલે નહિ તેથી કહે નહિ. અંતઃકૃત કેવળી આયુષ્યની તત્કાળ પૂર્ણતાને કારણે અને સિદ્ધભગવંતો યોગાતીતદશામાં હોઈ વ્યવહાર અભાવે જાણે બધું પણ કહે નહિ.

કેવળજ્ઞાની ભગવંતને બધું દેખાય છે અને બધું જણાય છે પણ ભાવિભાવ તથાપ્રકારનો હોય તો સમષ્ટિગત બીના હોય તો સમષ્ટિને જણાવતા નથી તેમ વ્યક્તિવિશેષની વ્યક્તિગત બાબતે પણ પાત્રતા ન હોય ભવિતવ્યતા તથાપ્રકારની હોય તો મૌન રહે છે. છદ્મસ્થ પણ જાણવા છતાં ભાવિ ગેરલાભને નજર સમક્ષ રાખતા મૌન ધારણ કરે છે. વળી કહેવામાં ક્રમિકતા છે તેથી કાળમર્યાદા પણ કહેવામાં નડતરરૂપ બને છે. આ થઈ પાંચમા ભાંગાની વિચારણા. જે છઠ્ઠા અને સાતમા ભાંગામાં નાસ્તિ અને અસ્તિનાસ્તિ ભાંગાથી આ જ રીતે ઘટાવાય. કેવળજ્ઞાની ભાવિના નાસ્તિભાવને પણ જાણે છે પણ તથાપ્રકારની ભવિતવ્યતા હોય તો મૌન ધારણ કરે છે. 'અસ્તિનાસ્તિ અવક્તવ્ય ચૈવ' ભાંગામાં આસ્તિનાસ્તિ ઉભય બાબતે મૌન રહે. કહેવા યોગ્ય એટલું જ કહે અને ન કહેવા યોગ્ય હોય તે ન કહે.

પહેલા ભાંગામાં 'કથંચિત્ આત્મા છે જ' એવું વિધાન થયું જે સ્યાદ્વાદશૈલીનું કથન છે. એ જ વાત વેદાંત કરે છે ત્યારે ત્યાં એકાન્તતા, આગ્રહ આવે છે કે આત્મા જ છે. આત્મા સિવાય કાંઈ નથી. અને સૂત્ર આપે છે કે 'બ્રહ્મ સત્ય જગત મિથ્યા.' બ્રહ્મ સત્ય છે એ બરોબર પણ બ્રહ્મ જ સત્ય છે અને બ્રહ્મ સિવાય બીજું કાંઈ છે જ નહિ એ કથન જગત સ્વરૂપ જોતાં સ્વીકૃત બનતું નથી. જગત વચ્ચે અને જગત સાથે જીવન જીવાય છે તો પછી તેને નકારાય કેમ ? બ્રહ્મ (આત્મા) સિવાય અન્ય દ્રવ્યોનું પણ અસ્તિત્વ છે તેને કેમ નકારાય ? જગત વિનાશી એટલે અનિત્ય એવું મિથ્યા છે તો જગત અવિનાશી, નિત્ય પણ છે એનો સ્વીકાર પણ સ્યાત્ અવ્યયના પ્રયોગથી થવો જોઇએ. કેમકે જગત પ્રવાહથી અસ્તિત્વથી અનાદિ અનંત (નિત્ય) છે પણ ઘટના (Events) થી સાદિ સાન્ત (અનિત્ય-મિથ્યા) છે. સ્યાદ્વાદશૈલીનું સત્ય કથન તો એ હોઈ શકે કે જગત સાદિ સાન્તપૂર્વક અનાદિ અનંત છે. 'બ્રહ્મ સત્ય જગત મિથ્યા' એ સૂત્ર સાધનાને માટે ઊંચામાં ઊંચો વિકલ્પ પૂરો પાડે છે કે બ્રહ્મ-આત્મા જ સત્ છે તેને જ લક્ષમાં રાખી એની પ્રાપ્તિ માટે જ જે કાંઈ કરવું પડે તે કરવું અને જગત-સંસાર અસત્-મિથ્યા-વિનાશી છે તો તેનાથી છૂટી જવું જોઇએ કે એને છોડી દેવો જોઇએ. જૈન દર્શનથી સ્યાદ્વાદશૈલીથી એ સૂત્રનું અર્થઘટન કરીએ તો 'બ્રહ્મ સત્ય' એ 'સંયોગ-મોક્ષરુચિ' છે અને 'જગત મિથ્યા' એ ભવ નિર્વેદ' છે. પરંતુ એ સૂત્રથી જગતવ્યવસ્થા કે જગત્સ્વરૂપનું યથાર્થ નિરૂપણ નહિ થઈ શકે.

એ જ પ્રમાણે આત્મા અનિત્ય છે એ બીજા ભાંગાની વિચારણા છે જે બૌદ્ધ મત છે. આત્મા અનિત્ય-ક્ષણિક છે એ સાચું પણ આત્મા અનિત્ય જ છે એમ આગ્રહ રાખવો અને સ્યાત્ અવ્યયથી બીજી અપેક્ષાની સ્વીકૃતિ ન કરવી એ એકાન્તતા છે જેનાથી અન્ય ગુણધર્મનો અસ્વીકાર છે અને તેથી વસ્તુ, તત્ત્વનું યથાર્થ નિરૂપણ થતું નથી. આત્મા પર્યાયથી અનિત્ય એટલે ક્ષણિક કહીએ ત્યાં સુધી કથનમાં યથાર્થતા છે કેમકે ત્યાં પર્યાયની અપેક્ષાએ વિચારણા થાય છે. વાસ્તવિક આત્મદ્રવ્ય પર્યાયથી અનિત્ય છે પણ દ્રવ્યથી ધ્રુવ-નિત્ય છે તેથી તો તત્ત્વાર્થસૂત્રમાં સૂત્ર આપવામાં આવ્યું કે 'ઉત્પાદવ્યય ધ્રૌવ યુક્તં સત્' સાધનામાં વૈરાગ્ય માટે પર્યાયની ક્ષણિકતાનો વિકલ્પ સારો અને ઉપયોગી છે તેથી જ જૈનદર્શનમાં સાધનામાં દ્રવ્યદૃષ્ટિ ઉપર ભાર મૂકાયો છે. આ સાધના વિકલ્પો માટે પૂરા હોવા છતાં વસ્તુ સ્વરૂપના યથાર્થ નિરૂપણમાં તેમ જગત વ્યવસ્થાવાર સમજાવવામાં અધૂરાં છે.

સ્યાદ્વાદ ઉપરાંત સાપેક્ષવાદ અને અનેકાન્તવાદથી પણ છે જે સ્યાદ્વાદના અંગરૂપ હોવા છતાં સૂક્ષ્મ ભેદરેખા છે. વળી નય, નિક્ષેપા, પાંચ સમવાયી કારણ, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ એ ચાર સંયોગો આદિ સ્યાદ્વાદના પૂરક છે.

આ વિશ્વમાં દ્રવ્યો એકથી અધિક છે અને તેમનું યુગપદ્ અસ્તિત્વ

છે; એટલું જ નહિ પણ દ્રવ્યના ગુણો એકથી અધિક અનેક છે; ઉપરાંત પુદ્ગલ પરમાણુ અને જીવો સંખ્યાથી એક નહિ પણ અનંતા છે; માટે જ પદાર્થ અનેક ધર્માત્મક હોઈ, દ્રવ્યના સર્વગ્રાહી મૂલ્યાંકન માટે તેના સર્વ ગુણને અનુલક્ષીને સપ્તભંગીથી થતી વિચારણા તે અનેકાન્તવાદ છે.

ગુણ એ દ્રવ્યની મૂડી અર્થાત્ સંપત્તિ હોવાથી અનેકાન્ત એ વૈભવ છે. જ્યારે અનેકાન્તના મૂળમાં રહેલ આધાર દ્રવ્ય તો એક જ છે એટલે એકાન્ત છે, જે અનેકાન્તના મૂળમાં રહેલ એકાન્ત એવી મહાસત્તા છે-સ્વભાવદશા છે.

આ વિશ્વમાં દરેકે દરેક પદાર્થમાં જો એક જ ગુણધર્મ હોત તો અનેકાન્તવાદ હોત નહિ, પરંતુ દરેકે દરેક પદાર્થમાં અનંત અનંત ધર્મો રહેલાં છે માટે અનેકાન્તવાદની અનિવાર્યતા છે. પરંતુ એ અનેક ધર્મ જે દ્રવ્યને આશ્રયીને રહેલા છે તે આધારભૂત દ્રવ્ય તો એક જ છે, તેથી મૂળમાં એકાન્ત છે.

દ્રવ્યો એકથી અધિક છે, દ્રવ્યના ગુણ એકથી અધિક છે અને જ્યાં એકથી અધિક, બે કે બેથી વધુ વસ્તુ અને વ્યક્તિના સંબંધ હોય ત્યાં દ્વૈત હોય છે. જ્યાં દ્વૈત હોય ત્યાં અપેક્ષા હોય છે. અપેક્ષા હોય ત્યાં સાપેક્ષતા હોય છે. અરસપરસની અપેક્ષાઓ સંતોષાતી નથી ત્યાં દ્વૈત-દ્વંદ્વમાંથી દ્વૈતનું નિર્માણ થાય છે. ચેતન-જડ, રૂપી-અરૂપી, નિત્ય-અનિત્ય, સ્થિર-અસ્થિર, પૂર્ણ-અપૂર્ણ, ગુણ-દોષ, પુણ્ય-પાપ, સુખ-દુ:ખ, સંવર-આશ્રવ, બંધન-મુક્તિ, સાલંબન-નિરાલંબન, સાવરણ-નિરાવરણ એવાં પરસ્પર વિરોધવાચક શબ્દો સાપેક્ષવાદનો ખ્યાલ આપે છે.

પૂર્ણની સામે પૂર્ણની સાપેક્ષતા હોય નહિ, કેમ કે પૂર્ણ એક જ ભેદે હોય. તે અદ્વૈત હોવાથી નિરપેક્ષ છે. પરંતુ જે અપૂર્ણ છે, દ્વૈત છે તે અનંતભેદે છે. અપૂર્ણની સામે અપૂર્ણ હોય ત્યારે અનેક અપેક્ષાઓ પરસ્પર ઊભી થતી હોય છે.

દરેક દ્રવ્યે પોતાના મૂળભાવ એટલે કે મૂળ સ્વભાવમાં રહેવું તે તેનો અનાદિ સિદ્ધ હક છે. માટે પૂર્ણની સામે અપૂર્ણની અપૂર્ણતાને બતાવનારો વીતરાગ સર્વજ્ઞ જિનેશ્વર પ્રરૂપિત જે સાપેક્ષવાદ છે તે આધ્યાત્મિક સાપેક્ષવાદ છે અને તેથી જ તે લોકોત્તર સાપેક્ષવાદ છે કે જેના દ્વારા આધ્યાત્મિકના શિખરે ચઢી મુક્તિ મેળવી શકાય છે. આથી વિપરીત વર્તમાનના પ્રસિદ્ધ વૈજ્ઞાનિક સર આઈન્સ્ટાઈનનો જે Theory of Relativity સાપેક્ષવાદનો સિદ્ધાંત છે તે પુદ્ગલાભિનંદી સંસારી જીવો માટેનો સમયે સમયે પરિવર્તન પામનાર એવાં પુદ્ગલદ્રવ્યનું સ્વરૂપ સમજાવનાર લૌકિક સાપેક્ષવાદ છે. એ અપૂર્ણ સાપેક્ષ અપૂર્ણની વિચારસરણી છે જ્યારે જૈન દર્શનનો સાપેક્ષવાદ એ નિરપેક્ષ (પૂર્ણ) સાપેક્ષ અપૂર્ણ એવો સાપેક્ષવાદ છે.

આમ છતાં પદાર્થ પાછો પોતાના મૂળ સ્વરૂપે, મૌલિકરૂપે તો પોતે પોતાથી જ એવો સ્વયંભૂ-નિરપેક્ષ જ છે. એ મૂળભૂત દ્રવ્ય અનાદિ, અનંત, અનુત્પન્ન, અવિનાશી, નિષ્પન્ન, સ્વયંભૂ જ છે. વળી એને એના ગુણકાર્યમાં પણ અન્ય પદાર્થની લેશમાત્ર અપેક્ષા નથી. આમ સાપેક્ષનું મૂળ નિરપેક્ષ જ છે અને એનું ફળ દ્વૈતમાંથી અદ્વૈત, દ્વંદ્વમાંથી નિર્દ્વંદ્વ થવા રૂપ સુખદુ:ખમાંના દ્વંદ્વમાંથી મુક્ત થઈ નિર્દ્વંદ્વ આનંદ સ્વરૂપ બનવારૂપ ફળ નિરપેક્ષતા છે, જ્યાં કોઈના સાથ, સહકાર, સહયોગ, મૈત્રીની આવશ્યકતા નથી. બાકી જ્યાં સાપેક્ષતા છે ત્યાં પ્રેમ, સાથ, સહકાર, સહયોગ, મૈત્રીની અનિવાર્યતા છે. નહિ તો સંઘર્ષ નિર્માણ થાય છે.

વળી જ્યાં કથંચિતતા, આંશિકતા (અસર્વતા) ત્યાં સ્યાદ્તા છે અને તેથી સ્યાદ્વાદ છે.

અનેકાન્ત, સાપેક્ષ અને સ્યાદ્ એ મૂળ અને ફળરૂપે એકાન્ત, નિરપેક્ષ અને અસ્યાદ્ની વચગાળાની સ્થિતિ છે, જેમ મૂળમાં રહેલ બી ફળ સ્વરૂપે પરિણમતા તે મૂળમાં રહેલ બી પાછું ફળમાં પણ મલે છે. ટૂંકમાં અનેકાન્તનું મૂળ પણ એકાન્ત છે અને ફળ પણ એકાન્ત છે. સાપેક્ષનું મૂળ પણ નિરપેક્ષ છે અને ફળ પણ નિરપેક્ષ છે. સ્યાદ્નું મૂળ પણ અસ્યાદ્ છે અને ફળ પણ અસ્યાદ્ છે. વ્યવહારમાં, કથનમાં ક્રમિકતા છે અને ક્રમિકતા છે તેથી નય છે. અનંત ધર્મયુક્ત પરિપૂર્ણ વસ્તુ તત્ત્વના સ્વીકારપૂર્વક તેના પૃથક એકેક ધર્મનું જ્ઞાન કે કથન એ નય છે. નય એ સ્યાદ્વાદના વિરાટ સ્વરૂપનો અંશ માત્ર છે એટલા માટે જ સ્યાદ્વાદને સિંધુ અને નયને બિંદુની ઉપમા આપવામાં આવી છે. એવાં અનેક નયબિંદુ ભેગાં મળે ત્યારે સ્યાદ્વાદ સિંધુ બને છે.

સ્યાદ્વાદ, અનેકાન્તવાદ, સાપેક્ષવાદ એ જૈન દર્શનની વિશાળતા, સર્વગ્રાહિતા. સમગ્રતા, વીતરાગતા, મૌલિકતાને ઉદ્યોત કરનાર યથાર્થ સ્વરૂપ-નિરૂપણવાદ છે.

અનેકાન્તવાદ, સાપેક્ષવાદ અને સ્યાદ્વાદ એ વિવાદ માટેના વાદ નથી પણ જીવની દૃષ્ટિ છે, જીવના ભાવ છે અને જીવનો સ્વયંનો વ્યવહાર તેમજ જગત સમસ્તનો વ્યવહાર છે. વસ્તુસ્વભાવ જ તેવો છે અને વસ્તુસ્વભાવ લોકવ્યવહારનો નિયામક હોય છે. લોકવ્યવહાર કાંઈ વસ્તુસ્વભાવનો નિયામક નથી હોતો. આપણા સાંસારિક વ્યવહારમાં સ્યાદ્વાદની સ્વીકૃતિ ગર્ભિત રીતે રહેલી જ છે, પરંતુ લોક તેનાથી અજાણ છે. લોકમાં કહેવત છે કે 'આત્મા અમર છે.' તો સામે તેથી વિરૂદ્ધ કહેવત પણ છે કે 'નામ તેનો નાશ છે.' બંને પરસ્પર વિરૂદ્ધ ભાવ હોવા છતાં તે સહુને સ્વીકાર્ય છે. કારણ કે આત્માને અમર કહેવામાં આત્મ દ્રવ્યની અપેક્ષા છે અને નામ તેનો નાશ કહેવામાં નામ અને રૂપ કહેતાં પર્યાયની ક્ષણિકતાનો દૃષ્ટિકોણ રહેલ છે. એવી જ રીતે પરસ્પર વિરુદ્ધ કહેવતો છે કે 'ન બોલ્યામાં નવ ગુણ', 'બોલે તેના બોર વેચાય', 'આશા અમર છે', 'પારકી આશ સદા નિરાશ', 'કાલનું કામ આજે કરો', 'ઉતાવળે આંબા ન પાકે-ધીરજના ફળ મીઠાં'. બધાય વિધાન (કહેવતો) પોતપોતાની તે તે અપેક્ષાથી સાચા છે.

અસ્તિ અને નાસ્તિ ભાંગાથી જીવે પોતાના અસ્તિ એટલે કે સ્વસમય યા સ્વપર્યાયને જાણી સમજી લઇને જે નાસ્તિ એટલે કે પરસમય યા પરપર્યાય છે તેનાથી છૂટી જવાનું છે. 'પર' છે તે પારકું છે અને પારકું કદી આપણું એટલે 'સ્વ' થાય નહિ, પછી તે વિજાતીય હોય કે સ્વજાતીય હોય. તે જ પ્રમાણે જે 'સ્વ' એટલે આપણું છે તે કદી પારકું બને નહિ. સ્વમાં સ્વાધીનતા છે. પરમાં પરાધીનતા છે. પર કદી સ્વ થાય નહિ અને સ્વ કદી છૂટે નહિ. એ ન્યાયે આપણે આપણા પોતાના આપણાપણાને જાણીને સમજીને આપે આપમાં સમાઈ જવું; એ જ પરથી છૂટી જઈ કર્મરહિત, નિષ્પાપ, નિષ્પુણ્ય, નિષ્કર્મા, નિષ્કષાય, નિરંજન, નિરાકાર થઈ અસ્યાદ્ બની રહેવું છે.

બીજી રીતે આ સ્યાદ્વાદ શૈલીથી સાધના પદ્ધતિ વિચારીએ તો સ્વ ગુણની અને સ્વ દોષની અસ્તિને જાણી, સ્વદોષ અને સ્વગુણની નાસ્તિને જાણી; અસ્તિરૂપ દોષની નાસ્તિ કરી, નાસ્તિરૂપ ગુણની અસ્તિ કરી; સ્વગુણને અવક્તવ્ય રાખી, સ્વદોષને વ્યક્ત કરી; પરદોષને અવક્તવ્ય રાખી, પરગુણને વ્યક્ત કરી, સ્વમાં સ્થિર થઈ, સ્વ પ્રકાશકતા, સ્વ-પર પ્રકાશકતા, સર્વ પ્રકાશકતા, સર્વોચ્ચ પ્રકાશકતા એવી સર્વજ્ઞતાને સિદ્ધ કરી અવક્તવ્ય (અવર્ણનીય) એવાં નિજરસ્વરૂપમાં લીન બની નિશ્ચય (નિજાનંદ)ના મહેલમાં મહાલવાનું છે.

સહુ કોઈ સ્યાદ્માંથી અસ્યાદ્ બને એ જ અભ્યર્થના !

❖❖❖

(સંકલન : સૂર્યવદન ઠાકોરદાસ ઝવેરી)

# 'નવ કરશો કોઈ શોક'

☐ ડૉ. રણજિત પટેલ (અનામી)

આ પંક્તિ તો ગઈ સદીના વીર-કવિ નર્મદની છે. કવિને પોતાના ગૌરવનો ખ્યાલ છે. બીજા સમજે કે ન સમજે, પણ પોતે તો પોતાની મહત્તા સુપેરે સમજે જ છે...એટલે જીવતે જીવત એને ખ્યાલ આવે છે કે મારા મૃત્યુ બાદ, 'રસિકડાં'–એટલે કે મારા સાહિત્યમાં ને મારામાં રસ લેનાર રસિકજનોને શોક થવાનો જ છે...એમ સમજી પોતાના મૃત્યુની કલ્પના કરી કવિ નર્મદ ગાય છે:-

'નવ કરશો કોઈ શોક, રસિકડાં ! નવ કરશો કોઈ શોક' કારણ કે મેં યથાશક્તિ રસપાન કરાવ્યું છે એનો મને પરમ સંતોષ છે. તો પછી શોક શેનો ને શાનો કરવાનો ?

પણ બધા જ 'વીર નર્મદ' નથી હોતા. નર્મદના જેવું ને જેટલું આત્મભાન પણ નથી હોતું. નર્મદયુગના પીઢ પ્રૌઢ વિવેચક શ્રી નવલરામ પંડ્યાએ નર્મદના એક ગ્રંથનું અવલોકન કરતાં લખ્યું: 'કવિ ! તમને હાસ્યરસનું ભાન કે જ્ઞાન નથી.' આ અવતરણ સો ટકા શ્રદ્ધેય છે એમ હું છાતી ઠોકીને કહી શકતો નથી, પણ ભાવાર્થ તો દર્શાવ્યો તે જ છે. આ જાણીને કવિએ હુંકાર કર્યો, 'તમને મારા માટે હિમાલયના ઉચ્ચ શૃંગ જેટલો અહોભાવ હોય કે એની ઊંડી ખીણ જેટલો ઊણો ભાવ હોય, પણ તમારે એક વસ્તુ અવશ્ય જાણવી જોઇએ, ભૂલવી ન જોઇએ કે હું પણ એક કેરેક્ટર છઉં.' એ જ વિવેચક પોતાની મુગ્ધ દશામાં અભિપ્રાય ઉચ્ચારેલો-લખેલો-નર્મદની બાબતમાં: न भूतो न भविष्यति। ત્યારનો નર્મદ ને હું પણ એક કેરેક્ટર છઉં'...એક જ નર્મદ હતા, બે નહીં પણ આવી વાતોનો શોક શો ?

મારા ગામના એક જંગા મીરે, જ્યારે હું બી.એ.માં ભણતો હતો ત્યારે, વાતવાતમાં કવિવર ન્હાનાલાલ માટે બે પંક્તિ કહેલી:

'ડાહ્યાભાઈનો દીકરો, દલપત જેનું નામ,
ડફોળ પાક્યો ન્હાનિયો, બોળ્યું બાપનું નામ.'

ત્યારે હું ન્હાનાલાલનાં બે નાટકો-'ઇંદુકુમાર' અને 'જયા-જયંત' પર મુગ્ધ હતો. ન્હાનલાલ મારા પ્રિય કવિ હતા. જંગા મીરને મન કવીશ્વર દલપતરામ-તે જમાનાના ક.દ.ડા. કવિ દલપતરામ ડાહ્યાભાઈ જ એકમાત્ર સાચા કવિ હતા. ન્હાનાલાલને જંગા મીર કવિ કહેવા જ તૈયાર નહોતો, કારણ કે ન્હાનાલાલની ડોલનશૈલી જ એને પસંદ નહોતી કે સમજાતી જ નહોતી. એમાં જંગા મીરનો પણ હું દોષ જોતો નથી કારણ કે આ પ્રકારની ફરિયાદ કરનારાઓને કવિ પડકારીને કહેતા: 'મારી ડોલનશૈલીને સમજવા હજી ગુજરાતે પચાસ વર્ષ રાહ જોવી પડશે!' એ જમાનામાં એક પૃથુ શુકલે એને અનુકરણનું માન આપ્યું ને 'મોટાલાલ'ના તખલ્લુસે કવિ અરદેશર ફરામજી ખબરદારે એની 'પેરડી' કરવામાં વિનિયોગ કર્યો. 'કોયલડીને' બદલે 'ભેંસલડીને' ઉદ્‌બોધન કરતું ડોલનશૈલીમાં કાવ્ય લખી જ્યોતીન્દ્ર દવેએ એનું પ્રહસન કર્યું ! પણ એને માટે ભલે કવિવરે ન કહ્યું પણ હું અ-કવિ કહું છું: 'નવ કરશો કોઈ શોક.'

એકવાર અમદાવાદમાં, સાલ તો મને બરાબર યાદ નથી પણ હશે સને ૧૯૪૩માં-બૌદ્ધ ધર્મના પ્રખર અભ્યાસી વિદ્વાન પ્રો. ધર્માનંદ કોસંબીનું વ્યાખ્યાન હતું. એમની વિદ્વતા જોતાં તો પ્રેમાભાઈ હૉલ છલકાઈ જવો જોઇએ...પણ મારી સ્મૃતિમાં આટલી વિભૂતિઓ ડોકાય છે. સ્ટેજ પર હતા લોકસભાના પ્રથમ સ્પીકર શ્રી ગણેશ માવલંકર, લેડી વિદ્યાગૌરી ને પ્રો. કોસંબીજી ને પંદરેક શ્રોતાઓમાં હતા...શ્રી રસિકલાલ પરીખ, શ્રી ઉમાશંકર જોષી, શ્રી કેશવરામ કા. શાસ્ત્રી, શ્રી નગીનદાસ પારેખ, શ્રી હરિપ્રસાદ શાસ્ત્રી, શ્રી ભોગીલાલ સાંડેસરા, શ્રી ઉપેન્દ્ર પંડ્યા, કુ. પ્રિયબાલા શાહ, કુ. સુધા ધ્રુ ને મારા જેવા અન્ય ત્રણ ચાર ! સાંડેસરા ને મારી આગળ રસિકભાઈ પરીખ બેઠેલા. પ્રો. કોસંબીના વિધાનને સંમતિ દર્શાવતાં તે માથું ઊંચું-નીચું કરતા હતા...મારી પાછળ બેઠેલાં એક બહેને, પરીખ સાહેબને પહોંચાડવા મને કટાક્ષમાં લખેલી ચીઠ્ઠી આપી...જેમાં લખ્યું હતું: 'હજી વધુ જોરથી મસ્તક હલાવો.' કલાકેક પછી વ્યાખ્યાન પૂરું થયું...એટલે શ્રોતાઓમાંથી એક અવાજ આવ્યો: 'આ મોસંબીમાંથી કંઈ રસ ન નીકળ્યો.' વ્યાખ્યાન ખરેખર મૌલિક હતું પણ રસિક નહોતું. શ્રોતાઓની હાજરી તો ઊડીને આંખે વળગે એટલી બધી પાંગળી-પાંખી. પણ જેમની ઉપસ્થિતિ હતી એમની શ્રોતા-તરીકેની લાયકાતમાં કોઈ કમી નહોતી છતાંયે કોસંબી-મોસંબીનો પ્રાસ મેળવી કોઈ અનામી શ્રોતાએ જે વિધાન કર્યું એને માટે આ 'અનામી' શ્રોતા એટલું જ કહેશે: 'નવ કરશો કોઈ શોક.'

સાડા ચાર દાયકાથી હું સદાયનો સંસ્કાર-નગરી વડોદરાનો નિવાસી બની ગયો છું. આ સાડા ચાર દાયકા દરમિયાન હું અનેક નામી કલાકારો ને સાહિત્યકારોના પરિચયમાં આવ્યો છું. એમના કાર્યક્રમોમાં પણ ગયો છું ને એમની શોકસભાઓમાં પણ. ઔચિત્યની દૃષ્ટિએ હું નામોલ્લેખ કરતો નથી પણ એક પ્રથમ કક્ષાના સાહિત્યકારનું અવસાન થયું ત્યારે વર્તમાનપત્રોએ બોલ્ડ ટાઈપમાં શીર્ષક બાંધ્યું: 'અર્વાચીન સાહિત્યના સૂર્યનો થયેલો અસ્ત.' પરંતુ જ્યારે એમની શોકસભા થઈ ત્યારે માંડ ચૌદ જણ હતા...એમાં શ્રોતાઓ કરતાં વક્તાઓ વધારે હતા! બીજા એક જૈફ સાહિત્યકાર ને પૂર્વાશ્રમના અઠંગ રાજકારણીનું અવસાન થયું ત્યારે સ્મશાનયાત્રામાં કેવળ એક જ સાહિત્યકાર હાજર હતા ! તાજેતરમાં આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પામનાર કલાકાર ભૂપેન ખખ્ખરનું અવસાન થયું...એક વર્તમાનપત્રે ટીકા સ્વરૂપે લખ્યું: સ્મશાનયાત્રામાં કે શોકસભામાં કોઈ સાંસદ હાજર નહીં, વિધાનસભાનો કોઈ સભ્ય હાજર નહીં, અરે ! ખૂદ મેયર પણ હાજર નહીં ! ખૂબ જ આક્રોશ-ને અફસોસપૂર્વક એ લખાયું છે પણ સદ્‌ગત કલાકારો, સાહિત્યકારોના આત્માઓએ કે સંસ્કાર-નગરીએ 'નવ કરશો કોઈ શોક' ગાઈ શાન્ત થઈ જવાનું ! કારણ કે જમાનાની રફતાર જ વિચિત્ર છે !

દરરોજ કૌભાંડોથી અર્ધું વર્તમાનપત્ર છલકાઈ જાય છે ! કોઈ કલાકાર કે સાહિત્યકારના કાર્યક્રમ, સ્મશાનયાત્રા કે શોકસભા માટે માંડ દશ લીટી પણ ન ફાળવનાર વર્તમાનપત્ર માટે આશ્વાસનરૂપે નર્મદને ટાંકી ગાવાનું 'નવ કરશો કોઈ શોક.'

આજે મને ૮૮મું ચાલે છે. ૬૦ પછી છેલ્લાં ૨૮ વર્ષોથી હું મારાથી દશ-પંદર વીસ વર્ષ ન્હાનાં વિદ્યાર્થીઓ, સ્નેહી સ્વજનો માટે એમ જ માનતો આવેલો કે આ બધા તો મારી શોકસભામાં આવશે જ ! પણ વિધિની વક્રતા તો જુઓ કે એમાંના પંચોતેર ટકાની શોકસભામાં સુખેદુ:ખે મારે જવું પડ્યું છે ! મારી હેડીના તો નવ્વાણુ ટકા પ્રભુને પ્યારા થઈ ગયા છે ! મને અફસોસ એ વાતનો થાય છે કે મારા ગયા બાદ મારે માટે લખનાર કોઈ હશે કે કેમ? ઘણાં વૃદ્ધો જીવતચરા જગતિયું નથી કરતા ? અવસાન-નોંધની જીવતચરા શું ન થઈ શકે ! હું જો કોઈ સામયિકનો તંત્રી હોઉં તો જીવદયાનું આવું કાર્ય અવશ્ય કરું...પણ તંત્રી નથી તેનો અને અવસાન-નોંધ લખાશે કે નહીં તેનોય વિચાર કરતાં ગાઈ લઉં છું:-

'નવ કરશો કોઈ શોક.'

# મંગલ ભારતીમાં ચેક અર્પણવિધિનો કાર્યક્રમ

❑ મથુરાદાસ ટાંક

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી છેલ્લાં ૧૮ વર્ષથી પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન શ્રોતાઓને દાન માટે અપીલ કરીને મુંબઈ બહાર માનવસેવા-લોકસેવાનું કામ કરતી કોઈ એક સંસ્થાને પ્રતિવર્ષ આર્થિક સહાય કરવામાં આવે છે. ગત પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન રવિશંકર મહારાજ આંખની હૉસ્પિટલ-ચિખોદરાના સેવાભાવી ડૉક્ટર મુ. શ્રી રમણીકલાલ દોશી (દોશી કાકા)ની ભલામણથી મંગલ ભારતી-ગોલાગામડી, જિ. વડોદરાને આર્થિક સહાય કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

કોઈપણ સંસ્થાને આર્થિક સહાય કરવાનું નક્કી કરતાં પહેલા સંઘના હોદ્દેદારો-કાર્યવાહક સમિતિના સભ્યો બે-ત્રણ સંસ્થાઓની મુલાકાત લે છે તેમાંથી બધાંની સંમતિ હોય તેવી સંસ્થાની ભલામણ કરવામાં આવે છે. ફરીથી હોદ્દેદારો-સભ્યો વગેરે નિર્ણય લેતાં પહેલાં તે સંસ્થાની મુલાકાત લઈ વિસ્તૃત માહિતી મેળવી કાર્યવાહક સમિતિની મિટિંગમાં સર્વાનુમતે મંજૂર કર્યા પછી જ તે સંસ્થાને આર્થિક સહયોગ આપવો એમ ઠરાવવામાં આવે છે. આ વર્ષે આર્થિક સહાય માટે મંગલ ભારતી-ગોલાગામડી (જિ. વડોદરા)ની પસંદગી કરવામાં આવી હતી.

અમને જણાવતાં આનંદ થાય છે કે મંગલ-ભારતી માટે પંદર લાખ ઓગણચાલીસ હજાર પાંચસો ચોત્રીસ જેવી માતબર રકમ પર્યુષણ દરમિયાન એકઠી થઈ હતી. આ રકમનો ચેક અર્પણ કરવાનો કાર્યક્રમ સોમવાર તા. ૨૬મી જાન્યુઆરી ૨૦૦૪ના રોજ મંગલ ભારતી મુકામે યોજવામાં આવ્યો હતો.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી હોદ્દેદારો-કાર્યવાહક સમિતિના સભ્યો, દાતાઓ અને શુભેચ્છકો સહિત કુલ ૩૫ જેટલા ભાઈ-બહેનો રવિવાર તા. ૨૫મી જાન્યુઆરી ૨૦૦૪ના રોજ મુંબઈથી વડોદરા જવા માટે વડોદરા એક્ષપ્રેસમાં રવાના થયાં હતાં. સોમવાર તા. ૨૬મી જાન્યુઆરીના રોજ સવારે વડોદરા પહોંચ્યાં. મંગલ ભારતી અને ચિખોદરાના ડૉ. દોશી કાકા તરફથી ગાડીઓની સારી વ્યવસ્થા કરવામાં આવી હતી. વડોદરાથી મંગલ ભારતી જતાં રસ્તામાં અમે બધાં ડભોઈ-દર્ભાવતી તીર્થે પહોંચી, નવકારશી, સ્નાનાદિથી પરવારી, દેરાસરમાં શ્રી લોઢણ પાર્શ્વનાથની પૂજા, વગેરે કરી મંગલ ભારતી-ગોલાગામડી મુકામે પહોંચી ગયાં.

મંગલ ભારતી મુકામે સંસ્થાના સ્થાપક શ્રી નવનીતભાઈ શાહ અને તેમના કાર્યકરોએ બધાનું ભાવભીનું સ્વાગત કર્યું. ૨૬મી જાન્યુઆરી-પ્રજાસત્તાક દિવસ નિમિત્તે ધ્વજવંદનનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી મુંબઈ જૈન યુવક સંઘના અહોભાગ્ય કે સંઘના લાડીલા ડૉ. રમણલાલ ચી. શાહના વરદ્ હસ્તે ધ્વજવંદન કરવાનો સોનેરી અવસર સાંપડ્યો. એક સૈનિકને છાજે એવી શિસ્તબદ્ધ રીતે ધ્વજવંદન કરી મંગલ ભારતીના વિદ્યાર્થીઓની સલામી લીધી હતી. આ શુભ પ્રસંગે ડૉ. રમણલાલ ચી. શાહએ ખૂબ જ સુંદર ભાષણ કરી પોતે મીલીટરીમાં હતાં તે વખતના સંસ્મરણોની ઝાંખી કરાવી હતી. ઘણા વર્ષો પછી આવી રીતે સલામી લેવાનો મોકો આપવા માટે મંગલ ભારતીનો આભાર માન્યો હતો.

૨૬મી જાન્યુઆરીને બીજો મહત્ત્વનો નેત્રયજ્ઞનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે શ્રી ભૂપેન્દ્ર ડાહ્યાભાઈ જવેરીના આર્થિક સહયોગથી તેમનાં પત્ની સ્વ. જ્યોત્સના ભૂપેન્દ્ર ડાહ્યાભાઈ જવેરીના સ્મરણાર્થે રવિશંકર મહારાજ આંખની હૉસ્પિટલ-ચિખોદરાના ડૉ. રમણીકલાલ દોશીના સહયોગથી નેત્રયજ્ઞનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. ચિખોદરા હૉસ્પિટલના ડૉ. નાણાવટી, અન્ય ડૉક્ટરો અને સ્ટાફ મેમ્બરો ખડે પગે ઓપરેશન કરવા તૈયાર હતાં. આશરે ૩૬ દર્દીઓના ઓપરેશન થયાં. મંગલ ભારતીમાં ઓપરેશન થિએટરની વ્યવસ્થા હોવાથી ઓપરેશનો કરી શકાયાં. આ પ્રસંગે પ્રાસંગિક ભાષણો થયાં. ડૉ. દોશી કાકાએ આજસુધીમાં આશરે ત્રણ લાખ આંખના ઓપરેશન વિના મૂલ્યે કર્યા છે. એમની ૮૭ વર્ષની ઉંમરે તેઓ હજી સક્રિય ભાગ લે છે અને ઓપરેશન કરે છે એ માટે એમને અભિનંદન આપવામાં આવ્યાં.

મંગલ ભારતીમાં ત્રિવેણી સંગમ થયો. સવારે ધ્વજવંદન, પછી નેત્રયજ્ઞ અને બપોરે ચેક અર્પણવિધિ. કાર્યક્રમમાં પૂ. આચાર્ય શ્રી વિજયચંદ્રજી મહારાજ સાહેબ (શ્રી જૈન શ્વેતાંબર મંદિર-પાવાગઢ) તેમજ મુખ્ય સરકારી વકીલ, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદના શ્રી અરુણભાઈ ઓઝા પધાર્યા હતાં. મુંબઈથી પધારેલાં મહેમાનોએ દીપ પ્રગટાવ્યો તે પછી સરસ્વતી વંદનાથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. સંસ્થાના મુખ્ય સૂત્રધાર શ્રી નવનીતભાઈ શાહે સંસ્થાનો સંક્ષેપમાં ખૂબ જ સુંદર રીતે પરિચય આપ્યો હતો. શુભેચ્છકોના સંદેશાઓ વાંચી સંભળાવ્યાં હતાં. મુંબઈથી પધારેલા સંઘના હોદ્દેદારો સર્વશ્રી રમણલાલ ચી. શાહ, રસિકભાઈ એલ. શાહ, ચંદ્રકાંતભાઈ ડી. શાહ, નિરુબહેન એસ. શાહ અને ભૂપેન્દ્રભાઈ ડી. જવેરીનું તથા સંઘના મેનેજર મથુરાદાસ એમ. ટાંકનું પણ ફુલહારથી સન્માન કરવામાં આવ્યું હતું. મંગલ ભારતીના સંનિષ્ઠ કાર્યકરો શ્રી નીલેશભાઈ મજમુદારે સંઘનો ટૂંકામાં પરિચય આપ્યો હતો. સંઘના સર્વે હોદ્દેદારોએ પ્રાસંગિક વક્તવ્યો રજૂ કર્યા હતાં. ગુજરાત હાઈકોર્ટના મુખ્ય સરકારી વકીલ શ્રી અરુણભાઈ ઓઝાએ પોતાની માર્મિક રીતે સરલ શૈલીમાં ભાષણ કર્યું. તેમણે મૂંગા જીવો માટે ઘણું કરવા જેવું છે તેના દાખલા સાથે રજૂઆત કરી. ભારતમાં દિવસે દિવસે કતલખાનાં વધતાં જાય છે. જો મૂંગા જીવોને બચાવવાનો પ્રયત્ન નહીં કરીએ તો ભારતની દશા ખૂબ જ કફોડી થશે. સંઘના શ્રી રસિકભાઈ, શ્રી ચંદ્રકાન્તભાઈ, શ્રી નિરુબહેન, ડૉ. રમણલાલ ચી. શાહ તથા ચિખોદરાના ડૉ. દોશી કાકાએ પ્રાસંગિક વક્તવ્યો રજૂ કર્યા હતાં.

ભાષણો પૂરા થયાં પછી મંગલ ભારતીના વિદ્યાર્થીઓએ માછીમાર સમાજનું સુંદર નૃત્ય રજૂ કર્યું હતું. તેવી જ રીતે સ્વાતંત્ર્ય દિન નિમિત્તે સ્વાતંત્ર્ય મેળા-પ્રદર્શન વગેરેનું આયોજન કરવામાં આવ્યું હતું.

મંગલ ભારતીમાં સાંજનું ભોજન લઈ અમે સૌએ પાછા ફરી વડોદરાથી મુંબઈની ટ્રેન પકડી હતી.

આ રીતે મંગલ ભારતીમાં તા. ૨૬મી જાન્યુઆરીએ આખા દિવસનો કાર્યક્રમ સારી રીતે સંપન્ન થયો હતો. ❖❖❖

## અસ્થિ સારવાર કેન્દ્ર

સંઘના ઉપક્રમે હાડકાનાં નિષ્ણાત ડૉ. જમશેદ પીઠાવાલા દ્વારા હાડકાનાં દર્દીઓને મફત સારવાર દર રવિવારે સવારના ૧૦-૩૦ થી ૧-૩૦ સુધી સંઘના કાર્યાલયમાં (૩૮૫, સરદાર વી. પી. રોડ, પ્રાર્થના સમાજ, મુંબઈ-૪૦૦ ૦૦૪, ફોન: ૨૩૮૨૦૨૯૬) અપાય છે. હાડકાનાં દર્દીઓને તેનો લાભ લેવા વિનંતી છે.

જયાબેન વીરા
સંયોજક

નિરુબહેન એસ. શાહ
ડૉ. ધનવંત ટી. શાહ
મંત્રીઓ

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

## કાર્યવાહક સમિતિ ૨૦૦૩-૨૦૦૪

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા શુક્રવાર તા. ૨-૧-૨૦૦૪ના રોજ તથા કાર્યવાહક સમિતિની સભા તા. ૩-૨-૨૦૦૪ના રોજ સંઘના કાર્યાલયમાં મળી હતી, જેમાં સને ૨૦૦૩-૨૦૦૪ના વર્ષ માટે હોદ્દેદારો, કાર્યવાહક સમિતિના સભ્યો તથા નિમંત્રિત સભ્યોની વરણી સર્વાનુમતે નીચે મુજબ કરવામાં આવી હતી.

**હોદ્દેદારો**

| | | |
|---|---|---|
| પ્રમુખ | : | શ્રી રસિકલાલ લહેરચંદ શાહ |
| ઉપપ્રમુખ | : | શ્રી ચંદ્રકાન્ત દીપચંદ શાહ |
| મંત્રીઓ | : | શ્રીમતી નિરુબહેન સુબોધભાઈ શાહ |
| | | ડૉ. શ્રી ધનવંત તિલકરાય શાહ |
| સહમંત્રી | : | શ્રીમતી વર્ષાબહેન રજ્જુભાઈ શાહ |
| કોષાધ્યક્ષ | : | શ્રી ભૂપેન્દ્ર ડાહ્યાભાઈ જવેરી |
| સભ્યો | : | ડૉ. શ્રી રમણલાલ ચીમનલાલ શાહ |
| | | પ્રો. શ્રીમતી તારાબહેન રમણલાલ શાહ |
| | | શ્રી વલ્લભદાસ આર. ઘેલાણી |
| | | શ્રી નટુભાઈ પટેલ |
| | | કુ. વસુબહેન ભણશાલી |
| | | શ્રીમતી ઉષાબહેન પ્રવીણભાઈ શાહ |
| | | કુ. મીનાબહેન શાહ |
| | | શ્રીમતી પુષ્પાબહેન ચંદ્રકાન્ત પરીખ |
| | | શ્રી ગાંગજીભાઈ પોપટલાલ શેઠિયા |
| | | શ્રીમતી કુસુમબહેન નરેન્દ્રભાઈ ભાઉ |
| | | શ્રીમતી જયાબહેન ટોકરશી વીરા |
| | | શ્રી ભંવરભાઈ વાલચંદ મહેતા |
| | | શ્રીમતી રમાબહેન વિનોદભાઈ મહેતા |
| | | શ્રીમતી રમાબહેન જયસુખલાલ વોરા |
| કો-ઓપ્ટ સભ્યો | : | શ્રી શૈલેશભાઈ હિંમતલાલ કોઠારી |
| | | શ્રી જયંતીલાલ પોપટલાલ શાહ |
| | | કુ. યશોમતીબહેન શાહ |
| | | શ્રી દિલીપભાઈ વીરેન્દ્રભાઈ કાકાબળીયા |
| | | શ્રી દિલીપભાઈ મહેન્દ્રભાઈ શાહ |
| નિમંત્રિત સભ્યો | : | શ્રીમતી રેણુકાબહેન રાજેન્દ્રભાઈ જવેરી |
| | | શ્રી નીતિનભાઈ કાંતિલાલ સોનાવાલા |
| | | શ્રી રશ્મિભાઈ ભગવાનદાસ શાહ |
| | | શ્રી રમણીકલાલ ભોગીલાલ શાહ |
| | | શ્રીમતી સુશીલાબહેન રમણીકલાલ શાહ |
| | | શ્રી બસંતલાલ નરસિંગપુરા |
| | | શ્રી દેવચંદ શામજી ગાલા |
| | | શ્રી ચંદ્રકાન્ત પરીખ |
| | | શ્રી કાંતિલાલ પાનાચંદ શાહ |
| | | શ્રીમતી કલાવતી શાંતિલાલ મહેતા |
| | | શ્રી રમણીકલાલ આર. સલોત |
| | | શ્રી જેવતલાલ સુખલાલ શાહ |
| | | ડૉ. શ્રી રજ્જુભાઈ એન. શાહ |
| | | શ્રીમતી ચંદ્રાબહેન પીયૂષભાઈ કોઠારી |
| | | શ્રી નીતિનભાઈ ચીમનલાલ શાહ |
| | | શ્રી કિરણભાઈ હીરાલાલ શાહ |
| | | શ્રીમતી અલકાબહેન કિરણભાઈ શાહ |
| | | શ્રી મહેન્દ્રભાઈ શામજી ગોસર |
| | | શ્રી શાન્તિભાઈ કરમશી ગોસર |
| | | શ્રી પ્રાણલાલ રામજીભાઈ શેઠ (વેકરીવાળા) |

# સામાયિક-સમભાવની સાધના

## ☐ સુમનભાઈ એમ. શાહ

સામાયિક એક ઉચ્ચ કોટિનું આધ્યાત્મિક અનુષ્ઠાન, યૌગિક ક્રિયા, તથા શરીર અને ચેતનતત્ત્વની ભિન્નતાનો અનુભવ થવા માટેનો અનોખો પ્રયોગ છે. શ્રી જિનશાસનના શ્રદ્ધાવંત સાધકોનો સામાયિક એક આવશ્યક ગૃહસ્થધર્મ કે નિત્યક્રમ છે, જેનો અધિકાર સૌ કોઈને છે. સામાયિકનો મુખ્ય હેતુ સમભાવ કે સમત્વની પ્રાપ્તિ છે અને તેની ઉત્કૃષ્ટ સ્થિતિમાં સાધક સનાતન સુખ, અનુપમ શાંતિ અને સહજાનંદનો અનુભવ કરી જીવનમુક્ત દશા પામવાનો અધિકારી થઈ શકે છે. સાધ્ય, સાધક અને સાધનાની નિર્મળતા કે વિશુદ્ધિ ઉપર સમભાવની સાધનાનો આધાર રહેલો છે. અથવા સામાયિકનો ઉદ્દેશ્ય કલેશમય મન-ચિત્તાદિની અવસ્થાનો વીર્યગુણથી ધ્વંસ કરી પ્રશમરૂપ ભાવસમાધિની પ્રાપ્તિ છે. સામાયિકના અનુષ્ઠાનમાં સાધકની આંતર-બાહ્ય વર્તના નીચે મુજબ હોવી ઘટે જેથી ઉપર જણાવેલ હેતુ સફળ નીપજે.

૧. પ્રત્યક્ષ સદ્‌ગુરુની નિશ્રામાં સાધકે પ્રતિજ્ઞા કે નિશ્ચય કરી અનુષ્ઠાનમાં વિધિવત્ પ્રવેશ તથા સમાપન કરવું ઘટે.

૨. મન-વચન-કાયાથી થતા દોષો સાધકે ટાળવા અને કદાચ દોષ થઈ જાય તો તેનું વિધિવત્ પ્રાયશ્ચિત સદ્‌ગુરુની સાક્ષીએ કરવું.

૩. દેહાધ્યાસ કે દેહમાં આત્મબુદ્ધિ ટાળી સાધકે આત્માભિમુખ થઈ જડ અને ચૈતન્યની ભિન્નતાનું આંતરિક ભાન વર્તાવું ઘટે.

૪. પ્રમાદરહિત થઈ સાધકે સ્વાધ્યાય, સત્સંગ, કાયોત્સર્ગ, ધ્યાનાદિની સંજોગો અનુસાર યોજના કરવી ઘટે.

૫. સુદેવ (કેવળજ્ઞાની / કેવળદર્શી) અને સદ્‌ગુરુ (છત્રીસ ગુણો યુક્ત) પ્રત્યે અતૂટ શ્રદ્ધા સાધકને હોવી ઘટે. અથવા સામાયિકની સફળ સાધના માટે સાધકને પુષ્ટ-આલંબન હોવું ઘટે.

૬. વિષમભાવનો ધ્વંસ થવા અર્થે સાધકે યમ અને નિયમની (અણુવ્રત, ગુણવ્રત, શિક્ષાવ્રતાદિ) યથાશક્તિ ઉપાસના કરવી.

૭. સમભાવની સાધનાને અનુકૂળ સમ્યક્‌જ્ઞાન-દર્શન-ચારિત્ર્યાદિની આરાધના અને નવાં કર્મબંધ કરાવનારી પ્રવૃત્તિમાંથી નિવૃત્ત થવું એવું લક્ષ સાધકને હોવું ઘટે.

૮. મન-વચન-કાયાદિથી થતો ક્રિયારૂપ 'યોગ' અને અંત:કરણાદિથી થતો ભાવાત્મક 'ઉપયોગ' સંયમના હેતુથી સાધકને વર્તવો ઘટે.

૯. બાહ્ય પદાર્થો, વિષયો અને સાંસારિક વિટંબણાઓમાંથી ચિત્તવૃત્તિઓને નિવૃત્ત કરી સ્થિર આસન, સ્વાધ્યાય, કાયોત્સર્ગાદિમાં મન-ચિત્તાદિને સાધકે પ્રવૃત્ત કરવું ઘટે

૧૦. લાંબા વખત સુધી સુખપૂર્વક બેસી શકાય એવા આસનનો ઉપયોગ અને નિર્મળ વાતાવરણવાળું સુઘટ સ્થાન સાધકે પસંદ કરવું ઘટે જેથી બાહ્ય વિક્ષેપો ટાળી શકાય.

૧૧. મન-ચિત્તાદિની એકાગ્રતા માટે તીર્થંકરાદિનું નામ-સ્મરણ સાધક માટે હિતાવહ જણાય છે.

૧૨. જીવ-અજીવાદિની વ્યવસ્થા, છ દ્રવ્યોનું ગુણ-પર્યાય સ્વરૂપ, શરીરાદિથી ચેતનની ભિન્નતા, જ્ઞાન-દર્શન-ચારિત્ર્યાદિનું સ્વરૂપ, કર્મ-સિદ્ધાંત, જ્ઞાની પુરુષોના ચારિત્ર્યનું વાંચન-મનન ઇત્યાદિ વિષયો પ્રત્યે સાધકનું તલસ્પર્શી ચિંતન કે સ્વાધ્યાય.

૧૩. આર્તધ્યાન અને રૌદ્રધ્યાનમાંથી નિવૃત્તિ અને મૈત્રી – પ્રમોદ – કરુણા – માધ્યસ્થાદિ ભાવનારૂપ ધર્મધ્યાનથી સાધક ક્રમશ: આત્મસ્વરૂપમાં તલ્લીનતા સાધી શકે છે.

૧૪. સામાયિક અનુષ્ઠાન સાધકના આત્મહિત માટેનું હોઈ તે અંગે લૌકિક બહુમાન કે પ્રશંસાદિ સાધકે ટાળવી.

૧૫. નિયત સાંસારિક કર્તવ્યો ચૂક્યા સિવાય સાધકે સમભાવની સાધના કે સામાયિક અનુષ્ઠાન કરવું ઘટે, જેથી ચિત્ત-પ્રસન્નતા વર્તે.

**ઉપસંહાર :**

અંત:કરણાદિ સહિત પૌદ્‌ગલિક શરીર અને ચેતનતત્ત્વની ભિન્નતાનો અનુભવ કરવા માટે સામાયિક અનુષ્ઠાન એક અનોખો પ્રયોગ છે. અજ્ઞાન અને રાગ-દ્વેષમાં રગદોળનારી સંકલ્પ-વિકલ્પરૂપ કલ્પનાઓ સાધકને ટળવાથી જ્ઞાનાવરણીયાદિ કર્મનાં આવરણો ક્રમશ: દૂર થવા માંડે છે અને નિર્મળ આત્મ-સ્વરૂપનો પ્રકાશ થાય છે એવું અદ્‌ભુત સામાયિકનું માહાત્મ્ય જણાય છે.

Printed & Published by Nirubahen Subodhbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400 027. And Published at 385, S.V.P. Road, Mumbai-400 004. Editor: Ramanlal C. Shah.

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57
Posted at Byculla sorting office Mumbai-400 011 Licence to post without prepayment No. 271
● વર્ષ : (૫૦) + ૧૫ ● અંક : ૩ ● ૧૬ માર્ચ, ૨૦૦૪ ● ● Regd. No. TECH / 47-890 / MBI / 2003-2005

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/- ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## લેશ્યા

સામાન્ય રીતે જોઇએ તો દરેક વ્યક્તિના ચહેરા ઉપર એમની ચામડીના વર્ણ ઉપરાંત કંઈક ચમક, ઝાંય કે આભા જેવું કશુંક વરતાય છે. બધા માણસોની પ્રકૃતિ, વિચારધારા, ભાવના ઇત્યાદિ એકસરખાં નથી હોતાં અને એકના એક માણસના વિચારો, ભાવો ઇત્યાદિમાં પણ વખતોવખત પરિવર્તન આવે છે અને તદનુસાર આ આભા બદલાતી દેખાય છે. એક ધૂપસળીમાંથી જેમ સતત ધૂમ્રસેર નીકળતી રહે છે અને એ વધતીઘટતી કે વળાંકો લેતી રહે છે તેવી રીતે મનુષ્યના ચિત્તમાંથી વિચારધારા, ભાવતરંગ અવિરત વહ્યા કરે છે અને તેનો પ્રભાવ એના ચહેરા ઉપર, મસ્તક ઉપર અને અનુક્રમે સમગ્ર શરીર ઉપર પડે છે. આ ભાવતરંગ અનુસાર એની સાથે વિવિધ રંગનાં સૂક્ષ્મ–સૂક્ષ્મતર પુદ્‌ગલ પરમાણુઓ પણ નીકળે છે અને વિશેષત: મસ્તકમાં અને અનુક્રમે સમગ્ર શરીરમાં પ્રસરી જાય છે. સામાન્ય અર્થમાં સમજવા માટે આ ભાવધારા અને પુદ્‌ગલ પરમાણુઓને લેશ્યા કહેવામાં આવે છે.

'લેશ્યા' જૈન ધર્મનો એક પારિભાષિક વિષય છે. એનો સંબંધ મનમાં ઊઠતા ભાવોની સાથે, આત્મામાં ઉદ્‌ભવતા અધ્યવસાયોની સાથે છે. વળી લેશ્યાનો સંબંધ વિવિધ અધ્યવસાયો સાથે ઉદ્‌ભવતા–પરિણમતા વિવિધરંગી પુદ્‌ગલ પરમાણુઓ સાથે પણ છે. આ પુદ્‌ગલ પરમાણુઓને દ્રવ્યલેશ્યા કહેવામાં આવે છે. એની સાથે સંકળાયેલા ભાવો, અધ્યવસાયોને ભાવલેશ્યા કહેવામાં આવે છે.

'લેશ્યા' શબ્દના જુદા જુદા સામાન્ય અર્થ થાય છે, જેમ કે લેશ્યા એટલે તેજ, જ્યોતિ, કિરણ, જ્વાળા, દીપ્તિ, બિમ્બ, સૌન્દર્ય, સુખ, વર્ણ ઇત્યાદિ.

લેશ્યા શબ્દના વિશેષ અર્થ થાય છે અધ્યવસાય, અંત:કરણની વૃત્તિ, આત્મપરિણામ, અંતર્જગતની ચેતના, આભામંડળ, આત્મપરિણામ માટે નિમિત્તભૂત દ્રવ્યવિશેષ.

પ્રાકૃતમાં 'લેસ્સા' શબ્દ વપરાય છે. 'લેસ્સા' શબ્દ 'લસ્' ઉપરથી વ્યુત્પન્ન કરાય છે. 'લસ્' એટલે ચમકવું.

લેશ્યાની જુદી જુદી વ્યાખ્યા અપાય છે. ઉત્તરાધ્યયનની ટીકામાં કહ્યું છે :

लेशयति श्लेषयतीवात्मनि जननयनानीति लेश्या ।

[જે લોકોની આંખોને પોતાના તરફ આકૃષ્ટ કરે છે તે લેશ્યા છે.]

આવશ્યક સૂત્રની ટીકામાં શ્રી હરિભદ્રસૂરિએ કહ્યું છે :

श्लेषयन्त्यात्मानमष्टविधेन कर्मणा इति लेश्याः ।

[જે આત્માને અષ્ટવિધ કર્મ ચોંટાડે છે તે લેશ્યા છે.]

योगपरिणामो लेश्या ! અર્થાત્ લેશ્યા એ યોગપરિણામ છે.

कर्मनिस्यंदो लेश्या–લેશ્યા એ કર્મનિસ્યંદરૂપ છે. (કર્મમાંથી વહેતો પ્રવાહ છે.)

દિગંબર ગ્રંથ 'ધવલા'ની ટીકામાં કહ્યું છે :

लिम्पतीति लेश्या ।–જે કર્મોને આત્મા સાથે લિપ્ત કરે છે તે લેશ્યા.

कषायोदयरंजिता योगप्रवृतिर्लेश्या । –લેશ્યા એ કષાયોદયથી અનુરંજિત યોગપ્રવૃત્તિ છે. (આ વ્યાખ્યા અધૂરી ગણાય છે, કારણકે સયોગી કેવલીને કષાય નથી હોતા, પણ શુક્લ લેશ્યા હોય છે.)

શ્રી અભયદેવસૂરિએ ભગવતી સૂત્રની ટીકામાં દ્રવ્ય લેશ્યા માટે કહ્યું છે :

कृष्णादि द्रव्य सान्निध्यजनितो जीव परिणामो लेश्या ।

[કૃષ્ણ વગેરે દ્રવ્યના સાન્નિધ્યથી જે જીવપરિણામ ઉત્પન્ન થાય છે તે લેશ્યા.]

વળી કહ્યું છે :

कृष्णादि द्रव्य साचिव्यात् परिणामो य आत्मनः ।
स्कटिकस्येव तत्रायं, लेश्या शब्द प्रयुज्यते ॥

વળી ભાવલેશ્યા માટે એમણે કહ્યું છે :

कृष्णादि द्रव्य साचिव्य जनिताऽत्मपरिणामरूपा भावलेश्या ।

[કૃષ્ણાદિ દ્રવ્યના સાન્નિધ્યથી જે આત્મપરિણામરૂપ ભાવ ઉત્પન્ન થાય છે તે ભાવલેશ્યા.]

આપણા મનમાં ભાવો, વિચારતરંગો સતત બદલાતા રહે છે. એક ક્ષણ પણ ચિત્ત નવરું પડતું નથી. ક્યારેક કદાચ આપણે એ વિશે સભાન ન પણ હોઇએ, પણ ભાવતરંગો તો નિરંતર, ઊંઘમાં પણ ચાલતા જ રહે છે.

વ્યવહારજગતમાં આપણે વિવિધ પ્રકારના મનુષ્યો જોઇએ છીએ. દરેક માણસના ચહેરા ભિન્નભિન્ન છે અને એ દરેક ચહેરા પરનું તેજ પણ ભિન્નભિન્ન છે, એટલું જ નહિ એક જ વ્યક્તિના ચહેરા પર પણ વારંવાર તેજ બદલાય છે. એક પ્રતિષ્ઠિત માણસ હોય અને કોઈ એનું ખરાબ રીતે જાહેરમાં અપમાન કરે તો એના ચહેરાના હાવભાવ બદલાઈ જાય છે. કોઈક પ્રામાણિક ગણાતો માણસ કંઈક ચોરી કરતાં રંગે હાથ પકડાઈ જાય કે તરત એનું મોંઢું પડી જાય છે, મ્લાન થઈ જાય છે. માણસ અત્યંત પ્રસન્ન હોય પણ અચાનક ચિંતાના ગંભીર સમાચાર આવતાં વ્યગ્ર બની જાય ત્યારે એના ચહેરા પરની રેખાઓ અને રંગો બદલાઈ જાય છે. માણસ નિરાશ બેઠો હોય અને એકદમ કોઈ સરસ ખુશખબર આવે કે તરત તે જો ઉત્સાહમાં આવી જાય તો એના ચહેરા પર રોશની પથરાઈ રહે છે. માણસની ભૂલ થાય અને એને અપમાનજનક ઠપકો આપવામાં આવે તો એનું મોઢું પડી જાય છે. ક્રોધના ભારે આવેશમાં કોઈ માણસ આવી જાય તો એનો ચહેરો પહેલાં લાલ થાય અને પછી કાળો પડી જાય છે. આ બધું બતાવે

છે કે માણસના દેહમાં રંગોની કોઇક સૂક્ષ્મ પ્રક્રિયા થયા કરે છે.

આ સૂક્ષ્મ પ્રક્રિયા તે લેશ્યા છે. આપણા બાહ્ય દેખાતા શરીરની અંદર આપણા આત્મા સાથે, (આત્મપ્રદેશો સાથે) જોડાયેલાં બીજાં બે સૂક્ષ્મ શરીર હોય છે. એક શરીર તે તેજસ શરીર અને બીજું તે કાર્મણ શરીર. તેજસ શરીર સૂક્ષ્મ છે અને કાર્મણ શરીર એનાથી પણ વધુ સૂક્ષ્મ છે. જેમ બાહ્ય શરીરનાં પુદ્ગલ પરમાણુઓ છે, તેમ આ બંને સૂક્ષ્મ અને સૂક્ષ્મતર શરીરનાં પણ પુદ્ગલ પરમાણુઓ છે. આપણાં સ્થૂલ બાહ્ય શરીર, સૂક્ષ્મ શરીર અને સૂક્ષ્મતર શરીર એ ત્રણે સાથે કામ કરે છે. આપણો ચેતનાવ્યાપાર આ ત્રણે શરીર સાથે સંકળાયેલો છે. જેમ આપણા સ્થૂલ બાહ્ય શરીરના વ્યાપારોનું કેન્દ્રસ્થાન મગજ એટલે કે ચિત્ત છે, તેમ આપણા સૂક્ષ્મ અને સૂક્ષ્મતર શરીરના વ્યાપારોનું કેન્દ્રસ્થાન પણ ચિત્ત જ છે. ચિત્તનો આત્મા સાથે સંબંધ છે.

આપણા સૂક્ષ્મ તેજસ શરીર સાથે ચેતનાના જે વ્યાપારો ચાલે છે તે લેશ્યા છે અને આપણા કાર્મણ શરીર સાથે કે તે દ્વારા ચાલતા વ્યાપારો તે અધ્યવસાયો છે. અધ્યવસાયો અનુસાર લેશ્યા હોય છે. અધ્યવસાય બદલાય તો લેશ્યા બદલાય.

ભારતીય સાંસ્કૃતિક પરંપરામાં લેશ્યા કે તેને મળતી વિચારણા થયેલી છે. મહાભારતના 'શાન્તિપર્વ'ની 'વૃત્રગીતા'માં કહ્યું છે:

षड् जीववर्णाः परमं प्रमाणं कृष्णो धूम्रो नीलमथास्य मध्यम् ।
रक्तं पुनः सह्यतरं सुखं तु हारिद्रवर्णं सुसुखं च शुक्लम् ॥

મહાભારતમાં વર્ણ (રંગ) અનુસાર જીવના છ વિભાગ પાડવામાં આવ્યા છે: આ છ વર્ણ છે-કૃષ્ણ, ધૂમ્ર, નીલ, રક્ત, હારિદ્ર તથા શુકલ. એમાં કૃષ્ણ વર્ણવાળા જીવ ઓછામાં ઓછું સુખ પામે છે. ધૂમ્ર વર્ણવાળા જીવો એનાથી કંઇક અધિક તથા નીલ વર્ણવાળા મધ્યમ સુખ પામે છે. રક્ત વર્ણવાળા સુખ દુ:ખ સહન કરવાને યોગ્ય હોય છે. હારિદ્ર (પીળા) વર્ણવાળા સુખી હોય છે અને શુકલ વર્ણવાળા પરમ સુખી હોય છે.

આ શ્લોકની ટીકામાં કહ્યું છે કે જ્યારે તમોગુણની અધિકતા, સત્ત્વગુણની ન્યૂનતા અને રજોગુણની સમ અવસ્થા હોય ત્યારે કૃષ્ણ વર્ણ હોય છે. આ રીતે એક ગુણની અધિકતા, બીજા ગુણની સમ અવસ્થા અને ત્રીજા ગુણની ન્યૂનતા હોય તો તે પ્રમાણે જીવના જુદા જુદા વર્ણ થાય છે. શુકલ વર્ણમાં તમોગુણની ન્યૂનતા, રજોગુણની સમ અવસ્થા અને સત્ત્વગુણની અધિકતા હોય છે.

'પાતંજલ યોગદર્શન'માં કહ્યું છે કે ચિત્તના કૃષ્ણ, અકૃષ્ણ-અશુકલ અને શુકલ એમ ત્રણ પ્રકાર છે.

ગોશાલકના આજીવક સંપ્રદાય અને બૌદ્ધ ધર્મમાં લેશ્યાને માટે 'અભિજાતિ' શબ્દ પ્રયોજાયો છે. બૌદ્ધોના 'અંગુત્તરનિકાય' ગ્રંથમાં શિષ્ય આનંદ પૂરણકશ્યપનો સંદર્ભ આપીને ભગવાન બુદ્ધને કહે છે કે 'ભદન્ત! પૂરણકશ્યપે કૃષ્ણ, નીલ, લોહિત, હારિદ્ર, શુકલ તથા પરમ શુકલ એવા વર્ણવાળી છ અભિજાતિઓ કહી છે; જેમ કે ખાટકી, પારધિ વગેરે માણસોની અભિજાતિ કૃષ્ણ વર્ણની કહી છે.'

જૈન ધર્મમાં શ્રી ભગવતીસૂત્રમાં કહ્યું છે તે પ્રમાણે શ્રી ગૌતમસ્વામીના પ્રશ્નનો ઉત્તર આપતાં ભગવાન મહાવીરસ્વામી કહે છે કે લેશ્યાઓ છ પ્રકારની છે.

कइ णं भन्ते, लेस्साओ पन्नत्ताओ !
गोयमा ! छलेस्साओ पन्नत्ताओ, तं जहा–
कण्ह लेस्सा, नीललेस्सा, काउलेस्सा,
तेउलेस्सा, पम्हलेस्सा, सुक्कलेस्सा ।

[હે ભગવાન, લેશ્યાઓ કેટલા પ્રકારની છે ? હે ગૌતમ, લેશ્યાઓ છ પ્રકારની છે, તે આ પ્રમાણે : (૧) કૃષ્ણ લેશ્યા, (૨) નીલ લેશ્યા, (૩) કાપોત લેશ્યા, (૪) તેજો લેશ્યા, (૫) પદ્મ લેશ્યા, (૬) શુકલ લેશ્યા.]

શ્રી ભગવતીસૂત્ર ઉપરાંત શ્રી પ્રજ્ઞાપનાસૂત્ર, શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર વગેરેમાં આ છ લેશ્યાઓ વિશે બહુ વિગતે વિચારણા કરવામાં આવી છે.

લેશ્યાના મુખ્ય બે પ્રકાર છે : (૧) દ્રવ્ય લેશ્યા અને (૨) ભાવ લેશ્યા.

દ્રવ્ય લેશ્યા પુદ્ગલરૂપ છે. એટલે વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ એ પુદ્ગલના ગુણો દ્રવ્ય લેશ્યામાં પણ છે. 'પ્રજ્ઞાપના સૂત્ર'ના ૧૭મા પદમાં ભગવાન મહાવીર સ્વામીએ ગૌતમ સ્વામીને કહ્યું છે કે દ્રવ્યલેશ્યા અસંખ્યાત્ પ્રદેશી છે અને તેની અનન્ત વર્ગણા છે.

ભાવલેશ્યા અવર્ણી, અગંધી, અરસી, અસ્પર્શી હોય છે. ભાવલેશ્યા અગુરુલઘુ છે. ભાવલેશ્યા પરસ્પરમાં પરિણમન કરે છે. ભાવલેશ્યા કર્મ બંધનમાં કોઈ પ્રકારે હેતુરૂપ છે. એટલે ભાવલેશ્યા સુગતિનો હેતુ બની શકે છે અને દુર્ગતિનો હેતુ પણ બની શકે છે. દ્રવ્યલેશ્યા ભાવલેશ્યા અનુસાર જ હોય છે. છએ લેશ્યાઓ સૂક્ષ્મ હોવાથી છદ્મસ્થને અગોચર હોય છે.

ઉત્તરાધ્યયનસૂત્રમાં એના ચોત્રીસમા અધ્યયનમાં આ છ લેશ્યાનાં લક્ષણો આપ્યાં છે. એમાં કૃષ્ણ લેશ્યાનાં લક્ષણો નીચે પ્રમાણે આપ્યાં છે :

पंचासवप्पवत्तो तीहिं अगुत्तो छसुं अविरओ य ।
तिव्वारंभपरिणओ खुद्दो साहसिओ नरो ॥
निद्धन्धसपरिणामो निस्संसो अजिइंदिओ ।
एयजोगसमाउत्तो किण्हलेसं तु परिणमे ॥

[જે મનુષ્ય પાંચ આશ્રવ (મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને અશુભ યોગ)માં પ્રવૃત્ત છે, ત્રણ ગુપ્તિમાં અગુપ્ત છે, છકાયની હિંસાથી નહિ વિરમેલો, તીવ્ર આરંભનાં પરિણામવાળો છે, ક્ષુદ્ર, વગર વિચારે કાર્ય કરનાર સાહસિક છે, ક્રૂર પરિણામવાળો, નૃશંસ (કુટિલ ભાવવાળો) અને અજિતેન્દ્રિય છે-આ બધાથી જોડાયેલો તે જીવ કૃષ્ણ લેશ્યાનાં પરિણામવાળો છે.]

નીલ લેશ્યાના લક્ષણો નીચે પ્રમાણે છે :

इस्सा अमरिसअतवो अविज्जमाया अहीरिया य ।
गेही पओसे य सढे पमत्ते रसलोलुए साय गवेसए य ॥
आरंभाओ अविरओ खुद्दो साहसिओ नरो ।
एयजोगसमाउत्तो नीललेसं तु परिणमे ॥

[જે મનુષ્ય ઇર્ષ્યાળુ, કદાગ્રહી, અતપસ્વી, અજ્ઞાની, માયાવી, નિર્લજ્જ, ગૃદ્ધ, દ્વેષી, શઠ, પ્રમત્ત, રસલોલુપ, સુખ શોધનાર (સ્વાર્થી), આરંભ કરવામાં ન અટકનાર, ક્ષુદ્ર, સાહસિક તથા આ બધામાં જોડાયેલો છે તે નીલલેશ્યામાં પરિણત થાય છે.]

કાપોતલેશ્યાનાં લક્ષણો નીચે પ્રમાણે છે :

वंके वंकसमायारे नियडिल्ले अणुज्जुए ।
पलि चंग ओवहिए मिच्छदिट्ठी अणारिए ॥
उप्फालगदुट्ठवाई य, तेनें यावि य मच्छरी ।
एयजोगसमाउत्तो काउलेसं तु परिणमे ॥

[જે મનુષ્ય વાણી અને આચરણમાં વક્ર છે, કપટી છે, અસરળ, દોષોને છુપાવનાર, અભિમાની, પરિગ્રહી, મિથ્યાદૃષ્ટિ, અનાર્ય, દુષ્ટ વચન બોલનાર, ચોર, મત્સરી છે-આ બધાંથી જે યુક્ત હોય છે તે કાપોત લેશ્યામાં પરિણત થાય છે.]

તેજોલેશ્યાનાં લક્ષણો નીચે પ્રમાણે છે :

नीयावित्ती अचवले अमाई अकुउहल ।
विणीयविणए दन्ते जोगवं उवहाण वं ॥
पियधम्मे दढधम्मे वज्जभीरु हिएसए ।
एयजोगसमाउत्तो तेऊलेसं तु परिणमे ॥

[જે મનુષ્ય નમ્રતાથી વર્તનાર, અચંચલ, માયારહિત, અકૂતુહલી, વિનયમાં નિપુણ, દાન્ત, યોગી, ઉપધાન કરવાવાળો, ધર્મપ્રેમી, ધર્મમાં દઢ, પાપભીરુ, હિત ઇચ્છનાર-એ બધાંથી યુક્ત હોય તે તેજોલેશ્યામાં

પરિણત થયેલો છે.]

પદ્મલેશ્યાનાં લક્ષણો નીચે પ્રમાણે છે :

पयणुक्कोहमाणे य मायालोभे य पयणुए ।
पसंतचित्ते दंतप्पा जोगवं उवहाणवं ॥
तहा पयणुवाई य उवसंते जिइंदिए ।
एयंजोगसमाउत्तो पम्हलेसं तु परिणमे ॥

[જે મનુષ્યનાં ક્રોધ, માન, માયા અને લોભ અત્યંત અલ્પ હોય, ચિત્ત પ્રશાંત હોય, પોતાના આત્માનું દમન કરતો હોય, યોગી અને ઉપધાન (તપશ્ચર્યા) કરવાવાળો હોય, અલ્પભાષી, ઉપશાન્ત, જિતેન્દ્રિય હોય–આ બધાંથી જે યુક્ત હોય તેનામાં પદ્મલેશ્યા પરિણત થયેલી હોય છે.]

શુકલલેશ્યાનાં લક્ષણો નીચે પ્રમાણે છે :

अट्टरुद्दाणि वज्जित्ता धम्मसुक्काणि साहए ।
पसंतचित्ते दंतप्पा समिए गुत्ते य गुत्तिसु ॥
सरागो वीयरागो वा उवसंते जिइंदिए ।
एयजोगसमाउत्तो सुक्कलेसं तु परिणमे ॥

[જે મનુષ્ય આર્તધ્યાન અને રૌદ્રધ્યાન છોડીને ધર્મધ્યાન અને શુકલધ્યાન ધરે છે, પ્રશાન્ત ચિત્તવાળો છે, પોતાના આત્માનું દમન કરવાવાળો છે, સમિતિ અને ગુપ્તિથી ગુપ્ત છે, ઉપશાન્ત અને જિતેન્દ્રિય છે, સરાગ (અલ્પરાગી) કે વીતરાગ હોય છે તે શુકલ લેશ્યામાં પરિણત હોય છે.]

દ્રવ્યલેશ્યા પુદ્ગલ પરમાણુઓની હોય છે અને પુદ્ગલ પરમાણુમાં વર્ણ, રસ, ગંધ અને સ્પર્શ હોય છે. એટલે છએ દ્રવ્ય લેશ્યાનાં વર્ણ, રસ, ગંધ અને સ્પર્શ કેવા પ્રકારનાં હોય છે એ ભગવાને ભગવતીસૂત્ર, ઉત્તરાધ્યયન, પ્રજ્ઞાપનાસૂત્ર વગેરેમાં કહ્યાં છે.

લેશ્યાઓના વર્ણ, રસ વગેરે કેટલા હોય છે તે વિશે ભગવાને ભગવતીસૂત્રમાં કહ્યું છે :

गोयमा ! दव्वलेसं पडुच्च–पंचवण्णा, पंचरसा, दु गंधा, अट्ठ फासा पण्णत्ता ।
भावलेसं पडुच्च–अवण्णा, अरसा, अगंधा, अफासा पण्णत्ता ।

[હે ગૌતમ ! દ્રવ્ય લેશ્યાની અપેક્ષાએ એમાં પાંચ વર્ણ, પાંચ રસ, બે ગંધ અને આઠ સ્પર્શ કહ્યા છે.

ભાવલેશ્યાની અપેક્ષાએ તે વર્ણરહિત, રસરહિત, ગંધરહિત અને સ્પર્શરહિત છે.]

દ્રવ્યલેશ્યાઓ છ છે, પરંતુ એના વર્ણ (રંગ) પાંચ બતાવવામાં આવ્યા છે, કારણકે કાપોત (કબૂતરના રંગ જેવી) લેશ્યાનો જુદો વર્ણ નથી, પણ તે કાળો અને લાલ એ બે વર્ણના મિશ્રણવાળો વર્ણ છે. આ છ દ્રવ્યલેશ્યાના વર્ણ (રંગ) સમજાવવા માટે નીચે પ્રમાણે ઉદાહરણ આપ્યાં છે :

કૃષ્ણ લેશ્યા કાળાં વાદળ, અંજન, પાડાના શિંગડાં, અરીઠાં, ગાડાની મળી, આંખની કીકી, ભમરો, કાળી કેસર, કોયલ, કાળી કનેર વગેરેના કાળા વર્ણ કરતાં પણ વધારે કાળી હોય છે.

નીલ લેશ્યા અશોકવૃક્ષ, ચાસ પક્ષીની પાંખ, વૈડૂર્ય નીલમણિ, પોપટની પાંખ, કબૂતરની ડોક વગેરેના નીલ રંગ કરતાં વધુ નીલ વર્ણવાળી હોય છે.

કાપોત લેશ્યા કબૂતરની ડોક, કોયલની પાંખ, અળશીનાં ફૂલ વગેરેના વર્ણ જેવી, કાલલોહિત વર્ણવાળી હોય છે.

તેજોલેશ્યા લોહી, બાલસૂર્ય, ઇન્દ્રગોપ, હિંગળો, પોપટની ચાંચ, દીપશિખા, લાખ વગેરેના વર્ણ જેવી હોય છે.

પદ્મલેશ્યા ચંપાનું ફૂલ, હળદર, હડતાલ, સુવર્ણ, વાસુદેવનું વસ્ત્ર વગેરેના વર્ણ જેવી હોય છે.

શુકલલેશ્યા શંખ, મચકુંદનાં ફૂલ, દૂધની ધાર, રૂપાનો હાર, શરદ ઋતુની વાદળી, ચંદ્ર વગેરેના વર્ણ જેવી હોય છે.

આમાં કૃષ્ણ, નીલ અને કાપોત એ ત્રણ અશુભ લેશ્યાનો વર્ણ અપ્રીતિકર, અમનોજ્ઞ હોય છે. ત્રણ શુભ લેશ્યાનો વર્ણ પ્રીતિકર અને મનોજ્ઞ હોય છે.

માણસના કે અન્ય જીવના શરીરની ચામડીના જે રંગો છે તે દ્રવ્ય લેશ્યાને કારણે છે એમ ન સમજવું. એ રંગો નામકર્મ પ્રમાણે હોય છે અને તે સ્થૂલ દૃષ્ટિથી નિહાળી શકાય છે. દ્રવ્ય લેશ્યાનાં પરમાણુ સૂક્ષ્મ હોય છે. આથી જ કોઈક ગોરો માણસ ઘાતકી હોઈ શકે છે અને એની કૃષ્ણ લેશ્યા સંભવી શકે છે. તેવી જ રીતે કોઈ માણસ તદ્દન શ્યામ હોય અને છતાં એ પવિત્ર, જ્ઞાની, શુભ લેશ્યાવાળો હોઈ શકે છે. આપણાં તીર્થંકરો રાતા વર્ણના, નીલ વર્ણના, કંચન વર્ણના હતા. એટલે દેહવર્ણ અને લેશ્યાવર્ણ એ બે જુદા છે. દ્રવ્ય લેશ્યાના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ એ ચાર લક્ષણમાંથી વર્ણ મનુષ્યના મનને અને શરીરને વધુ પ્રભાવિત કરે છે. એટલે લેશ્યાવર્ણનો પ્રભાવ દેહવર્ણ પર પડે છે.

તીવ્ર અશુભ લેશ્યાવાળા માણસોની પાસે બેસતાં વાતાવરણ બહુ તંગ લાગે છે. ક્યારેક કોઈ ક્રોધી માણસના ક્રોધની એવી અસર થાય છે કે શાન્ત સ્વભાવનો સામો માણસ પણ ઉશ્કેરાઈને ક્રોધ કરવા લાગે છે. બીજી બાજુ કેટલાક પવિત્ર મહાત્માઓની શુકલ લેશ્યા એવી પ્રબળ હોય છે કે એમની સાથે તકરાર કરવાના આશયથી આવેલો માણસ એમને જોતાં જ શાન્ત થઈ જાય છે. મહાત્મા ગાંધીજીના જીવનમાં આવા કેટલાયે પ્રસંગો બન્યા હતા. કેટલાક યોગી મહાત્માઓ જંગલમાં હોય તો હિંસક પ્રાણીઓ એમની પાસે આવીને શાન્ત બનીને બેસી જતાં હોય છે. આ બધો લેશ્યાનો જ પ્રભાવ છે.

કૃષ્ણ, નીલ અને કાપોત એ ત્રણ લેશ્યાની ગંધ મરેલી ગાય, મરેલું કૂતરું, મરેલો સર્પ વગેરેની ગંધ કરતાં પણ વધુ દુર્ગંધમય હોય છે.

તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુકલલેશ્યા એ ત્રણ લેશ્યાની ગંધ સુગંધી પુષ્પ, ઘસેલાં સુગંધી દ્રવ્યો વગેરેની સુગંધ જેવી હોય છે.

કૃષ્ણ લેશ્યાનો રસ (સ્વાદ) કડવું તુંબડું, કડવો લીંબડો, કુટજ, કૃષ્ણકંદ વગેરેના સ્વાદ કરતાં પણ વધુ કડવો હોય છે. નીલ લેશ્યાનો રસ સૂંઠ, મરી, પીપર, મરચું, ચિત્રમૂલ વગેરેના સ્વાદ કરતાં પણ વધુ તીખો હોય છે. કાપોતલેશ્યાનો રસ કાચી કેરી, કાચું કોઠું, કાચું દાડમ, બીજોરું, બીલું, ફણસ વગેરેના સ્વાદ કરતાં પણ વધુ તુરો હોય છે. આ ત્રણે લેશ્યાનો રસ અપ્રીતિકર, અમનોજ્ઞ હોય છે. તેજો લેશ્યાનો રસ પાકી કેરી, પાકું કોઠું, પાકું દાડમ વગેરેના સ્વાદ જેવો ખટમીઠો હોય છે. પદ્મ લેશ્યાનો રસ ચન્દ્રપ્રભા, ઉત્તમ વારુણી, મધ, ખજૂરાસવ, દ્રાક્ષાસવ વગેરેના સ્વાદ જેવો મધુર હોય છે. શુકલ લેશ્યાનો રસ ગોળ, સાકર, ખજૂર, દ્રાક્ષ, ખીર, લાડુ વગેરેના સ્વાદ જેવો મીઠો હોય છે.

કૃષ્ણ, નીલ અને કાપોત એ ત્રણે લેશ્યાનો સ્પર્શ કરવત, ગાયની જીભ, સાગવૃક્ષનાં પાંદડાં વગેરેના જેવો કર્કશ હોય છે. તેજો, પદ્મ અને શુકલ એ ત્રણ લેશ્યાનો સ્પર્શ માખણ, શિરીષનાં ફૂલ વગેરેના કોમળ સ્પર્શ કરતાં વધારે કોમળ હોય છે.

દ્રવ્ય લેશ્યાના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ વિશે જે અહીં કહ્યું છે તે એ પુદ્ગલ પરમાણુઓમાં કેટલી ક્ષમતા રહેલી છે તે બતાવવા માટે છે. એવાં પરમાણુઓ બહાર જો સ્કંધરૂપ હોય તો આવો અનુભવ અવશ્ય થાય.

શુભ અને અશુભ લેશ્યાનાં સ્થાન ક્યાં ક્યાં અને ક્યારે ક્યારે હોય છે એ માટે ભગવાને કહ્યું છે કે અસંખ્ય અવસર્પિણી અને અસંખ્ય ઉત્સર્પિણીના જેટલા 'સમય' અને ચૌદ રાજલોકના જેટલા આકાશપ્રદેશો હોય તેટલાં શુભાશુભ લેશ્યાનાં સ્થાન જાણવાં. મતલબ કે સર્વ કાળે અને સર્વ ક્ષેત્રે શુભ અને અશુભ લેશ્યા હોય છે.

લેશ્યા અને કષાયનો અવિનાભાવ સંબંધ નથી. એટલે કે જ્યાં કષાય છે ત્યાં લેશ્યા અવશ્ય હોય જ છે, પણ જ્યાં લેશ્યા હોય તો ત્યાં કષાય હોવા જ જોઇએ એવું નથી. એનું ઉદાહરણ કેવળજ્ઞાનીની લેશ્યા છે. કેવળજ્ઞાન થયા પછી કેવળજ્ઞાનીને ફક્ત એક શુકલ લેશ્યા જ હોય છે, પરંતુ કેવળજ્ઞાનીને કષાય હોતા નથી.

લેશ્યા અને યોગ (મન, વચન કે કાયાના અથવા ત્રણેના) વચ્ચેનો સંબંધ અવિનાભાવ છે. જ્યાં યોગ છે ત્યાં લેશ્યા છે અને જ્યાં લેશ્યા છે ત્યાં યોગ છે. લેશ્યા માટે મન, વચન અને કાયા એ ત્રણેના યોગ સાથે હોવા અનિવાર્ય નથી. એકેન્દ્રિય જીવોમાં ફક્ત કાયયોગ હોય છે. તેઓને વચનયોગ અને મનોયોગ ન હોવા છતાં તેઓને લેશ્યા હોય છે. સયોગી કેવળીને શુકલ લેશ્યા હોય છે. અયોગી કેવળી અલેશી હોય છે.

લેશ્યાનો જ્ઞાન-અજ્ઞાન સાથે સંબંધ કેવો છે એ વિશે ભગવતીસૂત્રમાં કહ્યું છે કે કૃષ્ણલેશ્યાથી પદ્મલેશ્યાવાળા જીવોમાં ચાર જ્ઞાન અને ત્રણ અજ્ઞાનની ભજના હોય છે. શુકલલેશ્યાવાળા જીવોમાં પાંચ જ્ઞાન તથા ત્રણ અજ્ઞાનની ભજના હોય છે. અલેશી જીવમાં નિયમથી ફક્ત એક કેવળજ્ઞાન હોય છે.

જેમ જેમ લેશ્યાની વિશુદ્ધિ થતી જાય તેમ તેમ જ્ઞાનની વિશુદ્ધિ થતી જાય છે. વિશુદ્ધ જ્ઞાન માટે લેશ્યાની વિશુદ્ધિ હોવી જરૂરી છે. ઉદાહરણ તરીકે વિશુદ્ધ લેશ્યા હોય તો જ જાતિસ્મરણ જ્ઞાન થાય છે અને તો જ અવધિજ્ઞાન થાય છે.

મન:પર્યવ જ્ઞાન અતિશય વિશુદ્ધ જ્ઞાન છે અને કૃષ્ણલેશ્યા તો સંક્લિષ્ટ અધ્યવસાયરૂપ છે. તો પછી કૃષ્ણલેશ્યા અને મન:પર્યવ જ્ઞાનનો સંબંધ કેવી રીતે ઘટી શકે ? આ પ્રશ્નનો ઉત્તર આપતાં પ્રજ્ઞાપનાસૂત્રમાં કહેવાયું છે કે પ્રત્યેક લેશ્યાના અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ અધ્યવસાય હોય છે. એમાંથી કેટલાયે મંદ રસવાળાં અધ્યવસાયસ્થાન પ્રમત્તસંયતને પણ હોય છે. એટલે કૃષ્ણ લેશ્યા, નીલ લેશ્યા અને કાપોત લેશ્યા પ્રમત્ત ગુણસ્થાન સુધી હોય છે. બીજી બાજુ મન:પર્યવજ્ઞાન સૌ પ્રથમ થાય છે તો અપ્રમત્ત ગુણસ્થાનવાળાને જ. પરંતુ અપ્રમત્ત ગુણસ્થાન અને પ્રમત્ત ગુણસ્થાન વચ્ચે ચઢઊતર, આવનજાવન થાય છે. એટલે અપ્રમત્ત ગુણસ્થાનવાળા મહાત્મા જો અને જ્યારે પ્રમત્ત ગુણસ્થાનકે આવે ત્યારે મન:પર્યવજ્ઞાન તો હોય જ છે. આ રીતે કૃષ્ણ લેશ્યાવાળાને પણ મન:પર્યવજ્ઞાન સંભવી શકે છે. આ એક સંભાવના છે. જો કે એ અત્યંત વિરલ અને અપવાદરૂપ છે.

પૃથ્વીકાય, અપકાય, વનસ્પતિકાય વગેરેમાં રહેતો કૃષ્ણ લેશ્યાવાળો (અથવા નીલ કે કાપોત લેશ્યાવાળો) જીવ અનન્તર ભવમાં-પછીના તરતના ભવમાં મનુષ્યગતિ પામી શકે છે, કેવળજ્ઞાન પામી શકે છે અને મોક્ષગતિ પામી સિદ્ધ પરમાત્મા થઈ શકે છે. એવા જીવોની તેવી ભવિતવ્યતા હોય છે. એમાં આગળ જતાં એમને શુકલ લેશ્યા સહાયભૂત થાય છે. મિથ્યાત્વ ગુણસ્થાનકે પણ શુકલ લેશ્યા હોય છે.

લેશ્યા અને ધ્યાનનો વિચાર કરીએ તો આર્ત્તધ્યાન વખતે કૃષ્ણ, નીલ અને કાપોત એ ત્રણ અશુભ લેશ્યાઓ હોય છે. રૌદ્રધ્યાન વખતે પણ એ જ ત્રણ અશુભ લેશ્યાઓ હોય છે. પરંતુ તેનું પરિણામન વધારે તીવ્ર હોય છે. આર્ત્તધ્યાન કરતાં રૌદ્રધ્યાનમાં લેશ્યા અતિસંક્લિષ્ટ પરિણામવાળી હોય છે. ધર્મધ્યાનના સમયે તેજો, પદ્મ અને શુકલ લેશ્યા હોય છે. શુકલધ્યાનના પહેલા બે પાયા (ચરણ)માં ફક્ત શુકલ લેશ્યા હોય છે, ત્રીજા ચરણમાં પરમ શુકલ લેશ્યા હોય છે અને ચોથા ચરણમાં જીવ લેશ્યાતીત હોય છે.

લેશ્યાઓનું પરિણમન કેવા પ્રકારે થાય છે એ વિશે ભગવાને ગૌતમસ્વામીને કહ્યું છે કે 'હે ગૌતમ! સર્વ લેશ્યાઓ ત્રણ પ્રકારે, નવ પ્રકારે, સત્તાવીસ પ્રકારે, એક્યાસી પ્રકારે, બસો તેતાલીસ પ્રકારે અથવા એથી પણ ઘણા બધા પ્રકારે પરિણામોમાં પરિણત થાય છે. કૃષ્ણલેશ્યા નીલલેશ્યાને પ્રાપ્ત કરીને એના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શના રૂપમાં પરિણમન પામે છે. એવી જ રીતે બીજી લેશ્યાઓ પણ પરિણમન પામે છે. જેમ દૂધ મેળવણ (છાશ વગેરે ખટાશવાળું જામણ) પ્રાપ્ત કરીને પછી એના જ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શને વારંવાર પ્રાપ્ત કરતું રહે છે અને પછી દૂધ દહીં થઈ જાય છે-એ રીતે એક લેશ્યામાંથી બીજી લેશ્યાનું પરિણામન થાય છે. આ પ્રકારના પરિણમનને લેશ્યાગતિ કહેવામાં આવે છે.'

લેશ્યાનું પરિણમન કોઈ જડ વિભાજન જેવું નથી. એટલે કે એક લેશ્યા પૂરી થાય પછી જ બીજી લેશ્યા ચાલુ થાય એવું નથી. બે લેશ્યાઓના વારંવાર સંમિશ્રણથી એકમાંથી બીજીનું પરિણમન થાય છે. આ પરિણમન સતત ઉર્ધ્વગામી જ રહે અથવા સતત અધોગામી જ રહે અથવા છએ લેશ્યાએ આખું વર્તુળ પૂરું કરવાનું જ રહે એવું નથી. શુકલલેશ્યાવાળો કૃષ્ણલેશ્યામાં પણ આવી જાય અને કૃષ્ણલેશ્યાવાળો શુકલલેશ્યામાં આવી જાય. આ પરિણમન માટે કોઈ કાળ નિશ્ચિત નથી. અંતમુહૂર્તમાં એકમાંથી બીજી લેશ્યામાં પરિણમન થઈ શકે છે. પ્રસન્નચંદ્ર રાજર્ષિનું એ માટે સચોટ ઉદાહરણ છે. શુકલલેશ્યામાંથી પરમ કૃષ્ણલેશ્યા અને પરમકૃષ્ણામાંથી પરમ શુકલલેશ્યામાં પરિણમન કેટલા અલ્પકાળમાં થયું હતું! નરકગતિમાંથી બચાવી કેવળજ્ઞાન અપાવ્યું!

જેમ દૂધ અને દહીંનું દૃષ્ટાન્ત આપવામાં આવે છે તેમ શુદ્ધ શ્વેત વસ્ત્રમાં પડેલા કોઈ રંગનું પ્રવાહી પડતાંની સાથે જેમ પ્રસરી જાય છે એનું દૃષ્ટાન્ત આપવામાં આવે છે અથવા વૈડૂર્યમણિમાં પરોવેલા રંગીન દોરાનું દૃષ્ટાન્ત પણ આપવામાં આવે છે.

લેશ્યાના પરિણમન અને જીવનાં ઉત્પત્તિ તથા મરણ વિશે ઉત્તરાધ્યયનસૂત્રમાં કહ્યું છે:

लेसाहिं सव्वाहिं पढमे समयम्मि परिणयाहिं तु ।
न हु कस्सइ उववाओ, परे भवे अत्थि जीवस्स ॥
लेसाहिं सव्वाहिं चरिमे समयम्मि परिणयाहिं तु ।
न हु कस्सइ उववाओ परे भवे अत्थि जीवस्स ।
अंतमुहुत्तम्मि गए अंतमुहुत्तम्मि सेसए चेव ।
लेसाहिं परिणयाहिं, जीवा गच्छन्ति परलोयं ॥

બધી જ લેશ્યાઓમાં એના પ્રથમ સમયની પરિણતિ અને અંતિમ સમયની પરિણતિ વખતે કોઈ પણ જીવની પરભવમાં ઉત્પત્તિ થતી નથી. લેશ્યાની પરિણતિ થાય તે પછી અંતમુહૂર્તમાં જીવ પરલોકમાં જાય છે. એટલે કે મરણવેળા એ આગામી ભવની લેશ્યા પરિણમ્યા પછી અંતમુહૂર્ત બાદ અને અંતમુહૂર્ત બાકી રહે ત્યારે જીવ પર લોકમાં જાય છે. લેશ્યાની વ્યવસ્થા એવી છે કે જે ગતિમાં જવાનું હોય તેવા આકારમાં મૃત્યુના એક સમય પહેલાં તે પરિણત થાય છે. પરલોકમાં જે લેશ્યા પ્રાપ્ત થવાની હોય તે લેશ્યા મરણ પહેલાં એક અંતમુહૂર્ત વહેલી આવે છે. એટલા માટે, ઉદાહરણ તરીકે, કૃષ્ણ લેશ્યાની ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીસ સાગરોપમ ઉપરાંત વધારાના એક અંતમુહૂર્તની હોય છે. બીજી લેશ્યાઓમાં પણ તે પ્રમાણે સમજવું.

મૃત્યુ પામનાર જીવની ગતિમાં લેશ્યાના યોગ અંગે શ્રી ભગવતી સૂત્રમાં કહ્યું છે કે કોઈ ગર્ભસ્થ જીવ ગર્ભમાં જ મૃત્યુ પામીને જો નરક ગતિમાં ઉત્પન્ન થાય તો મરણકાળે તે જીવનાં લેશ્યા-પરિણામ પણ તેવાં જ હોય છે. એવી રીતે કોઈ ગર્ભસ્થ જીવ ગર્ભમાં જ મૃત્યુ પામીને દેવલોકમાં ઉત્પન્ન થાય તો મરણકાળે તે જીવનાં લેશ્યાપરિણામ પણ તેવાં જ હોય છે.

મૃત્યુ સમયે જીવની જે લેશ્યા હોય છે તેમાં પણ પરિણમનની તરતમતા સંભવી શકે છે. એટલે એ પ્રમાણે મરણના પ્રકાર સ્થાનાંગસૂત્રની

ટીકામાં દર્શાવ્યા છે.

મૃત્યુ સમયે લેશ્યા જેમ છે તેમ જ અવસ્થિત રહે તો એને સ્થિત લેશ્યામરણ કહે છે. એ સમયે જો લેશ્યા સંક્લિષ્ટ થાય તો સંક્લિષ્ટ લેશ્યામરણ કહે છે અને મૃત્યુ સમયે લેશ્યાના પર્યાયો પ્રતિસમય વિશુદ્ધ થતા રહે તો તેને પર્યવજાતલેશ્યામરણ કહે છે. મરણ સમયે લેશ્યા અવિશુદ્ધ ન થતી હોય તો અસંક્લિષ્ટલેશ્યામરણ કહે છે અને પર્યાયોમાં વિશુદ્ધિ ન થતી હોય તો અપર્યવજાતલેશ્યામરણ કહે છે.

મરણના બાલમરણ, પંડિતમરણ અને બાલપંડિતમરણ તથા પંડિત બાલમરણ એવા પ્રકારો પાડવામાં આવે છે. એ પ્રકાર અનુસાર એ સમયની લેશ્યાના પર્યાયોમાં શુદ્ધિ–અશુદ્ધિની દૃષ્ટિએ પણ પ્રકારો વિચારાયા છે.

મૃત્યુ સમયની જીવની લેશ્યા કેટલી શુભ કે અશુભ છે અને એમાં પણ તે કેટલી અવગાઢ (મગ્નતાયુક્ત) છે તે પ્રમાણે જીવને પરભવમાં બોધિલાભ અને સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. ઉત્તરાધ્યયન સૂત્રના ૩૬મા અધ્યયનમાં અંતે કહ્યું છે કે જે જીવો સમ્યગ્દર્શનમાં અનુરક્ત, નિયાણુ ન કરનાર અને શુકલલેશ્યામાં અવગાઢ હોય છે અને તે જ ભાવમાં મૃત્યુ પામે છે તે જીવો પરભવમાં સુલભબોધિ થાય છે. જે જીવો મિથ્યાદર્શનમાં અનુરક્ત, નિયાણુ કરવાવાળા અને કૃષ્ણ લેશ્યામાં અવગાઢ હોય છે અને તે જ ભાવમાં મૃત્યુ પામે છે તે જીવો પરભવમાં દુર્લભબોધિ થાય છે.

ચાર ગતિ અને ચોર્યાશી લાખ યોનિના જીવો એક ગતિમાંથી બીજી ગતિમાં, એક યોનિમાંથી બીજી યોનિમાં ઉત્પન્ન થાય ત્યારે તેમની લેશ્યાઓનું પરિણમન કેવું થાય છે એ વિશે બહુ સૂક્ષ્મતાથી ભગવતીસૂત્ર, પ્રજ્ઞાપનાસૂત્ર વગેરેમાં દર્શાવવામાં આવ્યું છે. એ આખો વિષય પરિભાષિક અને કઠિન છે, પરંતુ જો રસ પડે તો બહુ ગમે એવો વિષય છે.

આધુનિક વિજ્ઞાને જે કેટલાંક સૂક્ષ્મદર્શક સાધનો બનાવ્યાં છે એમાં કિર્લિયન ફોટોગ્રાફી પણ છે. આ ફોટોગ્રાફી દ્વારા મનુષ્યના શરીરમાંથી બહાર જે આભા (Aura) નીકળે છે એ આભામંડળનો ફોટો લઈ શકાય છે. આ ફોટોગ્રાફમાં મનુષ્યના મસ્તકની બહાર, એના મનમાં ચાલતા વિચારો, અધ્યવસાયો અનુસાર જે આભામંડળ રચાય છે તે દેખાય છે. દરેકનું આભામંડળ જુદું હોય છે. દ્રવ્ય લેશ્યામાં વર્ણ, રસ, સ્પર્શ અને ગંધ એમ ચાર હોય છે. આ ફોટોગ્રાફમાં માત્ર વર્ણ દેખાય છે. ફોટોગ્રાફનું આ આભામંડળ એ લેશ્યાનું જ સંપૂર્ણ રંગપ્રતિબિંબ છે એમ તરત નિશ્ચિતપણે નહિ કહી શકાય. એમાં હજુ સંશોધનને–અભ્યાસને ઘણો અવકાશ છે. કારણ કે લેશ્યાનાં છ રંગ છે, જ્યારે આભામંડળના ફોટોગ્રાફમાં વાદળી, રાખોડી વગેરે બે ત્રણ રંગ આછા કે ઘેરા દેખાય છે, પરંતુ મનુષ્યના મનમાં ઊઠતા વિચારો, ભાવો, અધ્યવસાયો અનુસાર શરીરમાં, વિશેષતઃ મસ્તકમાં સૂક્ષ્મ રંગો ઉદ્‌ભવે છે અને તે બહાર આવે છે એમ આધુનિક વિજ્ઞાન સ્વીકારતું થયું છે.

લેશ્યાને આભામંડળ, શરીરનાં ચક્રો, જ્યોતિષશાસ્ત્ર, રંગ ચિકિત્સા, રત્નચિકિત્સા વગેરે શાસ્ત્રો સાથે સંબંધ હોવાનું અનુમાન થાય છે. આ વિશે અભ્યાસ થવા લાગ્યો છે અને એ વિશે ભવિષ્યમાં વધુ પ્રકાશ પડવાનો સંભવ છે. (હાલ પ. પૂ. શ્રી નંદીઘોષવિજયજી મહારાજ એ વિષયમાં ઊંડો અભ્યાસ કરી રહ્યા છે.) આપણને આનંદ એ વાતનો હોઈ શકે કે અગાઉ સામાન્ય માણસો જે સૂક્ષ્મ વાતોને માનતા ન હતા અથવા માત્ર શ્રદ્ધાથી જ સ્વીકારતા હતા તે વાતો હવે તેમને પ્રતીતિકર લાગે છે અને એથી જૈન ધર્મમાં એમની શ્રદ્ધા સવિશેષ દૃઢ થાય છે.

જેઓને ધાર્મિક–આધ્યાત્મિક દૃષ્ટિએ નહિ પણ માત્ર ઐહિક જીવનની દૃષ્ટિએ વિચાર કરવો છે તેઓએ પણ એ જાણવું જોઇએ. અશુભ લેશ્યાઓના સતત પરિણમનથી શરીરમાં રોગો ઉત્પન્ન થાય છે અને શુભ લેશ્યાઓના સતત પરિણમનથી સ્વાસ્થ્ય સારું રહે છે. પ્રજ્ઞાપના સૂત્રની મલયગિરિ–વિરચિત ટીકામાં કહ્યું છે :

तथापि शीतरुक्षो स्पर्शौ आद्यानां तिसृणां
चित्तास्वास्थ्यजनने स्निग्धोष्णस्पर्शौ उत्तराणां
तिसृणां लेश्यानां परमसंतोषोत्पादने साधकतमौ ।

અર્થાત્ આરંભની ત્રણ અશુભ લેશ્યાથી ચિત્તની અસ્વસ્થતા પેદા થાય છે અને પછીની ત્રણ શુભ લેશ્યાથી પરમ સંતોષ પ્રાપ્ત થાય છે. એટલે જ આપણે સામાયિક, પ્રતિક્રમણ વગેરે કરીએ છીએ ત્યારે મુહપત્તિના પડિલેહણમાં મસ્તકે મુહપત્તિ રાખી અશુભ લેશ્યા પરિહરવાની ક્રિયા કરીએ છીએ.

ભગવાન મહાવીર સ્વામીએ 'ઉત્તરાધ્યનસૂત્ર'માં કહ્યું છે :

तम्हा एयासि लेसाणं, अणुभावे वियाणिया ।
अपसत्थाओ वज्जित्ता पसत्थाओडहिट्ठिए मुणी ॥

આમ, આ લેશ્યાઓના અનુભવો જાણીને મુનિએ અપ્રશસ્ત લેશ્યાઓ છોડીને પ્રશસ્ત લેશ્યાઓમાં અવસ્થિત રહેવું.

ભગવાને મુનિઓને જે બોધ આપ્યો છે તે ગૃહસ્થોએ પણ ગ્રહણ કરવા યોગ્ય છે. એક વખત લેશ્યા વિશે સમજ પડે અને એ વિશે સભાનતા આવે તો અશુભ લેશ્યામાં સરી ન પડવું અને સરી પડાય તો તરત શુભ લેશ્યામાં આવી જવું જોઇએ. લેશ્યા એ જીવને મોક્ષગતિ સુધી પહોંચાડનાર એક વિશિષ્ટ શક્તિ છે.

☐ **રમણલાલ ચી. શાહ**

# ઘરમાંની છબીઓ

## ☐ ડૉ. રણજિત પટેલ (અનામી)

આઠેક દાયકાનું તો મને સ્પષ્ટ સ્મરણ છે કે આજકાલ છબીઓનું લોકોને જે ઘેલું લાગ્યું છે તે એકાદ સૈકા પૂર્વે નહોતું. મારા ગામનાં અનેક ઘરોમાં છબીઓ જોવા મળી નથી. જે સુખી ઘરોમાં છબીઓ હતી તે પણ મોટે ભાગે તો કૃષ્ણની અને અંબામાતાની. રામભક્તો કે સ્વામીનારાયણ સંપ્રદાયના ભક્તો એમની શ્રદ્ધાનુસાર એમના ઇષ્ટદેવની છબીઓ રાખતા પણ ખૂબ જ ઓછા પ્રમાણમાં. આજથી એંશી વર્ષ ઉપર અમારા પાણિયારાની દિવાલ ઉપર અંબામાતાની એક છબી હતી જ્યાં દાદી દરરોજ દીવો કરી પગે લાગતાં. દાદા અને પિતાજી તો દંતધાવનનો વિધિ પતાવી, ઊભા થઈ બે હાથ જોડી, મસ્તક નમાવી, સૂર્યદેવતાને–પૂષનને (જે જગતનું પોષણ કરનાર છે) મંત્ર ભણી અર્ઘ્ય આપતા. એ એમની નિત્યનૂતન પરમાત્માની પ્રગટ-છબી હતી !

અંબામાતાની છબીમાં આઠ દશ વર્ષનો થયો ત્યાં સુધીમાં મને દ્વિવિધ રસ હતો. શક્તિના પ્રતીક રૂપે વાઘ પરની સવારી ને એક હાથમાં તલવાર. મને વાઘ, એક શક્તિશાળી નારી ને તલવારમાં જ રસ હતો. એનું માહાત્મ્ય સમજવાની વય પણ ક્યાં હતી ? અને મારી માતાનું નામ પણ અંબા હતું...એટલે દ્વિ-વિધ રસ ! અંબા ભવાનીની છબીમાં હું મારી માતાનું દર્શન કરતો !

એ પછી અંબામાતાની છબી પાસે એક 'અર્ધનગ્ન ફકીર'ની છબી લટકી!–રાષ્ટ્રપિતા ગાંધીજીની. પ્રો. ચીમનભાઇ નારણભાઈ પટેલે ગાંધીજી અંગે એક પુસ્તક પ્રગટ કર્યું છે તેમાં એ છબી છે...હશે સને ૧૯૨૧ની !–આજકાલ એ છબી વિરલ છે પણ ગાંધીજી શરૂઆતની છબીમાં કબીર જેવા લાગે છે ! ગાંધીજીના આશ્રમમાં અમારા ગામના

એક સત્યાગ્રહી–શ્રી મૂળશંકર રાવળ રહેતા હતા–પિતાજીના એ ખાસ મિત્ર હતા. કોઈ કામ પ્રસંગે પિતાજી ગાંધીજીના આશ્રમમાં ગયેલા ત્યાંથી શ્રી રાવળ દ્વારા એ છબી મળેલી. પિતાજી એ બે છબીઓ સમક્ષ હાથ જોડી પાંચેક મિનીટ ધ્યાન ધરતા. સને ૧૯૩૨માં હું અંગ્રેજી પાંચમા ધોરણમાં આવ્યો ત્યારે પિતાજીએ કહેલા શબ્દો હજી મારી સ્મૃતિમાં ગૂંજે છે: 'આ દુનિયામાં બે પ્રત્યક્ષ દેવતા છે. એક પ્રત્યેક પ્રભાતે પૂર્વમાં ઉગતા સૂર્યનારાયણ ને બીજા આ મહાત્માજી: એ સિવાય બીજા દેવોને તો આપણે ક્યાં દીઠા છે ?

મને નવાઈની વાત તો એ લાગે છે કે વર્ષો સુધી અમારા ઘરમાં કુટુંબના કોઈ વડીલનો ફોટો જ ન મળે ! લગભગ સાઈઠ વર્ષે પહોંચેલા પિતાજીને એકવાર એમનો ફોટો પડાવવાની વાત કરી તો નિર્લેપભાવે કહે: 'દેહનો ફોટો પડાવીને શું કરવાનો ? કોઈ મનનો ફોટો પાડી આપે છે ?'...પણ એમને જ્યારે પંચોતેર થયાં ત્યારે અમો એમને અમદાવાદના એક સ્ટુડિયોમાં લઈ ગયા ને એમની ઈચ્છા વિરુદ્ધ એક સરસ ફોટો પડાવ્યો. એની મોટી પાંચ નકલો કઢાવી, સરસ ફ્રેમમાં મઢી મેં ચાર ભાઇઓને ને એક બહેનને આપી...થોડાંક દિવસ બાદ પિતાજી ખિન્નભાવે બોલ્યા: 'મારા પિતાજીનો ફોટો હોત તો હું એમને છબીમાં તો જોઈ શકત !'

સને ૧૯૩૦ થી સને ૧૯૫૦ સુધીમાં પેલા ગણતર દેવોની છબીઓ સાથે બીજા ચાર-પાંચ દેશભક્તિના દેવો બિરાજમાન થઈ ગયા. ગાંધીજી, જવાહર, સરદાર, સુભાષ, ભગતસિંહ. એક ફોટામાં ત્રણ દેશભક્તો વચ્ચે ગાંધીજી–કેવળ એકવસ્ત્રા–આજુબાજુ જવાહર ને સરદાર. ગુફ્તેગો વખતની એ છબી સર્વના આકર્ષણનું કેન્દ્ર બની. આ ઉપરાંત અમારા ઘરમાં કવિવર રવીન્દ્રનાથ ટાગોર ને મહર્ષિ અરવિંદના ફોટા પણ આવી ગયા. ટાગોરના ફોટાને જોતાં 'ગીતાંજલિ' યાદ આવી જાય અને અરવિંદની છબી જોતાં 'સાવિત્રી' મહાકાવ્ય. મેં એ બંનેના ફોટા ગાંધીજીને વચમાં રાખીને દીવાલે જડેલા. યોગસિદ્ધિમાં આગળ વધેલા મહર્ષિ અરવિંદને એકવાર કવિવર રવીન્દ્રનાથ મળવા ગયા. અરવિંદે હસ્તધૂનન માટે હાથ લંબાવ્યો, કવિવરે બે હસ્ત જોડી કેવળ પ્રણામ જ કર્યા. ગરિમાની બાબતમાં કોણ કોનાથી ચઢે ? જ્યારે જ્યારે આ ઋષિ-કવિના ફોટાનું દર્શન કરું ત્યારે ત્યારે મને એ ગૌરવવંતો પ્રસંગ યાદ આવે છે.

દાદા અને પિતાજીનો ઝાઝેરો ઝોક અધ્યાત્મ પ્રત્યે હતો...અમારી પેઢીમાં રાષ્ટ્રભક્તિ ભળી. ગાંધીજી દેશભક્તિના, અરવિંદ યોગ-અધ્યાત્મના ને કવિવર સાહિત્ય કલાના પ્રતીક સમા બની રહ્યા. આ વિભૂતિ–ત્રિવેણીએ, અઢી-ત્રણ દાયકા સુધી, રાષ્ટ્રીય યૌવનધનને પ્રેરણાનાં પીયૂષ પાયાં. એ ત્રણેય પોતપોતાની રીતે નખશિખ રાષ્ટ્રભક્તો હતા. પ્રસંગોપાત આવશ્યક લાગ્યો ત્યાં, એકબીજાની વિચારસરણીનો તાત્ત્વિક વિરોધ પણ કર્યો છતાંયે ત્રણેયનું ધ્યેય તો એક જ હતું...મંઝિલ પણ એક જ હતી...ને એ સિદ્ધ કરીને ત્રણેયે ઇતિહાસ સર્જીને કાળની કેડીએ કીર્તિદા પ્રયાણ કર્યું.

કામ પ્રસંગે એકાદ અઠવાડિયા માટે મારે બહારગામ જવાનું થયું. આવીને જોઉં છું તો ફ્રેમમાં એ ત્રિપુટીના ફોટા જ ન મળે. જ્યારે સને ૧૯૬૩માં હું મારા નવા 'અનામી ભવન'માં રહેવા આવ્યો ત્યારે મારા પરમ આત્મીય સુહૃદ શ્રી રતિલાલ ભાવસારે (ગુલશને બહાર) એ ત્રણેય ફોટા ખરીદેલા ને સુંદર ફ્રેમમાં મઢેલા. મને એ ત્રણેય ફોટા માટે આગવો આદર ને ભારે આકર્ષણ હતું. તપાસ કરતાં જાણવા મળ્યું કે અમારી ત્રીજી પેઢીના બે પૌત્રોનું એ પરાક્રમ હતું ! જમાનો બદલાતો લાગ્યો. નવી પેઢીનાં રસરુચિ પણ બદલાયાં. એમનો આદર્શ બદલાયો. અધ્યાત્મ ને રાષ્ટ્રભક્તિને બદલે અભિનેતાઓ અને રમતવીરો એમનાં આદર્શ બની બેઠા ! સંપત્તિ અને 'ગ્લેમર'માં અંજાઈ જવા લાગ્યા. આદર્શ અને પ્રેરણાનું કેન્દ્ર જ જાણે કે બદલાઈ ગયું !

કેન્દ્રમાં ને ફ્રેમમાં કુંદનલાલ સેહગલ, અમિતાભ બચ્ચન, બ્રેડમેન ને ગાવસ્કર, ધ્યાનચંદ ને પેલે ને મુક્કાબાજ માઈક ટાયસન આવી ગયા ! પૌત્રો કૂદી કૂદીને આ કલાકારો ને રમતવીરોની સિદ્ધિઓનાં વખાણ કરે...જે તે સામયિકોમાંથી એમના ફોટા ને સિદ્ધિઓના આંકડા ભેગા કરી ફાઈલ બનાવે. એમની સંપત્તિને અહોભાવપૂર્વક બિરદાવે. પેલા મુક્કાબાજની છબી બતાવી મને કહે: 'દાદા ! મુક્કાબાજીમાં આ વિશ્વચેમ્પિયન કેટલું કમાયો છે-ખબર છે ?' હું મારું અજ્ઞાન જાહેર કરું એટલે કહે : 'ખાસ્સા ત્રીસ કરોડ ડોલર ! એને પચાસે ગુણો...કેટલા બધા રૂપિયા થયા ! અને બ્રેડમેને કેટલી સેન્ચ્યુરી મારી છે ખબર છે ? ધ્યાનચંદે હોકીમાં ને પેલેએ ફુટબોલમાં શી શી કમાલ કરી છે તે જો દાદા ! તમે જાણો ને તો અવાક્ બની જાવ.' આમેય હું ફ્રેમમાંથી ગાંધીજી–ટાગોર ને અરવિંદ ગયા ત્યારથી અવાક્ બની જ ગયો હતો!

જમાને જમાને, પેઢીએ પેઢીએ, રસ રુચિ વૃત્તિ–વલણો બદલાતાં જતાં હોય છે. આદર્શો બદલાતા જતા હોય છે. કસ્મૈ દેવાય હવિષા વિધેમ: 'કયા દેવને શ્રદ્ધા અર્ધ્ય ધરવો ?' એવા શંકાપ્રશ્નો દરેક પેઢીએ પૂછાતા હોય છે. કોઈવાર ધર્મવીર, કોઈવાર કર્મવીર, કોઈવાર કલાવીર, કોઈવાર રમતવીર, કોઈવાર રાજકારણી, કોઈવાર વિજ્ઞાનવીર પ્રજાના ચિત્તનો કબજો સર કરતા હોય છે. આવા સંજોગોમાં સમતા સાચવવી દુષ્કર બને છે.

અમારા કુટુંબમાં દાદા પરમ વૈષ્ણવ હતા, પિતાજીની શ્રદ્ધા ગાંધીજી અને શિવમાં હતી. મોટાભાઈ રામના ભક્ત હતા, મારાં શ્રીમતી સ્વામીનારાયણ હતાં. મોટા દીકરાને અને પુત્રવધૂને જલારામ બાપામાં શ્રદ્ધા છે તો એકાદ જીવ નાસ્તિક તો નહીં પણ અજ્ઞેયવાદી છે. સૌ પોતપોતાની શ્રદ્ધા પ્રમાણે એમના ઈષ્ટદેવની છબીઓ રાખે છે, પૂજે છે...એક પૌત્ર-વધૂએ તો દેવઘરમાં એકી સાથે નવેક દેવતાઓની છબીઓ રાખી છે. કોઈ દેવને વાંકું ન પડે ને નવમાંથી એકાદ તો રીઝે !

એકવારના ગુજરાત રાજ્યના આરોગ્યપ્રધાન ડૉ. ઠાકોરભાઈ પટેલનાં મોટાં બહેન શ્રીમતી કમુબહેનનું અવસાન થયું. મારાં શ્રીમતીનાં એ ખાસ બહેનપણી. અમો એમના બેસણામાં ગયેલા. બેસણામાં મૂકેલો સ્વ. કમુબહેનનો મોટો ફોટો જોઇ મારાં શ્રીમતીએ મને કહ્યું: 'આપણે પણ બેસણા વખતે કામમાં આવે એવા બે મોટા ફોટા પડાવીએ. છોકરાંઓને એટલી તકલીફ ઓછી.' મને હસવું તો આવ્યું પણ ગૃહિણીના વ્યાજબી પ્રસ્તાવનો રજમાત્ર વિરોધ કર્યા વિના સરસ ફોટા પડાવ્યા. તા. ૧૨-૧-૨૦૦૨ના રોજ શ્રીમતીનું અવસાન થતાં મને એમની અગમચેતી માટે અહોભાવ થયો ! મારા ફોટાના પૈસા લેખે લાગ્યા નથી ! ક્યારે લેખે લાગશે તે તો એકમાત્ર ભગવાન જાણે!

ઘરમાં ચોથી પેઢીના તો સેંકડો નહીં પણ હજારો ફોટા ભેગા થયા છે...આલ્બમો પણ અર્ધો ડઝન તો હશે જ. પણ મારી રૂમમાં મેં ત્રણ મોટા ફોટા એક લાઈનમાં ટીંગાડ્યા છે. ત્રણેયનું નામ એક જ છે. એક છે મોહન મુરલીવાળો-મુરલીધર, બીજો છે મોહન તકલીધર ને ત્રીજો છે મોહન હલધર...(કૃષિકાર મારા પિતાજી). આઠ દાયકાની સ્મૃતિને તાજી રાખવા માટે મારા ગામના ઘરના પાણિયારાનો અંબામાતાનો ફોટો એક ખુણામાં ટીંગાડ્યો છે જેના નિત્યદર્શને મારી માતાની સ્મૃતિ તાજી થાય છે.

ગમે તેવો નાસ્તિક કે અજ્ઞેયવાદી હોય પણ પ્રકૃતિથી માણસ મૂર્તિપૂજક છે. છબી-રાગ પણ એનું જ પ્રમાણ છે. ઘણીવાર સ્થૂલ નિર્જીવ છબીઓ પણ વ્યક્તિને પ્રેરણાપીયૂષ પાઈ ઉન્નતિને પંથે દોરી જતી હોય છે. એમના પ્રત્યે આપણો અભિગમ કેવો છે એના ઉપર પ્રેરણા કે ઉત્થાનનો આધાર છે.

❖❖❖

# બોધિદયાણં

**□ ડૉ. બિપિનચંદ્ર હીરાલાલ કાપડિયા**

'નમુત્થુણં' સૂત્ર કે જે ગણધર ભગવંતે રચ્યું છે તે અદ્વિતીય, મનનીય, રોચક, તત્ત્વગર્ભિત સમર્થ સૂત્ર છે. એનો ચૈત્યવંદન, સામાયિક, પ્રતિક્રમણ, પૌષધાદિમાં ઉપયોગ કરાય છે. સ્તુતિકાર ગૌતમસ્વામી અલૌકિક અને સારગર્ભિત સ્તુતિમાં પ્રભુના યશોગાન ગાય છે. તેમાં આવતાં પદોમાંનું એક પદ 'બોહિદયાણં' (બોધિદયાણં) છે. એ વિષે કંઈક લખવા પ્રેરાયો છું. તેનું બીજું નામ શક્રસ્તવ છે. તે વડે ઈન્દ્રે ભગવાનની સ્તુતિ કરી છે. નમુત્થુણંની જેમ ચૈત્યવંદનનાં અન્ય સૂત્રો જેવાં કે અરિહંત ચેઈઆણં, અન્નત્થ ઉસિ સિએણં, લોગસ્સ, પુસ્કરવર, સિદ્ધાણં બુદ્ધાણં અને જય વીયરાય તેમણે જ રચેલા સૂત્રો છે. જય વીયરાય અથવા પ્રાર્થનાસૂત્રમાં 'સમાહિમરણં ચ બોહિલાભો અ, સંપજ્જઉ મહ એઅં તુહનાહ પણામ કરણેણં' છે.

જગતમાં સ્તુતિ, પ્રાર્થનાનો અચિંત્ય મહિમા છે. પ્રાર્થના એટલે માગણી, સ્તુતિ એટલે ગુણગાન. પ્રત્યેક મુશ્કેલીમાં આવેલી વ્યક્તિ મંદિરમાં જઈ બે હાથ જેડી નતમસ્તકે મુશ્કેલીમાંથી પાર પડવા પ્રભુને પ્રાર્થે છે. જ્યાં જ્યાં પ્રદક્ષિણા ફરતા ભગવાનના બિંબ હોય ત્યાં ત્યાં વળી ગભારામાં અનેક જિનબિંબ હોય છે ત્યાં એકેક ભગવાનના સમ્યગ્ દર્શન-વંદનનો લાભ લેવા નતમસ્તકે 'નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં, નમો સ્વયં-સંબુદ્ધાણં વગેરે પદોથી લાભ લઈ શકાય. ચૈત્યવંદનમાં આવતું જયવીયરાયમાં 'તુહ પભાવ ઓ ભયવં ભવનિવ્વેઓ મગ્ગાણુસરિયા... ગુરજણપૂઆ પરત્થકરણં ચ સુહગુરુજોગો તવ્વયણસેવણા...બોહિલાભોઅં' છે જે બધું પ્રભુકૃપાના બળે છે. પોતે કંઈ તે વગર પ્રાપ્ત કરી શકે તેમ નથી. તે સમજવા જેવું છે.

નમુત્થુણંમાં આવતું એક પદ 'બોહિદયાણં' વિષે કંઈક જાણવા સમજવાનો પ્રયત્ન કરીએ. બોહિદયાણં એટલે બોધિ આપનારને નમસ્કાર હો. અહીં બોહિ એટલે શું ? બોહિ એટલે જિનેશ્વર દેવે કહેલા ધર્મની પ્રાપ્તિ. ધર્મની પ્રાપ્તિ બહુ વિશાળ અર્થમાં છે. 'અરિહંત ચેઈયાણં' સૂત્રમાં પણ તે પદો આવે છે. જેમકે 'બોહિલાણભવત્તિયા એ.' લાભ કેવો ? વીતરાગ બનવા સુધી જે જે ઉત્તરોત્તર ચઢિયાતા આંતરિક ધર્મ સ્પર્શવાની જરૂર છે તેની સ્પર્શના એ જ ધર્મપ્રાપ્તિ. અહીં 'બોધિ' શબ્દથી જિનોક્ત ધર્મપ્રાપ્તિ સમ્યગ્દર્શન સ્વરૂપ સમજવાની છે. જે ત્રણ કરણથી પ્રગટ થાય છે. ૧ યથાપ્રવૃત્તકરણ, ૨. અપૂર્વકરણ, ૩. અનિવૃત્તિકરણ. કરણ એટલે અત્યુતમ વિકાસિત શુભ અધ્યવસાયની પરાકાષ્ઠા. આવા પ્રકારના વીર્યોલ્લાસનું સ્ફુરણ રાગદ્વેષની તીવ્ર, મજબૂત ગ્રંથિ (ગાંઠ) જે પૂર્વે કદાપિ ભેદાઈ નથી તે હવે અપૂર્વકરણના પરાક્રમથી ભેદાય છે. રાગદ્વેષની જબરી પકડથી જીવે અનંતાનંત પુદ્ગલપરાવર્તો પસાર કર્યા છતાં પણ હતા ત્યાંના ત્યાં જ રહ્યા છીએ. જીવ, અભવ્ય જેવાં પણ, 'નવગ્રૈવેયક' સુધી જઈ આવ્યો, નિર્વિકાર જેવી સ્થિતિ પણ અનુભવી જ્યાં ઊંચી કોટિનું શાતાવેદનીય કર્મ ભોગવવાનું પરંતુ ત્યાં વિષય વિકાર નહિ, કષાય તો હોય જ શેના ! અભયદયાણં સંકેતિત સકલસત્ત્વ હિતાશય નથી જે પ્રતિજ્ઞા અને તે પ્રમાણેનું જીવન હોય તો જ ઘટી શકે. જેવાં કે સર્વાર્થસિદ્ધ અનુત્તરવાસી દેવો જેઓ વીતરાગ સમાન છે, નિર્વિકાર છે, જીવનભર હિંસાદિ પ્રવૃત્તિ રહિત હોવા છતાં સકલ સત્ત્વહિતાશયરૂપ ચારિત્રવાલા નથી કહેવાતા. સર્વાર્થસિદ્ધ-વિમાનના દેવો; દિવ્ય સામગ્રી જેમાં ઝુંમખે ઝુંમખે ૬૪-૩૨-૧૬-૮ મણના મોતી લટકે, પવનની લહેર અથડાવાથી મધુરા સંગીત નાદ ઉત્પન્ન કરે; અવધિજ્ઞાનમાં નીચલા સ્વર્ગની ક્રીડા-વિલાસાદિમાં રક્ત દેવાંગનાઓને જોઈ શકે; છતાં પણ કશું જ જોવા, સાંભળવાદિનો વિકાર કે ઉત્સુકતા સરખી નથી. પ્રતિજ્ઞા વગરના હોવાથી ચોથા ગુણસ્થાનકે હોય તેથી તેમને એક માનવ ભવ ૩૩ સાગરોપમ પછી જ મોક્ષ મળે છે. કરેલાં કર્મોની કેવી કઠણાઈ ! તેથી અપૂર્ણકરણનો ભગીરથ પ્રયત્ન કરવાથી રાગ-દ્વેષની કારમી પકડમાંથી છૂટવા પ્રયત્નશીલ થવાનું રહે છે. ગ્રંથિભેદાતાં સમ્યગ્દર્શનનાં દર્શન થાય છે. જે પ્રગટતાં પ્રશમ-સંવેગ-નિર્વેદ-અનુકંપા-આસ્તિક્ય નામના ગુણો પ્રગટે છે. એ પ્રગટે ઊલટા ક્રમથી એટલે આસ્તિક્યથી પ્રશમ સુધી.

બોધિ સુધીના પાંચ ગુણ જેવાં કે અભય, ચક્ષુ, માર્ગ, શરણ અને બોધિ અપુનર્બંધક આત્મામાં જ પ્રગટે. અપુનર્બંધક એટલે જે હવે સંસારકાળમાં ક્યારેય મિથ્યાત્ત્વાદિની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધવાનો નથી. આવાં આત્માનાં સુલક્ષણો તીવ્ર ભાવે પાપ ન કરે, સંસાર પર બહુમાન, આસ્થા-પક્ષપાત ન રાખે, સર્વત્ર ઔચિત્ય જાળવે. આવો આત્મા જ અભય, ચક્ષુ, માર્ગ, શરણ મેળવે છે. જ્યાં સુધી બંધાયેલાં કર્મોની સ્થિતિ એક ક્રોડા કોડ સાગરોપમની હોય ત્યાં સુધી જીવ ગ્રંથિદેશથી સુદૂર હોય છે. તેમાં સંખ્યાતા પલ્યોપમની સ્થિતિ અંતઃક્રોડાક્રોડી ઓછી થતાં સહેજે યથાપ્રવૃત્તિકરણ થાય. આ સ્થિતિના સ્થાનને ગ્રંથિસ્થાન કહેવાય. કર્મના બંધન, સંક્રમણ, ઉદીરણા ઉપશમના ક્ષપણા કરે છે.

અભવ્યો પણ આવું કરી ક્ષપણા થકી ગ્રંથિદેશે પહોંચે. આ કામ નદીગોળપાષાણ ન્યાયથી થાય. અહીંથી ભવ્યો તથા અભવ્યો બંને પાછા પડી શકે છે. પરંતુ જે જીવ ઉત્સાહ-વીર્યથી તે લંઘી જાય. મિથ્યાત્વને એટલે મંદ બનાવે. અપૂર્વ સ્થિતિઘાત, અપૂર્વરસઘાત, ગુણશ્રેણિ, અપૂર્વ ગુણ સંક્રમણ, અપૂર્વ સ્થિતિબંધ કરે ત્યારે શુદ્ધ અથવા ચરમ યથાપ્રવૃત્તકરણ થાય જે અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણથી બેથી શક્ય બને છે.

ગ્રંથિદેશ સુધીના આભાસરૂપ અભયાદિ ગુણો સ્વોત્તર ચક્ષુ આદિ ગુણને ઉત્પન્ન કરી શકતા નથી, પણ ગ્રંથિભેદ પછી અભય વગેરે ગુણ તે કરી શકે છે. પુનર્બંધક જીવોને ક્ષયોપશમ હોતો નથી. પણ સામાન્ય કોટિની વિશુદ્ધિ પ્રાપ્ત થઈ શકે છે. અપુનર્બંધક જીવને જે વિશુદ્ધ પરિણામ જાગે છે એથી કર્મોનો ક્ષયોપશમ, અમુક પ્રકારનો નાશ પ્રાપ્ત થાય છે. જાણવું જોઇએ કે મિથ્યાત્વ અને કષાય મોહનીય કર્મના ક્ષયોપશમ વગર આગળ વધાય, ચઢાય નહિ. આ બે જબરજસ્ત દોષો દબાવ્યા વિના ઉપલી કક્ષાના ગુણો કેવી રીતે પ્રાપ્ત થાય ?

સમ્યગ્દર્શન માટે (૧) વિશુદ્ધ અધ્યવસાય દ્વારા મિથ્યાત્વાદિ કર્મોનો ક્ષયોપશમ, (૨) ઔદાર્ય-દાક્ષિણ્ય-પાપજુગુપ્સા-નિર્મળ બોધ-જનપ્રિયત્વ જેવાં લોકોત્તર ભાવોની સિદ્ધિ., (૩) વિષયસુખ, ધર્મ-અરુચિ, ક્રોધની ખણજ અને દૃષ્ટિસંમોહની નિવૃત્તિ, (૪) અભય એટલે આત્મસ્વાસ્થ્ય, (૫) શરણ-તત્ત્વ જિજ્ઞાસા, સાચી શુશ્રૂષા, શ્રવણાદિ મેળવવું પડે.

અપુનર્બંધક દશા ચરમાવર્તકાળમાં જ થાય છે. ચરમાવર્ત એટલે હવે જેને મોક્ષે જવા માટે છેલ્લો પુદ્ગલપરાવર્તનો કાળ શરૂ થયો હોય. તેથી વધુ સંસારકાળને અચરમાવર્તકાળ કહેવાય. ચરમાવર્તમાં આવેલો જીવ ફરી પાછો અચરમાવર્તમાં જતો નથી. ભલે ચરમાવર્તમાં અનેકાનેક અસંખ્ય ભવો થઈ જાય ! ચરમાવર્તમાં પ્રવેશેલો જીવ અલ્પજીવી જીવ કહેવાય છે. તેથી વધુ કાળ જેમને બાકી છે તેમને તત્ત્વજ્ઞાન સ્પર્શવાની યોગ્યતાના અભાવે તે પ્રાપ્ત થઈ શકતું જ નથી. આથી તેઓને ત્યાજ્ય પદાર્થો ઉપાદેય નહિ છતાં ઉપાદેય તરીકે અને ઉપાદેયતત્ત્વ ત્યાજ્ય નહિ તે ત્યાજ્ય તરીકે જુએ છે. ચરમાવર્તકાળમાં આવ્યા પછી જ રુચે

છે. અપુનર્બંધક જીવ ઉદાર, સંતુષ્ટ, સ્વકલ્યાણદર્શી, પરકલ્યાણ-પ્રસન્ન, નિર્ભય, સરળ, પ્રાજ્ઞ, તત્ત્વદર્શી હોવાથી સફળ કાર્યારંભી હોય છે.

બોધિની પ્રાપ્તિ માટે પણ પંચકારણવાદ મહત્ત્વ ધરાવે છે. તે છે:- કાળ, સ્વભાવ, નિયતિ, ભાગ્ય અને પુરુષાર્થ. આચાર્ય ભગવાન શ્રી હરિભદ્રસૂરિશ્વરજી કહે છે કે કલ્યાણમાર્ગ અપુનર્બંધકાદિ જીવોથી આચરાયેલો છે. જેઓ 'ક્ષીણપ્રાયકર્મ હોય છે, વિશુદ્ધઆશયવાળા હોય છે, ભવ અબહુમાની હોય છે અને મહાપુરુષો હોય છે.' ક્ષીણપ્રાય:કર્મ એટલે શુભ ભાવ દ્વારા આયુ:કર્મ સિવાય સમગ્ર કર્મોની સ્થિતિ સમગ્ર કાળસ્થિતિમાંથી કેટલાયે ક્રોડાક્રોડીનો ક્ષય કરી એક ક્રોડાક્રોડ સાગરોપમની અંદરની કરી મૂકે છે અને કર્મમળનો રસ મંદ કરી મૂકે છે. વળી મિથ્યાત્વ મોહનીય કર્મ અને અનંતાનુબંધી કષાય કર્મને ઘણાં ઘણાં મંદ કરી મૂકે છે. આથી આગળ વધતાં સમ્યગ્દર્શન પામેલા આત્માને તો મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાયોનો ક્ષયોપશમ થઈ ગયો હોય છે. કર્મમળનો ક્ષય અત્યંત જરૂરી છે જેના થકી જ ગુણસ્થાનકની ભૂમિકા સર્જાય છે.

ભવ્યાત્માને સંસાર પ્રત્યે અભાવ જાગે, અરુચિ થાય, ભવનિર્વેદ થાય તો જ ભગવાન પર બહુમાન થાય. ભગવદ્ બહુમાનથી વિશિષ્ટ કર્મો-મિથ્યાત્વ મોહનીયાદિ કર્મોનો ક્ષયોપશમ થાય. ત્યાં અભય, ચક્ષુ, માર્ગ, શરણ, બોધિ વગેરે ધર્મોની પ્રાપ્તિ થાય. ગણધર ભગવંતે આ નમુત્થુણં સૂત્રમાં અલૌકિક ઢબે આ વસ્તુ અત્રે જણાવી છે; જેમકે અભયદયાણં, ચક્ખુ-દયાણં, મગ્ગદયાણં, સરણદયાણં, બોહિદયાણં બહુ ચમત્કારિક રીતે એકમાંથી બીજું, બીજામાંથી ત્રીજું અહીં રજૂ કર્યું છે. ખુબી આ છે કે બહુમાન બીજાં કરતાં વીતરાગ અરિહંત પ્રત્યે કરાય તો અભયાદિ ધર્મથી માંડી ઠેઠ ઉપર સુધીનાં કલ્યાણ પ્રાપ્ત થઈ શકે. તેથી ભગવાન અભય-ચક્ષુ આદિ દાન કરવા દ્વારા જીવોના સમ્યક્ત્વાદિ કુશળ કલ્યાણનું કારણ બને છે. તે બતાવવા સૂત્રકાર 'અભયદયાણં' વગેરે પાંચ સૂત્રોમાં કહે છે. અભય યાને વિશિષ્ટ આત્મ સ્વાસ્થ્ય જે તે પછીના ગુણો ચક્ષુ, માર્ગ, શરણાદિનું કારણ છે. આ વિશિષ્ટ આત્મ-સ્વાસ્થ્ય ધૃતિ-ધૈર્ય સ્વરૂપ છે જે સર્વ સાધનાઓમાં નિતાંત જરૂરી છે. નિ:શ્રેયસ ધર્મો એટલે સમ્યગ્દર્શનાદિ મોક્ષસાધક ધર્મોની ભૂમિકા ધૃતિ પર, ચિત્ત સ્વાસ્થ્ય પર મંડાય છે. જ્યાં સુધી ભયની લોથ બેઠી હોય ત્યાં સુધી ધર્મરુચિ, ધર્માભિલાષા કેવી રીતે પ્રગટે ? તેથી અભય યાને વિશિષ્ટ આત્મ-સ્વાસ્થ્ય જરૂરી છે. તેથી અભયદયાણં વગેરે છે. માર્ગ-બહુમાનાદિ એટલે ધર્મપ્રશંસા, ધર્મ-અભિલાષા જે ધર્મની ભૂમિકા છે, એ કોઈ ડોલંડોલ, અસ્વસ્થ, વિહ્વળ, ભયભીત જીવોને તે સાચા સ્વરૂપે પ્રગટે નહિ. આ બધું પામવા માટે મેળવવા માટે આત્મસ્વાસ્થ્ય નિતાંત જરૂરી છે, આવશ્યક છે, જે મેળવવા આત્મધર્મરૂપ ચક્ષુ એટલે કે વિશિષ્ટ આત્મધર્મ જે વડે તત્ત્વપ્રતીતિ તત્ત્વોનું શ્રદ્ધાન પ્રગટે છે. આ ચક્ષુ દ્વારા મગ્ગ-માર્ગ એટલે ચિત્તનું વક્રતા વગરનું સરળ ગમન શક્ય બને છે. અવક્રગતિ એટલે એક જાતનો કર્મનો ક્ષયોપશમ, જે આગળ વધતાં ગુણસ્થાનો પર ચઢાવે છે, ગુણલાભ પમાડે છે. ચક્ષુ એટલે જોયું તે પ્રમાણે ધર્મની રુચિ કેળવે છે જેની વચમાં દર્શન મોહનીય-મિથ્યાત્વમોહનીયનો ક્ષયોપશમ થાય છે. જેમ એક નળીમાં સાપ સરળ ગતિએ ચાલ્યો જાય અને ઇષ્ટ સ્થાને પહોંચે તેમ ચિત્ત તેવા પ્રકારના ક્ષયોપશમ દ્વારા સરળ જઈ ઉપરના ગુણલાભ કરાવનારું બને છે. આથી આગળ વધતાં શરણ પ્રાપ્ત થાય છે. જે શરણ, રક્ષણ તત્ત્વાવિવિદિષા અર્થાત્ તત્ત્વચિંતારૂપ છે. તત્ત્વ શું હશે એ ચિંતા થાય, જાણવાની આતુરતા અભિલાષા જાગે એનું નામ શરણ છે. જેમકે ગૌતમસ્વામીના ૧૫૦૦ તાપસોને તત્ત્વશુશ્રૂષા જાગી. વીરને નીરખવા હતા કેમકે તેઓ તત્ત્વવેતા છે તેમ ગૌતમસ્વામી પાસેથી જાણ્યું. એ ચિંતા ઉગ્ર થતાં વીર પ્રભુના સમવસરણમાં પહોંચતા ધીખતી તત્ત્વશુશ્રૂષાની આગથી ઘન-ઘાતી જ્ઞાનાવરણાદિ કર્મો બળીને ભસ્મીભૂત થતાં, ગુરુ ગૌતમને છદ્મસ્થતાની ધરતી પર ચાલતા રાખી લોકાલોક પ્રકાશક કેવળજ્ઞાન અને વીતરાગતાના આસમાને ઊડ્યા અને તે પણ ગુરુ ગૌતમને બાજુ પર રાખી પોતે ૧૫૦૦ કેવળી થઈ ગયા.

બીજું દૃષ્ટાન્ત વિદ્વાન ગોવિંદ બ્રાહ્મણનું છે. જૈનાચાર્યો પાસે મહાન તત્ત્વજ્ઞાન અને તર્કવિદ્યા છે. એ પ્રાપ્ત કરી લઉં તો મહાવાદી તરીકે જગવિખ્યાત થઈ જાઉં. સાધુ પાસે જોયું કે સાધુ બન્યા સિવાય તે મળશે નહિ, તેથી મહા વૈરાગીપણાનો ડોળ દેખાડી ઢોંગ કરી જે તત્ત્વશુશ્રૂષાદિ બતાવશે તે કેવા માત્ર ગુણાભાસ છે કે કીર્તિનો એકમાત્ર ચાળો છે ? મંડ્યા ભણવા. ભવિતવ્યતા સારી કે વિશ્વમાં અનન્ય એવું જૈન તત્ત્વજ્ઞાન જેમ જેમ મેળવતા ગયા તેમ તેમ સ્વપ્નમાં ન કલ્પેલું તેવું તત્ત્વજ્ઞાન દેખાવા લાગ્યું. ઓહો થઈ ગયું ! મિથ્યાત્વ ઓસરી ગયું, લુપ્ત થયું, ચાલી ગયું. આમાં અનંત પાપ-પરમાણુનો ક્ષય થતાં સાચી શુશ્રૂષા પ્રગટ થતાં તત્ત્વનો સાચો પ્રકાશ પ્રગટ્યો. ગુરુ આગળ એકરાર કરી, પ્રાયશ્ચિતપૂર્વક સાચી શુશ્રૂષાદિ દ્વારા મહાન વ્યાખ્યાકાર સમર્થ ગોવિંદાચાર્ય બન્યા !

જૈનેતર આત્મચિંતકો એટલે કે તત્ત્વના ગવેષકોએ પણ આમ રજુ કર્યું છે. દા. ત. અવધૂત નામના 'યોગમાર્ગ'ના રચયિતા આચાર્યે કહ્યું છે કે 'સદાશિવ ઈશ્વરના અનુગ્રહ-ઉપકાર વિના તત્ત્વશુશ્રૂષાદિ-તત્ત્વ સાંભળવાની ઈચ્છા વગેરે ગુણ પ્રગટી શકતા જ નથી.'

તેથી અદ્વિતીય અને પ્રભાવક નમુત્થુણંના રચયિતા ગણધર ગૌતમે 'બોહિદયાણં' એટલે બોધિ આપનારને નમસ્કાર હો એમ જણાવ્યું છે. આ નમુત્થુણંમાં એકે એક શબ્દ ઘણું ગંભીર રહસ્ય ધરાવે છે. આપણે આગળ જોઈ ગયા તેમ 'અરિહંત ચેઈયાણં' સૂત્રમાં 'બોહિલાભવત્તિયા' એ' પદની વ્યાખ્યામાં સ્પષ્ટ કર્યું છે કે વિશાળતા એ કે જે ઠેઠ વીતરાગ બનવા સુધી ઉત્તરોત્તર ચઢિયાતા આંતરિક ધર્મ સ્પર્શવાની જરૂર છે તેની સ્પર્શના એ જ ધર્મપ્રાપ્તિ.

આ માટેની પ્રક્રિયા કેવી છે તે જરા જોઇએ. અનંતો કાળ પુદ્ગલ પરાવર્તોમાં વહી ગયો તેમાં અનંતા માનવ અવતાર પણ ધારણ કર્યા છે, હશે. જીવની અનંતાનુબંધી રાગદ્વેષની પકડ જબરી મજબૂત છે. શાસ્ત્ર કહે છે જીવ 'નવગ્રૈવેયક' નામના સ્વર્ગમાં અનંતીવાર જઈ આવ્યો. અભવ્યો પણ ત્યાં સુધી પહોંચી ચૂક્યા છે. અહીં ઘણી ઊંચી કોટિનું શાતાવેદનીય પુણ્ય ભોગવ્યું. એ ઈન્દ્રિય-વિકારની અશાતા જાગવા જ ન દે ! વિષયવિકાર વિના કષાય કર્મો કરવાના ? અભવ્યો પુદ્ગલાનંદી, ભાવાભિનંદી હોઈ મોક્ષની રુચિ નહિ તેમજ તેના દ્વેષી હોવાથી મોક્ષ કેવી રીતે પામે ?

ભવ્યોમાં બાહ્ય કોઈ કષાય દેખાય નહિ છતાં અંતરમાં કષાયની ચિકાશ ઊભી હતી. અનંતાનુબંધી રાગ-દ્વેષ કષાયોએ આત્માનો કબજો છોડ્યો નથી. સંસાર પ્રત્યે તેથી ઘૃણા નહિ, પક્ષપાત ઊભો રાખ્યો તેથી અનંતાકાળની રાગદ્વેષની પકડમાંથી છૂટવા ભગીરથ અપૂર્વકરણનો પુરુષાર્થ કરવો પડે. ભવ્યો તથા અભવ્યો અસંખ્યવાર યથાપ્રવૃત્તકરણ કરી ચૂક્યા પણ પાછા પડ્યા અને હતા ત્યાંના ત્યાં જ રહ્યા. કેમકે આ યથાપ્રવૃત્તકરણ નદીગોળપાષાણન્યાય જેવું હતું. ભવ્યો જ જ્યારે અહીંથી પાછા ન પડે ત્યારે જ શુદ્ધ યથાપ્રવૃત્તકરણ કે ચરમ યથાપ્રવૃત્તકરણ કરે અને ત્યારે જ રાગ-દ્વેષની ઘન, તીવ્ર, મજબૂત ગ્રંથિ ભેદે અને ગ્રંથિભેદ કરી અપૂર્વકરણ કરી શકે ત્યારે જ આગળના પંથે જઈ શકે. અપૂર્વકરણ તે અપૂર્વ છે જે ક્યારેય હજી સુધી કર્યું નથી તેથી અપૂર્વ કહેવાય છે. પૂર્વ-પહેલા જેનું અસ્તિત્વ ન

હતું એટલે અપૂર્વકરણનો પુરુષાર્થ થાય ત્યારે જ ગ્રંથિભેદ થઈ સમ્યગ્દર્શનનાં દર્શન થાય. સમ્યગ્દર્શન પ્રગટ થતાં પશ્ચાનુક્રમથી આસ્તિકય, અનુકંપા, નિર્વેદ, સંવેગ અને પ્રશમ પ્રગટ થાય. ધ્યાનમાં રહે કે જ્યાં સુધી આત્મા પર બંધાયેલાં કર્મોની સ્થિતિ ક્રોડાક્રોડ સાગરોપમની હોય ત્યાં સુધી તો જીવ ગ્રંથિદેશથી દૂર જ હોય. તેમાંથી પલ્યોપમના અસંખ્યાતા ભાગ જેટલી થાય ત્યારે જ અંત:ક્રોડાક્રોડી સ્થિતિ થઈ. જ્યારે જીવની તથાવિધ પરિણતિ, પરિણામ જે કર્મનાં બંધન, સંક્રમણ, ઉદીરણા, ઉપશમના, ક્ષમણા કરે છે. તેથી એ ગ્રંથિનો ભેદ કરવા માટે અપૂર્વ વીર્યપરાક્રમ એટલે અપૂર્વકરણ કરવું પડે. આવું કરનારા જીવો ઘણાં ઓછા, મોટાભાગના તેથી પણ વધુ તીવ્ર રાગ-દ્વેષના પરિણામમાં ચઢી પાછા સુદૂર ચાલી જાય છે. હવે સમજી શક્યા હોઇએ કે મોક્ષ કેમ સો ગાઉ દૂરનો દૂર જ રહે છે.

તેથી અંત:ક્રોડાક્રોડથી અંદર સંખ્યાતા પલ્યોપમ ઓછા થતાં તે જીવ હવે ગ્રંથિદેશે આવ્યો કહેવાય. અપૂર્વકરણથી ગ્રંથિભેદ કરી માત્ર ભવ્યો જ તેવું કરે; અભવ્યો કદાપિ કરનારા નથી જ. અપૂર્વ વીર્યપરાક્રમ અર્થાત્ અપૂર્વકરણ જે પહેલાં ક્યારેય કર્યું નથી તે કરી લે પરંતુ તે પહેલાં જેનાથી અપૂર્વકરણ કરાય તે છેવટનું ચરણ યથાપ્રવૃત્તકરણ કરી છેલ્લે રાગ-દ્વેષનું પરિણામ લંઘી જાય અર્થાત્ મંદ બનાવી દે ત્યાં અપૂર્વ સ્થિતિઘાત, અપૂર્વ રસઘાત, ગુણશ્રેણિ, ગુણસંક્રમણ અને અપૂર્વ સ્થિતિબંધ કરી પ્રતિ અંતર્મુહૂર્ત પૂર્વબંધ કરતાં પલ્યોપમના સંખ્યાતમા ભાગ જેટલો ઓછો ઓછો થતો હવે અનિવૃત્તિકરણ કરાય છે. જે કર્યા પછી સમકિત મેળવ્યા વગર પીછેહઠ કરાતી જ નથી તે મેળવે જ છે. તે વગર અ-નિવૃત્ત એટલે અટકતો નથી. અહીં આવેલા પ્રત્યેક જીવો ઉત્તરોત્તર સમયે અનંતગુણ અનંતગુણ વિશુદ્ધિ વધારે છે અને દરેકને સમયે સમયે પૂર્વ પૂર્વ કરતાં સમાન એકસરખી અનંતગુણ વિશુદ્ધિ થતી જાય છે.

હવે જ્યારે અનિવૃત્તિકરણનો એક સંખ્યાતમો ભાગ બાકી રહે ત્યારે શરૂ થાય છે-અંતરકરણ કરવાની ક્રિયા જે એક સ્થિતિબંધના કાળમાં સમાપ્ત થાય છે. અંતરકરણ એટલે મિથ્યાત્વ જે ભોગવાતું આવ્યું છે તેમાં આ ક્રિયા પછી આગળ અંતર્મુહૂર્ત કાળ તદ્દન મિથ્યાત્વના ઉદય વિનાનો છે. ત્યાં સ્થિતિ પાકે તેવું કોઈ મિથ્યાત્વ કર્મ પુદ્ગલ નહિ. સત્તામાં સિલકમાં પડેલાં છે. આ એક ખાલી જગા છે. જેના બે ભાગ પૂર્વની સ્થિતિ અને પછીની, હવે કોઈ મિથ્યાત્વ કર્મ ઉદયમાં આવવાનું નથી કેમકે સ્થિતિ એના મિથ્યાત્વ કર્મના પુદ્ગલો અનિવૃત્તિકરણના અમુક ભાગે અતિવિશુદ્ધ અધ્યવસાયના બળે અંતરકરણની પૂર્વની અને પછીની સ્થિતિના કરી નાંખ્યા છે, જે અપવર્તના-ઉદ્વર્તનાથી પૂર્વોત્તર સ્થિતિવાળા બનાવી દીધાં છે. અહીં અંતરકરણકાળના બધાં મિથ્યાત્વ કર્મ-પુદ્ગલોને ખેંચી લીધા છે. આ સમગ્ર ક્રિયાને અંતરકરણ કહેવાય. અનિવૃત્તિકરણ પૂરું થતાં જ હવે કોઈ મિથ્યાત્વ કર્મપુદ્ગલ રહ્યું ન હોવાથી અંતરકરણ અથવા આંતરૂ (ખાલી જગા) શરૂ થાય છે. આમ અંતરકરણના પ્રથમ સમયે જીવ ઉપશમ સમ્યકત્વ પામે છે. અહીં જ સિલકમાં રહેલા બધા જ મિથ્યાત્વકર્મપુદ્ગલોનું સંશોધન કરી ત્રણ પુંજ બનાવે છે. અહીં જો ઉપશમ સમ્યકત્વનો અંતરર્મુહૂર્ત કાળ પૂર્ણ કરી શુદ્ધ પુંજ સમ્યગ્મોહનીય ઉદયમાં લાવે તો ક્ષયોપશમ સમ્યકત્વ પ્રગટ થાય. અર્ધ-શુદ્ધ મિશ્રમોહનીય ઉદયમાં લાવે તો મિશ્રભાવ અને અશુદ્ધ મિથ્યાત્વ મોહનીય ઉદયમાં લાવે તો મિથ્યાત્વ પ્રગટે.

આ વાત માટે બે મત પ્રવર્તે છે. એક સૈદ્ધાન્તિક અને બીજો કાર્મગ્રંથિક. પહેલા મત પ્રમાણે કોઈ જીવ અધ્યવસાય વડે મિથ્યાત્વનો સર્વથા ઉપશમ કરે તે ઉપશમ સમ્યકત્વ પામવાનો. બીજો જે અધ્યયવ્યવસાયબળે મિથ્યાત્વનું સંશોધન કરી એના શુદ્ધ, અર્ધશુદ્ધ અને અશુદ્ધ એવા ત્રણ પુંજ કરે છે. શુદ્ધ કર્મપુદ્ગલના ઉદયથી ક્ષયોપશમ સમ્યકત્વ પ્રાપ્ત થાય છે. હવે અંત:કોડાકોડી સ્થિતિના આંક પર પહોંચતાં તે આ સમકત્વ પ્રાપ્ત કરે છે. એમાંથી પણ પલ્યોપમ પૃથકત્વ સ્થિતિ ઓછી થાય ત્યારે દેશવિરતિ ભાવ પ્રાપ્ત થાય. એમાંથી પણ જ્યારે સંખ્યાતા સાગરોપમ ઘટે ત્યારે સર્વવિરતિ પ્રાપ્ત થાય. એમાંથી પણ જ્યારે સંખ્યાતા સાગરોપમ ઘટે ત્યારે ઉપશ્રમશ્રેણિ પ્રાપ્ત થાય, એમાંથી પણ સંખ્યાતા સાગરોપમ ઘટે ત્યારે ક્ષપકશ્રેણિ પ્રાપ્ત થાય.

આના જેવો કાર્મગ્રંથિક મત છે જેમાં યથાપ્રવૃત્તિકરણ શરૂ થતાં પહેલાં 'પૂર્વ વિશુદ્ધિ'ની ભૂમિકા સર્જાય છે. જેમાં આત્મા પૂર્વ કષાયોના-રાગદ્વેષના સંકલેશમાં હતો તેમાં મંદતા થઈ, વિશુદ્ધિ સમયે સમયે અનંતગુણી થતી જાય છે. આ મતમાં જે ત્રણ પુંજ કરાય છે તે અનિવૃત્તિકરણમાં નહિ પણ અપૂર્વકરણમાં થાય છે. આ બંને મતો છે, તેમાં કેટલુંક સામ્ય અને કેટલુંક જુદાપણું સ્પષ્ટ તરી આવે છે.

અભય-ચક્ષુ-માર્ગ-શરણથી બોધિ સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે. તે આત્માના ભાવનું આરોગ્ય છે. જે માટે લોકોત્તર ભાવો પ્રાપ્ત થવા જોઇએ અને પાપ વિકારો જેવાં કે વિષયતૃષ્ણા, દૃષ્ટિસંમોહ, ધર્મપથ્યની અરૂચિ, ક્રોધાદિ ખણજ શમાવાય એ બહુ જરૂરી છે. આનાથી આત્મામાં યોગ્યતા આવે છે. અભયાદિથી માંડીને ઉત્તરોત્તર કર્મક્ષયોપશમ વધતાં વધતાં એનો આસ્વાદ આવે છે. જ્યાં જ્યાં જૈન સ્તવનો, સ્તોત્રો, સ્તુતિઓ વગેરેમાં આરોગ્યની વાત કરી છે તે આરોગ્ય ભવ આરોગ્ય છે. જેનાથી જન્મ-મરણના ફેરા ટળી છેવટે સિદ્ધગતિ મળે. નવસ્મરણોમાંનું નવમું સ્મરણ જે બૃહચ્છાન્તિ સ્મરણ કહેવાય છે. ત્યાં પણ આમ લખ્યું છે 'અર્હદાદિપ્રભાવાદારોગ્યશ્રીધૃતિમતિ' છે. બોધિલાભ એટલે જિનોક્ત ધર્મની પ્રાપ્તિ. જે શ્રુતધર્મ, ચારિત્રધર્મ, દાનશીલાદિ ધર્મ, ગૃહસ્થ-સાધુ ધર્મ, સાશ્રવતિરાશ્રવધર્મની પ્રાપ્તિ, જેમાં કોઈ પણ જાતના નિયાણાવાળી નહિ, પૌદગલિક આશંસા નહિ, કિંતુ માત્ર મોક્ષ માટે જ હોય જે પ્રશંસનીય-આદરણીય છે તેમાં સમ્યગ્દર્શનથી માંડી ઠેઠ વીતરાગ સુધીના પરાકાષ્ઠાના શુદ્ધ આંતર પરિણામરૂપ ધર્મ સુધીના ધર્મો આવે.

આમ આ બોધિની પ્રાપ્તિ થવામાં આત્માનો ક્ષયોપશમ, પુરુષાર્થ, ભવિતવ્યતા, તથાભવ્યત્વ કાળાદિ કારણો હોવા છતાં પૂર્વ કહ્યા પ્રમાણે પ્રધાન કારણ અરિહંત ભગવાનનો પ્રભાવ, આલંબન અને એમના જ ધર્મશાસનના પ્રભાવે બોધિરત્ન પ્રાપ્ત થાય છે; તેથી ગણધર ગૌતમસ્વામી કહે છે કે ભગવાન બોધિદાતા છે. કોઇને એમ થાય કે તીર્થંકર તો તરી ગયા છે. તેમને કશું કરવાનું કે લેવાનું નથી. તો એમને કેમ સંડોવાય છે? જેમ ચિંતામણિરત્ન, દક્ષિણાવર્ત શંખ, કામકુંભ કે કલ્પવૃક્ષ આમ તો જડ છે છતાં તે ઇચ્છિત વસ્તુનું દાન કરે છે તેમ મનાય છે. તેનો એવો પ્રભાવ છે કે તે આપે છે તેમ મનાતું આવ્યું છે જે એક પ્રકારની માન્યતા જ છે. અલબત્ત એમાં ગુરુ સંયોગ, જીવની તેવી યોગ્યતા, અન્ય અનુકૂળ સંયોગ-પરિસ્થિતિ વગેરે કારણો પણ હેતુભૂત છે; પરંતુ એ બધાં કારણોમાં ભગવદનુગ્રહ એ પ્રધાન કારણ છે કેમકે એ મહાપ્રભાવશાળી છે, મહાં સામર્થ્યશાળી છે તેથી પંચસૂત્રમાં કહ્યું છે કે અચિંત્યસત્તિજુત્તા હિ તે મહાણુભાવા.'

પાંચમા અને છઠ્ઠા ગુણસ્થાનકે બિરાજમાન સાધુ-સાધ્વી ભગવંતો તથા ચોથે બિરાજેલા શ્રાવક-શ્રાવિકાઓ ચૈત્યવંદન તથા અન્ય અનુષ્ઠાનોમાં 'અરિહંત ચેઈયાણં' બોલતા હોય છે. તેમાં પણ શ્રદ્ધાપૂર્વક, મેધાપૂર્વક, ધૃતિપૂર્વક, ધારણાપૂર્વક, અનુપ્રેક્ષાપૂર્વક જે સતત વર્ધમાન છે તેનાથી પણ ભગવાનના વંદનના, પૂજાના, સત્કાર માટે, સન્માન માટે,

બોધિલાભ મેળવવા માટે કાયોત્સર્ગ કરતા હોય છે. અહીં પણ બોધિલાભવત્તિયા એ એટલે કે બોધિ લાભ મેળવવા માટે; પણ આ બોધિ તે ધર્મ પ્રાપ્ત કરવા માટે સમતા એટલે સમકિત પ્રાપ્ત કરવાના શુભ ભાવથી આ સૂત્રમાં પણ બોધિલાભનો પ્રયોગ કરાયો છે. જે બતાવે છે કે કોઈ પણ અનુષ્ઠાનાદિમાં જે મેળવવાનું છે તે સાચો ધર્મ એટલે કે સમકિત છે. એની કિંમત અગ્રસ્થાને મૂકેલા એકડા જેવી અને જેટલી છે. ટૂંકાણમાં બોધિલાભ એટલે જિનેશ્વરદેવે ફરમાવેલા, પ્રતિપાદિત કરેલા ધર્મની પ્રાપ્તિ માટે વંદનાદિ કરવાના છે જેના લાંબા ગાળે કે ઝટ મળનારા ફળ તે 'નિરુવસગ્ગવત્તિયાએ' છે જેનો અર્થ છે નિરુપસર્ગ પ્રત્યયે યાને નિરુપસર્ગ નિમિત્તે. નિરુપસર્ગ એટલે મોક્ષ, જ્યાં કોઈ જન્મ, મરણ, કર્માદિ ઉપસર્ગ, ઉપદ્રવ નથી.

આ લેખ લખવામાં જે મહાન વ્યક્તિઓ-વિભૂતિઓનાં લખાણનો મેં લાભ લીધો છે તેમનો હું ખાસ ઋણી છું. તેઓ છે શ્રી સિદ્ધર્ષિ જેઓ ૨૧ વખતના આંટાફેરા પછી યાકિનીમહત્તરાસૂનુના સૂચનથી, શ્રી હરિભદ્રસૂરીશ્વરજી જેઓએ લખેલા લલિતવિસ્તરા ગ્રંથનું અવલોકન કરવાથી માર્ગસ્થ થયા. આ 'લલિતવિસ્તરા' ગ્રંથના વિવેચનાના વર્તમાનકાળના વિવેચક શ્રી ભાનુવિજયજી ગણિ હતા. તેઓ સિદ્ધાન્ત મહોદધિ સુવિદિત શ્રમણગચ્છાધિપતિ પૂ. આચાર્યશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના સમર્થ શિષ્ય હતા. તેઓ વર્ધમાન તપોનિધિ આચાર્ય શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ થયા. તેઓના 'પરમતેજ'નું અને લલિતવિસ્તરા ગ્રંથ પરની શ્રી મુનિચંદ્રસૂરીશ્વરજીની ટીકાનું અધ્યયન કરી જે કંઈ લખું છું તે માટે તેઓનો અત્યંત ઋણી તથા આભારી છું. આ ગ્રંથોનો અભ્યાસુ વર્ગ જે બહુ અલ્પસંખ્યક હોય છે. તેઓનો જ્ઞાનાવરણીયાદિ કર્મોનો ક્ષયોપશમ થાય તે કંઈ આશ્ચર્યકારી ન જ હોય ને ? સમકિત મેળવવાનું સુંદર ભાથું અત્રે ઉપલબ્ધ છે. આવા સુંદર તત્ત્વજ્ઞાનની જેમાં સરળ શૈલીમાં ચર્ચા-વિચારણા, વિવેચનાદિ ઉપલબ્ધ છે તે લેખકોનાં જ્ઞાનાવરણીયાદિ કર્મોના ક્ષયોપશમનો જ પ્રભાવ છે. આવાં સુંદર તત્ત્વજ્ઞાનપ્રેરક ગ્રંથોનો સારાંશ આમ છે કે ઉત્તમ પુરુષો ધર્મને માત્ર સંકટ સમયે જ યાદ ન કરતાં સદાકાળ માટે ધર્મમય જીવન જીવતાં હોય છે.

યથાપ્રવૃત્તકરણ કરી ૭૦ કોડાકોડમાંથી ૬૯ તો સહેલાઈથી અનેકવાર વગર પુરુષાર્થે ખપે, પરંતુ બાકીના જે ન ખપે તે માટે મોટો વિપુલ, પ્રખર પુરુષાર્થ કરવો પડે, ઉગ્ર તપશ્ચર્યા કરવી રહી, ઉગ્ર ઉપસર્ગો સહન કરવા પડે. આથી છેવટનું શુદ્ધ યથાપ્રવૃત્તિકરણ થતાં શુભ અધ્યવસાય આવે, સત્સંગ થાય, સદ્‌ગુરુની વાણી સાંભળે, અંતરાત્માની નિર્મળતા થાય. આવો નિર્મળતા પામેલો આત્મા શુભ ભાવથી કોઈક આત્મા અતિ દારૂણ એવી ગ્રંથિ અપૂર્વકરણરૂપી વજ્રથી કઠણ ગાંઠ તોડી દર્શન પામે છે. આ અપૂર્વકરણરૂપી હથિયાર કોઈ ન આપી શકે, તેમાં કોઈ નિમિત્ત થઈ શકે, પુરુષાર્થ જગાડવો પડે, વર્ષોની સાધના જોઇએ, ત્યારે જ અપૂર્વકરણના પરિણામ જાગે છે. અપૂર્વકરણ દ્વારા ગ્રંથિભેદ થયા પછી દર્શન થતાં આત્માનું સ્વરૂપ બદલાઈ જાય છે. અંતરની પરિણતિ બદલાતાં યથાર્થદર્શન થતાં વસ્તુનું યથાર્થદર્શન થાય છે એવું શાસ્ત્ર-વાર્તાસમુચ્ચય ગ્રંથમાં આચાર્ય ભગવાન હરિભદ્રસૂરિ કહે છે તે અમારા ક્ષયોપશમ પ્રમાણે રજુ કરીએ છીએ. ભાવ પ્રગટ કરીએ છીએ, તેઓએ ફરમાવ્યું છે કે :-

સતિ ચાસ્મિન્નસૌ ધન્ય: સમ્યગ્દર્શનસંયુત: । તેવો જીવ ભવસાગરમાં રમતો નથી. દર્શન પામ્યાનું લક્ષણ છે : 'તત્ત્વશ્રદ્ધાન્ પૂતાત્મા રમતે ન ભવોદધૌ'. દર્શનથી મિથ્યાત્વમાંથી મુક્તિ થાય છે, મિથ્યાત્વથી છૂટે છે, દર્શન થતાં એટલે કે સમ્યગ્‌દર્શન થયું તેનાથી મોક્ષનું બીજ પડ્યું જે વૃક્ષ રૂપે મોક્ષ પ્રગટશે, વર્તમાનમાં મોક્ષની ભૂમિકા તો તૈયાર થઈ શકે ને ? જેટલાં બંધન છૂટે તેટલો મોક્ષ. મિથ્યાત્વ જાય, સમકિત આવે ત્યારે આ કાળનો મોટો મોક્ષ જ છે; કેમકે જેમણે મિથ્યાત્વરૂપી ઝેર વમી દીધું તેથી ભવાંતરમાં ભટકવાનું, રખડવાનું, ન હોય.

આથી જ અનંતઉપકારી ભગવાન શ્રી જિનેશ્વર દેવોએ આ અસાર સંસારમાં બોધિ એટલે કે સમ્યગ્દર્શનને આટલું બધું મહત્ત્વ આપ્યું છે. એ પ્રકારની મહત્તા સાથેની દુર્લભતા આ સંસારમાં જીવ માટે બીજી કોઈ વસ્તુની હોય એવું માનવામાં આવ્યું નથી. વળી અરિહંત થનારા આત્માઓ જે પ્રથમ સમ્યગ્દર્શન પામે તે અન્ય આત્માઓના સમ્યગ્‌દર્શન કરતાં ઉચ્ચ કોટિનું હોય છે. માટે તેમના તે પ્રથમ સમ્યગ્‌દર્શનને 'વરબોધિ' કહે છે.

❖❖❖

## સંઘને ભેટ

અમને જણાવતાં આનંદ થાય છે કે ડૉ. બિપિનચંદ્ર કાપડિયાએ પોતાનાં સ્વર્ગસ્થ પત્ની સ્વ. પુષ્પાવતીબહેનનાં સ્મરણાર્થે જૈન ધર્મના ગ્રંથપ્રકાશન માટે રૂપિયા એક લાખ એકાવન હજારની રકમ સંઘને ભેટ આપી છે.

એ માટે અમે એમનો હાર્દિક આભાર માનીએ છીએ.

☐ મંત્રીઓ

## પ્રબુદ્ધ જીવન

(રજીસ્ટ્રેશન ઓફ ન્યૂઝ પેપર્સ રુલ્સ ૧૯૫૬ અન્વયે)

(ફોર્મ નં. ૪, જુઓ રૂલ નં. ૮)

'પ્રબુદ્ધ જીવન' સંબંધમાં નીચેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. પ્રસિદ્ધિનું સ્થળ | : | રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૫૮, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦૦૦૪. |
| ૨. પ્રસિદ્ધિનો ક્રમ | : | દર મહિનાની ૧૬મી તારીખે |
| ૩. મુદ્રકનું નામ | : | શ્રીમતી નિરુબહેન સુબોધભાઈ શાહ |
| ૪. પ્રકાશકનું નામ | : | શ્રીમતી નિરુબહેન સુબોધભાઈ શાહ |
| કયા દેશના | : | ભારતીય |
| સરનામું | : | રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૫૮, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦૦૦૪. |
| ૫. તંત્રીનું નામ | : | ડૉ. રમણલાલ ચી. શાહ |
| કયા દેશના | : | ભારતીય |
| સરનામું | : | રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૫૮, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦૦૦૪. |
| ૬. માલિકનું નામ અને સરનામું | : | શ્રી મુંબઈ જૈન યુવક સંઘ રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૫૮, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦૦૦૪. |

હું રમણલાલ ચી. શાહ આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે.

તા. ૧૬-૩-૨૦૦૪ રમણલાલ ચી. શાહ

Printed & Published by Nirubahen Subodhbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400 027. And Published at 385, S.V.P. Road, Mumbai-400 004. Editor: Ramanlal C. Shah.

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57
Posted at Byculla sorting office Mumbai-400 011 Licence to post without prepayment No. 271
● વર્ષ : (૫૦) + ૧૫ ● અંક : ૪ ● ૧૬ એપ્રિલ, ૨૦૦૪ ● ● Regd. No. TECH / 47-890 / MBI / 2003-2005
● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/- ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## અનર્થદંડ વિરમણ

અનર્થદંડ–વિરમણ જેવું વ્રત દુનિયાના કોઈ ધર્મમાં નહિ હોય ! શ્રાવકનાં બાર વ્રતમાં આ વ્રતને સ્થાન આપીને જૈન ધર્મે આચારનો કેટલો સૂક્ષ્મ અને ઊંડો વિચાર કર્યો છે તે જોઈ શકાશે.

વિરમણ એટલે અટકવું. અનર્થદંડ–વિરમણ એટલે અનર્થ દંડથી અટકવું. અનર્થદંડ એટલે અર્થ ન સરે અને દંડ મળે. દંડ એટલે શિક્ષા, પાપ રૂપી શિક્ષા, કર્મબંધરૂપી શિક્ષા. અનર્થદંડ એટલે વગર લેવેદેવે બંધાતાં અશુભ કર્મ. અનર્થદંડ–વિરમણ એટલે બાહ્ય કે આભ્યંતર, દ્રવ્ય કે ભાવથી, સાક્ષાત્ કે પરંપરાએ, ઇહલૌકિક કે પારલૌકિક, સ્વને કે પરને થતા નુકસાથી અટકવું, સાચા પ્રયોજન વગરની મન, વચન અને કાયાની અમર્યાદિત પ્રવૃત્તિઓથી અટકવું. એટલા માટે અનર્થદંડ વિરમણને વ્રતનું સ્વરૂપ આપવામાં આવ્યું છે. ક્ષુદ્ર, નિરર્થક વાતોમાં વેડફાઈ જતી શક્તિને ઉચ્ચતર ધ્યેય માટે પ્રયોજવાની ભલામણ આ વ્રતમાં રહેલી છે.

અર્થ દંડ એટલે કોઈ પ્રયોજન અથવા હેતુને કારણે સ્વેચ્છાએ ભોગવવી પડતી શિક્ષા. અનર્થ દંડ એટલે અર્થ અથવા પ્રયોજન વગર, અજ્ઞાન કે પ્રમાદને કારણે ભોગવવી પડતી શિક્ષા.

અનર્થ દંડ એ ગૃહસ્થ શ્રાવકના વ્રત માટે પ્રયોજાયેલો પારિભાષિક શબ્દ છે. એ વિશે ધર્મ અને તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ સમજતાં પહેલાં વ્યવહારુ, સામાજિક અને સાંસારિક દૃષ્ટિએ સમજવા પ્રયત્ન કરીશું.

સંસારનું સ્વરૂપ એવું નથી કે બધું વ્યવસ્થિત રીતે, ક્રમાનુસાર, માપસર ભોગવાય અને કંઈ વધઘટ ન રહે. સંસારમાં અસમાનતા છે અને અસમાન ઘટનાઓ બને છે. કોઈ ગરીબનું બાપદાદાના વખતનું સો વર્ષ જૂનું ખોરડું દીવાલોનાં ગાબડાં પૂરીને, ટેકા આપીને ચલાવાય છે અને એક શ્રીમંતનો નવા જેવો આલીશાન બંગલો તોડી નાખીને ત્યાં બીજી નવી ઇમારત બનાવાય છે, કારણ કે હવે તે નવી ડિઝાઇન પ્રમાણે બનાવવો છે. એક ગરીબ મહિલા કાચની બંગડીઓ સાચવી સાચવીને વર્ષો સુધી ચલાવે છે અને એક શ્રીમંત મહિલા છબાર મહિને સોનાનાં ઘરેણાં ભંગાવીને નવા ઘાટ કરાવે છે. આમાં અર્થદંડ અને અનર્થદંડ બંનેને સૂક્ષ્મ દૃષ્ટિથી ઘટાવી શકાય.

એથી વધારે સ્પષ્ટ ઉદાહરણ લઇએ. દરેક પ્રજા જો સુખમય શાન્તિથી જીવન જીવતી હોય તો કોઈ દેશને લશ્કરની જરૂર ન પડે. દરેક દેશને સ્વરક્ષણ માટે લશ્કર રાખવું પડે છે. સેનાનું એ ખર્ચ અંતે તો પ્રજાને જ ભોગવવાનું રહે છે. સેનાની આવશ્યકતાને કારણે થતું ખર્ચ એ અર્થદંડ છે. હવે આમાં કોઈ રાજ્ય પોતાની સરહદો વધારવા માટે વારંવાર યુદ્ધ કરતું હોય તો એ ખર્ચ પણ પ્રજાને જ ભોગવવાનું આવે છે. આ રીતે આવતું ખર્ચ તે અનર્થદંડ છે. એક શહેરમાં એક લાંબા મોટા રસ્તા પર આખી રાત બત્તીઓ સળગતી રહે છે. કોઈ વખત તો આખી રાત એક પણ ગાડી પસાર થતી નથી. પરંતુ નગરપાલિકાને આ જરૂરી ખર્ચ ઉઠાવવું પડે છે, જે છેવટે તો નાગરિકોએ જ ભોગવવાનું રહે છે. આને અર્થ દંડ કહી શકાય. હવે કોઈ વખત નગર પાલિકાના કર્મચારીઓ હડતાળ પર ઊતરે અને રસ્તાની બત્તીઓ ત્રણ–ચાર દિવસ સુધી ચોવીસે કલાક ચાલુ રહે. એ ખર્ચ પણ નાગરિકોએ જ ભોગવવાનું રહે છે. આને અનર્થદંડ કહેવાય. અલબત્ત, આમાં બીજી અપેક્ષાઓ પણ રહેલી છે.

વર્તમાન સમયમાં મોટાં ઘરો, ભાતભાતનું રાચરચીલું, ટી.વી., ટેલિફોન, કૉમ્પ્યુટર, ઘરની બહાર જમવા માટેનાં રેસ્ટોરાં, હૉટેલો, મહેફિલો, ભોજન માટે અનેકવિધ વાનગીઓ ઇત્યાદિને કારણે અનર્થદંડ માટે નિમિત્તો અને પ્રસંગોનો ઘણો અવકાશ વધ્યો છે.

અનર્થદંડની જૂની કેટલીક વાતો કાલગ્રસ્ત બની છે, તો બીજી બાજુ ઘણી બધી વાતો ઉમેરાઈ છે. એમાં જાગૃત અને સમજદાર માણસે સાવધાનીપૂર્વક ગૃહસ્થજીવન જીવવાનું છે, કારણ કે શ્રદ્ધાની કસોટી કરે એવાં વર્તમાનકાળમાં નિમિત્તો વધ્યાં છે.

જે આદિવાસી લોકો દૂર પછાત વિસ્તારનાં ગામડાંઓમાં, જંગલોમાં વસે છે અને પ્રાકૃતિક જીવન જીવે છે તેઓને સામાજિક દૃષ્ટિએ કોઈ સરકારી કરવેરો–દંડ ભરવાનો હોતો નથી. એટલે સામાજિક દૃષ્ટિએ તેઓને અર્થદંડ પણ હોતો નથી. જેઓ શહેરોમાં વસે છે અને પાણી, વીજળી, રસ્તા, વાહનવ્યવહાર ઇત્યાદિ સગવડો ભોગવે છે તેઓને સીધી કે આડકતરી રીતે કરવેરો–દંડ ભરવાનો રહે છે.

આવી જ રીતે જે સંયમી માણસો પાંચ મહાવ્રત ધારણ કરી સાધુ જીવન જીવે છે અને જેઓને જીવન જીવવા માટે કોઈ આરંભ–સમારંભની આવશ્યકતા હોતી નથી તેઓને અનર્થ દંડ જેવું કશું હોતું નથી. ગૃહસ્થ શ્રાવકોને અર્થદંડ અને અનર્થદંડ બંને હોય છે. એમને માટે અર્થદંડ અનિવાર્ય છે, કારણ કે એ વિના જીવન નિર્વાહ શક્ય નથી, પરંતુ તેઓ પોતાના વ્યક્તિગત જીવનમાં અનર્થદંડને નિવારી શકે છે, એનું વિરમણ કરી શકે છે. એટલે એને વ્રતનું સ્વરૂપ અપાયું છે.

સાધુ મહાત્માઓનાં પાંચ મહાવ્રત હોય છે : (૧) અહિંસા, (૨) સત્ય, (૩) અસ્તેય (૪) બ્રહ્મચર્ય અને (૫) અપરિગ્રહ. આ પાંચ વ્રત ઉપરાંત પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું પાલન તેઓએ કરવાનું હોય છે.

સાધુ મહાત્માના જે પાંચ મહાવ્રત છે તે શ્રાવકે અમુક અંશે પાળવાનાં હોય છે. એટલે એને પાંચ 'અણુવ્રત' કહે છે. તદુપરાંત શ્રાવકે ત્રણ ગુણ વ્રત અને ચાર શિક્ષા વ્રત એમ બાર વ્રતનું પાલન

છે. એટલે ભગવતી સૂત્રમાં ભગવાને કહ્યું છે : जे से पुरिसे अगणिकायं निव्वावेइ से णं पुरिसे अप्पकम्म तराए चेव । એટલે કે જે પુરુષ અગ્નિકાયને બુઝાવે છે તે પુરુષ અલ્પ કર્મબંધ કરે છે.

ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાય તથા પાંચ ઇન્દ્રિયોના વિષયો પણ પ્રમાદ-આચરણમાં આવી જાય છે. એની વાત સુસ્પષ્ટ છે.

નિદ્રાની ગણના શાસ્ત્રકારોએ પ્રમાદમાં કરી છે. ઊંઘ શરીર માટે, સારા આરોગ્ય માટે આવશ્યક જ નહિ, અનિવાર્ય મનાય છે. એમ છતાં સ્વસ્થ રહીને નિદ્રા ઘટાડી શકાય છે. સ્વરૂપમાં લીન રહેનાર મહાત્માઓ કેટલી ઓછી નિદ્રા લે છે ! ભગવાન મહાવીરે સાડા બાર વર્ષની તપશ્ચર્યાના કાળમાં કેટલી ઓછી નિદ્રા લીધી હતી !

નિદ્રા પાંચ પ્રકારની છે. જે નિદ્રામાંથી આનંદપૂર્વક જાગ્રત થઈ શકાય, સુખે ઉઠાય તે સાચી નિદ્રા. જે નિદ્રામાંથી ઊઠતાં કષ્ટ પડે, ગમે નહિ તે 'નિદ્રા નિદ્રા'. ઊભા ઊભા ઊંઘનું ઝોકું આવે તે પ્રચલા નિદ્રા. ચાલતાં ચાલતાં જે નિદ્રા આવે તે 'પ્રચલા પ્રચલા'. ઘોડો આવી રીતે ઊંઘ લઈ લેતો હોય છે. દિવસે વિચારેલું કાર્ય રાતના ઊંઘમાંથી ઊઠીને કરી નાખીને પાછો સૂઈ જાય અને છતાં પોતાને ખબર પણ ન હોય, સવારે પૂછો તે કંઈ યાદ ન હોય એવી પ્રગાઢ નિદ્રા તે સ્ત્યાનર્દ્ધિ નિદ્રા કહેવાય. આવી સ્ત્યાનર્દ્ધિ નિદ્રાવાળા માણસમાં નિદ્રામાંથી ઊઠતી વખતે ઘણું જ બળ હોય છે. દિવસે જાગૃતિમાં પણ એવી વ્યક્તિમાં સરેરાશ કરતાં ત્રણ-ચાર ગણું બળ હોય છે અને રાતના જાગરણ દરમ્યાન આઠગણું બળ અથવા વાસુદેવ કરતાં અડધું બળ હોય છે.સ્ત્યાનર્દ્ધિ નિદ્રાનાં વિવિધ ઉદાહરણો શાસ્ત્રગ્રંથોમાં જોવા મળે છે. આવી સ્ત્યનર્દ્ધિવાળો લાખોમાં એક હોય તો હોય, પણ એ અવશ્ય નરકે જનાર જીવ હોય છે.

વિકથા એ પ્રમાદનો એક પ્રકાર છે. વિકથા એટલે વિકાર કરનારી ખોટી કથા. જે કથાઓમાં રસ લેતાં અશુભ કર્મબંધ થાય છે એવી આ પ્રકારની કથાઓમાં રાજકથા, સ્ત્રીકથા, દેશકથા (અથવા ચોરકથા) અને ભક્તકથા (ભત્તકથા-ભોજનકથા) એવા ચાર પ્રકાર બતાવવામાં આવે છે. વળી એ પ્રત્યેકના ચાર ચાર પેટા પ્રકાર એ રીતે સોળ પ્રકારની વિકથા બતાવવામાં આવી છે.

રાજકથા એટલે રાજકારણની કથા. રાજ્યોની કથાઓમાં યુદ્ધની, હારજીતની, રાજાઓના વૈભવ વિલાસની, રાજકુટુંબોમાં ચાલતી ખટપટોની, રાજાઓના હિસાયુક્ત શૌર્યની કે યજ્ઞની કથાઓ હોય છે. એ બધાંમાં ચિત્તના અધ્યવસાયો બગડે છે. વર્તમાનમાં લોકશાહીમાં રાજદ્વારી પક્ષો, નેતાઓ અને તેમના જૂઠાણાં, ખટપટો, ભ્રષ્ટાચાર એ બધાંની વાતો તે રાજકથામાં આવી જાય છે. એ કથાઓ હોય છે રસિક, માણસને પ્રવાહમાં ખેંચી જાય એવી, પરંતુ તે વિકથા છે. રાજકથા, સ્ત્રીકથા વગેરે વિકથા માટે 'દુઃશ્રુતિ' શબ્દ પણ પ્રયોજાય છે.

અનર્થદંડ વિરમણ વ્રત ધારણ કરનારથી પછી તલવાર, બંદૂક, કુહાડી, છરી વગેરે હિંસક શસ્ત્રો કે સાધનોનો વેપાર પણ ન કરી શકાય. વળી ખોટાં તોલમાપ રાખવા, ઘરમાં પોપટ, કૂતરું, બિલાડી પાળવાં વગેરે પણ અનર્થદંડ વિરમણવ્રતનો ભંગ કરવા બરાબર છે.

અનર્થદંડના પાંચ અતિચાર આ પ્રમાણે ઉપદેશપ્રાસાદમાં શ્રી લક્ષ્મીસૂરિએ કહ્યા છે :

संयुक्ताधिकरणत्व-मुपभोतिरेक्रता ।
मौखर्यमथ कौकुच्यं कंदर्पोऽनर्थदंडगाः ॥

[સાધનોને સતત જોડેલાં રાખવાં, પોતાના ઉપભોગ માટે જરૂરી હોય તેનાથી વધુ વસ્તુઓ રાખવી, અતિવાચાળપણું, કુચેષ્ટાઓ કરવી, કામોત્તેજક વચનો બોલવાં એ અનર્થદંડના અતિચાર છે.]

'વંદિત્તુસૂત્ર'ની નીચેની ગાથામાં અનર્થદંડ-વિરમણ વ્રતના પાંચ અતિચાર કહ્યા છે :

कंदप्पे कुक्कुइए मोहरि अहिगरण भोग अइरित्ते ।
दंडम्मि अणट्ठाए तइयंमि गुणव्वए निंदे ॥

[કંદર્પ, કૌકુચ્ય, મુખરતા, અધિકરણ (સંયુક્તાધિકરણ) અને ભોગાતિરિક્ત-અનર્થના સંબંધમાં આ પાંચ અતિચારને ત્રીજા ગુણવ્રતમાં (અનર્થદંડ વિરમણ વ્રતમાં) હું નિંદુ છું.]

કંદર્પ એટલે કામદેવ. પોતાને કે બીજાને કામવિકાર ઉત્પન્ન થાય એવાં સ્પષ્ટ માર્મિક કે દ્વિઅર્થી વચનો બોલવાં, કામરસની કથાઓ વાંચવી, બીજાને કહેવી, વિજાતીય વ્યક્તિના હાવભાવ, વિલાસ, શૃંગાર, ભોગોપભોગ, અંગાંગોનું વર્ણન કરવામાં આવે કે જેથી ચિત્તમાં વિકારી ભાવ ઉત્પન્ન થાય અને એની માઠી અસર થાય, કુકર્મ કરવા પ્રેરાય. આથી આ વ્રતમાં પ્રમાદ આચારણનો અતિચાર લાગે છે.

કૌકુચ્ય એટલે કુચેષ્ટા. પ્રમાદ આચરણનો એ અતિચાર છે. ભ્રમર ચડાવવી, નાક મરોડવું, આંખ મીંચકારવી વગેરે કુચેષ્ટાઓ વિવિધ આશયથી થાય છે. માણસ પોતાનાં અંગાંગોને એવી રીતે મરોડે કે જેથી એની ખરાબ પ્રતિક્રિયા થાય. એકલા મસ્તકનાં જ મોં, હોઠ, નાક, આંખ વગેરેના લટકાં મટકાં દ્વારા વિવિધ વિચિત્ર હાવભાવ વ્યક્ત થઈ શકે છે. તથા ડોક, હાથ, પગ, કમર વગેરેને વિચિત્ર વળાંક આપીને અમુક ચેષ્ટાઓ-સંકેતો વ્યક્ત થઈ શકે છે. આવા હાવભાવથી, ઇશારાઓથી માણસ પોતે ખરાબ દેખાય છે. એનો ઉપહાસ થાય છે. ક્યારેક પોતાની કામુકતા વ્યક્ત કરવા કુચેષ્ટો થાય છે. એથી પોતાનામાં અને ક્યારેક બીજામાં કામવિકાર ઉત્પન્ન થાય છે. અથવા વિનાકારણ ઘૃણા કે લજ્જા ઉત્પન્ન થાય છે. આવી કુચેષ્ટાઓ અનર્થદંડમાં પરિણમે છે.

મૌખર્ય અથવા મુખરતા એટલે મુખનો વધુ પડતો ઉપયોગ બોલવામાં કરવો, વધુ પડતું બોલવાથી, અતિશય વાચાળ બનવાથી બિનજરૂરી બોલાય છે, અસંબદ્ધ બોલાય છે, બડબડાટ, બકવાસ થાય છે અને એથી અનર્થ થવાની, ઝઘડા થવાની શક્યતા રહે છે. એથી પાપ બંધાય છે. પાપોપદેશની સંભાવના રહે છે. પાપોપદેશનો અતિચાર લાગે છે.

ઉપહાસ, મજાક, હાસ્યકટાક્ષ, ચીડવવું ઇત્યાદિ પણ અનર્થનાં નિમિત્ત બની શકે છે. હસવામાંથી ખસવું થાય છે એ તો ખરું, પણ સામાન્ય મજાક-મશ્કરીમાં બોલાતાં હાસ્યવચનોમાં પણ અનર્થ દંડનો દોષ રહેલો હોય છે. રાજા કુમારપાલના બનેવી, શાકંભરીના રાજા આનાક પોતાની રાણી સાથે ચોપાટ રમતાં, અમુક સોગઠીને મારતી વખતે 'માર મુંડિયાને' (જૈન સાધુને) એવું વચન બોલતાં. રાણી સાથે ઝઘડો થતાં ઠેઠ કુમારપાલ સાથેના યુદ્ધમાં પરિણમે છે અને રાજા આનાકને પરાજિત થઈ માફી માગવી પડી હતી અને એની જીભ ખેંચી કાઢવાના પ્રતીક રૂપે એના પોતાના રાજ્યમાં પાઘડીનો એક છેડો જીભની જેમ લટકતો રાખવાની રાજા કુમારપાળની આજ્ઞા માનવી પડી હતી.

સંયુક્તાધિકરણ એટલે અધિકરણોને સંયુક્ત રાખવાં અર્થાત્ સાધનોને જોડેલાં રાખવાં. જૂના વખતમાં અને હજુ પણ ગામડાંઓમાં આદિવાસી પ્રદેશોમાં ખાંડણીમાં પરાળ મૂકી રાખવી, ખાયણાંમાં સાંબેલું મૂકવું, હળ સાથે તેનું ફળું જોતરી રાખવું, ધનુષ્ય સાથે બાણ ચડાવી રાખવું, ઘંટીના પડ સાથે બીજું પડ પણ ચડાવી રાખવું, કુહાડી સાથે હાથો જોડી રાખવો, ગાડાં સાથે બળદ જોડી રાખવા વગેરે સંયુક્તાધિકારણ જોવા મળે છે. તૈયાર જોડેલાં સાધનો અનર્થ કરાવી શકે. સાધનો જોડેલાં હોય તો બીજા માગવા આવે ત્યારે સરળતાથી આપી દેવાય છે, એટલું જ નહિ. પોતાને પણ એ કારણ વગર, પ્રયોજન વિના તરત વાપરવાનું મન થાય છે. એથી અજાણતાં અનર્થદંડનો દોષ લાગવાનો સંભવ છે. આ જૂના વખતની ગામડાઓની વાત છે. વર્તમાન જીવનમાં

એ રીતે અનર્થ થાય એવાં ઉપકરણોમાં સાવધ રહેવું જોઇએ.

શ્રી ભગવતી સૂત્રમાં શ્રી ગૌતમસ્વામી ભગવાનને પ્રશ્ન કરે છે, 'હે ભગવંત ! જે મનુષ્ય ધનુષ ગ્રહણ કરે અને એમાં બાણ ચડાવીને ફેંકે તો એમાં એને કેટલી ક્રિયા લાગે ?' ભગવાને કહ્યું, 'હે ગૌતમ !' મનુષ્યને પાંચ ક્રિયા લાગે છે. એટલું જ નહિ પણ તે ધનુષ-બાણ જે જીવોનાં મૃતકલેવરોનું બન્યું છે તે (ચ્યવી ગયેલા) જીવોને પણ પાંચ ક્રિયા લાગે છે. આ પાંચ ક્રિયા તે કાયિકી, અધિકરણી, પ્રાદ્વેષિકી, પારિતાપનિકી અને પ્રાણાતિપાતિકી છે.

ભોગોપભોગમાં અતિરિક્ત એટલે ભોગોપભોગમાં વધુ પડતા આસક્ત બનવું. ભોગપભોગનાં અનેક સાધનો છે અને વિવિધ પ્રકારો છે. પાંચે ઇન્દ્રિયોના સ્વાદ અનુભવવા જીવ લલચાય છે. નાટક, ચેટક, ખેલ-તમાશા, સંગીતના જલસો, ખાણીપીણીની મહેફિલો, ભાતભાતનાં પકવાન અને વિવિધ વાનગીઓ આરોગવામાં તલ્લીન બનવું, તેલ, અત્તર, પાવડર, લિપસ્ટિક, શેમ્પુ વગેરેનો છૂટથી ઉપયોગ કરવો, વખાણવાં, વસ્ત્રાલંકાર વધુ પડતાં રાખવાં, ફેશનને અનુસરવું, ઇચ્છાઓ અનુસાર લુબ્ધ બનીને બધે દોડતાં રહેવું એ ભોગોપભોગનો અતિરેક છે. ગૃહસ્થ જીવનમાં કેટલુંક કરવું પડે તો પણ એમાં વધુ પડતો રસ લઇને ચીકણાં કર્મ ન બાંધવાં જોઇએ.

પાક્ષિક, ચાતુર્માસિક, સાંવત્સરિક વગેરે મોટાં પ્રતિક્રમણમાં આપણે જે અતિચાર બોલીએ છીએ તેમાં આ વ્રત વિશે આ પ્રમાણે બોલીએ છીએ: 'આઠમે-અનર્થદંડ, વિરમણવ્રતે પાંચ અતિચાર, કંદપ્પે કુકઇએ, કંદર્પ લગે વિટ-ચેષ્ટા, હાસ્ય, ખેલ, કુતૂહલ કીધાં. પુરુષ સ્ત્રીના હાવભાવ રૂપ શૃંગાર વિષયરસ વખાણયા, રાજકથા, ભક્તકથા, દેશકથા, સ્ત્રીકથા કીધી, પરાઈ તાંત કીધી, તથા પૈશુન્યપણું કીધું, આર્તરૌદ્ર ધ્યાન ધ્યાયાં. ખાંડા, કટાર, કોશ, કુહાડા, રથ, ઉખલ, મુંશલ, અગ્નિ, ઘરંટી, નિસાહે, દાતરડાં, પ્રમુખ અધિકરણ મેલ દાક્ષિણ્ય લગે માગ્યાં, આપ્યાં. પાપોપદેશ દીધો, અષ્ટમી, ચતુર્દશીએ ખાંડવા દળવા તણા નિયમ ભાંગ્યા.

મુખરપણા લગે અસંબદ્ધ વાક્ય બોલ્યા, પ્રમાદાચરણ સેવ્યાં, અંઘોલે, નહાહણે, દાતણે, પગધોઅણે, ખેલ, પાણી, તેલ છાંટ્યાં, ઝીલણે ઝીલ્યા, જુગટે રમ્યા, હિંચોળે હિંચ્યા, નાટક પ્રેક્ષણક જોયાં, કણ, કુવસ્તુ, ઢોર લેવરાવ્યાં, કર્કશ વચન બોલ્યા, આક્રોશ કીધા, અબોલા લીધા, કરકડા મોડ્યા, શાપ દીધા, ભેંસ, સાંઢ, હુડુ, કૂકડા, શ્વાનાદિક ઝુઝાર્યા, ઝુઝતા જોયા, ખાદિ લગે અદેખાઈ ચિંતવી, માટી મીઠું, કણ, કપાશીયા, કાજ વિણ ચાંપ્યા, તે ઉપર બેઠા, આલી વનસ્પતિ ખુંદી, સૂઈ શસ્ત્રાદિક નિપજાવ્યા, ઘણી નિદ્રા કીધી, રાગદ્વેષ લગે એકને ઋદ્ધિ પરિવાર પાંછી, એકને મૃત્યુહાનિ વાંછી.

આઠમે અનર્થદંડ-વિરમણ વ્રત વિષઇઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહિ સૂક્ષ્મ બાદર જાણતાં અજાણતાં હુઓ હોય તે સવિ હુ મને, વચને, કાયાએ કરી મિચ્છામિ દુક્કડં. (બસો વર્ષ પહેલાં લખાયેલા આ અતિચારને હવે આધુનિક રૂપ આપવાની આવશ્યકતા છે. કોઈ સર્વમાન્ય સમર્થ આચાર્ય ભગવંત આ કાર્ય કરે તો તે સર્વમાન્ય થાય.)

પ્રકાશસિંહ મહારાજે અનર્થદંડ ઉપર છપ્પો લખ્યો છે તેમાં કહ્યું છે:

વશ રાખજે તારી જીભડી, અનર્થ દંડે,
કામ ન સિજે આપણું, તું શીદને મંડે,
જેથી લાગે પાપ, તેથી તું અળગો રહેજે,
ધર્મધ્યાનની વાતમાં, તું વળગ્યો રહેજે.
પોતાથી પળાતું નથી ને પારકું ત્યાં ક્યાં લહે,
પ્રકાશસિંહ વાણી વદે, કે તારાં કર્યાં તું સહે.

એક બાજુ દિક્પરિણામ વ્રત અને દેશાવગાસિક હોય અને બીજી બાજુ ભોગોપભોગ પરિમાણ વ્રત હોય તો પછી વચ્ચે આ અનર્થ દંડવિરમણ વ્રતની જરૂર શી એમ પ્રશ્ન કોઇને થાય. એનો ઉત્તર શાસ્ત્રકારો એમ આપે છે કે ભોગોપભોગ પરિમાણમાં પોતાની ઇચ્છાનુસાર ભોગોપભોગનું પ્રમાણ કરવામાં આવે છે અને સાવદ્ય પ્રવૃત્તિઓનો પરિહાર કરવામાં આવે છે. પરંતુ અનર્થદંડમાં આવશ્યક-અનાવશ્યકનો વિચાર હોય છે અને જે અનાવશ્યક હોય તેનો સમાવેશ અનર્થદંડમાં કરવામાં આવ્યો છે. વળી શાસ્ત્રકારો કહે છે કે એ બે વ્રતો સ્વેચ્છાએ લેવાય છે, પરંતુ એ વ્રતની અંદર રહીને પણ ઘણી નિરર્થક પ્રવૃત્તિઓ થઈ શકે છે. દિક્પરિમાણ વ્રત ધારણ કરનાર કોઈ શ્રાવકે એવું વ્રત લીધું હોય કે ભારત બહાર પ્રવાસ કરવો નહિ અને એ વ્રતનું બરાબર ચુસ્ત કડક પાલન તેઓ કરતા હોવા છતાં ભારતમાં કામ હોય કે ન હોય તો પણ તેઓ અતિશય ફરાફર કરતા હોય તો તેમને સંયમમાં રાખવા માટે બીજા એક વ્રતની જરૂર પડે. એવી જ રીતે ભોગોપભોગ પરિમાણ વ્રત ધારણ કરનાર કોઈ શ્રીમંત શ્રાવકે પાંચ સ્થળે બંગલા બાંધવાની મર્યાદા બાંધી હોય અથવા કોઈપણ એક જ ચીજવસ્તુનો વેપાર કરવાની મર્યાદા બાંધી હોય તો પણ એમાં તે અતિશયતા કરી શકે છે કે જે એની પાસે નિરર્થક પાપાચરણ કરાવી શકે. માટે એવા વ્રતધારી શ્રાવકો માટે એક વધારાના વ્રતની આવશ્યકતા રહે છે. એટલે જ અનર્થદંડ વિરમણ વ્રતની અનિવાર્યતા સ્વીકારાઈ છે.

અજ્ઞાન, પ્રમાદ, ક્રોધ, દંભ વગેરેથી અનર્થદંડ થાય છે. એ અનર્થદંડનો શ્રાવકોએ વ્રતરૂપી વજ્ર વડે ધ્વંશ કરવો જોઇએ.

'પુરુષાર્થ સિદ્ધિ ઉપાય'માં આ વ્રતનો મહિમા બતાવતાં કહ્યું છે:

एवंविधमपरमपि ज्ञात्वा मुच्चत्यनर्थदण्डं यः ।
तस्यानिशमनवद्यं विजयमहिंसा व्रतं लभते ॥

(જેઓ આ રીતે આ ઉપરાંત બીજા પણ અનર્થદંડ જાણીને એનો ત્યાગ કરે છે તેઓ નિરંતર નિર્દોષ અહિંસાવ્રતનું પાલન કરે છે.)

ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત તે પાંચ અણુવ્રતના પોષણ અર્થે છે. જેઓ પાંચ મહાવ્રત ધારણ કરી સાધુ થઈ શકતા નથી તેમને માટે બાર વ્રત અને અગિયાર પ્રતિમા છે. સાચા શ્રાવકનું લક્ષ્ય ગૃહસ્થજીવનમાં રહીને પણ સાધુજીવન સુધી પહોંચવાનું છે. જેઓ શ્રદ્ધાપૂર્વક આ દિશામાં પ્રગતિ કરે છે તેઓ બાર વ્રતનું ચુસ્ત પાલન કરે છે. પાંચ મહાવ્રતોમાં પણ સર્વ શ્રેષ્ઠ તે અહિંસા વ્રત છે. ધર્માચરણનો બધો નિષ્કર્ષ આ મુખ્ય વ્રતમાં આવીને સમાય છે. એટલે અનર્થદંડ વિરમણ વ્રત પણ અહિંસાદિ વ્રતના પોષણ માટે છે.

વર્તમાન સમયમાં જીવનશૈલીમાં જબરજસ્ત મોટું પરિવર્તન આવી ગયું છે. અનર્થદંડની કેટલીયે વાતો મોટા ભાગના સમાજ માટે કાલગ્રસ્ત બની ગઈ છે. ટી. વી., ટેલિફોન, કૉમ્પ્યુટર, ફિલ્મ, મોટરકાર, વિમાન, મિક્સર, ગ્રાઈન્ડર, વોશર, ક્લિનર, ફિલ્ટર, ગેસ તથા વિવિધ ઉપકરણો આવતાં શેમાં અર્થદંડ છે અને શેમાં અનર્થદંડ છે એની સમજણ રહેતી નથી. વ્યવહારુ દૃષ્ટિએ ખોટી વાતનો પણ બચાવ થાય છે. આવાં સંજોગોમાં શ્રદ્ધાળુ શ્રાવકે તો પોતાની જાતને જ પૂછવાનું રહે છે કે પોતે જે કંઈ આચરે છે તે અનિવાર્ય છે કે અનાવશ્યક, સપ્રયોજન છે કે નિષ્પ્રયોજન ? જે નિષ્પ્રયોજન, અનાવશ્યક હોય તેમાંથી અટકવાનો પુરુષાર્થ કરવો જોઇએ. ધર્મતત્ત્વનું સાચું હાર્દ સમજીને પોતાના અંતરાત્માની સાક્ષીએ પ્રામાણિકપણે નિર્ણય કરી જીવનમાં તેને ઉતારવાનો સાચો ઉદ્યમ કરવાની આવશ્યકતા છે ! મુક્તિનું અંતિમ લક્ષ્ય નજર સામે રહેવું જોઇએ.

☐ **રમણલાલ ચી. શાહ**

# કહેવતોમાં નારી

☐ ડૉ. રણજિત પટેલ (અનામી)

કહેવતોમાં 'નર' કે કહેવતોમાં 'નારી'-એ બે વિષયો પર જો નિબંધ-હરીફાઈ રાખવામાં આવે તો મારું માનવું છે કે નર કરતાંય નારી પર નિબંધો વધુ લખાય ને એમાંય નર કરતાં ય નારી-નિબંધકારોની સંખ્યા ઝાઝી હોય ! આનું એક કારણ એ પણ હોઈ શકે કે નર કરતાં નારી પરની કહેવતો પ્રમાણમાં ઝાઝી ઉપલબ્ધ છે અને નારી પરની કહેવતો રચવામાં પુરુષપ્રધાન સમાજની પકડ પણ મજબૂત છે. સ્ત્રીઓએ પુરુષોની મર્યાદાઓ કે વિશેષતાઓને કહેવતોમાં ખાસ શબ્દસ્થ કરી નથી એનું કારણ કદાચ શિક્ષણનો અભાવ અને જડ રૂઢિ-તંત્ર-બદ્ધતા હોય ! નારી-પ્રધાન સમાજ-રચનામાં પણ નરસમાજ વિષયક કહેવતો ઝાઝી હોવાની સંભાવના અલ્પ છે. અત્યાર સુધીમાં નારીને ઉતારી પાડતી કહેવતોનો વિરોધ જેટલો પુરુષોએ કર્યો છે એના પ્રમાણમાં સ્ત્રીઓએ ઓછો કર્યો છે એવી મારી માન્યતા છે ને એનું કારણ પણ સ્ત્રીઓનું શિક્ષણક્ષેત્રે પછાતપણું, રૂઢિ-દાસ્ય અને પરાધીનપણું કારણભૂત હોઈ શકે.

यत्रनार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवता: । આ સનાતન સત્યને મૂર્ત કરતું કહેવત સૂત્ર આપનાર પણ પુરુષ છે અને 'બૂધે નાર પાંસરી' કહેવતનો સર્જક પણ પુરુષ જ છે. ઉત્તર દક્ષિણ ધ્રુવ જેવી આ બે કહેવતોના કાળનો પણ પ્રભાવ હશે. કહેવતોને જો અનુભવનો અર્ક ગણીએ તો આ બે કહેવતોના વિરોધાભાસી અર્થમાં કયો અનુભવનો અર્ક ગર્ભિત હશે ? મહાકવિ કાલિદાસ-વિરચિત 'શાકુંતલ'માં ઋષિ કાશ્યપ કહે છે:

પતિકુલં વિસૃજ્ય લબ્ધમિદાની 'સ્વાસ્થ્યમ્ ।

હાશ ! શકુંતલાને સાસરે, વળાવીને અત્યારે હવે નિરાંત વળી, કેમ કે : -

અર્થો હિ કન્યા પરકીય એવ પ્રામદ્ય સંપ્રેષ્ય પરિગ્રહીતુ: ।

જા તો મમાયં વિશદ:પ્રકત્મં પ્રત્યર્પિતન્યાસ ઇવાન્તરાત્મા ।।

મતલબ કે-

'છે દીકરી તો ધન પારકું જ,
વળાવી એને પતિ-ઘેર આજે.
થયો અતિ સ્વસ્થ જ અન્તરાત્મા
મારો, યથા થાપણ પાછી સોંપ્યે.'

દીકરી એ પારકું 'ધન' ગણાયું અને એ ન્યાસ કહેતાં થાપણ-એના ધણીને સોંપ્યા વિના શાંતિની નિદ્રા કેવી ? એક તો શકુંતલાના પાલક-પિતા, એમાંય તપસ્વી એમની જો આ સ્થિતિ તો સંસારી-પિતાની તો વાત જ શી કરવી ? સ્ત્રીઓમાં કેળવણીના વધતા જતા વ્યાપને કારણે, શિક્ષણને પ્રતાપે આર્થિક સ્વતંત્રતા પ્રાપ્ત થતાં ને લગ્નની તુલનાએ 'કરીઅર'ને વરેલી કન્યાઓ 'પારકું ધન' અને 'ન્યાસ'ની વિભાવનાને સ્વલ્પાંશે સ્વીકારતી હશે ! શિક્ષણના પ્રતાપે બુરખાની સાથે રૂઢિ-દાસ્ય, જડતા અને અંધશ્રદ્ધાના બૂરખા પણ ઊડી ગયા છે અને વિશ્વના પ્રાંગણમાં નારી સર્વાધિકારપૂર્વક આગળ વધી રહે છે ત્યારે 'કન્યા ને ગાય, દોરે ત્યાં જાય'-એ કહેવત નિરર્થક બનતી જાય છે. 'કુંવારો ડોસો મરે પણ કુંવારી ડોસી ન મરે' એ કહેવત પણ ખોટી પડતી જાય છે. 'બૂધે નાર પાંસરી' ને અમલમાં મૂકવા જનારા પતિઓને પણ બૂધુ નહીં તો 'લાલિયો રણછોડિયો' બતાવનાર સ્ત્રીઓ સમાજમાં વિરલ નથી ! મારા મિત્રની એક શિક્ષિત અર્વાચીના પત્નીએ એકવાર મને કહેલું: 'મારા એ 'સુ-વ્વરે' મને ચાર ફટકારી તો મેંય સામે બેત્રણ તો ઠોકી. આ વ્યવહારનો એને રજ માત્ર અફસોસ નહોતો બલ્કે શક્ય પ્રતિકાર કરી શકી એનો સંતોષ હતો. એટલે પેલી કહેવત પ્રમાણે 'તલવાર વાપરનારનો તલવારથી જ નાશ થાય છે તેમ બૂધુ વાપરનારને સામે 'બૂધા-પાક' મળતો હોય છે.

દામ્પત્ય-જીવનમાં આ વૈર-પ્રતિવૈરની સ્થિતિ સારી તો ન જ ગણાય પણ 'પ્રથમ બૂધુ' ઉપાડનારે એ ખાસ સમજવાની જરૂર છે. ક્રિયા-પ્રતિક્રિયાનું સત્ય એકપક્ષી શી રીતે હોઈ શકે ? 'નારી તુ નારાયણી'ની સામે, 'નારી નરકની ખાણ' કહેનાર એ વસ્તુ કેમ ભૂલી જાય છે કે પોતે પણ એ નરકની ખાણનો 'હીરો' છે. વ્યક્તિની જેમ આ પણ સમષ્ટિને લાગુ પડે છે. અંતિમ કોટીનાં વિધાનો હંમેશાં અર્ધસત્ય જ હોય છે. વક્તવ્યના અતિરેકમાં કેન્દ્રવર્તી અનુભવ-સત્ય અળપાઈ જતું હોય છે. 'ચાર મળે ચોટલા, ભગાવે કો'કના ઓટલા' એ 'ચોટલા-ઓટલા'ના જેવો પ્રાસ મેળવી બહેનોએ પુરુષો સામે આ કહેવત મૂકવાની જરૂર છે:

'ચાર મળે ચોટલી, અનેકની ભગાવે રોટલી.'

પુરુષોની તુલનાએ બહેનોનો શબ્દભંડાર સમૃદ્ધ હોવા છતાં 'ચોટલા 'મેદાન મારી જશે કે ચોટલી' -એ બેમાંથી એક્કેય ધારણ નહીં કરનાર 'અનામી' શું કહી શકે ? નવી કહેવતોને સમાજમાં પ્રચલિત થતાં ઠીક ઠીક સમય તો લાગવાનો જ, વળી એ કહેવતોના મૂળમાં માનવ-પ્રકૃતિનું કંઈક તો પ્રતિબિંબ પડવું જોઇએ. સુખની વિભાવના દર્શાવતી આપણામાં એક લોકોક્તિ-લોક કહેવત છે: 'પહેલું સુખ તે જાતે નર્યા-આ તો જગતસત્ય છે...' બીજું સુખ તે ઘેર દીકરા દીકરીઓ. આનો પ્રતિવાદ જરૂર કરી શકે-દીકરી નહીં ને દીકરા જ શા માટે ? આવા ભેદભાવની શી જરૂર ? પુરુષપ્રધાન સમાજ કહેવાનો-મિલ્કતના વારસદાર માટે, પિતાનું તર્પણ કરવા માટે ને વંશની વૃદ્ધિ માટે, તો આજે તો નવા કાયદા પ્રમાણે પિતાની મિલ્કતમાં દીકરા જેટલો જ દીકરીનો અધિકાર છે, પિતાનું તર્પણ તો જીવતેજીવત દીકરી કરે છે એટલું તો દીકરા પણ કરતા નથી ને 'પુ' નામના નરકમાંથી પિતાને તારે તે પુત્ર-આ તો કેવળ તર્કનો વિષય છે. સ્વર્ગ કે નરક જોવા કોણ ગયું છે ? સત્કર્મની શાંતિ એ સ્વર્ગ ને દુષ્કર્મોની અશાંતિ એ જ નરક. સ્વર્ગ ને નરક તો માનવીનાં કર્મો ને મનમાં જ છે...અને 'વંશવૃદ્ધિ' તો દીકરી પણ ક્યાં નથી કરતી ? -અલબત્ત, એની સાસરીમાં. વળી એ તો બંનેય કુળની તારણહાર છે એ કેમ ભૂલી જવાય છે ? સુખની લોકોક્તિમાં 'ત્રીજું સુખ તે કોઠીએ જાર'-ત્યાં અન્ન બ્રહ્મની પ્રતિષ્ઠા છે...સુદામાના જ્ઞાનને પડકારતાં ઘરરખ્ખુ ગૃહિણી વ્યાવહારિક સત્ય ઉચ્ચારે છે:-

'એ જ્ઞાન મને ગમતું નથી ઋષિરાયજી રે,
લાવો બાળક માગે અન્ન, લાગુ પાયજી રે.'
'ભૂખ્યા પેટે ભક્તિ પણ ન થાય રે, મુરારિ !'

સંતોનું એ સત્ય છે. અને ચોથા સુખમાં કહ્યું. 'ચોથું સુખ તે સુલક્ષણી નાર !' બીજા સુખને (ઘેર દીકરા) કૃતાર્થ કરવા સુલક્ષણી નાર તો જોઇએ જ ને ? ભલેને એનો ક્રમ ચોથો રાખ્યો પણ સુલક્ષણા નારને ય અન્ન-બ્રહ્મની જરૂર તો પડવાની જ ને ? સમાજની મોટા ભાગની નીતિ ભરાયેલા પેટના ઓડકાર સાથે સંકળાયેલી છે. નીતિ નહીં તો સ્વસ્થતા ને સલામતી તો ખરાં જ. 'સ્ત્રીની બુદ્ધિ પગની પહાનીએ' કહેનારની નિરીક્ષણ શક્તિને ધન્યવાદ આપવા ઘટે. અહીં 'બુદ્ધિ'નો અર્થ ઈન્ટલેક્ટ કરવાનો નથી પણ દૃષ્ટિ, સૂઝ-સમજ કરવાનો છે...શિક્ષિત, અલ્પશિક્ષિત કે અશિક્ષિત-નારીને વસ્ત્ર પરિધાન કરતી વખતે જોજો...સાડી પહેરીને એ ખાસ જોવાની કે પગની પ્હાનીની લજ્જા સચવાઈ છે કે નહીં. શિર ઢાંકવા જતાં ચરણકમલ ખુલ્લાં પડી જાય ને ચરણકમલની લાજ રાખવા જતાં શિર ખુલ્લું થઈ જાય-એવું ન બનવા પામે એ માટે સ્ત્રીની જાગ્રતિ દાદ માગી લે તેવી છે. શિર ને પ્હાનીનો સંવાદ શાધવા તે સાડી કે પાનેતરને કેવી કેવી કવાયત કરાવે છે ! અને એ કવાયતના સુખદ પરિણામને જોવા ડાફેરાં

મારતા પુરુષની બુદ્ધિનું પંખેરું તો ખોપરી તોડીને માયા-લોકમાં ઉડ્ડયન કરતું ગોથાં ખાતું હોય છે. ઢોર, ગવાર, પશુ ઔર નારી, એ સબ તાડન કે અધિકારી, તુલસીદાસજીને ખાતે જમા થયેલી આ પંક્તિ માટે જો ટેલિપથીથી એમના આત્માનો સંસર્ગ સાધી પૂછાવ્યું તો કહે કે એ મારી પંક્તિ જ નથી, કો'ક ગમારે મારા નામે એ પ્રચલિત કરી દીધી છે, બાકી હું 'ઢોર' અને પશુનો પુનરાવર્તનનો દોષ કરું ખરો ? મને એમ લાગે છે કે કો'ક મારકણી નારીએ એના ગમાર પતિને ધીબી નાખ્યો હશે, એટલે હણાયેલા ગમાર પતિએ વૈર વાળવાના આશયથી 'નારી અને અધિકારી'નો પ્રાસ મેળવી દીધો લાગે છે, બાકી મારો આશય તો 'બુધે માર્યા પાણી (વારિ)' જુદાં ન પડે એ કહેવત રચીને ભાઇઓ ભાઈઓના ઝઘડા 'બુધે માર્યા વારિ' જેવાં હોય છે એમ કહેવાનો હતો પણ પેલા ગમારે 'વારિ'ને બદલે નારીને બેસાડી દીધી ! આવો પાઠાન્તર દોષ તો શિષ્ટ સાહિત્યમાં પણ ક્યાં જોવા મળતો નથી ! મને તુલસીદાસજીની વાત સાચી લાગે છે. ભવાઇમાં, ઘણી જ્ઞાતિઓનાં વ્યાવર્તક લક્ષણોને છતાં કરતા પદો હોય છે... નાગરવાડામાં નાનકડી, નાજૂક નારી પિયુની પ્રતીક્ષા કરતી, કાંકરીથી કાગને ઉડાડતી વર્ણવાય, બ્રાહ્મણવાડામાં ગાય ને તુલસીનો ઉલ્લેખ, અનિવાર્ય ગણાય, કણબીવાડામાં 'ભગરી ભેંસ, મલપતો પાડો, ધમ્મરવલોણું ને જાડા સાડલાની વાત આવે જ...પણ એક પદમાં 'ધમ્મરવલોણું ગજવે ગોરી' ને બદલે સાસુ વહુને કહે છે: 'ઊઠો, વહુજી ! મહુડાં ખાંડો.' હવે સાચું પાઠાન્તર, મને લાગે છે કે 'મહુડાં ખાંડો' ને બદલે 'વલોણાં માંડો' હોવું જોઇએ. તુલસીદાસજીની એ પંક્તિને પણ પાઠાન્તરની કોટિમાં મૂકવું જોઇએ ને બહેનોએ ખોટું લગાડવું જોઇએ નહીં. કોઈ સ્ત્રીએ એ પંક્તિ લખી હોત તો 'નારી'ને બદલે 'હાળી' લખ્યું હોત. હાળી એટલે મજૂરી કૂટતો (પતિ !) એવાને તો તાડનની પણ શી જરૂર ? કાળી મજૂરી કૂટતાં જ અધમૂઓ થયેલો હોય છે. એક કહેવતમાં દીકરીને ઉકરડી સાથે સરખાવી છે...મને લાગે છે કે એમાં ખોટું શું છે ? એ કહેવત આ પ્રમાણે છે. 'દીકરીને ને ઉકરડીને વધતાં શી વાર ? આમાં તો સરખામણી કેવળ 'વૃદ્ધિ' સાથે કરી છે પણ 'ઉકરડી'ની સાથે સંકળાયેલા ગંદકીના સંસ્કાર દેખાય છે પણ એની ફર્ટીલીટી-ફળદ્રુપતાની ઉપેક્ષા થાય છે ! મારી ભત્રીજીની જ વાત કરું ! ન્હાનો ભાઈ મુંબઈમાં ડૉક્ટર. સંતતિમાં એક દીકરો ને એક દીકરી. દીકરી તરીકે માતાપિતાએ પક્ષપાતી ધ્યાન આપેલું એટલે દીકરો પંદર વર્ષે બારનો લાગતો હતો ને તેર વર્ષની દીકરી સત્તર વર્ષની લાગતી હતી. મુંબઈથી ગામડે આવેલી મારી એ ભત્રીજીને જોઇને મારા પિતાજી બોલેલા: 'મધુ તો મોટા બૈરા જેવી લાગે છે. ગુજરાતીની જગ્યાએ તેર વર્ષની પંજાબી છોકરી મારા પિતાજીની દૃષ્ટિને, સંભવ છે કે પચ્ચીસની લાગત ! મારો અનુભવ તો એવો છે કે પંદર વર્ષના છોકરાની તુલનાએ પંદર વર્ષની છોકરી શરીર અને સમજણની બાબતમાં આગળ હોય છે. સંભવ છે કે એની દેહવૃદ્ધિને ભાવિ માતૃત્વ સાથે સંબંધ હોય ! એક કહેવત છે: 'કોયલ, કાગડી સરખી નાર, જણીને નાખ્યાં ઠગને દ્વાર.' આ કહેવત તો રાજા દુષ્યંતના જમાનાથી ચાલી આવે છે. સગર્ભા શકુંતલાને સ્મૃતિભ્રંશને કારણે રાજા દુષ્યંત ઓળખી શકતો નથી એટલે ટોણો મારતાં કહે છે: પ્રકૃતિથી જ સ્ત્રીઓ ચતુર હોય છે. દૃષ્ટાંત આપતાં કહે છે: 'કોયલ કાગડીના માળામાં ઇંડાં મૂકી આવે છે-ઈંડા સેવે કાગડી ને પાંખો આવતાં 'કા કા કા કા'ને બદલે 'કૂહુ કૂહુ' બોલતું કોયલબચ્ચું વરતાઈ જાય છે. શાલીન શકુંતલા એને 'અનાર્ય'નો ઇલ્કાબ ન આપે તો જ નવાઈ ! આ કવિતાઈ-કહેવતનો આક્ષેપ જેવો તેવો નથી ! પણ એક સત્ય માટે સ્ત્રીઓએ ગૌરવ લેવું જોઇએ.'સ્ત્રીઓ પ્રકૃતિ-ચતુર' હોય છે. પુરુષો 'પ્રકૃતિ-જડ' હોય છે એ અધ્યાહાર રાખેલું સત્ય પુરુષો ક્યારે સમજવાના ? એક કહેવત છે કે: 'કુંવારી કન્યાને સો ઘર ને સો વર.' દ્રૌપદી અને સીતાના સ્વયંવરને આ કહેવત લાગુ પડતી નથી ? એમાં તો પસંદગીની સ્વતંત્રતાને કેવડો મોટો અવકાશ છે ? બીજી એક કહેવત છે: 'દીકરીવાળું ઘર ને બોરડીવાળું ખેતર'...આમાં 'દીકરી' અને 'બોર'ની સરખામણી કરી છે...પણ મેં ગામડામાં ખાસ જોયું છે કે ખેતરમાં આવેલી બોરડીને ઝૂડવામાં ને ખંખેરવામાં, છોકરાઓ કરતાં છોકરીઓનો હિસ્સો મોટો હોય છે !...બાકી જો દીકરીવાળા ઘરની તુલના બોરને બદલે ખેતર સાથે કરો તો-જો એ ખેતર 'બોડી બામણીનું' હોય તો જુદી વાત છે, બાકી સરસ્વતીચંદ્રના માનચતુર ડોસાનું ઘર હોય તો કોઇની ખેર નથી કે દૃષ્ટિદોષ કરે, ખંખેરવાની વાત તો દૂરની રહી ! ડોસો ખંખેરનારને જ ખંખેરી નાંખે. 'દીકરી સાસરે સારી કે મસાણે સારી' આ કહેવત રચવામાં ને એનો પ્રચાર કરવામાં હું માનું છું કે પુરુષો કરતાં સ્ત્રીઓનું જ પ્રદાન મોટું છે ! સ્વ-જાતિ શત્રુતાને કોણ મહાત કરી શકે ? 'દીકરીએ દીવો ન થાય' એ કહેવત ધારો કે પુરુષસમાજે કરી છે પણ હું તો આજકાલ દીકરીઓને જ ઘેર ઘેર દીવા કરતી જોઈ રહ્યો છું...ને દીવડાઓને રાણા કરતા દીકરાઓની ય ક્યાં ખોટ છે ? પિતા પુત્રની સોરાબી-રૂસ્તમી અને જનરેશન ગેપ અને અહંકેન્દ્રી વ્યક્તિત્વને કારણે, કાળક્રમે આ અનિષ્ટ વધવાનું, ઘટવાની કોઈ શક્યતા લાગતી નથી. શાળાઓ, મહાશાળાઓ અને વિશ્વવિદ્યાલયોનાં પરિણામો પર ઊડતી નજર નાખતાં ય સમજાશે કે દીકરો દીવા કરે છે કે દીકરી ? વર્ષોથી મૂળ ઘાલી ગયેલી જડ માન્યતાનું આ પરિણામ છે. એ જડ ઉખડતી જાય છે.

બાર વર્ષ સુધી હું હતો સાવ ગામડિયો. ગામડામાં જન્મ ને ગામડામાં ઉછેર-ભણતર, મારાથી આઠ વર્ષ મોટો એક મિત્ર-ખેડૂત-પરણેલો, એક સંતાનનો પિતા. એ મને સ્ત્રીઓ સંબંધે કહેવતો કહે. તાજી પરણેલી નવોઢા માટે કહે: 'પહેલા આણે ખાય નહીં, બીજે આણે ધરાય નહીં ને ત્રીજે આણે માર ખાધા વિના જાય નહીં.' હું સમજણો થયો ત્યારે જોયું કે એ કહેવતમાં 'પહેલા આણે ખાય નહીં'–એટલી વાત જ સાચી હતી. લજ્જાને કારણે એમ જ હોય. 'નહીં ધરાવવાની' ને માર ખાવાની વાત ખોટી હતી. એવી જ બીજી કહેવત એણે કહેલી: 'સ્ત્રી માત્ર એંઠું ખાય, જૂઠું ગાય અને નવસ્ત્રી ન્હાય.' પતિ અને સંતાનોનું વધેલું ખાતી સન્નારીઓ ગામડે ગામડે મેં અનેક જોઈ છે...પણ દરેક 'વધેલું' એંઠું ન ગણાય. એમાંય કરકસર ને કુટુંબપ્રેમ છે. જૂઠું ગાવાની વાતમાં પણ કવિતા છે, રસિકતા છે, મધુરતા છે. સોનાના પાટલા પર ભાઈને સ્નાન કરતો કલ્પી ગાવું એમાં ખોટું શું છે ! બધાં જ લગ્ન ગીતોમાં અતિશયોક્તિ નથી હોતી ? અરે, આપણાં લોકગીતોમાં પણ સવામણ સોનાનું દાતરડું પણ નથી આવતું? રાજાને ત્યાં પણ સવા મણ સોનાના દાતરડાની શક્યતા નથી. પણ આ તો અતૃપ્ત વાસનાનું આવિષ્કરણ કરવાનું હોય તો 'દે દમા દાળમાં પાણી' પડવાનું જ. 'ન-વસ્ત્રે' ન્હાવાની વાત દરિદ્રતા સૂચક પણ હોય! આ કહેવતો ગ્રામ્ય છે ને ગામડા પૂરતી જ સીમિત છે.

'ગોળ વિના જેવો કંસાર,
મા-વિના એવો સંસાર'...

પ્રેમાનંદની આ કવિતાઈ ઉક્તિ લોકોક્તિ-લોક-કહેવત જેવી બની ગઈ છે. ભણેલ કે અભણ-સર્વ સ્ત્રીપુરુષોને એ કંઠસ્થ છે. માતૃત્વ જે પ્રત્યેક સ્ત્રી-માત્રનો અધિકાર છે એનું એ ગૌરવ-સ્તોત્ર છે. કવિ અને કવિતાનો એ વિજય છે.

'રઘુવંશ' મહાકાવ્યમાં ઇન્દુમતીનું અવસાન થતાં પતિ અજ જે વિલાપ કરે છે એ વિલાપ જ સ્ત્રીની ગૌરવ-ગાથા બની જાય છે. ગૃહિણી, સચિવ, સખી, લલિતકલાઓ વિષે પ્રિય શિષ્યા...આમાં શેની 'ન્યૂનતા છે ?' 'ગૃહિણી ગૃહમુચ્યતે' એ ગૃહિણી પદની મહત્તા કે પ્રતિષ્ઠા શી રીતે ઊણી છે ? આદર્શ ગૃહિણી એ ગૃહસચિવ-હોમ મિનિસ્ટર-પણ છે. દામ્પત્ય જીવનમાં ને દામ્પત્યજીવનનાં સુખદુઃખ જે સાથે સહે છે તે સખી-આવું સખ્ય કેવડા મોટા તપને અંતે પ્રાપ્ત થાય ? વિરહી યક્ષ, મેઘદૂતમાં 'મારું ઘર' નથી કહેતો પણ અમારું

(અસ્મદીયમ) ઘર કહે છે. આ દામ્પત્ય-અદ્વૈત કેવડી મોટી સાધનાનું ફળ છે ! બે-વકૂફ પતિ ક્રોધના ગાંડપણમાં પ્રલાપ કરતો હોય છે: 'નીકળ મારા ઘરમાંથી.' એ ઘર એના એકલાનું નથી. સ્ત્રીની કેવડી મોટી તપશ્ચર્યા એ ઘરમાં એકરસ બની ગયેલી હોય છે. પ્રમત્ત પુરુષો આટલું સાદું સત્ય સમજી શકતા નથી હોતા એથી અનેક 'નષ્ટનીડ' સર્જાય છે. સુગરી (સુગૃહી)ના માળા અટકચાળા વાનરો રફેદફે કરી દેતા હોય છે ! 'વાનર' ને વા-નર ! ની ભેદરેખા અતિ ઝીણી ને સૂક્ષ્મ હોય છે.

એક કહેવતમાં તો દીકરીને સાપનો ભારો કહી છે અને વહુનો અને સાપણનો ભરોસો નહીં કરવાનું કહ્યું છે તો એક લોકગીતમાં 'વહુએ મોટાં ખોરડાં વગોવ્યા'ની વાત આવે છે. આવી ભલે ને સેંકડો કહેવતો એક બાજુ હોય પણ બીજા પલ્લામાં જ્યાં યત્ર નાર્યસ્તુપૂજ્યન્તે છે, માતૃદેવો ભવઃ છે, ગૃહિણી સચિવ સખી-ની વાત છે, 'જનનીની જોડ સખી ! નહીં જડે રે'નો રાસ છે, 'મા તે મા, બીજા બધા વગડાના વા' અને 'દીકરી વ્હાલનો દરિયો ડહાપણ-સમજણથી ભરિયો', 'દીકરી ફૂલનો ક્યારો, ફોરમનો ફુવારો', 'દીકરી વ્યોમની વાદળી, દેવલોકની દેવી' જેવી લોકોક્તિઓ છે અને 'ધન્યાસ્તદંગરજસામલિની ભવન્તિ' જેવી ઉક્તિઓ પણ છે જે સ્ત્રીના ગૃહિણીપદનો અને માતૃત્વનો પરમ ચરમ મહિમા ગાય છે-એ નારી ગરિમાનું પલ્લું જ ભારે છે. સ્તનમાં દૂધ અને આંખોમાં અશ્રુ લઇને જીવતી નારીનો મહિમા જેટલો ભગવાન કૃષ્ણે અને આ યુગમાં મહાત્મા ગાંધીએ કર્યો છે તેટલો કોઇએ કર્યો નથી ! યુગાત્મા ગાંધીએ તો સ્ત્રીને ઘરની ચાર દિવાલોમાંથી બહાર કાઢી અસહકાર અને અહિંસક સંગ્રામભૂમિ પર ખડી કરી દીધી. ત્રીજું પણ એક નામ મને સૂઝે છે...તે છે સાહિત્યકાર બાબુ શરદચંદ્ર. એમણે તો કહેવાતા સ્ત્રીના દુર્ગુણોને પણ સદ્‌ગુણોમાં પલટાવી દીધા ને પતિત નારીને પણ સેવા અને પ્રેમના રસાયણે પાવન કરી દીધી. ગુજરાતી સાહિત્યમાં શ્રી ગોવર્ધનરામને પણ યાદ કરવા જોઇએ. એમણે પરોક્ષ રીતે સ્ત્રીઓની મર્યાદાઓ દર્શાવી પ્રત્યક્ષ ઉપદેશ આપ્યો છે:-'સ્ત્રીઓ પંડિત થાય, રસજ્ઞ થાય, શરીરે બલવતી, રોગહીન ને સુંદર થાય, યોગ્યતાના પ્રમાણમાં કુટુંબબંધનમાંથી તેઓ મુક્ત થાય ને એ મુક્તતાથી ને સ્વતંત્રતાથી કુટુંબની મૂર્ખ ઇચ્છાઓ અને કલેશમાંથી છૂટી એ કુટુંબનું ખરું કલ્યાણ કરવા શક્તિમતી અને ઉત્સાહિની બને, કુટુંબના બાળકવર્ગને પોષણ અને શક્તિ આપે અને વૃદ્ધવર્ગની કલ્યાણવાસનાઓ તૃપ્ત કરે.' પ્રબોધમૂર્તિ ગોવર્ધનરામના આ ઉપદેશને બહેનો અનુસરે તો તેમના સંબંધે પ્રચલિત થયેલી અનેક હીણી કહેવતોમાંથી તેઓ મુક્તિ પામે. 'સ્ત્રીઓ પંડિત થાય, રસજ્ઞ થાય' ત્યાં આપણને કાલિદાસની પેલી પંક્તિ યાદ આવે છે...'પ્રિય શિષ્યા લલિતે કલાવિધૌ.'

ઇસપની અને 'પંચતંત્ર'ની વાતો જેવી એક પણ આપણે બનાવી શકતા નથી જે મોટા ભાગના લોકો લાંબા કાળ સુધી સ્વીકારે. એવું જ લોકકહેવતોનું છે. એ લોકોનું મઝિયારું સર્જન છે. વડોદરાની શ્રીમતી હંસા મહેતા લાયબ્રેરીના અધ્યક્ષ ડૉ. લાભશંકર ઉપાધ્યાયને કૂતરાં પાળવાનો ભારે શોક. એકવાર એમનો પાળેલો કૂતરો એમને કરડ્યો એટલે મારાથી સહજ રીતે બોલાઈ ગયું: 'પાધ્યાનો કૂતરો પાધ્યાને કરડે-અને આ વાક્ય મોટા ભાગના મિત્રોમાં પ્રચલિત થઈ ગયું...પણ એ કહેવતનું ગૌરવ ઓછું પામવાનું ? ઉમાશંકરભાઈ 'મહાભારત'ના પ્રસંગો પરથી પદ્યરૂપકો લખતા ને એનો જે પુરસ્કાર આવે તે વ્યાસ-સાહિત્ય વસાવવામાં વાપરતા...એકવાર એમનાથી બોલાઈ ગયું: 'વ્યાસજીનું વ્યાસજીને પાછું.' વાક્ય લાગે છે કહેવત જેવું પણ એ કહેવત ન બને !

જૂની કહેવતો ભલે રહે-આયુષ્ય હોય ત્યાં સુધી-પણ બહેનોએ જ એમની સિદ્ધિઓને કહેવતો દ્વારા બિરદાવવી જોઇએ. દા.ત.-ઇંદિરા ગાંધી માટે કહેવાય:-

'ઇંદિરા ગાંધી, જાણે ક્રાન્તિની આંધી !'

એ જ રીતે સ્વ. કલ્પના ચાવલા માટે:-

કલ્પના ચાવલા-

અવકાશે ચાંપે પાવલા !....અવકાશમાં જેણે પગ ચાંપ્યા તે કલ્પના ચાવલા ! સીતામાતા માટે-

'સીતા-

જાણે સહનશીલતાની ગીતા.'

કિરણ બેદી:-

જાણે નિર્ભયતાની વેદી.

સુષમા સ્વરાજ-

જાણે વીજ-મિડિયાનો તાજ !

આને કહેવત કહેવાય કે કવિતા ?

જો આ કાવ્ય-કલ્પના ગણાતી હોય તો ચાલો ત્યારે કેટલીક કહેવતો બનાવવાની ચેષ્ટા કરું !

(૧) નર ભલે હો શૂરોપૂરો
પણ એ નારી વિણ અધૂરો.

(૨) સ્ત્રી વિના કેવો સંસાર ?
ગોળ વિના જેવો કંસાર
(પ્રેમાનંદના ઋણ સ્વીકાર સાથે)

(૩) પુરુષ-દીપનું કેટલું જોર ?
નારી વિના અંધારું ઘોર !

(૪) નારી તો રત્નોની ખાણ,
ના માને એની માંડો કાણ.
કે ના માને એ મોટા પ્હાણ.

(૫) નર જ્યારે જણશે છોકરું,
વડપણ નારીથી થશે ઘણું (ખરું.)

(૬) નર જ્યારે બાજી હારે,
આપત્તિમાં નારી તારે.

(૭) નારી વિના નર કંગાળ,
નારી લેતી જગની ભાળ.

(૮) નારી વિનાનો જો સંસાર !
ઈશ્વર લે ક્યાંથી અવતાર ?

(૯) નારી એ તો જગનું નૂર,
જ્યાંથી પ્રગટે દાની-શૂર

(૧૦) કોણ કહે નારીને નિર્બળ ?
જે કો કહે એ મોટો ખર.

(૧૧) નારી વિનાનો નાથિયો
ને નારીએ નાથાલાલ

(૧૨) નારી વિના નરનો શો તોલ ?
એક થાય તો બને અણમોલ

(૧૩) નારી તો આદ્યા-શક્તિ:
એના વિણ કેવી મુક્તિ ?
(નારી વિણ કેવી મુક્તિ ?)

(૧૪) નારી વિનાનો કેવો સમાજ ?
પાણી વિનાની કેવળ પાજ !

(૧૫) ગૃહિણી વિનાનું ઘર કેવું ?
અગ્નિ વિનાના સ્મશાન જેવું.

(૧૬) નારીના ઉરની રસધાર,
સંસારનૈયા કરતી પાર.

(૧૭) નારી વિનાનો નર પાંગળો,
નારીથી એ થાય ચાંગળો.

(૧૮) નારી એ તો પારસમણિ,
લોહને કરતી કંચનકણી.

(૧૯) નારી તો પાવકજ્વાલા,

અવસર આવ્યે રસની ધારા.
(૨૦) માધુર્યની ગંગોત્રી નારી,
પ્રણયગંગનાં વ્હેતાં વારિ.

આ તો ચાલતી કલમે સૂઝ્યું તે ટપકાવ્યું પણ આ ઊક્તિઓની લોકોક્તિ-કોટિએ પહોંચવાની ગુંજાઇશ કેટલી ?

મારી તો એક પણ કહેવત જો લોક-પ્રચલિત થઈ જાય તો હું તો મારી જાતને ધન્ય ગણું.

આ લેખમાં તો, ગુજરાતમાં પ્રચલિત નારી વિષયક ગણીગાંઠી કહેવતોનો જ સમાસ કર્યો છે. આપણા દેશ અને દુનિયાની અનેક પ્રજાઓની અનેક ભાષાઓમાં નારી-વિષયક કહેવતો મળવાની. આમેય નારી સર્વત્ર રહસ્યમયી રહી છે. 'યૂ ટૂ બ્રૂટ્સ'ની જેમ 'ફ્રેઇલટી ધાય નેઈમ ઈઝ વૂમન' એમ જ્યારે શેક્સપિયર કહે ત્યારે નારીના ચંચલ ચિત્તની એ અભિવ્યક્તિ કરે છે. પુરાતન નારી અર્વાચીનતા કે અદ્યતન બનતાં બનતાં કેટકેટલા ચિત્રવિચિત્ર અનુભવોમાંથી પસાર થઈ હશે! એને તો કાયા ને માયા બેઉના ભય અને એમાંય સામાજિક અને આર્થિક પરાધીનતા ભોગવતા નારી-સમાજ પર શું નું શું નહીં વીત્યું હોય ? એક ભવમાં બે ભવ ભોગવનારી નારીને સંસારની રંગભૂમિ પર કેટકેટલા અભિનય કરવાના ? જીવનમાં સ્થિરતા ને સ્થિતિ સ્થાપકતા પ્રાપ્ત કરતાં એને શું શું નહીં વિત્યું હોય ? ભ્રૂણહત્યા, બાળલગ્ન, કજોડાં, કન્યાવિક્રય, વૈધવ્ય, શોક્યનું જીવન-ફરજીયાત વેશ્યાજીવન, છૂટાછેડા, ત્યક્તા-જીવન, દામ્પત્યજીવનની નિષ્ફળતા, દહન, કેટકેટલા વિષમ અનુભવોમાંથી પુરાતન નારી પસાર થઈ છે. આ બધી સમ-વિષમ સ્થિતિઓમાંથી, સમાજે એના જીવનવ્યવહાર અને એના રંગઢંગનું પૃથક્કરણ કરી, સાચી કે ખોટી કહેવતો સર્જી હશે! એ કહેવતોને સર્વથા સત્ય માનવાની જરૂર નથી, હા, એમાં ક્યાંક આછા ને ક્યાંક ગાઢા, સ્વભાવના અંશો ઝીલાયા હશે જરૂર, પણ એમાંય દેશકાળનું પ્રતિબિંબ પણ પડ્યું હશે. એમાંય 'આંધળાના આંધળા' કહેનાર અગ્નિસમી દ્રૌપદી છે તો ત્વમેવ ભર્તા ન ચ વિપ્રયોગ; ! કહેનાર જ્યોત્સ્ના-શીતલ સીતામાતા પણ છે!' ગંગા અને અગ્નિને પવિત્ર કરનાર સીતા જેવી સતીને જે સમાજે અપવાદરૂપ ગણી નથી તે સમાજ સામાન્ય નારીને કહેવતોમાં કેવી રીતે જુએ ?

❖❖❖

# કાશ્મીરી રામાયણ

## ☐ ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)

કાશ્મીરી સાહિત્યમાં વૈષ્ણવ ભક્તિનો પ્રાદુર્ભાવ ઓગણીસમી સદીની આસપાસના સમયમાં થયેલો નજરે પડે છે. આમ છતાં, તેમાં રામભક્તિનો વિકાસ સબળ પ્રવાહરૂપે થયેલો દેખાતો હશે, કેમકે સૈંકડો વર્ષોથી કાશ્મીરી વિસ્તાર શૈવમતનું મુખ્ય કેન્દ્ર રહ્યો છે. વળી ભૌગોલિક પરિસ્થિતિને લીધેય એ વિસ્તાર મધ્ય ભારતથી અલગ રહેવા પામેલો, પરંતુ જ્યારે સમગ્ર ભારતમાં વૈષ્ણવ ભક્તિનો જબરદસ્ત પ્રવાહ પ્રબળ બનવા પામ્યો ત્યારે કાશ્મીર વિસ્તાર એના રંગે રંગાવા પામ્યો હતો. મધ્યભારત તરફથી આવેલા સાધુસંતો અને વૈષ્ણવ ભક્તોને ફાળે એ વિસ્તારોમાં વૈષ્ણવી રામ-કૃષ્ણ ભક્તિનાં અંકુર રોપવાનું શ્રેય જાય છે. આમ છતાં, શૈવ સંપ્રદાયને સમાંતર રહી વૈષ્ણવી ભક્તિપ્રવાહની ધારા વેગીલી ત્યાં ન જ બની શકી. પણ જ્યારે વિદેશી સાંસ્કૃતિક આક્રમણથી ત્યાંના લોકો નિરાશ ને ત્રસ્ત બન્યા ત્યારે તેઓ અસહાય બની રામભક્તિના સગુણમતના આંદોલનમાં આસરો ઢૂંઢવા લાગ્યા. મધ્યભારતમાં જે ભક્તિપ્રવાહ સોળમી સદીમાં સંગીન રીતે વહેતો થયેલો તે કાશ્મીર વિસ્તારમાં સહેજ વિલંબે ઓગણીસમી સદીમાં રામભક્તિ રૂપે વહેવા માંડ્યો અને ત્યારે આપણને શ્રી પ્રકાશરામકૃત સુંદર વર્ણનશૈલીથી યુક્ત 'રામવતાર ચરિત' નામનું રામકથાનું ભક્તિકાવ્ય સાંપડે છે.

એમાં મુખ્યત્વે તો વાલ્મિકી રામાયણનો કથાની દૃષ્ટિએ આધાર લેવાયો છે, છતાં એમાં ત્યાંના સ્થાનિક વાતાવરણ-પરિવેશની જ પ્રધાનતા રહેલી છે. કાશ્મીરના સામાજિક-સાંસ્કૃતિક ને ભૌગોલિક પરિવેશનો ઘેરો પ્રભાવ એના પર અંકિત છે. એનાં પાત્રોનાં નામો પર કાશ્મીરી ઉચ્ચારણની અસર રહેલી છે. જટાયુ ને જટાયન, કૈકેયીને કીકી, ઇંદ્રજીતને ઈન્દ્રજૈન, સંપાતિને સંપાઈ આદિ જેવાં નામો એમાં અપાયાં છે. તેમાં અંકિત પ્રસંગોના કથન પર પણ કાશ્મીરી રીતરિવાજો ને વેશભૂષા-પ્રકૃતિની અસર વરતાય છે અને જાણે ઓગણીસમી સદીનો કાશ્મીરી સમાજ એમાં ચિતરાયેલો નજરે પડે છે. રામના વનવાસ ટાણે વિલાપ કરી રહેલ દશરથ રાજા વ્યાકુળ નજરે કાશ્મીરના પરિચિત સૌન્દર્ય સ્થળો ને તીર્થોનો નામોલ્લેખ કરતા દેખાય છે. લંકાની અશોકવાટિકામાં કાશ્મીરી વિસ્તારનાં ફૂલો ખીલ્યાં હોવાનું એમાં આલેખન થયું છે. ભગવાન રામના લગ્નપ્રસંગના વર્ણનમાં ય કાશ્મીરી રીત-રિવાજોનું અનુસરણ થયેલું દર્શાવાયું છે. સતી સીતાના ધરતીમાં સમાઈ જવાના પ્રસંગમાં કર્તાએ પોતાના વતન પાસેના શંકરપુર નામના કાશ્મીરીગ્રામનું જ આલેખન કરેલું છે. ત્યાંના રામકુંડની બાબતમાં પ્રચલિત કાશ્મીરી દંતકથાનું શ્રદ્ધાપૂર્વક કથન એમાં થયેલ છે કે 'જો સીતારામજી આવ્યા. તારા રામજી આવ્યા કહેવાથી એના જળમાં બુદ્બુદ ઉદ્‌ભવવા પામે છે. કાશ્મીરી ભાષા સાહિત્યના આ ગૌરવગ્રંથની ઘટનાઓ જાણે અયોધ્યા, જનકપુર અને લંકામાં નહિ પણ કાશ્મીરી વિસ્તારમાં જ બનવા પામી હોય એવું એમાં અંકિત વાતાવરણ પરથી સમજાય છે. આમ, કાશ્મીરીકરણ એ આ રામાયણ ગ્રંથની આગવી વિશિષ્ટતા બની જાય છે. કાશ્મીરી વિદ્વાન ડૉ. શશિશેખર તોષખાનીનો ય આવો જ મત પ્રવર્તે છે.

આમ છતાં, એ ગ્રંથમાં કવિએ વાલ્મિકી કથિત રામકથાનું અનુસરણ કરવા ઉપરાંત પોતાની વિશિષ્ટ પ્રતિભા ને દૃષ્ટિનો ય પરિચય આપ્યો છે. એના કથાસંયોજનમાં કવિએ કેટલીક વિલક્ષણ ને મૌલિક માન્યતાઓ પણ ગૂંથી છે. એ પૈકી પહેલી માન્યતા સીતાજન્મને લગતી છે. સીતા એ રાવણની પુત્રી હોવાનું કવિકથન છે. રાવણના લગ્ન મંદોદરી નામની અપ્સરા સાથે થયેલા ને એનાથી થયેલી પુત્રી સીતા અંગે જ્યોતિષીઓએ ઘાતક નીવડવાનું ભાવિકથન કર્યાથી મંદોદરીએ રાવણની જાણ બહાર એ નવજાત સીતા નામની બાળકીને લાકડાની એક બંધ પેટીમાં મૂકીને નદીમાં વહેતી કરી દીધી હતી. પછી જનકરાય યજ્ઞની તૈયારી કરી રહ્યા હતા ત્યારે નદી કિનારે ગયા હતા ને તે વખતે તેમને નદી કિનારેથી એ બંધ પેટીમાં રહેલી સીતા મળી આવે છે. આમ હોવાથી એ અપહરણ કરાયેલી સીતાને લંકામાં જોયા બાદ મંદોદરી વત્સલ ઉદ્‌ગાર કાઢે છે-

તુજિન તમિ કૌછિ કયપથ હ્યથ લલનોવન
ગેમય કૌલિ યૈલિ લેબન લૌલિ કયથ સોવુન
બુધિવ તસ માજિ મા માજુક મુણુક આવ
લબન યૈલિ છસ બબન દોદ કીચિ તસ ટ્રાવ.

ભાવાર્થ-ત્યારે એને મંદોદરીએ ગોદમાં લઈ લાડ લડાવ્યા તથા પાણીમાં ફેંકાયેલી એ સીતાને ફરીથી પ્રાપ્ત કરીને પોતાના ખોળામાં સુવડાવી. અહીં, પોતાના રક્ત-માંસની સુગંધ ભળતાં એ માતાના સ્તનમાંથી દૂધની ધારા ત્વરિત વેગે પ્રસ્ફુરિત થઈ.'

એ ગ્રંથની બીજી વિલક્ષણ ઘટના તે રામે કરેલા સીતાત્યાગની છે.

કવિએ પ્રચલિત સીતાત્યાગની ઘટનાને બદલે સીતાત્યાગ માટે સીતાની નણંદને દોષિત–જવાબદાર ગણાવી એ દંપતીના નિર્મળ પ્રેમમાં ફૂટ પડાવતી આલેખી છે. એક દિવસ એ નણંદ સીતાભાભીને રાવણનો આકાર, એનું શરીર વગેરે કેવા હતા એ અંગે પૂછીને એનું રેખાચિત્ર દોરી બતાવતા કહે છે. એટલે નિર્દોષ ભાવે સીતા કાગળ પર રાવણનું રેખાચિત્ર અંકિત કરી દેખાડે છે. એ ચિત્રકળાનો કાગળ નણંદ લઇને પછી રામચંદ્રને બતાવીને એમના દાંપત્ય જીવનમાં પથરો ફેંકવાની ઇચ્છાથી કહે છે–

દોપુન તસ કુન યિ વુછ બાયો યિ કથા છુય
દોહય સીતાયથ કુન વુછિથ તુલાન હુય
જો નીમસ ચુરિ પતઅ આસિ પાનમારાન
વદન વાસહ તસ નેતરવ ખૂન હારાન.

ભાવાર્થ–'રાવણનું એ ચિત્ર બતાવીને–જુઓ ભાઈ, આ શું છે ? સીતા આ ચિત્ર જોઇને રોજ વિલાપ કરે છે. જ્યારથી મેં આ ચિત્ર ચોરી લીધું છે ત્યારથી એની આંખોમાંથી અશ્રુધારા વહ્યા કરે છે. જો એ જાણશે કે મેં નણંદે આ ચિત્ર ચોરી લીધું છે તો મને એ જીવતી નહિ રહેવા દે.'

ત્રીજી વિલક્ષણ ઘટના તે યુદ્ધકાંડમાં આલેખાયેલ બીજા કોઈ પણ રામાયણમાં જોવા ન મળતો મક્કેશ્વર લિંગનો દિલચશ્પ પ્રસંગ છે. રાવણની તપશ્ચર્યાથી પ્રસન્ન થઈ, ભગવાન શંકર રાવણની યાચના મુજબ યુદ્ધમાં વિજય અપાવનાર મક્કેશ્વર લિંગ વરદાન રૂપે આપે છે અને કહે છે–'જા આ લિંગ તારું રક્ષણ કરશે, પણ એને લઈ જતી વખતે માર્ગમાં ક્યાંય જમીન પર એ મૂકતો નહિ.'

એટલે એ લિંગને ભાવપૂર્વક લઈને આકાશમાર્ગે રાવણ લંકા તરફ પ્રસ્થાન કરી રહ્યો છે. રસ્તામાં એને કુદરતી રીતે લઘુશંકાએ જવાની જરૂર પડે છે. એથી તે આકાશમાંથી નીચે ઊતરે છે, પણ લિંગને ક્યાં મૂકવું–રાખવું, એ અંગે તેને ભારે મૂંઝવણ થાય છે. એવામાં ત્યાં બ્રાહ્મણવેશે નારદજી આવી પહોંચે છે.` રાવણની વિમાસણ સમજી જાય છે. એટલે નારદજીના હાથમાં લિંગ સોંપીને રાવણ લઘુશંકાએ જાય છે. પણ પ્રભુની લીલા મુજબ રાવણને ધાર્યા કરતાં વધારે વાર લાગવાથી નારદજી એ લિંગને જમીન પર મૂકી દઇને જતા રહે છે. રાવણ લઘુશંકા કરીને પાછો આવે છે ને એ લિંગને જમીન પરથી ઉઠાવવા માટે ઘણી જહેમત કરે છે, પણ એ લિંગ જરાય હાલતું કે ખસતું નથી. એટલે રાવણ એ લિંગના લાભથી વંચિત રહેવા પામે છે. તેથી લંકાયુદ્ધમાં એ પરાજય પામે છે.

ચોથી વિલક્ષણ ઘટના એ લંકાનિર્માણ અંગેની છે. સતી પાર્વતીએ એકવાર પતિ પરમેશ્વર શિવજી સમક્ષ પોતાના રહેઠાણ માટે સરસ ભવન નિર્માણ કરી આપવાની ઇચ્છા દર્શાવી. એટલે ભગવાન શંકરની આજ્ઞાથી વિશ્વકર્માએ એક સરસ ભવનનું નિર્માણ કર્યું. એના સ્થળની પસંદગી માટે પ્રસ્તુત રામાયણમાં એક રોચક પ્રસંગ આલેખાયો છે. ગરુડજી એકવાર ખૂબ ભૂખ લાગવાથી કશ્યપ પાસે ગયા અને કંઈક ભોજન આપવા વિનંતી કરી ત્યારે કશ્યપે કહ્યું; 'જા, ત્રણસો કોસ ઊંચા ને એનાથી બમણા લાંબા એવા ને હાલ લડી રહેલા એવા મદોન્મત હાથી અને મગરને ખાઈ જા.' એટલે ગરુડજી વાયુવેગે ઊડીને ત્યાં ગયા ને એ બંનેને પંજામાં પકડીને આકાશમાર્ગે પાછા જવા લાગ્યા. માર્ગમાં ભોજન માટે એક વિશાળ કાયવાળા વૃક્ષ પર બેઠા. એના ભારથી એ વૃક્ષની ડાળ જ્યારે તૂટી પડવાની અણી પર આવી ત્યારે એ ધરતી પર પડે તો ધરતી પાતાળમાં ગરકી જશે એમ સમજીને તેણે એ ડાળ (કાશ્મીરી ભાષામાં લંગ)ને ચાંચમાં પકડીને સમુદ્રમાં ફેંકી દીધી અને એ જગ્યા કાલાંતરે 'લંકા' નામથી જાણીતી થઈ, વિશ્વકર્માએ એને વીંટીમાં જડેલા નંગની જેમ અદ્‌ભુત કુશળતાથી બનાવી; તેના વિધિસરના પ્રવેશ ટાણે કેટલાય અતિથિઓ પધારેલા ને એમાં રાવણ પણ એના પિતામહ પુલત્સય સાથે આવેલો. લંકાનો વૈભવ જોઈ એ મુગ્ધ થયો હતો. ગૃહપ્રવેશની વિધિ થઈ ગયા પછી ભગવાન શંકરે એને પુરોહિત દક્ષિણારૂપે કંઈ માંગવા કહ્યું ત્યારે એણે પ્રસંગ પારખીને લંકાને જ દક્ષિણા તરીકે માગી લીધી–

દોપુરા તઅમ્ય તાપણાન લંકા મે મંજમય
ગછ્યમ દરમસ મે દિન્ય, બોડ દાતઅ છુખદેય.
દિચન લવઅ સાહિસુય કઅરનસ હવાલહ
તનય પ્યઠુઅ પાનઅ ફેરાન બાલઅ બાલહ,

ભાવાર્થ–ત્યારે રાવણે તરત કહ્યું: 'હું લંકાને દક્ષિણારૂપે માંગુ છું. એ મને ધર્મના નામે મળવી જોઈએ, કેમ કે આપ ઈશ્વરના રૂપે સૌથી મોટા દાતા છો. એટલે પછી શિવજીએ ચારે તરફ જળનો છંટકાવ કરીને લંકા રાવણને હવાલે કરી અને ત્યારપછી શિવજી ખુદ એક પર્વતથી બીજા પર્વતે નિવાસ કરતા રહ્યા છે.'

એવી જ રીતે જટાયુના પ્રસંગનું આલેખન એ આ રામાયણની પાંચમી લાક્ષણિકતા છે. સીતાહરણ કરીને જતી વખતે વિરોધી સામનો કરતા જટાયુની પાંખોનો પ્રહાર જ્યારે રાવણ માટે અસહ્ય થઈ પડે છે ત્યારે એમાંથી ઉગરવા માટે જટાયુ-વધની યુક્તિ બતાવવા રાવણ 'સીતા પર દબાણ કરે છે. એટલે લાચાર થઈને સીતા જટાયુ-વધનો ઉપાય દર્શાવતા કહે છે–

વોનુન સીતાયિ વુન્ય યેત્અ બસ મારથ,
નતઅ હાવુમ અમિસ નિશિ મોકલ નઅચવથ,
અનિન સખતી તમસિ, સીતાયિ વોન હાલ,
અમિસ જાનાવારસ કિથ પાઠચ છુસ કાલ
દોપુસ તમિરખુ મથિથદિસ પલસ દારિદ્ર
ચિ છનિ ન્યંગલિય તઅ જાનિ નઅ પત લાહિથ

ભાવાર્થ: ત્યારે રાવણે સીતાને કહ્યું: 'હું તને હમણાં જ અહીં ને અહીં જ મારી નાખીશ, જો તું આ જટાયુથી છૂટવા ઉગરવાનો ઉપાય નહિ બતાવે તો. સીતા ઉપર એ રાવણે બહુ જ જબરદસ્તી કરી. એટલે સીતાએ એનો ઉપાય બતાવ્યો, જેથી એ પક્ષી કાલશરણ થઈ જાય. એણે કહ્યું: લોહીથી તરબોળ મોટા મોટા પથ્થરો એના પર ફેંકો તો એ તમારો પીછો નહિં કરે. પણ જ્યાં સુધી તે રામચંદ્રજીના દર્શન કરીને એમને મારી આવી ખબર નહિ જણાવે ત્યાં સુધી એ મરણ નહિ પામે.'

આ રામાયણમાં મૂળ વાલ્મીકિ રામાયણથી જરા ભિન્ન રીતે આલેખાયેલા અન્ય કેટલાક વિશિષ્ટ કથાપ્રસંગો પણ જોવા મળે છે. એ પૈકી મુખ્ય છે રાવણ દરબારમાં અંગદને બદલે હનુમાનનો પગ રાક્ષસો ખસેડી કે ઉઠાવી ન શકવા બાબતનો છે. વળી બીજો પ્રસંગ તે રાવણનો સુગ્રીવને પત્ર લખી કૂટયુદ્ધમુત્સદ્દીગીરીથી એને પોતાના પક્ષમાં લેવાને લગતો પ્રયાસ છે. એમાં એ એના ભાઈ વાલીનું દૃષ્ટાંત આપી એમાંથી એને બચવા તથા ભાઈની હત્યાનો બદલો લેવા સુગ્રીવને સમજાવે છે અને ભોજન માટે લંકા આવવાનું નિમંત્રણ પાઠવે છે. તદુપરાંત રામ-લક્ષ્મણને ઉઠાવીને મહિરાવણ-અહિરાવણ દ્વારા પાતાળલોકમાં લઈ જવાનો ને પછી ત્યાં જઈ હનુમાન તેને પરાસ્ત કરી એ બંનેને ઉગારી લેતા હોવાનો પ્રસંગ પણ ધ્યાનપાત્ર-વિશિષ્ટ છે. લવકુશકાંડમાં પણ કવિએ કેટલાક મૌલિક રોચક પ્રસંગો આલેખ્યા છે. યજ્ઞમાં લવકુશ દ્વારા માર્યા ગયેલ રામ–લક્ષ્મણ ભરત ને શત્રુઘ્નોનાં મુકુટો જોઈને સીતાજી વિલાપ કરે છે ને તેના રુદનથી દ્રવિત થઈ મહર્ષિ વસિષ્ઠ અમૃતવર્ષા કરી તે સઘળાને તેમની સેનાને પુનર્જીવન બક્ષે છે. વળી વસિષ્ઠના આગ્રહથી સીતા અયોધ્યા જાય છે, પણ રામે અગ્નિપરીક્ષાની વાત કરતાં તે ધરતીમાં સમાઈ જાય છે. આમ, કાશ્મીરી રામાયણ અનેક રીતે વિશિષ્ટ ને રોચક છે.

# શ્રી વિષ્ણુ : વેદમાં અને પુરાણમાં

□ પ્રો. અરુણ જોષી

'ભગવદ્‌ગીતા'માં શ્રી કૃષ્ણ કહે છે કે 'જે બધામાં મને જુએ છે અને બધાંને મારામાં જુએ છે તેને માટે હું અદૃશ્ય નથી થતો અને તે મારે માટે અદૃશ્ય નથી થતો.' આવું વચન બોલનાર કોણ હોઈ શકે ? નિ:શંક, પરમાત્મા જ આમ કહી શકે. એ પરમાત્મા ઋગ્વેદના નારાયણ ઋષિની કલ્પના મુજબ હજારો મસ્તકવાળા, હજારો નેત્રવાળા, હજારો ચરણવાળા છે અને સકળ બ્રહ્માંડનું અતિક્રમણ કરીને રહેલા છે. આ દૃશ્યમાન સૃષ્ટિ અને ભાવિમાં નિર્માણ પામનાર સૃષ્ટિ–એ સર્વ આ પરમાત્માનું જ સ્વરૂપ છે. ઋગ્વેદમાં આ અર્થમાં કહેવામાં આવ્યું છે કે : पुरुष : एव इदं सर्वम् यद्‌भूतं यच्च भाव्यम् । આ પરમાત્મા વિરાટ યજ્ઞપુરુષ તરીકે સમસ્ત વેદની ઋચાના આવિર્ભાવક છે અને સમસ્ત પ્રજાના જન્મદાતા છે. કુદરતના ચંદ્ર, સૂર્ય, વાયુ, જળ અને અગ્નિ પણ આ વિરાટ પુરુષમાંથી જન્મેલ છે. ઋગ્વેદના મંત્રમાં જણાવવામાં આવ્યું છે કે :

चन्द्रमा मनसो जात: चक्षो: सूर्यो ऽजायते ।
मुखादिन्द्रश्चाग्निश्च प्राणाद्वायुरजायत ॥

એટલે કે આ વિરાટ પુરુષ પરમાત્માના મનમાંથી ચંદ્ર, નેત્રમાંથી સૂર્ય, મુખમાંથી જળ તથા અગ્નિ અને પ્રાણમાંથી વાયુનો જન્મ થયો છે. આવા પરમાત્મા કીલાતીત, કુલાતીત, કાલાતીત અને કલાતીત છે એટલે કે પરમાત્મા બંધન, કુળ, કાળ અને કળાની બાબતમાં સર્વથી પર છે. આવા પરમાતમાનું સગુણ સ્વરૂપ એટલે શ્રી વિષ્ણુ. તેમની ઇચ્છા વગર પાંદડું પણ હલી શકતું નથી. વેદમાં તેમને ત્રિવિક્રમ કહેવામાં આવ્યા છે. તેમનાં ત્રણ પગલાં મધુથી પૂર્ણ, અક્ષુણ્ણ, પોતાની ધારણા શક્તિવાળાં અને સદા પ્રહ્‌લાદ આપનારાં છે.

યજુર્વેદમાં विष्णो: कर्माणि पश्यत એમ કહીને સૃષ્ટિનાં સંચાલન સંબંધી કાર્યો પ્રત્યે યાજકોનું ધ્યાન દોરવામાં આવેલ છે અને વિષ્ણુને સર્વ વ્યાપક દેવ તરીકે વ્યક્ત કરવામાં આવેલ છે. આ દેવ પાસેથી સમાજમાં પ્રવર્તતી દુષ્પ્રવૃત્તિઓને ડામવાની પ્રાર્થના કરવામાં આવી છે. યજ્ઞરૂપે વિષ્ણુનું વર્ણન અનેક સ્થળે જોવા મળે છે.

અથર્વવેદમાં વિષ્ણુ પાસેથી સ્ત્રીઓ તથા પ્રકૃતિને ગર્ભાધાનની ક્ષમતાથી સફળ કરવાની પ્રાર્થના જોવા મળે છે. આમ વિશ્ ધાતુમાંથી નિષ્પન્ન થયેલ આ દેવ ત્રિમૂર્તિમાં સ્થાન પામ્યા છે અને વિશ્વના સંરક્ષક દેવ તરીકે વિશેષ જાણીતા બનેલ છે. આ પહેલાં જણાવ્યું તેમ હજાર હાથવાળા આ દેવનાં હજાર નામો પણ ભીષ્મ પિતામહ દ્વારા વ્યાસજીએ રજૂ કરેલ છે. તેમાં શ્રી કૃષ્ણને પણ વિષ્ણુનું જ એક નામ ગણેલ છે. સંસ્કૃત ભાષાની અનેક અર્થ વહન કરવાની વિલક્ષણ શક્તિને કારણે ઋગ્વેદના પ્રારંભના મંત્રમાં વેદજ્ઞાતા સ્વામીશ્રી ગંગેશ્વરાનંદજીએ પુરોહિત એટલે મહાભારત યુદ્ધ પૂર્વે જેમને દૂત તરીકે મોકલવામાં આવેલા, રત્નધાતમમ્ એટલે શ્રેષ્ઠ મણિ કૌસ્તુંભને ધારણ કરનાર વગેરે દ્વારા શ્રી કૃષ્ણની જ સ્તુતિ છે એમ અર્થઘટન કરવામાં આવેલ છે. આ ઉપરથી ભાગવતની, 'શ્રી કૃષ્ણ જ વેદમાં વર્ણવાયા છે' એવી રજૂઆતને પુષ્ટિ મળે છે.

'ભગવદ્‌ગીતા'માં શ્રી કૃષ્ણે જણાવેલ છે તે મુજબ ભગવાને संभवामि युगे युगे કહીને જગતના માનવીઓને હૈયાધારણા આપી છે. શ્રી લોકમાન્ય તિલક મહારાજના શબ્દોમાં જોઇએ તો જગતમાં અન્યાય, અનીતિ, દુષ્ટપણું અને અવ્યવસ્થા વધી જાય. સ્વજનો પ્રત્યે કપટ આચરાય અને દુષ્ટનું વર્ચસ્વ વધે ત્યારે પોતે નિર્માણ કરેલ જગતની સુસ્થિતિ જળવાઈ રહે અને સર્વનું કલ્યાણ થાય તે માટે તેજસ્વી અને પરાક્રમી પુરુષના રૂપમાં પ્રભુ અવતાર લઈ સમાજની વિસ્ખલિત થયેલી ઘડી પાછી બરાબર બેસાડી દે છે.

વેદોમાં વિષ્ણુ તેજસ્વી રૂપે વ્યક્ત થયા છે તેથી ત્યાં તેનો ઉલ્લેખ અગ્નિ અથવા સૂર્ય તરીકે થયેલો છે. પોષક સોળ તત્ત્વના પ્રતિનિધિ તરીકે પણ વિષ્ણુનું વર્ણન વેદોમાં જોવા મળે છે. પુરાણોમાં પણ વિષ્ણુને જગતના પાલક દેવ તરીકે માન્યતા પ્રાપ્ત થઈ છે. જ્યારે બ્રહ્મા અને મહેશ સર્જન અને સંહાર સાથે સંકળાયેલા છે.

પુરાણોની સંખ્યા અઢારની છે અને તે બધામાં લગભગ વિષ્ણુના અવતાર એવા શ્રી કૃષ્ણની કથા વ્યક્ત થયેલ છે. વિષ્ણુપુરાણ, બ્રહ્મવૈવર્તપુરાણ અને શ્રી ભાગવતપુરાણમાં કૃષ્ણચરિત વિશે જરા વિગતે જોઇએ.

'વિષ્ણુપુરાણ'માં ભગવાન વિષ્ણુ જ વિશેષ રૂપે વર્ણવાયા છે. તેથી જ કહેવાય છે કે

सर्वगासौ समस्त च वसति अत्रेति वै ततः ।
ततः स वासुदेवेति विद्वद्‌भिः परिपठ्यते ॥

સર્વત્ર વાસ હોવાથી વાસુદેવ કહેવાય એવી વ્યુત્પત્તિ અહીં જાણવા મળે છે. 'વિષ્ણુ' શબ્દની વ્યુત્પત્તિ વિશે આ પુરાણમાં કહેવામાં આવ્યું છે કે :

यस्मात् विष्टं इदं विश्वं तस्य शक्त्या महात्मनः ।
तस्मात् सः प्रोच्यते विष्णुः विशेः धातोः प्रवेशनात् ॥

અર્થાત્ અગ્નિ અને સૂર્ય રૂપે વિશ્વના પદાર્થોમાં પ્રવિષ્ટ થતા હોવાથી 'વિષ્ણુ' એવું નામ વ્યુત્પન્ન થયું છે. આ કારણે જ વિષ્ણુને ત્રિમૂર્તિમાં પાલનકર્તા અને પોષણકર્તા દેવ તરીકે ઓળખવામાં આવે છે. આ પુરાણમાં યદુકુળમાં થયેલા વિષ્ણુના અંશાવતાર વિશે વિગતે વર્ણન કરવામાં આવ્યું છે. વિષ્ણુએ મારેલો કાલનેમિ મહા અસુર કંસ રૂપે જન્મીને માનવોને ખૂબ જ ત્રાસ આપતો હતો. તેથી ત્રાસેલી પૃથ્વીએ બ્રહ્મા પાસે જઈ આ ત્રાસ દૂર કરવા વિનંતી કરી. બ્રહ્માએ દેવોને વિષ્ણુ પાસે મોકલ્યા અને જણાવ્યું કે शरीरग्रहणं वापि धर्मगाणाय केवलम् એટલે કે આપ કેવળ ધર્મની રક્ષા માટે શરીર ધારણ કરતા હોવાથી આ પૃથ્વીનો ભાર ઉતારવા જન્મ લઇને અવતરો. આ સમયે ભગવાન વિષ્ણુએ उज्जहार आत्मनः केशौ सितकृष्णौ–પોતાના શ્યામ અને શ્વેત બે કેશને ઉખેડ્યા અને એમ સૂચવ્યું કે પૃથ્વીને ત્રાસમુક્ત કરવાનું કામ કેશ ખેંચી કાઢવા જેવું સરળ છે. વળી, કેશને તેજ કિરણનું રૂપક ગણીએ તો પોતે અંશરૂપે જન્મ ધારણ કરશે એવો ધ્વનિ પણ અહીં સૂચવાયો લાગે છે. પુરાણની જ વીગત અનુસાર શ્યામ કેશ તરીકે કૃષ્ણ અને શ્વેત કેશ તરીકે બલભદ્ર આવિર્ભાવ પામ્યા. ત્યાર પછીની વીગત 'ભાગવત પુરાણ'ને ખૂબ જ મળતી આવે છે. જો કે 'મહાભારત'માં પાંડવોના મિત્ર, રાજનીતિજ્ઞ કે ગીતાના ઉપદેશક તરીકેનું વ્યક્તિત્વ પુરાણોમાં જોવા મળતું નથી. આ પુરાણમાં શ્રી કૃષ્ણના શૈશવના પ્રસંગો જેવા કે પૂતનાવધ, શકટભંગ, ખાંડણીયાનો પ્રસંગ, કાલીયદમન પ્રસંગ, ગોવર્ધનધારણ પ્રસંગ, રાસલીલા, બળદરૂપે આવેલ અનિષ્ટના નાશનો પ્રસંગ, કંસના વધનો પ્રસંગ, દ્વારકાનિર્માણ, વિવાહના પ્રસંગો વગેરે કૃષ્ણ ચરિતના અનેક પાસાંઓને આવરી લેવામાં આવ્યા છે.

હવે આપણે 'બ્રહ્મવૈવર્તપુરાણ'માં આવતી વિષ્ણુ ભગવાનને લગતી વીગતો જોઇએ. શ્રી કૃષ્ણના પાવનકારી ચરિત્રને વિસ્તારથી આ પુરાણમાં વ્યક્ત કરવામાં આવેલ છે. આ પુરાણમાં રાધાનું પણ વર્ણન

જોવા મળે છે. કૃષ્ણ બ્રહ્મના રૂપમાં વિવૃત થયા તેથી 'બ્રહ્મવૈવર્ત' એવું નામ આ પુરાણને આપવામાં આવ્યું છે. આ બાબત કહેવામાં આવ્યું છે કે :-

विवृत्तं ब्रह्म कात्स्‍र्येन कृष्णेन यत्र शौनक ।
ब्रह्मवैवर्तकं तेन प्रवदन्ति पुराविदः ।

વેદમાં ઈન્દ્રને રાધાના પતિ ગણવામાં આવેલ છે. ત્યાર પછીના સાહિત્યમાં કૃષ્ણને રાધાના પ્રિય માનવામાં આવ્યા. આ પુરાણમાં રાધાનું વ્યક્તિત્વ બહુ જ સ્ફૂટ રીતે વ્યક્ત થયું છે. સમગ્ર પુરાણમાં રાધા અને કૃષ્ણની ભક્તિ વર્ણવાઈ છે. ભક્તિભાવપૂર્વકની આ રજુઆતમાં શ્રી કૃષ્ણ દેવોના દેવ, ગોલોકના અધિપતિ અને પરબ્રહ્મ છે. રાધા-કૃષ્ણની પ્રકૃતિ છે. તે સૃષ્ટિની ઉત્પત્તિમાં સર્વ સત્તાધીશને સહાયક થયેલ છે. આ પુરાણમાં રાધા-અને કૃષ્ણનું માહાત્મ્ય વ્યક્ત થયું છે.

હવે આપણે પુરાણોમાં તિલકરૂપ ગણાતાં 'ભાગવત પુરાણ'માં જોવા મળતા વિષ્ણુચરિતનો ખ્યાલ મેળવીએ.

'ભાગવત'ના પ્રારંભમાં જણાવવામાં આવ્યું છે કે વિષ્ણુ ભગવાને અનેક અવતારો ધારણ કર્યા છે. કૃષ્ણ તો ભગવાન પોતે જ છે એમ કહીને પરમાત્મા, વિષ્ણુ કે કૃષ્ણ વચ્ચે કોઈ તફાવત નથી એમ જણાવવામાં આવ્યું છે. આ અવતારો કોઈ ને કોઈ પ્રયોજનને સિદ્ધ કરવા માટે જ લેવામાં આવેલા છે. આ પહેલાં આપણે શ્રી તિલક મહારાજના શબ્દોમાં આ પ્રયોજનનો ખ્યાલ મેળવ્યો છે. શ્રી કૃષ્ણનો અવતાર ભારાક્રાંત પૃથ્વીને અનિષ્ટ તત્ત્વોના ત્રાસમાંથી મુક્ત કરવા માટે થયો હતો. તે મુજબ તેમણે પૂતનાનો વધ કરી દૈત્ય, ગાંધર્વ, રાક્ષસ વગેરેને કારણે થતા અનિષ્ટમાંથી માનવજાતને ઉગારી હતી. અથવા એમ પણ માની શકાય કે શ્રી કૃષ્ણે આસુરી તત્ત્વોનો નાશ કર્યો હતો. કાલીયદમન પ્રસંગ દ્વારા એમ સૂચિત થતું લાગે છે કે શ્રી કૃષ્ણે નાગજાતિના નાયકને હરાવ્યો હશે અને છેક આસામ સુધી દૂર જતાં રહેવાની તેને ફરજ પાડી હશે. ગોવર્ધન પ્રસંગ પરથી શ્રી કૃષ્ણે ગાયોને અભય આપ્યું હોય એમ લાગે છે અને માનવોને અહિંસાનો ઉપદેશ આપ્યો હોય એમ પણ માની શકાય. રાસલીલા દ્વારા વિશ્વાત્મા શ્રીકૃષ્ણ મનોવૃત્તિરૂપ ગોપીઓનું વરણ કરે છે એમ સૂચિત થાય છે.

આ ભાગવત પુરાણમાં આબાલવૃદ્ધને આકર્ષે તેવાં શ્રી કૃષ્ણનાં ગોકુળ ખાતેના ચરિત્રો વર્ણવી મથુરાના પ્રસંગો વર્ણવવામાં આવ્યા છે. તેમાં નમ્ર એવા માળીને વરદાન આપવાનો પ્રસંગ છે. કુબ્જાને સુંદર શરીર યુક્ત કરવાનો પ્રસંગ છે. મલ્લોને મહાત કરવાની બાબત છે અને છેવટે કંસવધનો પ્રસંગ પણ છે. આ પુરાણમાં શ્રીકૃષ્ણ જ આકાશ, વાયુ, અગ્નિ, જળ, પૃથ્વી, નક્ષત્રાદિ જ્યોતિતત્ત્વ, પ્રાણીઓ, દિશાઓ, સમુદ્રો, વૃક્ષો, નદીઓ તથા અન્ય સર્વ પદાર્થો છે એમ કહી સાક્ષાત ભગવાન સર્વત્ર પ્રકટ થયેલા છે એમ જણાવવામાં આવ્યું છે. (જુઓ : खं वायुमग्निं सलिलं महीं च ज्योतींषि सत्त्वानि । दिशो द्रुमादीन् सरित् समुद्राः हरेः शरीरम् ।) આ હકીકતને શ્રી નરસિંહ મહેતાએ 'અખિલ બ્રહ્માંડ'માં એક તું શ્રી હરિ, જુજવે રૂપે અનંત ભાસે એમ કહીને રજૂ કરી છે.

'ભાગવત'માં અનેક પ્રકારના યજ્ઞોનો પણ ઉલ્લેખ થયેલો છે એ પરથી લાગે છે કે યજ્ઞને જીવનસત્તા સાથે એકરૂપતા છે. આ પુરાણમાં આવતાં ધ્રુવ, ગજેન્દ્રમોક્ષ, કૃષ્ણલીલા વગેરે પ્રસંગો પણ સહેતુક છે. ધ્રુવના આખ્યાન દ્વારા વ્યક્ત થાય છે કે ધ્રુવ પરમાત્માનું ધ્યાન કરતાં કરતાં નિસર્ગ સાથે એકરૂપ થઈ જાય છે. જીવ ઉપર વાસુદેવની કૃપા થાય તો અચલ અને શાંત એવું સ્થાન જીવ પામી શકે છે. ગજેન્દ્રમોક્ષનો પ્રસંગ વ્યક્ત કરે છે કે પ્રાણીસૃષ્ટિનાં હિંસક તત્ત્વો ઉપર ભગવદ્ કૃપાથી વિજય મેળવી શકાય છે. કૃષ્ણલીલાના પ્રસંગો તો ઉપર જણાવ્યું છે તેમ બહુ જ આકર્ષક બન્યા છે. આ બધા પરથી ફલિત થાય છે કે માનવ ભક્તિભાવે ભગવાનને યાદ કરે તો તેને વિશ્વ સાથે એકરૂપતા સાધવામાં દિવ્ય સહાય મળી રહે છે.

વેદમાં જોવા મલતું વિષ્ણુ અંગેનું વર્ણન બહુ મોહક લાગતું નથી. કમનીયતાની આ ખોટ પુરાણોએ પૂરી દીધી છે. વેદના વિષ્ણુ કરતાં વ્યાસજીએ આલેખેલા વિષ્ણુ શંખ, ચક્ર, ગદા વગેરેને કારણે માનવની દૃષ્ટિ-મર્યાદામાં સ્થાન પામી શકે એવા છે. નિર્ગુણ પરમાત્મા કરતાં સગુણ રૂપે રહેલ વિષ્ણુ વિશેષ આકર્ષક બન્યા છે. સુદામાના મિત્ર તરીકે અથવા તો ભક્ત નરસૈયાની દૃષ્ટિએ હૂંડી સ્વીકારતા શ્રી કૃષ્ણ માનવી માટે તીવ્રતાથી આરાધી શકાય એવા લાગે છે. ભક્ત હૃદય આવા ભગવાનને પ્રાપ્ત કરવા ઝંખે છે પણ પાણી વગર માછલું તરફડે એવી જેની ગતિ થાય તેને જ શ્રી કૃષ્ણ મળે. સુંદરમ્‌ના શબ્દો યાદ કરીએ તો 'કાળ કિનારે ભટકું હરદમ તવ દર્શન તલસાટે.' એટલે કે શ્રી કૃષ્ણને મેળવવા માટે તલસાટ જરૂરી છે. આવો તલસાટ ગોકુળની ગોપીઓમાં જોવા મળે છે. પ્રેમ અને ભક્તિનું આલંબન એવા શ્રી કૃષ્ણ આપણા માટે ગતિ છે, સાક્ષી છે, નિવાસ છે, મિત્ર છે અને અવ્યય બીજ છે.

એકંદરે જોઇએ તો વિષ્ણુના જ અપર સ્વરૂપ એવા શ્રી કૃષ્ણ અમુક વર્ગના જ આરાધ્ય દેવ છે એમ કહી શકાય તેમ નથી. લેખના પ્રારંભમાં આપેલ ગીતા-વાક્ય બોલનાર તે માત્ર કવિઓના કે ભક્તોના જ આરાધ્ય નથી. યુવકોને માટે કર્મયોગનો ઉપદેશ આપનાર છે. શંકરાચાર્ય જેવા વિદ્વાન આચાર્યો માટે પણ તે જ્ઞાનનો ખજાનો છે. બાળકોના પણ પ્યારા છે અને નારીવર્ગ માટે વહાલમ કે પુત્ર સમોવડા છે. શ્રી કૃષ્ણઃ શરણં મમ એ મહામંત્ર અનુસાર તે આપણા સહુ માટેનું આશ્રયસ્થાન છે.

છેક વેદકાળથી ભારતીય પ્રજા આ દેવથી પરિચિત છે. ઐતિહાસિક રીતે જોઇએ તો તે ઘણા પ્રાચીન દેવ છે. અણુથી અણુ અને મહત્‌થી ય મહત્ એવા તે જેટલા દૂર છે તેટલા નજીક પણ છે. (तद् दूरे तदन्तिके ।) તે મોરલીના સંગીતથી આકર્ષણ જન્માવે છે, તો સુદર્શન ચક્ર દ્વારા દુષ્ટોનું દલન પણ કરી શકે છે. ગોવર્ધન પર્વત ઉપાડનાર આ દેવ મોરપિચ્છથી કેવા મોહક લાગે છે !

વડના પાંદડામાં બિરાજેલ આ દેવ પોતાના કરકમળથી ચરણકમળને મુખારવિન્દમાં વિનિવેશ કરાવતા પોતાના બાલ સ્વરૂપે મનમાં સ્મરણ કરવા જેવા છે.


## JINA-VACHANA

(ચોથી સંવર્ધિત આવૃત્તિ)

**અનુવાદક : ડૉ. રમણલાલ ચી. શાહ**

અર્ધમાગધી, અંગ્રેજી, હિંદી અને ગુજરાતી એમ ચાર ભાષામાં ભગવાન મહાવીરનાં વચનોના આ પ્રકાશનની ૧૯૯૫માં ત્રણ આવૃત્તિની બધી જ નકલો થોડા મહિનામાં જ ખલાસ થઈ ગઈ હતી. એની ઘણી માંગ હોવાથી આ ચોથી સંવર્ધિત આવૃત્તિ સંઘ તરફથી પ્રકાશિત કરવામાં આવી છે.

**કિંમત રૂા. ૨૫૦/-, સભ્યો માટે કિંમત રૂા. ૧૨૫/-**

પ્રાપ્તિસ્થાન : સંઘનું કાર્યાલય. ટેલિફોન નં. : ૨૩૮૨૦૨૯૬

□ **મંત્રીઓ**


Printed & Published by Nirubahen Subodhbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400 027. And Published at 385, S.V.P. Road, Mumbai-400 004. Editor: Ramanlal C. Shah.

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57
Posted at Byculla sorting office Mumbai-400 011 Licence to post without prepayment No. 271
● વર્ષ : (૫૦) + ૧૫ ● અંક : ૫ ● ૧૬ મે, ૨૦૦૪ ● ● Regd. No. TECH / 47-890 / MBI / 2003-2005
● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂ.૧૦૦/- ● ● છૂટક નકલ રૂ. ૧૦/- ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## णाइमत्त पाण भोयण भोइ से निग्गंथे ।

□ ભગવાન મહાવીર

## [ જે અતિશય ભોજન-પાણી કરતો નથી તે નિર્ગ્રંથ (સાધુ) છે. ]

ભગવાન મહાવીર સ્વામીએ 'આચારાંગસૂત્ર', 'ઉત્તરાધ્યયન સૂત્ર', 'દસવૈકાલિક સૂત્ર' વગેરેમાં ઠેર ઠેર નિર્ગ્રંથ મુનિ-જૈન સાધુનાં વિવિધ પ્રકારનાં જે લક્ષણો દર્શાવ્યાં છે એમાં એમનાં ભાતપાણી-આહારની પણ વિગતે વિચારણા કરવામાં આવી છે.

સમગ્ર સંસારમાં સર્વ જીવોને આહારસંજ્ઞા અનાદિ કાળથી વળગેલી છે. જીવો પોતાની આ સંજ્ઞાને રસથી પોષે છે અને વિકસાવે છે. જગતમાં નવ્વાણુ ટકાથી વધુ મનુષ્યો પોતાની આ આહારસંજ્ઞાથી રાજી થાય છે. ભોજન માટે ઉત્સવ યોજાય છે. પાકશાસ્ત્ર એ પણ શિક્ષણનો વિષય છે અને સરસ રસોઈ, વાનગીઓ બનાવનારનું બહુમાન થાય છે. દુનિયામાં જેમ જેમ હોટેલ-રેસ્ટોરાંની સંખ્યા વધતી જાય છે તેમ તેમ સારા રસોઇયાની માંગ વધતી જાય છે. દુનિયામાં વિભિન્ન દેશો વચ્ચે વ્યવહાર-વિનિમય જેમ જેમ વધતાં જાય છે તેમ તેમ કેટલી બધી વાનગીઓનો આંતરરાષ્ટ્રીય પ્રચાર વધતો જાય છે !

એક બાજુ આખી દુનિયા ખોરાક-ભોજનની બાબતમાં નિપુણ બનતી જાય છે ત્યારે બીજી બાજુ દુનિયામાં અડધા ટકા કરતાં પણ ઓછા લોકો આહારસંજ્ઞાને તોડવાનો પ્રચંડ પુરુષાર્થ કરતા હોય છે. અનશન, ઉણોદરી, રસત્યાગ વગેરે પ્રકારની તપશ્ચર્યા કરીને આહારસંજ્ઞાને તેઓ નિષ્ફળ બનાવે છે. તાવવાળા માંદા માણસને ભોજન અરુચિકર લાગે છે. કોઇ તીવ્ર આઘાત લાગે એવા સમાચાર આવતાં માણસને ખાવાનું ભાવતું નથી. આગ, ધરતીકંપ, બોમ્બમારો જેવી આપત્તિ વખતે માણસ જીવ બચાવવા ખાવાનું છોડીને ભાગે છે. આ સર્વનો આહારત્યાગ અલ્પકાલીન હોય છે, પરંતુ સાધુ મહાત્માઓ અને તપસ્વી ગૃહસ્થો સ્વેચ્છાએ, સંયમપૂર્વક, કોઇપણ પ્રકારના આઘાત-પ્રત્યાઘાત વિના, હોંશથી, ઉલ્લાસપૂર્વક, ઉચ્ચત્તર ધ્યેયને માટે નિશ્ચિત સમય માટે આહારનો અથવા આહારના રસનો ત્યાગ કરે છે. ગમે તેટલો સ્વાદિષ્ટ આહાર નજર સામે હોય તો પણ તેઓને તે વિકારના ભાજન જેવો, અરુચિકર લાગે છે. જેઓનું લક્ષ્ય ત્યાગવૈરાગ્ય, આત્મજ્ઞાન અને પરંપરાએ કેવળજ્ઞાન, મુક્તિનું છે તેઓ સ્વાદિષ્ટ આહારથી લુબ્ધ થતા નથી.

ઉણોદરી વ્રત એ સાધુ ભગવંતોનું લગભગ કાયમનું વ્રત હોવું જોઇએ. સારા આરોગ્યની એક સાદી ચાવી છે : 'પેટ ન ભરીએ ચારે ખૂણ.' પેટ ભરીને જમવાથી જેટલી રોગોની શક્યતા છે તેટલી ઉણોદરી વ્રતથી નથી. પેટ દબાવીને વધારે પડતું ખાવાથી જેટલા રોગો થાય છે અને જેટલા માણસો મૃત્યુ પામે છે એટલા રોગો કે મૃત્યુ થોડુંક ઓછું ખાવાથી નથી થતાં. આરોગ્યની વાત તો ખરી જ, પણ સંયમની આરાધના માટે, ધર્મક્રિયાઓ માટે ઉણોદરી વ્રત આવશ્યક મનાયું છે. ઉણોદરી વ્રત ઉપરાંત વૃત્તિસંક્ષેપ વ્રત પણ લેવાય છે, જેમાં નિશ્ચિત કરેલી સંખ્યામાં અમુક જ વાનગીઓ લેવાની હોય છે. રસલાલસા ન થાય એ માટે આવાં આવાં વ્રતો છે.

જૈન સાધુઓએ ('સાધુ' શબ્દમાં સાધ્વી આવી જાય છે.) સામાન્ય રીતે દિવસમાં એક વખત જ આહારપાણી લેવાં જોઇએ. દિગંબર મહાત્માઓ એક જ વખત ઊભા ઊભા આહારદાન સ્વીકારે છે. તેઓ ઠામચોવિહાર કરતા હોય છે. જે યુવાન મુનિઓ સ્વાધ્યાય વગેરે કરતા હોય, જેમનું સ્વાસ્થ્ય બરાબર ન રહેતું હોય અથવા એક વખતના આહારથી ચાલતું ન હોય તેઓ બે વખત આહાર લે છે. સામાન્ય રીતે સાધુઓએ સવારના નવકારશીના સમયનાં ચાપાણી, દૂધ ઇત્યાદિ પણ ન લેવાં જોઇએ. જો કે એનો ચુસ્ત આગ્રહ નથી. અલબત્ત, સાધુઓ છૂટે મોંઢે આખો દિવસ કંઈક ને કંઈક ખાતા હોય એવું તો ન જ બનવું જોઇએ. બનતું પણ નથી. કહ્યું છે કે-

जा य लज्जासमावित्ती एगभत्तं च भोयणं ।

(સંયમાનુકૂળ જીવન માટે દિવસમાં એક વાર ભોજન હિતકારી છે.)

કહેવાય છે કે 'સત્પુરુષનો તુચ્છ (અલ્પ) આહાર.' આહાર સંયમની આરાધના માટે છે. એક વખત જીવનની દિશા બદલાય છે, સાધના તરફ લક્ષ જાય છે, આત્મસ્વરૂપની રમણતામાં રસ પડે છે, પછી ભોજનનો રસ અનુક્રમે છૂટી જાય છે. કોઈ સાધુ મહારાજને ડાયેટિંગ કરવાની જરૂર ન હોય. કારણ કે એમનું શરીર જ એવું એકવડું હોય. હૃષ્ટપુષ્ટ, તગડા, ખાધેપીધે ખબરદાર એવા સાધુ મહારાજ જૈન ધર્મમાં ન શોભે. એકંદરે એવા જોવા પણ નહિ મળે. (સિવાય કે જન્મથી એવો બાંધો હોય કે એવા પ્રકારનો રોગ થયો હોય.)

રાત્રિ દરમ્યાન એટલે કે સૂર્યાસ્તથી બીજા દિવસના સૂર્યોદય સુધી જીવનપર્યંત જેઓને ભોજન અને પાણી એટલે ચારે પ્રકારના આહારનો ત્યાગ હોય એવા જૈન સાધુ જેવા સાધુ દુનિયાના અન્ય કોઈ ધર્મમાં જોવા નહિ મળે. (કોઈ વ્યક્તિગત રૂપે કરે તે જુદી વાત છે.) અનેક શ્રાવકો પણ આવું વ્રત ધરાવતાં હોય છે.

સાધુઓ જે ગોચરી વહોરી લાવ્યા હોય તે પોતાના વડાને બતાવ્યાં પછી જ વાપરવાની હોય છે. સાધુથી ખાનગીમાં કશું વહોરી લાવીને ખવાય નહિ. સાધુઓએ ગોચરીના બેતાલીસ પ્રકારના દોષો અને માંડલીના પાંચ પ્રકારના દોષોથી મુક્ત રહેવું જોઇએ. ૧૬ પ્રકારના ઉદ્‌ગમ દોષો, ૧૬ પ્રકારના ઉત્પાદના દોષો, ૧૦ પ્રકારના એષણા

દોષો અને પાંચ પ્રકારના માંડલીના દોષોની વિગતે છણાવટ શ્રી મહાનિશીથસૂત્ર તથા અન્ય શાસ્ત્રગ્રંથોમાં થયેલી છે. મુનિઓને માટે શ્રી મહાનિશીથસૂત્રમાં કહ્યું છે :

कारणं वेयण वेयावच्चे इरियाट्ठुए य संजमट्ठाए ।
तह पाणवत्तियाए छट्ठुं पुण धम्मचिंताए ॥

વેદના, વૈયાવૃત્ય, ઇર્યાસમિતિ, સંયમ, પ્રાણવૃત્તિ અને ધર્મચિંતા એ આહાર માટેનાં છ કારણો છે. વેદના એટલે ક્ષુધા-વેદનીયનો ઉદય હોય અને ભૂખ સહન ન થતી હોય તો આહાર લેવો જોઇએ. ક્ષુધાને કારણે અતિશય ભૂખ્યા પેટે ગ્લાન મુનિઓની વૈયાવચ્ચ માટે શક્તિ ન રહેતી હોય, ઇર્યાસમિતિનું પાલન બરાબર ન થતું હોય, સંયમની આરાધના, સ્વાધ્યાય વગેરેમાં ચિત્ત ન ચોંટતું હોય, પ્રાણ તૂટતા હોય એમ લાગતું હોય અથવા શુભ ધર્મચિંતન ન થઈ શકતું હોય તો એ છ કારણોને લીધે અથવા એમાંના મુખ્ય ક્ષુધાવેદનીય કર્મના ઉદયને કારણે આહાર લેવાની જરૂર રહેતી હોય તો આહાર લેવો જોઇએ. સાધુઓએ સ્વાદના શોખ માટે આહાર લેવાનો ન હોય.

માંડલીના પાંચ દોષોમાં મુખ્ય દોષ તે 'સંયોજના દોષ' છે. વિશિષ્ટ રસના આસ્વાદ માટે અમુક વાનગીઓનું પાત્રામાં અથવા મુખમાં સંયોજન અર્થાત્ મિશ્રણ કરવું એ સંયોજના દોષ છે.

રસત્યાગને ચુસ્ત રીતે અનુસરનારા મુનિ મહારાજ ભોજનની વાનગીઓ બધી ભેગી કરીને વાપરે છે કે જેથી કોઇપણ એક વાનગીનો જુદો સ્વાદ માણવાનું મન ન થાય. જે વાનગી છૂટી ખાવાની હોય તેને તેઓ ભેળવીને ખાય છે અને જે વાનગી ભેળવીને (જેમ કે દાળ-ભાત, ખીચડી-કઢી) ખાવાની હોય તેને તેઓ છૂટી વાપરે છે.

ગત શતકના સર્વોચ્ચ દીક્ષાદાતા પ. પૂ. સ્વ. પ્રેમસૂરીશ્વરજી મહારાજ પોતે આહારની બાબતમાં અત્યંત સંયમિત હતા અને પોતાના શિષ્યોને પણ એ રીતે તૈયાર કરેલા. સ્વ. પ્રેમસૂરિદાદાએ પોતાના પચાસથી અધિક વર્ષના દીક્ષા પર્યાયમાં રોજ ઘણુંખરું એક જ વખત ગોચરી વાપરી છે અને ગોચરીમાં પણ ઘણુંખરું તેઓ બે જ વાનગી-દાળ અને રોટી અથવા ક્યારેક શાક અને રોટી વાપરતા. એમનું સૂત્ર હતું.

દાળ અને રોટી, બીજી વાત ખોટી.

ભોજનમાં ફક્ત દાળ અને રોટી વાપરવાની વાત આવી એટલે ફક્ત દાળ અને રોટી ખાનાર બીજા એક સંન્યાસી મહારાજની વાત યાદ આવે છે.

અન્ય ધર્મના કેટલાક સંપ્રદાયોમાં સંન્યાસીઓ ગૃહસ્થના ઘરે જઈ ભોજન કરે એવી પ્રથા હોય છે. એક વખત એક બહેને એક સંન્યાસી મહારાજને પોતાને ત્યાં ભોજન લેવા માટે નિમંત્રણ આપ્યું. સંન્યાસી મહારાજ ખાવાના શોખીન હતા, પણ દેખાવ સાદાઇનો કરતા. જ્યારે બહેને પૂછ્યું, 'મહારાજ ! આપને માટે શું બનાવું ?' મહારાજે કહ્યું, 'અમારે તો બીજું કાંઈ ન જોઇએ. દાળ અને રોટી મળે એટલે બસ.' બહેને કહ્યું, 'બસ, મહારાજ ! આટલું જ ? બીજું કંઈ નહિ ?' 'ના. બસ આટલું જ, પણ દાળ સફેદ બનાવજો અને રોટી કાળી બનાવજો...બસ, બે જ વાનગી બનાવજો-કાળી રોટી અને ધોળી દાળ.'

બહેન કશું સમજી નહિ. એ તો મૂંઝાઈ ગઈ. એણે પડોશણને પૂછ્યું. પડોશણે કહ્યું, 'ધોળી દાળ એટલે દૂધપાક અને કાળી રોટી એટલે માલપુંવા.' સંન્યાસી મહારાજ આ બે વાનગી જ બરાબર ઝાપટે છે. પછી ત્રીજી વાનગીની જરૂર નહિ. એ બહેને મહારાજને બે જ વાનગીનું સાદું (?) ભોજન કરાવ્યું તો ખરું, પણ પછી બીજી વાર નિમંત્રણ ન આપ્યું.

કેટલાક ધર્મોમાં ભોજનનો થાળ એ ગુરુ મહારાજનો સૌથી પ્રિય વિષય હોય છે. ભાતભાતની વાનગી પોતે આરોગે અને ભક્તોએ પોતાને ધરાવેલા થાળોમાંથી વિવિધ વાનગીઓ ભક્તોને પ્રસાદરૂપે ખવડાવે. કેટલીક વાર તો ભક્તભક્તાણીના મોઢામાં તેઓ સ્વહસ્તે મૂકે છે. ધાર્મિક આનંદોત્સવ સાથે મિષ્ટ વાનગીઓ સંકળાયેલી છે. ભક્તો-ભક્તાણીઓ ગુરુજીને ખવડાવે અને ઉચ્ચ સ્વરે તાળીઓ સાથે ગાય:

હસતાં, હસતાં ખાય, ગુરુજી મારા, હસતાં હસતાં ખાય !'

મનભાવતી વાનગીઓથી ધરાઇને પેટ ભરવું એ કેટલાક સંપ્રદાયોના ઉત્સવોનું-ગુરુમહિમાનું એક લક્ષણ છે. આવા પંથોમાં ભક્તો જ ગુરુજીને ખવડાવી ખવડાવીને અતિશય હૃષ્ટપુષ્ટ બનાવી દે છે, એટલું જ નહિ, મધુપ્રમેહના રોગનો ભોગ પણ બનાવી દે છે. વળી વારંવાર મિષ્ટાન્ન આરોગવાને કારણે ગુરુજીની વાસનાઓ પણ બહેકવા લાગે છે અને એમાંથી કેટલાક અનર્થો સર્જાય છે.

શરીરમાં ગયેલો અન્નનો દાણો એનું કાર્ય કર્યા વગર રહેતો નથી. કેટલાક પ્રકારનું ભોજન તામસી ગણાય છે. એ ખાવાથી તામસી પ્રકૃતિ વધે છે, એટલે કે કામ, ક્રોધ, દ્વેષ, પ્રમાદ ઇત્યાદિ વધે છે. આથી સંયમના સાધકો માટે એવી ભોજનસામગ્રી વર્જ્ય ગણાય છે. સાંજનું મિષ્ટાન્નયુક્ત ભારે ભોજન વાસનાને ઉશ્કેરી શકે છે. જેઓ ધ્યાન ધરવા ઇચ્છતા હોય તેઓએ તો સાંજના ભોજન ન કરવું જોઇએ અથવા હળવું ભોજન લેવું જોઇએ. ગરિષ્ઠ ભોજન જમ્યા પછી ધ્યાન સારું થઈ શકતું નથી. ધ્યાન નિદ્રામાં પરિણમે છે.

સ્નિગ્ધ ભોજન કામવિકારનું, પ્રમાદનું કારણ બની શકે છે. એટલા માટે જૈન મુનિઓ એવા પ્રકારના આહારનો યથાશક્તિ ત્યાગ કરે છે. દસવૈકાલિક સૂત્રમાં કહ્યું છે पणीयं वज्जए रसं ।-સ્નિગ્ધ રસનો ત્યાગ કરવો. દૂધ, દહીં, ઘી, તેલ, ગોળ અને કડા (કડાઇમાં તળેલી વાનગી) એ છને વિગઇ (વિકૃતિ પરથી) કહેવામાં આવે છે. કેટલાક મુનિ મહાત્માઓ આજીવન આ છએ વિગઇનો ત્યાગ કરે છે, તો કેટલાક અમુક સમયમર્યાદા માટે ત્યાગ કરે છે. દરેક સાધુ-સાધ્વીએ પોતાના ગુરુભગવંતની આજ્ઞા અનુસાર નિશ્ચિત સમય માટે ઓછામાં ઓછી એક કે બે વિગઇનો ત્યાગ કરવાનો રહે છે. રસત્યાગ અને સંયમપાલન એ એનો મુખ્ય ઉદ્દેશ છે.

રસત્યાગ માટે જૈન ધર્મમાં આયંબિલની જે તપશ્ચર્યા છે એવી અન્ય કોઈ ધર્મમાં નથી. આયંબિલની વાનગીઓ દિવસમાં એકને બદલે બે વાર આરોગે તો પણ કેટલાકને તે અરુચિકર થાય છે. પરંતુ જૈન ધર્મમાં વર્ષમાં બે વાર આયંબિલની ઓળીમાં ગામે ગામ સેંકડો, હજારો માણસો આયંબિલ કરે છે. કેટલાક સાધુ મહાત્માઓ વર્ધમાન તપની એકસો સુધીની આયંબિલની ઓળી કરે છે. કેટલાક તો બે કે ત્રણવાર એવી ઓળી કરે છે. આહારસંજ્ઞાને જીતવાનો તથા કર્મની નિર્જરાનો આ એક અમૂલ્ય ઉપાય અને અવસર ગણાય છે.

આહારસંજ્ઞાની મંદતાથી કાયાની મમતા ઘટે છે અને કાયાની મમતા ઘટતાં તપ ધર્મની આરાધનામાં રસ પડે છે, આરાધના સારી રીતે થાય છે.

ભોજન કરવાના પાંચ પ્રકાર બતાવવામાં આવ્યા છે:

(૧) સિંહ ભોજન-ભોજન સામગ્રીમાંથી સિંહની જેમ કોઈ પણ એક બાજુથી ધીમે ધીમે ખાવું.

(૨) વાનર ભોજન-જેવું હાથમાં આવ્યું કે તરત અધીરાઇથી ખાવા મંડી પડવું.

(૩) હસ્તિ ભોજન-હાથીની જેમ ઉપેક્ષાથી કે ઉદાસીનભાવથી ખાવું.

(૪) કાક ભોજન-કાગડાની જેમ ચૂંથી ચૂંથીને ખાવું.

(૫) શૃગાલ ભોજન-શિયાળની જેમ ઘડીકમાં એક બાજુથી અને ઘડીકમાં બીજી બાજુથી ખાવું.

આ પાંચ પ્રકારોમાંથી સિંહની જેમ અથવા હાથીની જેમ ભોજન કરવાની મુનિઓને ભલામણ કરવામાં આવી છે.

મનુષ્યની પાંચે ઇન્દ્રિયોમાં જીભ સૌથી વધુ બળવાન છે. જીભ ક્યારેય થાકતી નથી. ખાવાનું મળ્યું કે તરત તૈયાર. તરત તે રસ ઝરતી

બની જાય છે. માણસને આંખથી કોઇપણ એક વસ્તુ ધારી ધારીને સતત જોવાનો કે કાનથી અમુક ધ્વનિ સાંભળવાનો થાક લાગે છે. વાંચતાં વાંચતાં માણસ ઊંઘી જાય છે. સંગીત સાંભળતાં પણ ઝોલાં ખાય છે. પણ આહાર મળતાં જીભ સક્રિય થઈ જાય છે. વળી એને માત્ર ગળ્યો કે એવા એક રસમાં જ નહિ, ખાટો, તીખો, તુરો કે કડવા જેવા રસમાં પણ રસ પડે છે. જીભ જેમ થાકતી નથી તેમ ઘરડી પણ થતી નથી. માણસ આંખે આંધળો કે કાને બહેરો થઈ જાય છે, પણ ખાવાના ચટકા તો સો વર્ષની ઉંમરે પણ હોય છે. દાંતનો વિરહ થાય તો પણ જીભને વૈરાગ્ય ઊપજતો નથી.

આ જીભ ઉપરના અસંયમને કારણે જ કેટલાયે લોકોને આખો દિવસ કંઈક ને કંઈક ખાવા જોઇએ છે. દુનિયામાં, વિશેષત: અમેરિકામાં કેટલાયે લોકો Compulsive Eaters હોય છે. ખાવાનું એમને વ્યસન થઈ જાય છે. ખાવાનું ન મળે તો અસ્વસ્થ, ગાંડા જેવા, અરે ક્યારેક તો તોફાન મચાવતા થઈ જાય છે. અમેરિકામાં (અને બીજા કેટલાક દેશોમાં પણ) રસવૃત્તિને સતેજ કરે એવા વિવિધ પ્રકારના નવા નવા આહાર બજારમાં મૂકવામાં આવે છે. માણસો એક પછી એક વાનગી ખાધે રાખે છે. પરિણામે સૌથી વધારે જાડા માણસો અમેરિકામાં છે.

એટલે જ જીભને વશ રાખવાનું કામ ઘણું દુષ્કર છે. એક બહેન કહેતાં કે 'મારે જો જીભ ન હોત તો ક્યારની દીક્ષા લીધી હોત.' એમને દીક્ષા લેવી હતી, પણ એમની સ્વાદેન્દ્રિય બળવાન હતી. બધી જ ધર્મક્રિયાઓમાં એમને રસ પડે. પૂરી નિષ્ઠાથી એ ક્રિયાઓ કરે પણ ખરાં, પરંતુ સ્વાદની વાત આવે, ભાવતાં ભોજનની વાત આવે ત્યાં તેઓ હારી જાય. ભોજનમાં કશું જ ઓછું કે નબળું ન ચાલે. વળી એમની સ્વાદવૃત્તિ પણ એવી કેળવાયેલી કે મરીમસાલા બરાબર પડ્યા છે કે નહિ તેની તરત પરખ થાય, વળી તરત જાતે વિવિધ પ્રકારની સરસ રસોઈ બનાવી શકે. એમની સાથે વાત કરીએ તો એમની પાકશાસ્ત્રની જાણકારીથી આશ્ચર્યચકિત થઈ જવાય.

દુનિયાના ભોજન-વ્યવહારથી તદ્દન વિભિન્ન દિશામાં જૈન ધર્મે સાધુઓના આહારની ગવેષણા કરી છે. અલ્પ આહારે જૈન સાધુઓ જે સુખાનંદ અનુભવે છે તે કેટલો ઉત્કૃષ્ટ કોટિનો છે તે વિશેષ તો અનુભવે જ સમજાય એવો છે.

☐ રમણલાલ ચી. શાહ

# ધોળો વાળ : સર્વશ્રેષ્ઠ સદુપદેશ

☐ પ. પૂ. શ્રી પૂર્ણચન્દ્રસૂરિજી મહારાજ

ધોળા વાળ જેવો કોઈ ઉપદેશ નથી અને મૃત્યુનાં દર્શન જેવી બીજી કોઈ લાલબત્તી નથી. જે કોઈ વિચારક હોય, જાતની સાથે વાત કરવાનું જેનું મન હોય, એના માટે જ આ ઉપદેશ અને ચેતવણીની આ લાલબત્તી અસરકારક નીવડી શકે. બાકી જે બુદ્ધિની બારી જ બંધ કરીને બેઠો હોય, એને ધોળાવાળનાં દર્શનેય કાળા કામ બંધ કરવાનું મન ન થાય અને કોઇનું મૃત્યુ જોવા છતાં એને પોતાના મૃત્યુની યાદ પણ ન આવે; આપણા સૌની બુદ્ધિની બારી ખોલવા એક સુભાષિતકાર એવો સંદેશ સંભળાવે છે કે, માથે લટકી રહેલી મૃત્યુની તલવારને લોકો જો જોઈ શકે, તો તો એ લોકોને ખાવાનું ય ભાવે નહિ અને ગળે કોળિયો ઉતારવાનું ય ફાવે નહિ, પછી પાપકાર્યો કરવાની તો રુચિ થાય જ શાની ?

ચિત્તને ચોટ લાગી જાય એવી આ સચોટ વાતને સમજવા એક કલ્પના-ચિત્ર આંખ સામે ઉપસાવીએ. ભાંગેલી-તૂટેલી ખુરશી પર કોઈ માણસને બેસાડવામાં આવ્યો હોય, અને એના માથે કાચા સૂતરના તાંતણે બાંધેલી તાતી તલવાર લટકતી હોય, આવો માણસ ભૂખ્યો હોય અને એની સામે બત્રીસ પકવાન ને તેત્રીસ શાકથી ભરેલું ભાણું પીરસવામાં આવ્યું હોય, તો એ ભાણું આવા માનવીને ભાવે ખરું ? આવી કટોકટીની પળે એના મનમાં ભોગવિલાસના પાપો કરવાની વિચારણા ય જન્મે ખરી ?

આ સવાલનો જવાબ નકારમાં જ હોવાનો, કેમકે માથે લટકી રહેલી તલવારમાં એ માનવીને મૃત્યુનો આભાસ થાય છે. અને આ આભાસ એની બધી જ મજા લૂંટી લે છે. આ જાતનાં મૃત્યુનાં દર્શને એ એવો તો ગમગીન અને ગંભીર બની જાય છે કે, કકડીને ભૂખ લાગી હોવા છતાં એને ખાવાનું મન થતું નથી. ભૂખ હોવા છતાં જ્યાં ખાવાનું સૂઝે નહિ, ત્યાં પાપકૃત્યો કરવાનો તો વિચાર પણ એને ક્યાંથી આવે?

આપણો પાપરસ ઘટતો ન હોય, તો આ કલ્પનાચિત્રની ખુરશીમાં આપણે આપણી જાતને બેસાડી દેવાપૂર્વક પછી આગળની કલ્પનાસૃષ્ટિ વિચારવી જોઇએ, આપણે આ જાતની સૃષ્ટિ જો બરાબર નિહાળી જાણીશું, તો આપણને ય ખાવું-પીવું ભાવશે નહિ અને પાપકૃત્યો કરવાના વિચારોની વણઝાર તો વરાળ થઈને ઊડી જશે.

આ કોઈ ખોટી કે સાવ જ અસંભવિત કલ્પના નથી, આ તો સાવ જ સાચી, સો નહિ, સહસ્ર ટકા સંભવિત ઘટના છે. કેમકે આપણે દેહની જે ખુરશીમાં બેઠા છીએ, એના આયુષ્યરૂપી પાયા ક્યારે તૂટી પડે, એ કહી શકાય એવું નથી. અને આપણા માથે મૃત્યુનો ભય તો તલવાર બનીને લટકી જ રહ્યો છે. આપણું જ આ ચિત્ર આપણે જો બરાબર નિહાળતા થઈ જઈએ, તો પછી ભોગવિલાસના ભાણાં તરફ હાથ લંબાવવાનું પણ આપણને મન નહિ થાય અને પાપો કરવાની આપણી યોજનાઓ તો આકાશમાં અદૃશ્ય જ બની જશે.

આ એક કલ્પનાદર્શન છે, પણ ભારોભાર સચ્ચાઈથી સભર આ કલ્પના હોવાથી એનું મહત્ત્વ જરાય ઓછું અંકાય એવું નથી. ધોળા વાળનો ઉપદેશ પણ જ્યારે નકામો જાય અને અન્યના મૃત્યુની ચેતવણી પણ જ્યારે નિરર્થક નીવડતી જણાય, ત્યારે ભોગનો રસ અને પાપ પ્રવૃત્તિની યોજનાઓના હવાઈ કિલ્લા ચણ્યા કરવાની રુચિને મૂળમાંથી ઉખેડીને ફેંકી દેવા આપણા જ મૃત્યુની આપણે કલ્પના કરવી રહી.

ગમે તેવો ભડવીર ભાયડો હોય, ભોગવિલાસ માણવાની એની ભૂખ ગમે તેટલી ભડભડતી બોય, તેમ જ પાપનો એ ભલે પાકો રસિયો હોય, પણ એને જ્યારે એવી ખાતરી થઈ જાય કે, મૃત્યુ મારા જીવનનાં દ્વાર ખખડાવતું ખડું છે, ત્યારે એ ભડવીરને પણ ભાંગી પડતાં વાર લાગતી નથી. એક જ મૃત્યુની કલ્પના પણ એને એવો તો કાયર બનાવી દેતી હોય છે કે, એ કાયરતાની જોડ જડવી અશક્ય ગણાય.

આપણા માથે મંડાયેલી મૃત્યુની તલવાર વહેલી-મોડી તૂટી જ પડવાની છે, આ એક એવું સનાતન સત્ય છે કે, જેને કોઈ જ ખોટું પાડી ન શકે. આ અફર સત્યની સામે આપણે આંખ મીંચીને બેસી જઇએ, એથી કંઈ એ સત્યની અફરતા ચાલી જતી નથી. પરંતુ ભોગ અને પાપનો રસ આપણને પેલા કબૂતરની અથવા સસલાની કક્ષામાં મૂકી દે છે. મોતનો પંજો પહોળો કરીને સામેથી તરાપ મારવા આવતા શિકારીને જોતાં જ ભયવિહ્વળ થઈને આંખ મીંચી દઈને અથવા આંખ આડા કાન કરી દઈને મનોમન એવી માંડવાળ કરી દેતું હોય છે કે, હવે મને દેખાતું નથી, માટે શિકારી નથી અને ભય નથી. પણ મનોમન એની આવી માંડવાળ જ એનો ભોગ લઈ લેતી હોય છે.

આપણે હવે જ્ઞાનીની દૃષ્ટિ પ્રાપ્ત કરી લઈએ અને હર ઘડીપળે મસ્તકસ્થાયી મૃત્યુનો વિચાર કરતા જ રહીએ, તો આપણો ભોગ અને પાપનો રસ ઊડી ગયા વિના નહિ રહે. એક મૃત્યુનું દર્શન જો આપણામાં આવું પરિવર્તન આણી શકે, તો સર્વજ્ઞના જ્ઞાન ઉપર વિશ્વાસ મૂકીને આપણે ભવોભવના અનંત-મૃત્યુની વિચાર-સૃષ્ટિને આંખ સામે ઉપસાવીએ, તો તો મૃત્યુમુક્ત બનવા માટે આપણે મોક્ષના અને એ માટે ધર્મના રસિયા બન્યા વિના રહીએ ખરા ?

❖❖❖

# બહિરાત્માથી પરમાત્મા સુધી

☐ ડૉ. બિપિનચંદ્ર હીરાલાલ કાપડિયા

આત્મા અને મોક્ષ વિષે વિવિધ દૃષ્ટિકોણથી તથા વિવિધ નયોથી વિગતવાર ચર્ચા-વિચારણા જૈનદર્શનમાં કરાઈ છે. તેને ધ્યાનમાં રાખી આત્મા વિષે કંઈક લખવા મન પ્રેરાયું છે.

પૂજ્ય ન્યાયવિશારદ ન્યાયાચાર્ય મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજીએ અધ્યાત્મસારની લગભગ ૭૫૬ થી ૮૭૩ ગાથામાં વ્યવહાર તથા નિશ્ચય દૃષ્ટિકોણથી જુદા જુદા નયોનો સમન્વય કરી આત્મા વિષે સુંદર તથા વિગતવાર રજુઆત કરી છે. (ડૉ. રમણલાલ ચી. શાહે અધ્યાત્મસાર ભાગ ૩માં પૃષ્ઠ ૬૩ થી ૧૬૩માં મૂળ શ્લોકો, તેનો અનુવાદ તથા વિસ્તૃત વિવરણ કરીને એક નવો જ પ્રબંધ કે પ્રકરણ ગ્રંથ આપણને આપ્યો છે. તેમાં રજૂ કરેલા વિચારોનો આધાર લઈ કંઈક રજુઆત કરું છું જે માટે તેમનો ઋણી છું).

પ્રસ્તુત પ્રબંધમાં 'આત્મનિશ્ચય અધિકાર'માં શ્લોક ૭૮ થી ૧૯૬ સુધીમાં નયોને અનુલક્ષી વિવરણ તથા ચર્ચા કરવામાં આવી છે. પ્રત્યેક વસ્તુ અનેકધર્મી છે. તેમાંથી નિશ્ચિત કરેલા અંશ કે અંશોને ગ્રહણ કરી બાકીના પ્રત્યે ઉદાસીન રહે તે નય કહેવાય; પરંતુ જો બાકીનાનો નિષેધ કરે તો તેને નયાભાસ કહે છે. નય એટલે વસ્તુનું પ્રતિપાદન કરવાનો એક દૃષ્ટિકોણ કે અપેક્ષા. નયોના મુખ્ય બે પ્રકારો છે જેવા કે નિશ્ચયનય અને વ્યવહારનય અથવા દ્રવ્યાર્થિક નય કે પર્યાયાર્થિક નય. આ નયોના શુદ્ધ અને અશુદ્ધ એવા પ્રકારો પણ છે. તેમાં મુખ્ય સાત નય છે, જેવાં કે નૈગમનય, સંગ્રહનય, વ્યવહારનય, ઋજુસૂત્રનય, શબ્દનય, સમભિરૂઢ નય અને એવંભૂત નય. આમાં પ્રથમ ત્રણ દ્રવ્યાર્થિક નય છે અને પછીના ચાર પર્યાયાર્થિક નય છે. જટિલ એવા નયોની સમજ અધ્યાત્મશાસ્ત્રમાં આવશ્યક અને ઉપયોગી છે.

હવે નયો દ્વારા આત્માની સમજણ મેળવીએ. શુદ્ધ નિશ્ચયનયથી આત્મા ચિદાનંદ સ્વભાવનો ભોક્તા છે. જ્યારે અશુદ્ધ નિશ્ચયનયથી આત્મા કર્મે કરેલાં સુખદુ:ખનો ભોકતા છે. શુદ્ધ નયથી આત્મા વિભુ હોઈ શુદ્ધ ભાવોનો કર્તા છે, શુદ્ધ ક્ષણોની વૃત્તિના આશ્રય થકી કર્તા બને છે. આત્મા શુદ્ધ પર્યાયરૂપ છે, શુદ્ધ સ્વભાવનો કર્તા પણ છે. સંગ્રહનય પ્રમાણે ભાવોનો સદા અન્વય હોવાથી આત્માનું કર્તૃત્વ નહીં, સાક્ષીપણાનો આશ્રય કરનાર આત્મા કેવળ કૂટસ્થ રહે છે.

આ પ્રમાણે સાતે નયોની વિશદ ચર્ચા ડૉ. રમણભાઇએ ન્યાયવિશારદ ન્યાયાચાર્ય મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી વિરચિત અધ્યાત્મસારના ત્રીજા ભાગમાં જે કરી છે તે નયોમાં જેમની ચાંચ ડૂબી છે તેમના માટે તો આસ્વાદ્ય વિગતો છે; પરંતુ નયોનો જેમણે બિલકુલ અભ્યાસ કર્યો નથી હોતો, જેમણે નયાવતારમાં ડૂબકી જ મારી નથી તેમને માટે આ વિશદ ચર્ચા પણ શિરોવેદના કરનારી, નીરસ, કંટાળાભરેલી લાગે તેમ છે.

આત્મા કર્મોથી અબદ્ધ છે, એવું શાસ્ત્રજ્ઞાન હોવા છતાં જીવને ભ્રમ રહે છે કે આત્માને કર્મબંધ હોય છે ! તે માટે શાસ્ત્રના વચનો વારંવાર સાંભળવા, વારંવાર તેનું મનન, ચિંતન અને સ્મરણ કરવું જોઇએ. આત્મસ્વરૂપમાં સ્થિર થવાનો પુરુષાર્થ કરવાથી આત્માના અબદ્ધ સ્વરૂપનું વેદન થાય છે. જ્યારે મિથ્યા મંદબુદ્ધિનું નિવારણ થાય ત્યારે આત્મા વિભાવ દશામાંથી મુક્ત થઈ બંધરહિત પ્રકાશે છે.

કર્મદ્રવ્યોનો ક્ષય તે દ્રવ્યમોક્ષ છે જે આત્માનું લક્ષણ નથી. દ્રવ્યમોક્ષના કારણરૂપ રત્નત્રયીથી યુક્ત આત્મા તે ભાવમોક્ષ છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર સાથે આત્મૈક્ય સધાય ત્યારે જાણે કર્મો કુપિત થયાં હોય તેમ તત્કાળ જુદાં પડી જાય છે. તેથી રત્નત્રયીરૂપી ભાવલિંગ જ મોક્ષનું કારણ છે. આ બંને લિંગોમાં દ્રવ્યલિંગ અંતિમ કોટિનું થઈ ન શકે જ્યારે ભાવલિંગ રત્નત્રયીની પૂર્ણતા સુધી, કેવળજ્ઞાન અને સિદ્ધગતિ સુધી પહોંચાડી શકે; પહોંચાડે છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર ત્રણે રત્નત્રયીરૂપે આત્માના ગુણો આવિર્ભાવથી ભાવલિંગની મોક્ષપ્રાપ્તિમાં અનિવાર્યતા છે. તેથી વ્યક્તિ દિગંબર હોય, શ્વેતાંબર હોય કે અન્યધર્મી હોય, પણ જો તેનામાં ભાવલિંગ હોય તો તેનાથી જ મુક્તિ છે, તેના અભાવમાં મોક્ષપ્રાપ્તિ નથી.

નયોની વિસ્તૃત શાસ્ત્રીય માહિતી માટે 'સન્મતિ-તર્ક સુપ્રસિદ્ધ છે. સમર્થ તાર્કિક શ્રી સિદ્ધસેન દિવાકર મહારાજાની એ તર્કશુદ્ધ મહાભવ્ય કૃતિ છે. તેમાં નિશ્ચય નય અને વ્યવહાર નયના વિસ્તૃત સ્પષ્ટ અને યુક્તિસિદ્ધ નિરૂપણો કરી વસ્તુદર્શનમાં વિવિધ દૃષ્ટિબિંદુઓ તેમણે રજુ કર્યા છે. વસ્તુ જોવાના જેટલાં દૃષ્ટિબિંદુઓ હોય તેટલા નય કહેવાય. જૈનદર્શન જેવી આ વિશેની ચર્ચા છે તેવી અન્ય દર્શનોમાં અપ્રાપ્ય છે. જૈનદર્શન દૃષ્ટિઓનો જુદી જુદી રીતે વિભાગ કરી બતાવે છે. જેમકે હજાર વિભાગ કરી સહસ્રાર નયચક્ર, સો વિભાગ કરી શતારનયચક્ર, બાર વિભાગ કરી દ્વાદશાર નયચક્ર, સાત વિભાગ કરી સપ્તનય ઇત્યાદિ. નયયુગલો જેવાં કે શબ્દનય-અર્થનય, દ્રવ્યનય-પર્યાયનય, દ્રવ્યાર્થિકનય-પર્યાયર્થિકનય, નિશ્ચયનય-વ્યવહારનય, જ્ઞાનનય-ક્રિયાનય એવા દૃષ્ટિ વિભાગો અન્યત્ર દુર્લભ છે. અત્ર નિશ્ચયનય વસ્તુમાં આંતરિક અને અંતિમ સ્વરૂપને વસ્તુસ્વરૂપ તરીકે સ્વીકારે છે, ત્યારે વ્યવહારનય વસ્તુના બાહ્ય સ્વરૂપને, વ્યવહારમાં આવતા સ્વરૂપને સ્વીકારે છે. દા. ત. મિથ્યાત્વનો અસંગ, પરમાર્થ સંસ્તવ (પરિચય) વગેરે બાહ્ય વ્યવહારમાં સમ્યગ્દર્શન હોવાનું આ નયને સંમત છે અને તે પ્રમાણે વ્યવહાર કરે છે, જ્યારે નિશ્ચયનય પ્રમાણે અમલમાં ઉતારેલી તત્ત્વશ્રદ્ધા તે સમ્યગ્દર્શન કહેવાય. અર્થાત્ ૭મે ગુણસ્થાનકે અપ્રમત્ત સંયમની અવસ્થાએ સમ્યગ્દર્શન હોય તે પૂર્વેની અવસ્થાઓમાં આ નિશ્ચયનય પ્રમાણે સમ્યગ્દર્શન હોઇ શકે જ નહીં.

આગળ વધીએ તે પહેલાં 'પરમતેજ'-યાને લલિતવિસ્તરા-વિવેચન (લેખક આચાર્ય શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના પટ્ટાલંકાર વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ) નામના ગ્રંથમાં આમ લખ્યું છે. દેશના દેનાર જ્યારે એમ કહે છે કે 'જેમ ધર્મની પ્રવૃત્તિ મુદ્દલ ન કરો, તેમ યથાસ્થિત ન કરતાં ગમે તે રીતે કરો તો પણ તેની કશી કિંમત નથી, કશો લાભ નથી. ત્યારે અનધિકારી જીવને એવાં વચન સાંભળીને સ્વકીય, ધર્મક્રિયાનું પોતાની બુદ્ધિથી સંભવિત ફલ નહીં ઉપજવાની ગભરામણ થાય છે ! અર્થાત્ એને એમ થાય છે કે અરે ! આ તો શું હું ભૂલો પડ્યો ! આ ધર્મની મહેનત હું નકામી જ કરું છું; કેમકે આ દેશનાકારના કહેવા અનુસાર યથાસ્થિત તો કરી શકતો નથી, તો પછી એનું ધારવા મુજબ ફળ નહીં મળે. તો શા સારું આ મજૂરી કરું ? આ સુકૃત પર ધર્મબુદ્ધિથી મમત્વ જ શા સારું કરું ? આમ લાભનો અભાવ જાણીને એ દીન, શક્તિહીન બને છે. એકાન્તે માત્ર નિશ્ચયનયમાં જ માનનારાઓનાં પ્રતિપાદનોએ આ ભયંકરતા સર્જી છે. એ ઉપદેશ અજ્ઞાન અને વિષયાંધને રળિયામણો લાગે; એમ થાય કે અહો, ખરું તો તત્ત્વ આજે કેટલા કાળે આમણે સમજાવ્યું ! સાચો આત્મધર્મ બતાવ્યો ! પછી આજ સુધી જે થોડુંઘણું સુકૃત એ કર્યા કરતો હતો, તે કરવાની શક્તિ હવે એનામાંથી મૂળમાંથી જ નાશ પામે છે ! એટલે ચાલુ સુકૃત મૂકી દે, અગર નવાં સુકૃતનો ઉત્સાહ મરી જાય એટલું જ નહીં, પરંતુ મૂળમાંથી સુકૃત કરવાની શક્તિ ખલાસ થઈ જાય છે ! પહેલાં તો કદાચ એ માનતો હોય છે કે-ભલે આપણે મહાત્માઓ જેવું ઊંચું સુકૃત નથી કરી શકતાં, છતાં જે સુકૃત કરીએ છીએ એ સાંસારિક પાપકૃત્યો કરતાં તો સારું જ છે. તેથી કંઈક લાભ થશે; પરંતુ હવે તો એકાન્તિક દેશના સાંભળવાથી એમ લાગે છે કે-અમારાં આ મનમાન્યાં સુકૃતની પાપકૃત્યો કરતાં કોઈ વિશેષતા નથી, લાભકારીતા નથી. ઊલટું મિથ્યાત્વ લાગે છે; માટે હવે વ્યર્થ શા સારું આમાં કૂચે મરવું ? એમ એનામાં સુકૃતનું મમત્વ જ ઊડી જાય છે ! મૂળ સુકૃતશક્તિ જ નષ્ટ થઈ જાય છે.

આવાં મહાનુભાવોએ એકાન્ત નિશ્ચયનયથી પ્રતિપાદિત કરેલા તત્ત્વજ્ઞાનથી તેના અનુયાયીઓએ સુકૃતનો તો છેદ જ ઉડાવી દીધો, એટલું જ નહીં પરંતુ તેઓ માને છે કે દુષ્કૃતની અસર પણ આત્મા પર થતી નથી કેમકે બંને પ્રકારના કર્મો જડ છે. તેથી તેમની આત્મા પર કશી અસર જ ન થાય તો ગભરામણ શેની ? શા માટે ?

ભવ્ય જીવમાં મોક્ષની યોગ્યતા છે, અપ્રગટ મોક્ષની સત્તા છે. આ વાત નિશ્ચય દૃષ્ટિએ છે. વ્યવહાર દૃષ્ટિએ અત્યારે મોક્ષ નહીં, પણ સંસારઅવસ્થા છે. વસ્તુના મૂળ સ્વરૂપની દૃષ્ટિ તે નિશ્ચય અને બાહ્ય સ્વરૂપની દૃષ્ટિ તે વ્યવહાર. નિશ્ચયની જેમ વ્યવહાર પણ પ્રામાણિક છે; માટે તો આત્માનું વર્તમાન સાંસારિક બાહ્ય સ્વરૂપ ટાળવા અને મૂળ સ્વરૂપ પ્રગટ કરવાનો પુરુષાર્થ કરવાનો રહે છે; નહિંતર જો વ્યવહાર અસત્ હોય તો પ્રયત્ન શા માટે જોઇએ ? નિશ્ચયથી મૂળ સ્વરૂપ તો સહીસલામત જ છે !

શ્રી યશોવિજયજી મહારાજા કહે છે કે અશુદ્ધ નિશ્ચયનયથી જોતાં આત્મા ભાવકર્મનો કર્તા છે, ભોકતા છે તથા ભાવકર્મથી બંધાય છે અને ભાવકર્મથી મુક્ત થાય છે. શુદ્ધનયથી આત્મા કર્મનો કર્તા નથી, ભોકતા પણ નથી, કર્મથી બંધાતો નથી, કર્મથી મુક્ત પણ થતો નથી. સારાંશરૂપે કહેવું હોય તો અશુદ્ધ નિશ્ચયનયથી આત્માની બદ્ધ મુક્ત સ્થિતિ છે એટલે કર્મથી બંધાય છે, કર્મથી મુક્ત પણ થાય. પરંતુ નિશ્ચયનયથી જો કર્મથી બંધાતો નથી તો કર્મથી મુક્ત થવાથી વાત જ રહેતી નથી. હવે વ્યવહારનયની દૃષ્ટિએ આત્માને અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ તત્ત્વો સાથે સંબંધ છે. તેવી જ રીતે જીવ દ્રવ્યને પુદ્ગલાસ્તિકાદિ પાંચ દ્રવ્યો સાથે સંબંધ છે. પરંતુ શુદ્ધ નિશ્ચયનથી જોઇએ તો દરેક દ્રવ્ય સ્વતંત્ર છે તેમ જીવ દ્રવ્ય પણ સ્વતંત્ર છે. આત્મા કર્મનો કર્તા પણ નથી, અને કર્મનો ભોક્તા પણ નથી.

વ્યવહારનય અને નિશ્ચનયથી એમ ઊભયનયથી આત્મદશાનો નિર્ણય કરવો તે ઉત્કૃષ્ટ અધ્યાત્મ છે. તે જીવને અજરામર એવા મોક્ષ સુધી ગતિ કરાવનાર હોવાથી તથા સર્વ કર્મરૂપી રોગથી મુક્ત કરાવનાર હોવાથી પરમ અમૃતરૂપ છે. આ તત્ત્વબોધ રૂપી અને તત્ત્વસંવેદનરૂપી પરમ જ્ઞાન છે જે અયોગી અવસ્થા સુધી લઈ જઈ મોક્ષગતિ સાથે જોડી આપનાર પરમ યોગ છે.

શુદ્ધ આત્મદ્રવ્યની સમજણ અત્યંત ગુહ્ય છે. એનો અનુભવ તેથી પણ વધારે ગુહ્ય છે. તેથી આ તત્ત્વજ્ઞાન સામાન્ય માણસથી ગુપ્ત રાખવા જેવું છે, કારણ કે આ સૂક્ષ્મ તત્ત્વની વિચારણા સૂક્ષ્મ નયાશ્રિત છે; કારણ કે વ્યવહારનય, અશુદ્ધ નિશ્ચયનય, શુદ્ધ નિશ્ચયનયાદિને ધ્યાનમાં રાખી તેવી અપેક્ષા સહ આત્મતત્ત્વ સમજવાનું છે. કારણ કે વ્યવહારનયમાં વાસ્તવિકતાનો વિચાર છે, જ્યારે નિશ્ચયનયમાં આદર્શનો વિચાર છે.

જૈનદર્શન એક અજોડ દર્શન છે. તેમાં નવતત્ત્વ, પંચાસ્તિકાય, કાળ, પુદ્ગલપરાવર્તકાળ, ચરમાવર્ત, અનેકાન્તવાદ, સ્યાદ્વાદ, તપ, સંયમ, ચારે પુરુષાર્થો અને તેમાં પણ જીવ કે આત્મા વિષયક મોક્ષ સુધીની ચર્ચા અજોડ, અદ્વિતીય છે જે બીજે ક્યાંય પણ ઉપલબ્ધ થાય તેમ નથી. આત્મા અને તેને મોક્ષ પ્રાપ્ત કેવી રીતે થાય તે પર નજર ફેરવી લઈએ. આત્માની ત્રણ દશા બતાવી છે કે જેવી કે બહિરાત્મદશા, અંતરાત્મદશા અને પરમાત્મદશા. એ એક એકથી ચડિયાતી દશાઓ છે. એ દ્વારા જ સંસારી આત્મા પામરાત્માની દશામાંથી ઉત્કાન્તિ કરી ઠેઠ વિકસિત છેલ્લી દશા પરમાત્મદશા સુધી પહોંચી શકે છે. આ દર્શનમાં વિકાસ સાધતો પ્રત્યેક આત્મા પરમાત્મા બની શકે છે. અનંત આત્માઓ સિદ્ધ થઈ પરમાત્મા થયા છે અને થઈ શકે છે.

કેવી રીતે જીવાત્મા પરમાત્મા થઈ શકે તે માટે એક દૃષ્ટાંત જોઇએ. મોક્ષરૂપ કાર્યમાં પરિણમવા માટે એક માત્ર ધર્મ જ ઉપયોગી છે, અર્થ અને કામ નહિ. આ બંને અસત્ પુરુષાર્થ છે. જ્યારે ધર્મ-મોક્ષ બંને પુરુષાર્થ સત્પુરુષાર્થ છે. ધર્મ-પુરુષાર્થ એક જાતનું વૃક્ષ છે. એ બીજ અવસ્થાથી માંડી ફળ અવસ્થા પર્યંત વિકસે છે. જે માટે સહકારી કારણો જરૂરી છે. પુરુષાર્થથી ધર્મની બીજ અવસ્થાથી માંડી ફળ અવસ્થા સુધી વિકસે છે. આવું પ્રગટાવવા માટે સહકારી કારણો અને સાધનોની જરૂર છે. ધર્મપુરુષાર્થથી ધર્મની બીજી અવસ્થા, ધર્મ-ચિંતા, ધર્મશ્રવણાદિથી ધર્મની અંકુર અવસ્થા નિષ્પન્ન થાય. બીજાદિ અવસ્થાઓ જુદા જુદા જીવોને એક જ સમય-સામગ્રીથી નહિ પણ જુદા જુદા સમયે, જુદા જુદા ક્ષેત્રે, જુદા જુદા ગુરુ વગેરેથી તે પ્રગટે છે. આલંબનો જેવાં કે કોઇ ગુરુ, કોઈ પ્રતિમા, કોઈ શાસ્ત્ર, કોઈ પ્રસંગાદિથી તે પ્રગટે છે. આમ જુદા જુદા જીવોને જુદી જુદી સામગ્રીથી તે પ્રગટે છે. એ માટે જીવની વિશિષ્ટ યોગ્યતા જરૂરી છે. તેથી અભવ્ય પાછળ કોઈ તૂટી જાય તો પણ તેનામાં ભવ્યત્વ સ્વભાવ પેદા ન કરી શકાય. મહામૂલી ભવ્યત્વ સ્વભાવની ટિકિટ ભવ્ય ને વગર મહેનતે જો મળી છે, છતાં પણ ભવ્યત્વને પકાવનારા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં જ કેમ લીન ન બની શકાય ? ભવિતવ્યતા (ભવ્યત્વ) એટલે નિયતિ, જ્યાં બીજાં કારણો દર્શાવી શકાતા નથી અને ચોક્કસ પ્રકારની સ્થિતિ બને ત્યાં તે મુખ્ય ભાગ ભજવે છે. જેમકે સમરાદિત્યની કથામાં ગુણસેનને અગ્નિશર્માનું પારણું કરાવવાની ધગશ થાય પણ પારણાના દિવસે જ વિકટ પ્રસંગ ઉપસ્થિત થતાં; અત્રે ભવિતવ્યતાને જ કારણ કહી શકાય. ભગવાને ગોશાલાને તેજોલેશ્યાની વિધિ બતાવી, પરંતુ તેણે તેનો પ્રયોગ ભગવાન મહાવીર પર જ કર્યો ને ? શું મહાવીર તેવું જાણતા ન હતા ? ચમરબંધીની મહાયોજનાઓ સફળતાની ઠેઠ નજીક પહોંચે છતાં તે નિષ્ફળતા પામે. રામ-સીતા, નળ-દમયંતીને વનવાસ સહેવા પડ્યા, જગત-દયાળુ મહાવીરના કાનમાં ખીલા ઠોકાય. અનુત્તરવાસી દેવ જેવા મહાતત્ત્વચિંતક, અવધિજ્ઞાનીને મનુષ્યપણું ન હોવાથી, અનુકૂળ કર્મના અભાવે દેશવિરતિ કે સર્વવિરતિ ચારિત્ર ગુણસ્થાનક નથી મળતું. પાંચમા આરાના મનુષ્યોને પ્રથમ સંઘયણને અનુકૂળ કર્મ નહિ તેથી સાતમા ગુણસ્થાનકથી ઉપર જઈ શકાતું નથી.

પંચકારણવાદમાં ૧. કાળ, ૨. સ્વભાવ, ૩. નિયતિ, ૪. ભાગ્ય, ૫. પુરુષાર્થ ગણાવાય છે. કાર્ય થવામાં યોગ્ય કાળ, વસ્તુનો સ્વભાવ, ભવિતવ્યતા, કર્મ અને ઉદ્યમ મહત્ત્વનો ભાગ ભજવે છે. અનાદિ કાળના સૂક્ષ્મ નિગોદ સાધારણ વનસ્પતિકાયના નિવાસ પછી બાદર નિગોદ, પૃથ્વીકાયાદિ સ્થાવરકાય, બેઇન્દ્રિયાદિ મેળવ્યા પછી કેટલા સમય બાદ મનુષ્યપણું પામે, સામગ્રી પણ મેળવે છતાં તત્ત્વજ્ઞાન કેમ નથી થતું ? ચરમાવર્તમાં આવ્યા પછી જ જે ત્યાજ્ય પદાર્થો ઉપાદેય તરીકે અને ઉપાદેયને ત્યાજ્ય તરીકે જોતો હતો તે ચરમાવર્તકાળમાં જ રુચે છે. અપુનર્બંધક આત્મા ચરમાવર્તમાં પ્રવેશી માર્ગાનુસારી, માર્ગાભિમુખ, માર્ગપતિત કક્ષામાં આવી માર્ગપ્રવેશ પામતાં તત્ત્વની જિજ્ઞાસા જગાડી ગ્રંથિભેદ કરી તત્ત્વશ્રદ્ધારૂપી સમ્યગ્દર્શન પામે છે. ચરમાવર્તમાં આવેલો જીવ અચરમાવર્તમાં જતો નથી. અનંતાનંત પુદ્ગલપરાવર્તકાળથી તે ભટકતો હતો તે હવે જો સમકિતી બને તો અર્ધપુદ્ગલાવર્તથી અસંખ્યાતા પલ્યોપમ ઓછા સમયમાં મોક્ષ પામી જશે. અપુનર્બંધકદશા ચરમાવર્તકાળમાં જ થાય છે. ચરમાવર્ત એટલે મોક્ષે જવાનો છેલ્લો પુદ્ગલ પરાવર્તકાળ. તેથી વધુ કાળ અચરામાવર્ત ગણાય. ત્યાં ગમે તેટલો ધર્મસંયોગ મળે છતાં એનામાં લેશ માત્ર ભવભીતિ કે મોક્ષરુચિ જ થતી નથી. તે માટે તેનામાં સરાસર અયોગ્યતા છે.

પુરુષાર્થ નામનું પાંચમું કારણ કાર્યોત્પત્તિમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. જમીન, હળ, બીજ, વરસાદ બધું હોય પણ ખેડૂતનો પુરુષાર્થ જરૂરી છે. પાણી, માટી, ચાકડો હોવા છતાં કુંભારના પુરુષાર્થ વિના ઘડો ક્યાં બને છે ? ઉદ્યમ વિના ભોજન ભેગા થવાય ? એમ ભવિતવ્યતાએ જીવને વ્યવહાર રાશિમાં લાવી મૂક્યો. સ્વભાવ અને કાળે ઠેઠ ચરમાવર્તકાળમાં મૂક્યો. પુણ્ય કર્મે માનવ ભવ મળ્યો, આર્યકુળ, દેવ-ગુરુ-ધર્મસ્થાનનો સંયોગ મળ્યો. પરંતુ હવે ધર્મની ગરજ, શુભભાવના, તત્ત્વરુચિ, આચારપાલન, વ્રતસ્વીકારાદિના પુરુષાર્થ

વગર ઉન્નતિ ક્યાંથી ? મુસાફરને દિલ્હીની ટ્રેઇને અમદાવાદ સુધી લાવીને મૂક્યો. પરંતુ ત્યાં માણેકચોક કેવી રીતે જાય ? હવે પગે કે વાહનથી પહોંચવું જોઇએ. તેવી રીતે ચરમાવર્તમાં પુણ્ય કર્મે એકેન્દ્રિયપણામાંથી ઠેઠ ઉત્તમ માનવભવ, ધર્મસામગ્રીના સ્ટેશને લાવી મૂક્યો. છતાં હવે શું કરું ? પુણ્યોદય નથી, તો ધર્મ શી રીતે કરી શકું ? આવો વિચાર એ મૂર્ખતા જ છે ને ? ધર્મ હવે પુરુષાર્થથી સાધવાનો. ભવ્ય તથા અભવ્યો બંને ચરમાવર્તકાળ સુધી પહોંચે, પરંતુ અભવ્યો પુદ્ગલાનંદી કે ભવાભિનંદી હોઈ સ્વર્ગાદિ કામના સેવનારા તથા મોક્ષરુચિ ન હોવાથી તથા તે મોક્ષદ્વેષી હોઈ, મોક્ષે જઈ શકે જ નહિ. વિચિત્ર વાત તો તે છે કે ખુદ ભગવાનના સમવસરણમાં જઇને પોતે તો ઢોર-ઢાંકર હોય, તપશ્ચર્યાદિ મોઢામાં આંગળી નાંખીએ એવી કરે, નવગ્રૈવેયક સુધી પહોંચી જાય પરંતુ દેશનાથી સંબોધી ન પામે; છતાં પણ પોતે એવો ઉપદેશ દે કે તીર્થંકરના બુઝેલા સંખ્યાતા જ્યારે તેના બુઝેલા અસંખ્યાતા ! નવાઈ લાગે છે ને ? જેવી રીતે અભવ્યો કદાપિ મોક્ષે ન જાય તેમ એવાં અસંખ્ય ભવ્યો છે જેમને સામગ્રી જ મળવાની નથી. તેઓ પણ તેના અભાવમાં મોક્ષે જઈ શકે નહિ. જેવી રીતે પવિત્ર વિધવા સ્ત્રી સંતાનોત્પત્તિ કરવા સક્ષમ હોવા છતાં તે માટેની જરૂરી પુરુષ સમાગમની સામગ્રી ન મેળવવાથી સંતાન સુખ વગરની રહે.

વળી ચરમાવર્તકાળ પામેલા જીવોમાં જેઓ ભવ્ય છે પણ સંસારકાળ અર્ધપુદ્ગલપરાવર્તથી અધિક હોય ત્યાં સુધી તેઓ મોક્ષ પામે નહિ. ચરમાવર્તકાળ પામેલા ભવ્ય જીવો અપુનર્બંધક અવસ્થામાં આવેલા છે તેઓ જ ધર્મોપદેશને યોગ્ય છે. મિથ્યાદૃષ્ટિ તેમ જ સમ્યગ્દૃષ્ટિ બંને ચરમાવર્ત સુધી પહોંચી શકે, પરંતુ સિદ્ધિપદને પમાડનારી જે સામગ્રી છે તે પામ્યા વગર ભવ્યો પણ સિદ્ધિપદ પામી શકતા નથી. મુનિસુંદરસૂરીશ્વરજીએ જયાનંદ કેવળી ચરિત્રમાં જણાવ્યું છે કે 'મનુષ્યપણું, આર્યદેશ, શ્રુતિ, શ્રદ્ધાદિ અને તેમાં પણ ધર્મશ્રદ્ધા વિશેષ સુદુષ્પ્રાપ્ય છે. ધર્મશ્રવણ તો અભવ્યો તેમ જ દુર્ભવ્યો પણ પામે છે. પરંતુ ધર્મશ્રદ્ધાની પ્રાપ્તિ તો ફક્ત ભવ્યાત્માઓ જ પામે છે અને તેઓ કે જેઓનો સંસારકાળ એક પુદ્ગલપરાવર્તકાળથી અધિક ન જ હોવો જોઇએ. જીવનો સહજ મળવાળો અચરમાવર્તકાળ ભવબાલકાળ ગણાય. તેના ક્ષયવાળો ચરમાવર્તકાળ ધર્મયૌવનકાળ ગણાય. તે કાળમાં જ ધર્મબીજનાં વાવેતર, ધર્મરાગ, ધર્મપ્રશંસા, ધર્મ-ઇચ્છા, તે માટે ગુરુની શોધ, ગુરુયોગ, ધર્મશ્રવણ, જેનાં ફળરૂપે સમ્યગ્દર્શનરૂપી ધર્મ પામે. તે પૂર્વે અપુનર્બંધક અવસ્થા પામે છે, જ્યાં તે તીવ્ર ભાવે પાપ કરતો નથી, ઘોર સંસાર પ્રત્યે બહુમાન નથી ધરતો, ઉચિતનો આદર કરે છે. આ ત્રણ ગુણ પ્રગટે છે. તેવા આત્માઓ જિનપ્રવચનની ગંભીરતા, સૂક્ષ્મતાથી કલ્યાણમાર્ગનું આલંબન લે છે.' આચાર્ય ભગવાન શ્રી હરિભદ્રસૂરીશ્વરજી કહે છે કે 'આ કલ્યાણમાર્ગ અપુનર્બંધકાદિ આત્માઓ વડે આચરાયેલો છે.' તેમની ઓળખ કરાવતાં કહે છે કે 'એ ક્ષીણપ્રાયઃકર્મ હોય છે કે વિશુદ્ધ આશયવાળા હોય છે, ભવ-અબહુમાની હોય છે, અને મહાપુરુષો હોય છે.

આટલી વિગતે ચર્ચા-વિચારણા કર્યા પછી બહિરાત્મા પરમાત્મા કેવી રીતે થાય તે તરફ વળીએ. તે માટે અલ્પભવ એટલે એક પુદ્ગલપરાવર્તકાળથી અંદર આવેલા જીવો અલ્પભવી જીવ કહેવાય છે. તેથી વધુ ને વધુ તત્ત્વજ્ઞાન સ્પર્શી શકતું જ નથી. કાળ બળે તે જીવ હવે અસાંવ્યવહારિક અવ્યવહારમાંથી સાંવ્યવહારિક વ્યવહારરાશિમાં આવ્યો. અનાદિ કાળના સૂક્ષ્મ નિગોદ, સાધારણ વનસ્પતિકાય પછી બાદર નિગોદ, પૃથ્વીકાયાદિ સ્થાવર કાય, બેઇન્દ્રિયાદિમાં આવ્યા પછી જીવ કેટલીયે વાર મનુષ્યપણું પામે, સામગ્રી પણ પામે છતાં તેને તત્ત્વજ્ઞાન કેમ થતું નથી ? કારણ તેમનો સંસારનો પથ હજી એક પુદ્ગલપરાવર્તથી વધુ હતો. ત્યારબાદ ચરમાવર્તમાં શું ત્યાજ્ય તથા શું ઉપાદેય તે સમજીને આચરવાથી તત્ત્વજ્ઞાનની રુચિ જાગૃત થવા માંડે છે. હવે ધર્મબીજમાંથી પુષ્પ, ફળાદિ ઉત્પન્ન થશે.

બહિરાત્મદશામાં બાહ્ય કાયાદિને જ આત્મા અને સર્વસ્વ માનવાની અવસ્થા જે જીવમાત્રને અનાદિકાળથી ચાલુ છે, લાગુ છે તે ટૂંકમાં પુદ્ગલાનંદી કે ભવાભિનંદી છે. મોહનું પ્રાબલ્ય હોય છે. માત્ર ઉત્કૃષ્ટ ધર્મપુરુષાર્થ માટે યોગ્ય ઉત્તમ માનવભવ મળ્યો, પરંતુ મન એટલું મલિન છે, તામસ પ્રકૃતિવાળું છે કે કોઈ વિચારણીય ચિત્તશુદ્ધિ જ નથી.

અનંતકાળ આમ વીતાવ્યા પછી તેની પ્રગતિ શરૂ થાય અને તે પણ ચરમાવર્તકાળમાં જ શક્ય છે. અહીં તેની દૃષ્ટિ કાયા-માયાના હિત પરથી ઊઠી આત્મા અને આત્મહિત પર પડે છે. સંસાર પ્રત્યે નફરત પેદા થાય છે, અણગમો થાય છે, તેનાથી ઉભગે છે. મોક્ષની રુચિ જાગે છે. ભીતરમાં રહેલા આત્મદ્રવ્યને જુએ છે. આત્માના ષટ્સ્થાનને સમજે છે. પાપ પ્રવૃત્તિ ઘટાડે છે, દાન, શીલ, ત્યાગ, વ્રત, નિયમ, તપ, શમ, દમ, શુભ ભાવનાઓ, ભવ્ય પુરુષાર્થ, હિંસાદિનો ત્યાગ, દેવાધિદેવ, સદ્ગુરુ પર અથાગ અડગ શ્રદ્ધા-પ્રીતિ-ભક્તિની લગની જ લાગે છે. ક્રમિક ઉપર આરોહણ કરાવનારા ગુણાદિની વૃદ્ધિ થતાં થતાં અહીંથી નીકળી અંતરાત્મા અને પરમાત્મા બનવા માટે તે જીવો સર્વજ્ઞોક્ત તત્ત્વો અને મોક્ષમાર્ગનું જ્ઞાન તથા ધર્મશાસનની નિશ્રા જોઇએ જે પૂર્વે થયેલાં અરિહંતોથી જ મળે. સંસારે કરેલો આત્માનો અપકાર. આત્મહિતની ભયંકર બરબાદી નજરમાં આવે છે. જેથી તે કંપી ઊઠે છે. પછી તેને પૂર્ણ આઝાદીમય તથા પુદ્ગલની લેશ પણ ગુલામી રહિત આઝાદીવાળા મોક્ષની રુચિ થાય છે. કહ્યું છે કે-આત્મબુદ્ધ કાયાદિથી ગ્રહ્યો, બહિરાત્મ રૂપ (અઘરૂપ) પાપ રૂપ કાર્યાદિકનો સાખીધર રહ્યો, અંતર આત્મરૂપ ત્યારે કાયાદિકના સુખદુ:ખ, હ્રાસવિકાસ એ મારા નહિ તેમ લાગી ગયું છે. ગજકુસુમાળ મુનિ સોમિલ સસરાએ સગડીમાં ભરેલા ધગધગતા અંગારા સુખપૂર્વક સહી શક્યા, આમ વિચારીને કે 'જે બળે છે તે મારું નથી, ને મારું છે તે બળતું નથી.'

આવું ક્યારે બની શકે ? જ્યારે ઉત્તમ ધર્મી આત્માઓ ફક્ત કપરાં કાળમાં જ ધર્મને યાદ કરતાં નથી; પરંતુ સદાકાળને માટે ધર્મમય જીવન જીવતાં હોવાથી ધર્મ જ તેઓનું રક્ષણ કરે છે, તેઓ હાયવોય કરતાં નથી પરંતુ કર્માધીન સ્થિતિ સ્વીકારી ધર્મનું શરણ જ સ્વીકારતા હોય છે.

આવો જીવ આત્માને કાયા-માયા-ઇન્દ્રિયો-વિષય-કષાયાદિને હવાલે ન કરે. તેમને બધાંને આત્માની ચોકી નીચે રાખે. નમિ રાજર્ષિને ઇન્દ્રે બંગલા બંધાવવા, કોટ સમારવા વગેરે કહ્યું. નમિ રાજર્ષિએ કહ્યું કે 'માર્ગમાં જે ઘર કરી બેસે છે તે ઠગાય છે.' કંકણોનો અવાજ શમી જતાં એકત્વ ભાવના અને પરમાત્મ દશામાં આવી ગયા. અત્રે આ લગની રહે છે, આત્માની ઉપરના કર્મના અને દોષના ભાર ઉતારું, ગુણસમૃદ્ધિ વધારું, આત્માનું પાપવીર્ય ઘટાડી ધર્મવીર્ય વધારું. ધર્મવીર્ય જે ઘણું છે તેને બહિરાત્મભાવે વધારી દીધું છે, આવરી દીધું છે. વાસનાઓ ઘટાડવાથી ધર્મવીર્ય વધતાં અંતરાત્મભાવ વિકસિત થતો રહે છે. ધર્મની વૃત્તિ-પ્રવૃત્તિ અગ્રતાપણે સહજ જેવી બનાવે છે. ક્ષમાદિ ધર્મો આત્મસાત્ થતાં સ્વભાવભૂત બને છે. સ્વરૂપરમણતા વધતી ચાલે છે. સંસારયાત્રામાં આ કાયામાં વસ્યા જે એક ધર્મશાળા છે, ભાડાની કોટડી છે જેમાં અંતિમ મુકામ માનવાનો નહિ; ગમે ત્યારે ખાલી કરવું પડે. નમિ રાજર્ષિ એ સમજ્યા હતા તેથી ઇન્દ્રની વાત ન સ્વીકારી. હવે આવો આત્માદૃષ્ટા બનતાં તારક દેવાધિદેવ અને સદ્ગુરુ પર અથાગ શ્રદ્ધા-પ્રીતિ-ભક્તિ આદરે છે. યોગની આઠ દૃષ્ટિમાંથી છઠ્ઠી કાન્તાદૃષ્ટિ સમકક્ષ અંતરાત્મદશાને બતાવી શકાય. ધર્મપુરુષાર્થ વધતો રહેતો, ધર્મવીર્ય વધતાં, અંતરાત્મભાવ વિકસિત બને છે.

હવે આવો જીવ પરમાત્મદશા તરફ આગેકૂચ કરે છે. અત્યાર સુધી ઇચ્છાયોગ અને શાસ્ત્રયોગ હતું તેમાંથી સામર્થ્યયોગ તરફનું વલણ વધે છે. અનુષ્ઠાનોમાં ત્રણ પ્રકારો પડે છે. વિષયશુદ્ધ, સ્વરૂપશુદ્ધ અને અનુબંધશુદ્ધ. અનુષ્ઠાનો સદ્ અને અસદ્ હોય છે. જે અનુષ્ઠાનો મોક્ષના ઉદ્દેશથી જ કરાતાં હોય તે સદ્ ગણાય. પરંતુ મોક્ષને બદલે લક્ષ્મી, વૈભવ, માનપાન, કીર્તિ વગેરે આ લોકના સુખની કામનાથી

ખેતરમાંથી કપાસ વીણાઈ જાય એટલે ભેલાણ કરે. પણ ભેલાણ કરતાં પહેલાં રહ્યું સહ્યું રૂ, કાલાંમાંથી અમે દોહી લઇએ અને એનું ખજૂર લાવીને ખાઇએ. જાણે રળીને ખાધાનો આનંદ ! ખજૂરમાં બેવડી મીઠાશ આવે.

આઠ સાલના કિશોરને દાદા ઘોડી ઉપર બેસાડી સીમમાં ફેરવતા. એ દૃશ્ય આજે રોમાંચ ખડાં કરે છે. અને અમારી ગાયને તાજા જન્મેલા વત્સ (જેનું નામ અમે મરગુડો રાખેલું) સાથે રમવાની મજા આજે તો કેવળ કલ્પનામાં જ લેવાની ! મૃગ જેવું વત્સ, વાછરડું ચપળ હશે એટલે એનું નામ મરગુડો (મૃગ ઉપરથી) પાડ્યું હશે ! સ્હેજ મોટાં થતાં મરગુડો અમારી સાથે દોડવાની 'રેસ'માં ઊતરતો ! સ્હેજ વધુ મોટો થતાં એ પાંચ ફૂટની વાડો કૂદતો થઈ ગયેલો ! એ પછી તો એને ધીંગો ધોરી બનેલો પણ દીઠેલો.

પણ મારા વતનનાં બાર વર્ષોએ (ખાસ્સું એક તપ) મારા ચિત્તમાં જે ઊંડી છાપ પાડી છે તેવી છાપ શેષ ૭૫ વર્ષોમાં કશે પડી નથી. માનસશાસ્ત્રની દૃષ્ટિએ આ સાવ સ્વાભાવિક પણ છે. હું તો માનું છું કે વ્યક્તિનો વિકાસ જેટલો શરૂનાં બાર વર્ષોમાં થાય છે તેટલો પછીનાં વર્ષોમાં થતો નથી. અને જે કંઈ વિકાસ થાય છે તે પ્રથમ તપના પાયા પર થાય છે.

હું દશ સાલનો હતો ત્યારે અમારા ગામમાં તરગાળા (ત્રિ-ધરા)ની ભવાઈ જોવા ગયેલો. એમાં વિદૂષક ને રંગલીનાં પાત્ર આવે. પડદો ઉપડે એટલે વિદૂષક વિચિત્ર વેશ ધારણ કરીને આવે ને સ્ટેજ પર આંટા મારતાં ગાય :

'વ્હાલી વીજળીને કેમ લાગી વાર ?'

ને જ્યાં વિદૂષક બીજી લીટી ગાવા જાય ત્યાં તો નેપથ્યમાંથી વીજળી ચમકે : 'આવી ! આવી ! શું છે મારા યાર ? અને પછી તે દિવસે પડનારા ખેલની, ગાતાં ગાતાં પૂર્વ ભૂમિકા રચે ને બે ત્રણ દિવસના ભોજનની પણ પાકી ખાત્રી કરી લે. એ પછી વિદૂષક-વીજળી વચ્ચે જીભા-જોડી ચાલે ને દૂહો-કવિતા-ગીત લલકારે, જેમાં સમાજનું સાચું પ્રતિબિંબ ઝીલાયું હોય ને કેટલીક વાર તો વીતી ગયેલા ઇતિહાસની ઝાંખી પણ હોય !

દા. ત. : 'આંબા વાઢ્યા, બાવળ વાઢ્યા, રાયણ વાઢી બહુ,
આ સપનો કાકો એવા પડિયા, એવા પડિયા કે
વાંઢાય પામ્યા વહુ...મારી વ્હાલી.'

આમાં ત્રણ વસ્તુઓ વણાઈ છે. એક તો સંવત ૧૮૫૬નો ભયંકર દુકાળ, બીજી એ દુકાળમાં નીકળી ગયેલો વૃક્ષો-વનરાજિનો ખાંડો અને ત્રીજી ઘણાં વાંઢાઓનાં ઘર મંડાયાં એ અસ્વાભાવિક નહીં તો અસંભવિત ઘટના.

આ એક એવી ઐતિહાસિક ઘટના છે કે જેની ઊંડી કરુણ છાપ ત્રણ પેઢીઓ સુધી જે તે કુટુંબના માનસપટ પર છવાઈ રહેલી. ૧૮૫૬ના દુકાળ વખતે મારાં દાદા-દાદીની વય લગભગ ૪૦-૪૧ની હતી ને મારા પિતાજી અગિયાર સાલના હતા. મેં છપ્પનિયા દુકાળની ઘણી બધી વાતો મારાં દાદા-દાદી ને પિતાજી પાસેથી સાંભળેલી ને મારી એક વાર્તામાં એ સ્થિતિનું નિરૂપણ કરેલું : 'ગુનાહિત માનસ' નામની એ વાર્તામાં મેં ભવાઇના ઉપર્યુક્ત પદ્યને ગદ્યમાં રૂપાંતરિત કરેલ છે. એક પેરેગ્રાફ જોઇએ: 'છપ્પનિયા દુકાળે ભલભલાને સાફ કરી નાખ્યા. 'વરસુ વરસુ' કરતાં વાદળ વરસ્યા વિના જ વહ્યાં જાય...એક ખેતરમાં જરા વરસે-કંજૂસની જેમ તો બીજા ખેતરને કોરુ ધબ રાખે-ઠોઠ નિશાળિયાની ઉત્તરવહીની માફક. દિવસે કાળાં-બલાક વાદળ દેખાય ને રાત્રે આકાશમાં મોગરાનાં ફુલ જેવા તારા ખીલે. છપ્પનિયાના આવા ચાળા હતા. દૂધાળાં ને ઉપયોગી પશુ, નીર ને નીરણ વિના મરવા લાગ્યાં. લોકોએ ઝાડનાં પાન ખૂટ્યાં. એ ખૂટતાં ઝાડની છાલ કૂટી ખવડાવી...અને આખરે તો (ભવાઇમાં કહ્યા પ્રમાણે) આંબા, મહુડા, બાવળ ને રાયણનાં વૃક્ષ પણ વાઢી નાખ્યાં. વાત એટલી હદે વધી કે અન્નના અભાવે અનેક માતાઓએ પોતાના દેવના દીધેલ, ચચ્ચાર રૂપિયા કે પાંચ શેર ધાન માટે વેચ્યા. ક્ષુધાને શાંત કરવા પશુઓને ફાડી ખાધાં, ખાધેલું ઓકી કાઢી તેનો ફરી ઉપયોગ કરવા લાગ્યાં. કુદરતી કોપ ને જિજિવિષાનો આ ગજગ્રાહ ખેડૂતો માટે કાતીલ નીવડ્યો.' અમારા ગામના હનુમાનજીના મંદિરના પૂજારી શ્રી ગોપાલદાસજીને એમનાં માતાએ ચાર રૂપિયામાં વેચ્યાની વાત મારાં દાદીએ કહેલી. એમનું દૂધ રજપૂતનું હતું જે પાછલી વયે દીપી ઊઠેલું. લોકોએ પોતાના પશુધનને પાંજરાપોળ ભેગું કરેલું એટલું જ નહીં પણ રાખનાર કે ખરીદનારને ઉપરથી પૈસા આપવામાં આવતા ! સંવત ૧૮૫૪ના ભયંકર પ્લેગ પછી તરત જ બે વર્ષે આવી પડેલા આ છપ્પનિયા દુકાળે પ્રજાજીવનની કરોડરજ્જુ ભાંગી નાખી. જ્યાં ત્યાં રસ્તા પર રઝળતાં પશુઓનાં શબોએ રોગચાળો ફેલાવ્યો. આવા સંજોગોમાં લોકો આરોગ્યની પણ કેટલી કાળજી રાખી શકે ? વયમાં આવેલી કન્યાઓ વસ્ત્રને અભાવે અર્ધનગ્ન અવસ્થામાં ભટકતી હતી એવો ઉલ્લેખ આજથી લગભગ ૧૦૨ વર્ષ ઉપર લખાયેલ (સને ૧૮૯૯) કાવ્યસંગ્રહ નામે 'હડહડતી હલાકી'માં વાંચવા મળે છે. એના કવિ છે શ્રી કુંવરજી વિ. કલ્યાણજી ઠક્કર. ભવાઇની પેલી પંક્તિ 'વાંઢા પામ્યા વહુ'ની વાસ્તવિકતા અહીં પ્રત્યક્ષ થયેલી જોવા મળે છે. હડહડતી હલાકી (હાલાકી જોઇએ ?)માં એક સ્થળે કવિ લખે છે: ગયા ત્રણ મહિનામાં વરસાદ ન પડ્યો. કેવળ શ્રાવણ વદ ૧૧ના રોજે સવારમાં ધરતી ભીંજે એટલા છાંટા પડ્યા. એકંદરે એક ઇંચથીય ઓછો વરસાદ થયો છે. ભાદરવા સુદ ૪ના રોજ સાંજ વખતે વીજળીનો દેખાવ પૂર્વ દિશા ભણી નહીં જેવો થયો હતો, બસ. ગેબી નગારાનો અવાજ સ્વપ્ને પણ સાંભળવામાં ન હતો. નવરાત્રિમાં ગરબી રમવા એકઠા થતા શખ્સો માતાજીની સ્તુતિ ગાતા હતાં:

'બાળકોને દુકાળ નડે છે દૂર કર કરુણાકારી.'
ઢાંઢાં ઢોરો રખડે વેતર વગડામાં ઉડે છે વેકર,
ચર, ચર, ચર, ચર, ચોપે, વાર ચર હણ હણ રણ હોકારી.
અકારા ખારા ચેર ચરે છે, મુંગાં પ્રાણી હજારો મરે છે.
આકસાર હું, ખાકી તુજ ઘર, મેર મેર કર માગુ માદર,
કર તુજ કર કુંવરજી, શિર ધર, શરમ શરમ સુખકારી.'

પરદેશથી અનાજની ગુણીઓ આવતી તો દુકાળિયાઓ સુધી પહોંચે ત્યાં સુધીમાં વચ્ચે દલાલો ત્રણ ચાર વાર સોદા કરી મડદાં પર ખીચડી પકાવી લેતા હતા ! છપ્પનિયા દુકાળની કથા શ્રી પન્નાલાલ પટેલે 'માનવીની ભવાઇ'માં ખૂબ જ કલાત્મક રીતે નિરૂપી છે. એ પછીય અર્ધી સદી બાદ અંગ્રેજોના શાસન કાળ દરમિયાન, બંગાળના દુકાળે લાખો લોકોનો ભોગ લીધેલો. આ કરુણ ઘટનાના પ્રત્યક્ષ દૃષ્ટા લોર્ડ પેથિક લોરોન્સે પછી ભાત નહીં ખાવાનો નીમ લીધેલો. કેમ જે બંગાળીઓનો મુખ્ય ખોરાક જ ભાત છે. માનવચેતનાની વિશ્વસંવેદના ક્યારે જોવા મળશે ? પાર્લામેન્ટમાં જવા નીકળેલ અમેરિકાનો પ્રમુખ અબ્રાહમ લિંકન ભૂંડને બચાવવા કાદવની પરવા કરતો નથી અને મહાત્મા ગાંધી પોતાનું વસ્ત્ર એક નગ્ન સ્ત્રીને ઢાંકવા પાણીમાં વહેતું મૂકે છે ને કોરી રોટલી લઈ ભાગતા કૂતરાની પાછળ ઘીની વાઢી લઈ ભાગતો પેલો ભારતનો સંત (!) આ બધા માનવ-સંવેદનાના જ્યોતિર્ધરો છે. છપ્પનિયા દુકાળ વખતે પણ વખાણવા યોગ્ય ને વખોડવા યોગ્ય ઘટનાઓ ઘટેલી જેનું પ્રતિબિંબ તત્કાલીન સાહિત્ય ને ભવાઇમાં જોવા મળે છે.

❖❖❖

# તને ઓળખ્યો પણ મોડો મોડો

□ ગુલાબ દેઢિયા

અતિ પરિચય અવજ્ઞાનું કારણ. જે દરરોજનું હોય, નજીકનું હોય તે આપણા જીવન વ્યવહાર સાથે એવું ઓતપ્રોત થઈ જાય છે કે એની ઉપસ્થિતિની ખબર જ નથી પડતી. અજાણી કે નવી વસ્તુ તરફ ઝટ ધ્યાન જાય છે. આંગળી પર જરાક જેટલો કાપો પડ્યો, ઉપર આગળી (પટ્ટી) લગાડી દીધી. પછી જેટલી વાર એ મલમપટ્ટી રહી ત્યાં લગી અંગૂઠો ત્યાં પહોંચી જ જતો હતો. આંગળીનો અને આગળીનો કરકરો સ્પર્શ નવી ચીજ હતી. રુઝ આવ્યા પછી પણ એ નવી ચામડીનો સ્પર્શ નોખો લાગતો હતો. જૂનું બધું હાજર હોય પણ જરાક એની વચ્ચે કંઇક અવનવું બને ત્યારે જ ધ્યાન ખેંચાય છે.

સહજ સામાન્યને અવગણવાનું ટેવવશ અને સ્વાભાવિક છે. આ જુઓને, હમણાં જ જેના પર ધ્યાન ગયું તે છે મારી નજર સામેનો આ કાગળ પરનો હાંસિયો. દાયકાઓ થઈ ગયા પહેલો હાંસિયો પાડ્યાને. છતાં કદી એની સાથે પરિચય સાધ્યો જ નહિ. ઘરોબો કેળવ્યો જ નહિ. હાંસિયાને જોઉં રોજ પણ મારો વ્યવહાર એની સાથે યંત્રવત્-એના ખબરઅંતર પૂછવાનું સૂઝ્યું જ નહિ.

હાંસિયો પાડ્યા પછી જ લખવાનું શરૂ કરી શકાય-આ પાઠ કોણે શીખવ્યો તે સ્મરણમાં નથી. પણ આજે ચોક્કસ લાગે છે કે શિક્ષકે હાંસિયો પાડવાની ટેવ પાડી તે સાચે જ મોટો પાઠ હતો. ત્યારે એનો અર્થ નહોતો સમજાયો. પ્રાથમિક શાળાના શિક્ષકો આપણા જીવનમાં કેવા કેવા મહામૂલા પાઠ શીખવી જાય છે !

હવે પ્રતિદિન કંઈ પણ લખવા જતાં લીટીઓ આંક્યા વગરના ચાર-છ કોરા કાગળ લઉં છું, બધાને બરોબર બેસાડી ખૂણા મેળવી, કાગળની સુંવાળપ પર સહેજે હાથ ફેરવી, ધવલતાને આંખમાં ભરી કાગળની ડાબી બાજુએ હાંસિયો પાડું છું. હાંસિયો પાડ્યો એટલે પાટે ગણેશ બેસાડ્યા. હાંસિયો બેઠો એટલે મનોમન લખવાનાં મંડાણ થઈ ગયાં. કાગળ પર હાંસિયાની હાજરી જ પૂરતી છે.

હાંસિયો હવા જેવો છે. સ્વજન જેવો આત્મીય છે. હોય તો વર્તાય નહિ, નડે નહિ, ખબર પડવા ન દે. પણ ન હોય તો મુંઝારો થાય. અડવું અડવું લાગે. સંકળામણ થાય. પાકે ઘડે કાંઠા ન ચડે તેમ કાગળ પર પહેલાં લખાણ ચીતરી કાઢું ને પછી હાંસિયો મૂકવા જાઉં તો કેમે કર્યું જામે જ નહિ. ઘણી ક્રિયાઓ એવી છે જેમાં ક્રમ જળવાવો જોઇએ. અમુક કાર્યો ક્રમસર અને અવસરે જ કરવાનાં હોય છે.

હાંસિયો ખેતરવાડીના શેઢા જેવો છે. લખાણ માટે વાડ છે. લખાણ વાડ ઠેકી ન જાય તેમ જ બીજું કોઈ અંદર પેસી ન જાય તે હાંસિયો જુએ છે. એ રખેવાળ છે.

હાંસિયામાં દૂરંદેશી છે, અગમચેતી છે. લખાણમાં ઉમેરણની, કાંટછાંટની જરૂર પડવાની. ત્યારે પોતાની જગા હોંશે હોંશે હસીને હાંસિયો ધરી દેવાનો. જે અતિ મહત્ત્વનું છે. તેને હાંસિયામાં સ્થાન મળે છે. લખાણ તપાસનારા તો જો હાંસિયો ન જુએ તો ભુરાટાં થઈ જાય. એમને તો લખાણ ને પાસ-નપાસ કરવા જગા જોઇએ. વિદ્યાર્થીની નોટબુકના હાંસિયામાં શિક્ષક શું લખે છે તે જોવા વિદ્યાર્થીની નજર આતુર હોય છે.

પંચથી બે ખીલા ઠોકાય અને કાગળમાં બે કાણાં પણ હાંસિયાની છાતીમાં જ પડે છે. ફાઇલ થઇને સચવાવા એ પણ સહેવું પડે છે. અસ્તિત્વ ટકાવવા કેવું કેવું સહન કરવું પડતું હોય છે.

બાઈંડિંગમાં બંધાઈ જવા હાંસિયો આગળ આવે છે. તેથી લખાણ મોકળું રહી શકે છે. ખમી ખાનાર મૂંગો રહે છે. મરડાવાનું, ઘસાવાનું કે ફાટવાનું કિનારી પરથી શરૂ થાય છે માટે લખાણને ઢાલ બની સાચવનાર હાંસિયો છે. કાગળના પ્રત્યેક શબ્દને કોરા હાંસિયાની કદર છે.

મધ્યકાલીન સાહિત્યના લહિયાઓએ હસ્તપ્રતોમાં હાંસિયાને ભારે લાડ લડાવ્યા છે. હસ્તપ્રતોમાં જગા બચાવવા શબ્દોને પાસે પાસે ખીચોખીચ કરકસરથી લખ્યા હોય છે. પણ હાંસિયા બન્ને બાજુ મોકળા અને સુશોભિત. હસ્તપ્રતની કિનારી પર વેલબૂટાની ભાત કે લઘુચિત્રો દોરીને કળાનો ઓચ્છવ માંડ્યો છે. ડાબે જમણે બે હાંસિયા, જાણે માણેકથંભ ન રોપ્યા હોય ! આજે આપણે શબ્દપ્રયોગ કરીએ છીએ કે, એને 'હાંસિયામાં ધકેલી દીધો' છે. મૂળ પ્રવાહ સાથે જેની ગણતરી નથી એમ કહેવા માટે આ રૂઢિપ્રયોગ વપરાય છે. ઘણી વાર તો એવું લાગે કે જે ખૂબ અગત્યનું છે એને જ માર્જિનમાં મૂકવામાં આવે છે. તો પછી આ વાતનો અર્થ શો ? હાંસિયો એક પડખે હોય છે અને કોઇને પડખે કરવો એટલે તેની અવગણના કરવી. બાજુએ પડી રહેવાનું કોને ગમે ? સંઘમાંથી વિખૂટા પડવાનું કોઇને ગમતું નથી.

હાંસિયા પાસે અવકાશ હોય છે. કિનારી ખાલી હોય તેથી શોભે છે. આપણા હાંસિયામાં કોઈ બે અક્ષર પાડે એ જોવા આંખો ઉત્સુક હોય છે. 'ગમ્યું', 'સુંદર' એ શબ્દો આપણા હાંસિયાને આંગણે રંગોળી. સાથે સાથે 'ન ગમ્યું', 'ફરીથી કરો'ના રિમાર્ક પણ અહીં જ મંડાય છે.

સમૂહ ભોજનમાં જમવાની પંક્તિ બેસી જાય પછી કોઈ આવે તો એને પડખે માનભેર સ્થાન મળે છે તેમ બધું લખાઈ જાય પછી કંઈ સાંભરે તો હાંસિયો એ ઉમેરાને ખોળે લે છે. મોકળાશમાં ઘણું મહોરી શકે છે.

હાંસિયો બગાડ નથી પણ કોરી જગાનો મહિમા છે. આ સ્થાને ખાસ હોય તે જ બેસે, અન્યથા ખુરશી ખાલી. હાંસિયો ખાલી સ્થાનનો મોભો જાળવે છે.

રંગમંચ પર જ્યારે નજર જાય છે ત્યારે મને એવું લાગ્યા કરે છે કે વિંગમાં કોઇક ઊભું છે. વિંગમાં મોટા સાદે વાત ન થઈ શકે. ઇંગિતથી કામ લેવું પડે. વિંગ હાંસિયાની સગોત્ર છે. વિંગમાં ઊભેલાને ઓળખવા મથું છું. જે રંગમંચને રંગેચંગે જાળવે છે.

હાંસિયો ખાલી નથી. સભર છે. મૂંગો નથી. મૌન છે. ચાલો, એય સારું થયું મોડે મોડે ઓળખાણ તો થઈ. ❖❖❖


**JINA-VACHANA**

**(ચોથી સંવર્ધિત આવૃત્તિ)**

**અનુવાદક : ડૉ. રમણલાલ ચી. શાહ**

અર્ધમાગધી, અંગ્રેજી, હિંદી અને ગુજરાતી એમ ચાર ભાષામાં ભગવાન મહાવીરનાં વચનોના આ પ્રકાશનની ૧૯૯૫માં ત્રણ આવૃત્તિની બધી જ નકલો થોડા મહિનામાં જ ખલાસ થઈ ગઈ હતી. એની ઘણી માંગ હોવાથી આ ચોથી સંવર્ધિત આવૃત્તિ સંઘ તરફથી પ્રકાશિત કરવામાં આવી છે.

**કિંમત રૂા. ૨૫૦/-, સભ્યો માટે કિંમત રૂા. ૧૨૫/-**

પ્રાપ્તિસ્થાન : સંઘનું કાર્યાલય. ટેલિફોન નં. : ૨૩૮૨૦૨૯૬

□ **મંત્રીઓ**


Printed & Published by Nirubahen Subodhbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400 027. And Published at 385, S.V.P. Road, Mumbai-400 004. Editor: Ramanlal C. Shah.

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57
Posted at Byculla sorting office Mumbai-400 011 Licence to post without prepayment No. 271
● વર્ષ : (૫૦) + ૧૫ ● અંક : ૬ ● ૧૬ જૂન, ૨૦૦૪ ● ● Regd. No. TECH / 47-890 / MBI / 2003-2005

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/- ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## પ.પૂ. સ્વ. શ્રી સંતબાલજી મહારાજ

પ.પૂ. સ્વ. શ્રી સંતબાલજી મહારાજનું આ જન્મશતાબ્દી વર્ષ છે. છેલ્લા સૈકામાં થઈ ગયેલા જૈન સાધુ મહાત્માઓમાં આ એક એવા સાધુ મહાત્મા છે કે જેમણે સંપ્રદાયની બહાર નીકળીને ધર્મદૃષ્ટિએ સમાજરચનાના પ્રયોગો કર્યા હતા.

પ.પૂ. શ્રી સંતબાલજી મહારાજે જૈનોના સ્થાનકવાસી સંપ્રદાયમાં એક જૈન મુનિ તરીકે દીક્ષા લીધી હતી, પણ પછીનાં વર્ષોમાં પોતાની અંત:સ્ફુરણાને કારણે કેટલાક ક્રાન્તિકારી વિચારો ધરાવવાને લીધે તથા મહાત્મા ગાંધીજીના પ્રબળ પ્રભાવ હેઠળ આવીને એમણે લોકકલ્યાણની અને નીતિમય રાજકારણની પ્રવૃત્તિઓમાં સક્રિય રસ લીધો હતો. એમણે પોતે કોઇને જૈન મુનિદીક્ષા આપીને પોતાના શિષ્ય બનાવ્યા નહોતા, પણ સંખ્યાબંધ જૈન-જૈનેતર ભાઈબહેનોને તૈયાર કરીને સમાજસેવા અને લોકકલ્યાણની પ્રવૃત્તિની દીક્ષા આપી હતી.

મહારાજશ્રીનું નામ પહેલવહેલું મેં સાંભળ્યું હતું પંદરેક વર્ષની વયે, ૧૯૪૨માં. બીજા વિશ્વયુદ્ધના એ દિવસોમાં મુંબઈમાંથી ઘણાં કુટુંબો પોતાના વતનમાં સ્થળાંતર કરી ગયાં હતાં. અમે પણ અમારા વતન પાદરા (જિ. વડોદરા)માં જઈને રહ્યાં હતાં. એ વખતે શાળામાં રજાના દિવસો હતા. ત્યાં વતનમાં એક દિવસ મારા મોટાકાકાએ મને પોતાના કબાટનાં પુસ્તકો વ્યવસ્થિત ગોઠવીને, નામ-નંબર પ્રમાણે ચોપડો બનાવવાનું કામ સોંપ્યું હતું. એક દિવસ હું પુસ્તક ગોઠવતો હતો તેવામાં એક પુસ્તક મારા હાથમાંથી લઈ કાકાએ મને કહ્યું, 'આ કોનું પુસ્તક છે, ખબર છે?'

'ના.' મેં કહ્યું.

'આ સંતબાલનું પુસ્તક છે. એમનાં વ્યાખ્યાનોનો સંગ્રહ છે. તેઓ ક્રાન્તિકારી સાધુ છે. રાત્રે જાહેર સભામાં ફાનસ રાખી ઊભા ઊભા વ્યાખ્યાન આપે છે.'

સામાન્ય રીતે જૈન સાધુ દિવસે ઉપાશ્રયમાં પાટ ઉપર બેઠાં બેઠાં વ્યાખ્યાન આપે. ફાનસ રાખી શકે નહિ. એટલે એક જૈન સાધુનું આ પ્રકારનું આચરણ મારામાં જિજ્ઞાસા જન્માવે એવું હતું.

આ રીતે સંતબાલજી મહારાજના નામનો મને પહેલો પરિચય થયો હતો. પછીથી એમના જીવન વિશે વાંચવા મળ્યું હતું. ત્યારપછી એમનું પ્રત્યક્ષ દર્શન ત્યારે થયું હતું કે જ્યારે તેઓ અમારે ઘરે વહોરવા પધાર્યા હતા. તેઓ ત્યારે આહારમાં ફક્ત બે જ વાનગી વાપરતા-દૂધ અને રોટલી. મહારાજશ્રી સાથે વિશેષ પરિચય એમના સ્થિરવાસ પછી થયો હતો.

સંતબાલજી મહારાજનો જન્મ શ્રાવણ સુદ પૂર્ણિમા વિ. સં. ૧૯૬૦ (તા.૨૬મી ઑગસ્ટ ૧૯૦૪)માં સૌરાષ્ટ્રમાં મોરબી પાસે ટોળ નામના પાંચસો માણસની વસતીવાળા નાનકડા ગામડામાં થયો હતો. એમનું નામ શિવલાલ રાખવામાં આવ્યું હતું. એમને એક નાની બહેન હતી જેનું નામ મણિ હતું.

શિવલાલના પિતાનું નામ નાગજીભાઈ અને માતાનું નામ મોતીબહેન હતું. તેમની આર્થિક સ્થિતિ તદ્દન સાધારણ હતી. ટોળ ગામમાં કંઈ કમાણી ન હતી એટલે તેઓ પાસેના વાંકાનેર શહેરમાં રહેવા ગયા. પરંતુ સંજોગવશાત્ ત્યાંથી પાછા ફરવું પડ્યું હતું. ત્યાર પછી કુટુંબના નિભાવ માટે મોતીબહેન મીઠાઈ બનાવી આપતા અને નાગજીભાઈ તે લઈને વાંકાનેર જતા અને રસ્તામાં ઊભા રહી મીઠાઈ વેચતા; એ લેનાર ઘણુંખરું નાનાં બાળકો રહેતાં. અપૂરતું પોષણ, નહિ જેવી આવક અને વધુ પડતો પરિશ્રમ-આ બધાંને કારણે નાગજીભાઈનું અકાળે અવસાન થયું હતું. તે વખતે નિર્ધનતા એટલી બધી હતી કે મૃતદેહના મુખમાં મૂકવા માટે બેઆની જેટલી રકમ પણ મોતીબહેન પાસે નહોતી. પરંતુ એમણે એ કોઈને જણાવા દીધું નહોતું.

છ વર્ષની ઉંમરે શિવલાલે શાળાનો અભ્યાસ ચાલુ કર્યો. બે માઈલ દૂર અરણી-ટીંબા નામના ગામે તેઓ ગામના બીજા છોકરાઓ સાથે ચાલીને ભણવા જતા. બે વર્ષ પછી તેમણે મોસાળ બાલંભામાં અભ્યાસ ચાલુ કર્યો. એમના મામા મણિભાઈ બાલંભાની શાળામાં શિક્ષક હતા. અહીં શિવલાલે ગુજરાતી સાત ધોરણ સુધીનો અભ્યાસ પૂરો કર્યો. દરમિયાન મામા બાલંભા છોડી મુંબઈ જઈને નોકરી કરવા લાગ્યા. શિવલાલને પણ ત્યાં જવાનું મન થયું, કારણ કે હવે કંઈક કમાઈને દળણાં દળતી માતાને મદદ કરવી જોઈએ. ત્યારે એમની ઉંમર તેર-ચૌદ વર્ષની હતી.

મુંબઈ જઈ કિશોર શિવલાલે અનાજની, કાપડની, ઈમારતી લાકડાની એમ જુદી જુદી જાતની દુકાને નોકરી કરી. એમાં ધીમે ધીમે સારા પગારની નોકરી મળતી ગઈ. તેઓ રકમ બચાવી વતનમાં માતાને મોકલાવતા. એથી માતાને રાહત થવા લાગી હતી.

ઈ.સ. ૧૯૨૦ની આસપાસ દેશની સ્વતંત્રતા માટે રાષ્ટ્રવ્યાપી આંદોલન ચાલુ થયું હતું. મુંબઈમાં મહાત્મા ગાંધીજી, લોકમાન્ય તિલક વગેરેનાં ભાષણો સાંભળવા શિવલાલ ફાજલ સમયમાં જતા. વળી સ્થાનકમાં પધારેલા સાધુ મહાત્માઓનાં વ્યાખ્યાન સાંભળવા માટે પણ જતા.

મુંબઈમાં કિશોર શિવલાલને વાંચવામાં તથા વ્યાખ્યાનો સાંભળવામાં રસ પડતો ગયો. એ દિવસોમાં એક રાજસ્થાની મુનિશ્રી સૌભાગ્યમલજી મુંબઈ પધાર્યા હતા. શિવલાલને એમનાં વૈરાગ્યપ્રેરક વ્યાખ્યાનો એટલા બધાં ગમ્યાં કે તેમણે એમની પાસે દીક્ષા લેવાનો પ્રસ્તાવ મૂક્યો. પરંતુ સૌભાગ્યમલજી વિહાર કરીને ગયા એટલે એ વાત આગળ વધી નહિ.

દરમિયાન માતા મોતીબહેને પોતાની તબિયત સારી રહેતી ન હોવાથી શિવલાલને પૂછ્યા વગર એમની સગાઈ વાંકાનેરની એક કન્યા સાથે કરી નાખી. એ વખતે શિવલાલની ઉંમર ૧૫-૧૬ વર્ષની હતી અને કન્યાની ઉંમર એથી પણ નાની હતી. એટલે તરત લગ્નની કોઈ શક્યતા નહોતી. જો સરખી વયની કન્યા હોત તો શિવલાલ કદાચ દામ્પત્યજીવનમાં ઘસાડાઈ ગયા હોત કારણ કે મહારાજશ્રીએ પોતે જ લખ્યું છે તેમ 'પરિણીત થવાનો મને અમુક કાળે તો શોખ લાગેલો.'

મુનિશ્રી સૌભાગ્યમલજીના વિહાર પછી કવિવર્ય પૂ. મુનિશ્રી નાનચંદ્રજી મહારાજ મુંબઈ પધાર્યા. શિવલાલે ઘાટકોપરમાં એમનાં વ્યાખ્યાનોમાં જવાનું અને એમના અંગત સંપર્કમાં આવવાનું શરૂ કર્યું. તેઓ પૂ.નાનચંદ્રજી મહારાજથી અત્યંત પ્રભાવિત થયા અને એમની પાસે દીક્ષા લેવાનો સંકલ્પ કર્યો. તેઓ લખે છે,'જ્યારથી આ મહામુનિને જોયેલા ત્યારથી તેમના પ્રત્યે અગમ્ય અને અદમ્ય આકર્ષણ જાગેલું. એમના મુખારવિંદને જોવું એ જાણે જીવનનો અલભ્ય લહાવો લાગે. એમના લલાટને જોઈએ કે એમની હસુ હસુ કરતી આંખોને જોઈએ! જાણે બુદ્ધ સમોવડા તેમના કાનને જોઈએ કે લહેકા કરતા અભિનયને જોઈએ! બસ એકવાર જેણે એમને જોયા અને સાંભળ્યા તેને એમની પાસેથી ઊઠવાનું મન જ ન થાય. ખાધાપીધા વિના જાણે એમની પાસે બેસી રહીએ.'

શિવલાલના દીક્ષા લેવાના વિચાર ચાલતા હતા તે દરમિયાન વતનમાં એમની માતાની માંદગી ચાલુ થઈ હતી. એમની સારવાર કરાવવા માટે તેઓ માતાને મુંબઈ લઈ આવ્યા. પેટનું ઓપરેશન કરાવ્યું. પણ તબિયત ખાસ સુધરી નહિ. તેમને વતનમાં પાછાં લઈ જવામાં આવ્યાં. થોડા વખતમાં માતાનું અવસાન થયું. તરત શિવલાલ વતનમાં ગયા.

એ વખતે એક બાજુ સગાંઓએ આગ્રહ રાખ્યો કે કન્યા મોટી થઈ છે એટલે હવે લગ્ન કરી લેવાં જોઈએ. બીજી બાજુ મુંબઈમાં પારસી માલિકે પગાર વધારી આપવાનો તાર કર્યો અને ત્રીજી બાજુ દીક્ષા લેવા માટેના ભાવ વધતા હતા. છેવટે એમણે દીક્ષાને મહત્ત્વ આપ્યું. મુંબઈ આવીને એમણે પૂ.નાનચંદ્રજી મહારાજ પાસે દીક્ષા લેવાની વાત કરી. પરંતુ નાનચંદ્રજી મહારાજે કહ્યું કે દીક્ષા લેતાં પહેલાં બધાંની સંમતિ મેળવવી જરૂરી છે. એટલે શિવલાલ પાછા વતનમાં ગયાં. વૃદ્ધ માતામહીને સમજાવ્યાં. પોતાની વાગ્દત્તા દિવાળીબહેનના ઘરે ગયા. પોતે તેને હવે બહેન તરીકે ગણશે એમ સમજાવી તેમની સંમતિ લઈ, ભાઈ તરીકે તેમને ચુંદડી ઓઢાડી.

દીક્ષા લેતાં પહેલાં શિવલાલ પોતાના બાળપણના એક મિત્ર અમૃતલાલની પણ ક્ષમા માગી આવ્યા. બાળપણમાં શિવલાલ અને અમૃતલાલ વચ્ચે કોની ખોપરી વધુ મજબૂત છે એ વિશે વાદવિવાદ થયો હતો. છેવટે તેઓએ નક્કી કર્યું કે બંનેએ માટીની કુલડી લઈને એકબીજાના મસ્તક પર મારવી. જેને મારેલી કુલડી ફૂટે નહિ તેની ખોપરી વધુ મજબૂત. પરંતુ એમ કરવામાં શિવલાલે જોરથી કુલડી મારી ત્યારે અમૃતલાલનું માથું ભાંગ્યું. લોહી નીકળ્યું. તરત માથા ઉપર માટી લગાવી દેવામાં આવી. થોડા દિવસમાં મટી ગયું, પણ ખોપરીમાં ઘાની નિશાની રહી ગઈ હતી. એ વાતને વર્ષો થઈ ગયાં હતાં. પણ દીક્ષા પહેલાં અમૃતલાલની ક્ષમા માગી લેવી જોઇએ એમ શિવલાલને લાગ્યું. પરંતુ શિવલાલ જ્યારે અમૃતલાલની ક્ષમા માગવા ગયા ત્યારે અમૃતલાલને બહુ આશ્ચર્ય થયું. પછી તો બંને મિત્રો ખડખડાટ હસી પડ્યા.

ત્યારપછી શિવલાલ મુંબઈ આવ્યા. હવે પ્રશ્ન હતો મુનિશ્રી સૌભાગ્યમલજીની સંમતિ લેવાનો, કારણ કે પોતે એમને દીક્ષા લેવાનું વચન આપ્યું હતું. શિવલાલે એમને પત્ર લખ્યો તો જવાબમાં મુનિશ્રી સૌભાગ્યમલજીએ ઉદારતાપૂર્વક તરત સંમતિનો પત્ર લખ્યો. આમ બધાંની સંમતિ મળતાં દીક્ષા લેવાના સંજોગો સાનુકૂળ થયા.

તે સમયે શ્રી નાનચંદ્રજી મહારાજ મુંબઈથી વિહાર કરી સૌરાષ્ટ્રમાં વિચરતા હતા. શિવલાલ લીંબડીમાં જઈને ગુરુદેવને મળ્યા અને બધી વાત કરી. હવે દીક્ષા આપવાનું ગુરુદેવે સ્વીકાર્યું. પણ તે પહેલાં દીક્ષાર્થી તરીકે કેટલોક સમય અભ્યાસ કરવાની જરૂર હતી. તે મુજબ શિવલાલ દોઢેક વર્ષ સુધી ગુરુદેવ સાથે રહીને અભ્યાસ કરતા રહ્યા. ત્યારપછી મહારાજશ્રી વાંકાનેર પધાર્યા. દરમિયાન દીક્ષાનું મુહૂર્ત કાઢવામાં આવ્યું અને તે પ્રમાણે સંવત ૧૯૮૪ના પોષ સુદ ૮નો દિવસ નક્કી થયો. દીક્ષા વાંકાનેરમાં આપવાનું વિચારાયું. ચાતુર્માસ પૂર્ણ થતાં ગુરુદેવ વિહાર કરી મોરબી પધાર્યા. તે વખતે વાંકાનેરના સંઘનું દીક્ષા મહોત્સવ માટે લેખિત નિમંત્રણ પણ આવી ગયું. પરંતુ મોરબીમાં એક ઘટના બની જેથી દીક્ષા મોરબીમાં આપવાનું ઠરાવાયું.

ગુરુદેવ શ્રી નાનચંદ્ર મહારાજ વીસ વર્ષે મોરબી પધાર્યા હતા. એમનાં વ્યાખ્યાનો સાંભળવા અનેક લોકો ઉમટવા લાગ્યા. વ્યાખ્યાનોની વાત એટલી પ્રસરી કે મોરબીના ઠાકોર લખધીરજી પોતે પણ વ્યાખ્યાનમાં પધાર્યા. વ્યાખ્યાનથી તેઓ અત્યંત પ્રભાવિત થયા. વ્યાખ્યાન પછી વંદન કરવા તેઓ ગુરુદેવ પાસે આવ્યા. તે વખતે શિવલાલ ત્યાં હતા. વાત નીકળી અને ગુરુદેવે કહ્યું કે એ દીક્ષાર્થી છે. ટોળના વતની છે અને વાંકાનેરમાં દીક્ષા આપવાની છે. ઠાકોરે કહ્યું, 'વાંકાનેરને બદલે આપણા મોરબીમાં આપોને!' ગુરુદેવે કહ્યું 'અહીં દીક્ષા આપવાની મનાઈ છે.'

બન્યું હતું એવું કે ઘણાં વર્ષો પહેલાં લખધીરજીના પિતાશ્રી વાઘજી ઠાકોરે, કોઈક મુનિનો પ્રશ્ન ઉપસ્થિત થતાં અને વિવાદ થતાં મોરબી રાજ્યમાં જૈન દીક્ષા ઉપર કાયમનો પ્રતિબંધ મૂકી દીધો હતો. લખધીરજીએ કહ્યું, 'એ પ્રતિબંધ હું ઉઠાવી લઉં છું. શિવલાલ અમારા પ્રજાજન છે. એમની દીક્ષા અમારા રાજ્યમાં થવી જોઈએ.' એ વખતે ઘણા બધા માણસો બેઠા હતા. સભા જેવું થયું હતું. એટલે તક જોઈને ગુરુદેવે શિવલાલને કંઈક વક્તવ્ય રજૂ કરવા કહ્યું. શિવલાલ વૈરાગ્ય ઉપર થોડી મિનિટ બોલ્યા. એથી બધા બહુ પ્રભાવિત થયા. પછી દીક્ષા સંઘ તરફથી તેમ જ રાજ્ય તરફથી આપવાનો ઠરાવ થયો. આમ થતાં નગરમાં ઉત્સાહની ભરતી આવી ગઈ.

મહારાજશ્રીના પોતાના જ શબ્દોમાં આ પ્રસંગ વિશે જોઈએ: 'દીક્ષા પહેલાના દિવસોમાં ઘેર ઘેર ભોજન નિમંત્રણ, પગલાં પડાવવાં અને બક્ષિસો આપવી, એ બધું ભુલાય તેમ નથી. લોકોએ બેવડા ઉત્સાહે દીક્ષા અપાવી. ગુરુદેવે દીક્ષિત નામ 'સૌભાગ્યચંદ્ર મુનિ' રાખ્યું. તેઓ મને 'શુભચંદ્ર મુનિ' પણ કહેતા. શ્રમણ દીક્ષા મોરબીમાં ન થાય એનું મોરબી સંઘને અત્યાર સુધી દુ:ખ હતું. પણ સત્તા આગળ શાણપણ ચાલતું ન હતું. આખરે સત્તા પર શાણપણ સહિતનું શ્રમણપણું જીતી ગયું. 'ગુરુદેવ નાનચંદ્રજી મહારાજની જય'ના ધ્વનિથી મોરબીનું વાયુમંડળ ગુંજી ઊઠ્યું.'

દીક્ષા લીધા પછી અને મોરબીમાં ચાતુર્માસ કર્યા પછી ગુરુદેવે અન્ય મુનિઓ સાથે કચ્છ તરફ વિહાર કર્યો. એ દિવસોમાં રણ ઊતરવાનું ઘણું કઠિન હતું. ભોમિયા ન હોય તો ભૂલા પડાય. એમાં વળી ત્યારે વરસાદ પડ્યો હતો. એટલે કાદવ કાદવ થઈ ગયો હતો. મુનિ સૌભાગ્યચંદ્રની કચ્છની આ પહેલી મુલાકાત હતી. કચ્છમાં ધોતિયાને બદલે ચોરણો પહેરેલા, ખેતી કરતા શ્રાવકોને જોઈ મહારાજશ્રીને આશ્ચર્ય થયું હતું. કચ્છમાં વાગડ પછી માંડવી, કોડાય, અબડાસા તાલુકો, ભુજ, અંજાર વગેરે સ્થળે તેઓ વિચર્યા. ત્યારપછી ત્યાં તેઓએ એક ચાતુર્માસ રામાણીઆમાં અને એક બીદડામાં કર્યું. અહીં મુનિશ્રી સૌભાગ્યચંદ્રજીએ આગમોનો તથા ન્યાયનો અભ્યાસ કર્યો અને શતાવધાની મુનિશ્રી રત્નચંદ્રજી પાસેથી અવધાનો શીખ્યા.

કચ્છમાં ગુરુદેવ શ્રી નાનચંદ્રજી મહારાજ ઘણાં વર્ષો પછી પધાર્યા

ચીકણી, બિહામણી આંબલી નીચે હતું. વરસાદની સાથે કેસરિયો મોર આવે ને પાંદડા બધાં ઢંકાઈ જાય ! ખટમધુરો મોર ખાવાની ખૂબ મજા આવે. પછી આવે ન્હાના ન્હાના કાતરા. એનુંય ગજવું ભરીએ ને હાલતાં ચાલતાં ખાધે રાખીએ. એ પછી થાય મોટા કાતરા. એ પછી ઘેંસિયાં ને એ પછી પાકી આમલી. મોટા કાતરા જવલ્લે જ ખાઈ શકાય પણ ઘેંસિયાં ખાવાની શી લિજ્જત ! સ્હેજ પોપડો ઉખેડી ચૂસ્યા કરીએ ને બીજાને બતાવીએ તો એના મુખમાં પણ પાણી વછૂટે. પાકી આમલીને ઢેખારા કે ડફણાં મારી પાડીએ અને જો બે-ચાર આમલી મળી જાય તો જંગ જીત્યો મારો કાણિયો જેવો આનંદ થાય ! આમલીના વૃક્ષનાં મોર, ઘેંસિયાં ને આમલી ખાવાથી ખસનો ઉપદ્રવ ખાસ્સો થાય. પછી પિતાજી ગંધકમાં બનાવેલી દવા લગાડે ને છાશ સાથે દીવેલ પાય. આમલી, આંબાની તુલનાએ એટલી બધી રોચક ને પ્રભાવક નહીં છતાંયે અમને એનું આકર્ષણ રહેતું. એની ચીકણી ડાળીઓ પકડી હીંચકા ખાવાની મઝા આવતી ને એમાં ભૂતની કલ્પના કરી શકાતી. દાદી ઘણીવાર બોલે: 'ભૂતનો વાસ આંબલી !' આ આમલી મારા બાલમાનસમાં એટલી બધી ઊંડી ઊતરી ગયેલી કે મોટપણે મેં એક ભજન લખેલું, જેને આપણા મૂર્ધન્ય કવિ ઉમાશંકરભાઇએ વખાણેલું. ભજનની એક ઝલક :

'કડવી આ કાયા કેરી લીંબડી ને માયા કેરી
ખાટી ઊગી આંગણ આંબલી હો જી !
સંયમના તાપણાં ને ભક્તિના મેહમાં
એને કરવી મારે મધ મીઠ્ઠી હોજી !
કડવી આ લીંબડી ને ખાટી આ આંબલી
મનને આંગણિયે આફુડી ઊગી હોજી.'

મારા ત્રીજા દાદા ઉમેદ રાયજીનું ખળુ એક ઘેઘૂર મહુડા નીચે હતું. આંબો, આંબલી ને મહુડો-ત્રણેયની ફળવાની ઋતુ ઉનાળો, ચોમાસુ ને શિયાળો. મહુડો કે મહુડી-(સં. મધુક) એક અતિ કીંમતી ને ઉપયોગી વૃક્ષનું નામ છે પણ એની અર્થચ્છાયા દારૂ કે દારૂડિયા સાથે સંકળાયેલી છે. એનાં ફૂલમાંથી દારૂ બને છે ને તેથી મહુડી દારૂડિયાનો પર્યાય બની ગયેલ છે. હું દશેક સાલનો હતો ત્યારે આ બધું જાણતો નહોતો પણ શિયાળાની ઠંડીમાં જે મહુડાં પડે એને ચૂસવાની ખૂબ મઝા આવતી. માનોને કે એ અમારી દેશી દ્રાક્ષ હતી. દ્રાક્ષ તો ખાટી પણ હોઈ શકે, કોઈ મહુડું ખાટું કે મોળું હોય જ નહીં...એ હોય સાકરમીઠું. વધુ ચૂસવામાં આવે તો પેટ એકદમ સાફ થઈ જાય ને થોડુંક ઘેન પણ ચઢે. અમારે આવા નવેક મહુડા હતા. એની ઋતુમાં એ સતત ગળ્યા જ કરે. એટલે જેને સતત આવક હોય તેને માટે કહેવાતું: 'ભાઈ ! એને તો ઘર ગળતો મહુડો છે.' અમારા ઇલાકામાં આવાં લાખ્ખો મહુડા હતા પણ દારૂબંધીના ઓઠા નીચે બધા જ સાફ થઈ ગયા ! આ વૃક્ષ આંબાથી ઉપયોગિતામાં રજ માત્ર ઊતરતું નથી. એનાં પાંદડાં પશુપંખીઓ ખાય, એનાં ફૂલનો માણસો તો ઉપયોગ કરે પણ ખાણમાં ભેંસ ને બળદ પણ ખાય. મહુડાં સુકાઈ જાય એનું શાક થાય. એને શેકી, ખાંડી, તલ ને બાજરીના લોટ સાથે ભેળવી એના લાડુ થાય. જે એ ખાય એને શરદી ન થાય. મેં ખાધેલા છે એટલે સ્વાનુભવથી આ લખું છું. મહુડાના ડોળમાંથી ડોળિયું થાય જે સાબુ બનાવવાના કામમાં તો આવે પણ ગરીબ લોકો માટે તો ઘી-તેલની ગરજ સારે. ખીચડી કે રોટલા સાથે એ ખવાય. મહુડાનું લાકડું બળતણ ઉપરાંત મકાનના બાંધકામમાં પણ અતિ ઉપયોગી. અમારા ઇલાકામાં તો લાખ્ખો લોકો ત્રણ-ચાર માસ મહુડાં, કેરી ને રાયણ ઉપર નભતા. મહુડાંનો એક મણનો ત્યારે ભાવ શો હતો ખબર છે ? કેવળ એક પાવલી-ચાર આના. તે વખતના સોળ પૈસા. ૬૪ પૈસાનો રૂપિયો હતો ત્યારે એક રૂપિયામાં ચાર મણ મહુડાં મળતાં. એ ચાર આનામાંથી છ પૈસા મણ મહુડાં વીણનારને મળતા. પણ ! દારૂએ દાટ વાળ્યો એટલે મહુડાંનું નખોદ ગયું. છેલ્લા સાડા ચાર દાયકામાં મેં વડોદરામાં કેવળ એક જ મહુડો-શ્રેયસ સોસાયટીમાં જોયેલો ! એનાં મહુડાં મેં દ્રાક્ષથી પણ વિશેષ ઉમળકાથી ચૂસેલાં.

અમારા બંનેય કૂવા પર ઉંબરાનાં ખાસ્સાં મોટાં ઝાડ હતાં. ફળ થડથી બાઝે તે ઠેઠ ડાળીઓ સુધી. મોટી ડાળીઓ ઉંબરાનાં પાકા ફળથી છવાઈ જાય. એકાદ સમોલનો ઘા કરીએ એટલે નીચે ઢગલો થઈ જાય. એને માણસોય ખાય ને પશુ-પંખીઓ પણ ખાય. તોડીને, બારીકાઇથી જોઇને ખાવાં પડે. બાકી એમાં સૂક્ષ્મ જંતુઓ પણ હોય. અમારે માટે તો એ અંજીર સમાન હતાં. પાકેલાં ઉંબરાંને 'પ્રેસ' કરીએ એટલે અંજીરના આકારનાં થઈ જાય. ખાવા કરતાં પણ ઘા કરીને મોટા પ્રમાણમાં તોડી પાડવામાં અમને પરાક્રમનો આનંદ મળતો ! એક ઉંબરાના પોલાણમાં સાપ રહેતો હતો જેને અમારાં ઉધડિયા જીવાજી ઠાકોરે મારી નાંખેલો. એનું જુદુ થયેલું માથું જીવાજી ઠાકોરના જોડામાં પેસી ગયેલું. કલાકેક બાદ જોડા પહેરવા જતાં એની ખબર પડેલી. લોકો કહેતા કે વેર લેવા માટે એ માથું મારનારના જોડામાં ઘૂસી ગયેલું ! કિશોર કલ્પનાને આ સત્ય લાગતું. ઉંબરાના પોલાણમાં ન્હાની ન્હાની માખીઓ મધ બનાવતી જેને મસિયું કે કૂટિયુ મધ કહેતા ! તાવમાં એ અકસીર ગણાતું. અમારી લીંબુડીના એક ખેતરમાં ચાર પાંચ મધપુડા તો હોય જ. અમારો બીજો એક ઉધડિયો નામે નાનજી, માથે ટુવાલ રાખી, બીડી પીતાં પીતાં બીડીના ધૂમાડાથી માખીઓને ઉડાડી મૂકી આખો મધપુડો ઉઠાવી લાવતો ! હું એના પરાક્રમ પર આફરીન હતો કેમ કે અમારાથી તો મધપુડા પાસે જવાતું પણ નહીં.

ઋતુએ ઋતુએ, બાજરી, જુવાર ને ઘઉંનો તાજો, ગરમાગરમ સ્વાદિષ્ટ પોંક ખાવાની મજા પડે. કોઇક વાર ભડકો કરી એમાં મગફળીના ચાર પાંચ છોડ નાખી મગફળીનો ઓળો ખાવાની લિજ્જત લઇએ. ચોળાની કુણી કુણી શીંગો તો ચાવી જઇએ પણ પાકી ગયેલી શીંગોને દેવતામાં શેકીને ખાવાની મઝા માણીએ. કુણી મગની શીંગો ખાવાનો ધરવ નહીં. કુણાં રીંગણ કે નાનકડાં મરચાં પણ ધાણાની દાળ માફક ખાઇએ ! રાતડી જુવારનો પોંક તો ખાઇએ પણ એ છોડનાં ડાંડાં શેરડી ગરજ સારે. એને છોલતાં કવચિત્ લોહી પણ નીકળે પણ ચૂસતાં ચૂસતાં વધે તેના કકડા કરી ગજવાં ભરીએ ને મન થાય ત્યારે ચૂસીએ. ખેતરની વાડે ડોડીના વેલા પથરાયેલા હોય. એનો મોર ખાવાની ઓર મઝા આવે. ડોડીની ડંખને નાકમાં નાખીએ એટલે છીંકો આવે ને માથું હળવું ફુલ થઈ જાય. કૂણાં ડોડાં ચાવી જઇએ. ડોડીનું શાક ખાવાથી આંખો તેજસ્વી બને છે એવી માન્યતા હતી. ડોડાં સૂકાઈ જાય એટલે એમાંથી રેશમ જેવું સૂંવાળું રૂ નીકળે. ઉશીકામાં એ વપરાય. વાડે ચણીબોર પણ હોય, અનલકણ જેવી ચણોઠીઓ પણ ભેગી કરીએ. ગૂંદીનાં ગૂંદાં ને પાન ચાવી મોં ચીકણું ને લાલ કરીએ. રીંગણ ખાતાંય જીભ કાળી થઈ જાય. કાળી જીભ જોવાની મઝા આવે. એક બીજાને બતાવી ખુશ થઇએ. 'શ્યામ રંગ સમીપે ન જાવું'- એ દાદાનું પ્રિય ભજન યાદ આવે. અને જાંબુ ખાવાનો તો લ્હાવો જ અનેરો ! અમારે મઝિયારાની બે ને પદરની ચાર રાયણ હતી. ગોચરની એક રાયણમાંથી ત્રણ ઠીલીયા-બી-નીકળે. એનું નામ ઢેબર રાયણ પાડેલું. ગોટમટોળ રાયણ ને ત્રણ બીવાળી રાયણની કોકડીઓ થાય. સડી ન જાય એટલા માટે દાદી કોકડીઓને બાજરીનાં ઢંઢાંમાં રસેળી રાખે ને ગોકુળ આઠમે બધાંને વહેંચી આપે. ઋતુ ઉલી ગયા પછી કોઇ પણ ફળ ખાવાનું માતમ ! મને યાદ છે કે તેલની બરણીમાં કેરી પણ અમુક સમય સુધી દાદી રાખતાં.

કરાતાં અનુષ્ઠાન શુદ્ધ અનુષ્ઠાન નથી, સદ્નુષ્ઠાન નથી, પણ વિષાનુષ્ઠાન છે. પરલોકના સ્વર્ગાદિ વિષય-સુખની સ્પૃહાથી કરાતું ગરાનુષ્ઠાન છે. ચિત્તોપયોગ વિના સંનિપાત-મૂર્ચ્છાદિમાં પડેલાની જેમ ચિત્તોપયોગ વગર કરાતી ધર્મક્રિયા સંમૂર્ચ્છિમ ક્રિયા યાને અનનુષ્ઠાન છે. જ્યારે સદઅનુષ્ઠાન કરવાના રાગથી, તાત્ત્વિક દેવપૂજાદિ આચારના ભાવ, બહુમાનથી કરાતા અનુષ્ઠાન તદ્હેતુ અનુષ્ઠાન છે. પાંચમું અમૃત અનુષ્ઠાન છે. જે ઉત્તમ સદ્અનુષ્ઠાન છે. મોક્ષના રાગ ઉપરાંત આજ તત્ત્વ છે, એવી સર્વજ્ઞ જિનકથિત માર્ગની શ્રદ્ધાપૂર્વક શુભ અધ્યવસાયથી કરાતું હોઈ અમૃતનું એટલે કે અ-મરણનું અર્થાત્ મોક્ષનું કારણ છે.

સંવરાત્મા શુદ્ધ ભાવમાં આગળ વધતાં જ્યાં ઉચ્ચ નિરાવલંબન ધ્યાનથી સ્વરૂપ રમણતાની પરાકાષ્ઠાએ પહોંચી ક્ષમાદિ ધર્મો તથા તત્ત્વસંવેદનને તદ્દન આત્મસ્વભાવભૂત કરી દે છે. આત્મા વીતરાગ બને છે. ત્રીજી પરમાત્મદશા પ્રગટે છે. અહીં જ્ઞાનાવરણાદિ કર્મોનો નાશ થઈ જવાથી લોકાલોક પ્રકાશક અનંત જ્ઞાન-દર્શન-અનંત વીર્યાદિ અનંતાગુણ પ્રગટે છે. ત્રણે કાળનું વિશ્વ પ્રત્યક્ષ દેખાતું હોવાથી કશું જ ન જણાતું કે ન દેખાતું રહેતું નથી કે જેના માટે ચિંતન-ધ્યાનાદિ કરવા પડે. આવી ધ્યાનાતીત શુદ્ધ સ્વરૂપાવસ્થા છે. અહીં હજી દેહનો સંબંધ છે. દેહની પ્રવૃત્તિ છે, છતાં અજ્ઞાન અને નિદ્રા, મિથ્યાત્વ-અવિરતિ, રાગ, દ્વેષ, કામ, ક્રોધ, હાસ્યાદિ છ અને દાન-લાભ-ભોગોપભોગ, વીર્યના પાંચ અંતરાય એ આત્માના ૧૮ દોષો, એના અવાન્તર પ્રકારો સર્વે નાશ પામેલા હોવાથી તદ્દન શુદ્ધ, સ્વચ્છ, ગુણમય દશા પ્રગટ થઈ ગઈ છે. તેથી આ સદેહ પરમાત્મદશા છે. જીવનમુક્ત દશા છે. અત્રે શાતા-અશાતા વેદનીય કર્મ, આયુષ્ય કર્મ વગેરે ભોગવાઈ જતાં હવે કશો કોઈ સંબંધ ન રહેવાથી તે આત્મા દેહાદિ સંબંધ રહિત થઈ હંમેશને માટે મોક્ષગામી રહે છે. અહીં અનંતજ્ઞાન, અનંતદર્શન, અવ્યાબાધસુખ, અનંતચારિત્ર, અક્ષયપણું, અરૂપીપણું, અગુરુલઘુપણું, અનંતવીર્યાદિ મૂળ ૮ ગુણ પ્રગટ રહે છે.

ચર્ચા-વિચારણાદિનો સારસંક્ષેપ આમ કહી શકાય કે બહિરાત્મદશામાંથી નીકળી અંતરાત્મા અને પરમાત્મા બનવા માટે સર્વજ્ઞોક્ત તત્ત્વો, મોક્ષમાર્ગનું જ્ઞાન તથા આચરણ, ધર્મશાસનની નિશ્રા જોઇએ. પૂર્વે થયેલા અરિહંત પરમાત્મા જેમણે તેમની પૂર્વે થયેલાં અને તેમણે તે પૂર્વેના અરિહંતો પણ તત્ત્વદર્શન અને ધર્મશાસનના આધારે જ બન્યા હોય એટલે અનેકાનેક અરિહંતો થયા, થાય, થશે. એથી 'નમોઅરિહંતાણં' બહુવચનમાં પ્રયોજાય છે જે ન્યાયપુર:સર છે.

અત્યારના આ બધાં જીવો અનંતપુદ્ગલપરાવર્તકાળથી સંસારની ૮૪ લાખ યોનિઓમાં ભટકીએ, ઘૂમીએ, ચક્રાવો લઇએ છીએ; ફસાયેલા છીએ એ જ સૂચવે છે કે પુદ્ગલપરાવર્તકાળ પૂર્વે આપણને બીજાધાનાદિ, પત્ર, પુષ્પ, ફળાદિ થયું નથી તેથી તે સમયના કોઇ પણ તીર્થંકર દેવના યોગ-ક્ષેમના વિષય આપણે બન્યા નથી; જેથી નવા નવા તીર્થંકરદેવો શાસન સ્થાપે રાખે છે. એમના યોગ-ક્ષેમને અમુક અમુક જ ભવ્યાત્માઓ જુદા જુદા સમયે, જુદા જુદા ક્ષેત્રમાં ઝીલે છે. ક્રમશ: આગળ વધતાં એક પુદ્ગલપરાવર્તકાળની અંદર અપુનર્બંધકદશામાં આવી, જે ચરમાવર્તમાં જ સુલભ છે તે વડે મોક્ષ પામે છે. યોગક્ષેમને ઝીલવાનું કાર્ય પહેલવહેલું ધર્મપ્રશંસાથી શરૂ થયું એટલે બીજાની ધર્મસાધના જોઈ કે સાંભળીને અહો કેવો સુંદર ધર્મ ! કેવી ઉત્તમ ક્રિયા ! કેવું સુંદર દાન, શીલ, તપાદિથી આવું થાય કે વચનથી બોલાઇ જાય. કાયા, ચક્ષુ, મુખમુદ્રાદિ ખીલી ઊઠે છે પછી આગળ વધતાં સમ્યક્ત્વ સર્વવિરતિ, વીતરાગતાથી મોક્ષ સુધી પહોંચવાનું. આ એક જ પુદ્ગલકાળની અંદર અંદર બને છે. આ (પ્રક્રિયા) તે માટેની રત્નોથી જડિત સોનેરી ચાવી છે. ❖❖❖

# શ્રી દેવચંદ્રજી મહારાજ રચિત શ્રી શ્રેયાંસનાથ જિન સ્તવન

□ સુમનભાઈ એમ. શાહ

શ્રી શ્રેયાંસનાથ ભગવાનના સ્તવનમાં શ્રી દેવચંદ્રજી મહારાજે અરિહંત પરમાત્માના શુદ્ધ આત્મિકગુણોના પરિણામનનું સ્વરૂપ પ્રકાશિત કર્યું છે. શ્રી તીર્થંકર પ્રભુના સહજાનંદી સ્વરૂપનું આત્માર્થી સાધકને કર્તા-કારણ-કાર્યરૂપ ત્રિવિધ પરિણમનનું ગુરુગમે યથાર્થ ઓળખાણ થાય તો આત્મકલ્યાણ સાધી શકાય. આ મુખ્ય હેતુ લક્ષમાં લઈ સાધક સદ્ગુરુની નિશ્રામાં સત્સાધનાનો શ્રદ્ધાપૂર્વક ઉપયોગ કરી ઉપાસના અને ધ્યાનાદિમાં તન્મય થાય અને અવસર સાથે પોતાના સત્તાગત આત્મિકગુણોનું પ્રાકટ્ય કરી મુક્તિમાર્ગનો અધિકારી નીવડે એ પ્રસ્તુત સ્તવનનો આશય જણાય છે. હવે સ્તવનનો ગાથાવાર ભાવાર્થ જોઈએ.

શ્રી શ્રેયાંસ પ્રભુ તણો, અદ્ભુત સહજાનંદ રે;
ગુણ એક વિધ ત્રિક પરિણમ્યો, એમ ગુણ અનંતનો વૃંદ રે;
મુનિચંદ જિણંદ અમંદ દિણંદ પરે, નિત્ય દીપતો સુખકંદ રે.
મુનિચંદ જિણંદ અમંદ...૧

શ્રી શ્રેયાંસનાથ પ્રભુનું શુદ્ધ નિજગુણ-પર્યાયમય સહજાનંદી સ્વરૂપ અદ્ભુત અને આશ્ચર્યકારી છે. પ્રભુનો પ્રત્યેક આત્મિકગુણ કર્તા-કરણ-કાર્યરૂપ ત્રણ પ્રકારે સહજભાવે પરિણમે છે. આવા અનંત ગુણોનો ભંડાર શ્રી તીર્થંકર પરમાત્મા પાસે હોય છે. પ્રભુના સર્વ આત્મિકપ્રદેશે રહેલા સઘળા ગુણોનું ત્રિવિધ પરિણમન સહજપણે થયા કરે છે. અમુક અપેક્ષાએ કહી શકાય કે તેઓને શુદ્ધ પરિણામનનું કર્તૃત્વ અને ભોક્તૃત્વ છે. આમ પ્રભુને ક્ષાયિક, પારિણામિક અને અમંદપણે પરિણમતા જ્ઞાનદર્શનાદિ સ્વાભાવિક ગુણોનો સહજાનંદ અને સનાતન સુખ કાયમનાં વર્તે છે. આવા જ્ઞાનાતિશયના પરિણમનથી પ્રભુનું આંતર્-બાહ્ય સ્વરૂપ અને ઐશ્વર્ય સૂર્યથી પણ અધિક દેદીપમાન્ય હોય છે.

નિજ જ્ઞાને કરી જ્ઞેયનો, જ્ઞાયક જ્ઞાતાપદ ઈશ રે;
દેખે નિજ દર્શન કરી, નિજ દશ્ય સામાન્ય જગીશ રે.
મુનિચંદ જિણંદ અમંદ...૨

પ્રસ્તુત ગાથામાં કેવળજ્ઞાન અને કેવળદર્શન ગુણનું ત્રિવિધ પરિણમન નીચે મુજબ પ્રકાશિત થયેલું જણાય છે.

જગતના રૂપી અને અરૂપી પદાર્થો (જ્ઞેયો) અમુક પ્રમાણમાં જ્ઞાનગુણથી જાણી શકાય એવા છે. જગતના સઘળા પદાર્થોને સંપૂર્ણપણે જાણવાનું સામર્થ્ય કેવળજ્ઞાનીને હોય છે. જાણવા લાયક પદાર્થો કે જ્ઞેયોની સાપેક્ષતામાં (હાજરીમાં), ઉપયોગ લક્ષણથી શ્રી અરિહંત પરમાત્માને કેવળજ્ઞાન ગુણનું પરિણમન (પર્યાયોનો ઉત્પાદ્-વ્યય) થયા કરે છે. આવું પરિણમન અપ્રયાસ કે સહજપણે થયા કરે છે. એટલે શ્રી અરિહંત પ્રભુ જ્ઞેયોના સંપૂર્ણપણે જ્ઞાતા છે. માટે સ્તવનકારે તેઓને જ્ઞાતાપદના સ્વામી કે જ્ઞાયકદેવ તરીકે સંબોધ્યા છે. કેવળજ્ઞાન ગુણના પરિણમનમાં જ્ઞાનગુણ એ કારણ છે, જ્ઞેયોના જ્ઞાતા કર્તા છે અને ઉપયોગપૂર્વક જાણવાની પ્રવૃત્તિ એ ક્રિયા છે.

કેવળજ્ઞાન ગુણની માફક, જોવાલાયક પદાર્થો કે દશ્યોની ઉપસ્થિતિમાં, કેવળદર્શન ગુણના ઉપયોગથી શ્રી અરિહંત પ્રભુ જગતના પદાર્થોને સામાન્યપણે જુએ છે. આવી અપેક્ષાએ તેઓને દૃષ્ટાપદના પણ સ્વામી કહી શકાય. અથવા કેવળદર્શન ગુણના ઉપયોગથી નિજ સામાન્ય સંપદા, જેવાં કે અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વ, પ્રમેયત્વાદિ જુએ છે. તેમ જ 'પર' દ્રવ્યોના સામાન્ય સ્વભાવને પણ અવ્યાબાધપણે દેખે છે. આમ કેવળદર્શન ગુણના પરિણમનમાં સર્વજ્ઞ ભગવંત દૃષ્ટા કે કર્તા છે, દર્શનગુણ મુખ્ય કારણ છે, અને જોવાની પ્રક્રિયા એ કાર્ય છે.

ટૂંકમાં શ્રી અરિહંત પરમાત્માને કેવળદર્શન અને કેવળજ્ઞાન ગુણનું અવ્યાબાધપણે ત્રિવિધ પરિણમન દશ્યો અને જ્ઞેયોની સાપેક્ષતામાં (હાજરીમાં) અપ્રયત્નપણે જ્ઞાતાદષ્ટા ભાવે થયા કરે છે.

નિજ રમ્યે રમણ કરો, પ્રભુ ચારિત્રે રમતારામ રે;
ભોગ્ય અનંતને ભોગવે, ભોગે તેણે ભોક્તા સ્વામ રે.
મુનિચંદ જિણંદ અમંદ...૩

હતા. એટલે એમનાં વ્યાખ્યાનો ઉપાશ્રયને બદલે બહાર મંડપ બાંધીને ગોઠવાતાં, કારણ કે ભીડ ઘણી રહેતી.

આ સમય દરમિયાન કેટલાક શ્રેષ્ઠિઓ અજમેરમાં સ્થાનકવાસી જૈન કૉન્ફરન્સનું અખિલ ભારતીય અધિવેશન યોજવાની તૈયારીઓ કરી રહ્યા હતા. એમાં શ્રી નાનચંદ્રજી મહારાજ અને એમના યુવાન શિષ્ય શ્રી સૌભાગ્યચંદ્રજી મહારાજને પણ નિમંત્રણ મળ્યું હતું. કચ્છથી વિહાર કરી તેઓ આબુ થઈને રાજસ્થાનમાં આવ્યા. આબુના પહાડમાં તેઓ સુપ્રસિદ્ધ શ્રી શાન્તિસૂરિને મળ્યા. અને તેમની લઘુતાથી, વિનયથી, નિર્દોષ હાસ્યથી અને સાધનાથી બહુ પ્રભાવિત થયા હતા. મહારાજશ્રીના મુખમાંથી પંક્તિઓ સરી પડી:

એક યોગી વસે છે અલબેલો, આબુના પહાડમાં;
જ્ઞાન-ધ્યાન રસે રસઘેલો, આબુના પહાડમાં.

અજમેરમાં મોટી સંખ્યામાં સાધુઓ, સાધ્વીઓ, શ્રાવકો, શ્રાવિકાઓ વગેરે પધાર્યા હતાં. કવિ નાનાલાલ, પંડિત સુખલાલજી, પંડિત બેચરદાસજી વગેરે પણ પધાર્યા હતા. તે વખતે સ્થાનકવાસીઓમાં શ્રી જવાહરલાલજીનો અને શ્રી મુન્નાલાલજીનો એમ બે પક્ષ પડી ગયા હતા. પરંતુ કંઈ સમાધાન થયું નહિ. આ સંમેલનમાં સૌભાગ્યચંદ્ર મુનિએ અવધાનના પ્રયોગો કરી બતાવ્યા હતા અને એમને 'ભારતરત્ન'નું બિરુદ આપવામાં આવ્યું હતું.

આ સંમેલનમાં આગ્રાના શ્રેષ્ઠીઓએ ગુરુદેવને હવે પછીનું ચાતુર્માસ આગ્રામાં કરવા માટે આગ્રહભર્યું નિમંત્રણ આપ્યું એટલે સંમેલન પછી તેઓ આગ્રા પહોંચ્યા. અહીં પણ ગુરુદેવનાં પ્રવચનો અને મહારાજશ્રીના અવધાનના પ્રયોગો નોંધપાત્ર રહ્યાં હતાં.

આગ્રાથી વિહાર કરી ગુરુદેવ પોતાના મુનિવરો સાથે વિહાર કરતા કરતા, રણથંભોર, હમીરગઢ, ઉજ્જૈન, ઇંદોર, રતલામ, ભોયણીજી વગેરે સ્થળે વિહાર કરતા કરતા અમદાવાદ પધાર્યા અને ત્યાં ચાતુર્માસ કર્યું. આ લાંબા વિહારમાં દેશદર્શનનો, અને હિંદુ, મુસ્લિમ, ખ્રિસ્તી વગેરે ધર્મના મહાત્માઓને મળવાનો સારો અનુભવ થયો. એથી દૃષ્ટિ વિશાળ થઈ. અનેક નામાંકિત મહાનુભાવોનો પરિચય થયો. દરમિયાન મહારાજશ્રીએ ઉત્તરાધ્યયનસૂત્રનો અનુવાદ, ટીકા સાથે તૈયાર કર્યો તે પ્રકાશિત થયો. એ ગ્રંથ એટલો સરસ થયો હતો કે એક દિવસ અમદાવાદમાં એક ભાઈ રવિશંકર મહારાજને લઇને આવ્યા. મહારાજે મુનિશ્રી સૌભાગ્યચંદ્રજીને કહ્યું, 'ગુજરાતીમાં ઉત્તરાધ્યયન ભાષ્ય વાંચીને અમૃત પીધા જેવો આનંદ થયો.'

મુનિશ્રી સૌભાગ્યચંદ્રજી મૌન અને ધ્યાનનો સારો અભ્યાસ કરતા રહેતા. વળી તેમની લેખનપ્રવૃત્તિ પણ સારી ચાલતી હતી.

ગુરુદેવ પોતાના શિષ્યો સાથે વિહાર કરીને મુંબઈ પધાર્યા. મુંબઈમાં ચીંચપોકલીમાં મહારાજશ્રી જે સાધના કરતા હતા એમાં તેમનો મૌનનો અભ્યાસ દિવસે દિવસે વધતો જતો હતો. એમાં એક વખત એમને અંત:કરણમાં તીવ્ર સ્ફુરણા થઈ કે એક વર્ષ કોઈ સ્થળે એકાંતમાં રહીને કાષ્ઠ મૌનની સાધના કરવી. એમણે એ વિશે ગુરુદેવને વાત કરી. ગુરુદેવ વિચારમાં પડી ગયા, કારણ કે જૈન સાધુથી કોઈ પણ સ્થળે આટલો બધો સમય સળંગ રહી શકાય નહિ. વળી સાવ એકલા પણ રહી ન શકાય. ગુરુદેવે સ્પષ્ટ કહ્યું, 'તું મારી સાથે રહીને સાધના કર, નહિ તો સમાજમાં ગેરસમજ ઊભી થશે.'

ગુરુદેવ જ્યારે મુંબઇમાં બિરાજમાન હતા ત્યારે મહાત્મા ગાંધીજી પણ મુંબઇમાં હતા. તેઓ જુહુમાં એક બંગલામાં ઊતર્યા હતા. ત્યારે મહારાજશ્રીને લઇને ગુરુદેવ ગાંધીજીને મળવા જુહુ ગયા હતા. ત્યાં તેઓને એક સાથે કેટલા બધા લોકપ્રિય લોકનેતાઓને મળવાનું થયું ! સરદાર પટેલ, નહેરુ, સુભાષ બોઝ, મૌલાના અબુલ કલામ, સરોજિની નાયડુ, મીરાંબહેન, મહાદેવભાઈ વગેરે ઘણા બધા ત્યાં ઉપસ્થિત હતા. કોઇની સાથે વાત કરવાની તક મળી નહિ, પણ આટલા બધાંને સાથે જોવાની તક મળી એથી પણ ઘણો જ આનંદ થયો. ગુરુદેવ શ્રી નાનચંદ્રજી મહારાજ અને મહારાજશ્રી બંને મહાત્મા ગાંધીજીથી અત્યંત પ્રભાવિત થયા હતા. એ જમાનામાં ગાંધીજીનાં દર્શન કરવા એ પણ જીવનની ધન્યતા હતી. આ દર્શને ગુરુદેવમાં અને મહારાજશ્રીમાં લોકકલ્યાણની ભાવનાનાં બીજ રોપ્યાં. પરંતુ ગુરુદેવ પોતાની સાંપ્રદાયિક મર્યાદામાં રહીને તે કરવા માગતા હતા.

ગુરુદેવ કવિ હતા. એમણે એ દિવસોમાં ગાંધીજી માટે કાવ્યપંક્તિઓ રચી હતી:

જગતને બોધ દેવાને, જરૂરી વાત કહેવાને;
લઇ સંદેશ પ્રભુજીનો, અવનિમાં ગાંધીજી આવ્યા.

મુંબઇથી ગુરુદેવ, મહારાજશ્રી અને અન્ય શિષ્યો સાથે ગુજરાત તરફ વિહાર કરી રહ્યા હતા ત્યારે સુરત જિલ્લામાં હરિપુરા ગામે કોંગ્રેસનું અધિવેશન ભરાયું હતું. આ એક ઐતિહાસિક અધિવેશન બન્યું હતું. ગુરુદેવ, મહારાજશ્રી વગેરે એ સંમેલનમાં પહોંચ્યા. આ પ્રસંગ વિશે મહારાજશ્રીએ લખ્યું છે, 'હરિપુરા મહાસભામાં ગુરુદેવ પધાર્યા, હું પણ ગયો. ત્યાં અમને બંનેને ગાંધીજીનું પ્રત્યક્ષીકરણ થયું. ગાંધીજીના રચનાત્મક કાર્યકરો જોવા મળ્યા. ગાંધીજીના મજૂર સંગઠનના આગેવાનો પણ જોવા મળ્યા. ગાંધીજી અને રાષ્ટ્રીય મહાસભાનો અનોખો તાદાત્મ્ય-તાટસ્થ્ય ભરેલો સંબંધ નીરખવા મળ્યો. મારી ત્યાંની સગવડ શ્રી રવિશંકર મહારાજે કરેલી. હું થોડું રોકાયો. ગુરુદેવ ત્યાંથી વિહાર કરી ધરમપુર ચાતુર્માસ માટે પહોંચ્યા.'

મહારાજશ્રી પોતાની મૌન સાધના વિશે દ્વિધામાં હતા. ત્યાં એમણે મક્કમ નિર્ણય કર્યો અને તે માટે તેઓ નર્મદા કિનારે રણાપુર ગામે પહોંચ્યા. ત્યાં એક કુટિરમાં રહી તેઓ એક વર્ષ મૌનસાધના કરવા ઇચ્છતા હતા. એમણે ત્યાં કાષ્ઠમૌન ચાલુ કર્યું. આ મૌનમાં તેઓ કોઇની સાથે આંખ પણ મેળવતા નહિ.

રણાપુરના એકાંતવાસમાં અને તેથી પણ પહેલાં મહારાજશ્રીને વિવિધ પ્રકારની અનુભૂતિ થતી. તેમાં સૌથી મહત્ત્વની તે એમની વિચારધારાને અનુરૂપ હતી. એમને સતત એમ લાગતું કે સમગ્ર વિશ્વ ઉપર નિયંત્રણ કરનાર કોઈ શક્તિ છે. એને કુદરત કહો, પ્રકૃતિ કહો કે ધરતી માતા કહો. કુદરતમાં એમની શ્રદ્ધા અને નિષ્ઠા વધતાં ગયાં. એક દિવસ તેઓ આંખો બંધ કરીને બેઠા હતા ત્યારે દિવ્ય પ્રકાશનું દર્શન થયું. આ દિવ્ય શક્તિ તે માતૃશક્તિ. એમણે એ માટે 'ૐ મૈયા'નો જાપ ચાલુ કર્યો. આ મંત્રની એમની સાધના અનોખી અને ઊંડી હતી. એમને કેટલાક સંસ્કાર પોતાની માતા પાસેથી મળ્યા હતા. એટલે સ્ત્રીશક્તિમાં એમને માતાનાં દર્શન થતાં. તેઓ પ્રકૃતિમાતાથી એટલા બધા અભિભૂત થઈ ગયા હતા કે અજાણ્યાને એમનું વલણ-વર્તન ધૂની લાગે. એમણે પોતે લખ્યું છે, 'ૐ મૈયા'નો જાપ હું પહેલેથી જપતો. આરંભમાં માત્ર કલ્પના જ હતી. પણ પછી એને સ્થૂળ રૂપ અપાયું. આ ધરતીને મેં માતા તરીકે સ્વીકારી. આપણા સૌના પગ ધરતીને અડેલા હોય છે. એટલે આખી માનવજાતનો ધરતી સાથે સંપર્ક હોય છે. એટલે મારી માનવજાત સાથે એકતા અનુભવવાના પ્રતીક તરીકે હું ધરતીને ચુંબન કરતો. આમ ૐ મૈયાના જાપને સ્થૂળ સ્વરૂપ મળ્યું. ત્યાર પછી એ વિધિમાં ફેરફાર થયો અને આંગળીથી માત્ર ધૂલિસ્પર્શ કરતો અને હૃદય સાથે ચાંપી, બે આંખે સ્પર્શ કરી હાથને બ્રહ્મરંધ્ર સુધી લઈ જતો.'

આ રીતે તેઓ આખા જગત સાથે વાત્સલ્યનો ભાવ અનુભવતા. એટલે જ 'વાત્સલ્ય', 'વિશ્વવાત્સલ્ય' જેવા શબ્દો એમના જીવનમાં

વણાઈ ગયા હતા.

શાસ્ત્રાભ્યાસ અને મૌન એકાંતવાસ દરમિયાન ચિંતનમનનને કારણે તેમના કેટલાક વિચારો સ્થાનકવાસી પરંપરા કરતાં જુદા થવા લાગ્યા હતા, જેમ કે તેઓ માનતા કે ચોવીસ કલાક મોંઢે મુહપત્તિ બાંધવાનું ફરજિયાત ન હોવું જોઇએ. તદુપરાંત સાધુઓએ પણ વડીલ સાધ્વીઓને વંદન કરવાં જોઇએ. કેશલોચ ફરજિયાત ન હોવો જોઇએ. જેમને માટે એ અત્યંત પીડાકારક હોય તેમને અસ્ત્રોથી મુંડન કરાવવાની છૂટ આપવી જોઇએ. તથા સાધુઓએ સમાજસેવાના કાર્યમાં જોડાવું જોઇએ. ધર્મદૃષ્ટિએ સમાજરચના હોવી જોઇએ.

પોતાના વિચારો સમાજ આગળ મૂકવા માટે એમણે એક નિવેદન તૈયાર કર્યું. ગુરુદેવે કહ્યું, 'તું નિવેદન બહાર પાડી નકામો ઉહાપોહ ન કર. મુહપત્તિ ન બાંધે તે તો ન ચાલે. અને સાધ્વી વંદન પણ ઠીક ન ગણાય. બાકીનું બધું ભલે તું કર.' પરંતુ મહારાજશ્રીએ કહ્યું, 'હું જે કંઈ કરું તે મારે સમાજ સામે મૂકવું જોઇએ. નહિ તો હું કાયર ગણાઉં.'

આમ, પોતાના અંતરને અનુસરીને મહારાજશ્રીએ મુંબઈમાં માટુંગાની સ્થાનકવાસી વાડીમાં જાહેર સભામાં પોતાનું નિવેદન વાંચ્યું. આ નિવેદને સમાજમાં મોટો પ્રત્યાઘાત જન્માવ્યો. મહારાજશ્રીએ લખ્યું છે, 'મારા જાહેર નિવેદનથી આખાયે જૈન સમાજમાં મોટો ખળભળાટ મચી ગયો. લોંકાશાહ લેખમાળા વખતે જે સ્થાનકવાસી સમાજે મને વધાવેલો, તેણે જ હવે ઉપાશ્રયોમાંથી જાકારો દેવા માંડ્યો, કારણ કે નિસર્ગમૈયાને, ગુરુદેવે કલ્પેલું ધ્યેય વ્યાપક વિશાળ માનવસમાજમાં મૂર્તિમંત કરવાનું ઈષ્ટ લાગ્યું હતું.'

મનોમંથનના આ દિવસોમાં મુનિશ્રી સૌભાગ્યચંદ્રજીએ પોતાનું નામ બદલીને 'સંતબાલ' એવું પ્રચલિત કરી દીધું. ત્યારથી તે જીવનના અંતપર્યંત તેઓ 'સંતબાલજી' તરીકે જ જાણીતા રહ્યા. એમનું દીક્ષાનામ ભુલાઈ ગયું. તેમના રૂપાંતરની આ એક બાહ્ય પ્રક્રિયા હતી.

મહારાજશ્રીએ ત્યાર પછી એક ચાતુર્માસ અમદાવાદ બાવળા પાસે વાઘજીપુરમાં એક ગૃહસ્થના મકાનમાં રહીને કર્યું. ત્યાર પછી તેઓ ગુરુદેવને મળવા ઇચ્છતા હતા. તે વખતે શ્રી નાનચંદ્રજી મહારાજ નર્મદા કિનારાના પ્રદેશ, ચાણોદ બાજુ વિચરી રહ્યા હતા. મહારાજશ્રી વાઘજીપુરાના ચાતુર્માસ પછી ગુરુદેવને મળવા ગુજરાત બાજુ આવ્યા અને મળ્યા. મહારાજશ્રીએ ગુરુદેવને પ્રશ્ન કર્યો કે 'મારે હવે શું કરવું ?'

ગુરુદેવે કહ્યું, 'જો મારી સાથે રહેવું હોય તો ખુશીથી રહે, તો જાહેર નિવેદન પાછું ખેંચી લેવું પડશે. મૈયાની સ્ફુરણાને ગૌણ અને સમાજ તથા ગુરુની આજ્ઞાને મુખ્ય ગણાવી જોઇએ.'

બંને વચ્ચે લાંબી વાટાઘાટ ચાલી. મહારાજશ્રી તરત નિર્ણય ન લઈ શક્યા. મનોમંથન કરતા તેઓ વિહાર કરી વડોદરા પધાર્યા. મહારાજશ્રીને હવે સ્પષ્ટ સમજાઈ ગયું કે ગુરુદેવ પોતાની પાસે રાખશે નહિ અને સ્થાનકવાસી સમાજ સ્થાનકમાં ઉતારો આપશે નહિ. એટલે હવે વિહાર વગેરે અંગે પોતાનો સ્વતંત્ર માર્ગ લેવો પડશે.

મહારાજશ્રી પોતાના ગુરુદેવથી છૂટા પડ્યા હતા. આ ઘટનાથી ગુરુદેવને પણ ઘણું સહન કરવું પડ્યું. હવે મહારાજશ્રીએ પોતાની કેડી પોતે જ કંડારવાની હતી. મહારાજશ્રીમાં ધ્યેયનિષ્ઠા, શાસ્ત્રાભ્યાસ, વક્તૃત્વશક્તિ, વિચારશક્તિ, લેખનશક્તિ, કવિત્વશક્તિ, બાહ્યાચારની શુદ્ધિ ઈત્યાદિ ગુણલક્ષણો ન હોત તો અલ્પ સમયમાં જ તેઓ ઉપેક્ષિત થઈ ગયા હોત. કેટલાયે એકલવિહારી સામાન્ય સાધુઓને એવી દશા ભોગવવી પડે છે. પરંતુ યુવાન મહારાજશ્રીનો ખાદીધારી ઊંચો દેહ, વેધક નયનો, પ્રતિભાવંત મુખમુદ્રા વગેરેને કારણે જૈન-જૈનેત્તર યુવાવર્ગ એમના તરફ ખેંચાવા લાગ્યો. આઝાદી પૂર્વેના એ દિવસોમાં માહોલ જ એ પ્રકારનો હતો. એટલે સંપ્રદાય બહાર મહારાજશ્રીની બહુ કદર થવા લાગી.

અલબત્ત એક જૈન સાધુ તરીકે મહારાજશ્રીએ પોતાનું સ્વાશ્રયી જીવન છોડ્યું નહોતું. તેઓ પાદવિહાર કરતા, જાતે ગોચરી વહોરી લાવતા અને ગોચરી વાપર્યા પછીથી જાતે જ પાત્રાં સાફ કરી નાખતા. તેઓ પોતાનાં વસ્ત્રો પોતે જ ધોતા. સાધુ તરીકેની બીજી કેટલીક આવશ્યક ક્રિયાઓ કરતા. એમના વિચારો સાંપ્રદાયિક પરંપરાથી ભિન્ન હતા, પરંતુ તેમનામાં ચારિત્રની શિથિલતા નહોતી. સ્ત્રી, ધન, માલમિલકત ઈત્યાદિથી તેઓ પર હતા.

મહારાજશ્રીએ ઘણાં વર્ષ સુધી મસ્તકે ખાદીનું શ્વેત વસ્ત્ર બાંધતા. એ વસ્ત્ર બાંધવાની એમની રીત અનોખી હતી. તેઓ ચોરસ ટુકડાની ત્રિકોણ ટોપી જેવી રચના કરતા અને માથે પાછળ બે છેડા ખોંસી દેતા. આ ટોપીથી શિયાળામાં અને ઉનાળામાં મસ્તકને રક્ષણ મળતું. સીવ્યા વગરની આ ટોપીને કારણે જ મહારાજશ્રીનો દેખાવ અનોખો લાગતો. તેઓ બધાથી જુદા પડી આવતા.

સંપ્રદાયમાં પોતે હતા એ વર્ષો દરમિયાન એમનો મોટો ચાહકવર્ગ ઊભો થયો હતો. વળી ધર્મનિષ્ઠ સમાજરચના અને લોકકલ્યાણની પ્રવૃત્તિઓને કારણે તેઓ રવિશંકર મહારાજ, જુગતરામ દવે, કાકા કાલેલકર, નાનાભાઈ ભટ્ટ, ઉછરંગરાય ઢેબર વગેરે કેટલાયે મહાનુભાવોના અંગત ગાઢ પરિચયમાં આવ્યા હતા.

મહારાજશ્રીએ વાઘજીપુરાના ચાતુર્માસ વખતે જોયું કે એ વિસ્તાર ઘણો પછાત છે. આજીવિકાનાં સાધનો નહિ જેવાં છે. લોકો વ્યસની છે. દુરાચાર પ્રવર્તે છે. એટલે એમણે પોતાની સમાજકલ્યાણની પ્રવૃત્તિ માટે આ વિસ્તાર પસંદ કર્યો. વિરમગામથી આગળ સાણંદ, ધોળકા, ધંધુકા, માણકોલ વગેરે ગામોમાં તેઓ વિચર્યા અને લોકોની પરિસ્થિતિનો વાસ્તવિક ખ્યાલ મેળવ્યો. આ બાજુનો અમુક વિસ્તાર ચુંવાળ તરીકે, અમુક ભાલ તરીકે, અમુક નળકાંઠા તરીકે ઓળખાય છે.

મહારાજશ્રીએ 'ભાલ-નળકાંઠા પ્રયોગ' નામની પુસ્તિકામાં આ પ્રદેશનો વાસ્તવિક ચિતાર આપ્યો છે. મોડાસર ગામમાં તેમને ડાહ્યાભાઈ મલાતજવાળા મળ્યા. તેઓએ મહારાજશ્રીને નળકાંઠા આવવા કહ્યું. બીજા એક ભાઈ છગનભાઈ દેસાઈ એમને માણકોલ લઈ ગયા. આ પ્રદેશમાં સ્ત્રીઓને ઉપાડી જવાના, વેર લેવા માટે બીજાની ઘાસની ગંજીઓ બાળવાના વગેરે ઘણા બનાવો બનતા. વેપારીઓ ગરીબ વર્ગનું શોષણ કરતા. પાણીની ઘણી તકલીફ એટલે નપાણિયા વિસ્તાર તરીકે આ પ્રદેશ ઓળખાતો. માણસો નદીના કોરા પટમાં વીરડા ગાળે અને છાલિયાથી પાણી ભરે. પોતાના વીરડામાંથી કોઈ પાણી ન લઈ જાય એટલા માટે એના ઉપર ખાટલો ઢાળી આખી રાત સૂઈને રખોપું કરતા. આ બાજુ દારૂ, શિકાર, માંસાહાર વ્યાપક પ્રમાણમાં હતાં. મહારાજશ્રીએ પહેલાં બધાંને નિર્વ્યસની બનાવવાની ઝુંબેશ ઉપાડી. ચા ન પીવાની તેઓ પ્રતિજ્ઞા લેવડાવતાં. આઝાદીની લડતના એ દિવસોમાં ચાનો વિરોધ ઘણો થતો. (કોફી ત્યારે હજુ પ્રચલિત થઈ નહોતી.) રવિશંકર મહારાજ કહેતા કે ભાલ-નળકાંઠાના લોકો સંતબાલજીને ત્યારે 'સાવાળા' (ચાવાળા) મહારાજ તરીકે ઓળખતા.

વળી મહારાજશ્રીએ માણકોલ ગામે સાત હજાર કોળી પટેલોનું સંમેલન ભરીને તેઓને પોતાનું બંધારણ ઘડી આપ્યું હતું. અને તેઓને 'લોકપાલ પટેલ'નું નામ આપ્યું હતું.

મહારાજશ્રી વિહાર કરતા હોય ત્યારે કેટલાંયે ગામોમાં બે કુટુંબો વચ્ચે, શ્રેષ્ઠીઓ વચ્ચે, મિત્રો વચ્ચે દુશ્મનાવટ થઈ હોય તો તેવા પ્રશ્નોનું નિરાકરણ બંને પક્ષને પ્રેમથી સમજાવીને કરી આપતા.

મહારાજશ્રીએ પોતાનાં જીવનનાં ઉત્તમ વર્ષો આ ભાલ-નળકાંઠા પ્રદેશને સુધારવામાં આપ્યાં હતાં. એનું પરિણામ પણ સારું આવ્યું હતું. આ વિસ્તારમાં લોકોના, વિશેષત: ખેડૂતોના ઉત્કર્ષ માટે એમણે ઘણું કાર્ય કર્યું અને વિવિધ હેતુઓ માટે એમની પ્રેરણાથી વિવિધ સંસ્થાઓ સ્થપાઈ.

મહારાજશ્રીએ ભાલનળકાંઠાના પ્રદેશને પોતાના પ્રયોગનું કેન્દ્ર બનાવ્યું. એ માટે ગુંદીમાં આશ્રમ સ્થપાયો.

આજે તો હવે અસ્પૃશ્યતા, ઢેડભંગી વગેરેને અડવાની વાત ભારતમાંથી

લગભગ નિર્મૂળ થઈ છે. પરંતુ આઝાદી પહેલાનાં યુગમાં તો અસ્પૃશ્યતા ગામેગામ જોવા મળતી. ભંગીવાસ જુદા હોય અને લોકો પણ ગંદકીભર્યું અપમાનિત અને પરોપજીવી જીવન જીવતા હતા. એ સમયે મહાત્મા ગાંધીજીએ સમગ્ર ભારતમાં અસ્પૃશ્યતા-નિવારણની મોટી ઝુંબેશ ઉપાડી હતી. ગાંધીજીએ ઢેડ-ભંગી માટે 'હરિજન' શબ્દ પ્રચલિત કર્યો હતો.

ગાંધીજીને અનુસરીને મહારાજશ્રીએ પણ પોતાના જનહિતના કાર્યોમાં અસ્પૃશ્યતા નિવારણને સ્થાન આપ્યું હતું. તેઓ જ્યાં જાય ત્યાં હરિજનો માટેના વિસ્તારમાં આંટો મારી આવતા. ઢેડ-ભંગી માટે મહારાજશ્રી 'ઋષિ' શબ્દ પ્રયોજતા. સાણંદમાં એમણે 'ઋષિ બાલમંદિર'ની સ્થાપના કરાવી હતી. હરિજનોના વિસ્તારમાં એક ચક્કર લગાવીને એકાદ ઘરેથી ગોચરી પણ વહોરતા. એ જમાનામાં રૂઢિચુસ્ત સમાજમાં આવું કાર્ય ભારે સાહસિક ગણાતું. એટલે ક્યારેક મહારાજશ્રી પર લોકો ધૂળ ઉડાડતા, હુરિયો બોલાવતા, અપમાનિત કરતા, પરંતુ મહારાજશ્રી એવું કરનાર પ્રત્યે ક્ષમાભાવ રાખી હરિજન વિસ્તારમાં જવાના પોતાના નિર્ણયને મક્કમતાથી વળગી રહેતા. ક્યારેક હરિજનોની દુર્દશા જોઈને એમની આંખમાં આંસુ આવતાં. ક્યારેક એ માટે તેઓ ઉપવાસ કરતા, ક્યારેક સાંજની પ્રાર્થનાસભામાં તેઓ તે વિશે પોતાના વિચારો અને અનુભવો રજૂ કરતા. એક વખત એક ગામમાં મહારાજશ્રી એક બાંકડા પર બેસી જાહેર પ્રવચન આપી રહ્યા હતા. એવામાં બાંકડાનો માલિક ત્યાં આવી પહોંચ્યો. એણે મહારાજશ્રીને પોતાના બાંકડા પરથી ઊઠી જવા કહ્યું તો જરા પણ આનાકાની વગર મહારાજશ્રી ઊઠી ગયા અને બાકીનું ભાષણ ઊભા ઊભા પૂરું કર્યું હતું.

એક વખત મહારાજશ્રી ભાલપ્રદેશમાં કોઠ ગામમાં ચાતુર્માસ રહ્યા હતા. રોજ વ્યાખ્યાન તથા રાતની પ્રાર્થનાસભામાં જૈનો કરતાં અજૈન વધુ આવતા. તે બધા ઉપર મહારાજશ્રીનો ખૂબ પ્રભાવ પડ્યો હતો. કેટલાક તો મહારાજશ્રીને દેવપુરુષ ગણતા. પ્રાર્થનાસભામાં અમુક દિવસે મહારાજશ્રી વાર્તા કહેતા. એટલે એમના વ્યાખ્યાનમાં બાળકો પણ આવતા.

ચાતુર્માસના દિવસોમાં છેલ્લે દિવાળી, બેસતું વર્ષ અને કાર્તિકી પૂર્ણિમા પણ આવે. જ્યારે બેસતું નવું વર્ષ હતું ત્યારે એક માજી સવારે પાંચેક વાગે ઘરેથી આરતી સળગાવીને મહારાજશ્રીના ઉતારા પાસે આવ્યાં. સાથે બીજી કેટલીક સ્ત્રીઓ અને કેટલાક ભાઈઓ પણ હતા. માજીએ બૂમ પાડી, 'મહારાજશ્રી બહાર આવો. આજે સપરમો દિવસ છે. અમારે તમારી આરતી ઉતારવી છે.'

મહારાજશ્રી બહાર ન આવ્યા, પણ ઉચ્ચ સ્વરે એમને આગ્રહપૂર્વક સમજાવ્યું કે 'માજી ! જૈન સાધુની આરતી ન ઉતારાય. માણસની આરતી ન ઉતારાય. મંદિરમાં ભગવાનની આરતી ઉતારાય.'

માજી છેવટે માની ગયાં. એમને મહારાજશ્રીમાં શ્રદ્ધા એટલા માટે થઈ ગયેલી કેમ કે તેઓ પોતાના માંદા દીકરાને મહારાજશ્રીનાં દર્શન કરાવવા લઈ આવેલા અને મહારાજશ્રીએ કહ્યું કે 'એને સારું થઈ જશે.' અને બીજે જ દિવસે એને સારું થઈ ગયેલું.

એક વખત ગુજરાતની ધારાસભાની ચૂંટણીમાં ધંધુકામાંથી મહારાજશ્રીના ભક્ત શ્રી ગુલામ રસુલ કુરેશી કોંગ્રેસના ઉમેદવાર તરીકે ઊભા હતા. એક ગામમાં રાત્રિસભામાં મહારાજશ્રીએ શ્રી કુરેશીને મત આપવા માટે ભાષણ કર્યું. તે વખતે સભામાં ધાંધલ મચી ગઈ. કોઈક યુવાનો બોલ્યા, 'સાધુનાં લૂગડાં ઉતારીને કોંગ્રેસની સેવા કરો.' એ વખતે મહારાજશ્રીથી આક્રોશમાં બોલાઈ જવાયું, 'આ લૂગડાં શું છે તે પહેલાં જાણો, પછી ઉતારવાની વાત કરો. એ વિશે જાણવું હોય કે ચર્ચા કરવી હોય તો મને ઉતારે મળો.'

સભા પૂરી થઈ. મહારાજશ્રી ઉતારે આવ્યા. પણ ચર્ચા કરવા કોઈ આવ્યું નહિ. એ દિવસે મહારાજશ્રી અડધી રાત સુધી પોતાની પાટ પર ધ્યાનમાં બેસી રહ્યા. સાધુ તરીકે પોતે ક્રોધ કર્યો એ બદલ પશ્ચાત્તાપ કર્યો. પેલા યુવાનોની મનોમન ક્ષમા માગી અને ક્ષમા આપી. પેલા યુવાનોને પણ પશ્ચાત્તાપ થયો. તેઓ ઉતારે માફી માગવા આવ્યા ત્યારે મહારાજશ્રીએ એમને કહ્યું, 'સભામાંથી પાછા આવીને મેં તો મનોમન તમારી માફી માગી લીધી છે અને તમને માફી આપી દીધી છે.'

એક વખત મહારાજશ્રીનું ચાતુર્માસ ધોળકામાં હતું ત્યારે બૃહદ મુંબઈ રાજ્યનું વિભાજન અને મહાગુજરાતની રચના માટે આંદોલન શરૂ થયું હતું. પરંતુ મહારાજશ્રી ત્યારે બૃહદ મુંબઈ રાજ્ય ચાલુ રાખવાના હિમાયતી હતા અને એ અંગે નિવેદનો પ્રગટ કરતા હતા જે વર્તમાનપત્રોમાં પણ છપાતાં હતાં. આથી કેટલાંક સ્થાપિત હિતો તરફથી મહારાજશ્રી વિરુદ્ધ પ્રચાર થતો અને પત્રિકાઓ પણ છપાતી. એમાં એક પત્રિકા અશિષ્ટ ભાષામાં છપાઈ હતી. ધોળકાના સ્ટેશને કોઈક ફેરિયો મહારાજશ્રી માટેનું એનું અશિષ્ટ મથાળું બોલીને આ પત્રિકા વેચતો હતો. એથી ઉશ્કેરાઈને ગુંદી આશ્રમના મહારાજશ્રીના કોઈ ભક્તે પેલા ફેરિયાને માર માર્યો. આ વાતની મહારાજશ્રીને ખબર પડી ત્યારે ફેરિયાને માર પડ્યો એ બદલ તેમને બહુ દુઃખ થયું. તેઓ આવી નિંદાથી પર હતા. આ ઘટનાથી તેમના મનમાં રોષ-આક્રોશની કોઈ પ્રતિક્રિયા થઈ નહિ. એમણે ગુંદી આશ્રમમાં લેખિત સંદેશો મોકલાવ્યો કે કોઈએ આવી અશિષ્ટ પત્રિકા માટે ઉશ્કેરાવું નહિ. એમના હૃદયમાં માત્ર આજીવિકા ખાતર પત્રિકા વેચનાર ફેરિયા પ્રત્યે અનુકંપા જ હતી.

મહારાજશ્રીએ લોકકલ્યાણનું ઘણું કાર્ય કર્યું. એમની પ્રેરણાથી ગુંદી, મુંબઈ, અમદાવાદ, રાણપુર, રામપુરા-ભંકોડા, ઇન્દોર વગેરે સ્થળે પ્રાયોગિક સંઘ, માતૃસમાજ ઉદ્યોગગૃહ, ઔષધાલય, છાત્રાલય, ખેડૂતમંડળ વગેરે વીસ જેટલી સંસ્થાઓ સ્થપાઈ હતી જે આજે પણ કાર્યરત છે.

મહારાજશ્રીના એક મુખ્ય અંતેવાસી તે શ્રી મણિભાઈ પટેલ. તેઓ મિયાંગામ-કરજણના વતની હતા. ઈ.સ. ૧૯૪૩માં મહારાજશ્રીનું પ્રવચન એમણે કરજણમાં સાંભળ્યું. એથી તેઓ એટલા બધા પ્રભાવિત થઈ ગયા કે પછીથી તેઓ મહારાજશ્રી જ્યાં હોય ત્યાં એમનાં પ્રવચનો સાંભળવા જતા. સાણંદના ચાતુર્માસથી તેઓ માતાપિતાની રજા લઈ, આજીવન બ્રહ્મચારી તરીકે મહારાજશ્રી સાથે જોડાઈ ગયા અને વિહારમાં પણ તેમની સાથે જ રહ્યા. તેઓ મહારાજશ્રીના વિહાર, મુકામ, વ્યાખ્યાન, વિચાર-ગોષ્ઠી વગેરેની રોજેરોજની નોંધ રાખવા લાગ્યા. એમણે લખેલી એ રોજનિશિ 'સાધુતાની પગદંડી'ના નામથી છ ભાગમાં પ્રકાશિત થઈ છે.

સ્વ. શ્રી મણિભાઈ સંતબાલજી સાથે ઈ.સ. ૧૯૪૪માં જોડાયા તે પછી મહારાજશ્રીના કાળધર્મના સમય સુધી સાથે જ રહ્યા હતા. એમણે મહારાજશ્રી સાથે સતત ૨૬ ચાતુર્માસ ગાળ્યાં. એમણે ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ, રાજસ્થાન, મહારાષ્ટ્ર, મુંબઈ, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, ઓરિસ્સા, બિહાર, બંગાળ, દિલ્હી, પંજાબ એમ ઘણા પ્રદેશોમાં વિહાર કર્યો. એમણે લગભગ સાડા ત્રણ હજાર ગામોનો સંપર્ક થયો અને આશરે તેર હજાર માઈલનો વિહાર કર્યો હતો. એમાં અનેકવિધ અનુભવો થયા હતા. ઘણે ઠેકાણે ગોચરી-પાણીની ઉતારા માટે રહેઠાણની ઘણી તકલીફો પડી હતી. પરંતુ તેઓએ પોતાના નિયમોમાં બાંધછોડ કરી નહોતી.

મણિભાઈ પટેલની જેમ મહારાજશ્રી સાથે જીવનપર્યંત રહેનાર બીજા અંતેવાસી તે 'સંતશિશુ, મીરાંબહેન. (હું ન ભૂલતો હોઉં તો તેઓ અમારા પાદરાનાં વતની અને એમનું જન્મનામ બીજું હતું) ખાદીધારી, નિયમિત કાંતનાર, બુલંદ મધુર સ્વરે ભજનો લલકારનાર મીરાંબહેનને મહારાજશ્રીનો સારો આશ્રય મળી ગયો. મીરાંબહેન મહારાજશ્રીને પોતાની મા તરીકે ઓળખાવે અને મહારાજશ્રી મીરાંબહેનને બદલે 'મીરુભાઈ' કહીને બોલાવે. આટલી સ્વજન જેટલી આત્મીયતા બંને વચ્ચે થઈ હતી.

મણિભાઈની જેમ મીરાંબહેને મહારાજશ્રી સાથે ઘણા પ્રદેશોમાં ફરીને એમની સરભરા કરી છે અને 'સંતબાલ મારી મા' નામની

પુસ્તિકામાં પોતાના યાદગાર પ્રસંગો લખ્યા છે. મણિભાઈ અને મીરાંબહેન ઉપરાંત કાશીબહેન, અંબુભાઈ, નવલભાઈ શાહ, ફલજીભાઈ ડાભી, લલિતાબહેન, ચંચલબહેન, ટી.જી. શાહ, મનુભાઈ પંડિત, ગુલામ રસુલ કુરેશી, શ્રી જ્ઞાનચંદ્રજી, વીરચંદભાઈ ઘેલાણી, મણિબહેન પટેલ, પ્રભાબહેન અજમેરા, વનિતાબહેન વગેરે વગેરે કેટલા બધાએ મહારાજશ્રી પાસે સમાજસેવાની દીક્ષા લીધી હતી. તેઓમાંના કેટલાકે પોતાના અનુભવો વર્ણવ્યા છે.

મહારાજશ્રીએ ગામે ગામ ફરી, સભાઓ યોજી તથા વ્યક્તિગત સંપર્ક કરી લોકોને સુધાર્યા હતા. નળ સરોવરના વિસ્તારમાં પક્ષીઓ ઘણાં આવે અને અંગ્રેજોના સમયથી ખુદ અંગ્રેજો, રાજા-મહારાજાઓ અને બીજા અનેક શિકાર-શોખીનો આ વિસ્તારમાં પક્ષીઓનો શિકાર કરતા. સ્થાનિક લોકો પૈસા મળે એ લાલચે શિકારીઓને મદદ કરતા. મહારાજશ્રીએ ગામડે ગામડે ફરીને લોકોને સમજાવ્યા કે પક્ષીઓનો શિકાર ન થવો જોઇએ. કોઇએ શિકારીઓને મદદ ન કરવી અને શિકારીઓને સમજાવીને અટકાવવા જોઇએ. મહારાજશ્રીએ આ વિષયમાં જાગૃતિ લાવીને લોકોને બહુ દૃઢ મનોબળવાળા બનાવ્યા હતા. વળી એ કોમનું સદાચાર અંગે બંધારણ પણ ઘડી આપ્યું હતું. આનું પરિણામ કેટલું સારું આવ્યું તે મહારાજશ્રીએ પોતે જ વર્ણવેલા એક પ્રસંગ પરથી જણાશે.

એક વખત અમદાવાદના એક વયોવૃદ્ધ પારસી ગૃહસ્થ પોતાની મોટરકારમાં આ બાજુ પક્ષીઓનો શિકાર કરવા આવ્યા. પરંતુ કેટલાક જુવાનિયાઓએ એમની મોટર અટકાવી. એટલે પારસી બુઢ્ઢાએ હાથમાં બંદૂક લઈ તેઓને ગોળીએ વીંધવાનો ડર બતાવ્યો. પણ યુવાનો ડર્યા નહિ અને આઘા ગયા નહિ. ત્યાં તો ગામલોકોને ખબર પડી અને ઘણા માણસો ભેગા થઈ ગયા. તેઓ બધાએ જુવાનિયાઓનો પક્ષ લીધો. પારસી બુઢ્ઢા વિચારમાં પડી ગયા કે આ તો આખું ગામ બદલાઈ ગયું છે. જે લોકો શિકારમાં સાથ આપવા પડાપડી કરતા હતા તેઓ હવે શિકારનો વિરોધ કરી રહ્યા છે. લોકો સાથેની વાતચીતમાં તેમને મહારાજશ્રીએ આ બધી સદાચારની પ્રવૃત્તિ કર્યાનું જાણ્યું ત્યારે તેઓ આશ્ચર્યચકિત થઈ ગયા, તેમનું હૃદય પીગળ્યું. પોતે શિકાર ન કરવાનો સંકલ્પ કર્યો અને પોતાની પાસે જે કંઈ રકમ હતી તે ગામના લોકોને આપી દીધી અને એનો ઉપયોગ ઢોરોનો પાણી પીવાનો હવાડો બાંધવા માટે ખરચવાનું કહ્યું.

એક વખત અમદાવાદના ગોરા અંગ્રેજ કલેક્ટર પોતાના સાથીદારો સાથે પક્ષીનો શિકાર કરવા આવ્યા. ગામના લોકોને ખબર પડી. મહારાજશ્રી પણ ત્યાં જ હતા. મહારાજશ્રીએ એ કલેક્ટરને બહુ સમજાવ્યા પણ તે માન્યા નહિ. એવામાં એક ગ્રામજન કલેક્ટરની આડો આવીને ઊભો રહ્યો અને કહ્યું, 'પહેલાં મને મારો, પછી પક્ષીઓને' એટલે તે કલેક્ટરે બંદૂક મૂકી દીધી. પણ કલેક્ટરના સાથીદારોએ આઘાપાછા જઈ શિકાર માટે ગોળીઓ છોડી. એના ધડ ધડ અવાજો સંભળાતા હતા. પણ સૌના આશ્ચર્ય વચ્ચે એક પણ પક્ષી પડ્યું નહિ. એટલે ઝંખવાણા થઈ કલેક્ટર પોતાના સાથીઓ સાથે પાછા વળ્યા.

પ્રજામાં જ્યારે અન્યાય થાય, સમજાવવા છતાં દુરાચાર અટકે નહિ ત્યારે મહારાજશ્રી વિશુદ્ધિકરણ માટે ગાંધીજીની જેમ પોતાના અંતરાત્માને અનુસરી ઉપવાસનું શસ્ત્ર અજમાવતા. એક વખત મહારાજશ્રીનો મુકામ એક ગામમાં હતો ત્યારે એક દિવસ લાલજી મહારાજના પંથના કેટલાક સાધુઓ ઘોડા ઉપર ત્યાં આવ્યા હતા. તેઓએ પોતાના ઘોડા ખુલ્લી જગ્યામાં બાંધ્યા હતા. રાતને વખતે એક ચોર એક સારા ઘોડાને ઉપાડી ગયો. બીજે દિવસે સવારે ખબર પડી કે એક ઘોડાની ચોરી થઈ છે. ગામમાં તપાસ કરી પણ ક્યાંયથી ઘોડો મળ્યો નહિ. એ સાધુઓએ મહારાજશ્રીને વાત કરી. સાંજે મહારાજશ્રીએ પ્રાર્થનાસભામાં જાહેર કર્યું કે જ્યાં સુધી ઘોડો મળશે નહિ ત્યાં સુધી પોતે ઉપવાસ કરશે. આથી ગામના લોકોમાં દોડાદોડ થઈ ગઈ. ઘોડો નહિ મળે તો પોતાના ગામની આબરૂ જશે. રાતને વખતે મહારાજશ્રી ઉતારાના મકાનની ખુલ્લી ઓસરીમાં સૂઈ ગયા હતા. અડધી રાતે એક માણસ મહારાજશ્રી પાસે આવ્યો. પોતે ઘોડાની ચોરી કરી તે કબૂલ કરીને મહારાજશ્રી પાસે વ્રત લીધું કે હવેથી પોતે ઢોરચોરી નહિ કરે. સાધુઓને પોતાને ઘોડો મળતાં હર્ષ થયો અને સંતબાલજી મહારાજશ્રીના ઊંચા ચારિત્ર્યથી અને આવી સેવાથી તેઓ પ્રભાવિત થયા હતા.

ચોરી કરનારે ચોરી કબૂલ કરી હોય અને ચોરી ન કરવા માટે મહારાજશ્રી પાસે પ્રતિજ્ઞા લીધી હોય એવા તો કેટલાયે પ્રસંગો નોંધાયા છે.

મીરાંબહેને એક પ્રસંગ નોંધ્યો છે. એક વખત મહારાજશ્રી કલકત્તામાં હતા ત્યારે સવારે કોઈ એક ભાઈને સાથે લઈને ગોચરી વહોરવા નીકળ્યા. ગોચરી વહોરીને તેઓ ઉતારે પાછા ફરતા હતા ત્યાં તો તેમને થાક લાગવા માંડ્યો. ઉતારે જેમતેમ પહોંચ્યા અને ગોચરીની ઝોળી મૂકીને તેઓ પાટ પર સૂઈ ગયા. તેઓ જાણે બેભાન જેવા થઈ ગયા. તરત મીરાંબહેન ડોક્ટરને બોલાવી આવ્યાં. ડોક્ટરે તપાસીને કહ્યું, 'હમણાં અહીં આવો રોગચાળો ચાલે છે. ઈંજેક્શન લેશે એટલે એક-બે દિવસમાં સારું થઈ જશે. ગભરાવાની જરૂર નથી.'

જાગૃતિ આવતાં મહારાજશ્રીએ મીરાબહેનને કહ્યું, 'હું જે ગોચરી લાવ્યો છું તે બહાર સરખી જગ્યા જોઇને, ખાડો કરીને એમાં પરઠવી દો.'

મીરાંબહેને કહ્યું, 'ખાવાનું છે, તો જમીનમાં દાટી દેવા કરતાં ગાય કે કૂતરાને ખવડાવીએ તો શું ખોટું ?'

મહારાજશ્રીએ કહ્યું, 'જૈન સાધુનો એ આચાર નથી. મળેલ ભિક્ષાન્નનું દાન કરવાનો અમને અધિકાર નથી. કોઈ એમ કરે તો એમાંથી આગળ જતાં ઘણા અનર્થ થાય. ગૃહસ્થો ગોચરી વહોરાવતા બંધ થાય.'

એ ગોચરી ભૂમિમાં ભંડારી દેવામાં આવી. ત્રણેક દિવસ પછી મહારાજશ્રી સ્વસ્થ થયા. આહાર લેતા થયા. શરીરમાં શક્તિ આવી. ત્યાર પછી તરત મહારાજશ્રીએ પોતાને ગોચરી ભંડારી દેવી પડી એ નિમિત્તે પ્રાયશ્ચિત્ત તરીકે ત્રણ દિવસના ઉપવાસ કર્યા હતા.

'સંત પરમ હિતકારી'માં શ્રી મનુભાઈ પંડિતે ઘણા પ્રસંગો નોંધ્યા છે.

એક વખત પૂ. મહારાજશ્રી સૂરત જિલ્લામાં વિહાર કરી રહ્યા હતા. વેડછીના શ્રી જુગતરામભાઈ દવેને મળવાની એમને ઇચ્છા હતી. તેઓ મઢી ગામમાં પધાર્યા ત્યારે જુગતરામભાઈ પણ ત્યાં આવી પહોંચ્યા. એમણે મહારાજશ્રી સાથેની વાતચીતમાં એ પણ કહ્યું કે આ બાજુના આદિવાસી લોકો દારૂ છોડતા નથી. ઘરે ખરાબ ગોળનો દારૂ બનાવે છે. વળી વેપારીઓ પણ ખરાબ ગોળનો વેપાર કરીને સારું કમાય છે.

વ્યસનમુક્તિ એ મહારાજશ્રીની પ્રવૃત્તિઓમાંની એક પ્રિય પ્રવૃત્તિ હતી. એમણે સમગ્ર પરિસ્થિતિ બરાબર સમજી લીધી. રાત્રે પ્રાર્થનાસભામાં એમણે પોતાના વક્તવ્યમાં જુગતરામભાઇની ચિંતા વ્યક્ત કરી. એમણે ધર્મ અને નીતિની સમજ પાડી. મહાજનનો ધર્મ સમજાવ્યો. એમનું વક્તવ્ય અત્યંત પ્રેરક હતું. એની શ્રોતાઓ ઉપર ભારે અસર પડી. એક પછી એક વેપારીએ ઊભા થઈ ખરાબ ગોળ ન વેચવાની ત્યાં જ પ્રતિજ્ઞા લીધી. એમાં એક પારસી સજ્જન પણ હતા.

આમ મઢીમાં જે પરિણામ આવ્યું તેથી પ્રેરાઇને મહારાજશ્રીએ ઠેઠ ખાનદેશ સુધીના વિહારમાં એક મહિના સુધી રોજ રાત્રે પ્રાર્થનાસભામાં મદ્યનિષેધનો સારો પ્રચાર કર્યો અને એનું ઘણું જ સારું પરિણામ આવ્યું. કેટલાયે આદિવાસીઓએ આજીવન દારૂ ન પીવાની પ્રતિજ્ઞા લીધી હતી.

શિયાળાના દિવસોમાં એક વખત મહારાજશ્રીને રાતની પ્રાર્થનાસભા પછી એક માણસે ગામને પાદર આવવા વિનંતી કરી. મહારાજશ્રી ગયા. કોળી પગીની જાતના કેટલાક લોકો ત્યાં બેઠા હતા. એમાં એકે ગામના મુખીના જ બે બળદ ચોર્યા હતા. ચોરનાર કાળુ એના બાપ કરતાં પણ જબરો અને માથાભારે હતો. પરંતુ મહારાજશ્રીએ એને માથે હાથ મૂકી, આશીર્વાદ આપી એને અને એના સોબતીઓને ગુના ન કરવા અને મુખીના બળદ પાછા મૂકી આવવા સમજાવ્યું હતું. આ રીતે ગુનાહિત માનસવાળા નીચલા થરના લોકોને પણ મહારાજશ્રી પ્રેમથી સુધારતા હતા.

મહારાજશ્રી સૂરતના રસ્તે ગુજરાતમાંથી મહારાષ્ટ્રમાં વિહાર કરી રહ્યા હતા ત્યારે વેડછીમાં જુગતરામભાઇને મળીને આગળ વધતાં વ્યારા, સોનગઢ વગેરે આદિવાસી ગામોમાંથી તેઓ પસાર થયા હતા ત્યારે આદિવાસીઓ એમનું સ્વાગત કરવા આવતા. જંગલમાં લાકડાં કાપનાર આદિવાસીઓનું મુખ્ય શસ્ત્ર તે કુહાડી. આ વિસ્તારમાં જ્યારે જ્યારે મહારાજશ્રી પસાર થતા ત્યારે આદિવાસીઓ એમનું સ્વાગત કરવા રસ્તાની બેય બાજુ હારબંધ ઊભા રહી જતા. તે વખતે તેઓ પોતાની કુહાડીને ચકચકિત કરીને લાવતા અને સ્વાગત વખતે ખભા પાસે હાથ રાખી કુહાડી ઊંચી રાખતા. સેંકડો કુહાડીઓ સાથેનું આવા સ્વાગતનું દૃશ્ય વિરલ હતું.

જીવનની ઉત્તરાવસ્થામાં રૂઢિચુસ્ત સમાજમાં મહારાજશ્રી માટે પહેલાં જેટલો વિરોધ હતો તેટલો રહ્યો નહોતો. એમના કાર્યથી સમાજ પ્રભાવિત થયો હતો. પછી કેટલાંયે નગરોમાં સંઘ મહારાજશ્રીને પોતાના ઉપાશ્રયમાં પધારવા અને વ્યાખ્યાન આપવા માટે વિનંતી કરવા લાગ્યા હતા.

મહારાજશ્રી 'વિશ્વવાત્સલ્ય'માં વખતોવખત વિનોબાજી માટે આદરભાવપૂર્વક લખતા અને એમની પ્રવૃત્તિઓની ભારે અનુમોદના કરતા. વિનોબાજીએ ભૂદાનની જે ઝુંબેશ ઉપાડી હતી તેમાં ગુજરાતમાં સંતબાલજીએ મહત્ત્વનું કાર્ય કર્યું હતું. પોતાના પ્રદેશનો જમીનનો લક્ષ્યાંક પૂરો નહોતો થતો તો મહારાજશ્રીએ એ માટે ઉપવાસની જાહેરાત કરી અને ઉપવાસ શરૂ થાય તે પહેલાં લક્ષ્યાંક પૂરો થઈ ગયો હતો. વિનોબાજીએ ૧૯૭૯માં ગોવધબંધી લાવવા માટે જ્યારે આમરણાંત ઉપવાસની જાહેરાત કરી ત્યારે સમગ્ર દેશમાં ચિંતાની લાગણી પ્રસરી ગઈ હતી.

એ વખતે મહારાજશ્રીએ વિચાર્યું કે વિનોબાજીના ઉપવાસ અટકાવવા હોય તો એની સામે કંઈક આત્મિકબળ હોવું ઘટે. મહારાજશ્રીએ પોતે વિનોબાજીના ઉપવાસ ચાલુ થાય તે પહેલાં એકવીસ દિવસના ઉપવાસની જાહેરાત કરી. વિનોબાજી અને સંતબાલજી ક્યારેય એકબીજાને મળ્યા નહોતા, છતાં વિનોબાજી પ્રત્યેના અને એમના સેવાકાર્ય પ્રત્યેના આદરભાવ સહિત મહારાજશ્રીએ એકવીસ દિવસના ઉપવાસ કર્યા હતા. એમના જીવનની આ મોટામાં મોટી તપશ્ચર્યા હતી. પરંતુ એનું એવું સરસ પરિણામ આવ્યું કે સરકાર અને અન્ય નેતાઓની ખાતરીથી વિનોબાજીએ આમરણાંત ઉપવાસ કરવાનું બંધ કર્યું. મહારાજશ્રીને પણ એથી અત્યંત હર્ષોલ્લાસ થયો. મહારાજશ્રીના ઉપવાસની બહુ કદર થઈ. શ્રી વિનોબાજીનાં અંતેવાસી શ્રી નિર્મળાબહેન દેશપાંડેએ લખ્યું હતું. 'પૂજ્ય વિનોબાજી કે પ્રતિ આપકી જો અપાર આત્મીયતા હૈ વહ ઇતિહાસ મેં અદ્વિતીય માની જાયગી.'

મહારાજશ્રીએ ઇ. સ. ૧૯૬૮નું ચાતુર્માસ થાણા જિલ્લામાં તારાપોર પાસે ચિંચણમાં એટલે કે ચીંચણીમાં કર્યું. તે વખતે સમુદ્રકિનારે આવેલું શાંત, રમણીય અને વાડીઓનાં વૃક્ષોથી ભરચક આ સ્થળ સ્થિરવાસ માટે એમને ગમી ગયું. ૧૯૬૯નું ચાતુર્માસ પાસેના વાણગામમાં કર્યું. પરંતુ ચાલીસ વર્ષના સતત વિહાર પછી એમનું શરીર થાક્યું હતું. તેઓ સ્થિરવાસ કરવા ઇચ્છતા હતા. મુંબઇના પ્રાયોગિક સંઘે ચીંચણીમાં બંગલો, અન્ય મકાનો, કૂવો, કંપાઉન્ડની ભીંત અને વિવિધ પ્રકારના વૃક્ષો તથા ખેતીલાયક જમીન સાથેની એક વાડી પસંદ કરી. ૧૯૭૦થી મહારાજશ્રીએ ત્યાં સ્થિરવાસ કર્યો. એનું નામ રાખ્યું 'મહાવીરનગર આંતરરાષ્ટ્રીય કેન્દ્ર.' મહારાજશ્રીની ભાવના એને એક આંતરરાષ્ટ્રીય કેન્દ્ર તરીકે વિકસાવવાની હતી. પરંતુ એમનું એ સ્વપ્ન સાકાર થયું નહિ.

મહારાજશ્રીમાં વિચારશક્તિ, લેખનશક્તિ, કવિતાશક્તિ, શાસ્ત્રાભ્યાસ ઇત્યાદિ હતાં. એમણે ઉત્તરાધ્યયનસૂત્ર, દસવૈકાલિક સૂત્ર અને આચારાંગ સૂત્રનો સમર્થ અનુવાદ કર્યો છે. 'અપૂર્વ અવસર'નું સુંદર વિવેચન કર્યું છે. ધર્મપ્રાણ લોંકાશાહ, 'જૈન દૃષ્ટિએ ગીતાદર્શન' વગેરે ગ્રંથો લખ્યાં છે. ચીંચણીમાં ૧૯૮૨ સુધીના આ સ્થિરવાસ દરમિયાન એમણે 'વિશ્વવાત્સલ્ય' સામયિક ચલાવવા ઉપરાંત, 'તત્ત્વાર્થસૂત્ર'નું ગુજરાતી ભાષાન્તર, 'વિશ્વવત્સલ મહાવીર' જેવું દીર્ઘકાવ્ય ઇત્યાદિનું લેખનકાર્ય કર્યું હતું. એમણે પચાસથી અધિક નાનામોટા ગ્રંથોની રચના કરી છે.

આ કેન્દ્રમાં વિવિધ પ્રકારની વિચારગોષ્ઠીઓ થતી, પ્રવચનો થતાં, પ્રાર્થનાસભાઓ યોજાતી. સમગ્ર ભારતમાંથી નામાંકિત વ્યક્તિઓ મહારાજશ્રીને મળવા આવતી. મહારાજશ્રી રાજકારણમાં, કોંગ્રેસની પ્રવૃત્તિઓમાં પણ રસ લેતા અને 'વિશ્વવાત્સલ્ય'માં પોતાના વિચારો દર્શાવતા. પરંતુ કોંગ્રેસ જ્યારથી ગાંધીવાદી વિચારોથી દૂર જતી ગઈ ત્યારથી કોંગ્રેસ સાથેનો એમનો લગાવ ઓછો થતો ગયો. એમણે 'ગ્રામકોંગ્રેસ' નામની જુદી પ્રવૃત્તિ ચાલુ કરી હતી.

૧૯૭૧માં પહેલી વાર અમે ચીંચણી ગયા ત્યારનો અમારો અનુભવ લાક્ષણિક હતો. અમે બે ગાડીમાં પરિવારના દરેક સભ્યો મુંબઇથી ગયા હતા. મારા પિતાશ્રી પણ સાથે આવ્યા હતા. ઉનાળાના દિવસો હતા. રસ્તાઓ એવા ખરાબ કે સાતેક કલાકે ચીંચણી પહોંચાય. ત્યારે કેન્દ્રમાં મહારાજશ્રી અને મણિભાઈ બે જ જણ હતા. મીરાંબહેન બહારગામ કથામાં ગયા હતાં. બંગલાના હૉલમાં અમારો ઉતારો હતો. અડધી રાત સુધી મચ્છરને લીધે જાગરણ થયું અને પછી ચાલુ થયું વાવાઝોડું અને વીજળીના કડાકા. જોરદાર વાછટો હૉલમાં પણ આવી અને ગાદલાં ભીંજાઈ ગયાં. સવારે ઊઠ્યા ત્યારે નવકારશી વખતે કહેવામાં આવ્યું કે કેન્દ્રમાં બે ટંક જમવાની વ્યવસ્થા થશે. નવકારશીની વ્યવસ્થા નથી અને કેન્દ્રમાં ચા-કૉફી પીવાની મનાઈ છે. મહારાજશ્રી પોતે પોતાના આચારપાલન પ્રમાણે ગામમાંથી ગોચરી વહોરી લાવે છે. અમારે માટે મણિભાઈ ગામમાંથી દૂધ લઈ આવ્યા. ભોજનની વ્યવસ્થા માટે પણ ગામમાંથી બે બહેનોને બોલાવી લાવ્યા. બહારના મહેમાનો માટે એટલું વ્યવસ્થાતંત્ર હજુ તૈયાર થયું નહોતું. (હવે બધી જ વ્યવસ્થા છે અને ચાકોફીની પણ છૂટ છે.)

બે દિવસના અમારા રોકાણ દરમિયાન મહારાજશ્રી સાથે ઘણી વાતો અને તત્ત્વચર્ચા થઈ. પણ વિશેષ આનંદ તો મારા પિતાશ્રીના મુખે સ્તવનો સાંભળવાનો મહારાજશ્રીને થયો હતો. બીજી એક વખત પણ ચીંચણી જવાનું થયું ત્યારે મહારાજશ્રીએ તરત જૂની વાત યાદ કરીને મારા પિતાશ્રીને સ્તવનો સંભળાવવાનું કહ્યું હતું. પિતાશ્રીને આશરે દોઢસો જેટલાં સ્તવન કંઠસ્થ હતાં અને મધુર રાગે ભાવપૂર્વક ગાતા.

પછીથી જ્યારે મુંબઇથી સુરત, વડોદરા કે અમદાવાદ મોટરરસ્તે જ્યારે જવાનું થતું ત્યારે થોડાક કલાક માટે પણ ચીંચણીમાં અમારો મુકામ રહેતો. મહારાજશ્રી જે કંઈ લખ્યું હોય કે લખાતું હોય તે અચૂક બતાવતા. અમારી સાથે મારા પિતાશ્રી હોય તો મહારાજશ્રી એમને એક બે સ્તવનો સંભળાવવા માટે અવશ્ય કહેતા.

ઇ. સ. ૧૯૭૭ની આસપાસ એક વખત ચીંચણી જવાનું થયું ત્યારે મહારાજશ્રીએ ભગવાન મહાવીર વિશે એક દીર્ઘકાવ્ય લખવાની પોતાની ભાવના દર્શાવી હતી. પછી તો જેમ જેમ કાવ્ય લખાતું ગયું તેમ તેમ હું જ્યારે ચીંચણી જાઉં ત્યારે તેઓ મને બતાવતા. તેઓ તો સમર્થ કવિ હતા, તેમ છતાં છંદ, શબ્દરચના વગેરેની દૃષ્ટિએ નિખાલસ અભિપ્રાય આપવાનું મને કહેતા. કાવ્યનું શીર્ષક એમણે રાખ્યું હતું. 'વિશ્વવત્સલ મહાવીર'. આખું કાવ્ય જ્યારે લખાઈ ગયું ત્યારે એમણે મારી આગળ પ્રસ્તાવ મૂક્યો, 'રમણભાઈ, આની પ્રસ્તાવના હવે તમે લખી આપો.' મેં કહ્યું, 'મહારાજશ્રી, મારો એ અધિકાર નહિ. બીજા કોઈ પાસે લખાવો.' મહારાજશ્રીએ કહ્યું, 'અમારા બધાંનો અભિપ્રાય એવો છે કે પ્રસ્તાવના તમારી પાસે જ લખાવવી.' એમના વાત્સલ્યભર્યા આગ્રહને વશ થઈ છેવટે પ્રસ્તાવના લખવાનું મેં સ્વીકાર્યું. ગ્રંથના ફર્મા જેમ જેમ છપાતા જતા તેમ તેમ શ્રી વીરચંદભાઈ ઘેલાણી સાથે તેઓ મને મોકલાવતા. બધા ફર્મા છપાઈ ગયા ત્યારે આ દીર્ઘકાવ્યનો અભ્યાસ કરીને પ્રસ્તાવના લખી આપી, જે એમણે પુસ્તકમાં છાપી હતી. (આ પ્રસ્તાવના 'પ્રબુદ્ધ જીવન'માં પણ છપાઈ હતી અને મારા ગ્રંથ સાંપ્રત સહચિંતન-ભાગ-૩માં પણ છપાઈ છે.)

ચીંચણીમાં સ્થિરવાસ કર્યા પછી, એ વાડીમાં મહાવીરનગર

આંતરરાષ્ટ્રીય કેન્દ્ર સ્થાપવાની મહારાજશ્રીની ભાવના હતી. એમાં શ્રીમદ્ રાજચંદ્ર, મહાત્મા ગાંધી, મુનિશ્રી નાનચંદ્રજી અને જવાહરલાલ નહેરુ એ ચારનાં નામથી યુનિવર્સિટીની કક્ષાના ચાર વિભાગ શરૂ કરવાની અને એમાં એ પ્રમાણે શિક્ષણ આપવાની તેમની ઈચ્છા હતી. એ વિશે બધી વિગતો લખીને એ અંગે એક બોર્ડ પણ મૂકવામાં આવ્યું હતું.

મે એ બોર્ડની બધી વિગતો વાંચ્યા પછી એક વખત મહારાજશ્રી સાથે નિખાલસ ચર્ચા કરી હતી. મેં કહ્યું કે હું યુનિવર્સિટીમાં ભણાવું છું. યુનિવર્સિટી કક્ષાના વિભાગો કરવા, પગારદાર પ્રાધ્યાપકો રોકવા, વહીવટીતંત્ર ઊભું કરવું, તે માટે વર્ગો અને મકાનો બાંધવાં—આ બધી લાખો કરોડો રૂપિયાની વાત છે. આંતરરાષ્ટ્રીય કક્ષાની નહિ, રાષ્ટ્રીય કક્ષાની શિક્ષણસંસ્થા પણ ઊભી કરવા માટે ઘણું બધું કાર્ય કરવું પડે. જો એને સરકારી માન્યતા ન મળે તો એવું શિક્ષણ લેવા માટે ખાસ કોઈ આવશે નહિ. વળી આપે ગુરુભક્તિથી પ્રેરાઇને પૂ. નાનચંદ્રજી મહારાજનું નામ રાખ્યું છે, પરંતુ જૈનોના ચારે ફિરકામાં એ સર્વોચ્ચ નથી, તો આંતરરાષ્ટ્રીય સ્તરે તો કેવી રીતે હોય ? હરિભદ્રસૂરિ, કુંદકુંદાચાર્ય કે હેમચંદ્રાચાર્યનું નામ વધુ શોભે. તદુપરાંત જવાહરલાલ નહેરુનું નામ આઝાદી પહેલાં જેવું માનભર્યું હતું તેવું આજે રહ્યું નથી. આજકાલ છાપાંઓમાં જવાહરલાલજી વિશે કેટલી બધી ટીકાઓ આવે છે. રાજેન્દ્રપ્રસાદ, વિનોબાજી, રવિશંકર મહારાજ કે એવી કોઈ મોટી વ્યક્તિનું નામ રાખો તો કેમ ?

મહારાજશ્રીએ મારી નિખાલસ વાત સાંભળી એટલી જ નિખાલસતાથી કહ્યું કે આ આશ્રમ (કેન્દ્ર)ની સ્થાપના કરી ત્યારે ઉત્કટ ભાવનાથી આ બધું આયોજન મેં વિચાર્યું હતું, પણ જેમ જેમ સમય વીતતો જાય છે તેમ તેમ એની વાસ્તવિકતાનો મને વધુ ખ્યાલ આવતો જાય છે. હું હવે એ માટે ઉદાસીન છું. મેં એક બીજ વાવ્યું. હવે એ અંકુરિત થવાનું હશે તો થશે !'

૧૯૭૯માં મહારાજશ્રીએ વિનોબાજીના ગોવધબંધીના ઉપવાસ અટકાવવા માટે પોતે એકવીસ દિવસના ઉપવાસ કર્યા. પરંતુ ત્યાર પછી એમનું વજન ઘટ્યું અને તબિયત પણ અસ્વસ્થ રહેવા લાગી. વળી ૧૯૮૨ના ફેબ્રુઆરીમાં ફરીથી એમણે ત્રણ દિવસના ઉપવાસ કર્યા. આથી તેમના શરીરમાં ઘણી અશક્તિ આવી ગઈ. થોડા દિવસ પછી બીજી માર્ચે એમના પર લકવાનો હુમલો થયો. તેમને એમ્બ્યુલન્સમાં મુંબઇમાં હરકીશનદાસ હૉસ્પિટલમાં લઈ આવવામાં આવ્યા. થોડા દિવસ તબિયત સુધરતી લાગી. હું હૉસ્પિટલમાં એમની ખબર જોવા, વંદન કરવા જતો. ત્યારે તેઓ બોલી શકતા નહિ પણ ઓળખી શકતા અને સમજી શકતા. એમની સ્મૃતિ સારી હતી. પણ પછી સ્વાસ્થ્યમાં વળાંક આવ્યો. તા. ૨૬મી માર્ચ ૧૯૮૨ના રોજ સવારે ૧૦-૫૫ કલાકે એમણે દેહ છોડી દીધો.

એમના મૃતદેહને એમ્બ્યુલન્સમાં ચીંચણી લાવવામાં આવ્યો. ત્યાં આશ્રમમાં થોડા કલાક દર્શનાર્થે રાખવામાં આવ્યો અને પછી સમુદ્ર તટે અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યા. એમની પાલખી મીરાંબહેન, કાશીબહેન વગેરે ચાર કુંવારી (પણ હવે વયોવૃદ્ધ) બહેનોએ ઉપાડી હતી અને અગ્નિસંસ્કાર એમના જીવનભરના અંતેવાસી શ્રી મણિભાઈએ કર્યા હતા.

આ જગ્યા મહારાષ્ટ્ર સરકારે આશ્રમને ભેટ આપી છે અને ત્યાં મહારાજશ્રીની સમાધિ આરસમાં રચવામાં આવી છે. એમના ઉપર મહારાજશ્રીના બે પ્રિય મંત્ર ૐ હ્રીઁ અરિહંત નમઃ । અને ૐ મૈયા શરણમ્ મમ । કોતરવામાં આવ્યા છે.

સ્વ. શ્રી સંતબાલજી મહારાજનો જન્મ તા. ૨૬-૮-૧૯૦૪માં એટલે કે વિ. સં.૧૯૬૦ના શ્રાવણની પૂર્ણિમાએ થયો હતો. શ્રાવણી પૂર્ણિમા એટલે બળેવનો દિવસ, પર્વનો મોટો દિવસ. આ દિવસે બહેન ભાઈને રાખડી બાંધે. આ દિવસે દરિયાખેડુઓ શ્રીફળ વધેરી દૂર દૂર સુધી દરિયો ખેડવા જાય, કારણ કે હવે દરિયામાં વાવાઝોડાનો ભય નહિવત્ હોય.

મહારાજશ્રી કાળધર્મ પામ્યા તા. ૨૬-૩-૧૯૮૨ વિ. સં.ના ચૈત્ર સુદ એકમના રોજ. ચૈત્ર સુદ એકમ એટલે ગુડી પડવો. કેટલાક લોકોનું એ બેસતું વર્ષ. શક સંવત ગુડી પડવાથી ચાલુ થાય. આમ મહારાજશ્રીના જન્મ અને કાળધર્મના એમ બને દિવસો મોટા પર્વના દિવસો રહ્યા છે.

મહારાજશ્રીનો જન્મ શુક્રવારના દિવસે થયો હતો. એમણે દીક્ષા ગ્રહણ કરી એ દિવસ પણ શુક્રવારનો હતો અને તેઓ કાળધર્મ પામ્યા એ દિવસ પણ શુક્રવારનો હતો. આ પણ એક સુંદર યોગાનુયોગ કહેવાય.

સ્વ. પૂ. શ્રી સંતબાલજી મહારાજ એક મહાન, ક્રાન્તિકારી સાધુ મહાત્મા હતા. અલબત્ત એમની ધર્મક્રાન્તિ વિશે વિભન્ન મત રહેવાના. એમના જીવન વિશે મણિભાઈ પટેલ, મીરાંબહેન, દુલેરાય માટલિયા, નવલભાઈ શાહ, અંબુભાઈ શાહ, મનુભાઈ પંડિત, મુકુલ કલાર્થી, ટી. યુ. મહેતા, ગુણવંત બરવાળિયા વગેરેએ ગ્રંથો લખ્યા છે.

જૈન સાધુ તરીકે મહારાજશ્રી ગોચરી, પાદવિહાર વગેરે કેટલાક આચારનું ચુસ્ત પાલન કરતા હતા, પણ બીજા કેટલાક આચારમાં એમણે પોતાના ધ્યેયને અનુલક્ષીને ફેરફારો કર્યા હતા. એમણે નિર્દંભ અને નીડરપણે જાહેર નિવેદન કરીને એ માર્ગ અપનાવ્યો હતો. એટલે એમને સાંપ્રદાયિક ધોરણે મૂલવવા કરતાં તત્કાલીન વિશાળ સામાજિક સંદર્ભમાં મૂલવવા જોઇએ.

એ વખતે દેશની આઝાદી માટે અને પ્રજાકલ્યાણ માટે સમગ્ર દેશમાં એવો મોટો જુવાળ આવ્યો હતો અને ગાંધીજીના જીવન અને કાર્યનો લોકો ઉપર એટલો મોટો પ્રભાવ પડ્યો હતો કે સંતબાલજી જેવા કેટલાય એમાં ખેંચાય એ સ્વાભાવિક હતું. એ કાળે કેટલા બધા જૈન સાધુઓએ ખાદી ધારણ કરી હતી.

જૈનો આત્મધર્મ માટે, આત્મસાધના માટે, મોક્ષપ્રાપ્તિના ધ્યેય અર્થે, ગૃહત્યાગ કરી દીક્ષા લે છે. ગુરુ ભગવંત એ માટે જ વ્રતો ઉચ્ચારાવે છે અને સમાજ પણ એ સમજણ સાથે જ સાધુ-સાધ્વીઓના ભરણ-પોષણની જવાબદારી સહર્ષ વહન કરે છે. આ એક પ્રકારનું વ્યવસ્થિત સંગઠન છે. આ એક ઉચ્ચ પરંપરા છે. અઢી હજાર વર્ષથી તે અવિચ્છિન્ન ચાલી આવે છે. તેમાં કોઈ સાધુ કે સાધ્વી સ્વચ્છંદપણે વર્તે તો તે ચલાવી ન લેવાય. એથી પરંપરા તૂટે. લોકોની શ્રદ્ધા ખૂટે. એક વખત તૂટેલી પરંપરાને ફરીથી જીવંત કરવાનું મુશ્કેલ બને છે. (જેમ બૌદ્ધ ધર્મમાં ભારતમાં બન્યું હતું.)

બીજી બાજુ જમાને જમાને કોઈક કોઈક મહાત્મા એવા નીકળવાના કે જેઓને આત્મકલ્યાણ કરવા સાથે પોતાની નજર સામેના દુઃખી લોકોનું ભૌતિક કલ્યાણ વધુ મહત્ત્વનું લાગે. લોકોનાં દુઃખદર્દ તેમને માટે અસહ્ય થઈ પડે; કેટલાક લોકકલ્યાણ એ જ આત્મકલ્યાણ છે અથવા લોકકલ્યાણ દ્વારા આત્મકલ્યાણ થાય એવા વિચારો પણ ધરાવે. આ સમગ્ર વિષયને ઘણા દૃષ્ટિકોણથી વિચારી શકાય. વસ્તુતઃ કોઈ સમાજ પોતાની પરંપરાના રક્ષણ માટે અલગ વિચાર ધરાવતી વ્યક્તિને સમુદાયમુક્ત કરે તો તે ખોટું છે એમ ઉતાવળે કહી નહિ શકાય. સમજણપૂર્વક બંનેના પંથ જુદા જુદા રહે એ જ ઇષ્ટ છે.

એટલે જ પૂ. સંતબાલજી મહારાજશ્રીને કોઈ એક પૂર્વગ્રહભરી સાંપ્રદાયિક દૃષ્ટિથી જોવાથી એમને બરાબર ન્યાય નહિ આપી શકાય. એમનું જીવન, કાર્ય અને સાહિત્ય એક મહાનિબંધ લખાય એટલું મોટું છે. જેમ સમય પસાર થાય અને સંબંધ ધરાવતી વ્યક્તિઓ ભૂતકાળમાં વિલીન થાય ત્યારે, પાંચ-સાત દાયકા પછીથી કોઈક સમર્થ વ્યક્તિ સમગ્ર ઘટનાને કાળના પરિપ્રેક્ષ્યમાં અને સિદ્ધાન્ત તથા પરંપરાના સંદર્ભમાં તટસ્થતાપૂર્વક વધુ સારી રીતે મૂલવી શકે.

પ. પૂ. સંતબાલજી મહારાજ જે પ્રકારનું જીવન જીવ્યા તે અનોખું હતું. એમની જન્મશતાબ્દીના આ અવસરે એમના પુણ્યાત્માને નત મસ્તકે વંદના !

☐ **રમણલાલ ચી. શાહ**

❖❖❖

# સવ્વપાવપણાસણો

## ☐ ડૉ. બિપિનચંદ્ર હીરાલાલ કાપડિયા

જેમાં રાગદ્વેષનું મિશ્રણ છે તેવા વિષયકષાયાદિ આભ્યન્તર પરિગ્રહ કહેવાય છે. આના લીધે પોતાના ધનનો, શક્તિનો, વાક્છટાનો દુરુપયોગ કરી સૌનો શાપ માથે લઈ મરીને દુર્ગતિનું ભાજન બની અનંત કાળચક્રો નિરર્થક, સર્વથા નિરર્થક, બરબાદ કર્યા છે. સર્વશ્રેષ્ઠ માનવભવમાં પોતાના આત્માની અને પરમાત્માની સાધના કરવી જોઇતી હતી તેને બદલે ક્ષણભંગુર સંસારની ખટપટોમાં પુણ્યની મૂડી વેડફી નાંખી, પુણ્યની કમાઈ સમાપ્ત કરી દીધી.

નિગોદથી માંડી પંચેન્દ્રિય સુધીના ચેતન જીવો ૧૪ રાજલોકમાં રાગ-દ્વેષ અને કષાયો દ્વારા જે કાર્મણ વર્ગણાઓ આત્મા સાથે એકાકાર કરે છે તેથી તેઓને ૮૪ લાખ યોનિઓમાં ભટકવું પડે છે. સમસ્ત સંસારમાં ચાલતી અસીમ પ્રવૃત્તિઓનું વિભાજન શુભ-અશુભ બંને રીતે કરી શકાય. દેવ, માનવ, તિર્યંચ, નારક તથા એકથી માંડી પંચેન્દ્રિય સુધીના જીવોની મન-વચન-કાયાની શુભાશુભ પ્રવૃત્તિઓનું વિભાજન કરતાં શુભાશુભનો ખ્યાલ આવી શકે. આમાં સર્વ પ્રવૃત્તિઓ મુખ્યત્વે કાયિક તદ્દુપરાંત વાચિક પણ થાય છે. જ્યોર માનસિક સારા ખોટા વિચારોની પ્રવૃત્તિઓ અમર્યાદ, અંત વગરની છે. અહીં આ સિદ્ધાન્ત ખ્યાલમાં રાખવાનો છે કે 'ક્રિયાએ કર્મ પરિણામબંધ.' આવાં શાસ્ત્રીય સિદ્ધાન્તો અકાટ્ય છે. પૂ. ઉમાસ્વાતિજીએ તત્ત્વાર્થસૂત્રમાં આ વાત જણાવી છે કે 'કાય-વાઙ્મનઃ કર્મયોગઃ'

ભૂતકાળમાં કરેલી પુણ્યાત્મક શુભ પ્રવૃત્તિઓને સ્મૃતિપટ પર લાવી ખુશ થવાના સ્વભાવવાળો માનવમાત્ર તત્કાળ કરેલી અશુભ ક્રિયાઓને એકાદ ક્ષણ માટે પણ સ્મૃતિમાં લાવી શકતો ન હોય તો ૨૫-૩૦ વર્ષો પૂર્વે કરેલાં પાપકર્મો ક્યાંથી યાદ રાખી શકાય ? 'મેં આ ખોટું કર્યું છે, મારાથી પાપો થઈ ગયાં છે' ઇત્યાદિ પ્રસંગોમાં મિચ્છામિ દુક્કડં આપવાનો ભાવ પણ કેવી રીતે થઈ શકે ? જો આમ ચાલ્યા જ કરે તો પુણ્યકર્મની રાશિ સાથે જન્મેલો મનુષ્ય, માનવભવને મેળવી આજીવન અવિરતપણે પાપ વ્યવહાર કરી પાપ કર્મોનો ભારો મસ્તક પર લઈ ૮૪ લાખ યોનિમાંથી નીકળી દુઃખમય અશુભ નરક-તિર્યંચ યોનિમાં પટકાઈ જશે.

તેથી મારો આત્મા કયા કયા પાપોથી ઘેરાયેલો છે ? તેનો નિર્ણય કરવો શિક્ષિત જીવનનો ફલાદેશ છે. મનુષ્યજીવનમાં સાવધાન કે અસાવધાન બન્યા તો શુભાશુભ કર્મો ભોગવવા માટે દેવગતિ, તિર્યંચ ગતિ અને નરક ગતિ વિદ્યમાન છે જ.

પુણ્યકર્મો સમજવા સરળ છે, પણ આદરવા કઠીન છે. તેથી પણ વધુ કઠણ અને કાઠિન્ય પાપકર્મોને સમજવામાં અને ત્યાગવામાં છે. હુંડા અવસર્પિણીમાં પાંચમા આરામાં અમૂલ્ય અને દુર્લભ માનવભવ પ્રાપ્ત કરી ધીમે ધીમે યથાશક્તિ યથાશક્ય, યથાપરિસ્થિતિ એકાદ મોટા પાપને પ્રતિમાસે, પ્રતિવર્ષે કે પાંચ વર્ષે છોડવા પ્રયત્નશીલ રહેનાર ભાગ્યશાળી બનશે. તેથી પાપકર્મોને સમજવા માટેની તત્પરતા જ મુનિવેષમાં કે ગૃહસ્થવેષમાં રહેલા આત્માને મોક્ષ તરફ આગળ વધવામાં પૂર્ણ સહાયક બનશે, એમાં લેશમાત્ર શંકાને સ્થાન નથી.

બંને પ્રતિક્રમણો રાઈ તેમ જ દેવસીમાં ૧૮ પાપસ્થાનકોને યાદ કરવામાં આવે છે. તેમાં પ્રથમના પાંચ મોટા પાપો કરતાં પણ પછીના ૧૩ પાપો તેના કરતાં વધારે ખતરનાક છે.

પાપની વ્યાખ્યા આમ કરાઈ છે : પાપાનાં સ્થાનકસમિતિ પાપસ્થાનકમ્. પાપાનિ એવ સ્થીયન્તેઽસ્મિન્નિતિ પાપસ્થાનકમ્.

એક કુશળ વેપારી દરરોજ વકરો કર્યા પછી સાંજે હિસાબ માંડે છે કે આજે નફો કેટલો થયો અને નુકસાન કેટલું ! રોકેલી મૂડી પર શું થયું ? રોજમેળમાં જમા ઉધારનો તાળો મેળવતાં છેવટે લાભ કે ગેરલાભનો તાળો મળે છે. તેમ આપણે ધર્મ ઘણો કર્યો એમ માની ધાર્મિક હોવાનો ખોટો ચાળો કરીએ છીએ. કેમકે આપણો ધર્મ સગવડિયો છે, બાંધછોડવાળો છે, જે બંને ક્ષેત્રોમાંથી (દેરાસર અને અપાસરો) બહાર નીકળતાંની સાથે જ અસલી ચેહરો ધારણ કરીએ છીએ. મેં આટલા ઉપવાસ, તપશ્ચર્યા, આયંબિલ, દાન, વગેરે કર્યું છે. હવે મને તેથી પૂરેપૂરો સંતોષ છે. પરંતુ શ્રાવકના ૩૫ લક્ષણોને દૂરથી જ સલામ કરી દીધી છે ! ન્યાયસંપન્ન વિભવથી દ્રવ્ય ખર્ચ્યું નથી. ધર્મ કર્યાનો હિસાબ માંડ્યો છે પરંતુ કેટલાં, કેવાં કેવાં, કલુષિત પાપોનો ઢગલો પીઠ પર ધારણ કર્યો છે તેનો કદાપિ હિસાબ માંડ્યો છે ? કેટલાં પાપો દુઃખી હૃદયે કર્યાં ? કેટલાં પાપોને તિલાંજલિ આપી ? કેટલાં માટે પશ્ચાત્તાપ કે પ્રાયશ્ચિત્ત કરવાનો મનસૂબો કર્યો ? આવું કશું કર્યા વગર ધાર્મિક હોવાનો ખોટો ડોળ જ કર્યો છે ને ? પોપટની જેમ જ પ્રતિક્રમણો કર્યાં ?

ખરેખર તપાસવાનું આ છે કે આપણે ધર્મમાં કેટલાં ઊતર્યાં છીએ અને આપણામાં ધર્મ કેટલો ઊતર્યો છે ? એકાંતમાં એકાદેકવાર પૂછવું જોઇએ. આપણો અંતરાત્મા ક્યારેય પણ દગો નહીં દે. ખોટી સલાહ નહીં આપે. આ એક ચિંતનની પ્રક્રિયા છે. ઘડામાં પાણી છે કે ઘડો પાણીમાં છે ? ઊંધો તરતો ઘડો પાણીમાં કહેવાય પરંતુ તેમાં પાણી બિલકુલ હોતું નથી. એવી રીતે ધર્મક્ષેત્રમાં વ્યક્તિ ઘણી આગળ વધી હોય, ખૂબ ખૂબ ધાર્મિક ક્રિયાઓ, વ્રત-પચ્ચકખાણ, ઉપવાસાદિ તપશ્ચર્યા અને અનુષ્ઠાનો કર્યાં હોય પરંતુ તેમનામાં ધર્મ કેટલો ઊતર્યો તે એક જુદો પ્રશ્ન છે. એકાંતમાં વિચારવાથી, ચિંતન કરવાથી આપણી સ્થિતિનું સાચું ભાન થઈ શકશે.

આખી રાત પાણીમાં હલેસાં માર્યા જ કર્યા અને સવારે અન્યત્ર હોઇશું એમ માનનારાને જ્યારે સાચી પરિસ્થિતિ જણાય ત્યારે હતા ત્યાંના ત્યાં જ છીએ, કારણ કે નાવનું લંગર જ જે છોડવાનું હતું તે તો છોડવાનું જ ભૂલી ગયા છીએ ! પાપોનો હિસાબ ન માંડ્યો. કેટલાં છોડ્યાં, કેટલાંનો પશ્ચાતાપ કે પ્રાયશ્ચિત કર્યું તે જાણ્યા વગર હિસાબ નફા-તોટાનો કર્યા વગર નફો કે તોટો કેવી રીતે જાણી શકાય ? તેથી અનંતાનંત પુદ્ગલ પરાવર્તથી ભટકતાં, રખડતાં, કૂટાતાં જ રહ્યાં, કેમકે ખોટનો જ સોદો કર્યા કર્યો છે.

માટે પાપનિવૃત્તિ એ મોટો, ખરો, સાચો ધર્મ છે. તેથી નિષ્પાપ થવું અને માત્ર ધર્મી થવું તેમાં ઘણું અંતર છે. ધર્મ ઉપાર્જન કરવાનો પ્રયત્ન કે પ્રયોજન જણાવે કે આપણે કેટલા અંશે પાપથી નિવૃત્ત થયા ? ભણનાર વિદ્યાર્થી વિદ્યાઉપાર્જન કરતા અજ્ઞાનની નિવૃત્તિ કરે છે, ત્યારે ભણવાની સાર્થકતા સધાય છે. એવી રીતે, ધર્મ સાધતો ધર્મી જો જીવનમાંથી પાપનિવૃત્તિ કરે તો જ સાધ્યની સિદ્ધિ થાય છે. અન્યથા નહીં. એક વ્યક્તિ ધર્મ ઘણો કરે, પાપો કર્યે જ જાય, પાપને ઘટાડતો નથી અને પોતે ધર્મ ઘણો કર્યો તેનો સંતોષ માને જ રાખે છે.

બીજી તરફ એક બીજી વ્યક્તિ પાપોનો ત્યાગ કરે છે, ન કરવાની પ્રતિજ્ઞા કરે છે, પ્રાયશ્ચિત કે પશ્ચાત્તાપ કરે છે તેમાં તે મોટો ધર્મ માને છે. પહેલી વ્યક્તિ મેં ઘણી માળા ગણી, સામાયિક-પ્રતિક્રમણાદિ કર્યાં, દાન દીધું, તપશ્ચર્યા ઘણી કરી; પરંતુ તેના જીવનનું બીજું પાસું જોતાં તે જીવનમાંથી પાપનિવૃત્તિ માટે કશો જ પ્રયત્ન નથી, ખેદ નથી, દુઃખ નથી. પાપનિવૃત્તિને બિલકુલ મહત્ત્વ આપતો નથી તો પછી

બંનેમાં કોણ ચઢે ? ટૂંકાણમાં પાપનિવૃત્તિ પ્રધાન ધર્મ છે.

'આણાણે ધમ્મો' તેથી પ્રભુએ પ્રથમ આજ્ઞા પાપ છોડવાની કરી છે. પ્રતિક્રમણ ગાથા ૪૮માં કહ્યું છે કે 'પડિસિદ્ધાણં કરણે (પ્રતિષેધનું કરવું) કિચ્ચાણમકરણે' (કૃત્ય કરવા યોગ્યને ન કરવું). અત્રે બંનેમાં (પક્ષમાં) પાપ લાગે છે. આ રીતે ધર્મ કરતાં પહેલાં અધર્મ ન કરવાની પ્રતિજ્ઞા બહુ જરૂરી છે. એક વાત નોંધી લઇએ કે પાપો મુખ્યત્વે અંધારામાં એકાંતમાં જ થાય છે. કેમકે કોઈ–જાણી જશે તેનો ડર છે.

પુણ્ય–પાપની ચતુર્ભંગી પડે છે. જેમ કે પુણ્યાનુબંધી પુણ્ય, પાપાનુબંધી પુણ્ય, પાપાનુબંધી પાપ, પુણ્યાનુબંધી પાપ, ગત જન્મમાં ધર્મારાધનાથી પુણ્ય સારું બાંધ્યું; જેથી ધન–સંપત્તિ ખૂબ મળી જેનો ઉપયોગ હિંસા, ચોરી, જૂઠ, શિકાર, વેશ્યાગમનાદિ જેવાં પાપકર્મોમાં ખર્ચી નાંખી. નવાં પાપો બંધાતા હોય તેને પાપાનુબંધી પુણ્ય કહેવાય. જેમકે મમ્મણ શેઠ. જેણે સાધુ ભગવંતને લાડુ વહોરાવી પુણ્ય બાંધ્યું પરંતુ લાડુ પાછો લેવાની ચેષ્ટાથી પાપ બાંધ્યું. બીજા ઉદાહરણમાં ગત જન્મોના પાપોના ઉદયથી તે દુ:ખી છે; પરંતુ દાનાદિ ધર્મ સેવી નવા પુણ્યનું ઉપાર્જન કર્યું. જેમકે રોહિણીયો ચોર તથા ગરીબ ખેડૂતનો દીકરો જેણે મહામૂલ્ય માંગેલી ખીર ખૂબ અનુમોદના સાથે મુનિને ધરી દીધી જેથી બીજા જન્મમાં તે શાલિભદ્ર અઢળક સંપત્તિનો માલિક થયો.

પાપાનુબંધી પાપને તો તિલાંજલિ જ આપવી રહી. તે માટે શું કરવું જોઇએ ? પાપો પ્રત્યે તીવ્ર પશ્ચાત્તાપ કે પ્રાયશ્ચિત્ત કરવું જોઇએ. પુણ્ય સંપાદન કરવા કરતાં પાપ ન કરવાનો મનસૂબો ઘડવો જોઇએ. તે માટે કહેવાતો ધર્મ કર્યાનો સંતોષ ઘટાડી પાપ કરવાની વૃત્તિ માટે અસંતોષ રહેવો જોઇએ. તે માટે વ્રત, તપ, સામાયિક, પ્રતિક્રમણાદિ અનુષ્ઠાનો કરતાં પહેલાં મનન, ચિંતન, ધ્યાન, અનુપ્રેક્ષાદિ માટે સૌ પ્રથમ આમ વિચારવું કે ૧૪ રાજલોક સાથેનો મારો સંબંધ હવે હું રાખતો નથી અને મનને ઢેડવાડે રવાના ન કરતાં અહીં મારા મનને કેન્દ્રિત કરું છું.

તે માટે પરભાવમાંથી મનને સ્વભાવમાં લાવવું રહ્યું. ઇરિયાવહિનું યથાર્થ ચિંતન કરી 'ગમણાગમણે'માંથી મનને એકાગ્ર કરવું જોઇએ. એકેન્દ્રિયથી માંડી પંચેન્દ્રિય સુધીના જીવોને મેં જે ૧૦ રીતે દુભવ્યા છે તે માટે પશ્ચાત્તાપ કરું છું. ઇરિયાવહી પડિક્કમતાં શુભધ્યાનો થકી અનેક ઘોર પાપોનો વિલય થાય છે. વિશુદ્ધિકરણ કરવા માટે પાપોને શલ્ય વગરના કરવા રહ્યા. તે માટે કાયોત્સર્ગ કરું છું.

ઇરિયાવહીની આરાધના કરનાર ૧૮, ૨૪, ૧૨૦ પ્રકારે થતી હિંસાથી બચી શકે. સતત ઇરિયાવહી માટે બાળ શિષ્યે ધ્યાન ખેંચ્યા છતાં અને પ્રતિક્રમણમાં પણ ફરી શિષ્યે યાદ દેવડાવ્યું તેમ છતાં ન કરવાથી ગુરુ ચંડકૌશિક નાગ થયા. તેથી બને તેટલી વાર દિવસ–રાતમાં ઇરિયાવહીનું રટણ અને મનન કરવું જોઇએ.

અનુપ્રેક્ષા કે ચિંતન–મનન આ રીતે કરાય કે રાગ–દ્વેષ અને કષાયોના ફળરૂપે જે મિથ્યાત્વના દોષો છે તેને એટલે કે સમ્યકત્વ–મોહનીય, મિશ્રમોહનીય અને મિથ્યાત્વ મોહનીય પરિહરી સુદેવ–સુગુરુ–સુધર્મ જ્ઞાન–દર્શન–ચારિત્રની વિરાધના પરિહરી સમ્યકત્વ મેળવવા ઉદ્યમશીલ છું. તે માટે મન–વચન અને કાયાની દુષ્પ્રવૃત્તિઓ પરિહરી મન–વચન–કાયાની ગુપ્તિ માટે પ્રયત્નશીલ થવા માંગું છું. આ ત્રણે ગુપ્તિ વગર તેના અભાવમાં કૃષ્ણ–નીલ–પીત લેશ્યા, રસગારવ, ઋદ્ધિગારવ તથા સાતા ગારવ માથું ઊંચકે તેમ છે.

દિવસ–રાતની વિવિધ પ્રવૃત્તિઓ કરતાં કાયમનોવાક્ દ્વારા માનસિક, ઉત્સૂત્ર, ઉન્માર્ગી, અકલ્પ્ય, અકરણીય, કુશ્ચિંતન થકી અનિચ્છનીય જ્ઞાન–દર્શન–ચારિત્ર સંબંધી ત્રણ ગુપ્તિ, ચાર કષાયો, ચાર શિક્ષાવ્રતો, બાર પ્રકારના શ્રાવકના ધર્મોનું ખંડન કર્યું હોય, વિરાધના કરી હોય તે માટે ફરી ન થાય તેવો નિશ્ચય કરવાની મનોવૃત્તિ સેવું છું. આ પ્રકારના ચિંતન–મનન થકી પાપો ઓછાં કરવા તરફ જવાશે. અત્ર Negative (નકારાત્મક) પ્રયોગ છે; નહીં કે Positive (હકારાત્મક). આ પ્રયોગથી આગળ વધવું વધુ હિતાવહ તથા લાભદાયી નીવડશે.

પ્રભુના દર્શન–વંદનાદિ કરવા જેઓ જઈ શકતા ન હોય અથવા ત્યાં ગયા વગર તેનો લાભ લેવો હોય તો ચૈત્યવંદન, સામાયિક, પ્રતિક્રમણાદિમાં આમ બોલાય છે કે 'સવ્વાઈ તાઈ વંદે ઇહ સંતો તત્થ સંતાઈ'. અને તે પણ કેટલાં ? એક–બે નહીં પરંતુ તીર્થવંદનામાં કહ્યું છે કે અઢી દ્વિપમાં જે અણગારો, અઢાર સહસ્ર શીલાંગના ધારકો, વિહરમાન વંદુ જિનવીરા, સિદ્ધ અનંનમું નિશદિશ. ભાવના સહિત જો આમ કરાય તો બેડો પાર ન કેમ થાય ? વળી જિનેશ્વરો ઉપરાંત 'અઢાઈજ્જેસુ'માં કહ્યું છે કે:–

'અઢાઇજ્જેસુ દીવસમુદેસુ, પનરસસુ કમ્મભૂમીસુ,
જાવંત કે વિ સાહુ રયહરણ ગુચ્છ પડિગ્ગહધરા.'

ખરેખર આ વિચારો–મનન કરીએ તો ૧૪ રાજલોકમાં કોઈ પણ બાકી ન રહી જાય ! અત્રે શાસન દિવાકર ગચ્છાધિપતિ વિજય રામચંદ્રસૂરીશ્વરજી સ્મૃતિપટ પર આવે છે. તેમને વિષે કહેવાયું છે કે તેઓ જે જે દેરાસરમાં જાય ત્યાં ત્યાં પ્રભુની પ્રત્યેક પ્રતિમા આગળ ત્રણ ત્રણ ખમાસણા દેતાં એટલું જ નહીં પણ શત્રુંજય પર દરેકે દરેક મૂર્તિ આગળ એમણે ત્રણ ત્રણ ખમાસમણા દીધાં છે ! ધન્ય છે તેમની ધીરજ તથા ધર્મશ્રદ્ધાદિને ! શ્રી કૃષ્ણે ૧૮,૦૦૦ સાધુઓને વંદન કરી તીર્થંકર નામકર્મ બાંધ્યું હતું.

કેટલાંક બીજાં સૂચનો કરું. પ્રભાતે ઊઠી ગૌતમસ્વામીને યાદ કરી અંગૂઠે અમૃતવશે લબ્ધિ તણા ભંડાર શ્રીગુરુ ગૌતમ સમરતાં પ્રગટે કેવળજ્ઞાન.' વળી દિવસ–રાત દરમ્યાન કંઈ પણ ન સૂઝે તો 'નમામિ સવ્વે જિણાણં, ખામેમિ સવ્વે જીવાણં, સાધૂનાં દર્શનં પુણ્યં.' તથા રાત્રે સૂતા પહેલાં આટલું બોલી નિદ્રાધીન થવું. 'જ્ઞાન મારું ઓશિકું, શિયળ મારો સંથારો, ભર નિદ્રામાં કાળ કરું તો વોસિરામિ વોસિરામિ.' વળી 'આહાર શરીરને ઉપધિ પચ્ચકખું પાપ અઢાર, મરણ પામું તો વોસિરીએ જીવું તો આગાર.' જીવી જવાય તો બારી ખુલ્લી રાખી છે. કેવી છે જિજિવિષા ! કેવી વાણિયા બુદ્ધિ !

આથમતો સૂર્ય પણ અગૂઢ સંકેત કરી જાય છે. 'ઉત્થાય ઉત્થાય જ્ઞાતવ્યમ્ કિમ્ મે અદ્ય સુકૃતં કૃતમ્ આયુષ: ખંડમાદાય રવિરસ્ત મિતમ્ ગત: ।।'

જીવનમાંથી એક દિવસ ઓછો કરી સૂર્ય અસ્ત પામી ગયો ! તેથી ખોટો આડંબર, અભિમાન, દંભ, કપટ ન કરી ધાર્મિક હોવાનો ચાળો કરતાં પહેલાં નિરીક્ષણ કરવું જોઇએ કે મારો ધર્મ શું દેરાસર કે અપાસરા પૂરતો નથી. બહાર આવ્યા પછી ધાર્મિકતાનો ચેહરો કાઢી અસલી રાક્ષસનો ચહેરો તો નથી ધારણ કરતો ને ? તે માટે ડગલે ને પગલે વિનય રાખવો જોઇએ, કરવો જોઇએ. કહેવાય છે કે નમ્યા તે સૌને ગમ્યા. વળી વિનયની વ્યાખ્યા પણ આમ કરાય છે. 'વિનયતિ દૂરી કરોતિ અષ્ટવિધ કર્માણિ ઇતિ વિનય:' ।

ચૈત્યવંદન કરવાની વૃત્તિ કે ધૈર્ય–ધીરજ ન હોય તો જગચિંતામણિમાંની પંક્તિ 'સત્તાણવઈ સહસ્સા, લખ્ખા છપન્ન અઠ્ઠકોડીઓ બત્તીસ બાસિયાઇ તિયલોએ ચેઇએ વંદે' (ત્રણે લોકના આઠ કરોડ છપ્પન લાખ સત્તાણું હજાર બત્રીસો ને બ્યાસી ચૈત્યો તથા પંદરસો કરોડ (પંદર અબજ) બેંતાલીસ કરોડ અઠ્ઠાવન લાખ, છત્રીસ હજાર અને એંસી શાશ્વત બિંબોને પ્રણમું છું. કેટલો લાભ માત્ર સ્મરણપટ પર લાવવાથી, તેવી રીતે ભરહેસરની સજ્ઝાયનું ચિંતન કરવાથી સુખ પ્રાપ્ત થાય છે તથા પાપના બંધનનું વિલીનીકરણ થાય છે; 'જેસિં નામગ્ગહણે પાવબંધા વિલયં જંતિ'

ટૂંકાણમાં, પાપોથી બચવા, તેનો ત્યાગ કરવા માટે, પ્રાયશ્ચિત કે પશ્ચાત્તાપ ન થાય તો સંસારી જીવો અનાદિ અનંત કાળથી મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, અવ્રતાદિથી રાગ-દ્વેષને છંછેડતા રહ્યાં છે અને તેના પરિણામ સ્વરૂપ પાપવૃત્તિથી છૂટી શકતા નથી. તો આટલું તો વિચારાધીન છે કે જીવો મન, વચન અને કાયથી શુભ પ્રવૃત્તિ જો ન આચરી શકતા હોય તો ઓછામાં ઓછું અશુભ પ્રવૃત્તિ તરફ જાગરૂકતા કેળવવી. અશુભને રોકી, દૂર કરી, શક્ય હોય ત્યાં સુધી તિલાંજલિ આપી શુભ પ્રવૃત્તિમાં જેટલું બને તેટલું રહેવું. શારીરિક, માનસિક અને વાચિક પ્રવૃત્તિ તરફ બેધ્યાન ન રહેતાં જાગરૂકતા કેળવવા પ્રયત્નશીલ થવાથી 'સવ્વપાવપણાસણો' થકી મોક્ષ મહેલમાં પ્રવેશ કરવા માટેના દ્વાર વધુ ને વધુ નજદીક આવે છે.

વર્તમાન સમયમાં જાણે છઠ્ઠા આરાની ઉષા ઉગી હોય એમ લાગે છે કારણ કે દરરોજના છાપામાં, માસિકોમાં, સિનેમા, ટી.વી., વગેરેમાં બળાત્કાર, ખૂન, ચોરી, લૂંટ, ડાકુગીરી, હડતાલ, પત્થરબાજી, આગ વગેરેમાં સમાજનો કયો વર્ગ ચોકખો રહ્યો છે ? માટે આજે ઉપધાન તપમાં પાપનિવૃત્તિ અને આત્મવિકાસને કેન્દ્રમાં રખાય છે.

પાપાનુબંધી પાપો કર્યા કરીએ તો પાપોનો, સરવાળો, બાદબાકી કે ભાગાકાર ન થતાં ગુણાકાર જ થતો રહે છે. તેથી પાપની અનુમોદના ન કરો, સાવધ થઈ પ્રાયશ્ચિત્ત લેવાથી પાપકર્મ શિથિલ થઈ નાશ પણ પામે. પાપની પ્રશંસા પાપના ગુણાકારો વધારે છે. પાપના બંધને વધુ ગાઢ બનાવે છે. દૃઢ-દૃઢતર અને નિકાચિત પણ બનાવે. માટે જ પંચસૂત્ર જેવા આરાધનાના પવિત્ર સૂત્રમાં પૂજ્ય ચિરંતનાચાર્યે કહ્યું છે કે-'દુક્કડ ગરિહા સુકઠાણ સેવણા'. ગુરુશિક્ષાએ પોતાના પાપની નિંદાથી પાપોનો ભાગાકાર થઈ શકે. વધુ શું જોઇએ! માટે સતત પાપ તરફ દૃષ્ટિ રાખી તેમાંથી નિવૃત્તિ અને ધર્મારાધને તીવ્રત્તર બનાવવી. પાપ બાંધ્યા પછી પ્રાયશ્ચિતની ધારામાં, નળના પાણીમાં મેલા કપડાની જેમ ધોઈ શકાય છે.

અરે આ તો પાંચમો આરો છે. અહીં ધર્મ ઓછો અને અધર્મ (પાપ)નું બાહુલ્ય રહે જ છે. છઠ્ઠા આરામાં અને ત્યાર પછીના બીજા બે આરામાં આજ પરિસ્થિતિ રહેવાની છે. તો શું કરવું ? થોડાંક જ મનુષ્યો આ કરી શકે. પુણ્ય કરવાનો સંતોષ રાખવા સથે પાપવૃત્તિ તરફ અસંતોષ કરવો જોઇએ. પુણ્ય ઓછું થાય તો ચાલશે પણ પાપનું બાહુલ્ય ન થઈ જાય તે સતત ધ્યાનમાં રાખવું. પાંચમા આરાના અંતે પણ એક શ્રાવક, એક શ્રાવિકા, એક સાધુ અને એક સાધ્વી ધર્મ કરનારા હશે. આ ત્યારે જ બની શકે કે જ્યારે આ ચાર વ્યક્તિઓએ 'સવ્વપાવપણાસણો' ચરિતાર્થ કર્યું હોય. ટૂંકાણમાં અંતિમ તીર્થંકર ભગવાન શ્રી મહાવીર સ્વામીનું શાસન શાસ્ત્ર પ્રમાણે પાંચમો આરો એટલે કે ૨૧૦૦૦ વર્ષોના અંત સુધી ક્રિયાશીલ રહેવાનું છે. ત્યારે એક શ્રાવક, એક શ્રાવિકા, એક સાધુ અને એક સાધ્વી સ્વપ્રયત્નાનુસાર ધર્મારાધનાદિ કરતાં હોવાં જોઇએ એમ માનીએ તો તેઓ શાસ્ત્રાનુસાર સવાર-સાંજ પ્રતિક્રમણાદિ આરાધના કરતાં હોવાં જોઇએ ને ?

પાપના પશ્ચાત્તાપનું એક જ્વલંત ઉદાહરણ તે રત્નાકરપચ્ચીસીના કર્તા રત્નાકરસૂરિનું છે. તે પ્રાયશ્ચિત કે પશ્ચાત્તાપ કેમ, ક્યારે અને કેવો હોય તેનું સુંદર દૃષ્ટાન્ત છે. આ પણ માર્ગદર્શક કે સૂચક છે. શુકલ ધ્યાનનો આજે વિચ્છેદ છે. આજકાલ ધર્મધ્યાનનું પ્રમાણ પણ ઘણું ઘટી ગયું છે. જે ઉપયોગી નથી, કર્મબંધ કરાવનાર છે તે અશુભધ્યાન વધ્યું છે. શુભધ્યાન નિર્જરા કરાવનાર છે, કર્મક્ષયકારક છતાં નિશ્ચેત છે, કેમકે અશુભ ધ્યાનની પ્રવૃત્તિ ઘણી વધી ગઈ છે. તેથી જેવું વિચારાય છે તેવું કરાય અને તેથી તદનુસાર ક્રિયા-પ્રવૃત્તિ કરાય છે. વૃત્તિ અને પ્રવૃત્તિમાં અંતર રહેતું નથી. પૂર્વે વૃત્તિમાં એક પાપ પ્રવેશે તો પણ તેનું ભાન રહેતું જેથી પ્રવૃત્તિમાં પ્રવેશ થતો ન હતો. અથવા વિલંબે થતો. આજે વિવેકના અભાવમાં વિચારમાં મલિનતા છે; ત્યારે આચારમાં પવિત્રતાની ગંધ ક્યાંથી મળે ? નિર્જરામાં સહાયક ધર્મધ્યાનનો અસ્ત થતાં આર્ત-રૌદ્ર ધ્યાનથી પ્રેરિત થઈને જીવ જે પ્રવૃત્તિ કરે છે તે અશુભ છે, પાપપ્રવૃત્તિ છે.

ત્રિકાલજ્ઞાની, ત્રિલોકીશ, ત્રિલોકપૂજ્ય, ત્રિલોકનિવાસી, ત્રિલોકનાથ, ચરમતીર્થાધિપતિ શ્રમણ ભગવાન શ્રી મહાવીરસ્વામીએ દશવૈકાલિક સૂત્રમાં ફરમાવ્યું છે: હે જીવ, કલ્યાણના માર્ગને પણ સારી રીતે સમજી વિચારી જાણી લેવો અને તેવી રીતે પાપના માર્ગને પણ સારી રીતે સમજી વિચારી જાણી લેવો અને શ્રેયસ્કર કલ્યાણકારી માર્ગ લેવો, અપનાવવો, આચરવો.

સોચ્ચા જાણઈ કલ્યાણં, સોચ્ચા જાણઈ પાવગં ।
ઉભયંપિ જાણઈ સોચ્ચા, જં સેયં તં સમાયરે ।।

સંસારમાં બે પ્રકારના જુદી જુદી દિશામાં જનારા માર્ગો છે. એક સીધો માર્ગ છે ૧૪ ગુણસ્થાનકનો ૧૪ સોપાનનો જે મોક્ષ તરફ લઈ જનારો સીધો આસાન, સાધ્ય છે. બીજો માર્ગ ઊલટો અધોલોકમાં નીચે લઈ જાય છે. કેટલાંયે સાગરોપમનો કાળ જે અત્યંત દુ:ખદાયી છે. વળી આ માર્ગ ઘાટીમાં ગોળ ગોળ ફરતો નીચેથી ઉપર, ઉપરથી નીચે એમ ચાર ગતિમાં ચકાવાવાળો છે, ભ્રમણ કરાવનારો છે.

પાપનો દુ:ખદાયી માર્ગ શરૂઆતમાં મીઠો લાગે છે પરંતુ છેવટે અત્યંત દુ:ખદાયી છે. તે માટે કેટલાંક દૃષ્ટાન્તો જોઈએ:

(૧) ભગવાન ઋષભદેવે પૂર્વ ભવમાં બળદના મુખ પર શિકું બાંધી દીધું જેની સજા ૧૩મા ભવમાં ૪૦૦ દિવસ આહાર-પાણી વગર રહેવું પડ્યું.

(૨) મરીચીના ત્રીજા ભવમાં કુળમદ કરી નીચ ગોત્રકર્મ બાંધ્યું અને ૫,૬,૮,૧૦,૧૨ અને ૧૪ એ ૬ ભવ બ્રાહ્મણના યાચકના કુળમાં લેવો પડ્યો.

(૩) ૧૫મા ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં શય્યાપાલકના કાનમાં ગરમ સીસું નખાવી જે પાપ કર્યું તેનું ફળ ૨૭મા ભવમાં કાનમાં ખીલા ઠોકાયા અને સિંહને ફાડીને માર્યો તેનું ફળ ૭મી નરકમાં જવું પડ્યું.

(૪) મગધ સમ્રાટ શ્રેણિકે ગર્ભિણી હરણીનો શિકાર કર્યો તેથી અત્યંત ખુશ થઈને અનુમોદનાનું ફળ પહેલી નરકમાં જઈ ૮૨ હજાર વર્ષો સુધી મહાવેદના સહન કરશે. નિયમ છે કે: 'કૃતં કર્મ અવશ્યમેવ ભોક્તવ્યં, કલ્પકોટિ શતૈરવિ.' નરકના વર્ષો પૂરા કરી ભરતક્ષેત્રમાં આગામી ઉત્સર્પિણીમાં પ્રથમ તીર્થંકર પદ્મનાભ થશે જેની મૂર્તિ અત્યારે ભારતમાં પૂજાઈ રહી છે.

(૫) સુભૂમ ચક્રવર્તી અતિલોભમાં ૭મી નરકે ગયા.

(૬) કોણિકે પિતા સમ્રાટ શ્રેણિકને જેલમાં ચાબુક મરાવડાવ્યા. આ ભયંકર પાપ તથા અન્ય પાપોના પરિણામે ૭મી નરકમાં જવું પડ્યું.

(૭) બ્રહ્મદત્ત ચક્રવર્તીએ અસંખ્ય બ્રાહ્મણોની આંખો ફોડાવીને પાપ કર્યું તથા પૃથ્વીને નિર્બ્રહ્મ કરાવાના પાપના ફળ રૂપે ૭મી નરકમાં જવું પડ્યું.

(૮) રાજકુમારીએ પોપટની પાંખો કાપી જે પાપ કર્યું તેની સજારૂપે પોપટનો જીવ શંખરાજા બન્યો અને રાજકુમારી કલાવતી બની ત્યારે શંખરાજાએ રાણીના બે હાથ કપાવ્યા.

(૯) સાધ્વીજીનું મન હીરામાં રહી ગયું. અતિમોહને લીધે ઉપાશ્રયમાં ગરોળી થઈ ભટકવું પડ્યું.

(૧૦) નંદમણિયારને શેઠના ભવમાં ચૌવિહાર અઠ્ઠમમાં રાત્રે પાણી પીવાનું મન થયું, આર્તધ્યાનમાં આયુષ્ય બાંધ્યું. મરીને પોતાની વાવમાં

દેડકા તરીકે ઉત્પન્ન થયા.

(૧૧) કમઠે પ્રથમ ભવમાં વેરનું નિયાણું બાંધ્યું, સગા ભાઈને માર્યો, ભવિષ્યમાં પણ મારતો રહીશ આવી વૃત્તિથી મુનિહત્યાનું પાપ કરી કેટલીયે વાર નરકમાં ગયા.

(૧૨) અગ્નિશર્મા અને ગુણસેનના સમરાદિત્યચરિત્રમાં ભવોભવ ગુણસેનને મારવાનું નિયાણું કર્યું જેની સજા ભોગવવા એકથી એક ભારે સજા ભોગવવા નરકગામી થયો.

(૧૩) દેરાણી-જેઠાણીના સંબંધમાં ભગવાનની પ્રતિમા કચરામાં ફેંકી જે પાપ કર્યું તેના ફળ સ્વરૂપે મહાસતી અંજનાને ૧૨ વર્ષ પતિનો વિયોગ સહન કરવો પડ્યો.

આ રીતે પાપોની સજા અચૂક ભોગવ્યે જ છૂટકો. મહાવીર સ્વામીએ અંતિમ દેશના ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે : 'કડાણ કમ્માણ, ન મોક્ખો અત્થિ.'

રત્નાકરસૂરિજીએ આદીશ્વર દાદાની સામે બેસી પોતાના બધાં પાપો ગળગળા થઈ પ્રગટ કર્યા. રત્નો જે ઉપધિમાં છુપાવ્યા હતા તે સહિત તેમણે રત્નાકરપચ્ચીસીમાં બધાં પાપોને પ્રગટ કર્યા, જેની નોંધ આપણી પાસે રત્નાકરપચ્ચીસી રૂપે અસ્તિત્વ ધરાવે છે. આમાં પૂજ્યશ્રીએ આંખોમાંથી અશ્રુધારા વહાવતા મન, વચન, કાયાના એક એક પાપનો એકરાર કર્યો છે.

આવી રીતે મહારાજા કુમારપાળ ભુપાલે પણ પોતે રચેલી આત્મનિંદા દ્વાત્રિંશિકારૂપ સ્તુતિ પ્રભુ સમક્ષ કરી તેમાં પણ પોતાના પાપોની સમાલોચના અને ક્ષમાયાચના માંગી છે. ૧૧મા અંગ વિપાકસૂત્રમાં દુ:ખવિપાકમાં કરેલાં પાપોના ફળના ઉદાહરણો આપ્યાં છે.

તેથી ટૂંકમાં પાપો પ્રત્યે અપ્રીતિ કરવી અને ફરી તેવાં પાપોને ફરી ન કરવાની પ્રતિજ્ઞા કરવી એ સાધનાનો ક્રમ છે. મન, વચન, કાયાના ત્રિવિધ પાપોની ત્રિવિધરૂપે ક્ષમાયાચના કરી શુદ્ધ થવું એ સાધનાનો ક્રમ છે.

❖❖❖

# જીવ અને અજીવનો નિમિત્ત-નૈમિત્તિક ભાવ

**□ સુમનભાઈ એમ. શાહ**

દરેક સાંસારિક જીવ અનાદિકાળથી ચેતનતત્ત્વ અને પુદ્‌ગલ દ્રવ્યથી મજબુતપણે મિશ્રભાવે બંધાયેલ છે એવું જ્ઞાનીપુરુષોનું કથન છે. જીવ કર્માનુસાર સુખદુ:ખાદિનો ભોગવટો કરે છે. ઉદય કર્માનુસાર પ્રાપ્ત સંપદા અને શરીરાદિનો પ્રભાવ માનવજીવન ઉપર વધતો-ઓછો જોવામાં આવે છે. અરૂપી જીવ અને રૂપી પુદ્‌ગલનો કોઈપણ સંબંધ ન હોય તો મનુષ્યની ચિત્તવૃત્તિઓ તેના પર આકર્ષિત ન થાત તથા શરીરમાં રોગાદિ વિકારથી દુ:ખ ન થાત. ભૌતિક જડ વિષયોના સેવનથી જીવના ભાવોમાં સુખદુ:ખની પ્રતીતિ થવી, સુંદર કે કુરૂપ વસ્તુઓ પ્રત્યે ગ્રહણ કે ત્યાગની ભાવના થવી, ઇષ્ટાનિષ્ટ વાણીના શ્રવણથી શાંતિ કે ક્રોધાદિ ભાવો થવા વગેરે પરિણામો જીવ-અજીવના નિમિત્તે થતા અનુભવાય છે. વાસ્તવિકતા જોતાં પુદ્‌ગલદ્રવ્યમાં જીવના ભાવોને આકર્ષિત કરવાનું સામર્થ્ય જણાય છે.

મનુષ્યગતિના સાંસારિક જીવને સ્ત્રી, પુત્ર, પિતા, માતા, સ્વજનો વગેરે સાથે ૠણાનુબંધ હોવાથી, તેઓનાં સુખદુ:ખથી જીવ પણ સુખી કે દુ:ખી થતો જોવા મળે છે. કોઈ નિસ્પૃહી વીતરાગીને જોઇને ભક્તિ કે પ્રેમ જીવને ઉદ્‌ભવે છે. ગારુડી, ઈન્દ્રજાલ, વશીકરણાદિ વિદ્યાના ઉપયોગથી જીવ પોતાના અરૂપી ભાવોથી ચિત્ર-વિચિત્ર દૃશ્યો ઉપજાવી શકે છે એવી ઘટનાઓ મળી આવે છે. કદાચ વર્તમાનકાળમાં આવી વિદ્યાઓ નષ્ટપ્રાય પણ થઈ હોય. મનુષ્યમાં રહેલ ચેતનતત્ત્વ તથા પૌદ્‌ગલાદિક શરીર સ્વભાવથી પ્રતિસમય પોતપોતાની અવસ્થાઓ બદલાયા કરે છે, જેને પરિણમન કહેવામાં આવે છે. આવાં પરિણમનો દ્રવ્યાત્મક કે ક્રિયાત્મક અને ભાવાત્મક કે પર્યાયાત્મક કહેવામાં આવે છે.

રાગદ્વેષ અને અજ્ઞાનવશ જીવ મન-વચન-કાયાથી થતા ક્રિયારૂપ 'યોગ'થી અને અંત:કરણના ભાવાત્મક 'ઉપયોગ'થી આત્મિકગુણો ઉપર થતા આવરણથી તથા વિકારી ભાવોથી ચારગતિમાં પરિભ્રમણ કરતો રહે છે. જીવની આ પ્રકારની વૃત્તિ અને પ્રવૃત્તિથી તેનો ચૈતન્યમય સ્વભાવ પૌદ્‌ગલિક રજકણોથી (કાર્મણ વર્ગણાઓ) આચ્છાદિત થાય છે. અને તે જડવત્ જેવો થઈ જાય છે. જે કર્મરૂપ વર્ગણાઓ જીવના આત્મપ્રદેશો સાથે સંલગ્ન થાય છે તે અત્યંત સૂક્ષ્મ છે અને મૃત્યુ પછી જીવ અન્ય યોનિમાં કર્માનુસાર દેહ ધારણ કરે છે. આમ કર્મસિદ્ધાંતનો મુખ્ય આધાર ચેતનતત્ત્વ અને પુદ્‌ગલદ્રવ્યનો પારસ્પરિક સંબંધ કે નિમિત્ત-નૈમિત્તિક ભાવ છે અને નહિ કે ઈશ્વરકૃત. આવો જીવ અને પુદ્‌ગલદ્રવ્યનો અન્યોન્ય સંબંધ હોવા છતાંય બન્ને દ્રવ્ય સ્વતંત્ર છે અને પોતપોતાના ગુણોમાં જ પરિણમે છે એવું જ્ઞાનીપુરુષોનું કથન છે.

ચેતનતત્ત્વનું શુદ્ધસ્વરૂપ જ્ઞાનપ્રકાશમય છે. એટલે દર્શન-જ્ઞાન-સુખ-વીર્ય (શક્તિ)-અનુભવાદિને ચેતનનું જ્ઞાનસ્વરૂપ કહી શકાય. આ સિવાય જીવના ભાવાત્મક પરિણામો અંત:કરણનાં છે. એટલે લૌકિક બાહ્યાંતર તથા શારીરિક કે માનસિક જેટલા ભાવોમાં જીવને સુખદુ:ખાદિ થાય છે તે અંત:કરણનો ધર્મ છે. પરંતુ જીવને જ્યારે જ્ઞાનીપુરુષ કે સદ્‌ગુરુનું પુષ્ટનિમિત્ત મળતાં સુબોધ પ્રાપ્ત થાય છે ત્યારે તેને પોતે વસ્તુત: કોણ છે અને કોણ નથી તેનો યથાર્થ ભેદ પડે છે. આવો સાધક અંત:કરણના સદુપયોગથી કે પુરુષાર્થ ધર્મના આરાધનથી ચેતનના મૂળભૂત ગુણો નિરાવરણ કરી મુક્તિમાર્ગનો અધિકારી થઈ શકે છે. સાધક સનાતન સુખ અને સહજાનંદનો અનુભવ કરી છેવટે અશરીરીદશા પ્રાપ્ત કરી સિદ્ધગતિ પામે છે.

સંસારી જીવનું સ્થૂળ શરીર પુદ્‌ગલાદિ અજીવ પદાર્થોનું રૂપ-રસ-ગંધ-વર્ણ-સ્પર્શાદિ ગુણોવાળું છે અને જીવના મૃત્યુ પછી બાળી કે દાટી દેવામાં આવે છે, કારણ કે તેમાંથી ચેતનતત્ત્વ કાર્મણદેહ સાથે અન્ય યોનિમાં જન્મ ધારણ કરે છે.

આમ જીવના 'યોગ' અને 'ઉપયોગ'ના નિમિત્તે કર્મબંધ, યથાસમયે કર્મફળનો ઉદય, ઉદય વખતે અજ્ઞાનવશ જીવને વિકાર થવો અને તેના નિમિત્તે ફરી પાછો કર્મબંધ થવો એવો અતૂટ પ્રવાહ (સંતતિયોગ) સ્વત: ચાલ્યા કરે છે અને આ સંસારની તાત્ત્વિક વ્યવસ્થા છે એવું જ્ઞાનીપુરુષોનું કથન છે. આવા અતૂટ પ્રવાહમાંથી જીવનો છૂટકારો કેવી રીતે થઈ શકે ? વર્તમાન દુષમકાળમાં જ્ઞાનીપુરુષ કે સદ્‌ગુરુની આશ્રય-ભક્તિ સિવાય માનવનો ભવરોગ જવો અશક્યવત્ જણાય છે.

## નેત્રયજ્ઞ

સંઘના ઉપક્રમે ડૉ. અમિતાભ રમણલાલ શાહના આર્થિક સહયોગથી, સ્વ. રેવાબહેન ચીમનલાલ શાહની સ્મૃતિમાં, ચિખોદરાની આંખની હોસ્પિટલ દ્વારા એક નેત્રયજ્ઞનું આયોજન સોમવાર, તા. ૨૬મી એપ્રિલ ૨૦૦૪ના રોજ આણંદ જિલ્લામાં બોરસદ મુકામે યોજવામાં આવ્યો હતો, જેમાં સંઘના કેટલાક હોદ્દેદારો અને સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

**□ મંત્રીઓ**

# મારા સંબંધોના શ્રીગણેશાય નમ:

□ ડૉ. રણજિત પટેલ (અનામી)

વિધદત્ત આયુષ્ય દરમિયાન, આપણા કોઈ ને કોઈ અજાણ વ્યક્તિ સાથે સંબંધો બંધાતા હોય છે તેનું પશ્ચાદ્દર્શન કે વિહંગાવલોકન કરવામાં આવે તો ખુદ આપણને જ ઘણીવાર આશ્ચર્ય થતું હોય છે ! મારી વાત કરું તો અત્યાર સુધીના મારા અનેક સ્નેહી શુભેચ્છક સુહૃદયોમાં હું પ્રો. ડૉ. ભોગીલાલ સાંડેસરાને પ્રથમ યાદ કરું. અમે બંને મેટ્રીક પાસ...એકવાર અમારા બંનેનો ભેટો, સને ૧૯૩૭ના સપ્ટેમ્બર માસમાં અચાનક રીતે થઈ ગયો...એ પાટણથી અમદાવાદ આવવા નીકળ્યા હશે, હું કડીથી અમદાવાદ જવા નીકળેલો. કલોલથી ગાડી આગળ વધી ત્યાં એક માણસ એન્જિન નીચે કચડાઈ ગયો, ગાડી અર્ધો કલાક થોભી. નીચે ઊતરીને જોવા ગયો. ભોગીલાલ સાંડેસરા એમની જગ્યાએ બેસી રહ્યા. આવીને હું કવિતાઈ ઉદ્‌ગાર કાઢવા લાગ્યો. હશે બિચારો કોઈ દુર્ભાગી આત્મા ! 'કોણ જાણે એને કેવી કેવી વિપદાઓ હશે ! પણ હશે તો કો'કનો લાડકવાયો ને !' વગેરે...સાંડેસરાએ ગાંધી ટોપી-ઝભ્ભો-બંડી ને ધોતી પહેરેલાં. ભારે નંબરનાં ચશમાં પણ...પગમાં ચંપલ-હાથમાં એક ખાદી-થેલી. હું તો હતો ખાદીના ઝભ્ભા-ધોતીમાં...જિન્દગીમાં મેં કદાપિ ટોપી પહેરી નથી. અમે સામસામેની જગ્યા પર બેઠા હતા પણ એકાદ કલાક દરમિયાન એક શબ્દ પણ બોલ્યા નથી. અમદાવાદના સ્ટેશને ઊતરી નજીકમાં જ આવેલી ગુજરાત-સમાચાર-પ્રજાબંધુની ઑફિસમાં તે ગયા...'પ્રજાબંધુ'-અઠવાડિકના તંત્રી શ્રી ચુનીલાલ વર્ધમાન શાહ (સાહિત્યપ્રિય) એમના 'બોસ' હતા. હું ગયો 'ગુજરાત સમાચાર'ના તંત્રી શ્રી ઇન્દ્રવદન બલવંતરાય ઠાકોરની ઑફિસમાં...ને અર્ધા કલાક બાદ તો અમો આગગાડીની જેમ, સામસામેના ટેબલ-ખુરશી પર ગોઠવાયાં ચુનીભાઇની બાજુમાં શ્રી ગુણવંતરાય આચાર્ય અને શ્રી યશવંતભાઈ શુકલ (જેઓ થોડા સમય બાદ, અમદાવાદની ગુજરાત કૉલેજમાં, ગુજરાતી ભાષા સાહિત્યના જુનિયર લેક્ચરર તરીકે નિમાયા) બેઠા હતા...જેમનું મુખ્ય કામ ગુજરાત સમાચારના અગ્રલેખો લખવાનું હતું. સુરતની એમ.ટી.બી. કૉલેજમાંથી તાજા જ એમ.એ. થઇને આવેલા. તેઓ પ્રો. વિષ્ણુપ્રસાદ ૨. ત્રિવેદીના પટ્ટશિષ્ય. સાંડેસરા મુખ્યત્વે 'પ્રજાબંધુ' અઠવાડિકનું કામ કરતા હતા પણ યશાવંતભાઈના ગયા બાદ તેઓ 'ગુજરાત સમાચાર'નાં અગ્રલેખો લખવા લાગ્યા. શુકલ સાહેબ એમ.એ. થયેલા ને સાંડેસરા છઠ્ઠા પ્રયત્ને મેટ્રીક પાસ થયેલા ! કોઈને નવાઈ લાગશે, પણ સાંડેસરા તાજા પ્રગટ થયેલ પુસ્તકોની સમીક્ષા લખતા હતા, સાથેસાથે 'સિનેસૃષ્ટિ' વિભાગમાં ચલચિત્રોની સમીક્ષા પણ કરતા હતા. મારું કામ એ. પી. રોઈટરના તારના અનુવાદક અને પ્રૂફ-રીડીંગનું હતું. કવચિત્ ખબરપત્રી તરીકેની કામગીરી બજાવતો ને 'પ્રજાબંધુ'માં વાર્તાઓ પણ લખતો. અધ્યાપક યશવંત શુકલ સાંડેસરાને આગળ અભ્યાસ માટે કૉલેજમાં લઈ ગયા ને સાંડેસરા બીજે વર્ષે મને કોલેજમાં લઈ ગયા. સાંડેસરા ૧૯૪૩માં એમ.એ. થયા, હું ૧૯૪૪માં. તેઓ ૧૯૪૩ થી ૧૯૫૦ સુધી 'વિદ્યાસભા'માં અધ્યાપક રહ્યા. મેં બી.ટી. કરી એક સાલ પીલવાઈની હાઈસ્કુલમાં નોકરી કરી ને ૧૯૪૬માં પેટલાદ કૉલેજમાં લેક્ચરર, ૧૯૫૦માં નડિયાદની કૉલેજોમાં પ્રોફેસર-અધ્યક્ષ ને સને ૧૯૫૮માં વડોદરાની મ.સ. યુનિવર્સિટીમાં ગુજરાતના રીડર તરીકે જોડાયો જ્યાં ડૉ. સાંડેસરા ૧૯૫૧ થી ૧૯૭૫ સુધી ગુજરાતી ભાષા સાહિત્યના અધ્યક્ષ હતા. લગભગ છ સાલ સુધી અમો કૉલેજમાં સહાધ્યાયી રહ્યા, બે દાયકા સુધી સહકાર્યકર ને જિન્દગીભર મિત્રો રહ્યાં. વડોદરામાં શ્રેયસ સોસાયટીનું ય નિર્માણ કર્યું...તેઓ તો સને ૧૯૯૫માં અમેરિકામાં દીકરાને ત્યાં ગુજરી ગયા, પણ અમેરિકામાં સ્થાયી થયેલાં તેમનાં ચારેય તેજસ્વી સંતાનો ને એમનાં શ્રીમતી ચંદ્રકાન્તાબહેન સાથેનો છ દાયકાનો સંબંધ આજ પર્યંત અતૂટ રહ્યો છે.

x x x

સને ૧૯૩૬ના ઑગષ્ટમાં હું બનારસમાં હતો. તાજી સ્થપાયેલી 'વિશ્વનાથ મૂવિટોન'માં હું લેવાયો હતો. હલધરવાસના પ્રાણજીવનની 'ગુજરાતી લોજ'માં રહેતો હતો. બનારસના કોઈ પંડિત દ્વિવેદીએ સ્વામી વિવેકાનંદની 'સ્ક્રીપ્ટ' લખેલી. મને વિવેકાનંદના એક શિષ્યની ભૂમિકા માટે પસંદ કરેલો. રીહર્સલ ચાલતાં હતાં. શૂટિંગ કલકત્તાના માદન સ્ટુડિયોમાં (?) થવાનું હતું. એ દરમિયાન, મૂળ મહુવાના નિવાસી જેમનું કટકમાં કારખાનું હતું ને કલકત્તામાં ન્યૂ માર્કેટ અને ૧૫૬ હેરીસન રોડ પર ઝવેરાતની બે દુકાનો હતી, તેના માલિક શ્રી મોહનલાલ માધવજી શેઠ, મારી રૂમ પાસે ઊતર્યા. વાતવાતમાં, એકવાર એમણે મને પૂછ્યું: 'નવજુવાન ! શું કરો છો ? મેં કહ્યું 'તાજો જ વિશ્વનાથ મૂવિટોનમાં જોડાયો છું ને વિવેકાનંદના પિક્ચરમાં એમના શિષ્ય તરીકેની ભૂમિકા ભજવવાની છે !' એમણે હસીને મને પૂછ્યું: 'અમારી સાથે કલકત્તા આવવું છે ? એમની સાથે એમનો ગુમાસ્તો હતો...એનું નામે ય મોહનલાલ ! મેં કહ્યું: 'શૂટિંગ માટે કલકત્તા આવવાનું જ છે.' તેમણે કહ્યું: 'હું તો તમને અમારી કંપનીમાં લઈ જવા માટે કહું છું.' મેં કહ્યું: 'મારે શું કરવાનું ? એમણે પૂછ્યું: 'શું ભણ્યા છો ? મેં કહ્યું: મેટ્રીક થયો છું ને શોર્ટહેન્ડ, ટાઇપિંગ ને બીઝનેશ કોરસ્પોન્ડેન્શન જાણું છું.' એમણે કહ્યું: 'દિવસે તમારે હેરીસન રોડ પરની દુકાને રહેવાનું, પત્ર-વ્યવહાર કરવાનો ને રાતના ન્યૂ માર્કેટની દુકાને મારા જીજાજી અને એક સેલ્સમેન છે એની સાથે રહેવાનું. અવકાશે મારાં આશાબહેનને અંગ્રેજી શિખવવાનું.' મે કહ્યું: 'ત્યાં મને શું મળશે ?' એમણે કહ્યું: 'મહિને રૂપિયા નેવું, રહેવાનું-ખાવા-પીવાનું કંપની તરફથી.' 'વિશ્વનાથ મૂવિટોન'ને છોડી હું કલકત્તા ગયો. કુટુંબના સભ્ય તરીકે જ મને પ્રેમપૂર્વક રાખ્યો. મેં પણ નિષ્ઠાપૂર્વક ફરજ બજાવી, પણ આગળ અભ્યાસ કરવાની 'વાસના' જાગી ને મેં કચવાતે મને કલકત્તા છોડ્યું. 'પ્રાણજીવનની ગુજરાતી લોજમાં અમારું આકસ્મિક મળવું ને કલકત્તા જવું.' સંબંધોનું આ 'લોજિક' હું હજી સુધી સમજી શક્યો નથી. કલકત્તા છોડતાં મને શેઠે સોનાની આઠ બંગડીઓ, ચાર એરીંગ્સ ને બે વીંટી આપી હતી ને કહ્યું હતું: 'જીવનમાં જ્યારે જરૂર જણાય ત્યારે વિના સંકોચે આવવું. તમારે માટે બધાં જ દ્વાર ખુલ્લાં છે.' અત્યારે તો મોહનલાલ માધવજી લવજીની ત્રીજી પેઢી ચાલે છે. વરસમાં બે માસ, શેઠ, મુનીમ ને હું દાગીનાના નમૂના લઈ, ભારતનાં અનેક શહેરોમાં ઓર્ડર માટે ફરતા, ઓર્ડર મળે એટલે તેની જાણ કટકના કારખાને કરતા. આમ મને આકસ્મિક રીતે ઉત્તર ભારતની યાત્રા કરવાનો લાભ પણ મળ્યો. એ જ અરસામાં જવાહરલાલના અધ્યક્ષપદે લખનૌમાં કોંગ્રેસનું અધિવેશન ભરાવાનુ હતું ! શેઠના ન્હાના ભાઈ કિશન કોંગ્રેસની પ્રવૃત્તિઓમાં સક્રિય રસ લેતા હતા એટલે અમે બંનેએ એ અધિવેશનમાં પણ હાજરી આપી હતી. કલકત્તાના મારા એક મિત્ર દલસુખભાઈની પોતાની દીકરી વડોદરાના ડૉ. દલાલ સાથે પરણાવી છે એટલે જ્યારે જ્યારે દલસુખભાઈ દીકરીને ઘરે આવે છે ને મને મળે છે ત્યારે મોહનલાલ શેઠની દરિયાવદિલીની વાત કરે જ છે. અમારા આ શેઠે ગરીબ બંગાળી કન્યાઓનું કન્યાદાન પણ દીધેલું, કરિયાવરનું બધું જ ખર્ચ ભોગવીને. એમની ન્યૂ માર્કેટની દુકાને સંગીતસમ્રાટ કુંદનલાલ સેહગલ પણ ખરીદી માટે આવતા. ૧૫૬, હેરીસનની દુકાને એક પારસી અભિનેત્રી આવતી-નામ હું ભૂલી ગયો છું-મીસ કુપર જેવું હતું !

x x x

જૂનાગઢ ખાતે ભરાયેલી ગુજરાતી સાહિત્ય પરિષદ-અધિવેશનમાં હાજરી આપવા હું ગયેલો. ગાડીમાં મારી સાથે ગુજરાતીના પ્રો. મંજુલાલ મજમુદાર, સાયન્સના પ્રોફેસર સૂર અને 'મહિલા જગત'ના

તંત્રી શ્રી મનુભાઈ સી. દવે હતા. અમારી સામેની સીટ પર એક ખાદીધારી ચાલીસેક વર્ષનાં બહેન બેઠેલાં હતાં. એમની સાથે એક દશેક સાલનો છોકરો હતો. જૂનાગઢ પહોંચ્યા એટલે ઉતારાની ગોઠવણ કરવાની ઉતાવળ હતી કારણ કે ત્યાં સગવડ ઓછી હતી. ત્યાં જ પેલાં બહેને મને કહ્યું: 'હું ને મારો આ ભત્રીજો તમારી રૂમમાં રહીએ?' મારી સાથે પ્રો. મજમુદાર ને પ્રો. સૂર તો હતા જ...આમ અમો પાંચ જણે એક ઓરડીમાં ત્રણેક દિવસ રહેવાનું નક્કી કર્યું. એ બહેનનું નામ પછીથી જાણવા મળ્યું: મણિબહેન પટેલ. મણિબહેને રૂમને વાળી દીધો. ગોદડાં-ચાદર પાથર્યાં, પાણીનો ઘડો ભરી આવ્યાં ને અમારી બધી જ જવાબદારી સંભાળી લીધી ! એમના સેવાભાવથી હું પ્રભાવિત થયો. એમનો ભાઈ ગાંધીજીની ચળવળોમાં શહીદ થયેલો...એ ભાઈના દશ સાલના દીકરાને મણિબહેન સાચવતાં હતાં. સાહિત્યપરિષદનું તો પતી ગયું...પેલા બે પ્રોફેસરોય વડોદરા ભેગા થઈ ગયા...પણ મણિબહેન પટેલે મને ત્રણેક દિવસ માટે રોકાઈ જવાનું કહ્યું: એક દિવસ ગિરનાર ખાતે ગયો. ત્યાં અમને, 'ગુજરાત સમાચાર'ના એક વારના પ્રખ્યાત કટાર લેખક ફિલસૂફ-શ્રી ચીનુભાઈ પટવા ને એમનાં શ્રીમતી કંચનબહેન પટવા મળી ગયાં. અમો પાંચેયે ગ્રુપ ફોટો પડાવ્યો. એ પછી મણિબહેન મને રાજકોટ લઈ ગયા. ત્યાંના નારણદાસ ગાંધી (?) ખાદી ભંડારમાંથી એક તાકો ખાદીનો ખરીદી મને ભેટ આપ્યો. ખૂબ આગ્રહ કર્યો પણ પૈસા ના લીધા. આ ત્રણ દિવસમાં મને જાણવા મળ્યું કે મણિબહેન પટેલ મૂળ દહેગામનાં. વિધવા થયા બાદ સેવાક્ષેત્રને વર્યાં. મુનિ સંતબાલજીનાં શિષ્યા થયાં. એમણે મને વિશ્વવાત્સલ્યના અનેક અંકો ભેટ આપ્યાં. નિયમિતપણે મને એ પત્ર મોકલતા રહ્યાં. સાણંદમાં પણ એમણે ડૉ. શાંતિલાલ પટેલ સાથે ઘણુંબધું નક્કર સેવાકાર્ય કર્યું. જીવ્યાં ત્યાં સુધી અમારો સંબંધ ચાલુ રહ્યો. એકવાર મારા કવિ-બેરિસ્ટર મિત્ર શ્રી ડાહ્યાભાઈ પટેલ (કવિ દિનેશ) મને અનુબહેન ઠક્કરના આશ્રમમાં લઈ ગયા. ત્યાં એમણે રૂપિયા અગિયાર લાખનું દાન કરેલું. કવિને કારણે મારો સંબંધ અનુબહેન સાથે પણ ઠેઠ સુધી સારો રહ્યો. ત્રણેક વાર હું ત્યાં ભાષણો પણ આપી આવ્યો...વૃદ્ધાશ્રમ માટે પુસ્તકો પણ ભેટ આપ્યાં. એકવાર મેં અનુબહેનને સહજ ભાવે પૂછ્યું: 'બહેનજી ! તમને આ સેવાભાવની દીક્ષા ક્યાંથી મળી ?' તો એમણે કહ્યું કે 'મારાં ગુરુ શ્રીમતી મણિબહેન પટેલ પાસેથી !' ત્યારે મને મણિબહેનનું સાચું વ્યક્તિત્વ સમજાયું. ગિરનાર ચઢીને આવ્યા, બાદ મેં પથારીમાં લંબાવ્યું તો મણિબહેન બોલ્યાં: 'અનામીભાઈ ! તમો થાક્યા હશો, લાવો તમારા પગ દબાવી આપું ? મેં સ્પષ્ટ નન્નો ભણ્યો પણ મનોમન આ સેવાભાવી વિધવા-સાધ્વીને નમી રહ્યો. અનુબહેને મારા પૂજ્યભાવમાં અભિવૃદ્ધિ કરી !

xxx

ચારેક દાયકા પૂર્વે એક સુટેડ-બૂટેડ અપ-ટુ-ડેટ વડીલ મારી ઑફિસમાં આવ્યા, ત્યારે હું મ.સ. યુનિવર્સિટીમાં ગુજરાતી ભાષા સાહિત્યનો રીડર હતો. સાયન્સ ફેકલ્ટીના ફીઝીક્સના પ્રોફેસર ડૉ. મધુભાઈ એમ. પટેલ એ વડીલની સાથે હતા. એમણે મને વડીલની ઓળખાણ કરાવી. તેઓ બ્રિટીશ સરકારના નિવૃત્ત ચીફ પાસપોર્ટ ઑફિસર હતા. તા. ૧૫-૭-૦૩ના રોજ એમને ૯૭મું વર્ષ બેઠું. ૧૯, ગીતાંજલિના 'નિયતિ' બંગલામાં એમનો કાયમી નિવાસ છે. ૯૭ વર્ષે પણ એમની તબિયત સારી કહી શકાય. એમને અંકે ચાર પેઢી ઉછરી છે. સંતાનો બધાં નૈરોબી, ઇંગ્લેન્ડ, અમેરિકામાં સ્થિર થયા છે. અહીં તો એમની દીકરી સાથે રહે છે. કાળક્રમે અમારો સંબંધ ઘનિષ્ઠ થતો ગયો છે. મારી કોઈપણ મુશ્કેલીની સંકટની સાંકળ એટલે એ વડીલ શ્રી ભાઈલાલભાઈ એન. પટેલ. પંદર સાલ પૂર્વે મારા સાળા ગુજરી ગયા. વડીલ ખરખરો કરવા આવ્યા. મારાં શ્રીમતીને પૂછે : 'લક્ષ્મીબહેન ! તમારા ભાઈ ગુજરી ગયા તે તમારાથી ન્હાના કે મોટા ?' મારાં શ્રીમતીએ કહ્યું: 'મારાથી મોટા.' 'જુઓ, હું તમારા ભાઈથી ને તમારાથી ય ઘણો મોટો છું. આજથી તમારે મને મોટોભાઈ સમજવાનો.' અને એ ધર્મનાં ભાઈ-ભગિનીનો સંબંધ, તા. ૧૨-૧-૨૦૦૨ના રોજ ૮૮ વર્ષે મારાં શ્રીમતીનું અવસાન થયું ત્યાં સુધી એમણે ભારે પ્રેમપૂર્વક અને ઉમળકાથી નિભાવ્યો. પંદરેક વર્ષ સુધી એ વડીલે એમનાં બહેનને રૂા. ૨૫૧/- આપ્યા. આજે મારે ગમે તેટલી રકમની જરૂર પડે તો પણ રજ માત્ર વાંધો આવતો નથી. અઠવાડિયામાં બે વાર એમને મળ્યા વિના રહી શકતો નથી. આજે ૯૭ મે વર્ષે પણ કોઈ નવયુવકને શરમાવે એટલી સ્ફુર્તિથી એમનો દૈનિક વ્યવહાર કરી શકે છે. એકવાર વાતવાતમાં ભતૃહરિના નીતિશતકના પાંચેક શ્લોક સંપૂર્ણ શુદ્ધિ સાથે બોલી ગયેલા...જ્યારે એમનાથી એક દશક ન્હાનો હું સ્મૃતિને ઢંઢોળતો હતો ! આ વડીલના સંબંધને તો ઋણાનુબંધના જીવતા જાગતા દાખલા તરીકે સમજું છું. આજે એ વડીલના ઘણા બધા સંબંધીઓ સાથે-પુત્રો-પુત્રીઓના વેવાઇઓ સાથે પણ મારો સંબંધ મધુર રહ્યો છે.

xxx

પાંચેક સાલ પૂર્વે મારી આંખો દુ:ખવા આવેલી. મારો મોટો દીકરો આંખમાં ટીપાં નાખતો હતો એ દરમિયાન હાથમાંથી ટ્યૂબ સરકી ગઈ ને આંખમાં ગોદો વાગ્યો. થોડુંક લોહી પણ નીકળ્યું: હું અમારાં ફેમિલી ડૉક્ટર જેવાં શ્રીમતી સુષમા દેસાઇને દવાખાને ગયો તો દવાખાનું બંધ. ઇલોરા પાર્કથી નવભારત સોસાયટી તરફ આવતાં એક ડૉ. રમેશ દેસાઈના ક્લિનિકનું બોર્ડ વાંચ્યું. ડૉ. દેસાઈ નેત્રરોગના નિષ્ણાત નહીં એ જાણવા છતાં ઇજાની ગંભીરતા સમજવા એમની પાસે ગયો. એમણે આંખો તપાસી કહ્યું કે 'નથીંગ ઈઝ સીરિયસ.' અત્યારે તો લખી આપું છું તે ડ્રોપ્સ નાખજો પણ આવતી કાલે નેત્ર રોગના નિષ્ણાત ડૉક્ટરને બતાવજો ! મેં એમનો આભાર માની ફી-પેટે શું આપવાનું છે તે અંગે પૂછ્યું તો મારા સુખદ આશ્ચર્ય વચ્ચે એમણે કહ્યું: 'ફી પેટે તમારે મને પાંચેક કાવ્યો આપવાનાં.'...પછી કહે : 'તમે 'અનામી' સાહેબ ને ? હું તમને કવિ તરીકે પિછાનું છું. બીજે દિવસે મેં ડૉ. દેસાઈને પાંચ કાવ્યોને બદલે જેટલા ઉપલબ્ધ હતા તેટલા બધા જ મારા કાવ્યસંગ્રહ તેમને ભેટ આપ્યા. એમનાં શ્રીમતી ડૉ. શિલ્પા દેસાઈ પણ એમ. એસ., ને અમેરિકામાં ભણતો દીકરો પણ ડૉક્ટર ! ડૉ. દેસાઇએ ચાલીસ વાર અમેરિકાની ટ્રીપ લગાવી હશે ! વિસનગરની 'નૂતન સર્વવિદ્યાલય'માં ભણતા હતા ત્યારથી ભવાઈ અને સાહિત્યનો જબરો શોખ. એમના આચાર્ય ને અનેક અધ્યાપકો કાં તો મારા સહાધ્યાયીઓ અથવા વિદ્યાર્થીઓ નીકળ્યા.

આજે કેટલાક ડૉક્ટરો ને વકીલો જેઓ મારી પાસેથી ફી પેટે પૈસા નથી લેતા તેમને હું પુસ્તકો ભેટ આપું છું. બાર્ટર સીસ્ટમ સમજો ને !

xxx

આજથી લગભગ બે દાયકા પૂર્વે એક અજાણી વ્યક્તિ મારે ઘરે આવી...વય હશે લગભગ સિત્તેરેકની. ખાધે પીધે સુખી હશે એવું અનુમાન એમની દેહયષ્ટિ જોતાં લાગ્યું. પરિચય આપતાં બોલ્યા: 'હું બેરીસ્ટર એ. બી. પટેલ. મૂળ વતન ભાયલી, પણ વર્ષોથી નૈરોબી નિવાસ છે. તાજેતરમાં વડોદરામાં વસવાટ કર્યો છે. નૈરોબીમાં હું થિયોસોફિકલ સોસાયટીનો પ્રમુખ હતો. અહીં પણ એ સંસ્થાની પ્રવૃત્તિઓમાં સક્રિય છું. તમારું નામ સયાજી હાઈસ્કૂલના પ્રિન્સિપાલ શ્રી રણછોડભાઈ પટેલ પાસેથી સાંભળ્યું: તમોએ એમના કાવ્યસંગ્રહની પ્રસ્તાવના લખી છે. મને એ ખૂબ ગમી છે. તમને ખબર હશે કે આચાર્ય શ્રી પટેલ 'બોધિ' નામનું સુંદર સામયિક ચલાવે છે. એ 'બોધિ' માટે તમારાં કેટલાંક ભક્તિકાવ્યો લેવા હું આવ્યો છું. માનું છું કે મને નિરાશ કરશો નહિ.' આ માણસની નિર્દોષતા ને પારદર્શક સચ્ચાઈ ઉપર હું મુગ્ધ થઈ ગયો. બાળક જેવા એ સરળ લાગ્યા. એટલા જ ઋજુ પણ. ચા-પાણીનું પતાવી મેં એમને પાંચેક ભક્તિ કાવ્યો આપ્યાં. 'બોધિ'માં પ્રત્યેક માસે છપાય એટલે એની બે નકલ જાતે ઘરે આવીને આપી જાય..એમ કરતાં કરતાં એક નાનકડો ભક્તિકાવ્યોનો સંગ્રહ

થાય એટલાં કાવ્યો પ્રગટ થયાં. એકવાર આવીને મને કહે: 'અનામીભાઈ ! આપની જો અનુમતિ હોય તો મારે ખર્ચે એ પુસ્તિકા રૂપે પ્રગટ કરવા માંગું છું.' મેં અનુમતિ આપી, એટલું જ નહીં પણ 'અનામી ભક્તિસુધા' નામનો એ કાવ્યસંગ્રહ એ મિત્ર-દમ્પતીને અર્પણ પણ કર્યો.

'અનામી-ભક્તિ-સુધા'માં પ્રેમ-ભક્તિનાં વિશેષ કાવ્યો હતાં એનો નિર્દેશ મેં આ બે પંક્તિઓ દ્વારા કર્યો:-

'મેં પ્રેમભક્તિ અધિકી પ્રમાણી
ભક્તિ-સુધાની વદી સૌમ્ય વાણી.'

'અનામી ભક્તિસુધા'ના મુખ-પૃષ્ઠ પરના ચિત્રનો અમેરિકામાં એક શિક્ષણશાસ્ત્રીએ મારી અનુમતિ લીધા વિના ઉપયોગ કરેલો એ માટે એ ભાઈ જ્યારે મને મળવા આવ્યા ત્યારે કહેવા લાગ્યા: 'મારે એની રોયલ્ટી પેટે કેટલા ડોલર આપવાના છે ?' મેં કહ્યું : 'મારી સાથે ચા પીશો એટલે રોયલ્ટી મળી ગઈ સમજો.' મને એમની પ્રામાણિકતા માટે માન થયું. એમને માટે અહીં કહ્યા વિના રહી શકતો નથી કે અમેરિકાની પ્રથમ વર્ષની આવકની પાઈપાઈ-જે હાઈસ્કૂલમાં તેઓ આચાર્ય હતા-તેને દાનમાં આપેલી. એમનું શુભ નામ આચાર્ય શ્રી કાશીભાઈ પટેલ.

બેરિસ્ટર એ. બી. પટેલ અને એમનાં શ્રીમતી શાંતાબહેન પટેલ સાથેનો સંબંધ ઉત્તરોત્તર એટલો બધો ઘનિષ્ઠ થઈ ગયો કે એની તુલનાએ લોહીનો કૌટુંબિક સંબંધ પણ ઝાંખો પડે-ફીક્કો લાગે. એમના ખેતરનું પાંચ રૂપિયાનું શાક પણ દશ રૂપિયા રીક્ષાના ખર્ચીને આપવા આવે. ઘરે બનાવેલી કોઈ નવીન ખાદ્ય-વસ્તુ શ્રીમતી શાંતાબહેન મોકલ્યા વિના ન રહે. મને અલ્સર એટલે ખાટું-તીખું-તળેલું ખવાય નહીં ને મારાં શ્રીમતીને ડાયાબિટીશ એટલે ગળ્યું ખવાય નહીં...શાન્તાબહેન બે જુદા જુદા ડબ્બામાં 'ખાઉ' મોકલે-ડબ્બા ઉપર લખે-'અનામીભાઈ માટે', 'લક્ષ્મીબહેન માટે'. કિંમતીમાં કિંમતી વસ્તુ બેરીસ્ટર સાહેબ પાસે હોય ને ભૂલેચૂકે જો તમે એની કદર કે પ્રશસ્તિ કરી તો તમારું આવી બન્યું સમજો. એ વસ્તુ તમને આપ્યા વિના ન છોડે. એમની ડૉક્ટર દીકરી ઉષા અમેરિકાથી ભારત આવે ત્યારે પાંચ વર્ષ ચાલે એટલી અલ્સરની મારે-માટે દવાઓ લાવે. ચાર પુત્રો અને ચાર પુત્રીઓના વિશાળ-પરિવારને માત-પિતાના જે સંસ્કાર મળ્યા છે તેનો લાભ વ્યક્તિઓ તેમજ સમાજને ભેટ અને મબલખ દાન રૂપે મળતો રહે છે.

x x x

હજી આવાં અર્ધો ડઝન દૃષ્ટાંતો આપી શકું તેમ છું પણ વિસ્તાર-ભયે અહીં જ અટકું છું. એક વિશેષ વાત કહી દઉં કે એવા ત્રણ સજ્જનોને હું કદાપિ મળ્યો નથી છતાંયે વર્ષોથી અમારો પત્ર-વ્યવહાર ચાલુ છે. એક છે શ્રી પુરુષોત્તમદાસ બી. શાહ-જેઓ વ્યવસાયે વકીલ હતા...હાલ તેઓ પાટણના મહારાજ શ્રી ભાનુવિજયજીના સર્વમંગલમ્ આશ્રમને પોતાની સેવાઓ આપે છે....'પરમતત્ત્વ' સામયિકના તંત્રી છે ને ડઝનેક પુસ્તકોના લેખક છે. સમાજસેવક ને સ્વાતંત્ર્યસેનાની છે. બીજા એવા સૂજ્જન છે શ્રી ગણપતિ મહેતા-મુંબઈનિવાસી-જે મોટા ઑફિસર હતા. એમણે પાશ્ચાત્ય અને પૌરસ્ત્ય તત્ત્વજ્ઞાનના બે ગ્રંથો લખ્યા છે ને કાવ્યશાસ્ત્રના સારા અભ્યાસી પણ છે. સારા સહૃદય ભાવક પણ. વડોદરાની મ.સ. યુનિ.ની ડ્રામા-મ્યુઝિક કૉલેજના એકવારના પ્રિન્સિપાલ ડૉ. આર. સી. મહેતાના તેઓ વડીલબંધુ થાય. અને ત્રીજા છે ઘાણીના (જિ. સુરત) કૃષિકાર-કવિ અને નવલિકાકાર શ્રી અનુપસિંહજી પરમાર, જેઓ આઠમા દાયકામાં શ્વસી રહ્યાં છે. આ ત્રણેય મહાનુભાવોએ 'અખંડ આનંદ', 'ઉદ્દેશ' અને 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થયેલ મારા લેખ કે કાવ્યના અનુલક્ષમાં તેમનો પ્રતિભાવ દર્શાવતાં પત્રવ્યવહાર શરૂ કર્યો જે પુસ્તક રૂપે પ્રગટ કરી શકાય તેવડો મોટો છે.

દરેકના જીવનમાં આવા ને અન્ય પ્રકારના સંબંધોના શ્રી ગણેશાય નમ: થતા જ હોય છે. નવરાશની ક્ષણોમાં એને યાદ કરવાનો પણ આગવો આનંદ હોય છે.

❖❖❖

# નાલંદા વિશ્વવિદ્યાલય

□ ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)

નાલંદા વિશ્વવિદ્યાલય પુરાતન ભારતીય ગૌરવપ્રદ સંસ્થા છે. નાલમ એટલે જ્ઞાનકમલ અને દા એટલે આપનાર-આમ, નાલમ+દા શબ્દો મળીને થયેલ નાલંદાનો શબ્દાર્થ થાય છે રત્નરૂપી કમલ આપનાર. આજથી ૨૬૦૦ વર્ષ પૂર્વે થયેલ એ પુરાતન વિશ્વવિદ્યાલયમાં ભગવાન બુદ્ધ અને ભગવાન મહાવીરનાં પાવન પગલાં પડ્યાં હતાં.

એના અવશેષોથી જાણી શકાય છે કે સમ્રાટ અશોકે ઈ. સ. પૂ. ત્રીજી સદીમાં, સમુદ્રગુપ્તે પાંચમી સદીમાં, શુંગવંશે નવમી સદીમાં અને પોલ વંશે બારમી સદીમાં એના વિભિન્ન ભાગોની સજાવટ કરી હતી. એના પુનર્નિર્માણનું કાર્ય ઈ. સ. પૂ. છઠ્ઠી સદીથી ઈ. સ. બારસો સુધી ચાલ્યું હોવાનું પુરાતત્ત્વવિદો માને છે. તાત્પર્ય કે અઢારસો વર્ષ સુધી એ ધાર્મિક આસ્થાવાળી સંસ્થાના અવનવા કલેવરની સજાવટ જુદા જુદા સમ્રાટોએ કરી હતી. એના અવશેષોની વાસ્તુકલાત્મક તપાસ કરીને તજજ્ઞોએ આ મત દર્શાવ્યો છે. તપાસમાં જણાવ્યા મુજબ પ્રત્યેક સમ્રાટે એના પુરાણા નિર્માણના માળખાને જાળવીને એને નૂતનરૂપ-આકાર આપ્યો હોવાનું સ્પષ્ટ જણાયું છે. એ વિશ્વવિદ્યાલયના પરિસરમાં યોજાયેલ ખંડ અને વર્ગાકાર ચિનાઈ માટીનું આયોજન મંત્રમુગ્ધ કરી દે તેવું છે. એ પ્રાચીનકાળમાં મિસ્ત્રીઓએ કેટલી બધી નિપુણતા, સફાઈ ને તરીકાથી એ દિવાલોની રચના કરી છે ! નિર્માણમાં વપરાયેલી ઈંટો પણ સામાન્ય ઈંટોથી લાંબી, જાડી ને પહોળી છે ને એની પકવણી પણ આજની ઈંટ-ભઠ્ઠીના જેવી જ થયેલી છે ! છતાં આજ ૨૬૦૦ વર્ષ વીત્યા છતાં એ ઇંટો એવી ને એવી જ રહેલી છે, એ ઇંટો પર ચુનાનું થયેલું પ્લાસ્ટર વધારે સારા પ્રકારનું છે ને એ ચુનાની ઘસાઈ-પિસાઈ આદિ તૈયારીનું કામ ઘણી જહેમતથી થયેલું લાગે છે.

એના પરિસરમાં એક શિક્ષક ને બે શિષ્યોને રહેવા માટે કક્ષની સુવિધા છે. કક્ષમાં ગ્રંથ રાખવા માટે ગોખલાની રચના થયેલી છે. એમાં ગુરુઓ પોતાનાં તાડપત્રોનાં પુસ્તકોની પોટલી રાખતા હતા. વળી કક્ષમાં દીવો ગોઠવવા માટેની ય અલાયદી ગોઠવણ કાજે પણ ગોખલા રખાયેલા છે. મોસમના હવામાન તથા વરસાદની ઝાપટથી ઉગરવા માટે છ ફૂટ ઊંચી દિવાલોની રચના ત્યાં થયેલી છે. ઊંચી છત રખાયાથી કક્ષનું ઉષ્ણતામાન નિયંત્રણમાં રહી શકતું હતું. ગરમીના દિવસોમાં પણ કક્ષ તપીને દાહક બનતાં નહોતાં. કક્ષની કમાનનું આયોજન કલાત્મક છે. ત્યાં છાત્રો માટે સુંદર સગવડવાળા છાત્રાવાસ પણ છે. એ છાત્રાવાસની ગલીઓ ને ઓસરીઓ આધુનિક છાત્રાવાસ જેવી સરસ છે. એ નિવાસી (Residential) વિશ્વવિદ્યાલયમાં ત્યારે હજાર જેટલા છાત્રો રહેતા હતા અને વળી ત્યાં પંદરસો જેટલા ગુરુજનોને રહેવાના આવાસોની પણ સગવડ હતી, ત્યાં બૌદ્ધ ભિક્ષુઓને બૌદ્ધ ધર્મદર્શન અને વાસ્તુ કલાનું શિક્ષણજ્ઞાન અપાતું હતું. એ વિશ્વવિદ્યાલયમાં સંખ્યાબંધ વ્યાખ્યાનખંડો અને સભાભવન હતાં. એ પૈકીનું મુખ્ય સભાભવન ઘણું કલાત્મક ને ભવ્ય છે. વિશ્વવિદ્યાલયનું કેન્દ્રીય ગ્રંથાલય વિશાળ ને સુવિધાવાળું છે. આ ઉપરાંત ત્યાં અન્નાગાર પણ છે. પરિસરમાં દિવંગત ગુરુઓના સ્મરણમાં લઘુ સ્તૂપો પણ રચાયેલા છે.

નાલંદા વિશ્વવિદ્યાલયના જૂના અવશેષોમાં આજે સ્તૂપ, ચૈત્ય, વિહાર, ઉપાશ્રય, આશ્રય, નાટ્યગૃહ, પ્રેક્ષાગૃહ, અને ગ્રંથાગાર આદિ દૃષ્ટિગોચર થાય છે. પ્રચલિત દંતકથાઓ મુજબ આ વિશ્વવિદ્યાલયના ત્રણ મોટાં પુસ્તકાલયો ભીષણ આગ લાગવાથી નષ્ટ થયાં હતાં. એના અવશેષરૂપે બળેલી ભીંતો અને બળી ગયેલ ચોખાના કણ સમર્થન આપી રહે છે. ઐતિહાસિક પુરાવા મુજબ એ વિશ્વવિદ્યાલયમાં આયુવિજ્ઞાન, તબીબી શાસ્ત્ર, ઔષધિશાસ્ત્ર, શલ્યચિકિત્સા-વાઢકાપ સર્જરી, અર્થશાસ્ત્ર, તર્કવિજ્ઞાન, ધર્મદર્શન અને વેદોનું શિક્ષણ અપાતું હતું. વળી અથર્વવેદની મીમાંસા પણ થતી હતી. અવશેષોના ઉત્થાનથી પ્રાપ્ત થતી માહિતી મુજબ એના છ વિહારોમાં નવ પ્રકારના વ્યવસાયિક પાઠ્યક્રમોનું શિક્ષણ અપાતું હતું. બૌદ્ધગ્રંથમાં મળતા પ્રમાણો મુજબ મૌર્યવંશના મહાન સમ્રાટ અશોકે ઇ.સ.પૂ. ત્રીજી સદીમાં ત્યાં ભવ્ય મંદિર બંધાવ્યું હતું. ત્યાં રહીને ઇ.સ. બીજી સદીમાં પ્રસિદ્ધ તત્ત્વજ્ઞ નાગાર્જુને શિક્ષણ લીધું હતું પણ ઈ.સ.પૂ. છઠ્ઠી સદીથી ઇ.સ. પાંચમી સદી સુધીના ૧૧૦૦ વર્ષના ગાળાની તેની માહિતી પ્રાપ્ત થઈ શકતી નથી. મહાન સમ્રાટ અશોકના સમયના ભગ્ન અવશેષો શોધી શકાયા છે. ગુપ્તકાળના સમ્રાટ સમુદ્રગુપ્તની તામ્રપટી ને કુમારગુપ્તના સમયના સિક્કા ત્યાંના ખોદકામમાંથી પ્રાપ્ત થયેલ છે. કુમારગુપ્તનો સમય ઇ.સ.૪૧૪-૪૫૫ પર્યંતનો મનાય છે. પાંચમી સદીમાં ભારતના પ્રવાસે આવેલા ચીની મુસાફર ફાહ્યાને આ વિશ્વવિદ્યાલયનો પોતાના હેવાલમાં ઉલ્લેખ કર્યો છે, પણ સમ્રાટ હર્ષના રાજ્યકાળમાં આવેલ ચીની પ્રવાસી હ્યુએન સંગે પ્રસ્તુત વિશ્વવિદ્યાલયની વૈભવી સુંદર કાર્યપ્રણાલીનો વિગતવાર ચિત્રાત્મક ખ્યાલ આપ્યો છે. એમાં દર્શાવ્યા મુજબ તત્કાલીન સમ્રાટ હર્ષ એ વિશ્વવિદ્યાલયને ઉદારતાથી સહાય કરતો હતો અને એનું નામ નાલંદા મહાવિહાર પણ ત્યારે પ્રચલિત હતું.

પટણાથી રાજગીર(રાજગૃહી) જવાના માર્ગે એ વિશ્વવિદ્યાલય આવેલું છે. તેની બાબતમાં ત્યાંના ગ્રામીણોમાં લોકકથા પ્રચલિત છે તેમ એ ભગવાન શ્રીકૃષ્ણની પત્ની રુક્મિણીનું જન્મસ્થળ કુંડિનપુર છે. બીજી લોકવાયકા મુજબ એ જૈન ધર્મના પ્રખ્યાત રાજા શ્રેણિકનું રાજ્ય સ્થળ છે. બૌદ્ધ ધર્મના અનુયાયીઓના મતે નાલંદા એ જગતનું સૌથી મોટું વસાહતી-સક્રિય વિશ્વવિદ્યાલય છે. નાલંદા ખાતે આવેલા ભારતીય પુસ્તકાલય સર્વેક્ષણ ખાતાના સંગ્રહાલયમાં ભગવાન બુદ્ધની નાના મોટા કદની ઘણી કલાત્મક મનોહર મૂર્તિઓ છે. વળી ત્યાં બોધિસત્ત્વ, ત્રિલોકવિજયની મૂર્તિઓ પણ છે. તદુપરાંત ભગવાન શંકર ને ઉમાની પ્રતિમાઓ પણ ત્યાં છે. એમાં મુંડમાળ પહેરેલ ભગવાન શંકરનું મુખારવિંદ, ક્રોધાન્વિત ને ભાવાવેશથી સભર છે. ત્યાં દેવી અપરાજિતાની વિલક્ષણ પ્રકારની પ્રતિમા છે. વિઘ્નહર્તા ગણેશજી ને ઇન્દ્રની મૂર્તિઓ પણ નજરે પડે છે. આ સઘળી મૂર્તિઓ બૌદ્ધધર્મ પરના તંત્ર-પ્રભાવનો ખ્યાલ આપી જાય છે ને બૌદ્ધ મૂર્તિકલા પરનો હિંદુત્વનો પ્રભાવ દર્શાવી જાય છે.

એક દંતકથા મુજબ નાલંદામાં લાગેલી ભીષણ આગમાં તાંત્રિકોનો હાથ હતો. છાત્રોથી નારાજ થયેલા તાંત્રિકોએ તંત્રના પ્રભાવથી ત્યારે આગ લગાડી હતી. ઇતિહાસ દર્શાવે છે તેમ ઇ.સ. ૧૧૯૭માં મહમ્મદ બખ્તિયાર ખિલજીએ વિહાર પર આક્રમણ કરવા માંડેલા અને બૌદ્ધ મઠો તથા વિહારોને આગ લગાડીને ખેદાનમેદાન કર્યા હતા. એ હુમલામાં મોટી સંખ્યાના બૌદ્ધ ભિક્ષુકોની કત્લેઆમ થઈ હતી અને જે બચી ગયેલા તે નેપાળ તથા તિબેટમાં ભાગી ગયા હતા. પરિણામે એ વિશ્વવિદ્યાલય વેરાન થઈ ગયેલું. બારમી સદીથી અઢારમી સદીના ૭૦૦ વર્ષના સમય ગાળામાં એ વિશ્વવિદ્યાલય વિસ્મૃતિના ગર્ભમાં દટાઈ ગયેલું. ઓગણીસમી સદીના ઈ.સ.૧૮૧૨ના વર્ષમાં એક ફ્રેંચ શોધકે સર્વ પ્રથમ વાર નાલંદાના અવશેષો શોધી કાઢ્યા હતા. ત્યારે કોઈ એને રુક્મિણીનું જન્મસ્થળ કે રાજા શ્રેણિકનું પાટનગર કહેતું હતું. ત્યાંના મંદિર તથા રાજમહેલ જેવા વિહાર જોઇને ઐતિહાસિક પુરાવાના આધારે લોર્ડ કનિંગહામે એને બૌદ્ધ ભિક્ષુઓ દ્વારા સંચાલિત એવું નાલંદા મહાવિહાર વિશ્વવિદ્યાલય હોવાની બાબત પહેલીવાર જ જણાવી હતી. એની આ માન્યતાને પુરાતત્ત્વવિદોએ પ્રાપ્ત જૂના અવશેષોને આધારે સમર્થન આપ્યું. વર્ષા ઋતુમાં ત્યાં ભગવાન બુદ્ધ અને મહાવીર સ્વામી આવ્યા હોવાની બાબતની ને તેમણે ત્યાં ચાતુર્માસ ગાળ્યા હોવાનીય સાબિતી મળે છે, પણ તેઓ ક્યાં રહ્યા હતા તેની ખાત્રીપૂર્વકની જગ્યા શોધી શકાઈ નથી. હાલ તો વિશ્વવિદ્યાલયમાંનું પુરાણું મંદિર ધ્વસ્ત થઈ ગયું છે ને ત્યાં ચારે બાજુ ઘાસ છવાઈ ગયું છે. ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ ખાતાએ આજે તો ત્યાંથી પ્રાપ્ત થયેલી પુરાતન ચીજોના સંગ્રહાલયનું તે સ્થળે આયોજન કર્યું છે અને દર્શાવ્યું છે કે માટીના ટેકરા હેઠળ કેવી રીતે અઢી હજાર વર્ષ પુરાણું એવું નાલંદા વિશ્વવિદ્યાલય શોધી કઢાયું. એના પરના માટીના પડ ધીરેથી ખસેડતાં કેટલાય દશકા લાગ્યા ને છેવટે એ જૂનું ગૌરવપ્રદ વિશ્વવિદ્યાલય ખોળી કાઢવામાં આવ્યું.

સમ્રાટ અશોકના પિતામહ સમ્રાટ ચંદ્રગુપ્તના કાળમાં આપણને નાલંદા ને તક્ષશિલા વિશ્વવિદ્યાલયોના અસ્તિત્વનો થયેલ ઉલ્લેખ મળી આવે છે ને એ સમ્રાટ ચંદ્રગુપ્તના રાજ્યકાળમાં બૌદ્ધ ધર્મ ઉત્કર્ષસ્થાને હતો. રાજનીતિ ને કૂટનીતિમાં પાવરધા ગણાતા મહાપંડિત ચાણક્યે એમના જીવનની છેલ્લી અવસ્થામાં બૌદ્ધ ધર્મ અંગીકાર કર્યો હતો અને નંદવંશના પતન પછી નંદ સમ્રાટને તેણે બૌદ્ધ ધર્મને શરણે જવા કહ્યું હતું. તક્ષશિલા ને નાલંદા વિશ્વવિદ્યાલયોના ગ્રંથાગારને વિદેશી આક્રમકોએ બાળીને નષ્ટ કર્યા હતા અને હુમલાખોરેએ તો તક્ષશિલાના પુસ્તકાલયનાં પુસ્તકોને સળગાવીને પાણી ગરમ કર્યાની હકીકત પણ નોંધાવા પામી છે. આદ્ય જગદ્‌ગુરુ શંકરાચાર્યે બૌદ્ધ ધર્મને ઉખેડી નાખવા માટે આંદોલન જગાડ્યું હતું અને સનાતનીઓએ બૌદ્ધ ધર્મને નાબૂદ કરવા માટે ત્યારે પ્રયાસ કર્યા હતા. આ બધું પણ નાલંદા વિશ્વવિદ્યાલયના પતન માટે કારણભૂત થવા પામ્યું અને બૌદ્ધો તત્કાલીન ચિંતકો, તર્કશાસ્ત્રીઓ, વૈજ્ઞાનિકો, માનવવંશ શાસ્ત્રીઓ તથા અન્ય અનેક શાસ્ત્રોના પંડિતોની વિદ્વેષપૂર્ણ હિંસાના શિકાર બનવા પામ્યા હતા.

હાલ તો નાલંદા મઠીય-આવાસી વિશ્વવિદ્યાલય ભારતના ભવ્ય પુરાતન શિક્ષણ સંસ્થાનાં નમૂનાની યાદ આપી જાય છે. એવું ગૌરવપ્રદ શિક્ષણ વિશ્વવિદ્યાલય બેલીલોન, મિસર, ગ્રીસ, સુમેરિયન આદિ પ્રાચીન સંસ્કૃતિઓમાં તે જમાનામાં માનવું મુશ્કેલ હતું અને આજેય દુર્લભ છે. એ વિશ્વવિદ્યાલય ભારતના ભવ્ય સુવર્ણકાળની ગૌરવપ્રદ યાદ આપી જાય છે.

❖❖❖


**સંઘનું નવું પ્રકાશન**

**પાસપોર્ટની પાંખે-ત્રીજો ભાગ**

લેખક : ડૉ. રમણલાલ ચી. શાહ

કિંમત-રૂા. ૨૦૦/-

(નોંધ-સંઘના સભ્યોએ અડધી કિંમતે કાર્યાલયમાંથી મેળવી લેવું. મોકલવામાં આવશે નહિ.)

મંત્રીઓ

☐ નિરુબહેન એસ. શાહ

☐ ધનવંત ટી. શાહ


Printed & Published by Nirubahen Subodhbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400 027. And Published at 385, S.V.P. Road, Mumbai-400 004. Editor: Ramanlal C. Shah.

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57
Posted at Byculla sorting office Mumbai-400 011 Licence to post without prepayment No. 271
● વર્ષ : (૫૦) + ૧૫ ● અંક : ૭ ● ૧૬ જુલાઈ, ૨૦૦૪ ● ● Regd. No. TECH / 47-890 / MBI / 2003-2005

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/- ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## સ્વ. પ્રો. તનસુખભાઈ ભટ્ટ

એકાંતપ્રિય, અલિપ્ત અને અજ્ઞાત રહેવાની ભાવનાવાળા અને જીવનના છેલ્લાં વર્ષોમાં અજ્ઞાતવાસમાં રહેલા વિદ્વાન લેખક અને કવિ, સત્યનિષ્ઠ, મૂલ્યનિષ્ઠ ગાંધીભક્ત, આજીવન ખાદીધારી પ્રો. ડૉ. તનસુખભાઈ ભટ્ટનું કેટલાક સમય પહેલાં પૂનામાં અવસાન થયું હતું. પોતે દેહ છોડે ત્યારે સ્મશાનયાત્રા માટે માત્ર બે કે ત્રણ વ્યક્તિને કહેવું એવી સૂચના એમણે પોતાની દીકરી ચિ. ક્ષિતિજાને આપી હતી. એમની સૂચનાનુસાર શબવાહિનીમાં એમના મૃતદેહને સ્મશાનમાં લઈ જવામાં આવ્યો હતો. અગ્નિસંસ્કાર વખતે ક્ષિતિજા સહિત ફક્ત પાંચ વ્યક્તિ ઉપસ્થિત રહી હતી. ક્ષિતિજાએ અગ્નિસંસ્કાર કર્યા હતા.

તનસુખભાઇની ઇચ્છા પ્રમાણે બીજે દિવસે એમનાં અસ્થિ પૂના પાસેની નદીઓ-મૂળા અને મૂઠાના સંગમમાં પધરાવવામાં આવ્યાં હતાં. તનસુખભાઇએ પોતાના અવસાનના સમાચાર જણાવવા માટે પોતાની ડાયરીમાં જે પાંચ-છ નામ લખ્યાં હતાં તેમાં મારું નામ પણ હતું. એ પ્રમાણે બહેન ક્ષિતિજાએ મને પત્ર લખ્યો હતો, પરંતુ પોતાનું સરનામું લખ્યું નહોતું એટલે કેવી રીતે સંપર્ક કરવો તેની મૂંઝવણ હતી. પરંતુ મિત્રો દ્વારા તપાસ કરીને છેવટે ફોનથી ક્ષિતિજાનો પૂના સંપર્ક કર્યો ત્યારે બધી વિગત જાણવા મળી હતી.

તનસુખભાઈ એટલે એક એવી વ્યક્તિ કે કિશોરાવસ્થા અને ઊગતી યુવાનીમાં જેમના જીવનનું ઘડતર મહાત્મા ગાંધીજીએ કર્યું હતું. તનસુખભાઈએ લગભગ ૯૩ વર્ષ જેટલું આયુષ્ય ભોગવ્યું, પણ એમના જીવનનો રાહ સીધી સરળ વિકાસ-ગતિએ ચાલ્યો નહિ. જીવનના મધ્યાહ્ન કાળે કેટલાક કટુ અનુભવો થતાં તેઓ અલિપ્ત અને અંતર્મુખ થતા ગયા. અન્યાય કરનારાઓ પ્રત્યે તેઓ આક્રમક બન્યા નહિ, વેર લેવાની વૃત્તિ રાખી નહિ, પણ પોતાની જાતને સંકોચતા ગયા. તેઓ ઉત્તર વયમાં સમાજથી એટલા બધા અલિપ્ત રહેવા લાગ્યા હતા કે પછીથી તો એવી રીતે રહેવું તે એમની જાણે એક ગ્રંથિ બની ગઈ હતી.

તનસુખભાઈ અમદાવાદ છોડી મુંબઈ આવ્યા ત્યારથી તેઓ ૧૯૯૭માં પોંડીચેરી ગયા ત્યાં સુધી હું એમના સંપર્કમાં રહ્યો હતો. તેઓ પોતાની અંગત વાતો મને કરતા અને કોઈ પ્રશ્ન હોય તો મારી સાથે વિચારવિનિમય કરતા.

મહાત્મા ગાંધીજીનાં દૂરથી થોડીક ક્ષણો માટે દર્શન કરવાની તક મળે તો પણ માણસ પોતાને ભાગ્યશાળી માને એવા એ દિવસોમાં જો ગાંધીજીની સાથે સતત સાત-આઠ વર્ષ રહેવા મળ્યું હોય તો એવી વ્યક્તિ તો કેટલી બધી ભાગ્યશાળી ગણાય. તનસુખભાઈ ભટ્ટ એવા ભાગ્યશાળી હતા કે જેમને ગાંધીજી નામ દઇને બોલાવતા, છતાં તનસુખભાઈનાં વાણી-વર્તનમાં ક્યારેય એ વિશે હુંપદનો રણકાર સાંભળવા મળ્યો નથી.

તનસુખભાઈ મહાત્મા ગાંધીજી સાથે ૧૯૩૦માં દાંડીયાત્રામાં પણ જોડાયા હતા.

તનસુખભાઇએ 'દાંડીયાત્રા' નામનું કાવ્ય લખ્યું ન હોત તો ૧૯૩૦માં ગાંધીજીએ સાબરમતી આશ્રમ (સત્યાગ્રહ આશ્રમ)માંથી પોતાના સાથીદાર તરીકે જે ૮૦ જેટલી ખડતલ વ્યક્તિઓની પસંદગી કરી હતી તેમાં ઓગણીસ વર્ષના તનસુખભાઈ પણ હતા એની આપણને ખબર હોત કે કેમ એ પ્રશ્ન છે.

તનસુખભાઇનો જન્મ ૨૧મી માર્ચ ૧૯૧૧માં સૌરાષ્ટ્રમાં વેકરિયા ગામમાં થયો હતો. એમની માતાનું નામ પાર્વતીબહેન. એમના પિતાનું નામ પ્રાણશંકર ભટ્ટ. પ્રાણશંકર ભટ્ટને ત્રણ પુત્રો હતા-હરિહર, તારાનાથ અને તનસુખ. પ્રાણશંકર પોતે સુશિક્ષિત હતા અને એમણે પોતાના ત્રણે સંતાનોને સારી કેળવણી આપી હતી. તેઓ આધુનિક વિચારધારાના હતા. એમણે પોતાના એક દીકરાનું નામ બંગાળી રાખ્યું હતું-તારાનાથ. એમણે તનસુખભાઇને થોડો વખત કાશી મોકલ્યા હતા, સંસ્કૃત ભાષા ભણવાને માટે.

નવ-દસ વર્ષની ઉંમરે તનસુખભાઈ ગાંધીજીના સત્યાગ્રહ આશ્રમમાં વિદ્યાર્થી તરીકે જોડાયા હતા. એમના મોટા ભાઈ હરિહર ભટ્ટ પણ ત્યારે ત્યાં શિક્ષક તરીકે કામ કરતા હતા. હરિહર ભટ્ટે ખગોળશાસ્ત્રનો અભ્યાસ કર્યો હતો. તેઓ 'એક જ દે ચીનગારી, મહાનલ', એ કાવ્યથી જાણીતા થયા હતા.

૧૯૨૫ પછી તનસુખભાઇએ દક્ષિણામૂર્તિમાં શિક્ષણ લીધું હતું. ત્યાં તેમની કવિત્વશક્તિ ખીલી હતી. ત્યાં કવિ શ્રીધરાણી એમના સમકાલીન મિત્ર હતા. પોતાના કાવ્યસર્જન વિશે તનસુખભાઇએ પોતાના કાવ્યસંગ્રહ 'કાવ્યલહરી'ના નિવેદનમાં લખ્યું છે: 'સત્યાગ્રહ આશ્રમમાં શ્રી નરહરિભાઈ પરીખ, જુગતરામભાઈ દવે તથા સ્વ. ચંદ્રશંકરભાઈ શુકલના વર્ગોમાં જ કવિતા વિશે અભિરુચિ ઉત્પન્ન થઈ હતી. તે દક્ષિણામૂર્તિમાં કાવ્યલેખનમાં પરિણમી.'

'કવિતાલેખનના સૂક્ષ્મ સંસ્કારો મારામાં સુષુપ્ત દશામાં પડ્યા હશે. દક્ષિણામૂર્તિ ભવનના કાવ્યોત્તેજક વાતાવરણમાં તે ખીલી નીકળ્યા. સંસ્કાર જેટલું જ મહત્ત્વ વાતાવરણને પણ અપાય છે, એ દૃષ્ટિએ જોતાં મારા સુષુપ્ત સંસ્કારોને આવિર્ભાવ આપીને કાવ્યલેખન કરવાની પ્રેરણાનો સકલ યશ દક્ષિણામૂર્તિ ભવનને જ ઘટે છે.'

તનસુખભાઇએ આરંભમાં કેટલુંક લેખનકાર્ય 'યાત્રી'ના ઉપનામથી અને કેટલુંક 'સુરેન્દ્ર ભટ્ટાચાર્ય'ના નામથી કર્યું હતું. જો કે પછીના સમયમાં તેઓ પોતાના નામથી જ લખતા રહ્યા હતા. તેમનાં કાવ્યો તે જમાનામાં 'કુમાર' અને 'પ્રસ્થાન'માં પ્રગટ થતાં. મુક્તકનો કાવ્ય-

પ્રકાર એમને વધુ પ્રિય હતો. દૂહા ઉપર એમનું પ્રભુત્વ સવિશેષ હતું. સંસ્કૃત ભાષણ ઉપરના પ્રભુત્વને લીધે એમની કવિતામાં સંસ્કૃત શબ્દોનો ઉપયોગ અર્થના ગાંભીર્યમાં વૃદ્ધિ કરે છે અને એમની વાણીને શિષ્ટતા અને રમણીયતા અર્પે છે.

આ વર્ષો દરમિયાન તનસુખભાઈએ શાસ્ત્રીય સંગીતનો વ્યવસ્થિત અભ્યાસ કરી લીધો હતો. રાગ-રાગિણીની તેમની જાણકારી સરસ હતી. તેઓ કોઈ વાજિંત્ર વગાડતા નહિ, પણ ગાતા સારું.

દક્ષિણામૂર્તિમાં શિક્ષણ લીધા પછી તનસુખભાઈ પાછા સત્યાગ્રહ આશ્રમમાં જોડાયા હતા. ૧૯૩૦માં ગાંધીજીએ દાંડીયાત્રાનું વિચાર્યું ત્યારે તનસુખભાઇની ઉંમર ઓગણીસ વર્ષની હતી. તેઓ દાંડીયાત્રામાં જોડાયા અને પછી સત્યાગ્રહની ચળવળમાં ભાગ લીધો. સત્યાગ્રહને પરિણામે તનસુખભાઈએ ત્રણ વખત કારાવાસ સેવ્યો હતો. એક વખત એમની સાથે જેલમાં એમના મોટા ભાઈ હરિહર ભટ્ટ હતા. એક વખત તો પ્રાણશંકર ભટ્ટ અને એમના ત્રણે દીકરાઓ હરિહર, તારાનાથ અને તનસુખભાઈ-એમ ચારેય એક જ વખતે જુદી જુદી જેલમાં હતા. પ્રાણશંકર ભટ્ટ અને એમના કુટુંબે સ્વાતંત્ર્યની લડતમાં કેટલો ભોગ આપ્યો હતો તે આના પરથી જોઈ શકાશે. એને પરિણામે તનસુખભાઇનો શાળા-કોલેજનો અભ્યાસ નિયમિત રહ્યો નહોતો. તેઓ ૧૯૩૫માં ચોવીસ વર્ષની વયે મેટ્રિક થયા હતા. પછી તેઓ અભ્યાસ કરવા મુંબઈ આવ્યા હતા અને એલ્ફિન્સ્ટન કૉલેજમાં દાખલ થયા હતા. એમના વખતમાં કૉલેજના અંગ્રેજ પ્રિન્સિપાલ હેમિલ્ટન હતા. કૉલેજમાં તનસુખભાઈ એક તેજસ્વી વિદ્યાર્થી હતા. તેઓ ૧૯૪૦માં બી.એ. થયા હતા. દરમિયાન તેઓ અમદાવાદની સુપ્રસિદ્ધ શાળા સી.એન.વિદ્યાવિહારમાં શિક્ષક તરીકે જોડાયા હતા. ૧૯૪૩માં ગુજરાત વિદ્યાસભામાંથી ગુજરાતી અને સંસ્કૃત વિષય લઈ તેઓ મુંબઈ યુનિવર્સિટીના એમ.એ. થયા હતા. તેઓ એમ.એ.ની પરીક્ષામાં પ્રથમ વર્ગમાં આવ્યા હતા. તે વખતે એમની સાથે ડૉ. ભોગીલાલ સાંડેસરા, પ્રો. રામપ્રસાદ શુકલ અને પ્રો. ઉપેન્દ્ર પંડ્યા પણ પ્રથમ વર્ગમાં આવ્યા હતા.

વડોદરાના ડૉ. રણજિતભાઈ પટેલ ત્યારે અમદાવાદમાં હતા. તેઓ પણ એમ.એ.ની તૈયારી કરી રહ્યા હતા. તેમને તનસુખભાઇની સાથે ગાઢ મૈત્રી થઈ હતી. એ મૈત્રી ઘણાં વર્ષ સુધી, ૧૯૯૭માં તનસુખભાઈ પૉંડીચેરી ગયા ત્યાં સુધી રહી હતી.

યુવાન વયે તનસુખભાઈ ક્રિકેટના સારા ખેલાડી હતા. ટેસ્ટ મેચ જોવા તેઓ બેબ્રોર્ન સ્ટેડિયમમાં જતા. પાછલાં વર્ષોમાં ટી.વી. પર મેચ જોવાનું તેઓ ચૂકતા નહિ.

તનસુખભાઇએ ત્રીસ વર્ષની વયે ૧૯૪૧માં 'મેં પાંખો ફફડાવી' નામની નાનકડી આત્મકથા લખી હતી. એમાં શૈશવકાળનાં સંસ્મરણો આત્મકથનાત્મક શૈલીએ લખાયાં છે. આ આત્મકથા 'કુમાર'માં ક્રમશઃ પ્રગટ થઈ હતી. એમાં જીવનનાં થોડાંક વર્ષોની જ વાત હોવાથી આત્મકથા નાની બની હતી. એની પ્રસ્તાવના કવિ ઉમાશંકર જોષીએ લખી હતી.

તનસુખભાઇનાં કાવ્યો મુખ્યત્વે 'કુમાર' અને 'પ્રસ્થાન' માસિકમાં છપાયાં હતાં. એંસી જેટલાં આ કાવ્યોનો સંગ્રહ 'કાવ્યલહરી' તૈયાર થયો ત્યારે એની પ્રસ્તાવના એમના વિદ્યાગુરુ પ્રકાંડ વિદ્વાન શ્રી રસિકલાલ પરીખે લખી આપી હતી. આ કાવ્યસંગ્રહમાં મુખ્યત્વે ગેય કાવ્યો છે, છંદોબદ્ધ કાવ્યો ઓછાં છે. આ બધાં કાવ્યોમાં મુક્તકો છે, અંજલિ-કાવ્યો પણ છે. સ્વ. રસિકલાલ પરીખે પ્રસ્તાવનામાં નોંધ્યું છે તેમ 'કવિ જુવાન છે; પણ 'કાવ્યલહરી'માં યૌવનને સુલભ અને ગુજરાતી કવિતાને મલકાવી દેતી સ્ત્રીપુરુષના પ્રેમની કવિતા નથી. આ કવિનો સ્થાયીભાવ પરમાત્મરતિનો છે. એક પક્ષે સાધુ સંતોના વહેણમાં તો બીજે પક્ષે ગાંધીયાન દ્વારા તે મૂર્ત થાય છે.'

ઉત્તરાવસ્થામાં તનસુખભાઈનાં બે નાનાં પુસ્તકો પ્રગટ થયાં હતાં. ૧૯૭૭માં 'અતીતના અનુસંધાનમાં' પ્રકાશિત થયેલું. એમાં સુંદર રેખાચિત્રો છે. ૧૯૮૧માં 'આશ્રમના આંગણ'માં પ્રકાશિત થયેલું, એમાં સાબરમતી આશ્રમમાં પોતે રહેલા એ સમયનાં સંસ્મરણો છે. ત્યાર પછી 'દાંડીયાત્રા' ખંડકાવ્ય અને ગાંધીજીના જીવન વિશે મહાકાવ્ય 'મહાત્માયન' પ્રગટ થયું હતું. આ મહાકાવ્યની જેટલી નોંધ ગુજરાતમાં લેવાવી જોઇએ તેટલી લેવાઈ નથી.

સમાજસેવા એ તનસુખભાઈની એક મનગમતી પ્રવૃત્તિ હતી. અમદાવાદમાં હતા ત્યારે તનસુખભાઇ સમાજસેવાના કાર્યમાં ઘણા સક્રિય રહેતા. તેમણે અમદાવાદની જ્યોતિસંઘ નામની સંસ્થામાં ગુલઝારીલાલ નંદા સાથે કેટલોક વખત કામ કર્યું હતું. (મુંબઈ આવ્યા પછી તેઓ કેન્સર માટેની એક સામાજિક સંસ્થામાં પોતાનો સમય આપતા.)

તનસુખભાઇનું નામ મેં સૌથી પહેલું સાંભળ્યું હતું ૧૯૪૪માં. મેટ્રિક પાસ કરીને હું કોલેજમાં દાખલ થયો ત્યારે મુંબઈ ભણવા આવેલા અમદાવાદની સુપ્રસિદ્ધ શાળા સી.એન. વિદ્યાવિહારના કેટલાક સહાધ્યાયી મિત્રો પોતાના શિક્ષક તનસુખભાઇ ભટ્ટની બહુ પ્રશંસા કરતા. ત્યારે યુવાન તનસુખભાઈ વિદ્યાર્થીઓમાં પ્રિય હતા. તેઓ ઘણા વિદ્યાર્થીઓને નામથી ઓળખતા અને શાળા છોડી જાય તે પછી પણ તેઓની સાથે પત્રવ્યવહારથી સંપર્ક રાખતા. એ જમાનામાં અમદાવાદના શિક્ષકોમાં તનસુખભાઇનું નામ મોટું હતું. સી.એન.માં ભણાવતાં ભણાવતાં જ એમણે એમ.એ.નો અભ્યાસ કર્યો હતો. તેઓ એક તેજસ્વી વિદ્યાર્થી અને તેજસ્વી શિક્ષક હતા.

ત્યાર પછી મારે તનસુખભાઇનો અંગત સંપર્ક થયો ૧૯૪૯-૫૦માં. ત્યારે હું એમ.એ.માં અભ્યાસ ગુજરાતી વિષય લઇને કરતો હતો. તેઓ અમદાવાદ છોડી મુંબઇની સિદ્ધાર્થ કોલેજમાં ગુજરાતી વિષયના પ્રાધ્યાપક તરીકે જોડાયા હતા. તેઓ એમ.એ.ના અમારા વર્ગ પણ લેતા. ત્યારે સિદ્ધાર્થ કોલેજને પોતાનું મકાન નહોતું. મરીન લાઇન્સ પર લશ્કરી બેરેકના ખાલી પડેલા ઓરડાઓમાં કામચલાઉ વ્યવસ્થા થયેલી. દર અઠવાડિયે એક વાર અધ્યાપક પોતાની કોલેજમાં વર્ગ લેતા. ત્યારે તનસુખભાઈ ખાદીના કપડાં-રંગીન કોટ અને સફેદ પેન્ટ તથા ખાદીની આછા ચોકલેટી રંગની ટાઈ પહેરતા. ચુસ્ત ગાંધીવાદી હોવાને કારણે કોટ-પેન્ટ-ટાઈ પહેરવાં એમને ગમતાં નહિ, પણ મુંબઈના તે કાળના અધ્યાપકીય જીવનમાં તેમ કરવાની ફરજ પડી હતી.

મુંબઇની સિદ્ધાર્થ કૉલેજમાં તેઓ સંસ્કૃત અને ગુજરાતી એમ બે વિષયો ભણાવતા. વર્ગમાં અધ્યાપન કરાવવા માટે તેઓ પૂરા સજ્જ થઇને આવતા. તેઓ સારું ભણાવતા. શરૂઆતમાં વર્ગો મોટા રહેવાને કારણે તેમને ઉચ્ચ સ્વરે બોલવું પડતું, પણ પછી બી.એ.ના ગુજરાતી વિષયના વર્ગોમાં ઓછા વિદ્યાર્થીઓ હોવાને કારણે એવા ઉચ્ચ સ્વરે બોલવાનું રહેતું નહિ. તેમણે કેટલાયે વિદ્યાર્થીઓને ગુજરાતી અને સંસ્કૃત સાહિત્યમાં રસ લેતા કર્યા હતા. પરંતુ આ વર્ષો દરમિયાન એમની આસપાસ ખટપટ અને તેજોદ્વેષના વાતાવરણની એમના ચિત્ત ઉપર માઠી અસર થઈ હતી.

તનસુખભાઇ અમદાવાદમાં સી.એન. વિદ્યાવિહારમાં શિક્ષક હતા ત્યારથી જ તેઓ અમદાવાદના નામાંકિત કવિઓ-શિક્ષકોના તેજોદ્વેષના ભોગ બનેલા. તનસુખભાઇને એમના સત્યપ્રિય સ્વભાવને કારણે સહન ઘણું કરવું પડયું હતું. પછીથી તો તેઓ મુંબઈની સિદ્ધાર્થ કૉલેજમાં અધ્યાપક તરીકે આવ્યા ત્યારે એ તેજોદ્વેષ મુંબઇમાં અધ્યાપકીય વર્તુળમાં પ્રસર્યો હતો, કારણ કે એમના કરતાં ઉંમરમાં નાના અને ઓછી

શૈક્ષણિક યોગ્યતાવાળા કેટલાક અધ્યાપકોને ઊંચાં સ્થાન મળી ગયાં હતાં. આ બધાની જાણે-અજાણ્યે તનસુખભાઈના ચિત્ત ઉપર માઠી અસર થઈ હતી. પરિણામે તેઓ બધાથી અળગા, અતડા રહેવા લાગ્યા. તેઓ કોઇની ખુશામત કરવામાં માનતા નહિ. પછી તો એમની પ્રકૃતિ પણ સંરક્ષણાત્મક બની ગઈ. તેઓ સમાજમાં બહુ ભળતા નહિ.

કવિ ડૉ. રણજિતભાઈ પટેલ (અનામી) સાથે તનસુખભાઈને સારો સંબંધ રહ્યો હતો અનો તેઓ વચ્ચે પત્રવ્યવહાર પણ થતો. અનામી કરતાં તનસુખભાઈ ઉંમરમાં થોડા મોટા હતા. અનામી સાહેબે મને લખ્યું હતું કે 'ભટ્ટ સાહેબ સારા અધ્યાપક હોવા છતાં પણ કોણ જાણે એમનાં મોટા ભાગનાં સમય-શક્તિ ભાતભાતની ખટપટોનો સામનો કરવામાં ગયાં છે. અમદાવાદમાં સી.એન. વિદ્યાવિહારમાં અને મુંબઈ યુનિવર્સિટીમાં. ગાંધી આશ્રમના નિવાસને પ્રતાપે આ બધું ઝેર તેઓ જીરવી શક્યા હતા એમ મને લાગે છે.'

સિદ્ધાર્થ કૉલેજમાં પોતે જોડાયા ત્યારથી તે નિવૃત્ત થયા ત્યાં સુધી તેઓ એ જ કૉલેજમાં ભણાવતા રહ્યા હતા. તેઓ ભણાવતા સારું પણ વિદ્યાર્થીઓમા બહુ ઓછા ભળતા. નાના વર્ગમાં ભણાવતા હોય ત્યારે હેતુપૂર્વક આંખો મીંચીને બોલતા. સદ્ભાગ્યે અધ્યાપક તરીકે એમની નોકરી સુરક્ષિત હતી અને પત્ની વસંતબહેનની પણ અધ્યાપિકા તરીકેની નોકરીમાં પણ કોઈ પ્રશ્ન નહોતા. એટલે આજીવિકાની દૃષ્ટિએ તેઓ નિશ્ચિંત હતા. તેઓને કોઇની ગરજ ભોગવવી પડે એવું નહોતું. એટલે સંબંધો બાંધવા-ટકાવવાની બાબતમાં તેઓ નિસ્પૃહી, નિરુત્સાહી હતાં. છેલ્લાં વર્ષોમાં તો તેઓ કોઇની સાથે સંપર્ક રાખવા ઉત્સુક નહોતા. પહેલાં અવારનવાર તેઓ મને પત્રો લખતા, અથવા હું એમને ઘરે મળવા જતો. પણ પછીથી મને પણ એમનો સંપર્ક ન રાખવા માટે કહ્યું હતું. અલબત્ત મારા પ્રત્યે એમને સદ્ભાવ ઘણો હતો અને મળવા જાઉં તો પ્રેમથી બધી વાતો કરતા.

સંસ્કૃત ભાષા ઉપર તેમનું પ્રભુત્વ અસાધારણ હતું. કાલિદાસ વગેરેનાં મહાકાવ્યો ઉપરાંત ઉપનિષદો, શ્રીમદ્ ભગવદ્ગીતા ભાગવતપુરાણ એમણે મૂળ સંસ્કૃતમાં વાંચ્યાં હતાં. એક વખત શ્રીકૃષ્ણ વિશે કોઇક ભાઇએ 'મુંબઈ સમાચાર'માં ચર્ચાપત્ર લખીને કેટલાક પ્રશ્નો ઉઠાવ્યા હતા ત્યારે 'ભગવાન શ્રીકૃષ્ણ' એ નામથી એમણે આઠ લેખ લખ્યા હતા અને તે 'મુંબઈ સમાચાર'માં છપાયા હતા.

તનસુખભાઇએ ઇ. સ. ૧૯૪૯માં 'દલપતરામ-એક કાવ્યાભિગમ' નામના વિષય ઉપર મુંબઈ યુનિવર્સિટીમાં સ્વ. પ્રો. રામનારાયણ પાઠકના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી.ની ડિગ્રી માટે શોધ-પ્રબંધ લખવા નામ નોંધાવ્યું હતું. ત્યારે પાઠક સાહેબ એ એક જ ગાઈડ હતા. એ દિવસોમાં પાઠક સાહેબ થોડો વખત મુંબઇમાં રહેતા અને થોડો વખત અમદાવાદમાં રહેતા. એટલે માર્ગદર્શન નિયમિત મળતું નહિ. ત્યાર પછી પાઠક સાહેબને હૃદયરોગની તકલીફ ચાલુ થઈ. એટલે તેઓ માર્ગદર્શન માટે પૂરતો સમય આપી શકતા નહોતા. આથી શોધપ્રબંધનું કામ મંદગતિએ ચાલતું હતું. ત્યાર પછી પાઠક સાહેબનું ૧૯૫૫માં અવસાન થયું. એટલે શોધપ્રબંધનું કામ વધુ વિલંબમાં પડ્યું. ત્યારપછી યુનિવર્સિટીએ પ્રો. મનસુખલાલ ઝવેરીની પીએચ.ડી. માટે માર્ગદર્શક તરીકે નિમણૂંક કરી. તનસુખભાઇને ગાઈડ બદલવાની વિધિ યુનિવર્સિટીમાં કરવી પડી. બાકીનું કાર્ય પોતાના લગભગ સમવયસ્ક એવા મનસુખલાલ ઝવેરીના માર્ગદર્શન હેઠળ પૂરું કર્યું. ૧૯૫૭ના જૂનમાં એ શોધપ્રબંધ યુનિવર્સિટીને સુપ્રત કરવામાં આવ્યો અને એમને પીએચ.ડી.ની ડિગ્રી મળી.

ટાઈપ કરેલાં સાડા સાતસો પાનાંનો આ શોધપ્રબંધ તનસુખભાઇએ બહુ જહેમત ઉઠાવીને તૈયાર કર્યો હતો જે હજુ અપ્રકાશિત છે. (હાલ આની માત્ર બે જ નકલ છે-એક યુનિવર્સિટીમાં અને બીજી તનસુખભાઇની પોતાની જે એમણે મુંબઇમાં મીઠીબાઈ કૉલેજને આપી દીધી હતી.)

લગભગ સાડાસાતસો પાનાના આ શોધપ્રબંધમાં દલપતરામના જીવન અને કવનનો બહુ ઊંડાણથી અભ્યાસ થયો છે. કેટકેટલી વિગતો ઉપર નવો પ્રકાશ એમણે પાડ્યો છે. લગભગ પાંચ દાયકા પહેલાં લખાયેલો આ દળદાર મહાનિબંધ નષ્ટ થાય એ પહેલાં કોઇક વ્યક્તિ કે સંસ્થાએ સંપાદિત-સંક્ષિપ્ત કરીને છપાવવા જેવો છે.

૧૯૫૧માં હું મુંબઇની ઝેવિયર્સ કૉલેજમાં અધ્યાપક તરીકે જોડાયો ત્યાર પછી તનસુખભાઇને વારંવાર મળવાનું થતું. ૧૯૫૫ પછી તેઓ પ્રો. મનસુખલાલ ઝવેરીના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. કરતા અને અમારી ઝેવિયર્સ કોલેજમાં તેઓ તે માટે આવતા. ટેલિફોન વ્યવહાર ત્યારે આટલો સુલભ નહોતો. કેટલીયે વાર તેઓ આવ્યા હોય અને મનસુખભાઇને વર્ગમાંથી આવતાં વાર લાગે એમ હોય ત્યારે તનસુખભાઇની સાથે હું વાતે વળગતો. આ રીતે અમારો સંબંધ ગાઢ થયો હતો.

તનસુખભાઇને પ્રવાસનો ઘણો શોખ હતો. સત્યાગ્રહ આશ્રમમાં રહેનાર અને દાંડીયાત્રામાં ભાગ લેનાર માણસો ચાલવામાં જબરા હોય. તનસુખભાઇને હિમાલયનું અનેરું આકર્ષણ હતું. તેમણે બદ્રી-કેદાર, ગંગોત્રી-જમનોત્રીની પગપાળા યાત્રા પાંચ વાર કરી હતી. તેઓ ભારતમાં અન્ય ઘણે સ્થળે ફર્યા હતા અને રવીન્દ્રનાથના શાંતિ-નિકેતનમાં પણ રહ્યા હતા.

તનસુખભાઇએ મોટી ઉંમરે લગ્ન કર્યા હતાં. એમનાં પત્ની સૌરાષ્ટ્રના પત્રકાર, સ્વાતંત્ર્ય સેનાની હરગોવિંદ પંડ્યા (પંડિતજી)ની સુપુત્રી વસંતબહેન ત્યારે એસ.એસ.સી.-મેટ્રિક થયેલાં. પરંતુ તનસુખભાઇએ સંકલ્પ કર્યો કે ઠેઠ એમ.એ. અને પીએચ.ડી. સુધી વસંતબહેનને પહોંચાડવાં. એ માટે એમણે વસંતબહેનને ઘરે અભ્યાસ કરાવવો શરૂ કર્યો. વસંતબહેન મુંબઈની ઇસ્માઇલ યુસુફ કૉલેજમાં જોડાયાં. એમ કરતાં વસંતબહેન ગુજરાતી વિષય સાથે, બી.એ. અને પછી એમ.એ. થયાં. ત્યાર પછી એમણે પીએચ.ડી.નો અભ્યાસ ચાલુ કર્યો અને પછી પીએચ.ડી. પણ થયાં.

વસંતબહેને પણ શાસ્ત્રીય સંગીતનો અભ્યાસ કર્યો હતો. વળી એમનો કંઠ પણ મધુર હતો. એટલે તેઓ તનસુખભાઈની સાથે બેસીને ગાતા. રેડિયો, ટી.વી. પરના શાસ્ત્રીય સંગીતના કાર્યક્રમો પણ તેઓ રસથી સાંભળતાં-જોતાં.

વસંતબહેન પીએચ.ડી. થયાં તે પછી મુંબઇની એલ્ફિન્સ્ટન કોલેજમાં ગુજરાતી વિષયના લેક્ચરર તરીકે એમની નિમણૂંક થઈ હતી. સરકારી તંત્રમાં પહેલી નિમણૂંક કામચલાઉ તરીકે કરવામાં આવે છે. પછી એ નિમણૂંક પાકી કરતાં વર્ષો લાગી જાય. ત્યારે ફરી જાહેરખબર અને ફરી ઇન્ટરવ્યૂનું ચક્ર ચાલે. વસંતબહેને ત્યાં ત્રણ વર્ષ અધ્યાપન કર્યા પછી, એ લેક્ચરરના હોદ્દાની જાહેરખબર અપાઈ અને ઇન્ટરવ્યૂ ગોઠવાયા. એ વખતે તાજી એમ.એ. થયેલી એક વિદ્યાર્થિનીએ પણ અરજી કરી હતી અને તેની લાગવગ ઘણી હતી. જ્યારે ઈન્ટરવ્યૂ લેવાના હતા ત્યારે એ પસંદગી-સમિતિમાં સરકારે મારી પણ નિમણૂંક કરી હતી. ઈન્ટરવ્યૂ પૂરા થયા પછી સમિતિના બીજા બે સભ્યોએ આ નવી વિદ્યાર્થિની માટે જોરદાર આગ્રહ કર્યો. મને થયું કે આમાં વસંતબહેનને અન્યાય થશે અને એમની નોકરી જશે. મેં પણ વસંતબહેનના પક્ષે જે મહત્ત્વનાં કારણો હતાં તે આગ્રહપૂર્વક રજૂ કર્યા. સરકારના પ્રતિનિધિએ મારી વાત મંજૂર રાખી અને એ અંગેના નિયમો બતાવ્યા. આથી પેલા બે સભ્યો વધુ બોલી ન શક્યા. પરિણામે વસંતબહેનની નોકરી બચી ગઈ હતી. તેઓ નિવૃત્ત થયાં ત્યાં સુધી એ કૉલેજમાં જ ભણાવતાં રહ્યાં હતાં. નિવૃત્તિ પછી થોડા વખતમાં જ લિવરના કેન્સરની બીમારીને કારણે તેઓ અવસાન પામ્યાં હતાં. એમના છેલ્લા દિવસોમાં

વિદેશથી કુ. ક્ષિતિજા પણ આવી ગઈ હતી. તનસુખભાઈ આખો દિવસ વસંતબહેનની પથારી પાસે શાન્તિથી બેસતા અને પ્રાર્થના કરતા. વસંતબહેને શાન્તિથી દેહ છોડ્યો હતો.

તનસુખભાઈ–વસંતબહેનની દીકરી કુ. ક્ષિતિજાએ એમ.એ. સુધીનો અભ્યાસ કર્યો હતો. તેણે બ્રિટિશ કાઉન્સિલમાં નોકરી સ્વીકારી હતી. ત્યારપછી તે ટ્રાવેલ કંપનીમાં જોડાઈ હતી. પરંતુ એનું મન અધ્યાત્મમાં લાગી જતાં તેણે નોકરી છોડી દીધી હતી. તે કહેતી કે મારે માટે મારાં માતાપિતા એ જ મારા ગુરુદ્વય હતાં. તે કહેતી કે પિતાજીની કેટલીક શિખામણો જીવનભર કામ લાગે એવી છે, જેમ કે ક્યારેય જૂઠું બોલવું નહિ, કોઈની ખુશામત કરવી નહિ, આત્મશ્લાઘા કરવી નહિ, અપેક્ષા રાખવી નહિ, કોઈ વ્યક્તિ કે ધર્મની નિંદા કરવી નહિ, કોઈ રાજદ્વારી પક્ષમાં જોડાવું નહિ અને પોતાના અંતરાત્માને અનુસરવું.'

મુંબઇની સિદ્ધાર્થ કૉલેજ એટલે મરાઠી બહુમતીવાળી કૉલેજ. એટલે ૧૯૫૯–૬૦માં જ્યારે મુંબઈ રાજ્યના વિભાજન માટેની અને 'આમચી મુંબઈ' માટેની ચળવળ ચાલેલી ત્યારે કેટલાક મરાઠી વિદ્યાર્થીઓ તનસુખભાઈને ગુજરાતી વિષયના અધ્યાપક હોવાને કારણે પજવતા હતા. તનસુખભાઈએ ક્ષમાભાવથી એ બધું સહન કરી લીધું હતું. પણ પછીથી એ પણ શાન્ત થઈ ગયું હતું.

૧૯૭૦માં મુંબઈ યુનિવર્સિટીમાં ગુજરાતી વિભાગના અધ્યક્ષ તરીકે મારી નિમણૂંક થઈ અને ૧૯૭૧માં તનસુખભાઈ કૉલેજમાંથી નિવૃત્ત થયા. એ પ્રસંગે ગુજરાતી વિભાગ તરફથી યોજાતા અધ્યાપક મિલનમાં અમે તનસુખભાઈ માટે નિવૃત્તિ–સન્માનનો કાર્યક્રમ યોજ્યો હતો.

તનસુખભાઈ કૉલેજમાંથી નિવૃત્ત થયા તે પછી એમણે અર્થપ્રાપ્તિ માટે બીજી કોઈ જવાબદારી લીધી નહિ. તેઓ નિવૃત્તિનો સમય ઘરમાં જ વાંચન–લેખનમાં પસાર કરતા. હવે એમની પ્રકૃતિ પહેલાં જેવી મિલનસાર રહી નહોતી. બહુ જ ઓછાં લોકોને તેઓ મળવા જતા અને બહુ ઓછા લોકો એમને મળવા આવતા. વસંતબહેન વ્યવહારમાં રહેતા. પડોશીઓ સાથે પણ સારો સંબંધ રાખતા.

નિવૃત્તિ પછી તનસુખભાઈ કેટલીયે વાર પોતાના વિચારોમાં ખોવાઈ જતા. બધા વચ્ચે વાતચીત ચાલતી હોય પણ તનસુખભાઈ એમના વિચારોની દુનિયામાં હોય. એક વખત તનસુખભાઈ મને મુંબઈ યુનિવર્સિટીના પ્રવેશદ્વારમાં જ મળી ગયા. સામાન્ય રીતે અમે ક્યાંય મળીએ તો ત્યાં જ ઊભા ઊભા નિરાંતે વાતો કરીએ. તે દિવસે પણ નિરાંતે વાત કરતા હતા ત્યાં કોઈ એવો વિષય આવ્યો કે તેઓ તરત બોલ્યા, 'બસ, રમણભાઈ ! હવે હું વધારે વાત નહિ કરી શકું. હું વિચારે ચડી ગયો છું. મને હવે તમારી સાથે વાત કરવામાં મઝા નહિ આવે. માફ કરજો.' એમ કહી એમણે તરત વિદાય લીધી.

તનસુખભાઈ દક્ષિણામૂર્તિમાં હતા ત્યારે નાનાભાઈ ભટ્ટ, મૂળશંકર ભટ્ટ, મનુભાઈ પંચોલી (દર્શક), નટવરલાલ બુચ વગેરે મહાનુભાવો સાથે એક જ સંસ્થામાં એમને રહેવાનું મળ્યું હતું. એટલે એ સમયની કેટલીયે ઘટનાઓના તેઓ સાક્ષી હતા. દર્શકે 'ઝેર તો પીધાં છે જાણી જાણી' નવલકથામાં કેટલાંક પાત્રોનું સર્જન અને પ્રસંગોનું આલેખન દક્ષિણામૂર્તિના અનુભવો પરથી કર્યું છે એમ તેઓ કહેતા. અમે કોઈ વાર એમને મળવા જઇએ ત્યારે હાથમાં 'ઝેર તો પીધાં છે' નવલકથા લઈ અમુક ફકરા વાંચી એ કઈ ઘટના અને કંઈ વ્યક્તિ પરથી લખાયા છે તે તેઓ બતાવતા.

જિંદગીનાં છેલ્લાં વર્ષોમાં એમને મળવા જાઉં ત્યારે તેઓ સાબરમતી આશ્રમનાં સંસ્મરણો વાગોળતા. સ્વામી આનંદ, મહાદેવભાઈ દેસાઈ, ગુલઝારીલાલ નંદા વગેરે પોતાના સમકાલીનોની વાતો કરતા.

તનસુખભાઈ આવા પ્રકાંડ પંડિત અને સમર્થ સર્જક હોવા છતાં તેમનામાં પોતાની સિદ્ધિઓ માટે અહંકાર કે અભિનિવેશ જોવા મળતો નહિ. તેઓ નિવૃત્તિના સમયમાં રોજ સાંજે પાર્લાના સંન્યાસ આશ્રમમાં જઇને બેસતા. જે કંઈ ભજનકીર્તન કે કથાપ્રવચન ચાલતાં હોય તે સાંભળે. હોલમાં પણ તેઓ છેલ્લે એક ખૂણામાં બેસે અને ધ્યાનથી સાંભળે. પોતે કવિ છે, લેખક છે, પ્રોફેસર છે, જાણકાર છે એવો દેખાવ એમણે ક્યારેય કર્યો નથી. એક સામાન્ય શ્રોતાજનની જેમ તેઓ બેસતા. કોઇની સાથે હળતાભળતા નહિ. કોઇને પોતાનો પરિચય આપતા નહિ, ઘણુંખરું તો ઘરેથી નીકળી ઘરે આવે ત્યાં સુધી કોઇની સાથે કશું જ બોલ્યા હોય નહિ. અલબત્ત, આશ્રમમાં મહામંડલેશ્વર શ્રી મહેશ્વરાનંદજી જો હોય તો ક્યારેક તેઓ એમની સાથે ચર્ચાવિચારણા કરતા. તેઓ કહેતા કે આ રીતે રોજ પોતે ચાલીને જતા અને ચાલીને પાછા આવતા. એમ કરવાથી ચાલવાની કસરત સારી થાય છે અને દોઢ–બે કલાક સારી રીતે પસાર થયા છે.

તનસુખભાઇના એક વિદ્યાર્થી શ્રી અજિત સરૈયાએ એક વાત નોંધી છે. દિલ્હીમાં ગાંધીજીની સમાધિ જોઇને પાછા આવ્યા પછી તનસુખભાઇએ એક ચર્ચાપત્રમાં એવો વિચાર દર્શાવ્યો હતો કે આ સમાધિ ઉપર ગાંધીજીની બે ચાખડી કોતરવી જોઇએ. વસ્તુત: ગાંધીજીની સમાધિ એ ગાંધીજીના અગ્નિસંસ્કારનું સ્થળ છે. પરંતુ આરસની એ લંબચોરસ આકૃતિ ઉપર રોજ અનેક લોકો ફૂલ ચડાવે છે અને વિદેશી રાજદ્વારી મહેમાનોને પણ ત્યાં ફૂલહાર ચડાવવા લઈ જવામાં આવે છે. પરંતુ બધા લોકો કંઈ લાંબો વિચાર કરતા નથી. સંભવ છે કે એમાંના કેટલાક કદાચ એને કબર સમજતા હોય ! જો આ કબર હોય એવું લાગે તો સો-બસો વર્ષે કોઈ એમ પણ માને કે કબર તો મુસલમાનોની હોય, હિંદુની નહિ, માટે ગાંધીજી મુસલમાન હતા એવી ગેરસમજ પણ પ્રચલિત થાય. પરંતુ 'હે રામ' શબ્દોની સાથે ચાખડી કોતરેલી હોય, સ્વસ્તિક હોય તો ભવિષ્યમાં આવી કોઈ ગેરસમજ પ્રચલિત ન થાય. ગાંધીજી પ્રત્યેની ભક્તિ તનસુખભાઇના દિલમાં કેટલી બધી હતી તે આના ઉપરથી સમજાશે.

તનસુખભાઇ ૧૯૮૩–૮૪ થી 'પ્રબુદ્ધ જીવન' માટે અવારનવાર લેખ મોકલતા રહ્યા હતા. એમના લેખ વાંચવામાં અને છાપવામાં મને આનંદ આવતો. વાચકોને પણ એમનું લખાણ ગમતું અને ઘણું જાણવાનું મળતું. કેટલાંક વર્ષ સુધી એ રીતે એમના લેખો છપાયા. પછી એક દિવસ પત્ર આવ્યો કે 'મારા લેખો હવેથી છાપશો નહિ.' હું એમને મળવા ગયો. એમણે કહ્યું, 'હું હવે લેખો દ્વારા પણ લોકસંપર્કમાં રહેવા ઇચ્છતો નથી.' મેં એમના લેખો પાછા આપ્યા.

તેઓ અજ્ઞાતવાસમાં રહેવા ઇચ્છતા હતા. ૧૯૯૦ પછી તેઓ મુંબઈ છોડી બીજે ક્યાંક રહેવાનું વિચારતા હતા. તનસુખભાઈ દીકરી ક્ષિતિજાને કોઈ આધ્યાત્મિક નિવૃત્તિ ક્ષેત્રમાં રહેવાની ઇચ્છા હતી. પોતે જ્યાં જાય ત્યાં તનસુખભાઈ જવા તૈયાર હતા. અમદાવાદ કે વડોદરામાં રહેવાનો વિચાર કરી જોયેલો પણ ત્યાં એટલી અનુકૂળતા લાગી નહિ. છેવટે પોંડીચેરી જવાનું નક્કી કર્યું, કારણ કે ક્ષિતિજાને શ્રી અરવિંદ અને પોંડિચેરીનું આકર્ષણ ઘણું હતું. ક્ષિતિજા ત્યાં તપાસ કરી આવી. મુંબઈનો ફ્લેટ વેચી દઈ ૧૯૯૭માં તેઓ પોંડીચેરી રહેવા ગયા એ વાતની તેઓએ ખાસ કોઈને જાણ કરી નહોતી. તેઓને ત્યાં થોડો વખત તો સારું લાગ્યું, પણ ગાંધી–વિચારસરણી અને જીવનશૈલીવાળા તનસુખભાઈનો શ્રી અરવિંદના પોંડીચેરીમાં બહુ મેળ બેઠો નહિ. વળી ત્યાં તડકો પણ સખત પડતો; જે એમનાથી હવે સહન થતો નહિ. પોંડીચેરીના લોકો કાં તો ફ્રેન્ચ બોલે, કાં તો તામિલ બોલે. હિંદી કે ઇંગ્લિશ બોલનાર તો કોઈક જ નીકળે. એ રીતે પણ તેમને અનુકૂળતા ઓછી લાગતી. આથી તેમણે પોંડીચેરી છોડવાનું નક્કી કર્યું. પરંતુ મુંબઈ પાછા ફરવું નહોતું. છેવટે પૂનામાં સ્થિર થવાનું વિચાર્યું. ક્ષિતિજાએ પૂનામાં ઘર લઈ બધી વ્યવસ્થા કરી અને

૧૯૯૯માં તનસુખભાઈને પૂના લઈ આવી. આ રીતે તનસુખભાઇએ પૂનામાં પોતાનું શાન્ત જીવન શરૂ કર્યું. પૂનાના પોતાના નિવાસની ભાગ્યે જ તેમણે કોઇને જાણ કરી હતી.

નેવું વર્ષની ઉંમરે તનસુખભાઈ છાપાં નિયમિત વાંચતા. ટી.વી. જોતા. ફરવા જતા. પોતાનું શરીર સાચવતા. પોતાનું કામ બરાબર કરતા. સાબરમતી આશ્રમના વખતથી પડેલી ટેવ પ્રમાણે તેઓ સવારના ચાર વાગે ઊઠી જતા અને પ્રાર્થના કરતા. ત્યાર પછી તેઓ એક કલાક ધ્યાનમાં બેસતાં. ક્યારેક સાંજે, દસ વાગે સૂતાં પહેલાં એક કલાક ધ્યાનમાં બેસતાં. (એમનાં પત્ની વસંતબહેન પણ હયાત હતાં ત્યાં સુધી ધ્યાનમાં જોડાતાં.) નેવુંની ઉંમર પછી તનસુખભાઈ ઢીલા પડ્યા હતા. બહેન ક્ષિતિજાએ પોતાના પિતાની જીવનના અંત સુધી સારી સંભાળ રાખી હતી. તનસુખભાઈ એને કહેતા કે 'તું મારી દીકરી છે, પણ તેં મારી માતાની જેમ સંભાળ રાખી છે.' છેલ્લાં દોઢેક વર્ષથી તનસુખભાઈએ પોતાના દેહની મમતા છોડી દીધી હતી. તેમણે કોઇ પણ પ્રકારની દવા લેવાનું બંધ કરી દીધું હતું. તેઓ કહેતા કે પોતે પોતાનો દેહ હવે કૃષ્ણાર્પણ કરી દીધો છે. એમનું શરીર ધીમે ધીમે ઘસાતું જતું હતું.

ગાંધીવાદી તનસુખભાઈ કહેતા કે 'આઝાદીની લડતના દિવસોમાં સૌ કોઈ ગાંધીજીને 'બાપુ' કહેતા. કોઈ 'ગાંધીજી' શબ્દ વાપરે તો અમને બહુ ખૂંચતું. હવે તો ઘણા મિ.ગાંધી કહે છે. તે અમને હૈયામાં છરી ભોંકાતી હોય એમ કઠે છે.'

ગાંધીજીના ગુજરાતમાં ગોધરાકાંડ અને ભયંકર કોમી રમખાણો થયાં ત્યારે તનસુખભાઈનું હૃદય બહુ વ્યથિત થઈ ગયું હતું. ક્યાં ગાંધીજીનું સ્વપ્નું અને ક્યાં વર્તમાન પરિસ્થિતિ ? એ વખતે તનસુખભાઈના હૃદયમાંથી કાવ્યપંક્તિઓ સરી પડી હતી:

આ આંખોને શમણાં જોવાની ટેવ પડી;
આ ટેવમાંથી ઉગારો હો રાજ !
આ આંખોને શમણાંનો ભાર લાગે છે.

તનસુખભાઇએ ક્ષિતિજાને કહ્યું હતું કે પોતાના અવસાન પ્રસંગે બહુ માણસો એકત્ર કરવા નહિ અને પોતાના અસ્થિનું વિસર્જન સંગમમાં કરવું. ચોથી ફેબ્રુઆરી ૨૦૦૪ના રોજ એમણે મૌન ધારણ કરી લીધું અને અંતર્મુખ બની ગયા. તેમણે ક્ષિતિજાને કહ્યું, 'બેટા! મને યમદૂતો દેખાય છે, તેઓ મને તેડવા આવ્યા છે. હું હવે જવાનો છું. તું શાન્તિથી રહેજે.' પાંચમી ફેબ્રુઆરીએ એમણે દેહ છોડી દીધો.

તનસુખભાઇનું એક મહત્ત્વનું કાવ્ય તે દાંડીયાત્રા છે. તેની રચના ૧૯૪૬માં (સં. ૨૦૦૨-જન્માષ્ટમી) થઈ હતી. ૧૯૫૧માં તે પુસ્તિકા રૂપે પ્રગટ થયું હતું અને ત્યાર પછી ૧૯૫૫માં પોતાના કાવ્યસંગ્રહ 'કાવ્યલહરી'માં એ સમાવિષ્ટ કરવામાં આવ્યું હતું. આ ખંડકાવ્ય મન્દાક્રાન્તા છંદની ૧૨૫ કડીમાં (૫૦૦ પંક્તિમાં) લખાયું છે. તેનું સવિશેષ મૂલ્ય એ રીતે છે કે તેમાં સત્યાગ્રહ આશ્રમનું શબ્દચિત્ર બહુ સુંદર આપવામાં આવ્યું છે કે જે એક દસ્તાવેજી ચિત્ર જેવું થયું છે. વળી દાંડીયાત્રા કયા કયા પ્રદેશમાંથી-ગામનગરમાંથી પસાર થઈ હતી એનો ક્રમ અને એનું શબ્દચિત્ર આપણાને પ્રાપ્ત થયા છે. એક દસ્તાવેજી કાવ્ય તરીકે એની મૂલ્યવત્તા ઘણી છે.

'દાંડીયાત્રા' નાની પુસ્તિકા તરીકે પ્રકાશિત થઈ ત્યારે એની પ્રસ્તાવના અનંતરાય રાવળે લખી હતી. એ જ કાવ્ય 'કાવ્યલહરી'માં છપાયું ત્યારે એ સંગ્રહની પ્રસ્તાવના સ્વ. વિદ્વદ્વર્ય રસિકલાલ પરીખે લખી હતી. 'દાંડીયાત્રા' કાવ્યને તેમણે કાલિદાસના 'મેઘદૂત'ની યાદ અપાવે એવા કાવ્ય તરીકે ઓળખાવ્યું છે, કારણ કે આ કાવ્યમાં મેઘદૂતની જેમ 'સાબરમતી આશ્રમ'થી દાંડી સુધીમાં આવતાં સ્થળોનાં વર્ણનો છે.

ગાંધીજી આફ્રિકાથી ભારત પાછા આવ્યા એ ઘટનાના નિરૂપણથી કવિ આ 'દાંડીયાત્રા' કાવ્યનો આરંભ કરે છે.

રાષ્ટ્રોત્કર્ષે નિજ વપુ ઘસી દૂર અંધારખંડે;
રંકો કેરા સ્વજન બનીને, એકદા કો મહાત્મા.
ગૌરાંગોનો ગરવ હરીને દિવ્ય શસ્ત્રે અમોઘે,
આર્યાવર્ત નિજ જનમની ભોમકામાં પધાર્યા.

દાંડીયાત્રા દરમિયાન એક સ્થળે નદીના પટમાં ઘૂંટણ સુધીના કાદવમાં ચાલવાનું આવ્યું અને બધાંએ બાપુને ઊંચકીને આગળ ચાલવાનું સૂચન કર્યું તે પ્રસંગનું વર્ણન કરતાં કવિ લખે છે:

ત્યારે બાપુ ખડખડ હસ્યા, 'વાત શી બાળ જેવી,
પાયે મારા બળ બહુ હજુ' એમ બોલી વધે છે.
ને વૃદ્ધાંગો પ્રબળ વિહરે કર્દમે જાનુમગ્ને,
અન્યત્રાસે નિજ સુખ લહે કેમ કો દી મહાત્મા ?

ધારાસણાના સમુદ્રકિનારે બાપુએ વાંકા વળી ચપટી મીઠું લીધું એ પ્રસંગ વર્ણવતાં કવિ કેવી સરસ કલ્પના કરે છે !

કીધું હૈયે પ્રભુસ્મરણ ને મેદની હર્ષઘોષે,
બાપુ ઝૂક્યા લવણકણના શર્કરાખંડ વીણ્યાં;
વીણ્યા પુંજો ક્ષિતિતલ થકી શ્રેષ્ઠ સામ્રાજ્ય લૂંટ્યું.
કિંવા લૂંટ્યું વિતતસમયે લભ્ય સ્વાતંત્ર્ય મોંઘું.

આ પ્રસંગે બધાંએ જે શૌર્ય દાખવ્યું હતું તે વર્ણવતાં કવિ લખે છે:

ને એ કૂચો લવણ ઢગલે ક્ષેત્ર ધારાસણાને,
ફંગોળાયાં સુભટતનડાં ને હિણાયાં, પિટાયાં
ખેલાયું જ્યાં પ્રતિદિન ખરું યુદ્ધ રે રોમહર્ષ,
વીરશ્રીનો પ્રથમ પરચો દાખવ્યો ગુર્જરોએ.

આ ઐતિહાસિક ઘટનાને અંતે કવિ બાપુને અંજલિ અર્પતાં કહે છે:

બાપુ ! દિવ્યા તમ પગલીએ દેશની કૂચ માંડી !
બાપુ ! ન્યારી તમ છબિ અહો દાસ્યમાં દીપદાંડી !

કાવ્યલહરીનાં કાવ્યોમાં સ્વ. તનસુખભાઇની એક તત્ત્વચિંતક તરીકેની પ્રતિભા ઊપસી આવે છે. ઉ.ત. 'ઝંખના' કાવ્યમાં ગિરનાર પર ચઢતાં જે સંવેદના થઈ તે વ્યક્ત કરતાં તેઓ લખે છે:

વાદળ પડદા વિશાળ; પળમાં લોપાતી રે દેરડી,
મળતી લેશ ન ભાળ એવા રે મારગ અમે સંચર્યા.

x x x

'શાશ્વત સુખ'માં તેઓ કહે છે:

આત્મા મહીં કિન્તુ નિહાળતો નિધિ,
જ્યાં શાશ્વતી જ્ઞાનપ્રમોદસંસ્થિતિ,
જાણી જીવી જીવનમાર્ગ દાખવી,
સંતો મહા એ પદમાં ગયા મળી.

જગતથી ન્યારા અને જગતની કોઈ વસ્તુની સ્પૃહા ન રાખનારા તનસુખભાઈ 'મનીષા' કાવ્યમાં કહે છે:

નવ અંતર યાચના હજો, નવ રીઝો ઉર ભોગિદર્શને,
જગ નિ:સ્પૃહ ને જલે છલી ઝરણી અંતરની વહો વહો.

એક કવિ તરીકે તનસુખભાઇએ સારી સિદ્ધિ મેળવી હતી. છંદોબદ્ધ કાવ્યો અને ગેય રચનાઓ બંનેમાં તેમની શક્તિ સુપેરે આવિષ્કાર પામી હતી. મધ્યવયમાં આસપાસનાં સંજોગોએ જો એમની કવિપ્રતિભા કુંઠિત ન કરી નાખી હોત તો કવિ તરીકે એમણે મોટું નામ કાઢ્યું હોત. ગાંધીજીના હાથ હેઠળ સંસ્કારસિંચન પામેલી તેજસ્વી વ્યક્તિનો જીવનવિકાસ બાહ્ય દૃષ્ટિએ કેવો વિપરીત અને વિષમ બની ગયો ! અલબત્ત પોતાની અંતર્મુખતાએ તો એમને ધન્ય જ બનાવ્યા હતા.

મારા વિદ્યાગુરુ સ્વ. તનસુખભાઈ ભટ્ટને શ્રદ્ધાંજલિ અર્પું છું.

☐ **રમણલાલ ચી. શાહ**

❖❖❖

# સંસ્કૃત સાહિત્યમાં વિદ્વત્તાભર્યો વિનોદ

□ પ. પૂ. આ શ્રી પૂર્ણચન્દ્રસૂરિજી મહારાજ

સંસ્કૃતિ એવી સંજીવિની છે, જે પ્રજાને યુગ-યુગ સુધી સંસ્કારી અને સચેતન રાખી શકે. આવી સંસ્કૃતિઓમાં ભારતીય સંસ્કૃતિ શિરમોર તરીકેનું સ્થાન-માન શોભાવે છે. કારણ કે આ સંસ્કૃતિ સંસ્કૃત-પ્રાકૃત- ભાષા સાથે જોડાયેલી છે. એક અપેક્ષાએ એમ કહી શકાય કે, સંસ્કૃત અને સંસ્કૃતિ એક જ સિક્કાની બે બાજુ છે. સંસ્કૃતનો અર્થ થાય છે : સંસ્કારિત કરેલું. સંસ્કૃત ભાષા તો સંસ્કારિત છે જ, પરંતુ જે કોઇ પણ સંસ્કૃતિ કે માનવ સંસ્કૃત-ભાષા સાથે જોડાયેલો રહે છે, એ પણ સ્વયં સંસ્કાર-સંપન્નતાનો સ્વામી બની જાય છે. સંસ્કૃત ભાષાનો આ કંઈ જેવો તેવો પ્રભાવ નથી. માટે જ ભારતીય સંસ્કૃતિ સર્વશ્રેષ્ઠ રહેતી આવી છે.

જેનું સાહિત્ય સર્વશ્રેષ્ઠ હોય, એ સમાજ અને એ સંસ્કૃતિ પણ સર્વશ્રેષ્ઠતા પામ્યા વિના ન રહે. ભારતીય સાહિત્યનું સિંહાવલોકન કરીએ, તો એમ લાગે કે, આ સાહિત્યના ઉદ્યાનમાં સંસ્કૃત-ભાષા ઓર ખીલી ઊઠી છે. એમાંય જૈન-સાહિત્યનું પઠન-પાઠન કરતાં તો એમ જ લાગે કે, જૈન સાહિત્ય તો સંસ્કૃત-ભાષાને મુક્તમને વિહરવા માટેની ક્રીડા-સ્થલી જ છે.

સંસ્કૃત-ભાષાની વિશેષતા એની નિયમબદ્ધતા, ઓછા શબ્દોમાં ઘણા અર્થનો સમાવેશ કરવાની વિરલ લાક્ષણિકતા અને મધ-મીઠી મધુરતામાં સમાયેલી છે. અર્થનું ગાંભીર્ય અને શબ્દનું લાલિત્ય : આ બે દૃષ્ટિથી વિચારીએ તો સંસ્કૃત જેવી બીજી ભાષા મળવી દુર્લભ ગણાય. સંસ્કૃત ઋષિ-મુનિઓની ભાષા તો છે જ, તદુપરાંત 'દેવભાષા' બનવાનું સૌભાગ્ય પણ સંસ્કૃતને વર્યું છે.

અર્થની ચમત્કૃતિની દૃષ્ટિએ સંસ્કૃત કેવી અદ્ભુત ભાષા છે, એનો તાગ પામવો હોય, તો સંસ્કૃત-સુભાષિતો પર મનન-ચિંતન કરવું જોઇએ. આ સિવાય વિદ્વત્તાભર્યો વિનોદ માણવો હોય, તો સંસ્કૃત-સાહિત્યમાં એવા એવા શ્લોકો ઢગલાબંધ મળી આવે કે, કયા શ્લોકને અગ્રક્રમ આપવો, એનો નિર્ણય કરવામાં દ્વિધા અનુભવાય. કેટલાય જૈનાચાર્યોએ સંસ્કૃત-ભાષામાં જે રચનાઓ કરી છે, એ આશ્ચર્ય અને અહોભાવની દૃષ્ટિએ જોવાય એવી છે. આ સિવાય વાતચીત કે ગોષ્ઠિના રૂપમાંય જૈનાચાર્યોની વાણી કે કલમમાંથી જે સંસ્કૃત રચનાઓ સરી પડી છે, એ જોઇએ તોય આશ્ચર્યથી દિંગ બની જવાય. આવો એક સામાન્ય પ્રયાસ કરીને સંસ્કૃત-ભાષાની સંસ્કારિતાને સમજીએ:

□ □ □

પરદુ:ખભંજન રાજા વિક્રમના સમયમાં શ્રી સિદ્ધસેન દિવાકર સૂરિ નામના એક જૈનાચાર્ય થઈ ગયા. કોઈ રાજાને પ્રતિબોધિત કરવાના એમના મનોરથ હતા. એથી પહેલી જ વાર વિક્રમ રાજા સાથે વાર્તાલાપ કરવાનો પ્રસંગ આવ્યો, ત્યારે એમણે ચમત્કૃતિ-પૂર્ણ જે સંસ્કૃત-શ્લોકોથી પૂર્વભૂમિકા રચી, એ ક્રમશ: જોઇએ. રાજાના વાસ્તવિક ગુણ વર્ણવતા એમણે કહ્યું:

सर्वदा सर्वदोऽसीति मिथ्या संस्तूयसे बुधै:
नारयो लेभिरे पृष्ठि न वक्ष: परयोषित:

રાજવી વિક્રમ ! વિદ્વાનો તમારાં ગુણગાન કરતા કહે છે કે, રાજવી હંમેશને માટે બધું આપનારા છે, પરંતુ આમાં સચ્ચાઈ નથી, કેમકે શત્રુઓને તમે પીઠ આપતા નથી અને પરસ્ત્રીને તમે છાતી આપતા નથી. એથી સર્વદા સર્વ-દાયક તરીકેની તમારી કીર્તિને સાચી કઈ રીતે ગણવી ?

सरस्वती स्थिता वक्त्रे लक्ष्मी: करसरोरुहे
कीर्ति: किं कुपिता राजन् येन देशान्तरं गता

રાજન ! સરસ્વતી-લક્ષ્મી અને કીર્તિ આ ત્રણ દેવીઓ ગણાય છે. આમાં સરસ્વતીનો તમારા મુખમાં વસવાટ છે અને લક્ષ્મી તમારા કરકમળમાં વિલાસ માણે છે, પણ કીર્તિને એવું તો કેવું ખોટું લાગી ગયું કે, એ રીસાઇને બીજા દેશોમાં ચાલી ગઈ.

अपूर्वेयं धनुर्विद्या भवता शिक्षिता कुत:
मार्गणौघ: समभ्येति गुणो याति दिगन्तरम्

રાજન ! આવી અપૂર્વ બાણ-વિદ્યા તમે ક્યાંથી શીખી આવ્યા કે, ભિક્ષુકો-યાચકોનો સમૂહ નજીક આવે છે અને તમારા ગુણ દિગ્-દિગંતમાં જાય છે. [બાણ છોડીએ ત્યારે ધનુષ્યની દોરી નજીક ખેંચવી પડે એથી બાણ દૂર દૂર જાય. અહીં વિલક્ષણતા એ છે કે માર્ગણનો અર્થ બાણ અને ભિક્ષુક બંને થાય, ભિક્ષુકો નજીક આવે છે. ગુણનો અર્થ દોરી અને ગુણ બંને થાય, ગુણો દૂર દૂર ગવાય છે.]

आहते तव नि:स्वाने स्फुरितं रिपुहृद्घटै:
गलिते तत्प्रियानेत्रे राजंश्चित्रमिदं महत्

રાજન ! તમે બાણ છોડો છો અને શત્રુઓનાં હૃદય-ઘટ ફૂટી જાય છે, પરંતુ આશ્ચર્યની વાત તો એ છે કે, શત્રુઓની સ્ત્રીઓની આંખમાંથી પાણી વહેવા માંડે છે. (ફૂટેલા ઘડામાંથી પાણી વહેતું નથી, એમની સ્ત્રીઓની આંખમાંથી પાણી-આંસુ વહેવા માંડે છે, એ આશ્ચર્ય !)

□ □ □

તળાવના કિનારે માછલાં પકડીને ખાઈ જતા બગલાનું દૃશ્ય જોઇને એક કવિરાજે કટાક્ષ-બાણ છોડ્યાં કે,

एषा तटाकमिष तावक दानशाला मत्स्यादयो रसवती प्रगुणा सदैव
पात्राणि यत्र बक सारस चक्रवाका: पुण्यं कियद् भवति तत्तु वयं न विद्म:

તળાવના બાને બનાવાયેલી આ દાનશાળામાં માછલાં આદિ રસોઈ રૂપે હંમેશ તૈયાર જ હોય છે. ભોજન કરનારા તરીકે અહીં બગલા-સારસ-ચક્રવાક આદિ પંખીઓનું ગમનાગમન સતત થતું જ હોય છે. છતાં અહીં પુણ્ય કેટલું બંધાતું હશે, એ તો અમે કહી શકતા નથી.

□ □ □

મંત્રી દ્વારા જ મહિમા પામેલા રાજાને પણ મંત્રીએ છંછેડવા ન જોઇએ, આવી હિતશિક્ષા એક શ્લોકમાં ખૂબ જ સુંદર આલંકારિક રીતે રજૂ કરવામાં આવી છે.

आदौ मयैवायमदीपि नूनं न तद्दहेन्मामवहेलितोपि
इति भ्रमादङ्गुलिपर्वणापि स्पृशेत नो दीप इवावनीप:

મેં આ દીવો પેટાવ્યો છે અને પાળ્યો-પોષ્યો છે. માટે હું એની સાથે છેડછાડ કરીશ, તોય મને તો આ દીવો બાળશે નહિ, આ જાતના ભ્રમનો ભોગ બનીને દીવાની જેમ રાજાની અવહેલના મંત્રીએ ન કરવી જોઇએ.

□ □ □

એવી લોકમાન્યતા પ્રચલિત છે કે, સપ્તર્ષિના તારાઓનું આકાશમાં અનોખું સ્થાન-માન છે. એના કરતાંય એકલા શ્રી હેમચન્દ્રસૂરિજી મહારાજના સ્થાનને વધુ મહત્ત્વ આપતી એક કવિકલ્પના જાણવા-માણવા જેવી છે:

सप्तर्षयोपि सततं गगने चरन्तो मोक्तुं क्षमा नहि मृगीं मृगयो: सकाशात्
जीयादसौ चिरतरं प्रभुहेमसूरिरेकेन येन भुवि जीववधो निषिद्ध:

આકાશમાં સપ્તર્ષિ (સાત ઋષિઓ) સતત પરિભ્રમણ કરી રહ્યા છે, છતાં હજી સુધી ચન્દ્રની ચુંગાલમાં ફસાયેલાં હરણ-હરણીમાંથી હરણીનેય એ છોડાવી શક્યા નથી. જ્યારે ગુજરાતના સંસ્કારસ્વામી શ્રી હેમચન્દ્રસૂરિજી એકલપંડે અઢાર અઢાર દેશમાં જીવ-વધનો નિષેધ કરાવી શક્યા છે. આ એકર્ષિ ચિરકાળ જય પામો. □ □ □

ગુજરાતના રાજવી વીરધવલ જ્યારે સ્વર્ગવાસી બન્યા, ત્યારના આઘાતનું વર્ણન એક કવિએ ગ્રીષ્મ અને વર્ષાઋતુનો સંગમ કરાવીને અદ્ભુત શૈલીમાં કર્યું છે:

आयान्ति यान्ति च परे ऋतव: क्रमेण
सञ्जातमेतदृतु युग्ममगत्वरं तु
वीरेण वीरधवलेन विना जनानां
वर्षा विलोचनयुगे हृदये निदाघ:

કાળના ક્રમ મુજબ વારાફરતી ઋતુઓ આવે છે અને જાય છે. પરંતુ વીર રાજવી વીરધવલ જ્યારે સ્વર્ગવાસી બન્યા, ત્યારે લોકો માટે વર્ષા અને ગ્રીષ્મ આ બે ઋતુઓનું એકી સાથે આગમન એ રીતે થયું કે, એ ઋતુ-સંગમ, વર્ષા-ગ્રીષ્મનું એ આગમન ક્યારેય પાછું ફરે નહિ, કેમકે ત્યારે પ્રજાની

આંખમાં વર્ષાઋતુ હતી અને પ્રજાના હૈયે ગ્રીષ્મ ઉનાળો તપતો હતો.

□ □ □

ઉન્માર્ગગામી બનવા તૈયાર થયેલા રાજાને અનુલક્ષીને એક કવિએ જળ–નીરની જે પ્રશંસા–નિંદા કરી છે, એના શબ્દો ચિત્તને ચોટ આપી જાય એવા છે :

शैत्यं नाम गुणस्तवैव तदनु स्वाभाविकी स्वच्छता
किं ब्रूम: शुचितां व्रजन्त्यशुचय: स्पर्शात्तवैवापरे
किं चात: परमस्ति ते स्तुतिपदं त्वं जीवितं देहिनां
त्वं चेन्नीचपथेन गच्छसि पय: कस्त्वां निरोध्दुं क्षम:

હે જળ ! શીતલતા એક માત્ર તારો જ ગુણ છે. આ જ રીતે સ્વાભાવિક સ્વચ્છતાનો તું સ્વામી છે. વધુ તો શું કહીએ ? બીજી બીજી અશુચિઓ તારા સ્પર્શ માત્રથી શુચિતાને ધારણ કરનારી બની જાય છે. આનાથી વધારે તારી સ્તુતિ શું કરીએ કે, તું જ જીવમાત્રનું જીવન છે. છતાં ખેદની વાત છે કે, આવો ગુણવૈભવ ધરાવતું તું જ જો ઉન્માર્ગ–ગામી બનવા માંગીશ, તો ઉન્માર્ગગામી બનતાં તને રોકવા કોણ સમર્થ નીવડશે ?

□ □ □

જગદેવ નામના દાનવીરની દાનવીરતાનું કલ્પનામાં પણ ન આવે એવી ઉપમા દ્વારા કોઈ કવિની કલમે થયેલું ચિત્રણ ચિત્તને ચમત્કૃત કરી મૂકે એવું છે :

चक: पप्रच्छ पान्थं कथय मम सखे क्वास्ति किं स प्रदेशो
वस्तुं नो यत्र रात्रि–र्भवति भुवि, चिरायेति स प्रत्युवाच
नीते मेरौ समाप्तिं कनक वितरणै: श्री जगदेव नाम्ना
सूर्येऽननन्तर्हितेऽस्मिन् कतिपय दिवसैर्वासराद्वैत सृष्टि:

(સૂર્યાસ્ત થતાં જ ચકોરીનો વિયોગ સહન કરવો પડતો હોવાથી ચકોર જ્યાં સૂર્ય આથમતો જ ન હોય, એવા પ્રદેશની માહિતી મેળવવા મુસાફરને પૂછે છે :)

હે પાંથ–મિત્ર ! મને એ જણાવ કે, એવો કોઈ પ્રદેશ છે ખરો કે, જ્યાં સૂર્ય અસ્ત પામતો જ ન હોય, અને રાત પડતી ન હોય, એથી ત્યાં ચિરકાળ સુધી હું વસવાટ કરી શકું.

પાંથ–મિત્રે જવાબમાં જણાવ્યું કે, શ્રી જગદેવ નામનો દાનવીર સુવર્ણદાન દ્વારા થોડા જ દિવસોમાં, સૂર્યને ઢાંકી રાખનારા મેરુપર્વતને નામશેષ કરી નાખશે, પછી આ સૃષ્ટિમાં દિવસાદ્વૈત સરજાશે. અર્થાત્ સૂર્ય અસ્ત જ નહિ પામે.

□ □ □

સ્નેહાર્દ્ર ચિત્તથી ઉપકાર કર્યા બાદ એ ઉપકૃત વ્યક્તિની સામે પણ ન જોવા રૂપ કઠોર–કાળજાનું ચિત્રણ, નિસ્પૃહ–ગુણને વ્યક્ત કરવા કેવી અદ્‌ભુત શૈલીથી કોઈ કવિએ નીચે મુજબ કર્યું છે :

इयमुच्चधियामलौकिकी महती कापि कठोरचित्तता
उपकृत्य भवंति नि:स्पृहा: परत: प्रत्युपकारशंकया.

સજ્જનોના ચિત્તની આ કેવી અલૌકિક અને મહાન કઠોરતા ગણાય કે, સ્નેહાર્દ્ર ચિત્તથી ઉપકાર કરીને સજ્જનો પછી એ વ્યક્તિથી એકદમ નિ:સ્પૃહ બની જતા હોય છે. કેમકે સજ્જનોના મનમાં એવી શંકા થયા કરે છે કે, ઉપકૃત–વ્યક્તિ સાથેનો સંપર્ક જાળવી જાણીશું, તો એમના દ્વારા પ્રત્યુપકાર સ્વીકારવો પડશે.

□ □ □

ધનની ગતિ તો એક જ દાન છે, બીજી ગતિઓ તો વિપત્તિ રૂપ છે, આવો ઉપદેશ સંભળાવતું એક સુભાષિત ભૂલાય એવું નથી.

आयासशतलब्धस्य प्राणेभ्योऽपि गरीयस:
गतिरेकैव वित्तस्य दानमन्या: विपत्तय:

સેંકડો સેંકડો પ્રયત્નોથી જેનું ઉપાર્જન થાય છે, જે પ્રાણનોય પ્રાણ હોવાથી અગિયારમા પ્રાણ તરીકે ગવાય છે, એવા ધનની ગતિ તો એક દાન જ છે. બીજી બધી રીતે થતો એનો વપરાશ તે વિપત્તિ જ છે.

□ □ □

ગુજરાતના મંત્રીશ્વર વસ્તુપાલ સત્તા અને સંપત્તિની જેમ સરસ્વતીના પણ કૃપાપાત્ર સંતાન હતા. લોકો જ્યારે એમની ખબરઅંતર પૂછતા, ત્યારે એઓ જે જવાબ વાળતા, એમાં વિદ્વત્તાભર્યો વિનોદ ધર્મની ધારા સાથે વહેતો જોવા મળે છે.

लोक: पृच्छति मे वार्ता शरीरे कुशलं तव
कुत: कुशलमस्माकं आयुर्याति दिने दिने

લોકો મારી કાયાની કુશળતા અંગે ખબરઅંતર પૂછતા હોય છે, પણ આ કાયા તો કુશળ ક્યાંથી રહી શકે ? કારણ કે દિવસે દિવસે આયુષ્યમાં ઘટાડો થતો રહેતો હોય, ત્યાં કાયાની કુશળતા ક્યાંથી ટકી શકે ?

□ □ □

એકવાર સભામાં એક ચારણ પ્રવેશ્યો. વસ્તુપાળે આસન બતાવીને બેસવાનો આગ્રહ કર્યો, ત્યારે પણ આસપાસ ખાલી જગા શોધવાનો દેખાવ કરતાં ચારણે કહ્યું:

अन्नदानै: पय:पानै: धर्मस्थानैश्च भूतलं
यशसा वस्तुपालेन रुद्धमाकाशमंडलम्

મંત્રીશ્વર ! અન્નદાન ને જળપાન કરાવતાં સ્થાનો ઉપરાંત ધર્મસ્થાનો વડે આપે પૃથ્વીને ભરી દીધી છે. અને આપના યશથી આકાશ ભરાઈ ગયું છે. આમ નથી તો પૃથ્વી પર જગા કે નથી તો આકાશમાં જગા ! હું ક્યાં બેસું ?

□ □ □

વસ્તુપાલ એકવાર ભરૂચ ગયા. ભરૂચના જિન મંદિરનો જીર્ણોદ્ધાર કુમારપાલના સમયમાં અંબડે કર્યો હતો અને મંદિરો પર કાષ્ટના ધ્વજદંડ સ્થાપિત કર્યા હતા, એના સ્થાને સુવર્ણમઢ્યા ધ્વજદંડ સ્થાપવાની પ્રેરણા વસ્તુપાલના ભ્રાતા તેજપાલ સમક્ષ કવિકલ્પનાનું માધ્યમ સ્વીકારીને અદ્‌ભુત રીતે કરવામાં આવી.

तेज:पाल ! कृपालुधुर्य ! विमलप्राग्वाट वंशध्वज !
श्रमन्नम्बडकीर्त्तिरद्य वदति त्वत्संमुखं मन्मुखात्
आजन्मावधि वंशयष्टिकलिता भ्रान्ताहमेकाकिनी
वृद्धा सम्प्रति पुण्यपुञ्ज ! भवते सौवर्णदण्डस्पृहा

કૃપાળુઓમાં અગ્રેસર ! વિમલના વંશમાં ધ્વજ સમાન ! હે તેજપાલ ! શ્રી અંબડની કીર્તિ–સુંદરી મારા મુખેથી આપની સમક્ષ એવું નિવેદન કરે છે કે, જન્મથી આજ સુધી વાંસની લાકડીના ટેકે ટેકે ચાલતી હું વૃદ્ધ બની ચૂકી છું. હે પુણ્યપુંજ તેજપાલ ! આપની પાસેથી હું હવે તો વંશની લાકડીના સ્થાને સુવર્ણ–દંડની સ્પૃહા રાખું છું.

□ □ □

ગુજરાતની ઐતિહાસિક વિગતો મેળવવાનો મુખ્ય સ્રોત ગણાતા 'પ્રબંધચિંતામણિ' ગ્રંથમાંથી વિદ્વત્તાભર્યો વિનોદ કરાવતાં આટલા શ્લોકો ચૂંટી ચૂંટીને આ લેખમાં અંકિત કર્યા છે. આવા તો અગણિત ગ્રંથો ને શ્લોકો જૈન–સાહિત્યમાં વિદ્યમાન છે. 'પ્રબંધ ચિંતામણિ'ની પ્રશસ્તિનો એક શ્લોક પણ શ્રી મેરુતુંગાચાર્યની કલ્પનાશક્તિનો ચમકારો દર્શાવી જાય એવો છે. એની પર દૃષ્ટિપાત કરીને 'સંસ્કૃત–સાહિત્યમાં વિદ્વત્તાભર્યો વિનોદ' લેખ પૂર્ણ કરીએ.

यावद्दिवि कितवाविव रविशाशिनो क्रीडतो ग्रहकपर्दै:
ग्रन्थस्तावन्नन्दतु सूरिभिरुपदिश्यमानोड्यम्

આકાશમાં જ્યાં સુધી સૂર્ય અને ચન્દ્ર દ્યૂતકારની અદાથી ગ્રહના પાસા વડે રમતા રહે, ત્યાં સુધી આ પ્રબંધ ચિંતામણિ ગ્રંથ આચાર્યો વડે ઉપદેશાતો વિલસતો રહે. ❖❖❖

**પર્યુષણ વ્યાખ્યાનમાળા**

સંઘ તરફથી પ્રતિવર્ષ યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળા આ વર્ષે બીજા શ્રાવણ અને ભાદરવામાં, તા. ૧૧ મી સપ્ટેમ્બરથી ૧૮ સપ્ટેમ્બર સુધી યોજવામાં આવશે.

સ્થળ, સમય, વ્યાખ્યાતાઓ વગેરે વિશેની માહિતી હવે પછી જાહેર કરવામાં આવશે.

□ મંત્રીઓ

# આત્મતત્ત્વ

☐ ડૉ. બિપિનચંદ્ર હીરાલાલ કાપડિયા

આત્મા માટે ધર્મસિદ્ધાન્ત અને દર્શનશાસ્ત્રનું તત્ત્વજ્ઞાન અત્યંત ઉપયોગી છે. જ્યારે તેની વિરુદ્ધ વિજ્ઞાનના સાધનોની ભરમાર શરીર માટે સુખ સામગ્રીઓની વણઝાર ઊભી કરે છે. વર્તમાન ભોગવિલાસી અતૃપ્ત માનવીને અધ્યાત્મની સાચી દિશાનું ભાન કરાવવા માટેનો યોગમાર્ગ માત્ર દેહલક્ષી નહીં પરંતુ આત્મલક્ષી, મોક્ષલક્ષી છે. આજના માનવીને નથી તો આત્માની ચિંતા કે નથી વર્તમાન જન્મ બગડે તેની ચિંતા. ભોગની આસક્તિ એટલી બધી છે કે અધ્યાત્મમાર્ગને ઓળખવા જાણવા પણ તૈયાર નથી. સુખ મળે, દુ:ખ ટળેનું જ રટણ ચાલ્યા કરે છે. વાસના અને વિલાસિતા જેના મનમાં સદા સળવળતી હોય એવા જીવો આધ્યાત્મિક માર્ગ માટે અયોગ્ય, અપાત્ર ઠરે છે. અધ્યાત્મ માર્ગ મમતા ઘટાડી, સમતા લાવી, રાગ ઓછો કરાવી વૈરાગ્ય અને ત્યાગ વધારી સંસાર નાબૂદ કરવાનું સૂચન કરી મોક્ષાભિમુખ થવાનું લક્ષ્ય પકડવાનું શીખવે છે.

જૈન દર્શન અને શાસ્ત્રો આત્માના આવરિત થયેલાં ગુણધર્મોનો પરિચય કરી આત્મતત્ત્વનું દર્શન, જ્ઞાન તથા ધ્યાન કરવાનું સૂચવે છે. પ્રાચીનકાલીન પૂ. હરિભદ્રસૂરિ, પૂ. હેમચંદ્રાચાર્ય, પૂ. મહોપાધ્યાય યશોવિજયજી વગેરેના 'યોગદૃષ્ટિ સમુચ્ચય', 'યોગ વિંશિકા', યોગબિંદુ, યોગશાસ્ત્ર, અધ્યાત્મસારાદિ અનેક ગ્રંથો તદ્‌વિષયક છે.

આત્મા વિષે પ્રારંભિક આટલું જણાવું કે આત્મા છે, નિત્ય છે, સનાતન છે, પુણ્યપાપના ફળનો ભોક્તા છે. આત્મા શિવ, અચલ, અરૂપી, અનંત, અક્ષય, અવ્યાબાધ, અપુનરાવૃત્તિ, સિદ્ધગતિ પામેલો સર્વજ્ઞ સર્વદર્શનકારી છે.

આ જગત અનાદિ અને અનંત છે. તેનો નથી આદિ કે નથી અંત. તેને કોઇએ સર્જ્યું નથી, અંત કરનાર પણ કોઈ નથી. પ્રવાહની જેમ ગતિશીલ છે. તેમાં બે મુખ્ય તત્ત્વો જીવ અને જડ, અથવા ચેતન અને અચેતન છે. જડ ક્યારેય પણ ચેતન ન થઈ શકે તેમજ ચેતન જડ ન થઈ શકે. બંનેના સંયોગથી સંસાર છે. જડ એવી કર્મવર્ગણાથી સંસાર છે. તે બંને છૂટા પડી જાય, સંપર્કમાંથી, સમાગમમાંથી મુક્ત થાય તો, સંયોજનમાંથી ચેતન એવો આત્મા મુક્ત થઈ જાય છે. કર્મસંતાનસંવેષ્ટિત આત્મા પોતાનું મૂળ સ્વરૂપ પામે છે. કષાયથી સંસાર છે 'કષાયમુક્તિ કિલ મુક્તિરેવ.'

જગતમાં અનેક દર્શનો છે જેને મુખ્ય બે વિભાગોમાં વિભક્ત કરી શકાય, જેમકે આસ્તિક અને નાસ્તિક. ચાર્વાક દર્શન નાસ્તિક છે.: કેમકે તે આત્માના અસ્તિત્વને સ્વીકારતું નથી, માનતું નથી. તેનો મુખ્ય સિદ્ધાન્ત છે 'ઋણં કૃત્વા ઘૃતં પિબેત્ ખાવ-પીઓ અને અમનચમન કરો. આ સિવાયના દર્શનો આસ્તિક છે કેમકે તે આત્માના અસ્તિત્વને સ્વીકારે છે. પરંતુ વૈદિક દર્શનો જેવાં કે તેમાંથી પરિવર્તન પામેલાં દર્શનો તથા શંકરાચાર્ય, રામાનુજ, નિમ્બાર્કાદિના મતે જગત મિથ્યા છે, બ્રહ્મ કેવળ સત્ય છે. બ્રહ્મ સિવાય જીવાદિનું અસ્તિત્વ જ નથી. તેમનો મૌલિક સિદ્ધાન્ત 'બ્રહ્મ સત્યં, જગત્ મિથ્યા, જીવો બ્રહ્મૈવ નાપરા:' જીવાદિ કંઈ નથી તે સૌ ભાસમાન છે. ખરું અસ્તિત્વ તેમનું નથી. બ્રહ્મના જ આવિર્ભાવો છે, જે લુપ્ત થતાં બ્રહ્મમાં એકાકાર થઈ જાય છે. અગ્નિમાંથી નીકળેલો તણખો જેવી રીતે બીજી ક્ષણે ઓલવાઈ નષ્ટ થઈ જાય છે તેમ બ્રહ્મમાંથી નીકળેલા જીવનું અસ્તિત્વ વિલીન થઈ જાય છે, બ્રહ્મમાં જ એકાકાર પામી જાય છે. તેનું સ્વતંત્ર અસ્તિત્વ રહેતું નથી. આ સિદ્ધાન્તનો સ્વીકાર ન કરનારાં દર્શનો જેવાં કે બૌદ્ધ અને જૈન દર્શનો તેમના મતે નાસ્તિક છે.

આ સંદર્ભમાં ટૂંકમાં જૈન દર્શન કે શાસ્ત્રમાંથી પરિસ્ફુટ થતો સિદ્ધાન્ત જોઇએ. આ સચરાચર સંસારમાં માત્ર મુખ્ય બે જ તત્ત્વો છે જેવાં કે ચેતન અને અચેતન, જીવ અને જડ (અજીવ). જડ કદાપિ ચેતન ન થાય અને ચેતન ક્યારેય પણ અચેતન ન થાય. જડ એવાં કર્મોના સંસર્ગમાં આવવાથી આત્માના પ્રદેશો આંદોલિત થાય છે. આઠ પ્રકારની કર્મવર્ગણા છે. આત્માના આઠ રૂચક પ્રદેશો ક્યારેય પણ આંદોલિત થતાં નથી. કર્મવર્ગણાના સંસર્ગથી તે રૂચક સિવાયના પ્રદેશોમાં આંદોલન થાય છે. જડ એવાં કર્મોથી આંદોલન કેવી રીતે ઘટી શકે ? જેવી રીતે જડ એવા લોહચુંબક પાસે લોખંડની રજકણો ખેંચાઈને તેની સાથે સંલગ્ન થાય છે તેમ. આમ કર્મવર્ગણાના સપાટામાં આત્મા આવી જાય ત્યારે તેને (આત્માને) કર્મબંધ થાય છે. તેના દ્વારા જીવને મુક્તિ ન મળે ત્યાં સુધી જીવે ચાર ગતિમાં દેવ, મનુષ્ય, તિર્યંચ અને નરકમાં ભવ્ય, અભવ્ય, દુર્ભવ્ય કે જાતિ ભવ્ય તરીકે ભટકવું પડે છે, કૂટાવું પડે છે, રખડવું પડે છે, ઘૂમવું પડે છે, ચક્રાવો લેવો પડે છે. તેમાંથી મુક્ત થનારો મોક્ષ પામેલો ગણાય. કર્મના બંધનમાંથી મુક્ત થવા અપુનર્બંધક અવસ્થા, ચરમપુદ્‌ગલાવર્ત, અર્ધપુદ્‌ગલથી કંઈક પલ્યોપમના અસંખ્યાત ભાગથી ન્યૂન થઈ, યથાપ્રવૃત્તિકરણ, શુદ્ધ યથાપ્રવૃત્તિકરણ, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ, સમ્યક્ત્વના બીજની પ્રાપ્તિ, ઉત્તરોત્તર વિકાસના ૧૪ પગથિયાં પરંપરાગત રીતે ચઢતાં આત્મા સદા માટે મુક્તિ મહેલનો વાસી બની જાય છે.

મોક્ષે ગયેલો પ્રત્યેક જીવ હવે પરમાત્મા તો બન્યો પરંતુ દરેક અસંખ્ય પરમાત્મા સ્વતંત્ર રીતે બીજાને બાધા પહોંચાડ્યા વગર ૪૫ લાખ યોજન લાંબી પહોળી સિદ્ધશિલાએ સ્વતંત્ર અસ્તિત્વ ધરાવી રહે છે. જૈન દર્શનમાં એક નહીં પણ અનેકાનેક પરમાત્માની શક્યતા છે. આથી જ વિશ્વમાં જૈન દર્શન પ્રથમ કોટિનું ઉચ્ચ દર્શન છે, તેનું તત્ત્વજ્ઞાન સચોટ અને વૈજ્ઞાનિક પણ છે.

જૈન દર્શન પ્રમાણે આ જગત અનાદિકાલીન છે, તેવું અનંતકાલીન છે. અનાદિકર્મસંતાનવેષ્ટિત જીવ જ્યારે પણ સમ્યક્ત્વ પામે (જે ચરમપુદ્‌ગલપરાવર્તકાલમાં જ શક્ય છે) તે મેળવ્યા પછી વધુમાં વધુ અર્ધપુદ્‌ગલપરાવર્તમાં અસંખ્યાત પલ્યોપમ ઓછાં થતાં જીવ મુક્તિપુરીનો માનવંતો મહેમાન બની પરમાત્મા પદે બિરાજે છે. જગતના મોટા ભાગના ધર્મો ઈશ્વરને જગતકર્તા તરીકે માને છે, સૃષ્ટિના સર્જનહાર તરીકે સ્વીકારે છે. પોતપોતાની રીતે પોતાના ભગવાનને ઈશ્વરના સ્વરૂપે માને છે. હિન્દિ ધર્મમાં ઈશ્વરને જગતનો કર્તા માન્યો છે. હિન્દુ ધર્માન્તરગત ઘણાં પક્ષો જેવાં કે નૈયાયિકો-વૈશેષિકો, શાંકર, શુદ્ધાદ્વૈત, વિશિષ્ટાદ્વૈત, વગેરે સૃષ્ટિસર્જનહારને સૃષ્ટિકર્તા માને છે. ન માનનારાં પક્ષમાં જૈન, બૌદ્ધ, સાંખ્ય અને મીમાંસકો ગણાવાય. જૈનધર્મમાં આત્મા જ કેન્દ્રસ્થાને છે. પામરમાંથી પરમાત્મા બની શકે અને તે એક નહીં પણ અનન્તાન્ત પરમાત્મા થઈ શકે છે. હિન્દુ ધર્મના અવાન્તર ગ્રંથો જેવાં કે ભાગવત, ભગવદ્‌ગીતા, મહાભારત, રામાયણ, મનુસ્મૃતિ, વિષ્ણુ-નારદ સ્મૃતિ, ઉપનિષદો, આરણ્યકો વગેરે તે કક્ષાનાં છે.

ઉત્તરમીમાંસકો નહીં પણ પૂર્વમીમાંસકો ઈશ્વરને માનતા નથી. હરિભદ્રસૂરિ મહારાજ ષડ્દર્શન સમુચ્ચયમાં મીમાંસકોને નિરીશ્વરવાદી કહે છે:-

આથી જૈનોને નાસ્તિક કહેવા અને મીમાંસકોને આસ્તિક કહેવાં તે કોના ઘરનો ન્યાય છે ? 'કર્મેતિ મીમાંસકા:' જૈનોની જેમ મીમાંસકો પણ કર્મમાં માનનારા, કર્મવાદી છે.

વેદનું પ્રામાણ્ય ન માને અને ઈશ્વરને જગતનો કર્તા ન માનનારા જૈનોને નાસ્તિક ગણ્યાં છે. તેઓના મત પ્રમાણે ઈશ્વરે સૃષ્ટિની રચના વેદોને જોઇને કરી છે. તેથી ઈશ્વર પહેલાં ચાર વેદોનું અસ્તિત્વ સ્વીકારી લેવાય છે. કેવો દ્રાવિડ પ્રાણાયામ ?

જૈન દર્શનમાં અનન્તજ્ઞાની સર્વજ્ઞભગવંતે આ બ્રહ્માંડમાં લોકાલોક સ્વરૂપ કેવું છે ? સમસ્ત જગતમાં શું શું છે ? ક્યાં શું છે ? ક્યાં કશું નથી ? ક્યાં વસ્તુ કેવા સ્વરૂપે-સ્વભાવે છે ? જીવો કેવાં પર્યાયી છે ? અજીવ ક્યાં કેવા સ્વરૂપે છે ? જીવાજીવનો સંયોગવિયોગ કેવી રીતે ક્યાં થાય છે, પર્યાયો કેવી રીતે પરિવર્તિત થાય છે ? આ બધું બતાવ્યું છે.

ચૌદ રાજલોકની બહાર અનંત અલોક છે. લોક એટલે ક્ષેત્ર કે જ્યાં જીવાજીવો છે. વર્તુળની અંદર બે પગ પહોળા કરી બંને હાથ કેડે રાખી ઊભેલા મનુષ્યના પ્રમાણની જેમ લોક છે અને તે સિવાયના વર્તુળ શૂન્ય છે, કંઈ નથી, માત્ર આકાશ છે તેથી તે અલોક કહેવાય. ઉપરના વર્તુળમાં શૂન્ય છે, કંઈ નથી. માત્ર આકાશ છે તેથી તે અલોક કહેવાય. ઉપરના વર્તુળના ભાગમાં જે મનુષ્યાકૃતિ ભાગ છે તે ૧૪ રાજલોક કહેવાય. તેને બ્રહ્માંડ કહી શકાય. તે Cosmos છે. એમ કહેવાય છે કે ૧,૮૧,૧૭,૯૦૦ મણ વજનનો ૧ ભાર એવાં ૧૦૦૦ મણ ભારવાળો ગોળો ગબડતો-ગબડતો ૬ માસ, ૬ દિવસ, ૬ પહોર, ૬ ઘડી, ૬ સમય સુધી પડતો પડતો જાય તે અસંખ્ય યોજન લાંબો વિસ્તાર ૧ રાજલોક અને એવાં ૧૪ રાજલોક પ્રમાણ લોકનો છે.

જીવ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, કાળ, પુદ્ગલ આ છ દ્રવ્યોને જીવ અને અજીવ એમ બે ભાગમાં વિભક્ત કરી શકાય. એક એક જીવ ચેતન સ્વરૂપ દ્રવ્ય છે. ચેતનાશક્તિમાન પદાર્થને આત્મા કહેવાય છે. એકે એક દ્રવ્યના ગુણ-પર્યાયો બધા જ જાણવા, જોવા અને તેને યથાર્થ સ્વરૂપે રજૂ કરવાં તે માત્ર વીતરાગ અને સર્વજ્ઞ જ બતાવી શકે. તે વગરના કોઈ પણ ક્યારેય પણ યથાર્થ સ્વરૂપ કહી ન શકે. તેથી ચરમકક્ષાનું અંતિમ સત્ય માત્ર સર્વજ્ઞ પરમાત્મા જ કહી શકે. આવા સર્વજ્ઞનું વચન અંતિમ કક્ષાનું સત્ય હોય, અન્ય કોઈનું નહીં. પૂ. ચિરંતનાચાર્યજી મહારાજે પંચસૂત્રના પ્રથમ સૂત્રમાં આ વાત સ્પષ્ટ કરી છે. તેથી સર્વજ્ઞ પરમાત્માના વચનને ચરમ સત્ય માની, સ્વીકારી તેમના વચનમાં અતૂટ શ્રદ્ધા રાખી આ સત્યને ન્યાય આપવો કે 'તમેવ સચ્ચં જં જિણંહિં પવેયિએ' જે જિનેશ્વરોએ પ્રતિપાદિત કર્યું છે તે જ સત્ય છે. આમાં જ ડહાપણ, વિશ્વાસ અને સર્વજ્ઞ પ્રત્યેની લાગણી, અહોભાવ, પૂજ્યભાવ દર્શાવી શકાય.

ઉત્તરાધ્યયન સૂત્રમાં (૩૬/૪૮) જીવનું નિરૂપણ કરતાં જણાવ્યું છે કે સિદ્ધ અને સંસારી એમ બે પ્રકારના જીવો છે. ૧૪ રાજલોકની પરમોચ્ચ ટોચે સિદ્ધશિલા પર લોકાન્તે-લોકાગ્રે સિદ્ધના જીવો વસે છે અને શેષ સંપૂર્ણ રાજલોકના ક્ષેત્રમાં સંસારી જીવો સર્વત્ર વસે છે.

વનસ્પતિકાયના સૂક્ષ્મ તથા સ્થૂલ બે પ્રકારના જીવો સાધારણ તથા પ્રત્યેકના સૂક્ષ્મ-સ્થૂળ બંને જાતના જીવો સંપૂર્ણ લોકમાં સર્વત્ર છે. આખા રાજલોકનો એકે ખૂણો ખાલી નથી. સોયની અણી મૂકીએ તેટલી જગ્યા પણ લોકાકાશમાં ખાલી નથી.

વૈદિક દર્શનમાં વેદોને અપૌરુષેય માન્યા છે. સાહિત્યિક રચના છતાં પણ તેનો કર્તા પુરુષ નહિ ! ઈશ્વરે સૃષ્ટિની રચના પ્રથમ અસ્તિત્વમાં હતી તે સૃષ્ટિ જોઇને રચના કરી છે. તેઓ પ્રમાણે 'ધાતા યથા પૂર્વકલ્પયેત્' વળી બીજું ઈશ્વર સર્વ નિયંતા છે, સર્વ કર્તાહર્તા છે, સર્વજ્ઞ છે છતાં પણ તેની સૃષ્ટિ વિષમતાથી દોષિત છે. તેમાં સુખી, દુ:ખી, રોગી, નિરોગી, ધનાઢ્ય, અકિંચન, જ્ઞાની, અજ્ઞાની વગેરે પ્રકારની વિવિધ વિષમતાઓ છે.

પવિત્રતમ પર્વશિરોમણિ પર્યુષણ પર્વમાં આચાર્યભગવંત કે પાટે બિરાજમાન સાધુ મહારાજા ગણધરવાદ વાંચે છે. તે તત્ત્વજ્ઞાન પ્રચુર છે. ભગવાન મહાવીર સ્વામીના ૧૧ ગણધરોમાં વડીલ ગણધર ગૌતમસ્વામી પૂર્વાવસ્થામાં પોતાને વેદોના ધુરંધર પંડિત શિરોમણિ માને છે. તેવી જ રીતે બાકીના બીજાં પણ દરેકને એક એક વિષય વિષે શંકા છે. જો તેઓ એક બીજાને પૂછે તો શંકાનું નિરસણ થઈ જાય; પરંતુ તેમ કરે તો નાકનું ટેરવું નીચું થઈ જાય !

૧૧ ગણધરોની કઈ કઈ શંકા છે તે જરા જોઇએ. પ્રથમ ગણધર શ્રી ઈન્દ્રભૂતિ ગૌતમને જીવ વિષે શંકા, બીજા શ્રી અગ્નિભૂતિગૌતમને કર્મ વિષે, ત્રીજા ગણધર શ્રી વાયુભૂતિ ગૌતમને જીવને શરીર વિષેની, ચોથા વ્યક્તને પંચમહાભૂત વિષે, પાંચમા શ્રી સુધર્મને જન્માન્તર સાદૃશ્ય, છઠ્ઠા શ્રી મંડિતને કર્મના બંધમોક્ષ સંબંધી, સાતમા શ્રી મૌર્યપુત્રને દેવવિષયક, આઠમા અકંપિતને નરક વિષે, નવમા અચલભ્રાતાને પુણ્ય-પાપ વિષે, દશમા મેતાર્યને પરલોક સંબંધી અને અગિયારમા પ્રભાસને મોક્ષ વિષે શંકા હતી.

તેઓને વેદના ભિન્ન ભિન્ન પદોના અધ્યયનથી તથા પરસ્પર વિરુદ્ધ વેદવાક્યના અયથાર્થ અર્થથી શંકાઓ થઈ હતી, પરંતુ કોઇએ અંદરોઅંદર પરસ્પર વિચારોની આપલે કરી હોત તો શંકાઓ નિર્મૂળ થઈ શકી હોત. ટૂંકમાં આત્માથી માંડી મોક્ષ સુધીના તત્ત્વજ્ઞાનના તમામ વિષયો આ ગણધરોની શંકાના વિષય તરીકે છે. તેઓને માત્ર એક એક વિષયની શંકા હતી પરંતુ આપણે એવા અજ્ઞાની છીએ કે આપણને ૧૧-૧૧ વિષયમાં શંકા છે. બધાં જ વિષયમાં આપણને બધી જ શંકા છે.

આત્મા સંબંધી આટલી વાત જાણી લેવી જોઇએ. આત્મા છે, આત્મા કર્મનો કર્તા છે. તે કર્મથી પરિવેષ્ટિત છે. તેથી તેનો બંધ છે. તે તેમાંથી પરમ પુરુષાર્થ કરી મુક્ત થઈ શકે છે, તે માટેના માર્ગો છે. તેના દ્વારા પોતાનું મૂળ સ્વરૂપ જે કર્મોથી અસ્પૃષ્ટ છે તે પામી શકે છે. તે આત્મા ૧૪ લોકની ટોચે જે સિદ્ધ શિલા છે ત્યાં સદૈવ સનાતન મૂળ સ્વરૂપે સ્થિતિ સંપાદન કરી અચલ, અરૂપી, અમળ, સર્વજ્ઞ, સર્વદર્શન, શિવ, અનંત, અક્ષય, અવ્યાબાધ, અપુનરાવૃત્તિ સિદ્ધિ જેનું નામાભિધાન છે તે સંપાદિત કરે છે. નવાઇની વાત એ છે કે આ સિદ્ધશિલા પર મુક્તાત્માઓની સાથે સૂક્ષ્મ વનસ્પતિકાયાદિના જીવો પણ રહેલાં છે ! આ જીવો કર્મોથી વ્યાપ્ત, પરિવેષ્ટિત, ખરડાયેલાં છે જ્યારે સિદ્ધિપદ પામેલાં મુક્તાત્માઓ ૮ પ્રકારના કર્મો જેવાં કે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, અંતરાય નામ, ગોત્ર, વેદનીય અને આયુષ્યથી મુક્ત હોવાથી પોતાની મૂળ સ્થિતિ જે અનન્તજ્ઞાન, અનન્તદર્શન, અનન્તચારિત્ર (યથાખ્યાતચારિત્ર), અનંતવીર્ય, અનામી-અરૂપી, અગુરુ-અલઘુ, અનન્તસુખ અને અક્ષયસ્થિતિમય આ ૮ ગુણોથી પરિપૂર્ણ છે. આવાં જીવોને ચેતન આત્મા કહેવાય છે. પરંતુ આ સચરાચાર ૧૪ રાજલોકના લોકાકાશમાં ૮ પ્રકારની વર્ગણા (વર્ગણા એટલે જથ્થો, સમૂહ mass) જેવી કે ઔદારિક, વૈક્રિય, આહારક, તેજસ, શ્વાસોશ્વાસ, ભાષા, મનોવર્ગણા તથા કાર્મણ વર્ગણાના ભિન્ન ભિન્ન જાતના પરમાણુના જથ્થાને વર્ગણા કહેવાય છે. એકથી એક સૂક્ષ્મ થતી જાય છે અને અંતિમ કાર્મણ વર્ગણા સૂક્ષ્માતિસૂક્ષ્મ છે. તમામ સંસારી જીવો રાગ-દ્વેષાદિ વૃત્તિથી તથા કષાયાદિથી કાર્મણવર્ગણાઓ ગ્રહણ કરીને કર્મ બાંધે છે. જેવી રીતે સૂક્ષ્મ લોખંડના કણોને લોહચુંબક આકર્ષે છે તેવી રીતે રાગ-દ્વેષાદિ પ્રવૃત્તિથી આત્માની સાથે કર્મોની વર્ગણાઓ ચોંટી જાય છે અને તે દ્વારા મુક્ત થાય નહીં ત્યાં સુધી જીવ ૪ ગતિ, ૨૪ દંડક, ૮૪ લાખ યોનિમાં ભટકે છે, ચકાવા લે છે. સમસ્ત જીવોના ભેદો સંક્ષેપમાં આમ બતાવી શકાય. દેવગતિના ૧૯૮+મનુષ્યગતિના ૩૦૩, તિર્યંચ ગતિના ૪૮ અને નરક ગતિના ૧૪ એમ કુલ ૫૬૩ ભેદો શાસ્ત્રમાં ગણાવ્યા છે. અત્રે નોંધીએ કે વૈદિક ધર્માવલંબીઓ પણ ૮૪ લાખ યોનિઓ સ્વીકારે છે, જેમકે ૮૪ લાખમેં ભટક્યો મેરા દિલ બેકરારી છે. ટૂંકમાં કષ એટલે સંસાર અને આય એટલે પ્રાપ્તિ. કષાયોથી ઘેરાયેલા જીવો સંસારી અને તેમાંથી મુક્ત તે મુક્ત જે મોક્ષપુરીમાં સદા માટે બિરાજે છે. યોગ્ય કહેવાયું છે કે 'કષાયમુક્તિ: કિલ મુક્તિરેવ'.

ઉપર જોયું તેમ કાર્મણ વર્ગણાના પુદ્ગલ પરમાણુઓને જીવ ખેંચે

છે, આકર્ષે છે, પોતાની અંદર સમાવિષ્ટ કરે છે જે આશ્રવની પ્રક્રિયા છે. એમાં રાગ-દ્વેષની પ્રવૃત્તિ, ઇન્દ્રિયો, કષાયો, અવ્રત, યોગ, ક્રિયાઓ મુખ્ય કારણભૂત છે. આ આશ્રવ માર્ગે સર્વ પ્રથમ પ્રદેશ બંધ થાય છે. રાગ-દ્વેષના આધારે તેમાં રસ ઉમેરાય છે જેની સાથે કાર્મણ વર્ગણા ચોંટી જશે. વળી મિથ્યાત્વ અવિરતિ, પ્રમાદ, કષાય, યોગાદિ હેતુઓ બંધ હેતુઓમાં ઘણો મોટો ભાગ ભજવે છે. આત્માનો જે જ્ઞાન-દર્શનાદિ ગુણાત્મક સ્વભાવ હતો તેના પર કર્માણુઓ છવાઇ જશે. પૂ. ચિરંતનાચાર્યજી પંચસૂત્રમાં જણાવે છે કે 'અણાઈ જીવે, અણાઈ જીવસ્સ ભવે, અણાઈ કમ્મ સંજોગ નિવિત્તિએ.' મુક્તિ મહેલમાં પ્રવેશેલો આત્મા મોક્ષે ગયેલો અનાદિ સાન્ત છે, જ્યારે સંસારી જીવો અનાદિ અનંત છે, જેનો અંત નથી તે અનંત. આ પ્રકારનો મુક્તિ પામેલા જીવનો તેથી કોઈ કર્તા નથી. કર્મ થકી સંસારી હતો. હવે તે ભાવ નિર્જરાદિથી મુક્તિ પામેલો હોઈ તેનો કર્તા કર્મ સિવાય કોઈ હોઈ શકે નહીં તેવો જૈન દર્શનનો સિદ્ધાન્ત તથા તત્ત્વજ્ઞાન છે. અનાદિ હોવાથી તેનો કોઈ કર્તા હોઈ શકે તેમ નથી. કેમકે પરસ્પરાદિ આશ્રિત એવાં દ્વન્દ્વો જેવાં કે રાત અને દિવસ, મરઘી અને ઇંડું, વૃક્ષ અને તેનું બીજ. કોણ પહેલું અને કોણ પછી તેનો નિશ્ચય કરવો અશક્ય છે; અસંભવિત છે. તેથી જૈનદર્શનમાં કર્મકૃત જીવનો સંસાર છે અને તે નષ્ટ થતાં તે આત્મા તેના પાસમાંથી મુક્ત થઈ મુક્તાત્મા કહેવડાવે છે. ઈશ્વર કર્તૃત્વની માન્યતામાં ઘણી વિસંવાદિતા તથા દોષો રહેલાં છે. ઇશ્વરે સૃષ્ટિ શેમાંથી બનાવી ? ક્યાં રાખી હતી ? તેની સૃષ્ટિમાં અનેકાનેક વિષમતા તથા વૈવિધ્ય હોવાથી સર્વજ્ઞ, સર્વશક્તિમાન ઈશ્વરે આવી દર્યાઈ સૃષ્ટિ સર્જી તે માનવામાં ઈશ્વરના ઈશ્વરકર્તૃત્વમાં દોષો, ઉણપો વગેરે હોવાથી ઈશ્વરને તે વિસંવાદિ સૃષ્ટિના સર્જનહાર માનવામાં ઇશ્વરનું ઇશ્વરત્વ લજવાઈ જાય છે, તેને પામર અને પાંગળો-પરાશ્રિત બનવું પડે તેમ છે. કર્મકૃત જીવનો સંસાર તથા મોક્ષની માન્યતામાં સુસંવાદિતા રહેલી છે.

ભવ એટલે સંસાર. 'અણાઈ જીવસ્સ ભવ.' જીવનો આ સંસાર અનાદિ કાળથી છે. જીવ પોતે પણ અનુત્પન્ન અનાદિ છે. અનાદિ કાળથી આજ સુધી અનંતપુદ્‌ગલપરાવર્તકાળ વ્યતીત થઈ ચૂક્યા છે. તેથી આત્માના અસ્તિત્વનો ક્યારે પણ નાશ નહીં થાય. જો અસ્તિત્વનો નાશ થઈ જાય તો મોક્ષમાં કશું પણ રહે નહીં. આત્મા નામનું દ્રવ્ય રહે જ નહીં તેથી આત્માનું અસ્તિત્વ અનાદિ અનંત કહ્યું છે. સંસાર જીવનો છે. અજીવનો નહીં. સંસાર અજીવમય છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્‌ગલાસ્તિકાય અજીવ દ્રવ્યો છે. તે મય જગત, વિશ્વ, બ્રહ્માંડ છે. અનન્તકાળમાં ક્ષણવાર પણ જીવ અજીવનો સંબંધ વિનાનો થયો નથી. સંસાર જીવનો છે; પરંતુ અજીવ સાયોગિક છે. જીવ અનાદિ અનુત્પન્ન છે. તેમ સંસાર અનાદિ અનુત્પન્ન છે. કર્તા, હર્તા, ભોક્તા જીવ છે તેથી સંસાર જીવનો છે. અજીવ સાંયોગિક, નિમિત્તક છે. જીવે જે કર્મો બાંધ્યા તે રાગ-દ્વેષાદિથી છે. ૧૮ પાપસ્થાનકો જીવે જે સેવ્યા તે પુદ્‌ગલ પદાર્થો પ્રત્યે રાગ-દ્વેષ થકી જ છે. પૌદ્‌ગલિક પદાર્થોના નિમિત્તે જીવ ઘણાં કર્મો બાંધે છે અને ચાર ગતિના સંસારમાં પરિભ્રમણ કરે છે.

શ્રી આચારાંગસૂત્રમાં ભગવાન મહાવીર સ્વામી જણાવે છે કે 'જે એગં જાણઈ સે સવ્વં જાણઈ'. જે એકને જાણે તે સર્વને જાણે. એક તે કોણ ? એક આત્માને ઓળખીએ તો બધું ઓળખાય. તેથી 'આત્માનં વિદ્ધિ' સંસારના સમસ્ત દ્રવ્યો આત્માને કેન્દ્રમાં રાખી રહેલાં છે. જેમ વર્તુળના મધ્યમાં કેન્દ્ર છે તેમ સમસ્ત સંસારના કેન્દ્રમાં આત્મા છે. ધર્મારાધનાના મૂળમાં આત્મા છે. તત્ત્વજ્ઞાનના કેન્દ્રમાં આત્મા છે. તેથી એક આત્માને ઓળખીએ તો બધું જ ઓળખાઈ જાય. તેને ન ઓળખ્યો તો જગતનું બધું જ જાણવા છતાં પણ કંઈ પણ જાણતા નથી તેમ સમજવું. માટે આત્મતત્ત્વ, આત્મજ્ઞાન, અધ્યાત્મશાસ્ત્રોના અભ્યાસની જરૂર છે.

તેથી સંસાર કોનો ? જીવનો કે અજીવનો ? આનો ઉત્તર સ્પષ્ટ છે કે જીવનો નહીં કે અજીવનો. જરા વળાંક લઈ ઉપર જે ૮ ગુણો આત્માના ગણાવ્યા છે તેમાં અનંતવીર્ય એક ગુણ ગણાવ્યો છે. તેનું દૃષ્ટાંત જોઇએ. કલ્પસૂત્રમાં જેનો ઉલ્લેખ કરાયો છે તે પ્રસંગ ભગવાન મહાવીર સ્વામીના જન્મ વખતનો છે. ઈન્દ્ર પ્રભુને મેરુ પર્વત પર લઈ પાંચ રૂપ ધારણ કરી સ્નાત્રાભિષેક કરવાના મોટા કલશોમાંથી પાણી રેડાઈ રહ્યું છે ત્યારે ઇન્દ્રને શંકા થઈ કે નાનો બાળક આ કેવી રીતે સહન કરી શકશે ? ત્યારે ભગવાને પોતાની શક્તિ બતાવવા ડાબા પગનો અંગુઠો સિંહાસન પર દબાવ્યો ત્યારે સિંહાસન, શિલાપદ, સમસ્ત મેરુ પર્વત આખો જંબુદ્વિપ કંપિત થઈ ગયો. અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકી ઈન્દ્રે સાચી પરિસ્થિતિ જાણી તથા પ્રભુની શક્તિના પરચાથી પશ્ચાત્તાપ કરી પ્રભુની માફી માંગી.

જીવાસ્તિકાય (આત્મા) રંગ વગરનો અરૂપી છે, શાશ્વત છે, તે દ્રવ્યથી જીવાસ્તિકાય, ગુણથી જીવાસ્તિકાય, ક્ષેત્રથી લોકપ્રમાણ છે. કાળથી શાશ્વત છે. ભાવથી રંગરહિત, ગંધ, રસ, સ્પર્શ રહિત છે. અર્થાત્ અરૂપી (અવર્ણ) અગંધ, અરસ, અસ્પર્શ યુક્ત છે. ગુણથી ઉપયોગ ગુણ પ્રધાન છે.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં વીરપ્રભુએ દેશના સમયે જણાવ્યું છે કે આત્મા પોતે જ સુખ-દુ:ખનો કર્તા તથા નાશ કરનારો છે. પોતે જ પોતાનો મિત્ર-શત્રુ છે. આવી રીતે જીવાભિગમ, ભગવતીસૂત્ર, આચારાંગ, સ્થાનાંગાદિ આગમોમાં અનેક સ્થાને પ્રરૂપણા કરી છે. જિનાગમોના આધારે પૂર્વાચાર્યોએ અનેક પ્રકરણ ગ્રંથો, દર્શનશાસ્ત્રો રચી આત્મવિષયક ચર્ચા કરી છે.

જે જ્ઞાનાવરણીયાદિ કર્મોનો કર્તા છે, તે જ કર્મોના ફળનો ભોકતા છે. કર્માનુસાર સ્વર્ગનરકાદિમાં પરિભ્રમણ કરે છે. જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ ગુણોની સાધનાથી કર્મનો ક્ષય કરી મોક્ષ પામનાર છે તે જ આત્મા છે.

પદાર્થોનું ઉપરોક્ત સ્વરૂપ સર્વજ્ઞ કેવલી પરમાત્મા દ્વારા પ્રણીત છે. તેઓ તે બનાવવા નથી ગયા. પદાર્થોના ગુણ-ધર્મો જેવાં હતાં તેવાં જ જ્ઞાન યોગમાં જોયા, જાણ્યા તેવાં વીતરાગ ભાવથી જ કહ્યા છે. કર્મો જીવની સાથેના સમાગમથી સંસારચક્રમાં ઘુમ્યા કરે છે તેથી ઇશ્વરને તે માટે જોડવાની જરૂર જ નથી. શા માટે વિપરિત માનવું ? રાગ-દ્વેષથી આપણે અન્યથા સમજીએ તો તેમાં આપણી મૂઢતા છે, મૂર્ખતા છે, મિથ્યાત્વ છે. તેથી સત્યની દિશામાં જવું, બુદ્ધિ ઠેકાણે રાખી, જ્ઞાન સાચું અને પાકું થાય એ જ સમગ્ર શ્રદ્ધાનો વિષય છે, સમકિત છે, સત્ય દર્શન છે, સાચું તત્ત્વજ્ઞાન છે. માટે સાચી સમ્યગ્ શ્રદ્ધાથી આત્માને લાભાલાભ જ છે; તેથી ઉલટી મિથ્યા વિચારધારાથી આત્માને નુકસાન છે, જેથી ભવપરંપરા વધે છે.

ઉપર આપણે જોયું કે જૈનદર્શન આત્માને કર્તા તથા ભોકતા બંને સ્વરૂપે માને છે. આત્મા સ્વદેહ પરિમાણ છે. કીડીનો આત્મા કીડી જેટલો, હાથીનો હાથી જેટલો. આત્માનો ગુણધર્મ સંકોચ-વિકાસશીલ છે. તે અણુ જેટલો પણ હોઈ અને ૧૪ રાજલોક જેટલો વિસ્તરી શકે છે.

વાદિદેવસૂરિ મહારાજાએ પ્રમાણનય તત્ત્વાલોકમાં વિસ્તૃત રીતે ચર્ચા કરી છે. એક એક વિશેષણો અન્ય મતના ખંડન માટે અને સ્વમતની પુષ્ટિ માટે આપ્યાં છે. એવી રીતે અન્ય જૈન દાર્શનિક મહાપુરુષોમાં પૂજ્ય ઉમાસ્વાતિ મહારાજ, પૂ. સિદ્ધસેન દિવાકર, પૂ. હરિભદ્રસૂરિ, પૂ. હેમચંદ્રાચાર્ય, પૂ. ઉપાધ્યાય યશોવિજયજી વાચક અને અનેક પૂજનીય, વંદનીય, આદરણીય મહાપુરુષોએ તાર્કિક અને દાર્શનિક પદ્ધતિએ પોતપોતાના ગ્રંથોમાં આત્માનું અદ્‌ભુત સ્વરૂપ વર્ણવ્યું છે.

(ક્રમશ:)

# પાસપોર્ટની પાંખે–ભાગ ૩ : રોચક પ્રવાસકથા

□ પ્રો. જશવંત શેખડીવાળા

ડૉ. રમણલાલ શાહ સાહિત્યના ગંભીર વિવેચક–સંશોધક–સંપાદક તરીકે જાણીતા છે. પ્રવાસકથાના સારા લેખક તરીકે તેમની જોઈએ તેવી પ્રસિદ્ધિ થઈ નથી. વસ્તુત: ગુજરાતીના તેઓ એક ઉત્તમ પ્રવાસકથા લેખક પણ છે. 'પાસપોર્ટની પાંખે' નામધારી તેમની પ્રવાસકથા વાચકોમાં ઘણી લોકપ્રિય થઈ છે, અને વિવેચકો દ્વારા ઘણી પ્રશંસા પામી છે. અલ્પ સમયાવધિમાં તેની બીજી આવૃત્તિ પ્રકાશિત થઈ છે. વિશ્વવિદ્યાલયમાં, ગુજરાતી વિષયના ઉચ્ચ અભ્યાસક્રમમાં, પાઠ્યપુસ્તક તરીકે, તેને સ્થાન મળ્યું છે. ગુજરાતીની એક ઉત્તમ પ્રવાસકથા તરીકે તેની ગણના થઈ છે.

તે પછી પ્રકાશિત 'પાસપોર્ટની પાંખે'નો બીજો ભાગ પણ તેવો જ લોકપ્રિય થયો. હવે તેનો ત્રીજો ભાગ પ્રકાશિત થઈ રહ્યો છે. તેના પહેલા–બીજા ભાગ જેવો આ ત્રીજો ભાગ પણ વાચકો–વિવેચકોનો પ્રેમ–આદરભાવ અવશ્ય મેળવી શકશે. પૂર્વે 'નવનીત–સમર્પણ' સામયિકમાં ધારાવાહી રૂપે જ્યારે તેનું પ્રકાશન થઈ રહ્યું હતું ત્યારે વાચકોને તે ઘણું ગમ્યું હતું. પુસ્તક રૂપમાં તે સવિશેષ ગમશે.

લેખક–સ્વામી સચ્ચિદાનંદ, ભોળાભાઈ પટેલ, પ્રીતિ સેનગુપ્તાની જેમ–ઉત્સાહી જગતપ્રવાસી છે. વિવિધ નિમિત્તે તેમણે એશિયા, આફ્રિકા, યુરોપ, ઉત્તર–દક્ષિણ અમેરિકા, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડના પ્રવાસો ખેડ્યા છે. તેમણે ખુલ્લી અને નિર્મળ આંખે, આનંદ–વિસ્મય– કુતૂહલ–જ્ઞાનપ્રાપ્તિના ભાવપૂર્વક, વિવિધ દેશો–પ્રદેશો જોયા છે, અને તેમનું સંવેદના–કલ્પના–વિચારયુક્ત, સરળ, મધુર પ્રવાહી ચિત્રાત્મક શૈલીમાં, સુરેખ અને રસળતું નિરૂપણ કર્યું છે. તેઓ સાહિત્યના અધ્યાપક છે અને સરળ–સુંદર–સુકોમળ સ્વભાવના ઉમદા મનુષ્ય છે; તેથી સહજ–સ્વાભાવિક રૂપમાં જોયેલા પ્રદેશોના, સુંદર– કરાલ–વિલક્ષણ–ધ્યાનપાત્ર, પ્રકૃતિનું અને સંસ્કૃતિનું, અલપઝલપ છતાં વાસ્તવિક તેમ હૃદયંગમ નિરૂપણ અનાયાસે કરી શક્યા છે.

તેમાં લાઘવ, વૈવિધ્ય, વ્યંજના હોય છે અને પ્રસંગોપાત્ત હળવો નિર્દોષ વિનોદ પણ હોય છે; પરંતુ ક્યાંય અનાવશ્યક લાગે તેવું આલેખન કે આયાસજન્ય ચિંતન કળાતાં નથી; કશું કૃતક કે કુત્સિત જોવા મળતું નથી. પ્રાકૃતિક દૃશ્યો, ઘટનાઓ યા મળેલ વ્યક્તિઓના નિરૂપણમાં કોઇવાર નિષ્કર્ષ રૂપે લેખકીય ટીકા–ટીપ્પણ–ચિંતન રજૂ થયાં છે, પરંતુ તે ચિંતનના ભારથી કે ટીકા–ટીપ્પણની કટુતાથી સર્વથા મુક્ત રહ્યાં છે. પ્રવાસકથાના સમગ્ર નિરૂપણમાં નિખાલસતા, મધુરતા, હળવાશ સ્વાભાવિકતાનો સાદ્યંત અનુભવ થાય છે. 'પાસપોર્ટની પાંખે'ના પૂર્વે પ્રકાશિત પ્રથમ બે ભાગની આવી બધી લાક્ષણિકતાઓ (અને એક જ ખંડનાં યા એક જ દેશનાં વિવિધ સ્થળોનું નિરૂપણ સાથોસાથ સળંગસૂત્રતાયુક્ત કરવાને બદલે ગમે ત્યાં સ્વૈરભાવે કરવાની વિલક્ષણતા) તેના આ ત્રીજા ભાગમાં પણ જોઇ શકાય છે.

પ્રવાસકથાનું નિરૂપણ, પ્રવાસ પછી, અમુક સમયાંતરે થયું છે. મહદઅંશે તે સંસ્મરણજન્ય છે. તેમાં પ્રવાસ દરમિયાન જોયેલાં સ્થળ–કાળ–ઘટના–મનુષ્ય–કાર્ય વગેરે વિશે લેખક દ્વારા લેવાયેલી નોંધોનો અને સંવેદના–કલ્પના–ચિંતનસિક્ત સંસ્મરણો ઉભયનો વિનિયોગ થયો છે. તેથી નિરૂપણ પ્રામાણિક અને શ્રદ્ધેય તેમ જ સંવેદ્ય અને આસ્વાદ્ય બન્યું છે. તેમાં સત્ય–શિવ–સુંદરનો સરસ સુયોગ સધાયો છે. ભાવકને તે અવબોધ અને આસ્વાદ યુગપદ આપી શકે તેમ છે.

પૂર્વેના બે ભાગના અનુસંધાનમાં લખાયેલ આ ત્રીજા ભાગમાં પણ એશિયા, આફ્રિકા, યુરોપ, અમેરિકા, ઑસ્ટ્રેલિયા ખંડના વિવિધ દેશોનાં આકર્ષક સ્થળોના પ્રવાસનાં સંસ્મરણ નિરૂપાયાં છે. એશિયાનાં આરબ–અમીરાત સ્થિત અબુ ધાબી, ઇન્ડોનેશિયાનાં બાલી, જાવા સ્થિત બાન્ડુગ અને બોરોબુદુર, દક્ષિણ ચીનના સાગરતટ પરનું પોર્ટુગીઝ સંસ્થાન મકાઉ, હંસ પેગોડા ધરાવતું મધ્ય ચીનનું નગર શિઆન; યુરોપ–એશિયા ખંડોનો સંગમ દાખવતું ઇસ્તંબુલ કોન્સ્ટેન્ટિનોપલ; દક્ષિણ આફ્રિકા દેશમાં આવેલ શાહમૃગના વાડા, પોર્ટ ઇલિઝાબેથ, મધ્ય આફ્રિકાના રવાન્ડા અને બુરુંડી દેશ અને તેની રાજધાની બુજુમ્બુરા, ઝિમ્બાબ્વે અને તેની ઝામ્બેઝી નદી પરનો વિક્ટોરિયા ધોધ, શ્વેત અને ભૂરી નાઇલ નદીઓના સંગમસ્થાને વસેલ સુદાન દેશનું પાટનગર ખાર્ટુમ; યુરોપનો નોર્વે દેશ અને તેની રાજધાની ઓસ્લો, ઉત્તર ધ્રુવ વર્તુળમાં આવેલ ટ્રમ્સો, આલ્ટા અને હામરફેસ્ટ શહેર, મધ્યરાત્રિના સૂર્યનો પ્રદેશ નોર્થકેપ; અમેરિકાનું કેલિફોર્નિયા રાજ્ય અને ત્યાં ઊગતાં વિલક્ષણ સિકોયા વૃક્ષ, અલાસ્કા રાજ્ય અને તેનું મુખ્ય શહેર ફેરબેન્કસ; ઑસ્ટ્રેલિયાના ઇશાની સમુદ્ર કિનારા પાસેની ગ્રેટ બેરિયર રીફ, ન્યૂઝીલેન્ડના દક્ષિણ દ્વીપનાં મિલ્ફર સાઉન્ડ અને માઉન્ટ કૂક વગેરેનાં તેમાં અલપઝલપ છતાં સુરેખ અને હૃદ્ય ચિત્રો આલેખાયાં છે. તેમાં વર્ણિત સ્થળો વિશેની દંતકથાઓ–ઇતિહાસકથાઓ પણ પ્રસંગોપાત–અંધારિયા આફ્રિકા ખંડ શોધક ડેવિડ લિવિંગ્સ્ટનની ઇતિહાસકથા તો બે વાર આલેખાઈ છે. 'સિકોયાની શિખામણ', 'બાન્ડુંગનો જ્વાળામુખી–ટાંગકુબાન પરાહુ', 'વિક્ટોરિયા ધોધ', 'હંસ પેગોડા', 'ઇસ્તંબુલ' વગેરેમાં તેમાં ઇશ્વરદત્ત સ્થાનિક પ્રકૃતિ અને માનવસર્જી સંસ્કૃતિ બેઉના મનહર અને મનભર શબ્દચિત્રો દોરાયેલાં જોવા મળે છે. તેમાં દ્યોતક તાદૃશ વર્ણનો દ્વારા તેમનાં વિલક્ષણ રૂપોનું આહલાદક દર્શન કરાવાયું છે. આથમતા સૂર્યના પ્રકાશમાં ઝળહળતાં કાચનાં મકાનો (અબુધાબીની સાંજ), જાવાસ્થિત બોરોબુદુરનો વિરાટ ભવ્ય બુદ્ધ–સ્તૂપ (બોરોબુદૂર), ઝામ્બેઝી નદીના ધોધની સીકરોમાં સર્જાતાં મેઘધનુષ (વિક્ટોરિયા ધોધ), અદ્‌ભુત ધ્રુવપ્રદેશ અને તેનું સાક્ષાત્કારક દર્શન કરાવતી રોમાંચક ફિલ્મ (ટ્રમ્સોથી આલ્ટા), ઉત્તર નોર્વેના સૂર્યતાપે ઓગળતા હિમાચ્છાદિત ડુંગરોની જલધારાઓ (હામરફેસ્ટ) વગેરેનાં વર્ણન તેનાં દ્યોતક છે. લેખકની ઇન્દ્રિયસંવેદ્ય શૈલીએ આ વર્ણનોને મૂર્ત, સુરેખ, રંગીન, જીવંત કરી દીધાં છે. તે કેવાં આકર્ષક છે અને તેમાં યોજાયેલ અલંકારો કેવા નવીન, તાજગીભર્યા, ભાવવાહી છે–એ તેનાં કેટલાંક ઉદાહરણો જોતાં સમજી શકાશે:

'એક છેડે 'ઓગોહ ઓગોહ'નાં લાલ, લીલો અને વાદળી એમ ઘેરા રંગનાં ત્રણ મોટાં પૂતળાં હતાં. બીજે છેડે દેવ–દેવીઓનું મંદિર હતું. ગામમાંથી મહિલાઓ અને પુરુષો સરસ નવાં વસ્ત્રો પહેરીને આવી રહ્યાં હતાં. પુરુષોએ સફેદ અંગરખું, કેસરી અથવા સફેદ 'સરોંગ' (કમરે પહેરવાનું લુંગી જેવું વસ્ત્ર) પહેર્યાં હતાં. માથે સફેદ પટ્ટો બાંધ્યો હતો. બધા ઉઘાડે પગે હતા. તેઓ એક બાજુ ત્રણ હારમાં ગોઠવાયા. બીજી બાજુ મહિલાઓએ આછા પીળા રંગનું ઉપરનું વસ્ત્ર, કેસરી રંગનું સરોંગ પહેર્યું હતું અને કમરે રંગીન પટ્ટો બાંધ્યો હતો...' (બાલીમાં બેસતું વર્ષ)

'બુજુમ્બુરા'માં તેઓ લખે છે : 'અહીં આંબાનાં વૃક્ષો પર મોટી મોટી કેરીઓ લટકી રહી છે. અહીં ઘટાદાર લીમડા છે અને વડની વડવાઇઓનો વિસ્તાર છે. પીપળો અહીં પવિત્ર વૃક્ષ તરીકે પૂજાય છે. કેસરી અને પીળાં ગુલમહોર તડકામાં હસી રહ્યાં છે. સૂર્યકિરણો ઝીલીને તુલસી પ્રફુલ્લિત બની છે. કરેણ અને ચંપો ફૂલ ખેરવે છે. તાડ અને નારિયેળી ઊંચાઈ માટે સ્પર્ધા કરી રહ્યાં છે. થોર અને પપૈયા શાખા પ્રસરાવી રહયાં છે. કેળ પર કેળાંની લૂમો લટકી રહી છે. બારમાસીનાં ફૂલ વાયુ સાથે રમી રહ્યાં છે. અહીં સ્વચ્છ આકાશમાંથી રેલાતો તડકો અને ધરતીની ગરમ ધૂળ પણ જાણે ગુજરાતનો જ અનુભવ કરાવતાં હતાં.' (બુજુમ્બુરા)

કેટલાંક ચિત્રાત્મક વર્ણનો, તેમાં યોજાયેલ વિલક્ષણ અલંકાર થકી, વર્ણિત વસ્તુ અનુષંગે, યથાર્થ અને કલ્પનાનો, લાગણી અને વિચારનો આહલાદક અનુભવ કરાવે છે. તેમની નવીનતા, તાજગી, માર્મિકતા

ભાવકના ચિત્તને સ્પર્શી જાય છે; જેમ કે–

'વિશાળ વર્તુળાકાર જગ્યામાં ઉદ્યાનની વચ્ચે બનાવેલો ખાસ્સો ઊંચો ફુવારો એનાં ઊડતા સીકરો અને રંગબેરંગી બત્તીઓના પ્રકાશને લીધે રત્નજડિત મુગટ જેવો લાગતો હતો. વળી નીચે ચારે બાજુ ફુવારાઓમાંથી ઊડતું પાણી વિશાળ છત્રનો આકાર ધારણ કરતું હતું. વાતાવરણમાં મહેક અને શીતળતા હતાં.' (અબુધાબી)

'ટેકાપો (Tekapo) નામનું સરોવર જોવા મળ્યું. આછા મોરપિચ્છ જેવા એના પાણીનો અનોખો રંગ જિંદગીમાં અન્યત્ર ક્યાંય જોવા મળ્યો નથી. સૂકાં મેદાનો વચ્ચે આ લંબવર્તુળ સરોવર જાણે ધરતી માતાએ ઓપલમઢયું ઘરેણું પહેર્યું હોય એવું લાગતું હતું.' (મિલ્ફર સાઉન્ડ અને માઉન્ટ કૂક)

'સમુદ્રમાં થોડે દૂરથી જોઇએ તો સીધો, ઊંચો, જાડો અને ભૂખરા રંગનો ખડક, જાણે ઐરાવત હાથીએ પાણીમાં પગ મૂક્યો હોય એવો લાગે.' (નોર્થ કેપ)

'જૂન મહિનો એટલે હિમાચ્છાદિત ડુંગરાઓનો કપરો કાળ. સૂર્યનારાયણ એમને રડાવીને જ જંપે. શ્વેત જટાધારી ડુંગરો ચોધાર (બે આંખોના ચાર ખૂણે) નહિ પણ શતધાર આંસુ વહાવે...આંસુ સારી સારીને નિસ્તેજ અને શુષ્ક બનેલા ડુંગરો ક્યારેક આકાશમાંથી, ગૌતમ ઋષિના શાપ પછી પશ્ચાત્તાપ અનુભવતા સહસ્રાક્ષ ઇન્દ્રને–વૃષ્ટિના દેવતાને, હજાર આંખે થીજેલાં આંસુ (Snow) પોતાના ઉપર વહાવતો જોઇને સહાનુભૂતિપૂર્વક સાંત્વન અનુભવે છે.' (હામરફેસ્ટ)

પ્રવાસી લેખક ગંભીર પ્રકૃતિના પણ પ્રસન્નમનના મનુષ્ય છે. બિનજરૂરી અને કૃતક ગાંભીર્યથી તેઓ દૂર જ રહે છે. પ્રસંગોપાત, કઠોરતા–કટુતાથી સર્વથા, મુક્ત, નિર્દોષ વિનોદ પણ કરી લે છે. પોતાને ભોગે પણ તેઓ હસી શકે છે. અનેક પ્રવાસી ચિત્રોમાં આવા વિનોદની આછી લકીરો જોઈ શકાય છે. કેટલાંક ઉદાહરણ જુઓ:

'અમે ચાલતા હતા તેવામાં અમારાથી થોડે આગળ ચાલતી એક યુરોપિયન યુવતીના ખભા ઉપર વાંદરો પાછળથી અચાનક કૂદીને ચડી બેઠો. યુવતી ગભરાઇને ચીસાચીસ કરતી દોડવા લાગી, પણ વાંદરો થોડો નીચે ઊતરે ? એની સાથે ચાલતી કર્મચારી છોકરીએ ખાવાનું આપીને વાંદરાને નીચે ઉતાર્યો...અચાનક પાછળથી મારા ખભા ઉપર પણ એક મોટો વાંદરો ચડી બેઠો. હું ગભરાયો નહિ, પણ આવી ઘટના ઓચિંતી બને એટલે સ્તબ્ધ થઈ જવાય. હવે વાંદરાને નીચે કેવી રીતે ઉતારવો ? ...ત્યાં તો મારી સાથે ચાલતી છોકરીએ કહ્યું, 'સર, સર, બેય હથેળી પહોળી ખુલ્લી કરી નાખો ?' મેં બેય હથેળી ખુલ્લી કરી નાખી કે તરત વાંદરો આપોઆપ નીચે ઊતરી ગયો...બેય હથેળી ખુલ્લી બતાવો તો સમજી જાય કે ખાવાનું ખલાસ થઈ ગયું છે, એટલે ચાલ્યો જાય.' (બાલીમાં બેસતું વર્ષ)

'કોફી પણ મળતી હતી. એક કપના બસો રૂપિયા. ટાઢ ઉડાડવા કોફી પીવી પડે અને કોફીના ભાવ સાંભળી ટાઢ વાય. એટલે કોફી પીવાનું અમે માંડી વાળ્યું.' (ટ્રુમ્સોથી આલ્ટા)

'કેટલાક ડુંગરો પર માત્ર મસ્તકે જ બરફ રહેલો છે. એક ડુંગર ઉપર ધોળા બરફનો આકાર એવો હતો કે જાણે એણે માથે ગાંધી ટોપી પહેરી ન હોય ! મનમાં થયું કે 'અહો ! ગાંધીજીના સંનિષ્ઠ સ્વયંસેવકો ઠેઠ અહીં સુધી આવી પહોંચ્યા છે ને !'...આપણા પુરા ૭૩ દિવસ (રાત્રિ સહિત) બરાબર એમનો એક દિવસ. પુરાણકથાઓમાં આવે છે કે દેવોના એક દિવસ બરાબર આપણા અમુક દિવસો. અહીં હામરફેસ્ટમાં અમે દેવોના દિવસમાં હોઇએ એવું સાક્ષાત્ અનુભવ્યું.' (હામરફેસ્ટ)

'બહાર તો સખત ઠંડી હતી અને આછા ધુમ્મસ જેવું વાતાવરણ હતું. એને લીધે બોલતી વખતે દરેકના મોઢામાંથી ધુમાડા નીકળતા હતા. સિગારેટ પીધા વગર સિગારેટના ધુમાડા કાઢવાનો આનંદ માણી શકાયો. થોડીવાર હવા મોઢામાં રોકી રાખી ગાલ ફુલાવીને પછી ઘટ્ટ ધુમાડાની લાંબી સેર પણ કાઢી શકાય.' (મિલ્ફર સાઉન્ડ અને માઉન્ટ કૂક)

પરંતુ પ્રસંગોપાત્ત વિનોદ કરતા લેખક હરહંમેશ કરુણામય, સમભાવશીલ, નીતિનિષ્ઠ અને પ્રામાણિક રહે છે. પોતાને અગવડ યા તકલીફમાં મૂકનાર યા છેતરનાર વ્યક્તિ પ્રતિ પણ તેઓ સહિષ્ણુતા અને કરુણા દાખવે છે. અનેક પ્રસંગોમાં આ વસ્તુ જોવા મળે છે. દાખલા તરીકે–દક્ષિણ ચીનના 'ક્વુઇલિનમાં સ્થાનિક જાતિનો ખેલ' યોજાયો હતો. તેમાં જોવા જવા માટેની દાખલ ફી ઘણી મોંઘી હતી. પરંતુ પોતાનો જ્યાં ઉતારો હતો તે હોટલના ઓરડાની બારીમાંથી ખુરસી પર બેસી એ ખેલ જોઈ શકાય તેમ હતું. 'પણ મારા મનમાં પ્રશ્ન થયો કે આવી રીતે મફત ખેલ જોવો તે શું યોગ્ય છે ? એમાં શિષ્ટાચારનો ભંગ થાય અને નીતિનિયમનો પણ ભંગ થાય. મિત્રે તરત રિશેપ્શનિસ્ટને ફોન જોડ્યો. જવાબ મળ્યો કે રૂમમાંથી ખેલ ખુશીથી જોઇ શકાય. ખેલ જોવાના પૈસા નથી, ડિનર અને ડ્રિંક્ના પૈસા છે. બારીમાંથી જોવામાં કોઈ નીતિનિયમનો ભંગ નથી.' (ક્વુઇલિનમાં સ્થાનિક જાતિનો ખેલ)

દક્ષિણ આફ્રિકાના 'શાહમૃગના વાડા' જોઈ લેખકને જિજ્ઞાસા અને આશ્ચર્યની સાથે અરેરાટી પણ થાય છે, કારણ કે 'શાહમૃગનું સરેરાશ આયુષ્ય ૭૦–૭૫ વર્ષનું, પણ ત્રણ–ચાર વર્ષે ભરાવદાર શરીરનું થયા પછી ભાગ્યે જ કોઇને વધુ જીવવા મળે. બાળવયમાં જ તે કતલખાને પહોંચી ગયું હોય અને તે પહેલાં પીંછાં ખેંચાતાં હોય ત્યારે લોહીની ટસરો સાથે એણે કેટલી વેદના અનુભવી હોય ! એને ડોક મરડીને, અથવા મોઢે કોથળી ભરાવીને, ગૂંગળાવીને, ગોળીથી વીંધીને કે શસ્ત્ર વડે ડોક ઉડાવી દઇને મારી નાખવામાં આવે ત્યારે સમજદાર શાહમૃગ પોતાનું મોત સમજી જઇને બધી તાકાતથી કેવું ઝૂઝતું, આક્રંદ કરતું હોય છે ! મનુષ્યને એની નિષ્ઠુરતાની વાત કોણ સમજાવે ?' (શાહમૃગના વાડા)

'...મગના ફોતરા જેટલા એક બીજમાંથી દસ લાખ કિલોગ્રામ કરતાં વધુ વજનનું લાકડું ધરાવતું સિકોયાનું વિરાટ વૃક્ષ ઉત્પન્ન થાય છે. સિકોયા પણ લાખો બી કુદરતને પાછા આપે છે. હાકુજાએ કહ્યું, 'સિકોયાનું વૃક્ષ આપણને ઉપદેશ આપે છે કે કુદરતે તમને જે પ્રેમથી આપ્યું છે તે અનેક ગણું કરીને કુદરતને પાછું આપો. ઉદાર બનો. સ્વાર્થી ન બનો...' (સિકોયાની શિખામણ)

અર્થાત 'પાસપોર્ટની પાંખે'નો આ ત્રીજો ભાગ, તેના પહેલા–બીજા ભાગની જેમ, જગતના વિવિધ દેશોની પ્રકૃતિ અને સંસ્કૃતિની, સારી–નરસી વિવિધ બાજુઓનો, અલપઝલપ પણ સુરેખ અને સંવેદ્ય ખ્યાલ આપે છે. જગતમાં ક્ષોભ અને દુ:ખપ્રેરક ઘણું છે, તો આનંદ અને સુખપ્રદ એવું પણ ઓછું નથી–એ તે દર્શાવે છે. માનવી અને જગતની વાસ્તવિકતા તેમાં ચારુ કલ્પના અને સુકોમળ સંવેદનાથી ભીંજાઇને ગ્રાહ્ય રૂપમાં રજૂ થઈ છે. સરળ, મધુર, કોમળ, ઇન્દ્રિયસંવેદ્ય, પ્રવાહી, વિશદ શૈલીમાં, સહજ સ્વાભાવિક લાગે તે રીતે પ્રસ્તુત, વિવિધ પ્રદેશો–સ્થળો–ઘટનાઓ–મનુષ્યો–કાર્યોનું, તાદશ નિરૂપણ ભાવકના મન અને હૃદયને સ્પર્શી જાય છે. તે આનંદ અને અવબોધ–ઉભય યુગપદ આપે છે. લેખક સાથે પોતે જગતપ્રવાસ કરી રહ્યો હોય–એવો ભાવકને તે અહેસાસ કરાવે છે. લેખકનો 'હું' તેમાં સર્વત્ર દેખાય છે, પણ 'અહં' ક્યાંય કળાતું નથી. કોઈ પ્રેમાળ, લાગણીશીલ મિત્રની સાથે, અંતરંગ વાતો કરતાં, આપણે આનંદ–ઉલ્લાસપૂર્વક જગતનો પ્રવાસ માણી રહ્યા હોઇએ તેવી આપણને અનુભૂતિ થાય છે.

મને તેથી આ પ્રવાસકથા ઘણી ગમી છે. તમને–વાચકોને પણ તે અવશ્ય ગમશે, એવી મને ખાતરી છે.

❖❖❖

Printed & Published by Nirubahen Subodhbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400 027. And Published at 385, S.V.P. Road, Mumbai-400 004. Editor: Ramanlal C. Shah.

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57
Posted at Byculla sorting office Mumbai-400 011 Licence to post without prepayment No. 271
● વર્ષ : (૫૦) + ૧૫ ● અંક : ૮ ● ૧૬ઑગસ્ટ, ૨૦૦૪ ● ● Regd. No. TECH / 47-890 / MBI / 2003-2005
● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂ.૧૦૦/- ● ● છૂટક નકલ રૂ. ૧૦/- ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## ઉદયગિરિ–ખંડગિરિ

સૈકાઓ સુધી અજ્ઞાત રહેલું અને સવાસો–દોઢસો વર્ષ પહેલાં કંઈક પ્રસિદ્ધિમાં આવ્યું અને ત્યાર પછી પણ કેટલાંક કારણોસર ઉપેક્ષિત રહેલું, ઓરિસ્સામાં આવેલું ઉદયગિરિ–ખંડગિરિ નામનું જૈન તીર્થ ઐતિહાસિક દૃષ્ટિએ અત્યંત મહત્ત્વનું છે. ઓરિસ્સામાં સમુદ્ર કિનારેથી થોડું અંદર, ભુવનેશ્વર પાસે જંગલની ઝાડીઓમાં ઊંચી ટેકરીઓ પર આવેલા આ તીર્થ સુધી પહોંચવાનું ગઈ સદીમાં પશ્ચિમ ભારતના જૈનો માટે ઘણું કપરું હતું. વળી જે તીર્થમાં ભોજન–મુકામ વગેરે માટે વ્યવસ્થા ન હોય તો તે તીર્થમાં યાત્રિકોને જવાની ઇચ્છા ઓછી થાય એ દેખીતું છે. ઓરિસ્સામાં જૈનોની વસતી ઘણી જ ઓછી છે. કટક વગેરેમાં કેટલાંક જૈન કુટુંબો અને મંદિરો છે, પણ ભુવનેશ્વરમાં તો જૈન મંદિર નથી અને જૈનો અત્યંત અલ્પ સંખ્યામાં છે.

ભુવનેશ્વર શહેરથી આઠેક કિલોમિટરના અંતરે ઉદયગિરિ–ખંડગિરિની ટેકરીઓ આવેલી છે. એની આસપાસ નીલગિરિ વગેરે નાની મોટી ટેકરીઓ પણ છે. આ સમગ્ર વિસ્તાર કુમારગિરિ તરીકે ઓળખાય છે. અઢી હજાર વર્ષ પહેલાં ઓરિસ્સાનો પ્રદેશ કલિંગ તરીકે ઓળખાતો હતો. સવા બે હજાર વર્ષ પહેલાં કલિંગની મુખ્ય વસતિ જૈનોની હતી. ત્યારે ત્યાં મહામેઘવાહન મહારાજા ખારવેલનું રાજ્ય હતું. ત્યારે ઉદયગિરિ–ખંડગિરિ કલિંગ રાજ્યનું મુખ્ય જીવંત ભવ્ય તીર્થસ્થળ ગણાતું હતું. એમ મનાય છે કે ભગવાન મહાવીર સ્વામી આ પ્રદેશમાં પધાર્યા હતા અને કુમારગિરિ ઉપર એમણે ધર્મોપદેશ આપ્યો હતો. ભગવાન પાર્શ્વનાથ પણ આ પ્રદેશમાં વિચર્યા હતા અને કુમારગિરિ પર પધાર્યા હતા.

હાલ સમગ્ર ડુંગર વિસ્તાર કુમારગિરિ તરીકે ઓળખાય છે, પણ જૂના વખતમાં ઊંચો પહાડ ખંડગિરિ 'કુમારગિરિ' તરીકે અને નીચો પહાડ ઉદયગિરિ 'કુમારીગિરિ' તરીકે જાણીતા હતા. ઉદયગિરિ નામ એટલા માટે પડ્યું કે ત્યાંથી પ્રભાતનો સૂર્યોદય સ્પષ્ટ નિહાળી શકાય છે અને સૂર્યકિરણો સમગ્ર પર્વત પર પથરાઈ જાય છે. ખંડગિરિ નામ એટલા માટે પડ્યું કે તેનો ખડક ઉદયગિરિની જેમ અખંડ નથી. ખંડગિરિ પર્વતની શિલાઓમાં ખંડ પડ્યા છે. એના પથ્થરો તૂટફૂટ છે.

વર્ષો પહેલાં મેં જ્યારે વાંચ્યું હતું કે કલિંગ ચક્રવર્તી મહામેઘવાહન મહારાજા ખારવેલે ઉદયગિરિની ગુફાના પ્રવેશદ્વાર ઉપર જે શિલાલેખ કોતરાવ્યો છે એમાં એની શરૂઆત નવકારમંત્રનાં પ્રથમ બે પદથી થાય છે ત્યારથી એ શિલાલેખ નજરે નિહાળવાનો ભાવ મને જાગ્યો હતો; પરંતુ એવો યોગ વર્ષો સુધી સાંપડ્યો નહોતો. કેટલાક વખત પહેલાં એ વિશે કંઈક વાત નીકળતાં એ તીર્થનાં દર્શન માટેની યાત્રા ગોઠવાઈ ગઈ. હું અને મારાં પત્ની તથા મારા મિત્ર શ્રી બિપિનભાઈ જૈન અને એમનાં પત્ની શ્રી નીલમબહેન–એમ અમે ચાર જણ ઓરિસ્સાના પ્રવાસે ઊપડ્યા.

મુંબઈથી અમે ભુવનેશ્વર પહોંચ્યાં અને ત્યાં મુકામ કરી, રોજ જુદી જુદી જગ્યાની મુલાકાત લઈ સાંજે અમે ભુવનેશ્વર પાછા ફરતાં. ત્યાં ઉદયગિરિ અને ખંડગિરી ઉપરાંત જગન્નાથપુરી, કોનાર્કનું મંદિર, કટક શહેર, ચીલિકા સરોવર ઇત્યાદિ સ્થળે અમે ફર્યા હતાં.

ભુવનેશ્વરથી કુમારગિરિ એટલે કે ઉદયગિરિ અને ખંડગિરિ જવા માટે મોટરકાર, બસ, રીક્ષા વગેરે વાહનો મળે છે. અમે ગાડીમાં ત્યાં તળેટી પાસે પહોંચ્યા. ત્યાં જમણી બાજુ ઉદયગિરિ છે અને ડાબી બાજુ ખંડગિરિ. ઉદયગિરિમાં ચઢાણ બહુ નથી. ખંડગિરિમાં ચઢાણ થોડું વધારે છે. તળેટીમાંથી ગુફાઓ દેખાય છે. ઉદયગિરિ અને ખંડગિરિ બંનેની ગુફાઓ, મંદિરો વગેરે ઝડપથી એક દિવસમાં જોવાં હોય તો જોઈ શકાય છે. પરંતુ અમે બંને ગિરિ માટે એક એક દિવસ જુદો રાખ્યો કે જેથી સારી રીતે શાન્તિથી ગુફાઓ અને મંદિરો વિગતે જોઈ શકાય.

ગુફાઓ જોવા માટે અમે એક ભોમિયા સાથે નક્કી કર્યું, કારણ કે આવાં ઐતિહાસિક સ્થળોમાં ભોમિયા વગર જોવાથી કેટલુંક ચૂકી જવાય છે. ભોમિયા બતાવે એવી કેટલીક ઝીણી રસિક વિગતો ગ્રંથોમાં હોતી નથી.

અમે પહેલાં ઉદયગિરિ જોવાનું નક્કી કર્યું કારણ કે નવકારમંત્રવાળો શિલાલેખ ઉદયગિરિની હાથી ગુફામાં છે. ટિકિટ લઈ અમે પ્રવેશ કર્યો.

ભગવાન મહાવીર સ્વામીના કાળમાં આજનું બિહાર 'મગધ દેશ' તરીકે ઓળખાતું. ત્યારે તે અત્યંત સમૃદ્ધ હતું. આજનું ઓરિસ્સા (ઉડિસા) ત્યારે કલિંગ દેશ તરીકે જાણીતું હતું. ભગવાન મહાવીર સ્વામીના સમયમાં મગધમાં અને કલિંગમાં જૈન ધર્મ પ્રવર્તતો હતો. ભગવાનના નિર્વાણ પછી એકાદ સૈકામાં મગધમાં નંદ વંશના રાજાઓ રાજ્ય કરવા લાગ્યા. કલિંગમાં ત્યારે ચેદી વંશના રાજાઓ રાજ્ય કરતા હતા. પરંતુ ધર્મદ્વેષ અને સત્તાભૂખને કારણે નંદ રાજાઓ વારંવાર કલિંગ પર ચઢાઈ કરતા અને લોકોનો સંહાર કરી લૂંટ ચલાવી પાછા ભાગી જતા. એક વખત તો તેઓ કલિંગ ઉપર આક્રમણ કરી જિનાલયમાંથી ભગવાન ઋષભદેવની સુવર્ણની પ્રતિમા જે 'કલિંગ જિન' તરીકે જાણીતી હતી તે ઉઠાવી ગયા હતા. આવો અત્યાચાર વર્ષો સુધી ચાલ્યા કર્યો. જૈન સાધુઓની પણ સતામણી થતી હતી. પહેલાં દુકાળને કારણે અને પછી રાજકીય ત્રાસને કારણે ઘણા સાધુઓ મગધ છોડી કલિંગમાં ચાલ્યા આવ્યા હતા. કેટલાક ત્યાંથી

પણ નીચે દક્ષિણ ભારતમાં ગયા હતા. કેટલાક કાળ પછી સમ્રાટ ચંદ્રગુપ્ત મૌર્યે ચાણક્યની મદદથી મગધ પર આક્રમણ કરીને નંદ રાજાને પરાજિત કર્યા એટલું જ નહિ નંદ વંશનું નિકંદન કાઢ્યું હતું.

કલિંગમાં ચેદી વંશમાં એક યુવાન તેજસ્વી, પ્રતાપી, પરાક્રમી અને વિશેષતઃ ધર્માનુરાગી મહારાજા ખારવેલ ગાદીએ આવ્યા. તેઓ બળવાન હતા, યુદ્ધકલામાં કુશળ હતા, પ્રજાવત્સલ હતા અને પોતાના જૈન ધર્મ માટે તેઓ અપાર લાગણી ધરાવતા હતા. એમણે મગધના નંદરાજા પુષ્યમિત્ર ઉપર આક્રમણ કરીને એમની પાસેથી ઋષભદેવ ભગવાનની પ્રતિમા કલિંગ-જિન છોડાવી લાવ્યા હતા. ત્યારે મથુરા પણ જૈનોનું મોટું તીર્થ ગણાતું હતું. તે વખતે જ્યારે વિદેશી યવન રાજા ડિમિત (ડિમિટ્રિયસ) મથુરા ઉપર ચઢી આવ્યો ત્યારે મહારાજા ખારવેલે પોતાની સેના સાથે ત્યાં પહોંચી જઈ યવનોને મારી હઠાવ્યા હતા. આ ઘટનાનો ઉલ્લેખ શિલાલેખમાં છે.

સમગ્ર ભારતમાં જે જૂનામાં જૂના શિલાલેખો છે તેમાં સમ્રાટ અશોકના શિલાલેખો ઉપરાંત ઐતિહાસિક ઘટનાઓના વર્ણન સાથે ખારવેલના જીવનની વિગતો વણી લેતો વિસ્તૃત શિલાલેખ તે મહારાજા ખારવેલનો છે. મહારાજા ખારવેલે સવાબે હજાર વર્ષ પહેલાં જે ગુફા ઉપર લેખ કોતરાવ્યો છે એ ગુફા ઉદયગિરિ ઉપર આવેલી છે. ગુફા ખાસ્સી પહોળી છે. એનું નામ 'હાથી ગુફા' એવું પડી ગયું છે, કારણ કે એનો બાહ્ય દેખાવ હાથી જેવો છે. ગુફાના પથ્થરનો રંગ પણ હાથીના રંગ જેવો છે.

આજથી લગભગ બસો વર્ષ પહેલાં આ શિલાલેખ વિશે વિદ્વાનો, પંડિતો, સાધુ ભગવંતો વગેરે કોઇને ખાસ કશી જાણકારી નહોતી. અંગ્રેજોએ સમગ્ર ભારતના નકશાઓ લશ્કરી દૃષ્ટિએ બનાવવાનું શરૂ કર્યું ત્યારે આ ગુફાઓ પ્રકાશમાં આવી. એનો શિલાલેખ બ્રાહ્મી લિપિમાં છે એમ ત્યારે જણાયું, પણ ત્યારે બ્રાહ્મી લિપિના જાણકારો નહોતા. ઓગણીસમા સૈકામાં બ્રાહ્મી લિપિ શીખવાનું ફરી શરૂ થયું ત્યારે ઇ. સ. ૧૮૨૦માં સ્ટર્લિંગ નામના એક અંગ્રેજ સ્કોલરે આ શિલાલેખ બ્રાહ્મી લિપિમાં છે એ શોધી કાઢ્યું હતું. ઇ.સ. ૧૮૩૫માં બીજા એક અંગ્રેજ સંશોધકે બ્રાહ્મી લિપિનો અભ્યાસ કરી આ લેખ થોડોક વાંચ્યો હતો.

ઇ.સ.૧૮૮૫માં વિયેનામાં પ્રાચ્યવિદ્યા વિશેના એક સંમેલનમાં ડૉ. ભગવાનલાલ ઇન્દ્રજીએ ઉદયગિરિ-ખંડગિરિ વિશેના પોતાના લેખમાં કલિંગ ચક્રવર્તિ મહારાજા ખારવેલનો ઉલ્લેખ કર્યો ત્યારે ખારવેલનું નામ સૌ પ્રથમ પ્રસિદ્ધિમાં આવ્યું. પરંતુ વિસ્તૃત શિલાલેખના લખાણ વિશે ખાસ માહિતી નહોતી.

આખો શિલાલેખ બરાબર વાંચીને એનો વિસ્તૃત અર્થ પહેલી વાર બંગાળના પંડિત રાખાલદાસ બેનર્જી અને પટનાના કાશીપ્રસાદ જાયસ્વાલે પ્રકાશિત કર્યો હતો.

બ્રાહ્મી લિપિમાં લખાયેલો આ શિલાલેખ વાંચવામાં અને એને અંગેનું સંશોધન કરવામાં પંડિત કાશીપ્રસાદ જાયસ્વાલનો ઘણો મોટો ફાળો છે. લેખ બહુ મોટો છે, અક્ષરો બ્રાહ્મી લિપિમાં છે, કેટલેક સ્થળે શબ્દો ઘસાઈ ગયા છે એટલે પહેલા જ વાંચને સંપૂર્ણ અર્થ બેસે એવું બને નહિ. શ્રી જાયસ્વાલે પહેલાં નીચે ઊભા ઊભા ઉપરના અક્ષરો વાંચ્યા હતા. બીજી વખત તેઓ ત્યાં ગયા ત્યારે પાલખ બંધાવી અને એના ઉપર બેસીને નજીકથી ઘણાખરા શબ્દો ઉકેલ્યા હતા. કેટલાક શબ્દો ભૂંસાઈ ગયા છે. ત્યાર પછી પ્લાસ્ટરમાં એનું બીજું તૈયાર કરાવીને તે વાંચ્યું. એમ કરતાં કરતાં દસ વર્ષને અંતે આખા શિલાલેખનો ઘણોખરો પાઠ ઉકેલાઈ શકાયો છે. એમાં શ્રી રાખલદાસ બેનર્જીની એમને સારી મદદ મળી હતી.

હાથી ગુફામાં પ્રવેશતાં પહેલાં જ ઊંચે જોવાથી બહારથી શિલાલેખ જોઈ શકાય છે, કંઈક વાંચી શકાય છે. ગુફાના પ્રવેશદ્વારની ઉપરના પથ્થરમાં આ મોટો શિલાલેખ કોતરવામાં આવ્યો છે. શિલાલેખના કદ પરથી પણ એની મહત્તા સમજી શકાય છે. આ શિલાલેખ પંદર ફૂટથી વધુ લાંબો છે અને પાંચ ફૂટથી વધુ પહોળો છે. એમાં સત્તર લીટીનું લખાણ છે. પંચાસી વર્ગફૂટના લખાણમાં ઘણી માહિતી સમાવી લેવામાં આવી છે. શિલાલેખ કોતરવાનું કામ એક કરતાં વધુ કારીગરોએ કર્યું હશે, કારણ કે એમાં અક્ષરો બે ભાતના છે. મોટી પાલખ બાંધીને એના પર બેઠાં બેઠાં હોંશિયાર શિલ્પીઓએ અક્ષરો કોતર્યા હશે! અક્ષરો એટલા ઊંડા કોતર્યા છે કે વરસાદ, ઠંડી, ગરમી વગેરેનો ઘસારો આટલો કાળ ઝીલવા છતાં શિલાલેખમાંથી થોડાક અક્ષરો જ નષ્ટ થયા છે. તેમ છતાં શિલાલેખ લગભગ આખો વાંચી શકાય છે. બ્રાહ્મી લિપિના આ શિલાલેખની ભાષા અર્ધમાગધી પ્રાકૃત છે. શિલાલેખનું લખાણ એક અથવા વધુ કુશળ કાવ્યમર્મજ્ઞ લેખકો પાસે તૈયાર કરાવ્યું હશે એ એની પ્રશિષ્ટ, સૂત્રાત્મક, મધુર શૈલી અને સુયોગ્ય શબ્દાવલિ પરથી જણાય છે. આખો શિલાલેખ ઐતિહાસિક માહિતીથી સભર છે. [શિલાલેખનું અંગ્રેજી તથા હિંદીમાં ભાષાન્તર ગુફાની બહાર મૂકવામાં આવ્યું છે.]

શિલાલેખનો પ્રારંભ શ્રીવત્સ અને સ્વસ્તિક એ બે મંગળ ચિહ્ન અને નવકાર મંત્રના પ્રથમ બે પદથી થાય છે.

આ શિલાલેખ પરથી એટલું સ્પષ્ટ છે કે ત્યારે કલિંગમાં જૈન ધર્મ પ્રવર્તતો હતો. ચેદી વંશના રાજાઓ જૈન ધર્મી હતા. વળી એમાં પરાક્રમી મહારાજા ખારવેલે મગધમાંથી ઋષભદેવ ભગવાનની પ્રતિમા પાછી મેળવી એ પરથી જણાય છે કે એ કાળે પણ જિનપ્રતિમાની પૂજા થતી હતી. ત્યારે સામાન્ય પ્રજામાં અર્ધમાગધી ભાષા બોલાતી હતી અને લિપિ તરીકે બ્રાહ્મી લિપિ પ્રચલિત હતી. દેવનાગરી લિપિ ત્યારે હજુ પ્રચારમાં નહિ આવી હોય.

ઇતિહાસકારો નોંધે છે કે કલિંગમાં મહારાજા ખારવેલના સમયમાં જેટલો જૈન ધર્મનો પ્રચાર-પ્રભાવ થયો હતો. એટલો એમની પહેલાં કે એમની પછી કલિંગના રાજ્યમાં થયો નહોતો.

શિલાલેખ પરથી જણાય છે કે એ કાળે નંદરાજાના નામથી સંવત ચાલતો હતો. (વિક્રમ સંવતની શરૂઆત ત્યાર પછી થઈ.) નંદ સંવત ૧૦૩ના વર્ષે મહારાજા ખારવેલે મગધમાં ખોદાયેલી નહેર પોતાના રાજ્યમાં 'તનસુલીય' નામના માર્ગે વધુ ખોદાવીને પોતાની રાજધાનીમાં લાવ્યા હતા, એવો નિર્દેશ શિલાલેખમાં છે.

આ શિલાલેખ બીજી એક ઐતિહાસિક દૃષ્ટિએ મહત્ત્વનો છે. જો એ ઘટનાનો ઉલ્લેખ આ શિલાલેખમાં ન કોતરાયો હોત તો કદાચ એવી મહત્ત્વની ઘટના વિસ્મૃતિના ગર્તમાં કાયમને માટે ધકેલાઈ ગઈ હોત. છેલ્લા એક-સવા સૈકાથી એ ઘટના પ્રકાશમાં આવી છે તો પણ હજુ કેટલાયે એવા વિદ્વાનો હશે કે જેમને એ વિશે કશી માહિતી ન હોય.

આપણાં આગમો શ્રુત પરંપરાથી ચાલ્યાં આવતાં હતાં. શ્રુતપરંપરામાં સમયે સમયે અક્ષરફેર, શબ્દફેર, અર્થફેર થયાનો સંભવ રહે છે. ત્રણચાર પેઢીમાં કેટલુંક લુપ્ત થઈ જાય છે. એટલા માટે સમર્થ જાણકાર આચાર્યો અને અન્ય સાધુ-સાધ્વીઓ એકત્ર થઇને પાઠનિર્ણય કરી લે છે. એને 'વાચના' કહેવામાં આવે છે. શ્રુતપરંપરાથી ચાલ્યા આવતાં આપણા આગમો માટે ભગવાન મહાવીરના નિર્વાણ પછી લગભગ ૧૬૦ વર્ષે પાટલીપુત્રમાં એક વાચના આચાર્ય શ્રી સ્થૂલિભદ્રસૂરીશ્વરની નિશ્રામાં યોજવામાં આવી હતી. ત્યાર પછી બીજી વાચના મથુરામાં આર્ય સ્કંદિલાચાર્યની નિશ્રામાં યોજવામાં આવી હતી. પરંતુ આ બે વાચનાની વચ્ચે ચક્રવર્તી ખારવેલના નિમંત્રણથી એક નાની વાચના કલિંગના કુમારગિરિ

ઉપર યોજવામાં આવી હતી એવો ઉલ્લેખ આ શિલાલેખની સોળમી પંક્તિમાં છે.

આ વાચનાસભામાં પધારવા માટે મહારાજા ખારવેલે દૂર દૂર સુધી ચારે દિશામાં જાતે જઇને મોટા મોટા આચાર્યો, અન્ય મુનિવરો ઇત્યાદિને નિમંત્રણ આપ્યું હતું. એટલે આ વાચનાસભામાં બસોથી અધિક જિનકલ્પી મહાત્માઓ, ત્રણસોથી અધિક સ્થવિરકલ્પી આચાર્યો અને સાધુ ભગવંતો, ત્રણસોથી અધિક શ્રમણીઓ, સાતસોથી અધિક શ્રાવકો અને સાતસોથી અધિક શ્રાવિકાઓ પધાર્યાં હતાં. આ સભામાં એક મહત્ત્વનું કાર્ય એ થયું કે વિચ્છિન્ન થવા આવેલા ચોસઠ અધ્યાયવાળા 'અંગ સપ્તિક' નામના ગ્રંથનો ઉદ્ધાર થયો હતો.

એ સમયે કલિંગની રાજધાની તોષાલી (કનકપુર) હતી. આજના ભુવનેશ્વરની જગ્યાએ કે એની આસપાસ એ હોવાનો સંભવ છે.

શિલાલેખ પ્રમાણે મહામેઘવાહન મહારાજા ખારવેલને સોળ વર્ષની નાની વયે યુવરાજનું પદ આપવામાં આવ્યું હતું અને પચીસ વર્ષની વયે એમને રાજગાદી સોંપવામાં આવી હતી. ગાદીએ આવ્યા પછી મહારાજા ખારવેલે ચારે બાજુ પોતાના સામ્રાજ્યનો વિસ્તાર કર્યો હતો. પહેલે વર્ષે એમણે પ્રજાકલ્યાણનાં કાર્યોમાં સમય આપ્યો. એમણે પ્રજાના કરવેરા માફ કર્યા. પોતાની ૪૫ લાખની રૈયત માટે તળાવો ખોદાવ્યાં, એને પાળ બાંધી. તેઓ દાનમાં ઘણું ધન આપતા. પ્રજાના મનોરંજન માટે સંગીત, નાટક, નૃત્ય, મલ્લકુસ્તી વગેરે માટે તેઓ વખતોવખત ઉત્સવો યોજતા. એમની બે રાણી ધુષિતા અને સિંધુલા પણ પ્રજામાં તથા શ્રમણવર્ગમાં લોકપ્રિય હતી. મહારાજા ખારવેલે એવો ક્રમ રાખ્યો હતો કે એક અથવા બે વર્ષ રાજ્યની વ્યવસ્થા પર ધ્યાન આપવું અને પછી થોડો વખત સરહદો સંભાળવી અને જરૂર પડે તો દુશ્મનો પર ચડાઈ કરવી.

ઉદયગિરિ ઉપર જુદી જુદી ઊંચાઇએ નાની મોટી ઘણી ગુફાઓ છે. એમાં પહેલાં અમે 'રાણીગુફા' જોઈ. આ વિશાળ ગુફાનો વરંડાનો ભાગ એના સ્તંભો સહિત નષ્ટ થઈ ગયો છે. નાની કોટડી જેવી હારબંધ દસ જેટલી ગુફાઓ એક હારમાં ખુલ્લી દેખાય છે. વળી બંને બાજુ પણ કોટડીઓ છે. એની ઉપરના માળે ગુફાઓની બીજી હાર છે. આમ બે માળવાળી ગુફાઓ આટલી મોટી સંખ્યામાં ભારતમાં બીજે ક્યાંય નથી. દૂરથી જાણે એક માળવાળી ચાલી હોય એવું દશ્ય લાગે. આવી લાક્ષણિક રચનાને કારણે એક વખત આ ગુફાઓ નજરે જોઈ હોય તો એનું દશ્ય યાદ રહી જાય તેવું છે. આખા ડુંગર ઉપર બીજી છૂટીછવાઈ પચાસથી અધિક આવી કોટડી-ગુફા છે. શ્રમણ અને શ્રમણીની ગુફાઓ જુદા જુદા વિસ્તારમાં હશે. પ્રત્યેક ગુફામાં એક એક એવી રીતે ત્યારે શ્રમણો અને શ્રમણીઓ મુકામ કરતા હશે અને સાધના કરતા હશે. ક્યારેક એક ગુફામાં ત્રણ ચાર શ્રમણો પણ રહેતા હશે. એ પરથી જણાય છે કે વિહાર કરીને અહીં મોટી સંખ્યામાં શ્રમણ-શ્રમણી પધારતાં હશે ! મહારાજા ખારવેલે આ ગુફાઓ કોતરાવવામાં અઢળક ધનનો ખર્ચ કર્યો હશે ! વળી એમાં સમય પણ ઠીક ઠીક લાગ્યો હશે. જૈન શ્રમણો માટેનું ગુફા-નિવાસ આટલા વિશાળ પ્રમાણ અન્યત્ર ક્યાંય નથી.

રાણીગુફાની આ હારબંધ નાની ગુફાઓ પાસેથી આપણે પસાર થઇએ તો આ નાની ઓરડીઓમાં એક બાજુ ઓટલા જેવું દેખાય. તે મુનિ મહારાજ માટે આસન તથા રાતના સંથારા માટેની રચના છે. બહારથી અંદરનું બધું જોઈ શકાય છે, એટલે પગથિયાં ચડી અંદર જવાનો શ્રમ લેવાનું મન ન થાય. પણ ભોમિયો અમને અંદર લઈ ગયો. એક ઊંચી બેઠક પર બેસીએ તો માથું વાંકું વાળવું પડે, પણ ભોમિયાએ અમને છતમાં ખોડો બતાવ્યો. ત્યાં બેસીને ધ્યાન ધરવું હોય તો માથું એ ખાડામાં એવી રીતે ઊંચું રહે કે બેસવાની તકલીફ પડે નહિ. એવી રીતે છતમાં માત્ર મસ્તક રાખવાનો આશય એ કે મુનિ ધ્યાનમાં બેઠા હોય તો ગુફા ખુલ્લી હોવા છતાં તેમને બહારનું કશું દેખાય નહિ અને બહારના લોકોને મુનિનું શરીર દેખાય પણ મસ્તક દેખાય નહિ. આથી ધ્યાનમાં વિક્ષેપ પડે નહિ. કેટલીક ગુફા-કોટડીમાં અંદર માળિયા જેવી રચના છે જે બહારથી દેખાતી નથી. અંદર ગયા પછી જોવામાં આવે તો એક દીવાલની ઉપર બાકોરા જેવું હોય છે. ઉપર ચડીને અંધારા બાકોરામાં કોઈ દાખલ થાય તો અંદર બેસી શકાય અથવા સૂઈ શકાય એવી લાંબી રચના કરવામાં આવી છે. કોઈ મુનિને ત્યાં બેસીને ધ્યાન ધરવું હોય તો ધરી શકે. પોતે ઉપર સૂતા હોય તો બહારથી ચાલ્યા જતા કોઇને દેખાય નહિ. અંદર આવેલાને પણ દેખાય નહિ. પણ આવી રચનાનો વિશેષ આશય તો એ હતો કે આ પહાડ અને જંગલના પ્રદેશમાં હિંસક માનવભક્ષી જાનવરો ઘણાં હતાં. એટલે ખુલ્લી ગુફામાં રાત્રે જાનવર અંદર આવે તો પણ એને કશું દેખાય નહિ અને તે ઉપર ચડી શકે નહિ.

કેટલીક ગુફાઓમાં એક બાજુ ઓટલા જેવી બેઠક છે કે જે સૂવા માટે ઉપયોગમાં લઈ શકાય એવી છે. એ પથ્થરની પથારીમાં એક છેડે મસ્તક ટેકવવા માટે પથ્થર સહેજ ઊંચો કરવામાં આવ્યો છે. કેટલાક મુનિઓ એમાં સૂતા સૂતા ધ્યાન ધરતા. આવી ગુફા જોઈ અમને પણ ધ્યાન ધરવાનું મન થયું. અમે એના પર શવાસન મુદ્રામાં સૂઇને થોડીક મિનિટ ધ્યાન ધર્યું.

કેટલીક ગુફાઓમાં પ્રવેશદ્વાર પાસે બેય બાજુના ખૂણામાં મશાલ સળગાવવા માટે વ્યવસ્થા કરાયેલી જોવા મળી. એ જમાનામાં ઘી કે તેલના દીવા હતા અને વધુ પ્રકાશ જોઇએ તો મશાલો હતી. જાહેર ક્ષેત્રોમાં કે કાર્યક્રમોમાં રાતને વખતે મશાલ વપરાતી.

આ બધી ગુફાઓમાં રહેનારા માટે બહારના ભાગમાં પાણીની વ્યવસ્થા ટાંકા દ્વારા કરવામાં આવી છે. પહાડ પર પડેલા વરસાદનું પાણી એ ટાંકામાં ઝર્યા કરે. પાણીના નિકાલ માટે નીક પણ બનાવવામાં આવી છે.

કેટલીક ગુફાઓની બહાર થયેલા શિલ્પકામમાં ભાલાવાળા ચોકીદારો છે. કેટલાકમાં અહિંસા, ક્ષમા, શાન્તિ વગેરેનાં દશ્યો છે. ક્યાંક રાણી હરણનો શિકાર કરવાની ના પાડે છે એવું દશ્ય છે. એક પેનલમાં હાથી સ્ત્રીઓને પાણી ભરવા દેતો નથી, આથી કેટલીક સ્ત્રીઓ હાથીને મારવા માટે શસ્ત્ર ઉગામે છે તો બીજી સ્ત્રીઓ એમને અટકાવે છે. એકમાં વિદ્યાધર માળા લઇને આવ્યો છે. એક વિદ્યાધરના હાથમાં ફૂલ છે. આવી બધી પેનલોમાં અહિંસા, દયા, ક્ષમા, શાન્તિ વગેરેના ભાવો છે.

કલિંગાધિપતિ મહારાજ ખારવેલના ગુરુ ભગવંત તરીકે શ્રી સુપ્રતિબદ્ધસૂરિજીનું નામ સાંપડે છે. એમના પ્રભાવથી મહારાજા ખારવેલના જીવનમાં પરિવર્તન આવ્યું હતું. કુમારગિરિ ઉપર તેઓ ગુરુ મહારાજના વ્યાખ્યાનમાં એક શ્રાવક તરીકે સામે શ્રોતાગણમાં બેસતા. ઉદયગિરિ ઉપર બીજા આચાર્યો વગેરે પણ પધારતા.

જુદી જુદી ગુફાઓ જોઇને છેલ્લે અમે હાથીગુફા પાસે આવ્યા. આ ગુફા અંદરથી ઘણી વિશાળ છે. એવું અનુમાન કરાય છે કે તે પહેલાં કુદરતી ગુફા હશે અને પછીથી તે અંદરથી ખોદીને મોટી કરવામાં આવી હશે. ગુફામાં અંદર કોઈ વિશિષ્ટ રચના નથી, પણ એનું મહત્ત્વ વિશાળ પ્રવેશદ્વારની ઉપર કોતરેલા શિલાલેખને કારણે છે. આખું લખાણ બ્રાહ્મી લિપિમાં છે. એમાં આરંભમાં જ શ્રીવત્સ અને સ્વસ્તિક પછી નવકાર મંત્રનાં બે પદ છે. એ જોવાની વર્ષોની મારી ભાવના સફળ થઈ એથી અનહદ આનંદ અનુભવ્યો. ભાવથી એ બે પદને વંદન કર્યાં. એ બે પદ બરાબર વાંચી શકાય એટલા માટે અર્ધમાગધી ભાષા અને બ્રાહ્મી લિપિના એ અક્ષરો અગાઉથી મેં સમજી

લીધા હતા. એ બે પદ બ્રાહ્મી લિપિમાં આ પ્રમાણે છે :



( ન મો અ ર હં તા ણં )



( ના મો સવ સિધા ણં )

[કોઇકને પ્રશ્ન થાય કે અહીં નવકારમંત્રના બીજા પદમાં 'નમો સિદ્ધાણં'ને બદલે 'નમો સવ (સવ્વ) સિધાણં' કેમ છે ? એનો ઉત્તર એ છે કે એક સાથે ઘણાંને માટે નમસ્કારનાં જુદાં જુદાં પદ હોય તો છેલ્લા પદમાં 'સર્વ' આવે કે જેથી ઉપરના બધાં પદમાં 'સર્વ' અભિપ્રેત છે એમ મનાય. નવકારમંત્રના પાંચ પદમાં છેલ્લા પાંચમા પદમાં નમો લોએ સવ્વ સાહૂણં છે. એનો અર્થ એ કે ઉપરના ચારે પદમાં 'સવ્વ' શબ્દ અભિપ્રેત છે. અહીં ફક્ત બે પદ હોવાથી બીજા પદમાં સવ (સર્વ) શબ્દ છે.]

શિલાલેખમાં નવકારમંત્રનાં આ બે પદ આશરે ૨૩૦૦ વર્ષ પહેલાં કંડારવામાં આવેલાં છે. આ એક સપ્રમાણ નિર્વિવાદ સત્ય છે. જૈનોના એક સંપ્રદાયમાં વર્ષો સુધી એવી એક માન્યતા પ્રચલિત રહી હતી કે નવકારમંત્ર અનાદિ નથી, પણ એમના એક સમર્થ આચાર્ય મહારાજે હજારેક વર્ષ પહેલાં એની રચના કરી હતી. આ માન્યતા હજુ પણ રૂઢિચુસ્ત સમાજમાં પ્રચલિત છે. પરંતુ વિદ્વાનોએ જ્યારે જાણ્યું કે બે હજાર વર્ષ પહેલાં નવકારમંત્રનાં પહેલાં બે પદ ઉદયગિરિની જૈન ગુફામાં કોતરવામાં આવ્યાં છે ત્યારથી તેઓએ પોતાની પરંપરાગત માન્યતા છોડી દીધી છે.

ઉદયગિરિની ગુફાઓ જોઈ, 'આજ સફળ દિન માહરો' એ પંક્તિનું ગુંજન કરતા કરતા અમે નીચે આવ્યા.

બીજે દિવસે સવારે અમે ખંડગિરિની ગુફાઓ અને મંદિરો જોવા ગયા. ત્યાં ગુફાઓ પ્રાચીન છે અને મંદિરો ઉત્તરકાલીન છે. ખંડગિરિ એનું નામ સૂચવે છે તે પ્રમાણે એના શિખર પર બંધાયેલાં મંદિરો ખંડિત કે નષ્ટ થઈ ગયાં હતાં. એમાં ત્રણસો વર્ષ પહેલાં બંધાયેલું મંદર પણ જર્જરિત થતાં એનો જીર્ણોદ્ધાર થઈ રહ્યો છે. જેટલું ગુફાઓનું આયુષ્ય હોય એટલું મંદિરોનું હોય નહિ. ઠંડી, ગરમી, વરસાદ ઉપરાંત ધરતીકંપોની અસર બાંધેલાં મંદિરો પર થયા વગર રહે નહિ. આ ટેકરી પર જે ગુફાઓ છે એમાં કોતરાયેલી તીર્થંકરોની નગ્ન મૂર્તિઓ પરથી સ્પષ્ટ છે કે આ દિગંબર તીર્થ છે. જો કે મહારાજા ખારવેલના વખતમાં શ્વેતામ્બર અને દિગંબર એવા ભેદ થયા હોય એવો સંભવ નથી.

મહારાજા ખારવેલે મગધ ઉપર ચડાઈ કરી, વિજય મેળવી પોતાની જે જિનપ્રતિમા પાછી મેળવી એની પ્રતિષ્ઠા તે કાળે આ ખંડગિરિ ઉપર વિશાળ જિનમંદિર બાંધીને કરવામાં આવી હશે એમ મનાય છે.

કેટલાંક ધર્મસ્થળોમાં બને છે તેમ અન્ય ધર્મના લોકો એના પર અતિક્રમણ કરતા હોય છે. અહીં ખંડગિરિમાં પણ એ પ્રમાણે બન્યું છે. અહીં બારાભુજાજી ગુફા તથા નવમુનિ ગુફામાં એ પ્રમાણે થયું છે. એમાં તીર્થંકર પાર્શ્વનાથ ભગવાનની ખડ્ગાસનમાં દિગંબર પ્રતિમા છે. એના પર રંગ લગાડી, વસ્ત્ર પહેરાવી એમની હિંદુ દેવ તરીકે પૂજા થવા લાગી છે. તેવી જ રીતે ચક્રેશ્વરી માતા તથા અજિતા માતાને કાળો રંગ લગાડી, વસ્ત્ર પહેરાવી દુર્ગા માતા અને કાલી માતા તરીકે પૂજા ચાલુ થઈ છે. પૂજારીઓ માટે એ આવકનું સાધન થઈ ગયું છે. વળી ગુફાની બહારના આંગણામાં શંકર ભગવાનની એક નાની દેરી બાંધવામાં આવી છે અને ત્યાં પૂજા–આરતી થવા લાગ્યાં છે. આથી એટલો ભાગ તે હિંદુ તીર્થ છે એવી ભ્રામક માન્યતા પ્રચલિત કરાઈ રહી છે. પરંતુ એ જ ગુફામાં બાકીમાં બધા ભાગમાં તીર્થંકરોની અને શાસનદેવીની મૂર્તિઓ દીવાલમાં કંડારેલી જોઈ શકાય છે. દિગંબર સમાજ હવે સાવચેત થઈ ગયો છે અને ખંડગિરિ ઉપરનાં બાકીનાં મંદિરોની આસપાસ કોટ કે જાળી કરીને તાળાં મારી દેવાયાં છે. વળી જીર્ણોદ્ધાર પણ ચાલુ થઈ ગયો છે.

એક મંદિરમાં એના મોટી જાળી જેવા દરવાજે ચોકીદારે અંદરથી તાળું માર્યું હતું. અંદર એક દિગંબર મુનિ ભગવંત બેઠા હતા અને બે માણસો એમની દોરવણી પ્રમાણે ચિત્રસજાવટનું કામ કરતા હતા. મુખ્ય ભગવાનનાં દર્શન કરવા હોય તો અંદર જવું પડે. મંદિરના દરવાજા આગળ જેમ જેમ પ્રવાસીઓ આવતા જાય તેમ ચોકીદાર ના પાડતો જાય. મારા મિત્રે કહ્યું આપણને દર્શન કરવા નહિ મળે. 'અમે જૈન છીએ.' એમ કહ્યું તો પણ ચોકીદારે ના પાડી. એટલે મેં બૂમ પાડી મુનિ મહારાજને કહ્યું, 'નમોસ્તુ મહારાજ.' એ સાંભળતાં જ મહારાજે ચોકીદારને કહ્યું, 'અરે ખોલ દો ભાઈ, એ અપનેવાલે હૈ.' તરત દરવાજો ખૂલ્યો અને અમે અંદર ગયાં. ચોકીપહેરો કડક રાખવાનું મહારાજશ્રીએ કારણ સમજાવ્યું. અમને ચંદ્રપ્રભુનાં અને મહારાજીશ્રીનાં દર્શન કરવાનો લાભ મળ્યો.

ખંડગિરિનાં મંદિરો અને ગુફાઓ નિહાળી અમે ત્યાં એક સ્થળે આરામ કરવા બેઠાં. ઉદયગિરિ અને ખંડગિરિમાં સૌથી મહત્ત્વનું અંગ તે શિલાલેખ છે. એમાં કલિંગ ચક્રવર્તી મહારાજા ખારવેલ માટે મહામેઘવાહન, ક્ષેમરાજા, ભિક્ષુરાજા અને ધર્મરાજા જેવાં વિશેષણો વપરાયાં છે એ ઉપરથી એમની તેજસ્વી બહુમુખી પ્રતિભાનો પરિચય મળી રહે છે. વળી એમને અપ્રતિહત સેના–બલના અધિકારી અને શાસન ચક્રધારક કહેવામાં આવ્યા છે. પોતે શાસન–સમ્રાટ હોવા છતાં એક સદાચારી શ્રાવક તરીકે જ એમણે પોતાની જાતને રજૂ કરી છે.

મહારાજા ખારવેલના જીવનની દુઃખદ ઘટના એ છે કે એમનો સ્વર્ગવાસ ભરયુવાનીમાં ૩૮–૪૦ વર્ષ જેટલી નાની વયે થયો હતો. જાણે મધ્યાહ્ને સૂર્યાસ્ત ! એમના સ્વર્ગવાસનો નિશ્ચિત સમય હજુ સુધી જાણવા મળ્યો નથી, પણ તેઓ વધુ જીવ્યા નથી એમ ઇતિહાસકારો કહે છે. રાજ્યારોહણ પછી પંદરેક વર્ષનો જે સમય એમને મળ્યો એમાં તેમણે રાજ્યક્ષેત્રે, સમાજક્ષેત્રે અને ધર્મક્ષેત્રે કેટલું બધું ભગીરથ કાર્ય કરી લીધું હતું ! નાની વયમાં આટલી બધી સિદ્ધિઓ મેળવી એ પરથી તેઓ કેટલા પ્રતાપી, પરાક્રમી, દયાળુ અને ધર્મશ્રદ્ધાવાળા હશે ! ભારતના ઇતિહાસમાં એમનું નામ સુવર્ણાક્ષરે લખાવું જોઇએ.

શિલાલેખમાં મહારાજા ખારવેલનો ઉલ્લેખ ભિક્ષુરાજ, ધર્મરાજ તરીકે થયેલો છે. એમ મનાય છે કે એમણે રાજ્યશાસનનું મહત્ત્વનું કાર્ય કરી લીધા પછી ભિક્ષુ–સાધુ તરીકેનું જીવન સ્વીકારી લીધું હશે અને એમણે ભિક્ષુ તરીકે દેહ છોડ્યો હશે.

ઉદયગિરિ અને ખંડગિરિની અમારી મુલાકાત એક યાદગાર મુલાકાત બની ગઈ. ભારતના ભવ્ય ભૂતકાળને નજર સમક્ષ તાદૃશ કરવાનો એક અનેરો અવસર સાંપડ્યો અને ધન્યતા અનુભવી.

[કલિંગ રાજ્ય અને મહારાજા ખારવેલ વિશે હવે ઇતિહાસના કેટલાક ગ્રંથોમાં સારી માહિતી સાંપડે છે. હિંદીમાં શ્રી કાશીપ્રસાદ જાયસ્વાલે સારી મહેનત કરીને ખારવેલ વિશે લેખ લખ્યો છે, જે હિંદીમાં કેટલાક પાઠ્યપુસ્તકોમાં પણ લેવાયો છે. ગુજરાતીમાં ઇ. સ. ૧૯૩૮માં શ્રી સુશીલ (ભીમજી હરજીવન) નામના લેખકે 'કલિંગનું યુદ્ધ અને મહામેઘવાહન મહારાજા ખારવેલ' નામનું પુસ્તક લખ્યું છે. તાજેતરમાં પ. પૂ. શ્રી પૂર્ણચંદ્રસૂરિજીએ 'ખારવેલ' નામનું પુસ્તક વાર્તારૂપે રસિક શૈલીએ લખ્યું છે.]

☐ રમણલાલ ચી. શાહ

# સ્વ. વીરચંદ રાઘવજીના અપ્રગટ પત્રો

□ પ.પૂ. શ્રી શીલચંદ્રસૂરિજી મહારાજ

[મારી પાસે ગઈ સદીના એક મહાન તત્ત્વચિંતક, શિકાગોની વિશ્વધર્મ પરિષદમાં ભાગ લેનાર, સ્વ. વીરચંદ રાઘવજી ગાંધીએ અમેરિકાથી લખેલા પત્રો છે, જે અપ્રકાશિત રહ્યા છે. આ પત્રોનું ઐતિહાસિક દસ્તાવેજી મૂલ્ય છે. એટલે એ અહીં રજૂ કરું-છું. એમાં ભાષા અને જોડણી જેમ છે તેમ જ રાખ્યાં છે.-શીલચંદ્ર].

### (૧) અમેરિકા જવાનું કારણ
### (ભૂમિકા)

હિંદુસ્થાનનો વતની ગમે તે હેતુથી બીજે દેશ જાય, પરંતુ જો તેના મનમાં પોતાના દેશના કેળવણી વેપાર વીગેરેના ખાતાઓ અને તેમની રીતીઓ ધ્યાનમાં હોય તો તે બીજા દેશમાં મુસાફરી કરતા જે જે બાબતો નજરતળે આવે છે, તેમાંથી ઘણી વીચાર કરવાની વાતો અને અગત્યના મુદ્દાઓ તેને મળે છે. જુદી જુદી જાતની કેળવણીને લીધે, જુદી જુદી જાતના વેપાર હુનરને લીધે, જુદી જુદી જાતના ધર્મવિચારને લીધે, અને જીંદગીના આચાર વિચારને લીધે માણસજાતના કેવા જુદા જુદા ભાગો પડી ગયા છે તેનું અવલોકન કરવાની ઘણી સારી તક મળે છે. એથી ભુતકાળમાં કેવા કારણોને લીધે લોકોની કેવી સ્થીતિ થઈ છે એ જાણવામાં આવે છે. એટલું જ નહીં પરંતુ હવે કેવી રીતે વેપાર, હુનર વીગેરેનો વધારો કરવો જોઈએ કે જેથી માણસજાતને વધારે સુખી અને લાયક બનાવી શકાય. દીલગેરીની વાત છે કે ઈતિહાસનો અભ્યાસ કરવાનો આ મુખ્ય નેમ આપણી માણસજાતમાં આજે નથી થતો. એને ઘણીવાર વીસારી દેવામાં આવે છે. ગયા વખતની વાત આપણા કબજામાં રહી નથી અને તેથી તેનાં સારા અથવા નરસા પરિણામ આપણે ભોગવ્યા વીના છુટકો નથી. પરંતુ આવતી કાલે કેમ વર્તવું તે આપણા કબજાની વાત છે. માટે ભવિષ્યમાં માણસજાતને કેમ સુખી અને લાયક કરવી એનો આધાર એક હલકામાં હલકા માણસની રીતભાત અને જીંદગી ઉપર પણ રહેલો છે.

### (૨) અમેરિકા જવાનું કારણ
### (નિબંધ)

ત્યાં બે વરસ રહી ઘણી બાબતો જોવામાં આવી. બે મુખ્ય બાબતો અગત્યની:

૧. અમેરિકાના લોકોની આગતાસ્વાગતા, પરોણાગત.

૨. ત્યાંની કેલવણી.

કેલવણીની બાબતમાં યુનાઈટેડ સ્ટેટસના લોકોએ જે ફેરફાર, વધારા અને સુધારા કીધા છે તેનો ઈતિહાસ વાંચવાથી અજાયબી ઉત્પન્ન થયા વીના રહેતી નથી. વિશેષે જ્યારે માલમ પડે છે કે એ બધું સો વરસના અરસામાં થઈ ગયું છે ત્યારે આશ્ચર્યની હદ રહેતી નથી. કેલવણીની રીતી, સાધનો અને ખાતાઓમાં કરેલા ફેરફારો સારા થયા છે કે ખોટાં એ સંબંધી લોકો ગમે તેટલો મતભેદ રાખે, તો પણ આટલી વાત તો ખરી છે કે તેમની કોમન સ્કૂલ સીસ્ટમ એટલે કે ગરીબ તેમ જ તવંગર વર્ગના બાલકોને મફત કેલવણી આપવાની રીત અમેરિકાના ઉપયોગી સુધારામાંનો પહેલો સુધારો છે. ગરીબ અને તવંગર વર્ગના બાલકો એક નિશાળમાં સાથે બેસી કેલવણી લે અને પૈસાદારના છોકરાં પૈસાની ખુમારી અને મગરૂરી ભૂલી જાય તેમ જ ગરીબના છોકરાં સમજે કે બધા માણસજાત તરીકે કેલવણીનો સરખો હક ભોગવી શકે છે એ વાત માણસજાતના સુખમાં અને જીંદગીની બીજી નેમમાં ઘણો લાભદાયક વધારો કરે છે. એ બાબતમાં લોકોના જુદા મત થઈ શકતા નથી.

બે વરસના અરસામાં જુદા જુદા શહેરોમાં ફરી જુદી જુદી જાતની કેલવણી આપતી શાળાઓની મેં મુલાકાત લીધી છે. બે વરસથી પાંચ વર્ષના બાલકોને રમતગમતથી જ્ઞાન આપવાની કિંડરગાર્ટન નિશાળો, મુળ કેલવણીની શાળાઓ, હાઈસ્કૂલો, ગાયન શીખવાની નિશાળો, સાયન્સ વિદ્યા શીખવાની નિશાળો, કસરત શાળાઓ, કોલેજો, યુનિવરસીટી, ધંધા શીખવાની શાળાઓ, વક્તૃત્વ શીખવાની કોલેજો વીગેરે ઘણું જોઈ શક્યો છું. એવી જાતની નિશાળો અથવા કોલેજોમાં શીખવવાની રીતી એક જ નથી એટલું જ નહીં પરંતુ એક જ જાતની જુદી જુદી નિશાળોમાં જુદી જુદી રીતીઓ છે.

અમેરિકાની કોમન સ્કૂલ સીસ્ટમ સ્થાપનાર હોરેસ મેન નામનો ગૃહસ્થ છે. આજથી પચાસ વરસ પહેલા તે અમેરિકાની પાર્લામેંટનો મેમ્બર નીમાયો હતો અને મેસેચ્યુસેટ્સના કેલવણી ખાતાનો સેક્રેટરી હતો. કેલવણીની રીતીઓ તપાસવા માટે તેણે યુરોપમાં મુસાફરી કીધી, ત્યાંના ખાતાઓનો સારી રીતે અભ્યાસ કીધો અને જે જે બાબતમાં પોતાના દેશમાં ખામી જણાઈ તેમાં સુધારો કરવાનું પહેલું પગલું તેણે લીધું.

જુદા જુદા કામ માટે જુદી જુદી હજારો નિશાલો અને પાઠશાળાઓ છે. દરેક જાતની નિશાળમાં કેવી રીતથી કેલવણી આપવામાં આવે છે તેનું વર્ણન કરવું અશક્ય છે. બે ત્રણ દાખલા આપવા બસ છે. એટલાથી સમજી શકાશે કે આપણે તેમાંથી શું શીખી શકીએ છીએ.

બીજા બધા દેશોની માફક અમેરિકામાં જુની અને નવી એવી બે પાર્ટી છે. જુની પાર્ટી જુના વખતની રીતીઓ પસંદ કરે છે. નવી પાર્ટી નવા નવા સુધારા દાખલ કરવા માગે છે. નવી પાર્ટી–કેલવણીનો હેતુ પહેલા સમજવો જોઈએ. સામાન્ય રીતે, અમુક જથામાં જ્ઞાન અને હુશીયારી મેળવવી એ કેલવણીનો હેતુ સમજવામાં આવે છે. એ જંથો અભ્યાસ કરવાની બાબતો, તથા પરીક્ષાની તપાસ કરવી એનાથી નકી કરવામાં આવે છે. આ હેતુ ભુલભરેલો છે. ખરો હેતુ માણસ, શરીર, મન અને આત્મા સરખી રીતે ખીલવવા એ છે. હુશીયારી અને જ્ઞાન માત્ર આ કામના સાધન તરીકે છે. હુશીયારી અને જ્ઞાન એ કંઈ કેલવણીના હેતુ નથી. ખરી કેલવણી એ છે કે જેનાથી માણસ પોતાની ફરજો સમજી બરાબર બજાવી શકે. એ હેતુ પાર પાડવા માટે શીક્ષકે માણસની માનસીક શક્તિઓ કેટલી બહાર આવી શકે છે તે જાણવું જોઈએ- અને તે બહાર લાવવા માટે તેના મનને કેવી સ્થિતિમાં મુકવું તે જાણવું જોઈએ.

છોકરાઓને કશું પણ કરતાં શીખવવા માટે શીક્ષકે પોતે તે કરતાં જાણવું જોઈએ.

શિક્ષકનો અવાજ સારો કેળવાયેલો હોવો જોઈએ. તેની અસર બહુ સારી થાય છે. સારો ન હોય તો કેળવવો જોઈએ. સારું વાંચતા (ઉકેલતા નહીં) આવડવું જોઈએ. વાંચવાની રીતિ બહુ અસર કરે છે. ગાતા આવડવું જોઈએ. સારૂં લખતા (અક્ષર) આવડવા જોઈએ. ચિતરતા આવડવું જોઈએ. કારણ ચિત્રથી બાલકના મન ઉપર મજબૂત છાપ પાડી શકાય છે. માટીમાંથી સારા આકાર કરતા આવડવા જોઈએ. ભૂગોળ શિખવવા માટે એ બહુ જરૂરનું છે.

વાંચતા શીખવવું-

વાંચવું એટલે લખેલા અથવા છાપેલા શબ્દો ઉપરથી વિચાર ઉત્પન્ન

કરવા. વિચાર ચાર રીતે થાય છે: (૧) વસ્તુઓને એકબીજાના સંબંધમાં જોઈને (૨) જોયા શીવાય એકબીજાના સંબંધમાં ચીજોનો વિચાર કરવાથી. (૩) ચિત્રથી. (૪) ભાષાથી.

અ-બોલેલી ભાષાથી, બ-લખેલી ભાષાથી.

નિશાળમાં આવ્યા પહેલા ચીજો જોવાથી અથવા સાંભળવાથી કેટલાક વિચાર એકઠા કરેલા હોય છે. એટલું જ નહીં પરંતુ તે વિચાર, મોઢામાંથી શબ્દો બોલી બહાર જણાવે પણ છે. બરાબર શબ્દો બોલે છે અને બરાબર વિચાર જણાવે છે. અર્થાત બોલેલી ભાષાથી વિચાર કરતા તે શીખેલું છે. માત્ર એ જ બોલેલા શબ્દોમાંથી ઉત્પન્ન થતા વિચારને લખેલા શબ્દો સાથે જોડી દેતા શીખવવું એ જ બાકી રહે છે. બોલેલા શબ્દોમાંથી ઉત્પન્ન થતા વિચાર બાલકના મનમાં આવતા જ ન હોય તો તે શબ્દો લખવાથી ક્યાંથી આવી શકશે. માટે માત્ર અક્ષરો અથવા શબ્દો શીખવવાથી વાંચવાનો હેતુ-શબ્દોમાંથી વિચાર મેળવવો તે-બિલકુલ પાર પડતો નથી.

શબ્દો બોલતા શીખે છે તે વખતે તેના (અક્ષરો) જુદા જુદા શીખવવામાં આવતા નથી. કુદરતી રીતે આખો શબ્દ એકદમ બોલતા શીખે છે. તેવી જ રીતે લખેલો શબ્દ શીખવવો જોઈએ.

ભૂગોળ–

Concrete Expression- Drawing, Language

ઈતિહાસ–વાર્તારૂપે શરૂઆત થવી જોઈએ.

અંકગણિત-ચીજો બતાવી ગણતા શીખવવું.

નીતિ–Self Control

મન ત્રણ રીતે કબજામાં રહે છે

૧. બીજાની મરજીના કબજામાં

૨. પોતાની ખાએશ

૩. વિચાર વિવેકશક્તિ

ગોખવાની રીતિ-જેથી માત્ર શબ્દોનો ભંડાર થાય છે, પણ વિચારનો ભંડાર થતો નથી. એ રીતિ માત્ર ઢોંગ શીખવે છે. દુનિયામાં ઢોંગીઓ થવાનું મોટું સાધન આ રીતિ છે. શિક્ષકો આ રીતથી સાચા માણસો વધારવાને બદલે ઢોંગીઓ બનાવે છે.

પરંતુ એમ સમજવામાં આવે કે આપણે જે જાણીએ છીએ તે માત્ર સમુદ્રમાંનું ટીપું જ છે તો આપણે નમ્રતા શીખીએ છીએ. અભિમાન દૂર થાય છે.

**(૩) શ્રી વીરચંદ રાઘવજી ગાંધીનો એમનાં માતુશ્રીને એક પત્ર**

તીર્થરૂપ પૂજ્ય માતુઃશ્રી,

શ્રી મહુઆ.

ગ્રીનેકરથી લી. વીરચંદનું પાએલાગણું વાંચશો. વિશેષ આ અઠવાડીયામાં હજી સુધી તમારો પત્ર મળ્યો નથી. આજકાલ મળશે એમ હું ધારું છું.

ચિ. મોહન તથા હું અત્રે ખુશીમાં છીએ. અહીંયા મેં થોડા ભાષણો આપ્યા છે. તા. ૩૧ ઓગસ્ટના રોજ છેલ્લું ભાષણ આપવાનું છે. એજ દિવસે હું બોસ્ટન જઈશ. બોસ્ટનમાં બેચાર દિવસ રોકાઈ ન્યૂયોર્ક જઈશ. અત્રે હવાપાણી ઘણાં સારા છે અને મારી તથા મોહનની તંદુરસ્તી ઘણી સારી રહે છે. ત્યાં સર્વ ખુશીમાં હશો.

એ જ તા. ૨૮ ઓગસ્ટ ૧૮૯૦ સોમવાર. ❖❖❖

# શ્રી દેવચંદ્રજી મહારાજ રચિત શ્રી શીતળનાથ જિન સ્તવન

**□ સુમનભાઈ એમ. શાહ**

સમસ્ત વિશ્વના ધર્મરાજ્યસમ્રાટ (ત્રિભુવનપતિ) શ્રી તીર્થંકર પરમાત્માના કેવળ જ્ઞાન-દર્શન-ચારિત્ર્યાદિ આત્મિકગુણોની અનંતતાનું વાણીથી વર્ણન કરવું અશક્યવત્ છે. જીવ-અજીવાદિ દ્રવ્યોના સર્વ પ્રદેશોમાં રહેલ સઘળા ગુણ-પર્યાયોનાં ત્રૈકાલિક પરિણામોને એકીસાથે વર્તમાનમાં સર્વજ્ઞ અને સર્વદર્શી શ્રી અરિહંત પ્રભુ જોઇ-જાણી શકે છે. તેઓને પ્રત્યક્ષપણે વર્તતું અવ્યાબાધ સુખ, સહજાનંદ, નિર્મળતા, પૂર્ણતા ઇત્યાદિ અપાર આત્મિક સંપદા ઇન્દ્રિયગોચર નથી અને તેનો કંઈક અંશે માત્ર પરિચય આત્માનુભવી કોઈક જ્ઞાનીપુરુષ જ આપી શકે તેમ છે.

જગતના સર્વ જીવ-અજીવાદિ પદાર્થોની પ્રવૃત્તિ કે પરિણામો દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવની અપેક્ષાએ થયા કરે છે અને તેનું યથાર્થ સ્વરૂપ શ્રી અરિહંત પ્રભુની ધર્મદેશનામાં અમુક પ્રમાણમાં પ્રકાશિત થાય છે. તેઓએ પ્રરૂપેલ જીવ-અજીવાદિ દ્રવ્યોની ત્રૈકાલિક સિદ્ધાંતમય પ્રવર્તતાની આણ, સમસ્ત વિશ્વના પદાર્થો ઉપર વર્તે છે, એટલે તેનું ઉલ્લંઘન કરી શકાતું નથી. પ્રસ્તુત સ્તવનમાં શ્રી દેવચંદ્રજી મહારાજે આને પ્રભુની ભવ્ય રાજનીતિ તરીકે વર્ણવી, તેઓની ઇશ્વરતાનું નિર્મળ સ્વરૂપ પ્રકાશિત કર્યું છે. હવે સ્તવનનો ગાથાવાર ભાવાર્થ જોઇએ:

**શીતળ જિનપતિ પ્રભુતા, પ્રભુની, મુજથી કહીય ન જાયજી;**
**અનંતતા, નિર્મળતા, પૂર્ણતા, જ્ઞાન વિના ન જણાયજી.**

**શીતળ જિનપતિ...૧**

હે જિનેશ્વર ! આપની પ્રભુતા કે ઇશ્વરતાની અનંતતાનું વર્ણન મારા જેવા છદ્મસ્થથી થઈ શકે તેમ નથી. હે પ્રભુ ! આપની નિર્મળતા કે અસંગતા (કર્મરૂપ પુદ્‌ગલોથી રહિતપણું), પરિપૂર્ણ પ્રગટતા, અનંતતા (અતીન્દ્રિય પ્રત્યક્ષતા) ઇત્યાદિનું યથાર્થ સ્વરૂપ માત્ર અનુભવગમ્ય છે. કેવળી ભગવંતો પણ આવા અસીમ સ્વરૂપનું વર્ણન વાણી મારફત પૂર્ણપણે કરી શકતા નથી, કારણ કે વચન સીમિત અને ક્રમિક છે.

**પરમ જલધિ જલ મિણે અંજલિ, ગતિ જીપે અતિ વાયજી;**
**સર્વ આકાશ ઓલંઘે ચરણે, પણ પ્રભુતા ન ગણાયજી.**

**શીતળ જિનપતિ...૨**

કદાચ કોઈ પ્રબળ માનવ સ્વયંભૂરમણ સમુદ્રમાં રહેલ પાણીને ખોબે ખોબે માપે, સત્વર ગતિથી પ્રચંડ વાયુના વેગને જીતે, અને પગે ચાલી લોક-અલોકમાં વ્યાપ્ત આકાશને ઓળંગી તેને માપે, તો પણ તે શ્રી શીતળનાથ ભગવંતની પ્રભુતાને માપી કે ગણી શકે નહિ એવું અનંત ઐશ્વર્ય પ્રભુ ધરાવે છે.

**સર્વ દ્રવ્ય પ્રદેશ અનંતા, તેહથી ગુણ પર્યાયજી;**
**તાસ વર્ગથી અનંત ગુણું પ્રભુ, કેવળજ્ઞાન કહ્યાયજી.**

**શીતળ જિનપતિ...૩**

સમસ્ત વિશ્વમાં જીવ-અજીવાદિ દ્રવ્યો કે પદાર્થો અનંત છે. દરેક દ્રવ્યને અસંખ્યાત પ્રદેશો છે. દ્રવ્યના દરેક પ્રદેશમાં પણ અનંત ગુણો રહેલા છે. તેમ જ દરેક ગુણને અનંત પર્યાયો છે. આ સઘળાનો વર્ગ કરવાથી જે અનંતરાશિ થાય તેનાથી પણ પ્રભુનું કેવળજ્ઞાન અનંતગણું વિશાળ છે. આમ જ્ઞાનગુણની અપેક્ષાએ પ્રભુનું ઐશ્વર્ય

અનંત છે એમ કહી શકાય.

**કેવળ દર્શન એમ અનંતુ, ગ્રહે સામાન્ય સ્વભાવજી;**
**સ્વપર અનંતથી ચરણ અનંત, સમરણ સંવર ભાવજી.**

**શીતળ જિનપતિ...૪**

કેવળજ્ઞાન ગુણની માફક, સઘળા જીવ–અજીવાદિ દ્રવ્યોના સામાન્ય સ્વભાવને જોવાનો કેવળદર્શન ગુણ પણ અનંત છે. સ્વગુણમાં રમણતા અને પરભાવની નિવૃત્તિ એ ચારિત્ર્ય ગુણની પરિણતિ છે. પ્રભુને કેવળ ચારિત્ર્ય વર્તતું હોવાથી તેઓને સ્વગુણોમાં સ્થિરતા વર્તે છે અને પરભાવનો સદંતર અભાવ વર્તે છે અને આ સંવરભાવરૂપ ચારિત્ર્યની અનંતતા છે. 'સમરણ સંવર ભાવજી'નું બીજું પણ એવું અર્થઘટન થઈ શકે કે, જે ભવ્યજીવને શ્રી તીર્થંકર ભગવંતના આત્મિક ગુણોની અનંતતાનું નિરંતર સ્મરણ રહે છે, તેના ચારિત્ર્યમોહનું ગલન સંવરપૂર્વક થયા કરે છે, એટલે તેને નવાં કર્મબંધ થતાં નથી.

**દ્રવ્ય ક્ષેત્ર ને કાળ ભાવ ગુણ, રાજનીતિ એ ચારજી;**
**ત્રાસ વિના જડ ચેતન પ્રભુની, કોઈ ન લોપે કારજી.**

**શીતળ જિનપતિ...૫**

સમસ્ત વિશ્વનાં જીવ–અજીવાદિ દ્રવ્યો કે પદાર્થોની પ્રવૃત્તિ અથવા પરિણામો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાએ નિયમથી થયા કરે છે. પદાર્થોનું પરિણમન શ્રી અરિહંત પ્રભુ આત્મિક જ્ઞાન–દર્શનાદિ ગુણોથી જોઈ–જાણી શકે છે અને જેના ત્રિકાલિક સિદ્ધાંતો તેઓએ ધર્મદેશનામાં પ્રરૂપેલ છે. આવી અરિહંત પ્રભુની જાણપણારૂપ આજ્ઞાનું ઉલ્લંઘન કોઈ ચેતન કે જડ પદાર્થ કરી શકતો નથી. આમ સર્વ જગતના પદાર્થોને સર્વમાન્ય નિયમોને અરિહંત પરમાત્માની રાજનીતિ તરીકે સ્તવનકારે વર્ણવી છે.

વ્યવહારિક જગતના કાયદા, નિયમો કે રાજ્યઆજ્ઞા કોઇને માન્ય હોય અથવા તેની અવગણના પણ થાય, જે રાજ્યઆજ્ઞાનું ઉલ્લંઘન કરે છે તેને દંડરૂપ ત્રાસ પણ વેઠવો પડે છે. પરંતુ પ્રભુની આજ્ઞાનો લોપ કર્યા સિવાય અથવા પ્રભુની જ્ઞાનદર્શન–પરિણતિના સિદ્ધાંતો મુજબ જગતના સર્વ પદાર્થો ભય સિવાય વર્તે છે.

**શુદ્ધાશય થિર પ્રભુ ઉપયોગે, જે સમરે તુજ નામજી;**
**અવ્યાબાધ અનંતુ પામે, પરમ અમૃત સુખ ધામજી.**

**શીતળ જિનપતિ...૬**

જે આત્માર્થી મુક્તિમાર્ગ પામવાના હેતુથી શુદ્ધ ઉપયોગપૂર્વક શ્રી અરિહંત પ્રભુના પ્રગટ આત્મિકગુણોમાં ચિત્તની સ્થિરતા રાખી નામ–સ્મરણ, ગુણકરણ, ભક્તિ, ધ્યાનાદિમાં તન્મય થાય છે તે આત્મકલ્યાણ સાધે છે. એટલે સાધક ક્રમશઃ અવ્યાબાધપણે સનાતન સુખ અને સહજાનંદમય પરમાત્મપદ પામવાનો અધિકારી નીવડે છે.

**આણા ઇશ્વરતા નિર્ભયતા, નિર્વાંછકતા રૂપજી;**
**ભાવ સ્વાધીન અવ્યય રીતે, એમ અનંત ગુણ ભૂપજી.**

**શીતળ જિનપતિ...૭**

પ્રસ્તુત ગાથામાં સ્તવનકારે શ્રી સર્વજ્ઞ ભગવંતને પ્રગટપણે વર્તતા થોડાક આત્મિકગુણોનું સ્વરૂપ નીચે મુજબ પ્રકાશિત કર્યું છે.

**આણા કે આજ્ઞા :**

શ્રી અરિહંત પ્રભુની જાણરૂપ આજ્ઞામાં જગતનાં સર્વ દ્રવ્યોની પ્રવર્તના થયા કરે છે. રાજ્યઆજ્ઞા તો લોકો સ્વાર્થ કે ભયથી માને જ્યારે સર્વજ્ઞની આજ્ઞા સહજપણે મનાય છે.

**ઐશ્વર્ય :**

શ્રી અરિહંત પરમાત્માને પ્રગટપણે અનંત ગુણ–પર્યાયમય આત્મિક સંપદારૂપ ઐશ્વર્ય કે ઇશ્વરતા વર્તે છે.

**નિર્ભયતા :**

શ્રી અરિહંત પ્રભુ સદૈવ સર્વ–ભયથી રહિત હોય છે.

**નિષ્કામતા :**

પ્રભુએ પરિપૂર્ણ આત્મિક સંપદા પ્રાપ્ત કરી હોવાથી તેઓને કોઇપણ પ્રકારની ઇચ્છા કે કામના હોતી નથી.

**સ્વાધીનતા :**

પ્રભુને આત્મ–સ્વભાવ કાયમી સ્વાધીન છે, કારણ કે તેઓએ કર્મરૂપ પરાધીનતામાંથી ક્ષાયિકપણે મુક્તિ મેળવી છે.

**અવિનાશતા :**

પ્રભુને જન્મ–જરા–મરણના ફેરા ટળવાથી તથા તેઓની સર્વ આત્મિક સંપદા નિત્ય હોવાથી તેઓ અવિનશ્વર છે.

પ્રભુની ઉપર મુજબની ઇશ્વરતાની સરખામણીમાં અન્ય રાજાધ્યક્ષોને સીમિત સંપત્તિ, ભયયુક્તતા, કામનાઓ, પરાધીનપણું, વિનાશીપણું ઇત્યાદિ વર્તતું હોય છે.

**અવ્યાબાધ સુખ નિર્મળ તે તો, કરણ જ્ઞાને ન જણાયજી;**
**તેહ જ એહનો જાણંગ ભોકતા, તુમ સમગુણ રાયજી.**

**શીતળ જિનપતિ...૮**

ઉપરની ગાથામાં જણાવ્યા મુજબ જે નિર્મળ અને બાધાપીડારહિત સનાતન સુખ તીર્થંકર પ્રભુને પ્રગટપણે વર્તે છે, તે માત્ર અનુભવગમ્ય છે, એટલે ઇન્દ્રિયાદિથી થતા પરોક્ષજ્ઞાનથી જાણી શકાય તેમ નથી. પરંતુ જે ભવ્યજીવ પ્રભુના આત્મિકગુણો પ્રત્યે રુચિ, ભક્તિ, મનન, ચિંતન, ધ્યાનાદિથી તન્મય થાય છે તે પોતાની આત્મસન્મુખ થઈ પ્રભુ જેવા જ ગુણો પ્રાપ્ત કરી શકે છે અને અવસર આવે તેનો ભોકતા થાય છે.

**એમ અનંત દાનાદિક નિજ ગુણ, વચનાતીત પંડુરજી;**
**વાસન ભાસન ભાવે દુર્લભ, પ્રાપ્તિ તો અતિ દૂરજી.**

**શીતળ જિનપતિ...૯**

ઉપર મુજબ શ્રી તીર્થંકર પ્રભુનાં દાન–લાભ–ભોગ–ઉપભોગ–વીર્યાદિ અનંત નિજગુણો પ્રગટપણે વર્તે છે, જેનું વાણીથી વર્ણન કરવું અશક્યવત્ છે. મારા જેવા છદ્મસ્થને પ્રભુના અનંત ગુણો પ્રત્યે શુદ્ધ શ્રદ્ધા અને ભાન થવું અતિ દુર્લભ જણાય છે. હે પ્રભુ ! મને આવા ગુણોની પ્રાપ્તિ થવી તો તેનાથી પણ દુષ્કર જણાય છે.

**સકલ પ્રત્યક્ષપણે ત્રિભુવન ગુરુ, જાણું તુજ ગુણગ્રામજી;**
**બીજું કાંઈ ન માગું સ્વામી, એહી કરો મુજ કામજી.**

**શીતળ જિનપતિ...૧૦**

હે ત્રિભુવનપતિ ! હે જગતગુરુ ! આપનાં અપૂર્વ દર્શન પામી હું ધન્યતા અનુભવું છું. હે પ્રભુ ! આપ એવી કૃપા કરો કે આપના સર્વ આત્મિકગુણોને હું પ્રત્યક્ષપણે જાણી શકું. આ સિવાય મારી બીજી કોઈ કામના કે ઇચ્છા નથી. હે પ્રભુ ! મારી આવી પ્રાર્થના આપની કૃપાથી સફળ થાઓ.

**એમ અનંત પ્રભુતા સદ્હતાં, અર્ચે જે પ્રભુ રૂપજી;**
**'દેવચંદ્ર' પ્રભુતા તે પામે, પરમાનંદ સ્વરૂપજી.**

**શીતલ જિનપતિ...૧૧**

આવી રીતે જે ભક્તજન શ્રી અરિહંત પરમાત્માની અનંત પ્રભુતા કે ઇશ્વરતાનું શ્રદ્ધાપૂર્વક બહુમાન કરી તેઓની દ્રવ્ય–ભાવાદિક પૂજના કે અર્ચનારૂપ ઉપાસનામાં તત્પર થાય છે તે પોતાની સત્તાગત ઉપાદાન–શક્તિ (આત્મિકગુણો) જાગૃત કરે છે. છેવટે આવો ભવ્યજીવ દેવોમાં ચંદ્રસમાન ઉજ્જવળ અને પરમાનંદમયી પ્રભુતા પ્રાપ્ત કરે છે, એ પ્રસ્તુત સ્તવનનો મુખ્ય હેતુ જણાય છે. ❖❖❖

# આત્મતત્ત્વ

## ☐ ડૉ. બિપિનચંદ્ર હીરાલાલ કાપડિયા

(ગતાંકથી ચાલુ)

દેહાત્મવાદ, ઈન્દ્રિયાત્મવાદ, મનોમયાત્મવાદ વગેરે અજ્ઞાનમૂલક પક્ષો કે વિચારધારાઓને માનવી એ મોટું મિથ્યાત્વ છે. કેન્દ્રિયભૂત એક માત્ર તત્ત્વ આત્મા છે. આત્માના કેન્દ્રમાં જ બધી પ્રવૃત્તિઓ થાય છે, વિકસે છે. જેવી રીતે વર્તુલમાં કેન્દ્રથી પરિઘ તરફ જતી બધી લીટીઓ એક સરખી છે તેવી રીતે આત્મા જ પ્રવૃત્તિઓનું કેન્દ્ર કે મધ્યબિંદુ થઈ શકે. કારણ કે ઉદાહરણ તરીકે પાંચે ઇન્દ્રિયો જેવી કે આંખ, કાન, નાક, જીભ, ત્વચા અને છઠ્ઠું મન લઇએ તો આ બધી જ વસ્તુઓ એક મૃતશરીર, મડદામાં છે. તેની આંખ, કાન, નાક, જીભાદિ આપણે પ્રત્યક્ષ જોઈ શકાય છે પણ તેમાંથી આત્મા ચાલી ગયો તેથી તે નિષ્ક્રિય થઈ ગઈ છે. ખરી રીતે વિચારતાં આંખ, કાન, નાક વગેરે જોતાં નથી, સાંભળતા નથી, ચાખતા નથી પણ તે દ્વારા આ કાર્ય નિષ્પન્ન થાય છે. જે એમાં દોરી સંચાર આત્માના હાથમાં છે. તેથી આમ કહેવું વધુ વાસ્તવિક છે કે આંખ, કાન, નાક જોતાં નથી, સાંભળતા નથી, સુંઘતા નથી પણ તે દ્વારા આ કાર્ય કરનાર જો કોઈ દ્રવ્ય હોય તો તે આત્મા જ છે. કેન્દ્રમાં જો આત્મા ન હોય તો આધાર વિનાના આ બધાનું અસ્તિત્વ જ ન રહે.આત્મા ન રહે તો કર્મ પણ ન રહે. કર્મ કોને બંધાય છે ? શરીરને કે મનને ? ન તો શરીરને અને ન તો મનને. કર્મ જડપુદ્ગલ પરમાણુરૂપ છે. શરીર જડ, ઇન્દ્રિયો જડ, મન પણ જડ. મન પણ આની જેમ સાધન છે. મન પણ તથા પ્રકારના જડ પુદ્ગલ પરમાણુની વર્ગણાથી બનેલું છે. ક્રિયા કરનાર તો એક માત્ર સક્રિય આત્મા જ છે. મડદાની બાજુમાં રસ, ગંધ, સ્પર્શ, સ્વરાદિના સાધનો મૂકીએ તો મડદાને તો કશી અસર કરતાં નથી. કાન નથી સાંભળતો, આંખ નથી જોતી, જીભ નથી ચાખતી. સાંભળનાર, જોનાર, ચાખનાર આત્મા આ બધાંથી જુદો સ્વતંત્ર છે. તેથી શરીર, ઈન્દ્રિયો, મનાદિ માત્ર સાધનો છે. આત્મા વિના મન નિષ્ક્રિય છે. આમ આત્મતત્ત્વની સિદ્ધિ થાય છે.

પાંચે ઇન્દ્રિયો આત્માને જ્ઞાન પહોંચાડે છે, સાધનરૂપ છે, માધ્યમરૂપ છે, માટે જ્ઞાનેન્દ્રિયો છે. તે વિના જ્ઞાનપ્રાપ્તિ સંભવ જ નથી એ માન્યતા ખોટી છે. ઇન્દ્રિયો અને મન દ્વારા જ્ઞાન અવશ્ય પ્રાપ્ત થાય છે પરંતુ તે બધાં પરોક્ષ જ્ઞાનો છે. આત્માથી થતાં જ્ઞાનો પ્રત્યક્ષ જ્ઞાન છે. તે માટે સીમાનું બંધન નથી. મતિ અને શ્રુત જ્ઞાન પરોક્ષ કક્ષાના જ્ઞાન છે, જ્યારે અવધિ, મનઃપર્યવ અને કેવળજ્ઞાન ત્રણે પ્રત્યક્ષ જ્ઞાન છે. તે ઇન્દ્રિયો અને મનની અપેક્ષા વગર થાય છે માટે પ્રત્યક્ષ છે. કેવળજ્ઞાન વડે લોકાલોકના અનંતા પદાર્થો, અનંતા ગુણધર્મો અને અનંતી પર્યાયોનું જ્ઞાન એક માત્ર આત્માથી જ જાણી-જોઈ શકાય છે. આમ આ પ્રત્યક્ષજ્ઞાન જ્ઞાનાવરણીય કર્મના સંપૂર્ણ ક્ષય થવાથી જ શક્ય છે.

જીવે અનંતકાળ સુધી મોહાધીન થઇને અનંતા રૂપી-દૃશ્ય પદાર્થોનું જ જ્ઞાન વધારે કર્યું છે. તેથી આત્માને અનાદિ કાળના જ સંસ્કારો પડ્યા છે. આત્મા અનાદિકાલીન કર્મસંયોગવાળો છે. કર્મને લીધે રૂપી-દૃશ્ય પદાર્થોને લીધે તેવા જ સંસ્કારો પડ્યા છે અને અરૂપી-અદૃશ્ય પદાર્થો સમજવા ઓળખવા કે તેમનું જ્ઞાન પ્રાપ્ત કરવાના સંસ્કારો બિલકુલ નથી. બીજી બાજુ રૂપી-દૃશ્ય પદાર્થો જ આત્માના મોહના વિષયો બને છે, ગમે છે, રસ-રુચિ જાગે છે; રાગાદિના નિમિત્ત બને છે. મોહનીય કર્મથી ખરડાયેલો રાગી-દ્વેષી જીવ તેવા પદાર્થો તરફ જલ્દી વળે છે. પરંતુ જીવને એ ખ્યાલ નથી કે વધુ ને વધુ કર્મો બંધાવનાર પણ આ જ રાગ મોહાદિ ભાવો છે. એના નિમિત્તરૂપ રૂપી-દૃશ્ય પદાર્થો છે. પરોક્ષરૂપે આ રૂપી-દૃશ્ય પૌદ્ગલિક પદાર્થો છે; જ્યારે પ્રત્યક્ષરૂપે તેમના મોહ-રાગાદિ ભાવો છે. તેથી પૂર્વના બંધાયેલાં કર્મો વર્તમાનમાં ઉદયમાં આવે છે; અને કર્મોની પરંપરા પણ ચાલ્યા જ કરે છે. સંસારમાં જે જે દ્રવ્યો છે, તે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સ્વરૂપે છે. આ પ્રમાણે કેવળજ્ઞાની ભગવંતોએ જેવું જોયું છે અને આપણા જેવા જીવોને જણાવ્યું છે તેવું યથાર્થ સ્વરૂપ દ્રવ્ય-ગુણ-પર્યાય-સ્વરૂપે ચિંતવવામાં ધ્યાવામાં આવે તો જીવને કર્મનિર્જરા થાય છે; બંધનમાંથી મુક્ત થવાનો લાભ મળે છે. આ રીતે આચારાંગ આગમસૂત્રનું જે વચન છે કે 'જે એગં જાણઈ સે સવ્વં જાણઇ'. જે આત્માતત્ત્વને બરાબર ઓળખે છે, જાણે છે તે સમસ્ત પદાર્થોને પણ બરાબર ઓળખે છે; જાણે છે, સમજે છે. આ રીતનું ચિંતન-મનન-ધ્યાન એકધારું કરવામાં આવે તો પદાર્થોના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સ્વરૂપની સાચી ઓળખ થાય છે. સાચી ઓળખથી પદાર્થોનો રાગ-દ્વેષ ઘટે છે. આ જ્ઞાન વિકૃત-વિપરીત થાય તો પદાર્થોનો રાગ-દ્વેષ વૃત્તિઓ વધે છે; પરંતુ જો પદાર્થોમાંથી મોહભાવ, રાગ-દ્વેષના ભાવો ઘટતાં સ્પષ્ટપણે વૈરાગ્ય ભાવ આવે છે. વિરક્તિ આત્માને ઉંચે ચઢાવે છે. મોહ-રાગ-દ્વેષ ઘટતાં કર્મબંધ થતો અટકે છે. આત્મપ્રદેશોમાં સ્પંદનો સ્થિર થાય છે; કમનિર્જરાનું પ્રમાણ ઘણું વધે છે, માટે ધ્યાન જ્ઞાનપૂર્વક જ થાય.

આત્મજ્ઞાનનો આધાર આત્માસ્તિત્વ પર છે. તેના વિશુદ્ધ સ્વરૂપની જે ઓળખ કરવી છે તે માટે આત્માનું અસ્તિત્વ સર્વ પ્રથમ સ્વીકારવું અત્યંત આવશ્યક છે, અનિવાર્ય છે, જરૂરી છે. આત્મા છે એવું અસ્તિત્વ સ્વીકારવાથી જીવો આસ્તિક બને છે; પરંતુ આસ્તિક બનવા માત્રથી સમ્યક્ત્વી બની જાય એવો નિયમ કરી ન શકાય. જે જે છે તે તે અવશ્ય આસ્તિક છે જ. આસ્તિક થવું તે પ્રથમ પગથિયું છે; જ્યારે સમ્યક્ત્વી થવું તે તેની આગળનું બીજું પગથિયું છે. સમ્યક્ત્વના જે પાંચ લક્ષણો છે તે આ પ્રમાણે છેઃ શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્ય. આસ્તિક્ય એટલે જિનેશ્વરના વચન પર પરમ વિશ્વાસ, નવ તત્ત્વમાં પૂરી શ્રદ્ધા. દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે અડગ નિષ્ઠા.

જૈન દર્શનની ભૂગોળ પ્રમાણે ૧૪ રાજલોકના ત્રણ મુખ્ય ભાગ પડે છે. ઉધ્વલોક, અધોલોક અને વચ્ચે તિર્ચ્છો લોક છે. જંબુદ્વીપની મધ્યમાં મેરૂપર્વત છે. તેની સમતલ ભૂમિથી ૯૦૦ યોજન ઉપર અને ૯૦૦ યોજન નીચે ૧૮૦૦ યોજન ક્ષેત્ર જ ફક્ત તિર્ચ્છોલોકનું ક્ષેત્ર છે. આ તિર્ચ્છોલોક તિર્યગ્ દિશામાં વધેલો છે. અહીં એક દ્વીપ અને એક સમુદ્ર એમ અસંખ્ય દ્વીપો અને સમુદ્રો આવેલાં છે. ક્રમશઃ એકબીજાથી બમણા માપવાળા છે. અહીં કેન્દ્રના (વચ્ચેના) ફક્ત અઢી દ્વીપ સમુદ્રમાં જ મનુષ્યો અને તિર્યંચોની વસતી છે. તેની બહાર માત્ર તિર્યંચ ગતિના પશુપક્ષીઓ જ છે, ત્યાં મનુષ્યો નથી. જંબુદ્વીપ, ધાતકી ખંડ અને અડધા પુષ્કરાવર્ત દ્વીપમાં મનુષ્યોની વસતી છે. અત્રે ૧૫ કર્મભૂમિ+૩૦ અકર્મભૂમિ+૫૬ અંતરદ્વીપ એમ ૧૦૧ ક્ષેત્રો છે. છેલ્લો દ્વીપ ૧૦૨૪ યોજનના વિસ્તારવાળો છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી વિચારતાં બધાં નિક્ષેપોની દૃષ્ટિથી સંપૂર્ણલોક ક્ષેત્ર જેને બ્રહ્માન્ડ કે Cosmos કહેવામાં આવે છે, જેમાં ૮૪ લાખ યોનિઓમાં ૪ ગતિ દેવ, મનુષ્ય, તિર્યંચ અને નારકીમાં ઘૂમવું પડે છે. અત્રે ધ્યાન રાખવાનું કે આ ૧૦૧ માંથી ફક્ત ૧૫ ક્ષેત્રોમાંથી જ તીર્થંકર થઈ શકાય છે.

સંસ્કૃત ભાષાના 'સૃ-ગતૌ' ધાતુમાંથી સંસાર શબ્દ બનેલો છે. જેની વ્યુત્પત્તિ સ્પષ્ટ કરતાં જણાય છે કે સતત-નિરંતર-અખંડપણે ગતિ ચાલતી જ રહે એનું નામ સંસાર. જેવી રીતે દોરીના બે છેડા છે તેમ આ સંસારનો એક છેડો જેનું નામ નિગોદ અને અંતિમ છેડો તે મોક્ષ. અહીં સુધી આત્માએ સરકાવનું છે. નિગોદના સૂક્ષ્મતમ ગોળામાં અનંતો કાળ વિતાવ્યો જ્યાં એક શ્વાસોશ્વાસ જેટલા સમયમાં ૧૭ાા જન્મ કરાય છે. એટલે કે એક શ્વાસોશ્વાસમાં ૧૭ાા ભવ થયા. અને અહીં આ રીતે અનંતોકાળ વ્યતીત થઈ ગયો. નિગોદમાંથી બહાર નીકળી વ્યવહાર રાશિમાં પણ પરિભ્રમણ કરતાં જીવનો અનંતકાળ વીતી જાય છે. છેવટે ૧૪ રાજલોકમાં લોકાગ્રે (લોકાન્તે) ક્ષેત્રમાં અનંત સિદ્ધાત્માઓ વસે છે; જ્યાં ફક્ત ૪૫ લાખ યોજનના વિસ્તારવાળી સિદ્ધશિલાની ઉપર અનંત સિદ્ધાત્માઓ અશરીરી સિદ્ધ, બુદ્ધ, મુક્ત બની સિદ્ધાત્માના સ્વરૂપે મોક્ષમાં રહે છે જે સ્થાન શિવં, અચલં, અનંત, અક્ષયં, અવ્યાબાધં, અપુણરાવૃત્તિમ્ છે.

ટુંકાણમાં અહીં સિદ્ધાત્માની સાદિ-અનંતની સ્થિતિ છે. શરૂઆતની અવસ્થાને એક દિવસ સંસારી આત્મા સંસારની સ્થિતિ સમાપ્ત કરી ત્યાં મોક્ષમાં કાયમ માટે સ્થિર રહે છે.

નિગોદાવસ્થામાં ભવ્ય જીવની સ્થિતિ અનાદિ સાંત હતી તેથી તેનો અંત આવી શકે છે, પરંતુ અભવ્ય, જાતિભવ્ય (દુર્ભવ્ય) જીવોની સ્થિતિ અનાદિ અનંત છે.

ભવ્ય જીવોની જ મોક્ષ મેળવવાની યોગ્યતા પૂરેપૂરી છે. આત્માના મૂળભૂત ગુણધર્મો ૮ છે જેવાં કે અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતચારિત્ર, અનંતવીર્ય, અનામી, અગુરુલઘુ, અનંત અવ્યાબાધ સુખ, અક્ષયસ્થિતિ. આ ગુણધર્મો જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, અંતરાય, નામકર્મ ગોત્રકર્મ, વેદનીય કર્મ અને આયુષ્ય કર્મથી આવરિત થયેલાં છે. જે માટે વંદિત્તુ સૂત્રની ૩૯મી ગાથામાં કહ્યું છે કેઃ-

એવં અટ્ઠવિહં કમ્મં રાગદોસસમજ્જિસં ।
આલોઅંતો નિંદંતો, ખિપ્પં હવઈ સુસાવઓ ।।

નિગોદમાંથી બહાર નીકળતો જીવ જ્યારે જ્ઞાનનું કિરણ વિકસિત કરવા તથા ભવ્યતાના પરિપાકરૂપે ધીરે ધીરે પ્રબળ પુરુષાર્થ કરી ઉપર ને ઉપર ચડવા પ્રયત્નશીલ બનતો રહે છે. તે માટે બે સીડીઓ છે જેમાં એકમાં ૧૪ પગથિયાં છે અને બીજી સીડી જેમાં વિનયાદિ આત્મવિકાસ સંપાદન કરે તેવાં ગુણધર્મો છે. તેથી વિનય માટે કહ્યું છે કે 'વિનયતિ દૂરી કરોતિ અષ્ટવિધકર્માણિ ઇતિ વિનયઃ' આ બંને સીડીના પગથિયાં ઉપર જવા માટે છે પણ જો ગફલત થાય તો જેવી રીતે પગથિયાં ચઢતાં પડી જવાય તેમ અહીં પણ પડવાની શક્યતા છે જેથી કહ્યું છે કે 'પડિવાઇ અનંતો.' જૈનદર્શનમાં ઉત્ક્રાન્તિની જેમ વ્યુત્ક્રાન્તિ પણ છે. Evolution and Devolution.

જેમકે ઉપશમ શ્રેણિએ ચઢનાર જીવ અચૂક ૧૧ મેથી પડે જ છે; જ્યારે ક્ષપકશ્રેણિએ ચઢનારો ૧૧મે ન જતાં સીધો ૧૦ મેથી ૧૨ મે જ જાય છે અને પછી ચઢતાં ચઢતાં ૧૪મે પગથિયે પહોંચી સિદ્ધશિલાનો વાસી બની ત્યાં કાયમનો વસવાટ કરે છે.

ભવ્ય જીવોમાં મોક્ષ મેળવવાની યોગ્યતા પૂરેપૂરી છે; પરંતુ એકલી યોગ્યતાથી મોક્ષ મેળવી ન શકાય. મોક્ષાદિ તત્ત્વોને જાણવા, માનવા, સતત સુપુરુષાર્થ સેવવો જ જોઇએ. જો તે મિથ્યાત્વના આવરણો ટાળી શકે, જો સમ્યકત્વ પામે, તેને સુદ્રઢ બનાવે, નષ્ટ થાય તેવાં કારણોથી દૂર રહે તો તેને માટે મોક્ષ સુનિશ્ચિત જ છે. પરંતુ કેટલાંયે જીવો (ભવ્ય) હોવા છતાં સમ્યકત્વ પામતાં જ નથી ! મોક્ષ મેળવતા પણ નથી. તે માટે દેવ, ગુરુ, ધર્માદિ સાધન સંપત્તિનો યોગ મળતો જ નથી; તેથી વંચિત રહી જાય છે. સમ્યકત્વ પામવાની દિશામાં સતત પુરુષાર્થ કરતા રહેવાથી, તથા ભવ્યત્વની સ્થિતિ પરિપક્વ થઈ જાય શુદ્ધ યથાપ્રવૃત્તિકરણ, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણાદિ કરી આત્મશક્તિ ફોરવી ગ્રંથીભેદ થવાથી સમ્યકત્વ પામે જ, બસ બેડો પાર થઈ જાય. કેમકે જે દિવસે સમ્યકત્વ પામે ત્યારથી જ મોક્ષ સુનિશ્ચિત થઈ ગયો હોય છે. હવે આવો જીવ અર્ધપુદગલાવર્તકાળમાં અવશ્ય મોક્ષ મહલમાં મહેમાન થાય જ. આ વાતને નવતત્ત્વકારે સિદ્ધાન્ત રૂપે આમ ફરમાવી છેઃ-

'અન્તોમુહૂત્ત મિત્તં પિ ફાસિયં હુજ્જ જેહિં સમ્મત્તં ।
તેસિં અવડ્ઢ પુગ્ગલ, પરિયટ્ટો ચેવ સંસારો ।।'

એટલે કે ફક્ત અંતર્મુહૂર્ત અર્થાત્ બે ઘડી જેટલા સમય માટે જે ભવ્ય જીવે સમ્યકત્વનો સ્પર્શ સાધી લીધો છે તેને માટે હવે સંસાર ફક્ત અર્ધપુદ્ગલપરાવર્તકાળ જ શેષ રહે છે; જે પહેલાં અનંતપુદ્ગલપરાવર્તકાળનો હતો જેમાં અનાદિ મિથ્યાત્વના કારણે અનંતપુદ્ગલપરાવર્તકાળનો હતો જે સંસારમાં વીતી ચૂક્યો છે. પરંતુ ૧ પુદ્ગલપરાવર્તકાળ અસંખ્ય વર્ષનો હોય છે જેની ગણતરી કરી શકાય એમ નથી. હવે તો કિનારો દૃષ્ટિ સમક્ષ હોવા જેવું લાગે, પરંતુ આ કાળ દરમ્યાન પણ હજુ અનંત ભવો કરવાના હોઈ શકે. અભવી જીવ માટે અનંતકાળે પણ મોક્ષ દુર્લભ રહેવાનો, રહે છે ! સમ્યકત્વી જીવે જાણવા જેવું એ છે કે સમ્યકત્વી જીવે ભૂતકાળમાં અનાદિ અનંતકાળ નિગોદમાં, તેમજ સંસાર ચક્રમાં જ ૪ ગતિઓમાં, ૮૪ લાખ જીવ યોનિઓમાં જન્મ-મરણ, જન્મ-મરણ ધારણ કરતાં કરતાં વીતી જતા હોય છે ને ? જો સમ્યકત્વી જીવ વિશેષ સુપુરુષાર્થ કરીને સમ્યગ્ જ્ઞાન, ચારિત્ર, તપાદિની આરાધના ઉત્તમ રીતે કરી લે તો અલ્પ સમયમાં અલ્પ ભવોમાં સંસારનો અંત લાવી શકે છે.

મોક્ષે ગયા પછી ત્યાં કાળનો અંત આવવાનો નથી. અનંતકાળે પણ અંતની શક્યતા નથી માટે સિદ્ધાવસ્થામાં અનંતકાળ રહેવાનું ઘટવાનું નથી કારણ કે મોક્ષે ગયેલો જીવ સિદ્ધશિલા પર કાયમનો રહેવાસી બની જાય છે.

અનંતા જીવોની અપેક્ષાએ સંસાર અનાદિ-અનંત છે. જ્યારે સમ્યકત્વી જીવની અપેક્ષાએ સંસાર અનાદિ-સાંત છે. જીવો ભવી હોય કે અભવી તેમનું જીવત્વ સ્વરૂપ નષ્ટ થવાનું નથી. આ સંસાર શાશ્વત છે તેનો સર્વથા નાશ કે મહપ્રલય થવાનો જ નથી, થયો નથી, થવાનો પણ નથી. તેથી અન્ય દાર્શનિકો પ્રમાણે સંભવામિ યુગે યુગેની સંભાવના જ નથી.

જીવમાત્ર સંસારની સંસારી અવસ્થામાં કર્માધીન છે. અનાદિકાલીન કર્મસંયોગવાળો જ રહે છે. પૂ. ચિરંતનાચાર્યજી પંચસૂત્રના પ્રથમ સૂત્રમાં ફરમાવે છે કેઃ- 'અણાઈ જીવે, અણાઈ જીવસ્સ ભવે અણાઈ કમ્મ સંજોગ નિવ્વત્તિએ.' અનાદિ કહેવાથી અનુત્પન્નપણું સિદ્ધ થાય છે. તે નષ્ટ થયું નથી માટે અવિનાશીપણું સિદ્ધ થાય છે. ધ્રુવપણું-નિત્યપણું જીવ દ્રવ્યનું છે તે ત્રૈકાલિક છે. ભલે નરકગતિમાં છેદન ભેદન થાય, કપાઈ જાય, ટુકડે ટુકડા થઈ જાય, અગ્નિમાં બાળી દેવાય તો પણ બળતો નથી. ભગવદ્ ગીતામાં પણ અદાહ્યોડયં, અકાય્યોડયં વગેરે કહ્યું છે. બળીને પરમાણુ સ્વરૂપમાં પરિવર્તિત થાય છે. પરમાણુનું અસ્તિત્વ શાશ્વત છે. જીવ અનાદિ-અનંતકાલીન અસ્તિત્વ ધરાવનાર દ્રવ્ય છે જે સદાકાળનું છે. તેથી જન્મ-મરણ રૂપ આ સંસાર ચક્ર સતત ચાલી રહ્યું છે. જીવ શાશ્વત છે માટે સંસાર પણ શાશ્વત છે. સંસારનો સર્વનાશ કે મહાપ્રલય ક્યારેય થયો નથી. અનંત ભવિષ્યમાં પણ થવાનો નથી. જો થયો હોત તો સંસારનું સ્વરૂપ જેવું જોઇએ છીએ તેવું હોત નહીં. બટાકા-ડુંગળીમાં અનંત જીવો છે, ઉત્પન્ન થાય છે, નષ્ટ થાય છે. કીડી, મંકોડા વગેરેની સંખ્યા કેટલી ? આમ સમુદ્રમાં માછલાં વગેરે તથા વનસ્પતિકાયાદિના જીવો કેટલાં ? અત્યારની દુનિયામાં મનુષ્યોની સંખ્યા અમુક કરોડની છે. જૈનદર્શન પ્રમાણે એકડા પછી ૨૯ મીંડા લખાય તેટલી વધુમાં વધુ વસતિ થઈ શકે. સામાન્ય ગણિતમાં પરાર્ધ સુધીની સંખ્યા છે. શાસ્ત્રકારો શિર્ષપ્રહેલિકા જેમાં ૧૯૪ આંકડા હોય છે. વળી જ્યોતિષ કરંડકાદિમાં ૨૪૦ અંકની સંખ્યા ગણાવી છે. સમગ્ર જીવસૃષ્ટિ અગણ્ય અંકોની છે.

જીવાત્મા અને પરમાણુ બંને શાશ્વત દ્રવ્યો છે. આવો મૂળ ઘટક દ્રવ્ય છે અસ્તિત્વ શાશ્વત, ત્રૈકાલિક છે; અનાદિ અનંત છે. પર્યાયોમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય રૂપે પરિવર્તન થતું રહે છે. જીવ અને કર્મનો સંયોગ અનાદિકાલીન છે, તેમજ જીવ અને જડનો સંયોગ અનાદિકાલીન છે. જીવ જડનો સાથ લઈ શરીર ધારણ કરતો જ રહ્યો છે. ૮ મહાવર્ગણામાંથી જીવ શરીર, ઇન્દ્રિયો, મન, શ્વાસોશ્વાસ, ભાષા વગેરે ગ્રહણ કરી આવશ્યકતાઅનુસાર બધી રચના કરે છે. આ બધાં જડ પરમાણુની વર્ગણા છે. અવિરત કર્મો બાંધીએ છીએ તે પણ જડ છે. એક ક્ષણ માટે પણ જીવ જડના સંયોગ વગરનો રહ્યો નથી. આયુષ્ય કર્માધીન જીવની સ્થિતિ છે. એ સમાપ્ત થતાં ભાડાનું ઘર ખાલી કરી નવામાં કર્માનુસાર જવું જ પડે છે. ઔદારિકાદિ વર્ગણાના પરમાણુઓનો જથ્થો ગ્રહણ કરી કર્માનુસાર નવું શરીર ગ્રહણ કરી આયુષ્યાનુસાર જીવન જીવે છે. તે સમાપ્ત થતાં મૃત્યુ અને ત્યારબાદ ફરી ગર્ભાવસ્થામાં ઔદારિકાદિ વર્ગણા ગ્રહી સ્વકર્માનુસાર ફરી જન્મ, ફરી મૃત્યુ, ફરી જન્મની ઘટમાળ કર્મોમાંથી સદંતર મુક્ત ન થાય ત્યાં સુધી ચાલુ ને ચાલુ જ રહે છે. આવું આ સંસારચક્ર અનાદિકાળથી ચાલ્યા જ કરે છે. ભૂત, ભવિષ્ય અને વર્તમાનમાં ચાલુ જ છે. સંસારમાં એક પણ જીવ નહીં હોય, એક પણ જીવ જન્મ-મરણ ધારણ નહીં કરે, તેમ કરનાર કોઇ પણ નથી કોઈ પણ બચ્યો નથી એવું બન્યું નથી, બનતું જ રહેશે, બને જ છે ને ?

# કેટલાક અનુભવો, કેટલુંક ચિંતન

❑ ડૉ. રણજિત પટેલ (અનામી)

## પાઘડીવાળા કાકાઓ

આઠેક દાયકા પૂર્વે, હું આઠેક સાલનો હતો ત્યારે અમારા ગામમાં ઘણા પાઘડીવાળા કાકાઓને જોતો ને આશ્ચર્યથી પ્રભાવિત થતો હતો. મારી કિશોર આંખોને એ જુદી દુનિયાનાં પ્રાણીઓ લાગતાં ! અમારા પટેલ વાસમાં લગભગ બધા જ ખેતી કરનારા, એટલે વીસ પચીસ વર્ષના 'મોતિયાડો' મોટે ભાગે ગજીની–ઢેડાઉ ખાદીની–ટોપી પહેરે ને એનાથી મોટી વયના ફાળિયાં બાંધે. એમના વ્યવસાયને એ અનુરૂપ હતાં. ફાળિયાંથી તાપ–ટાઢમાં રક્ષણ મળે, ઓશિકાની ગરજ સારે, કૂવામાંથી પાણી કાઢવા દોરડા કે રાંઢવાની ગરજ સારે, સ્નાન વખતે કામમાં આવે, ઘાસ–પૂળાનો ભારો બાંધવો હોય તોય લેખે લાગે, કોઈ માથામાં મારે તો રક્ષણ આપે. ટોપી કરતાં ફાળિયું ખેડૂતને વધુ ઉપયોગી ને અનિવાર્ય...પણ પાઘડી ?

મારા દાદાને બીજા ત્રણ ભાઈઓ. ચારેયમાં દાદા સૌથી મોટા. દાદાથી ન્હાનાભાઈ ત્રિભુવનદાસ ખેતીમાં દાદાને મદદ કરે. ત્રીજા અને ચોથા દાદા કાપડની દુકાને બેસે. પણ ત્રીજા દાદા...ઉમેદરાયજી–પૂરા પંચાતિયા...એ દુકાને બેસે ધીરધારનો ધંધો કરે ને પંચાત પણ કરે. ચોથા દાદા વર્ધમાનરાયજી ખાદીની ટોપી પહેરે પણ પંચાતિયા દાદા તો સરસ મઝાની પાઘડી પહેરે. ઘઉંવર્ણા, છ ફૂટ ઊંચા, શરીરે ભરાવદાર દાદા પાઘડીમાં વધુ ભરાવદાર ને પ્રભાવશાળી લાગે. બંધ બટનનો લાંબો કોટ, ગળે ઢીંચણ સુધી લટકતો ખેસ, ચીપીને પહેરેલું ધોતિયું ને પગમાં જોડા...હાથમાં મોટી લાકડી...દાદા ચાલે ત્યારે રસ્તો શોભી ઊઠે ને ભૂલેચૂકે વસવામાં દૂર ચાલતાં હોય તો ય એક બાજુ થઈ જાય. આ બધામાં હું પેલી લાલચટ્ટાક પાઘડીનો પ્રભાવ જોતો હતો. એમ તો અમારી છઠ્ઠી પેઢીના મુખી–દાદા રેવનદાસ પ્રાણદાસ પણ સફેદ પાઘડી પહેરતા હતા, કિન્તુ માંડ એ સવા પાંચ ફૂટના ને ઉમેદદાદા જેવા તગડા પણ નહીં એટલે મને એમની પાઘડી જાણે કે માથે નાનું તપેલું મૂક્યું હોય તેવી લાગતી ! તપેલી પર ફાળિયું બાંધ્યું હોય એની કલ્પના કરો !

અમારા પટેલોનાં ચાર તડાં. સ્ટેશન બાજુના પતરાંવાળા વાસમાં ખાસ કોઈ પાઘડી ન પહેરે. ટોપી યા ફાળિયાં. અમારા ડેલાવાળા વાસમાં બે પાઘડીવાળા. પશ્ચિમ બાજુના માઢવાળા પટેલોમાં એક વેણીદાસ પટેલ પાઘડી પહેરે પણ એ પાઘડીના કે ફાળિયાના–કશાય લેખામાં નહીં. શેઠ મફતલાલ ગગલદાસના ગરીબાઈના કાળના એ પોટલાં ઊંચકનાર સાથી. શેઠ બન્યા પછી મફતલાલ સરસ મઝાની પાઘડી પહેરતા. પાઘડીવાળો એમનો ફોટો મારી પાસે છે. શેઠ નવીનચંદ્ર મફતલાલ, શેઠ પ્રાણસુખલાલ મફતલાલ, શેઠ અરવિંદ ન. મફતલાલ. આ બધા કોટપાટલુનવાળા. એમને માથે પાઘડી, હેટ કે ટોપી ન મળે ! 'ભદ્રંભદ્ર' અને 'રાઈનો પર્વત'ના લેખક શ્રી રમણભાઈ નીલકંઠ સરસ મજાની પાઘડી પહેરતા. પ્રબોધમૂર્તિ ગોવર્ધનરામ ને મધુદર્શી સમન્વયકાર શ્રી આનંદશંકર ધ્રુવ પાઘડી પહેરતા. ધ્રુવ સાહેબ પાઘડી ઉતારે ત્યારે એમનો અર્ધું વતુ કરેલો ચહેરો જોવા મળતો. આમે ય પંડિતયુગના મોટા ભાગના સાક્ષરો પાઘડી પહેરતા ને ન પહેરે તે પણ પાઘડિયાળી ગંભીરતાવાળા હતા !

સને ૧૯૩૮માં હું ગુજરાત કોલેજમાં દાખલ થયો ત્યારે મોટે ભાગે બધા પ્રોફેસરો હેટવાળા હતા–બેના અપવાદ સિવાય. નાગરિકશાસ્ત્રની ને એડમિનીસ્ટ્રેશનના પ્રોફેસર દેશપાંડે, રાધાકૃષ્ણનની જેવો ફેંટો બાંધતા ને એકમાત્ર પ્રો. અભ્યંકર સાહેબ વિદ્વતાના જીવંત પ્રતીક જેવી સરસ મજાની પાઘડી પહેરતા. અમારી 'કુમારશાળા'ના ડઝનેક શિક્ષકોમાં એકમાત્ર પાઘડી પહેરનાર હતા–હેડમાસ્તર શ્રી ભાઈચંદ રવચંદ શાહ. મારા ઉમેદદાદાના જેવી એમની દેહયષ્ટિ એટલે પાઘડીમાં એમનું નોખું વ્યક્તિત્વ નિખરતું. રામજીભાઈ રાયકા ફેંટો બાંધતા ને મહમ્મદભાઈ ટર્કી કેપ પહેરતા. શિર–પહેરવેશની આ બધી વિચિત્રતાઓ જોવાની મને મજા પડતી.

પણ અમારા ગામના ત્રણ પાઘડીધારી સજ્જનોની પોલ જાણ્યા બાદ પાઘડીનો મારો મોહ તૂટી ગયો ! એક તો અમારા ગામના ચકુ શેઠ...જીનરીનો ધંધો કરે. સીઝનનો બધો કપાસ ખરીદે ને જીનમાં પીલાવે...પણ લાગે કે ધંધામાં કંઈ ખાસ કસ નથી તો એમના કોઈ માણસ દ્વારા જ રૂના ઢગલામાં આગ મૂકે ને વીમો પકવી દે; બધા જ ગઢિયા ભેગા થયેલા ! આવું અનેકવાર બને. અકસ્માતો વારંવાર તો ન બને ! પણ ચકુશેઠ એટલે રૂના ઢગલાનો અંગારો ! બીજા એક પાઘડીધારી ધીરધારનો ધંધો કરે. એમણે એક અઠંગ ચોર દ્વારા પ્રતિસ્પર્ધીના ચોપડા ચોરાવ્યા ! પ્રતિસ્પર્ધી પણ પાઘડીધારી...એમણે એ જ ચોરને વધુ લાંચ આપી, દારૂ પાઈ ચોરાયેલા ચોપડા મેળવેલા ને ચોરાવનારનું નામ પણ. ત્રીજા એક પાઘડીધારીએ અન્યની ભાગેડુ બૈરીને પત્ની તરીકે રાખેલી...એના પતિને આની જાણ થતાં એનું ખૂન કરાવેલું. પ્રથમ પતિનું ખૂન કરાવવામાં એની બૈરી પણ શામેલ હતી...બધું એની સંમતિથી જ થયેલું. આ સંબંધે મેં એક સ્વતંત્ર વાર્તા લખી છે. એટલે અહીં એનો વિસ્તાર કરતો નથી...પણ આવા પાઘડીધારીઓ માટેનો મારો અહોભાવ સાવ ઓસરી ગયો ! મારા દાદા-પંચાતિયા દાદા-ઉમેદરાયજી માટેનો પણ મોહભંગ થયો ! ખેર ! પાઘડી માટેની મારી સારી ખોટી માન્યતાનો કશો જ અર્થ નથી...અર્થ તો છે એની ફેકોલોજીમાં ખપે એવી વ્યુત્પત્તિ જાણવામાં...મતલબ કે જે પા ઘડી (૦।) માટે પહેરાય તે પાઘડી, પા+ઘડી=પાઘડી. મેં પણ વાનરવૃત્તિથી મારા દાદાની પાઘડી પા ઘડી માટે પહેરેલી.

x x x

## 'સમાનશીલવ્યસનેષુસખ્યમ્'

જેનાં સમાન શીલ ને વ્યસન હોય તેની મૈત્રી જામી શકે. આવી વ્યક્તિ મારા જીવનમાં એક જ આવી છે. એનું શુભ નામ સત્યકામ પટેલ. બામણ ગામના સમૃદ્ધ ને આદર્શ ખેડૂત શ્રી છોટુભાઇના એ ચારમાં મોટા દીકરા. નડિયાદથી પ્રગટ થતા 'લોકમત' અઠવાડિકના તંત્રી. સને ૧૯૫૦ થી ૧૯૫૮ સુધી હું નડિયાદની આર્ટસ–સાયન્સ કોલેજોમાં પ્રોફેસર હતો ત્યારે ભાઈ સત્યકામ ને હું, વિઠ્ઠલ કન્યા વિદ્યાલય પાછળ/પાસે આવેલા શ્રી મગનભાઈ વિ. પટેલના વિશાળ મકાનમાં અમો બંને ભાડે રહેતા હતા. સત્યકામ નીચે, હું ઉપર. સંતતિમાં પણ અમારે બંનેને બે દીકરા ને એક દીકરી. બંનેય કુટુંબ એકરસ થઈ ગયેલ. અમો બંનેય ગાંધીના ચુસ્ત અનુયાયી...બંનેયે જેલ ભોગવેલી ને સ્વાતંત્ર્ય સેનાની પણ. એમને હિંદી-બંગાળી-ગુજરાતી સારું આવડે. સંસ્કૃત પણ સારું. મારું પણ એવું જ. અમારું શરીરસૌષ્ઠવ પણ લગભગ સરખું. પહેરવેશ પણ ખાદીનો...એ લેંઘો પહેરે, હું ધોતિયું. અમારો ખોરાક પણ લગભગ સરખો. સાહિત્યરુચિ...એમાંય કાવ્યરુચિ બંનેયની સમાન. અદ્‌ભુત ગુણદર્શી...પ્રસન્ન ચિત્ત સદાય જોવા મળે. સામ્યવાદ પ્રત્યે કૂણું વલણ પણ વફાદારી ગાંધીજીની વિચારસરણી પરત્વે. વિચારણા એકદમ સ્પષ્ટ. ગુરુકુળની શિક્ષા પામેલા એટલે આર્યસમાજના ઉદ્દામ સુધારકનું વલણ...પણ નર્મદના 'યા હોમ'ના પુરસ્કૃત નહીં પણ દલપતના ધીરે ધીરે સુધારાના સારના આગ્રહી. ચર્ચામાં ને દલીલોમાં સત્યકામને કોઈ ભાગ્યે જ મહાત કરી શકે. જ્ઞાનના એ સાચા ઉપાસક. એમને ગાંધીજી, ટાગોર, અરવિંદ આકર્ષે તો યોગ શિબિરોમાંય જાય ને રજનીશજીને પણ પામવામાં બાકી ન રાખે. રજનીશના હિંદી પાછળ એ પાગલ. હાડે આર્યસમાજિસ્ટ એટલે રજનીશજીની વિચારસરણીમાં શ્રદ્ધા નહીં...બલકે કેટલીક બાબતોમાં હાડોહાડ વિરોધ 'લોકમત'માં લાગે તે લખે. મેં ૧૯૫૦માં 'શ્રી ગોવર્ધન સાહિત્યસભા' સ્થાપેલી. એના ઉપક્રમે સાક્ષરનગરીના સાહિત્યના ત્રણ દિગ્ગજોની શતાબ્દી ઉજવેલી. અભેદ માર્ગ પ્રવાસી શ્રી મણિલાલ નભુભાઈ દ્વિવેદી, મસ્તકવિ બાલાશંકર કંથારિયા ને પ્રબોધમૂર્તિ ગોવર્ધનરામ ત્રિપાઠી એ ત્રણેયની શતાબ્દીઓ ઉજવતાં પહેલાં તેઓની સાહિત્યસેવાની ઝલક આપવા લગભગ ડઝનેક લેખ લખેલા...સત્યકામે એને 'લોકમત'માં અચ્છું કવરેજ આપેલું....એક–બે

લેખ એમણે પણ લખેલા...રાહુલ, સાંસ્કૃતાયન એમના પ્રિય લેખક...એમનું લગભગ બધું જ સાહિત્ય વાંચી નાખેલું. સાંસ્કૃતિક પ્રવાસોના તેઓ ભારે શોખીન. ચિત્રકલામાં પણ ભારે સૂઝ-સમજ ને રુચિ. સત્યકામ જેવા ગુણદર્શી ને મધુકરવૃત્તિવાળા સજ્જનો વિરલ.

એમનાં ત્રણેય સંતાનો સારું ભણ્યાં, પરણ્યાં ને અમેરિકામાં સ્થાયી થયાં. એમનાં શ્રીમતી સુમનબહેનને તો સંતાનોની સાથે રહેવાનું ખૂબ ખૂબ ગમે પણ સત્યકામને અમેરિકા કબર જેવું લાગે. રજ માત્ર ગમે નહીં. સુમનબહેનને ભારતમાં ન ગમે, સત્યકામને અમેરિકામાં. અમેરિકા જતાં દમ્પતીને સદાય કંકાસ થાય. 'લોકમત'માંથી છૂટા થઈ તેમણે મેડિકલ સ્ટોર કર્યો પણ તેમાં ફાવ્યા નહીં. એમના નાનાભાઈ-શ્રી છગનભાઈ દશબાર ટ્રક રાખી ટ્રાન્સપોર્ટનું કામ કરતા હતા. મોટાભાઇને એમાં જોતર્યા પણ કેમેય કર્યું મન માન્યું નહીં. આર્થિક સધ્ધરતા પ્રાપ્ત કરી તેઓ અમેરિકાનો વિકલ્પ શોધતા હતા પણ તેમાં તેઓ નિષ્ફળ ગયા. ન છૂટકે અમેરિકા ગયા ખરા પણ પ્રત્યેક પત્રમાં કકળાટ હોય. એક પત્રમાં એમણે લખેલું: 'આપણે ત્યાં રેલવેના પોર્ટરો જે કામ કરે છે તેવું કામ અહીં આપણા ઠીક ઠીક ભણેલાઓ કરે છે ! મોટેલો પટેલોના પર્યાયરૂપ બની ગઈ છે પણ ત્યાં જે કામ કરવું પડે છે તે ભારતમાં નહીં કરે. અહીંના સ્ટોરોમાં દારૂ-માંસ વેચતા આપણા દેશવાસીઓને જોઉં છું ને મારું લોહી ગરમ થઈ જાય છે. આજે જો ડોલરનો ભાવ દશ રૂપિયા થઈ જાય તો હું માનું છું કે અર્ધું અમેરિકા ખાલી થઈ જાય ! અહીંની સ્વચ્છતા, શિસ્ત, વિનય, માનવીય ગૌરવ મને ગમે છે પણ સ્નેહ-સૌહાર્દ જેવી વસ્તુ ક્યાં શોધવી ? આ દેશ-પચીસથી પચાસ વર્ષનાઓ માટે છે. આપણા જેવા પ્રૌઢો ને વૃદ્ધો માટે નકામો છે. આખો દેશ નિરંતર દોડતો લાગે...જાણે કે પાછળ વાઘ ન પડ્યો હોય ! ખોટી તુલનામાં આપણે દુઃખી થઈએ છીએ. આપણા રાજકારણીઓની ટૂંકી, સ્વાર્થી, ક્ષેત્રીય દૃષ્ટિને કારણે આપણું યૌવન-ધન વેડફાઈ રહ્યું છે.

એમના નાના દીકરા સંજીવે પિતાને નડિયાદમાં સુંદર બંગલો કરી આપ્યો...મોટર-શોફર-નોકર-ચાકર...બધી જ સુવિધાઓ ખડી કરી દીધી પણ સત્યકામ અંદરથી વેરાગી હતા...ભોગ ભોગવવાની એમની કામના જ નહીં. સાધુજીવન એમનું લક્ષ્ય. 'સાદું જીવન ને ઉચ્ચ વિચાર' એમનો જીવનમંત્ર. પત્નીના હઠાગ્રહને કારણે રડતાં રડતાં, કકળાટ કરતાં અમેરિકા તો અનેકવાર ગયા...પણ ત્યાં સુખશાંતિથી રહી શક્યા નહીં. ભારત માટેનો...વતન માટેનો એમનો ઝૂરાપો ને તલસાટ પ્રત્યેક પત્રમાં હોય જ. તા. ૪-૨-૧૯૯૩ના રોજ લખાયેલું એમનું એક કાવ્ય, એમની માનસિક સ્થિતિ સંબંધે ઘણું બધું કહી જાય છે. કાવ્યનું શીર્ષક જ કેટલું બધું વાચાળ છે !

**'મને યાદા'વે છે'**

'મને થાતું: 'કોઈ સ્વજન મુજને માતૃભૂમિનું
કહે: 'ભાઈ ! પાછો ફર તું, અહીં ત્હારા નિજ ગૃહે,
ત્હને બોલાવે છે, પ્રિયજન, સખા, બંધુ, વડીલો',
કૂદીને હું આવું, અધવચ્ચ ભલે દરિયા !
મને સ્વપ્નાંમાંયે નિજ નગર ને તેની ધરતી,
સદા ઘેરી લે છે, સહન થતું ના દુઃખ વસમું.
અરે ! કોઈ બ્હાનું અમથું, અમથું કાઢી લખી દે:
'તું આવી જાને ભૈ' ઉપકૃત બનું જિન્દગીભર.'
ઘણું થાતું એવું પણ નસીબમાં એવું નથી કો.
ઝૂરાવું છું નિત્યે, તદપિ મનમાં આશ હજીયે:
'મને કો છોડાવે કબરસમ આ બંદીગૃહથી'
બને એવું તો તો અરપણ કરું અર્ધી દુનિયા.'
અરે ! કોઈ આવી ઊંચકી મુજને પાર મૂકી દો-
ઘણે દૂરે...સામા તટની ધરતીનું હું વિહંગ.
ઊડી આવ્યું, ભૂલી પથ દૂર અજાણ્યા વન મહીં
મને યાદા'વે છે નિજ વન-ભૂમિ-વલ્લી-વિટપો.
ઘણી રાતો વીતી, પૂનમ ઉપરે પૂનમ ગઈ !
ન દીઠી એ ચંદા મનમુકુરમાં જે વિલસતી !
હું જોતો'તો જેને ઘર તણી અગાસી પર ચઢી,
કદી મિત્રો સંગે, શરદપૂનમે કો નદી તટે.'
ઠરું છું ઠંડીમાં, હિમપવન, ઝંઝા ફરી વળે !
મને યાદા'વે છે નિજ વતનનો સૂર્ય સતત.
હશે ક્યાં સંતાયો ? ગગન પૂરું શોધ્યું નહીં મળ્યો !
મને વ્હાલો એ છે હરખ હસતો જીવન સખા !'

વતનના તલસાટ ને ઝૂરાપાનાં આવાં કાવ્યો કેટલાં ?

માશુકના ગાલ પરના તલ કાજે સમરકંદ બુખારા દઈ દેનારા શાયરની યાદ આપે એવી આ બે પંક્તિઓ વાંચો :

'મને કો છોડાવે કબર સમ આ બંદીગૃહથી
બને એવું તો તો અરપણ કરું અર્ધી દુનિયા' !

અમેરિકાના વસવાટને એ 'કબરસમ' ને 'બંદીગૃહ' કહે છે...આજે તો અમેરિકા જવા માટે દલાલોને વીસ વીસ લાખ રૂપિયા અપાય છે તોય ઘણાંનો પત્તો ખાતો નથી...જ્યારે સહજ રીતે પ્રાપ્ત થયેલી તકને ભાઈ સત્યકામ પટેલ શાપરૂપ સમજે છે. સતત એ કહ્યા કરતા...'મારે મારા વતનમાં જ મરવું છે. અમેરિકામાં તો હું જીવન્મૃત ક્યારે નહોતો ? આખરે એમણે વતનમાં જ છેલ્લો શ્વાસ લીધો. વયમાં, વિચારમાં, વ્યવહારમાં, જીવનશૈલીમાં ઘણા બધા સામ્યને કારણે મેં શીર્ષક પસંદ કર્યું છેઃ-

'समानशीलव्यसनेषुसख्यम्'

મારો સાતમો કાવ્યસંગ્રહ 'રટણા' મેં એમને મોકલ્યો. મારી જાણ બહાર તેમણે 'લોકલહરી' માસિકમાં (ડિસે. ૧૯૮૩)માં અવલોકન લખ્યું. શીર્ષક: 'યશોદાયી ને આસ્વાદ્ય કાવ્યસંગ્રહ રટણા'. અવલોકન તો ખૂબ લાંબું છે પણ એમાંથી બે પેરેગ્રાફ નોંધું છું: (૧) કવિતા એક અનોખું રૂપ-પાત્ર છે. કોઈ સુરૂપે આકૃતિ તેમ કોઈ સુંદર કવિતા નજરને તરત પકડી લે તેવી હોય છે. 'રટણા' હાથમાં આવતાં જ એવું બન્યું. ઊભો ઊભો અનુક્રમણિકાનાં કાવ્ય-શીર્ષકો વાંચવા લાગ્યો અને એ મિતાક્ષરી મથાળામાંથી નવા નવા આકારો ઉપસવા લાગ્યા. 'અધીરાં હંસો પાછલા પહોરમાં', 'મિલન-ચાંદની', 'ગળ્યાં એવાં આજે', 'વાસંતી પળમાં', 'આ વન' ને, 'સાંજે ઢળે છે'-આ છે કેટલાંક મથાળાં. પણ તેમણે ય જાદુ કર્યો 'કોઈ ભીની, સુંવાળી, હરીભરી વનભૂમિમાંથી હવાની લ્હેરખી જાણે સ્પર્શી ગઈ !' (૨) બીજી ઉલ્લેખનીય વાત: 'અનામી'એ આ કાવ્યસંગ્રહમાં કરેલા શિખરિણીના બહોળા ઉપયોગની છે. કવિ ન્હાનાલાલના 'સ્તુતિઅષ્ટક' 'પ્રભો ! અંતર્યામી'થી ગુજરાતમાં જનસામાન્ય સુધી પ્રિય બનેલા આ પ્રાચીન સંસ્કૃત છંદનું સામર્થ્ય, ભાવવહન ક્ષમતા અને લયસંગ્રહનાં થોકબંધ કાવ્યો કરાવે છે.'

શીર્ષકમાંથી નવા નવા આકારો ઊપસતા જોનાર અને શિખરિણીના લયહિલ્લોલને માણનાર મારા આ પાંચ દાયકા પુરાણા સહૃદય ભાવક સુહૃદને હું ક્યારેય ભૂલી શકીશ નહીં.

x x x

## પૂર્વગ્રહ

મારા નાના દીકરાને મન મૂકેશ તાનસેનનો નવો અવતાર હતો. મારો અહોભાવ કુંદનલાલ સેહગલ માટે હતો. સને ૧૯૩૬માં કલકત્તામાં ને બીજીવાર સને ૧૯૪૦ કે ૧૯૪૧માં અમદાવાદના પ્રીતમનગરના એક હૉલમાં તેમને જોયેલ...સાંભળેલ. મૂકેશનાં અનેક ગીતોથી હું પરિચિત છું. મને એને માટે કોઈ પૂર્વગ્રહ નથી પણ જ્યારે મારા ચિરંજીવીએ મારા પ્રિયગાયક કુંદનલાલને 'ગુંગણો' ને 'રોતલ' કહ્યો ત્યારે એને શાન્ત કરવા માટે એના પ્રિયગાયક સંબંધે કૈંક તો કહેવું જોઈએ...એટલે કશા જ પૂર્વગ્રહ વિના મેં કહ્યું: 'તારો મૂકેશ તો બસ દળેલું જ દળ્યા કરે છે.' જૂની ઊતરી ગયેલી રેકર્ડ અમારા બંનેના અભિપ્રાય નિરપેક્ષ દૃષ્ટિએ ૧૦૦% સાચા જ હતા એવું નથી, પણ વ્યક્તિ કે કલાકારના એકાદ વિશિષ્ટ વ્યાવર્તક લક્ષણને આપણે સર્વસ્વ ને સર્વાંગીણ માની લઈએ છીએ ને પછી એકાદ અભિપ્રાયથી ઝલાઈ જઈએ છીએ ને પછી એક માટે અહોભાવ ને બીજા માટે પૂર્વગ્રહ

કેળવતા થઈ જઈએ છીએ. આ પ્રક્રિયા એટલી બધી સંકુલ ને જટિલ હોય છે કે અતંદ્ર જાગ્રતિ ન રાખીએ તો ભૂલોની પરંપરા સર્જાતી જાય છે ને પછી કારણકાર્યભાવનું લૉજિક નિરર્થક નીવડે છે. અમુક વાદ કે વિચારથી ઝલાઈ ગયેલું ચિત્ત પછી સ્વતંત્ર વિચારશક્તિને અભરાઈએ ચઢાવી દેતું હોય છે. જતે દિવસે ધર્માંધતાની જેમ સંકીર્ણ વિચારોનું ઝનૂન આપણી વિવેકશક્તિને હણી નાખે છે ને આપણે પૂર્વગ્રહના શિકાર બની જતા હોઈએ છીએ.

ભક્તિ અવ્યભિચારિણી હોવી જોઈએ, એક દેવ સ્થાપ્યા તે સ્થાપ્યા... 'તુલસી મસ્તક તબ નમે જબ ધનુષ્યબાણ લો હાથ', 'મેરે તો ગિરિધર ગોપાલ, દુસરો ન કોઈ', જીવ જોખમમાં હોય તો પણ 'ન ગચ્છતે જિનમંદિરમ્' કે શિવમંદિરમ્... શિવવિરોધીઓથી 'આ પહેરણ સીવ' પણ ન બોલાય કેમ જે એમાં 'શિવ'નો ધ્વનિ સંભળાય છે, ચુસ્ત કૃષ્ણભક્તો અન્ય કોઈ દેવની સ્તુતિ તો ન ગાય પણ સાંભળેય નહીં ! આમાં જાડ્ય કેટલું જ છે ને પૂર્વગ્રહ કેટલો છે તે ન જાને ! સવારે હું દૂધ લેવા જાઉં છું. દુધનું વિતરણ કરનાર એક ભૈયાજી છે. એમને હું 'જય શ્રીકૃષ્ણ' કહું છું. તેઓ નિરંતર 'જય સીયારામકી' જ કહે છે, ભૂલમાં પણ તે જય શ્રીકૃષ્ણ કહેતા નથી. હું તો 'જય સીયારામકી' ને 'જય શ્રીકૃષ્ણ' બેઉ કહું છું. 'હું તો બેઉને લાગું પાય, નમોનમઃ' એવી મારી આધ્યાત્મિક લવચીકતા છે. કોઈને માટે અહોભાવ નહીં, કોઈને માટે પૂર્વગ્રહ નહીં. ઉભયનો ગુણસ્વીકાર. ચુસ્ત અધ્યાત્મવાદીઓ ભક્તિ અવ્યભિચારિણી કહી મારી દૂધ-દહીં બ્રાન્ડ નીતિને નિંદે, મને એની ચિંતા નથી પણ મારામાં એવો અભિચાર જાગતો જ નથી. અધ્યાત્મની બાબતમાં હું એવો હોઈશ. ખુલ્લા દિલદિમાગથી હું નિરંતર સત્યનો સ્વીકાર કરવા તત્પર રહેતો હોઉં છું.

એકવાર મારા ઘરમાં ત્રણ-ત્રણ વેવાણો ભેગી થઈ ગઈ-અતિથિરૂપે. બે વેવાણો એક રૂમમાં તડાકા મારતી હતી ને એક વેવાણ સ્નાન કરીને બહાર આવી. એમણે 'જય સ્વામીનારાયણ' બે-ત્રણ વાર કહ્યું પણ કોઈએ પ્રતિધ્વનિ પાડ્યો નહીં. હું મારા કામમાં વ્યસ્ત હતો. મને ખબર નહીં કે તેઓ મને 'જય સ્વામીનારાયણ' કહે છે. મારે 'જય સ્વામીનારાયણ' બોલવું જોઈતું હતું પણ હું બોલ્યો નહીં એટલે વેવાણ ઉવાચ :

'આ ઘરમાં કોઈ પ્રભુનું નામ જ લેતું નથી.' ને હું નાસ્તિક છું, મારું આખું ઘર નાસ્તિક છે એવો પૂર્વગ્રહ વેવાણના ચિત્તમાં બંધાઈ ગયો હોય તો નવાઈ નહીં. હું શિવભક્ત છું પણ સ્વામીનારાયણ સંપ્રદાય સંબંધે ઘણું બધું જાણું છું. મારી શિવભક્તિ 'જય સ્વામીનારાયણ' બોલવામાં આડે આવતી નહોતી.

મારા મિત્રના ઘરે એકવાર દંતાલીવાળા સ્વામી શ્રી સચ્ચિદાનંદજીની પધરામણી થયેલી. એક બહેન આવીને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરીને બોલ્યાં:

'હે મારા ભગવાન!'

સચ્ચિદાનંદજી એ બહેનને અને એમના પતિ શ્રી ભગવાનદાસને ઓળખતા હતા એટલે તરત જ બોલ્યાઃ 'તમારા ભગવાન તો અગિયારમા નંબરમાં વસે છે.'

કોઈ જડ માનસને પૂર્વગ્રહની ગ્રંથી બંધાવવા માટે ઉપયુક્ત ઉક્તિ પર્યાપ્ત છે પણ જાગ્રત જીવ માટે તો એ કેવડું મોટું સત્ય છે !'

હું ભગવાન નથી, તમારા પતિ ભગવાનદાસ તમારા ભગવાન !

કવિવર ન્હાનાલાલનો પ્રો. બ.ક. ઠાકોર માટે પૂર્વગ્રહ હશે કે નહીં તેની મને ખબર નથી પણ પ્રો. ઠાકોરનાં કાવ્યો માટે તો હતો એવું મને લાગેલું. મેં કવિ સમક્ષ એકવાર ઠાકોરનાં પ્રણયકાવ્યો માટે બે ઉત્સાહના શબ્દો કહ્યા તો કવિવર બોલ્યાઃ 'ઠાકોરે જિન્દગીમાં બે જ સારાં કાવ્યો લખ્યાં છે-રાસ અને ખેતી.' મેં 'આરોહણ'નો ઉલ્લેખ કર્યો તો કવિ કહે, 'એ તો ઐતિહાસિક પદ્ય કે પદ્યાત્મક ઈતિહાસ છે.' વિવેચકોએ કવિનો અભિપ્રાય માન્ય રાખ્યો નથી. કવિને ઠાકોરનાં સોનેટ ને પૃથ્વીછંદ માટે પણ સારો અભિપ્રાય નહોતો... તો કવિવરની ડોલનશૈલી માટે પૃથુ શુકલ સિવાય કોને અહોભાવ હતો ! સંભવ છે કે આવા અભિપ્રાયોની પાછળ પણ પૂર્વગ્રહ કામ કરતો હોય ! ઠાકોર ન્હાનાલાલ જેવાં રાસ-ગીત લખી ન શકે, ન્હાનાલાલ ઠાકોર જેવી અર્થ-ઘન કવિતા. પરિણામે પૂર્વગ્રહ ઉદ્‌ભવી શકે, મતલબ કે વિચાર-સરણીની ભિન્નતાને કારણે પણ પૂર્વગ્રહ સંભવે. બોદલેયર જ્યારે વરસાદની ધારાને કારાગૃહના સળિયા સાથે સરખાવે ને આર્યાવર્તનો કોઈ પ્રાચીન કવિ અમૃતધારા સાથે સરખાવે ત્યારે ગમે તેવા સહૃદયભાવકના ચિત્તમાં પણ ગમા-અણગમાની વૃત્તિ જન્મવાની! કારણ કે તેમાં અંગત-બિનંગત દૃષ્ટિ કામ કરવાની. આપણાં રસ-રુચિ ને વૃત્તિ-વલણ રસાસ્વાદમાં ભાગ ભજવવાનાં. મારી વાત કરું તો હું અમુક સાહિત્યકારોના જીવનની બૂરી, હીણી વાતો જાણ્યા બાદ એમના સાહિત્યનો કેવળ નૈર્વ્યક્તિકતાથી રસાસ્વાદ લઈ શકતો નથી. મારી આ મર્યાદા હું સમજું છું પણ કેમેય હું એને અતિક્રમી શકતો નથી ને 'રસવિશ્વ'નો ઘણો બધો ખજાનો ગુમાવું છું. આ પણ એક પ્રકારનો પૂર્વગ્રહ ગણવો-સમજવાનો ? ગ્રહ એટલે પકડવું. કેટલીક બાબતો આપણી સામાન્ય સમજને પ્રથમથી પકડી લે છે ! સૂર્ય અને પૃથ્વી વચ્ચે ચંદ્રના આવવાથી કે સૂર્ય અને ચંદ્ર વચ્ચે પૃથ્વીના આવવાથી સૂર્ય અને ચંદ્રનું ગ્રહણ થાય છે... સુર્ય-ચંદ્ર ઘેરાઈ જાય છે એવું જ માનવીય સંબંધોમાં, સાહિત્યના રસગ્રહણમાં કે ભિન્ન ભિન્ન વિચારસરણીઓના સંઘર્ષમાં બનતું હોય છે. બે વસ્તુઓ નિકટ આવે એટલે કાં તો સંવાદ સધાય કે સંઘર્ષ થાય. તાટસ્થ્યપૂર્વકનું તાદાત્મ્ય કે તાદાત્મ્યપૂર્વકનું તાટસ્થ્ય એ વિરલ સાધના બની રહે.

જ્યોતિષશાસ્ત્રીઓ નવ ગ્રહની વાતો કરે છે ત્યારે રાહુ-કેતુ, શનિ કેવી પનોતી સર્જે છે તેની ભયાવહ ચિત્રાવલિ ચિત્તમાં ખડી કરી દે છે.. પણ એ ભલા કે બૂરા નવ ગ્રહો કરતાંય કોઈ ભયંકરમાં ભયંકર, વ્યક્તિ કે રાષ્ટ્રને બરબાદ કરી દેનારો, કશેય ઉપચારે ક્યારેય ન છૂટનારો કોઈ ગ્રહ હોય તો તે માનવીનો પૂર્વગ્રહ છે. સર્વ ગ્રહોનું ઔષધ છે, કેવળ એક પૂર્વગ્રહનું જ અક્સીર ઔષધ નથી.

શ્રીમદ્ રાજચંદ્રનું એક અપૂર્વ કાવ્ય છે જેની આદિની બે પંક્તિઓ છેઃ

'અપૂર્વ અવસર એવો ક્યારે આવશે,
જ્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો ?'

બાહ્યાંતર નિર્ગ્રંથ થવાની વાત આધ્યાત્મિક ક્ષેત્રે જેટલી અનિવાર્ય છે તેટલી જ આ સંસારમાં સુખસમતાશાંતિપૂર્વક રહેવા માટે પૂર્વગ્રહમુક્તિની છે.

x x x

## પ્રેરણા

સમગ્ર બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ અને લયનું મૂળ કારણ પ્રેરણા છે. વૈજ્ઞાનિક સભાનતા પૂર્વે વિશ્વના મહાકારણની ખોજ પહેલાંની વિશ્વની સ્થિતિને કોઈક અદષ્ટ, અપરિમેય, નામરૂપકાલાતીત ચેતનતત્ત્વની પ્રેરણાએ વિવિધ રૂપો ધારણ કરાવ્યાં. નિહારિકા, અંધકાર, જલરાશિ, સૂર્ય-સમૂહ નક્ષત્રો, ગ્રહો, જંતુસૃષ્ટિ, પશુસૃષ્ટિ, મનુષ્યસૃષ્ટિ આ ઉત્ક્રાંતિક્રમ પણ કોઈક અજ્ઞાત પ્રેરણાથી જ થયો.

માનવજીવનના વિવિધ સંબંધોમાં પ્રેરણા કાર્ય કરી રહી છે. સઘળું ક્રિયાવાન જગત પ્રેરણા વિના ચાલે જ નહીં.

શબ્દાખ્યજ્યોતિ જ સમગ્ર જીવન વ્યવહારના મૂળમાં છે. તેની ઉત્પત્તિ માટે માનવહૃદયમાં રહેલો આંતરઅગ્નિ જવાબદાર છે. તે પ્રાણવાયુને પ્રેરીને ઊંચે ચઢાવી મુખમાં સંચાર કરાવી, વિવિધ શબ્દ વ્યવહારોરૂપે સમુત્ક્રાન્ત બને છે. આંતરઅગ્નિની પ્રેરણા વિના શબ્દ બને નહિ. પ્રેરણાનું આ છે શબ્દરૂપ ફળ.

જીવનના સઘળા વ્યવહારો માટે પ્રેરણા જવાબદાર છે. આહાર, નિદ્રા, ભય, મૈથુન, ધર્મકૃત્ય, મોક્ષ-ખોજ, શાંતિઝંખના-આ બધું કોઈક પ્રેરણાને અધીન છે.

પ્રેરણાને દોરનાર તત્ત્વ કયું ? જીવન અને સૃષ્ટિનાં સઘળાં કાર્યોમાં પ્રેરણા આપનાર માનવ આત્મા છે...અને આ માનવ આત્માને પ્રેરણા આપનાર પરમ તત્ત્વ અથવા પરમાત્મા છે. પરમાત્માની પ્રેરણાનો વિલાસ એટલે આ વિદ્યમાન, વિશ્વસમાન જગત.

પ્રેરણાનાં અનેક રૂપો, અનેક પ્રકારો, અનેક પરિણામો છે. કવિની પ્રેરણા અર્થાત એની આંતર દ્ધિષણા જીવન અને જગત સાથેની એની સતત સભાનતાથી જન્મે છે. આ પ્રેરણા, જીવનને અનેક રંગે રંગી એમાંથી નહાની-મોટી બીજી પ્રેરણાઓ જન્માવે છે-આકર્ષણની, અનુરાગની, વાત્સલ્યની.

સન્ત-ભક્તની પ્રેરણા સંઘર્ષોમાંથી શાંતિ પ્રાપ્ત કરાવવાની શક્તિ ધરાવે છે. તેમાંથી ઉદારતાનાં, સ્નેહનાં, દયાનાં અનેક ઝરણાં વહી આવે છે અને ક્ષુબ્ધ માનવજીવનને શાંતિ બક્ષે છે.

પ્રેરણાનાં અમંગલ પરિણામો પણ હોય, પરંતુ તે વ્યક્તિનિષ્ઠ દુરાચારમાંથી જન્મ્યાં હોય છે. ખૂનીને, ચોરને, રાજકારણીને, લાંચ લેનારને, વ્યાજ ખાનારને, દુશ્ચરિતને થતી તે તે પ્રેરણા-ફળ નિપજાવે ખરી પરંતુ તે અલ્પજીવી, વ્યક્તિનિષ્ઠ અને દુઃખરૂપ હોય છે.

પ્રેરણા અને પ્રગતિને સમાન ગણવામાં આવે છતાં એક કારણ છે, બીજું કાર્ય છે. એકમાં આંતરસત્ત્વનું બળ છે, બીજામાં પરિબળ લાવવાનું સામર્થ્ય છે. પ્રેરણા સતત પ્રવર્તમાન ચેતન છે ને તેનાં જળ, સદાચરણ, ઉદારતા, જગત તરફના મમભાવ અને કલ્યાણ-કામનાની ફલવતી ભૂમિમાંથી નિપજે છે.

ભારતીય પરંપરા, પ્રેરણાને બુદ્ધિજન્ય, હૃદયજન્ય, આત્મજન્ય તત્ત્વ ગણે છે. પ્રેરણામાં અનેક ન્હાનાં-મોટાં રૂપો તેમણે કલ્પ્યાં છે...મતિ, બુદ્ધિ, પ્રજ્ઞા, પ્રતિભા, ધી, ધિષણા.

ઋગ્વેદ કવિની પ્રેરણાને સત્ત્વવતી, આનંદ કરાવનારી અને સર્વત્ર વિહરતી જણાવે છે. દેવોનો પક્ષપાત કરનારો વૈદિક ઋષિ-કવિ તેને દેવ-સમૂહના પ્રેરક બળ તરીકે, યજ્ઞના ચાલક બળ તરીકે અને ઈન્દ્રને યજ્ઞકાર્ય તરફ લઈ આવનારા બળ તરીકે સમજાવે છે. આ તો થયો પ્રેરણાનો યજ્ઞ-સંદર્ભ, પરંતુ સમગ્ર વિશ્વ તત્ત્વને ચલાવનાર બળ તરીકે વૈદિક ઋષિએ પ્રેરણાને ઘટાવી છે.

બ્રહ્મજ્ઞાનીની પ્રેરણા જ્ઞાનનાં અનેક ક્ષેત્રો ખુલ્લાં કરે છે. સવિતાનું વરેણ્યભર્ગ એક પ્રેરણા-પ્રકાર જ છે, જે સમસ્ત જીવલોકને પ્રકાશથી ભરી દે છે.

કલા-કવિતાના ક્ષેત્રે, આંગ્લ કવિ કોલરિજની રૂપવિધાયિની શક્તિની વિભાવના (Esemplastic, Imagination), પ્લેટોના સમયનો પ્રેરણાવાદ (Godess of Muse) અને વિવેચક ક્રોચેની Art as intustion... આ સર્વના સંદર્ભમાં પણ પ્રેરણાનો વિચાર કરી શકાય. વિશ્વના મોટા ગજાના કવિઓ ને કલાકારોને, God-given gift રૂપે આદિમાં જે પ્રસાદી પ્રાપ્ત થાય છે તે પણ આ પ્રેરણા-દેવીની જ પ્રસાદી છે. અરે, છોટા ગજાના કવિઓ-સૂઝ વિના અંધારું જગતમાં, સૂઝ વિના અંધારું' ગાતો કવિ છોટમ અને 'વિજળીને ઝબકારે મોતીડાં પરોવવા, પાનબાઈ' ગાતી ગંગા સતી ને પણ આવી પ્રેરણાનું જ વરદાન પ્રાપ્ત થયું છે.

x x x

## 'જાગતા નર સેવીએ'

અમારા વતન ડભોડા (જિ. ગાંધીનગર)માં પંચોતેર સાલ પૂર્વે અમારી કેટલીક જમીન હતી. અમારી જમીનને અડીને અમારા પિતરાઈ શ્રી મગનદાસ ભગતની જમીન હતી. શ્રી મગનદાસ પટેલ દુર્વાસાના અવતાર સમા હતા. એકવાર ક્રોધમાં ને ક્રોધમાં એમની સુશીલ પત્ની સૂરજબહેનને કૂવામાં ફેંકી દીધી. પત્ની ગુજરી ગઈ; મગનદાસને પારાવાર પશ્ચાત્તાપ થયો ને પરિણામે ભગત બની ગયા. ગામનું ઘર હતું તે ભત્રીજાને આપી દીધું. ઘણી બધી જમીન વેચી દીધી. કૂવા પરની મોકાની પાંચેક વીઘાં જમીન રાખી જેમાં તેઓ અનાજ પકવતા ને ફળફળાદિ વાવતા. સ્વયંપાકી હતા ને દિવસરાત પ્રભુભક્તિમાં રત રહેતા. આવારનવાર રાતના ભજનમંડળી જામતી. એ ભજનમંડળીમાં એક સૈયદ કરીને મુસ્લિમ ભક્ત પણ આવતા. સૈયદભાઈ ડભોડા-સાદરા બસ-સર્વિસમાં કંડક્ટર તરીકે નોકરી કરતા. સાદરા ત્યારે પોલિટીકલ એજન્ટનું ધામ હતું. ફાર્બસ સાહેબ, કવિ દલપતરામ, રામનારાયણ પાઠક, રસિકલાલ પરીખ, કવિ ન્હાનાલાલ વગેરે સાદરામાં રહેલા. શ્રી મગનદાસ ભગતને ત્યાં રાત્રે ભજનમંડળી જામે તેમાં નરસિંહ, મીરાં, કબીર, સુરદાસ, રવિ સાહેબ, દાસી જીવણ અને ગોરખનાથનાં ભજનો ગવાતાં. ગોરખનાથનું એક ભજનઃ 'ગોરખ જાગતા નર સેવીએ' એ ભજન સૈયદભાઈ સુંદર રીતે ગાતા. બીજુ એક ભજન 'બેદલનો સંગ ના કરીએ' એ એક અંબાલાલ ભગત ગાતા. મને આ બે ભજનો ખૂબ ખૂબ ગમતાં. આજે પણ જ્યારે જ્યારે આકાશવાણી અમદાવાદ-વડોદરા-રાજકોટ કેન્દ્ર પરથી એ બે ભજનો સાંભળું છું ત્યારે ત્યારે લગભગ સાત દાયકાના એ સંસ્કાર જાગ્રત થાય છે ને આપણી ભજન-પરંપરાનું મૂલ્ય સમજાય છે. આ ભજનમંડળીમાંના કોઈ મેટ્રિક કે ગ્રેજ્યુએટ નહોતા. ગુજરાતી પાંચ-સાત ચોપડી ભણેલા હતા પણ સંસ્કાર-વારસો સમૃદ્ધ હતો. ગોરખનાથનું એ આખું ભજન મને યાદ નથી પણ એનો સાર યાદ છે. શરૂઆત કૈંક આવી છે. 'મનસા માલણી હો, જાગતા નર સેવીએ.' જે લોકો જાગી ગયા છે ને નરસિંહની જેમ ગાય છે, 'જાગીને જોઉં તો જગત દીસે નહીં. ઊંઘમાં અટપટા ભોગ ભાસે ચિત્ત ચૈતન્ય વિલાસ તદ્રૂપ છે, બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે'-આવા આત્મવિદ્ સંતો મહન્તો-જે અતંદ્ર જાગ્રતિ દાખવનાર અધ્યાત્મવિશ્વના યાત્રિકો છે તેમને સેવવા જોઈએ, અર્ધદગ્ધ ને અદકચરાઓને નહીં. એ ભજનમાંની ચારેક પંક્તિઓ મને ખૂબ સચોટ લાગેલી. ગોરખ કહે છેઃ દેવને લાપસી-સેવો ધરી..એ તો ખાનારા ખાઈ ગયા.' દેવને તો કેવળ એની સુવાસ જ મળી ! જે મૂર્તિકાર દેવની મૂર્તિ ઘડે છે તેના પર ઘડતી વખતે પગ ધરે છે પણ મૂર્તિ-પથ્થર કશું જ કરી શકતો નથી ! ગોરખનાથનું આ ભજન સૈયદભાઈ ગાતા. એની પાછળ મુસ્લિમોની બૂત-પરસ્તીનો પ્રચ્છન્ન વિરોધ તો નહીં હોય ! આ તો મારો કેવળ તર્ક જ છે બાકી દૃઢ, અચલ શ્રદ્ધાભૂત મૂર્તિપૂજા ફળતી જ હોય છે. પથ્થરના દેવને નમસ્કાર કરવાના હોતા નથી, એમાં ગર્ભિત દેવત્વની શ્રદ્ધાપ્રતીતિને અર્ધ્ય આપવાનો હોય છે. ઉપનિષદોમાં પણ કસ્મૈ દેવાય હવિષા વિધેમ ?' એવી શ્રદ્ધા-દ્વિધા શંકા-પ્રશ્ન છે પણ અંતે તો અનેક દેવમાંથી એક જ દેવને અર્ધ્ય આપવાની વાત છે. જ્યારે મૂર્તિપૂજાનો અતિરેક થયો હશે ત્યારે દેશકાલાનુસાર અધ્યાત્મવિશ્વના આવા જાગ્રત સુધારક-આત્માઓ પાક્યા હશે ! મહમ્મદ સાહેબ, ગોરખ, લ્યૂથર, દયાનંદ જેવા કૈંક ! જ્ઞાન, યોગ, ભક્તિને ગૌણ ગણી કેવળ ક્રિયાકાંડમાં રચ્યાપચ્યા રહેનારાઓનો રાફડો ફાટ્યો હશે ત્યારે આવાની જ ચમક-ધક્કાની પણ જરૂર જણાઈ હશે.

સર્વકાલીન અને સર્વજનીન 'જાગતા નર' તો ભગવાન મહાવીર, રામ, કૃષ્ણ, ભગવાન બુદ્ધ, ઈસુ, મહમ્મદ, શંકરાચાર્ય, રામકૃષ્ણ પરમહંસ, વિવેકાનંદ, રમણ મહર્ષિ, અરવિંદ ઘોષ, શ્રીમદ્ રાજચંદ્ર, મહાત્મા ગાંધી વગેરે જેવા કો'ક વિરલા ! જમાને જમાને હરિભદ્રસૂરિ, રામાનુજાચાર્ય, મધ્વાચાર્ય, વલ્લભાચાર્ય, કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય, આનંદઘનજી, યશોવિજયજી, કબીર, નાનક, તુલસી, ચૈતન્ય, નરસિંહ-મીરાં, સૂરદાસ, તુકારામ જેવા સંતો-કવિઓ પણ 'જાગતા નર' જ છે જે ઊંઘેલાઓને જગાડે છે ને જાગેલાઓને ચાલતા કે દોડતા કરે છે.

ગોરખનાથે 'મનસા માલણી' ને કરેલું ઉદ્‌બોધન વધુ યથાર્થ લાગે છે જ્યારે એમના ગુરુ મત્સ્યેન્દ્રનાથ પણ માયાના કુંડાળામાં ફસાઈ ગયા હતા ને 'દેખ મછંદર ગોરખ આયા' એવો ચેતવણીનો સૂર શિષ્ય ગોરખનાથને ઉચ્ચારવો પડે છે. 'જાગતા નર' પણ અહર્નિશ અતંદ્ર જાગ્રતિ દાખવી શકતા કે રાખી શકતા નથી. એમને પણ ષડ્‌રિપુઓ પ્રમાદની ક્ષણમાં ઝોકું લાવી દેતા હોય છે ! Even Homer Nods એવું કલાસાહિત્યના વિશ્વમાં પણ બનતું હોય છે. યોગસાધના ને સાહિત્યસર્જનમાં પણ 'જાગતા નર' જ સફળતાને વરતા હોય છે.

'ઉત્તિષ્ઠત, જાગ્રત, પ્રાપ્ય વરાન્ નિબોધત'માં કે 'ઉઠ જાગ મુસાફિર ભોર ભઈ, અબ રૈન કહાં જો સોવત હૈ ?' એ ઉદ્‌બોધનની અમૃતવાણીમાં પણ અતંદ્ર જાગ્રતિનો-ચૈતન્યસ્વરૂપ જાગતા નરને સેવવાનો-મહિમા ગવાવ્યો છે. આપણે ઊંઘતા નર છીએ કે 'જાગતા નર' છીએ તેનું આત્મ-પરીક્ષણ કરીએ-'મનસા માલણી' જ એનો સાચો જવાબ આપી શકે.

❖❖❖

# શારદા સંકુલ (વિકલાંગ પુનર્વસન સેવાયજ્ઞ)

□ મથુરાદાસ ટાંક

પ્રતિ વર્ષ સંઘ તરફથી પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન આદિવાસી કે પછાત વિસ્તારમાં લોકસેવાનું કામ કરતી કોઈ એક સંસ્થાને આર્થિક સહાય આપવા માટે નિર્ણય કરવામાં આવે છે અને એ માટે વ્યાખ્યાનમાળા દરમિયાન, શ્રોતાઓને અપીલ કરવામાં આવે છે. સંઘ તરફથી આ રીતે અત્યાર સુધીમાં પંદરથી વધુ સંસ્થાઓને આર્થિક સહાય કરવામાં આવી છે.

આ વર્ષે આદિવાસી, પછાત ગરીબીની રેખાથી નીચે જીવતા માણસો માટે સતત કામ કરતી અને હંમેશાં એમની ખેવના રાખતી સંસ્થા '**શારદા સંકુલ**' (વિકલાંગ પુનર્વસન સેવાયજ્ઞ)ને પસંદ કરવામાં આવી છે. એનું સંચાલન શ્રી વાડીલાલ એસ. ગાંધી ચેરિટેબલ ટ્રસ્ટ-કપડવંજ કરે છે. આ ટ્રસ્ટ કપડવંજ ઉપરાંત આજુબાજુના પાંચ તાલુકાના અનેક નાનાં નાનાં ગામડાંઓના સતત સંપર્કમાં રહી, ગ્રામજનોને રૂબરૂ મળી મંદબુદ્ધિ, અપંગ, વિકલાંગ કે બીજી શારીરિક ખોડ ખાંપણવાળી વ્યક્તિ કે બાળકોને વ્યવસ્થિત રીતે નિદાન દવા, તાલીમ અને સાધનો આપી એમને જીવન જીવવા જેવા કરવા માટે ટ્રસ્ટના ૮૫ તાલીમબદ્ધ અને શિસ્તબદ્ધ કાર્યકરો કામ કરે છે.

સંઘની પ્રણાલિકા મુજબ આર્થિક સહાય માટે સંસ્થા નક્કી કરતાં પહેલાં સંસ્થાની રૂબરૂ મુલાકાતો લઈ સંસ્થાનું કામકાજ સંતોષકારક અને મદદ કરવા જેવું લાગે તો જ તેની ભલામણ સંઘની સમિતિને કરવામાં આવે છે. વર્ષ દરમિયાન નેત્રયજ્ઞ પ્રસંગે સંઘના કાર્યકર્તાઓને ઘણીવાર ગામડાંઓમાં જવાનું થાય છે. દરેક નેત્રયજ્ઞ ચિખોદરાના સેવાભાવી પૂ. દોશી કાકાના માર્ગદર્શન નીચે થાય છે. એ રીતે કેટલાક સમય પહેલાં સંઘ તરફથી નેત્રયજ્ઞનું કપડવંજમાં આયોજન હતું. તે પ્રસંગે સંઘના હોદ્દેદારો અને કાર્યવાહક સમિતિના અને અન્ય કેટલાક સભ્યોએ શ્રી વાડીલાલ એસ. ગાંધી ચેરિટેબલ ટ્રસ્ટની મુલાકાત લીધી હતી. ટ્રસ્ટે પોતાની પ્રવૃત્તિઓની બનાવેલી સ્લાઈડ્સ વિડીયો કેસેટ અને ગામડે ગામડે ફરીને બધાને મળીને તૈયાર કરેલ રીપોર્ટ બનાવ્યો છે તે બતાવવામાં આવ્યો હતો. ટ્રસ્ટના સૂત્રધાર શ્રી મુકુંદભાઈ ગાંધી સાથે ટ્રસ્ટની પ્રવૃત્તિઓના સંયોજક શ્રી જ્યોતીન્દ્રભાઈ પરીખ અને એમના કર્મચારીગણ સાથે પણ દરેક વિભાગ બાબત ચર્ચા કરીને સંસ્થા વિશે સંઘના સભ્યોએ સંપૂર્ણ માહિતી મેળવી હતી.

શ્રી મુકુંદભાઈ ગાંધીની નાનપણથી એક મહેચ્છા હતી કે ગરીબ, બીમાર, અપંગ માણસો માટે કંઈક કરી છૂટવું. આ કાર્ય માટે એમનાં ધર્મપત્ની શારદાબહેનની પ્રેરણા રહી હતી. શારદાબહેનના સ્વર્ગવાસ પછી એમના સ્મરણાર્થે મુકુંદભાઈ અને એમના પરિવારે માતબર રકમ સાથે પોતાના પિતાશ્રીના નામે શ્રી વાડીલાલ એમ. ગાંધી ચેરિટેબલ ટ્રસ્ટની સ્થાપના કરી હતી. ખૂબ જ નાના પાયે શરૂ કરેલી પ્રવૃત્તિઓ ધીરે ધીરે મોટું સ્વરૂપ લેવા લાગી. શરૂઆતમાં તેમણે પોતાના સ્ટાફને સાયકલ કે મોટર સાયકલ આપી એક એક ગામડે ગામડે ફરીને, જ્યાં માંડ ૧૦૦/૨૦૦ ની વસ્તી હોય ત્યાં પણ ફરીને પરિસ્થિતિનો ચિતાર કપડવંજ આવી આપે છે અને તેના ઉપરથી દરેક પ્રોગ્રામ નક્કી કરવામાં આવે છે. સંસ્થાનું મુખ્ય ધ્યેય છે વિકલાંગોનું સર્વેક્ષણ, મંદબુદ્ધિ, અંધ, શ્રવણમંદ અને અપંગ વ્યક્તિઓની વૈદકીય તપાસ અને તેમના પુનર્વસન માટેની વ્યવસ્થા કરવી તથા તેમને કેળવણી આપવી. મંદબુદ્ધિના બાળકોને શિક્ષણ, પોલીયોગ્રસ્ત બાળકોને ઓપરેશન કરાવી આપવાં, ઓપરેશન ન થાય તેને સાધનો જેવાં કે ટ્રાયસિકલ, ઘોડી, વ્હીલચેર, કેલીપર વગેરે આપવાં, હાથ, પગ વિનાની વ્યક્તિઓને કૃત્રિમ હાથપગ બેસાડી આપવા, કાનની તપાસ અને તાલીમ નિષ્ણાંત આંખના ડૉક્ટરો પાસે આંખોની તપાસ, મંદબુદ્ધિ બાળકોને અને તેમના વાલીઓને યોગ્ય કેળવણી, બહુ વિકલાંગ બાળકને સેટેલાઇટ ટ્રેનીંગ સેન્ટર દ્વારા યોગ્ય તાલીમ. આ જાતના બધા જ કામોમાં ગરીબોને કેવી રીતે મદદકર્તા થવું તેનો વિચાર કરવામાં આવે છે.

કચ્છમાં ધરતીકંપ થયો ત્યારે આ સંસ્થાએ ત્યાં જઈ પ્રશંસનીય કાર્ય કર્યું હતું. એમનો પુરો સ્ટાફ કચ્છમાં ઘણાં દિવસો રોકાઈ શું મદદ કરવા જેવી છે તેનો ચિતાર મેળવી તેમણે એ કાર્ય કર્યું હતું. ધરતીકંપથી તૂટી ગયેલાં ઘરો નવેસરની ૩૪ બિલ્ડીંગ રૂા. ૧૫ લાખના ખર્ચે બાંધી આપ્યાં અને લખપતમાં એક સ્કૂલ બનાવી આપી. બીજી ઇતર સામગ્રી જેવી કે ધાબળા, તંબુ અને ખાવાનાં પેકેટો બનાવીને ત્યાં આપ્યાં હતાં. જેમના હાથ પગ કપાઈ ગયાં હતાં તેના માટે ભાવનગરની P.N.R. હૉસ્પિટલની મદદથી ડૉક્ટરોને ત્યાં બોલાવી દરેકના માપ પ્રમાણે કૃત્રિમ હાથ કે પગ ઘણા વિકલાંગોને બેસાડી આપ્યાં હતાં.

આવી સરસ પ્રવૃત્તિઓ સરકારની નજર બહાર જાય જ નહિ. સરકાર તરફથી ઠાસરા ગામમાં સંસ્થાની પ્રવૃત્તિ ચલાવવા માટે મકાન આપવામાં આવ્યા છે. બાલાસીનોર ગામે એક હૉલ આપવામાં આવ્યો છે. શારદા સંકુલની મહત્ત્વની સિદ્ધિ એ છે કે ગુજરાત સરકાર તરફથી વિકલાંગોના પુનર્વસન માટે તા. ૨૧-૧૦-૨૦૦૨ના રોજ પહેલું પારિતોષિક આપવામાં આવ્યું હતું. આથી આવાં અનેક લોકોપયોગી કાર્યો કરતી સંસ્થા 'શારદા સંકુલ'ને આપણે આ વર્ષે આર્થિક સહયોગ આપવો અને પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન એ માટે અપીલ કરવી એમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું છે.

સંઘના સભ્યો, દાતાઓ તથા અન્ય મહાનુભાવોને આ કાર્યમાં સહકાર આપવા વિનંતી છે.

## પર્યુષણ વ્યાખ્યાનમાળા

સંઘના ઉપક્રમે પર્યુષણ વ્યાખ્યાનમાળા શનિવાર, તા.૧૧મી સપ્ટેમ્બર ૨૦૦૪ થી શનિવાર તા.૧૮મી સપ્ટેમ્બર ૨૦૦૪ સુધી એમ આઠ દિવસ માટે **શ્રી મુંબઈ પાટીદાર સમાજ હૉલ** (ફ્રેન્ચ બ્રિજ, બ્લેવેટસ્કી હૉલ સામે) મુંબઈ-૭માં યોજવામાં આવી છે. રોજ ૭-૩૦ વાગે ભક્તિસંગીત અને ૮-૩૦ થી ૧૦-૧૫ સુધી બે વ્યાખ્યાનો રહેશે.

સર્વને પધારવા નિમંત્રણ છે.

(હૉલનું નામ નોંધી લેવા વિનંતી.)

□ **મંત્રીઓ**

Printed & Published by Nirubahen Subodhbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400 027. And Published at 385, S.V.P. Road, Mumbai-400 004. Editor: Ramanlal C. Shah.

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57
Posted at Byculla sorting office Mumbai-400 011 Licence to post without prepayment No. 271
● વર્ષ : (૫૦) + ૧૫ ● અંક : ૯ ● ૧૬સપ્ટેમ્બર, ૨૦૦૪ ● ● Regd. No. TECH / 47-890 / MBI / 2003-2005
● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/- ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## संसग्गिं असाहु राइहिं ।

□ ભગવાન મહાવીર

## રાજાઓનો સંસર્ગ સારો નથી

ભગવાન મહાવીરે કહ્યું છે કે સાધુઓએ રાજા વગેરેનો સંસર્ગ રાખવો એ ઇષ્ટ નથી. સાધુઓને એથી અસમાધિ થાય છે.

ભગવાન મહાવીરે કેટલી દીર્ઘદૃષ્ટિપૂર્વક આ વાણી ઉચ્ચારી છે ! હકીકતમાં પોતે રાજકુમાર હતા, છતાં આવું વચન એમણે ઉચ્ચાર્યું છે ! વસ્તુતઃ આપણા બધા તીર્થંકરો રાજવી અથવા રાજકુમાર હતા. એમાં ત્રણ તીર્થંકરો શ્રી શાન્તિનાથ ભગવાન, શ્રી કુંથુનાથ ભગવાન અને શ્રી અરનાથ ભગવાન તો પોતે છ ખંડના ધણી, ચક્રવર્તી હતા.

કોઈ ડૉક્ટર એમ કહે કે ડૉક્ટરો સાથે સંબંધ રાખવા જેવો નથી, અથવા કોઈ વકીલ, કોઈ એન્જિનિયર, કોઈ અધ્યાપક કે કલાકાર પોતાના જ વર્ગ માટે આવું વચન ઉચ્ચારે તો તે કેટલું વિચિત્ર લાગે ! પરંતુ ભગવાને પોતે જ્યારે આવું વચન ઉચ્ચાર્યું છે ત્યારે તો એ અવશ્ય અર્થગંભીર હોવું જોઇએ. સૂત્રકૃતાંગ સૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના બીજા અધ્યયનના બીજા ઉદ્દેશમાં આ ગાથા નીચે પ્રમાણે છે:

उसिणोदगतत्तभोइणो धम्मट्ठियस्स मुणिस्स ह्रीमतो ।
संसग्गिं असाहु राइहिं असमाही उ तहागयस्स वि ।।

[ઉષ્ણ તપ્ત જળ વાપરનાર, ધર્મમાં સ્થિર, લજ્જાવાન (અસંયમ પ્રતિ) એવા મુનિનો રાજાદિક સાથેનો સંસર્ગ સારો નથી. તેવા સાધુને અસમાધિ થાય છે.]

અહીં મુનિને માટે જે વિશેષણો વાપર્યાં છે તે પ્રયોજનપૂર્વક છે. ઉષ્ણ અર્થાત્ તપ્ત જળ વાપરનાર એટલે કાચું પાણી નહિ વાપરનાર મુનિ આચારસંપન્ન હોવા જોઇએ. ધર્મનિષ્ઠ મુનિ ધર્મના મર્મને બરાબર જાણનાર હોવા જોઇએ. લજ્જાવાન એટલે કે અસંયમ પ્રતિ લજ્જાવાન. જે મુનિને કોઈ પ્રસિદ્ધિ કે મહત્તા જોઇતી નથી એટલે કે જે મુનિ અંતર્મુખ રહે છે અને પોતાનાં સંયમ, સ્વાધ્યાય, તપશ્ચર્યા વગેરેમાં મગ્ન હોય છે એવા મુનિને રાજાના સંસર્ગની કોઈ આવશ્યકતા નથી, કારણ કે પોતે સ્વાધીન છે અને મોક્ષપ્રાપ્તિનું પોતાનું ધ્યેય સ્પષ્ટ છે.

ભગવાને આમ જે કહ્યું છે તે નિશ્ચયનયની દૃષ્ટિ સમજવાનું છે. રાજા, મંત્રીઓ, મિનિસ્ટરો, રાજકીય નેતાઓ વગેરેના સંપર્કમાં રહેવાથી તેમની અને તેમના કર્મચારીઓની સાધુ મહારાજ પાસે અવરજવર રહ્યા કરે છે. ઉભય પક્ષે લાભની કેટલીયે યોજનાઓ વિચારાય છે. આ બધામાં ચિત્ત વધુ સમય રોકાયેલું રહે છે. કેટલીક વાર એવી ઘટનાઓ બને છે કે જેથી અસ્વસ્થ પણ થઈ જવાય છે. આથી સાધુને માટે આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાનનાં નિમિત્તો ઊભાં થાય છે. પછી વિચારે ચડી ગયેલું ચિત્ત શાસ્ત્રના અધ્યયનમાં પરોવાતું નથી અથવા પરોવાતાં વાર લાગે છે. સ્વાધ્યાય માટે ક્યારેક પૂરતો સમય રહેતો નથી. કેટલીક વાર રાજાઓ, મંત્રીઓ રાતને વખતે મળવા આવે છે કે જેથી સામાન્ય લોકોની નજરે તેઓ ન પડે. પરંતુ એથી સાધુ મહારાજને ઉજાગરો થાય છે. પછી ધ્યાન કે આત્મચિંતન માટે સમય રહેતો નથી. આવશ્યક ક્રિયાઓ પણ આઘીપાછી કરવી પડે છે. અથવા માંડી પણ વળાય છે. એટલે જ રાજાઓના કે રાજદ્વારી પુરુષોના સંપર્કમાં ન રહેવું એ સાધુ ભગવંતો માટે હિતાવહ છે.

ભગવાને તો એથી આગળ વધીને એમ કહ્યું છે કે રાજપિંડ પણ સાધુને ન ખપે એટલે કે સાધુથી રાજમહેલમાં ગોચરી વહોરવા માટે ન જવાય. રાજા કુમારપાળે પોતાના ધર્મગુરુ શ્રી હેમચંદ્રાચાર્યના કાળધર્મ પ્રસંગે એમની ચિતાને અગ્નિદાહ આપતી વેળાએ આંખમાં આંસુ સાથે કહ્યું હતું કે 'હું કેવો અભાગી કે રાજા થયો. એથી મારા ગુરુ મહારાજને ગોચરી વહોરાવવાનો લાભ મને ક્યારેય ન મળ્યો.' સાધુઓ રાજમહેલમાં ગોચરી માટે ન જાય એટલે તેઓ રાજમહેલમાં આંટાફેરા કરતા ન થાય એ બહુ મહત્વનું છે.

વળી રાજકારણ એ ખટપટનું ક્ષેત્ર છે. રાજા ભલે પ્રતાપી, સુશીલ અને ધર્માનુરાગી હોય, પણ એમના મંત્રીમંડળમાં, કર્મચારીઓમાં ઘણા કાવાદાવા ચાલતા હોય છે. સત્તા અને મહત્ત્વાકાંક્ષાનું ક્ષેત્ર સ્વયમેવ ગંદુ થઈ જાય છે. સાધુ મહારાજને જો રાજ્યસત્તાધીશો સાથે ઘનિષ્ઠ સંપર્કમાં હોય તો આવા કાવાદાવામાં તેઓ વગર ઇચ્છએ સંડોવાય છે. તેમનું નામ વગોવાય છે. ક્યારેક તેઓને કોઈ એક પક્ષ લેવાની જરૂર પડે છે. ક્યારેક તેમની અપકીર્તિ થાય છે.

જે મહત્માઓ કેવળ આત્મસાધનામાં જ મગ્ન રહેવા ઇચ્છતા હોય તેઓએ રાજદ્વારી પુરુષોનો સંસર્ગ રાખવાની બિલકુલ આવશ્યકતા નથી, કારણ કે એવો સંસર્ગ તેમની આત્મસાધનામાં બાધારૂપ બને છે. આવા મહાત્માઓ તો ગૃહસ્થો સાથે પણ બહુ સંસર્ગ રાખતા નથી. સાધુઓએ આહારપાણી, આવાસ વગેરે માટે સંઘની વ્યવસ્થાનો આશ્રય લેવો પડે છે. વ્યાખ્યાન, સંઘના શ્રાવક-શ્રાવિકાની તપશ્ચર્યા, ઉત્સવો, ક્રિયાવિધિ ઇત્યાદિ માટે સંઘ સાથે વ્યવહાર રહે છે. પરંતુ તેઓ તેનાથી લેપાતા નથી. કામ પૂરું થતાં તેઓ પોતાની સાધનામાં લાગી જાય છે.

તો શું સાધુ મહારાજે રાજા કે રાજદ્વારી વ્યક્તિઓ સાથે ક્યારેય

સંબંધ ન રાખવો જોઇએ ? ના, એમ તો ન કહી શકાય. ભગવાને જે કહ્યું છે તે નિશ્ચય દૃષ્ટિથી કહ્યું છે અને એ જ સાચું છે, તેમ છતાં વ્યવહારદૃષ્ટિથી રાજ્યસત્તા સાથેનો સંપર્ક ઇષ્ટ ગણાય છે. શાસન ઉપર જ્યારે આપત્તિ આવી પડે, અન્ય ધર્મના ઝનૂની લોકોનું સાધુઓ ઉપર, તીર્થો ઉપર, શ્રાવકો ઉપર આક્રમણ થાય ત્યારે રક્ષણ માટે રાજ્યસત્તાનો આશ્રય લેવો પડે છે. સંઘમાં જ બે પક્ષ પડી જાય અને કલહ ઉગ્ર બની જાય ત્યારે રાજ્યસત્તાની દરમિયાનગીરી ઉપયોગી નીવડે છે.

લોકશાહીના જમાનામાં વખતોવખત કાયદા બદલાતા જાય છે. શાસનના હિતનો પ્રશ્ન આવે ત્યારે સરકારી સંબંધોથી કાર્ય ત્વરિત થાય છે. કોઈ પણ વાતને ઇરાદાપૂર્વક વિલંબમાં નાખવાની કે બીજાને પરેશાન કરવાની ક્ષમતા અને આવડત સત્તાધીશોની પાસે હોય છે. કાયદા આગળ કોઇનું કશું ચાલતું નથી, પણ સત્તાધીશો કાયદો બદલી શકે છે. અથવા એનો અમલ વિલંબમાં નાખી શકે છે. એટલે કોઈ સાધુ મહાત્માઓ રાજનેતાઓ સાથે સંપર્ક રાખે એ શાસનના હિતની દૃષ્ટિએ ઉપયોગી છે. પરંતુ યાદ રાખવું જોઇએ કે રાજકારણમાં પક્ષાપક્ષી હોય છે. એટલે સાધુ મહાત્માઓએ પક્ષાપક્ષીમાં પડવું ન જોઇએ. વળી એ પણ સમજવું જોઇએ કે આ વ્યવહાર-દૃષ્ટિએ ઉપયોગી છે. એથી મોક્ષમાર્ગની આરાધનાને અવશ્ય અસર પહોંચે છે.

જે મહાત્માઓ સમર્થ અને પ્રભાવક છે તેઓ પોતાની આત્મસાધનાની સાથે સાથે રાજદ્વારી વ્યક્તિઓ સાથે પોતાની મર્યાદામાં રહીને સંસર્ગ રાખે એ વ્યવહાર દૃષ્ટિએ ઉપયોગી મનાય છે. શ્રી હેમચંદ્રાચાર્યને સિદ્ધરાજ જયસિંહ અને રાજા કુમારપાળ સાથે સતત સંપર્ક હતો. એથી શાસનને લાભ જ થયો છે. આઠ-નવ સૈકાથી ગુજરાત મુખ્યત્વે શાકાહારી રહ્યું છે. એનાં મૂળ હેમચંદ્રાચાર્ય અને રાજા કુમારપાળના સંબંધમાં રહ્યાં છે. શ્રી હીરવિજયસૂરીશ્વરે અકબર બાદશાહને પ્રતિબોધ પમાડ્યા એને કારણે એમના વખતમાં વરસમાં કુલ છ મહિના જેટલો સમય કતલખાના બંધ રાખવા માટે ફરમાનો નીકળ્યાં હતાં. આવાં બીજાં ઘણાં ઉદાહરણ મળી શકે.

સાધુ સંન્યાસીઓ માટે સામાન્ય લોકોમાં એવી શ્રદ્ધા રહે છે કે તેઓ પાસે વિદ્યા, મંત્ર, જડીબુટ્ટી, વાસક્ષેપ, માદળિયું, રક્ષાપોટલી, વગેરે કંઈક હોય છે અને તેના વડે તેઓ લોકોનાં દુઃખ દૂર કરી શકે છે, ધનસંતાનની પ્રાપ્તિ કરાવી શકે છે, કોર્ટકચેરી, ચૂંટણી કે યુદ્ધમાં વિજય અપાવી શકે છે. જૂના વખતમાં યુદ્ધ કરતાં પહેલાં રાજાઓ પોતાનાં ધર્મગુરુના આશીર્વાદ લેતા. હાલ કેટલાયે નેતાઓ ચૂંટણી વખતે સાધુ મહારાજ પાસે વાસક્ષેપ નખાવા આવે છે અને જો જીતી જાય તો એમની શ્રદ્ધા બમણી થાય છે. સાથે સાથે સાધુમહારાજને પોતાની શક્તિ માટે ગૌરવ થાય છે. ભક્તો એનો પ્રચાર કરે છે. પછી ભીડ જામે છે. પરંતુ આ બધું કરવામાં સાધુ મહારાજને પછી જપ-તપ, જ્ઞાન-ધ્યાન માટે, આત્મસાધના માટે સમય રહેતો નથી. રાત્રે પણ એમની પાસે અવરજવર ચાલુ રહે છે. કેટલાક સાધુ મહાત્માઓ આવો વ્યવહાર કરતાં હોવા છતાં તેના પર સમયમર્યાદા મૂકે છે અને સાધનાનું પોતાનું લક્ષ્ય ચૂકતા નથી. કેટલાક મહાત્માઓ સાંજનું પ્રતિક્રમણ કર્યા પછી કોઈને મળતા નથી અને શિષ્યો સાથે ખપ પૂરતી વાત કરે છે.

રાજદ્વારી પુરુષો બહુધા રજસ્ અને તમસ્ ગુણથી ભરેલા હોય છે. કેટલાક રાજાઓ કે રાજદ્વારી પુરુષો વિવિધ વ્યસનોથી ગ્રસિત હોય છે. વળી રાજકારણ હંમેશાં કુટિલતાભરેલું, દાવપેચવાળું હોય છે. એટલે સાત્ત્વિક ગુણવાળા સાધુ મહારાજો રાજદ્વારી પુરુષોના ગાઢ સંપર્કમાં રહે તો સમય જતાં એમની વિચારધારા અને વ્યક્તિત્વ પણ રજસ્ અને તમસ્ ગુણથી પ્રભાવિત થયા વગર રહે નહિ.

રાજાઓ કે રાજદ્વારી નેતાઓ સાથેનો સંબંધ માનકષાયનું મોટું નિમિત્ત બને છે. રાજદ્વારી નેતાઓ પાસે જો સત્તાસ્થાન હોય તો એ જ્યાં જાય ત્યાં એમના મંત્રીઓ, અંગરક્ષકો, પોલીસો, ચપરાસીઓ વગેરેની દોડાદોડ હોય છે. એમને જોવા માટે લોકોની પડાપડી હોય છે. પત્રકારો, ફોટોગ્રાફરોની ધૂમાધૂમ હોય છે. નેતામાં પોતાનામાં સત્તાની સભાનતા હોય છે. આવા મોટા નેતા પોતાને વંદન કરે છે એવો ભાવ અંતરમાં પડેલા સૂક્ષ્મ માનકષાયને પોષે છે જે જીવને અધ્યાત્મમાર્ગમાંથી પાછો પાડે છે. વર્તમાન સમયમાં ફોટા, વિડિયો, ટી.વી.ની બોલબાલા છે. એટલે મોટા રાજદ્વારી નેતા પોતાની પાસે વાસક્ષેપ નખાવે છે, ફોટો લેવાય છે એથી અહંકાર પોષાય છે. અંતર પડેલો સૂક્ષ્મ માનકષાય વધુ ગાઢ થાય છે.

સાધુઓને નેતાઓની લત ન લાગવી જોઇએ. નેતા સાથેનો ફોટો પોતાના મનમાં ગૌરવનો વિષય ન બનવો જોઇએ. સાધુપણાનું ઔચિત્ય જાળવવું જોઇએ. એક મુનિ મહારાજને એક રાજદ્વારી નેતા સાથે સારો સંબંધ થઈ ગયો હતો. એ રાજપુરુષ પોતાની કંઈ સમસ્યા હોય તો મુનિ મહારાજને મળવા આવે, એમની પાસે વાસક્ષેપ નખાવે. ચૂંટણી પ્રસંગે જ્યારે પોતે ઊભા રહ્યા હોય ત્યારે મહારાજશ્રી પાસે વાસક્ષેપ નંખાવા અવશ્ય આવે. એક વખત તો વ્યાખ્યાન ચાલુ હતું અને એ નેતા આવી પહોંચ્યા. તેઓ ઉતાવળમાં હતા. મહારાજશ્રીએ તરત વ્યાખ્યાન માંગલિક કર્યું અને ઉપર જઈ એ નેતા સાથે વાટાઘાટ કરવા બેસી ગયા. વસ્તુતઃ રાજદ્વારી નેતાઓ સાથેનો સંબંધ પણ એવો હોવો જોઇએ કે જેથી પોતાનાં આવશ્યક કર્તવ્યો ચૂકી ન જવાય.

બીજી બાજુ કેટલાક નેતાઓ પણ જબરા હોય છે. જૈન સમાજની અને કેટલાક સાધુઓની નબળાઈ તેઓ સમજતા હોય છે. એક વખત એક દેરાસરના પટાંગણમાં કોઈક આચાર્ય મહારાજની સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે એક મુનિ મહારાજની નિશ્રામાં કાર્યક્રમ યોજાયો હતો. શ્રોતાઓની ઘણી મોટી સંખ્યા હતી, કારણ કે કાર્યક્રમ પછી સ્વામિવાત્સલ્ય હતું. કાર્યક્રમ શરૂ થયાને થોડીવાર થઈ હશે. ત્યાં તો પોલીસની સાઇરન કાર સાથે બીજી ગાડીઓ આવી પહોંચી. એક ગાડીમાંથી મિનિસ્ટર ઊતર્યા. એમની આસપાસ બીજા માણસો દોડાદોડી કરવા લાગ્યા. કાર્યક્રમના આયોજકો અચંબામાં પડી ગયા. મિનિસ્ટર સીધા મંચ પર આવ્યા. તેમને મુખ્ય સ્થાન આપવામાં આવ્યું. મિનિસ્ટરે આયોજકોને બોલાવ્યા અને ખખડાવ્યા, 'આવો મોટો કાર્યક્રમ કરો છો અને મને કાર્ડ પણ મોકલતા નથી ? શું સમજો છો તમારા મનમાં ? જૈન સમાજના કેટલાં કામ હું કરી આપું છું એ ખબર છે ને !'

આયોજકો બિચારા માફી માગવા લાગ્યા. પછી મિનિસ્ટરે કહ્યું, 'આ કોણ બહેન ગાય છે ? એને કહો કે જલદી પૂરું કરે. મારે મોડું થાય છે.' તરત ગીત ટૂંકું થઈ ગયું. પછી મિનિસ્ટર બોલવા ઊભા થયા. સ્વર્ગારોહણની તિથિ બાજુ પર રહી ગઈ. મિનસ્ટરે પોણો કલાક જૈન સમાજ માટે પોતે શું શું કર્યું એ વિશે પોતાનાં બણગાં ફૂંક્યાં, જૈન સમાજની કેટલીક ટીકા કરી, કેટલીક સલાહ આપી અને વક્તવ્ય પૂરું થતાં મુનિ મહારાજને નમસ્તે કરી ચાલ્યા ગયા. પરિણામે સમગ્ર કાર્યક્રમ ડહોળાઈ ગયો. અડધા લોકો ખાવા માટે ઊભા થઈ ગયા. તરત મહારાજ સાહેબે ટૂંકું વક્તવ્ય આપી માંગલિક ફરમાવ્યું અને કાર્યક્રમ પૂરો થયો.

જૂના વખતમાં રાજા રાજ્ય પર શાસન ચલાવે પણ સાધુ મહાત્માને વંદન કરે. ભારતીય સંસ્કૃતિમાં રાજ્યસત્તા કરતાં ધર્મસત્તાને ચડિયાતી ગણવામાં આવે છે. જે રાજા સાધુઓને સતાવે છે તે વિનાશ નોંતરે છે. પ્રજા પણ ધર્મગુરુને વધારે માન આપે છે. કોઈ સભામાં રાજા પધારે ત્યારે એમને માન આપવા સમસ્ત મહાજન

ઊભું થઈ જાય છે, પણ સાધુઓ પોતાના સ્થાને બેઠેલા રહે છે. (ઘણાં વર્ષો પહેલાં એક સભામાં રાષ્ટ્રપતિ પધાર્યા ત્યારે મંચ પર બેઠેલા સર્વ મહાનુભાવો ઊભા થઈ ગયા. તે વખતે એક મુનિ પણ ભૂલમાં ઊભા થઈ ગયા હતા.) રાજાઓ પોતાની મર્યાદા સમજે છે. રાજા દુષ્યંત કણ્વ ઋષિના આશ્રમમાં જાય છે ત્યારે પોતાનાં મુગટ, હાર વગેરે રાજચિહ્નો ઉતારીને આશ્રમમાં પ્રવેશે છે.

વિદ્યાધામોમાં પણ રાજા કરતાં શિક્ષકનું–વિદ્યાગુરુનું માન વધુ હોય છે (જો કે હવે એવું રહ્યું નથી.) જૂના વખતની ઇંગ્લંડની વાત છે. ત્યાં ક્યારેક રાજા શાળાઓની મુલાકાતે નીકળતા. ઇંગ્લંડમાં રિવાજ એવો છે કે રાજા પધારે ત્યારે બધા પોતાની હેટ માથેથી ઉતારીને હાથમાં રાખે. રાજા પ્રત્યે સન્માન બતાવવાની એ પ્રથા છે. એક વખત રાજા પોતાના રસાલા સાથે ઇંગ્લંડની શ્રેષ્ઠ ગણાતી એક શાળાની મુલાકાતે ગયા. રાજા પધાર્યા ત્યારે આચાર્ય એમનું સ્વાગત કરવા પહોંચ્યા. પરંતુ એ વખતે એમણે પોતાની હેટ ઉતારી નહિ. રાજાને એ ગમ્યું નહિ. મંત્રીઓને અને બીજાઓને પણ એ ઠીક ન જણાયું. રાજાનો માનભંગ થયો હોય એવું લાગ્યું. રાજાને એમના માણસો સાથે આચાર્ય બધા વર્ગોમાં લઈ ગયા. પણ હેટ ઉતારી નહિ.

મુલાકાત પૂરી થઈ. સૌનો અભિપ્રાય એવો પડ્યો કે શાળા શ્રેષ્ઠ છે, પણ આચાર્યની ગેરશિસ્ત ગંભીર છે. એ ગેરશિસ્તને ગુનો ગણીને શિક્ષા કરવી જોઇએ. પણ એ પહેલાં આચાર્ય પાસે ખુલાસો માગવો જોઇએ. આચાર્યને બોલાવવામાં આવ્યા. અને હેટ ન ઉતારવાનું કારણ પૂછવામાં આવ્યું. આચાર્યે કહ્યું, રાજાસાહેબ માટે મને અપાર માન છે. પણ મારા વિદ્યાર્થીઓમાં એવી છાપ ન પડવી જોઇએ કે રાજા શિક્ષક કે આચાર્ય (વિદ્યાગુરુ) કરતાં મહાન છે. એમ થાય તો જીવનમાં એમનાં મૂલ્યો બદલાઈ જાય. અને પ્રજા ખમીરવંતી ન બની શકે.'

આચાર્યના ખુલાસાથી રાજાને અને બીજાંઓને આનંદ થયો અને ઇંગ્લંડની ભાવિ પેઢીને સારી રીતે ઘડવા માટે આચાર્યને અભિનંદન આપ્યા.

રાજાઓ, રાજ્યકર્તાઓ સાથેનો સંબંધ મુનિ મહારાજ માટે વ્યવહારદૃષ્ટિએ ગમે તેટલો ઉપયોગી હોય તો પણ અંતે તો ભગવાન મહાવીર સ્વામીએ કહ્યું છે તે જ સાચું છે અને તે જ લક્ષમાં રાખવું જોઇએ. મુનિ મહારાજ માટે એ જ હિતાવહ છે. રાજ્યકર્તાઓ સાથેનો સંબંધ અસમાધિનું મોટું નિમિત્ત બને છે એ વાત નિર્વિવાદ છે. એમાં પોતાનું અંતઃકરણ એ જ સાક્ષી છે.' માત્ર મોક્ષ અભિલાષ'થી જેઓએ દીક્ષા લીધી છે તેઓ તો આ વાતને તરત કબૂલ કરશે. ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ 'જ્ઞાનસાર'માં કહ્યું છેઃ

**प्राप्तं षष्ठं गुणस्थानं भवदुर्गाद्रिलङ्घनम् ।**
**लोकसंज्ञारतो न स्यान्मुनिर्लोकोत्तरस्थितिः ।।**

[ સંસારરૂપી વિષમ પર્વતનું ઉલ્લંઘન કરવારૂપ છઠ્ઠા (સર્વવિરતિ) ગુણસ્થાનકને પામેલા એવા, લોકોત્તર માર્ગમાં રહેલા મુનિ લોકસંજ્ઞામાં રાગ ન કરે.]

□ રમણલાલ ચી. શાહ

# આત્મતત્ત્વ

□ ડૉ. બિપિનચંદ્ર હીરાલાલ કાપડિયા

(ગતાંકથી ચાલુ)

ઉત્પાદ-વ્યયપણું દ્રવ્યમાં હોવા છતાં પણ ધ્રુવપણું કેવી રીતે સંભવે છે તે સ્પષ્ટપણે સમજવું પડશે. જેથી સર્વજ્ઞ વચન પર બહુમાન, અનહદ શ્રદ્ધા તથા પૂજ્ય ભાવ પ્રગટે છે. પંચાસ્તિકાયાત્મક જગત વિષે યથાર્થ વાસ્તવિકપણું નજર સામે સ્પષ્ટ થતાં ભ્રમણા, ભ્રાંતિ, અજ્ઞાનતા ટળી જાય. આવો વિચાર અન્ય દર્શનોમાં ક્યાંથી સંભવે ? છદ્મસ્થપણામાં સવજ્ઞ જેવું જ્ઞાન કેમ સંભવે ?

અન્ય ધર્મોમાં-દર્શનોમાં આવા સિદ્ધાન્તોનું નિરૂપણ, વિચારણા, પ્રરૂપણા જેવું કંઈ જ ન હોવા છતાં પણ પોતાના પ્રણેતા સર્વજ્ઞવાદી છે એવી માન્યતા છતાં પણ છબરડા વળ્યા છે. જેમકે આત્મા ક્ષણિક છે, તેનું સ્વરૂપ લુપ્ત થઈ જાય છે, કશું રહેતું નથી, આત્મા વિલીન થઈ જાય છે, શાશ્વત નથી. માત્ર પ્રકાશમય છે. સંખ્યાની દૃષ્ટિએ એક જ છે. અનંત આત્માઓ અસ્તિત્વ ધરાવતા નથી, તે સંભવે જ નહીં. અનંત શરીરમાં ઉપાધિ ભેદથી ભિન્ન ભિન્ન ભાસે છે. એક જ આત્માના પ્રતિબિંબો માત્ર ભિન્ન ભિન્ન શરીરમાં ભાસે છે. બાકી બીજાં બધાં જીવો તો માત્ર કઠપુતળી માત્ર છે. આત્મામાં પણ ઉત્પાદ-વ્યય થતાં જ રહે છે માટે એ પણ ક્ષણિક છે. આત્મા પણ નાશવંત છે. કાંદા-બટાટા વગેરેમાં અનંતા જીવો જ નથી. આત્મા સંકોચ વિકાસ પામે જ નહીં. અનંતા ભેગા થઈ એક શરીરમાં કેવી રીતે સમાય ? કેવી રીતે રહે ? એવું સ્વરૂપ જ સંભવી ન શકે. મદ-શક્તિની જેમ આત્મા પણ ઉત્પન્ન થઈ શકે છે, નષ્ટ પણ થાય. ગુણ વગરનો છે. આત્મા માત્ર શક્તિ છે. આત્મા રૂપી છે, ત્રૈકાલિક શાશ્વત નથી. કૂટસ્થ નિત્ય છે. આત્માને પણ ઉત્પન્ન કર્યો છે. શરીર એ જ આત્મા છે, મન એ જ આત્મા છે. મનથી જુદો નથી. આવી જાતના સેંકડો મતભેદો, મતાંતરો આજે એક આત્મા વિષયક પ્રચલિત છે. આ બધું એકાન્તવાદના કારણે છે. અનેકાન્તવાદમાં મતમતાંતરો સંભવી શકતા જ નથી. કેમકે તે સ્વ અને પર બંનેની અપેક્ષાઓ ગ્રહણ કરીને ચાલે છે. તેથી સ્યાદ્વાદિ અનેકાન્તવાદી એવો છે કે જે સ્પષ્ટ ન્યાય આપે છે, જે ગ્રાહ્ય છે.

જ્યારે પૂર્ણજ્ઞાન થયા પછી વીતરાગ ભાવ પણ સર્વોપરિ કક્ષાનો હોઈ કેવળ-દર્શનથી સર્વદર્શી પરમાત્મા પદાર્થનું દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વરૂપ યથાર્થ જોયા પછી કેવળજ્ઞાનથી એ જ સર્વજ્ઞ પરમાત્મા દ્રવ્ય-ગુણ-પર્યાયનું ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય યુક્ત પદાર્થોનું યથાર્થ સ્વરૂપ જાણી રાગ-દ્વેષ વિનાના વીતરાગી આપણા જેવા સામાન્ય માણસને જણાવે છે. આ ચરમસત્ય સિદ્ધાન્ત જગત સમક્ષ આવે છે. જે ચરમસત્ય બને છે, ત્રૈકાલિક સિદ્ધાન્ત બને છે. ચરમ સિદ્ધાન્ત શાશ્વત હોઈ બદલાયા ન કરે. તેથી આત્મા-પરમાત્મા, મોક્ષ તથા જીવાદિ દ્રવ્યોનું જે સ્વરૂપ પ્રરૂપ્યું છે તે શાશ્વત છે. ત્રણે કાળમાં અપરિવર્તનશીલ છે. ભૂત, ભવિષ્ય, વર્તમાન કાળમાં આત્માના સિદ્ધાન્તો બદલાશે નહીં, જ્ઞાન બદલાશે નહીં, સ્વરૂપ બદલાશે નહીં, વ્યાખ્યા પણ બદલાશે નહીં. તેથી તત્ત્વો ઉપર સાચી દૃઢશ્રદ્ધા રાખીએ તો સમ્યગ્ જ્ઞાન થાય. પદાર્થો તત્ત્વો ઉપર સાચી શ્રદ્ધા રાખતાં સમ્યગ્ દર્શન થશે. આ ત્રણેના સંયુક્ત સ્વરૂપને સમ્યગ્ રૂપે આચરવાથી, આરાધવાથી અંતે મોક્ષપ્રાપ્તિ થાય જ. તેથી પૂ. ઉમાસ્વાતિ મહારાજે તત્ત્વાર્થ સૂત્રમાં કહ્યું છેઃ 'સમ્યગ્-જ્ઞાન-દર્શન-ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ ।' ભૂતકાળમાં આ માર્ગે જ અનંતાત્માઓએ મોક્ષ મેળવ્યો. વર્તમાન કાળમાં મહાવિદેહમાંથી જીવો આ માર્ગે મોક્ષે જઈ રહ્યા છે. ભવિષ્યમાં અનંત કાળમાં પણ આ જ માર્ગે મોક્ષે જવાશે.

જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ આત્માના મૂળભૂત ગુણધર્મો છે. જે કર્મના આવરણથી આચ્છાદિત થઈ ગયાં છે તેને પ્રગટ કરવાના છે. કર્મોના આવરણથી નિરાવરણ કરવાની પ્રક્રિયા એટલે ધર્મ. આત્મગુણોની ઉપાસના એ આત્મધર્મ છે. મોક્ષ આત્મધર્મોની ઉપાસનાથી જ મળશે. અનંતા જન્મોમાં અનંતવાર ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય થવા છતાં પણ મૂળભૂત દ્રવ્યનું સત્તારૂપે અસ્તિત્વ રહે જ છે. ક્યારે પણ એક પ્રદેશ નષ્ટ થાય તેમ નથી, થયો નથી. કોઈ આત્મા સિદ્ધરૂપે, કોઈ દેવરૂપે, કોઈ મનુષ્યરૂપે, કોઈ નારકીરૂપે હોઈ શકે છે.

બૌદ્ધ દર્શનમાં નિર્વાણને આત્માના વિલીનીકરણ રૂપે માને છે, અંતે આત્મા લોપ થઈ જાય, વિલીન થઈ જાય, તેનું અસ્તિત્વ રહેતું જ નથી એનું નામ મોક્ષ છે. આ વિચારસરણી બુદ્ધની અસર્વજ્ઞતાનું પ્રદર્શન કરે છે. મીઠાનો કણ જેમ પાણીમાં વિલીન થઈ જાય તેમ આત્મા નામનો દ્રવ્ય વિલીન થઈ જાય છે ? જેમાં સાકર-મીઠું વિલીન થઈ જાય તે પાણી દ્રવ્ય છે, જ્યાં બંને સાકર, મીઠું અસ્તિત્વ ધરાવે છે. પાણીને ઉકાળીએ તો બંને દ્રવ્યોનું અસ્તિત્વ રહે છે, લોપ નથી થતો. મીઠું, સાકર પાણીમાં વિલીન થાય છે. બૌદ્ધોના મતે આત્મા શેમાં વિલીન થાય છે ? કયું દ્રવ્ય છે ? શું આકાશમાં કે વાયુમંડળમાં ? શું આકાશમાં કોઈપણ દ્રવ્ય ક્યારેય પણ વિલીન થયું છે ? જૈનદર્શન સ્પષ્ટ કહે છે કે અનંતાકાળમાં જીવ કે અજીવ આકાશમાં વિલીન થઈ શકતા જ નથી.

ભગવાન મહાવીર સ્વામીએ સર્વજ્ઞતાની રૂએ એટલે સુધી સ્પષ્ટ કર્યું છે કે વસ્તુ માત્ર ઉત્પાદ-વ્યય-ધ્રુવૌવ્ય રૂપે છે. પર્યાયોમાં ઉત્પાદ-વ્યય થતાં જ રહે છે જેના કારણે ક્ષણિકપણું નાશપણું દેખાય; પરંતુ એમાં ધ્રુવપણું અંતે સ્પષ્ટપણે દૃષ્ટિગોચર થાય છે. જેમકે સોનામાંથી બંગડી, વિંટી, ચેઈન તરીકે એક પછી એક બદલાતાં ઘાટથી પર્યાયો બદલાયા, નાશ પામ્યા, ફરી તે ઓગાળી આગળ જતાં અંગુઠી, હારાદિ બનાવ્યા. ત્રીજી વાર નવા ઘાટમાં બનાવડાવ્યાં તેથી પર્યાયો બદલાય છે જેને વ્યય કહી શકાય. આ રીતે વારંવાર ઉત્પાદ-વ્યય થતાં જ રહે તો પણ દ્રવ્યરૂપે મૂળ સોનું દરેકમાં અસ્તિત્વ ધરાવે છે. માત્ર આકાર પ્રકાર બદલાય સોનું મૂળ દ્રવ્ય જેમનું તેમ રહે છે, પરંતુ ક્યાંય પણ મૂળ દ્રવ્ય સોનાને કશો વાંધો નથી આવ્યો.

તેથી ભગવાન મહાવીર સ્વામી સમજાવે છે કે અખિલ બ્રહ્માંડમાં મૂળ બે જ દ્રવ્યો ૧. ચેતન-જીવ અને ૨. અજીવ. જીવ દ્રવ્ય એક અખંડ-અસંખ્ય પ્રદેશી છે. જ્ઞાન-દર્શનાદિ ચેતનાશક્તિ સંપન્ન ચેતન દ્રવ્ય છે. અનાદિ-અનંતકાલીન અસ્તિકાય ધરાવતું ચેતન દ્રવ્ય છે, જે અનુત્પન્ન અવિનાશી છે. ત્રિકાળ શાશ્વત છે અને સુખ-દુ:ખની સંવેદના હોય છે, અરૂપી છે.

જીવ અને આત્માની જેમ અજીવ દ્રવ્ય જ્ઞાન, દર્શનાદિ ચેતનાવિહીન, સુખદુ:ખની સંવેદના રહિત, અજીવ દ્રવ્યો ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાય સ્વરૂપે છે. પુદ્ગલ દ્રવ્યો છુટા પડી શકે છે, વળી પાછા સ્કંધ રૂપે ભેગા થઈ શકે છે. દ્રવ્ય સંઘાત-વિઘાતની પ્રક્રિયાવાળું છે. અંતિમ અવસ્થામાં પરમાણુ પણ નિત્ય છે. વર્ણ, ગંધ, રસ, સ્પર્શાદિ ગુણો પરિવર્તનશીલ છે. વનસ્પતિકાયનો એકેન્દ્રિય જીવ છે પરંતુ દશ્યમાન શરીર પુદ્ગલનું છે. તેથી પુદ્ગલ દ્રવ્યમાં પુદ્ગલના ગુણધર્મો; જીવમાં જીવગત ધર્મો-ગુણો હોય છે.

સર્વજ્ઞના કહેવા પ્રમાણે જીવ-અજીવ દ્રવ્યો અને તેમના પાંચે પેટા ભેદો બધા ત્રિકાલ શાશ્વત સદાકાલીન નિત્ય દ્રવ્યો છે. એમનામાં સતત ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય, સત્તાથી નિત્યપણું, અસ્તિત્વ સદા ત્રણે કાળમાં રહે છે. જેના આધારે ઉત્પાદ-વ્યય થતા રહે છે. આપણે જાણીએ છી કે જે દેહ ધારણ કર્યો છે તે છોડી બીજો સ્વકર્માનુસાર ધારણ કરે છે. ફરી ઉત્પન્ન થયેથી ઉત્પાદ થાય છે. ઉત્પાદથી જે દેહ ધારણ કર્યો તે પર્યાય (આકાર-પ્રકાર) કહેવાય. હવે નવા આકાર પ્રમાણે વ્યવહાર થતો રહે છે. આત્મા ચેતન દ્રવ્ય અનામી, અરૂપી છે. જ્યારે પુદ્ગલ દ્રવ્ય રૂપી છે જેના નામાદિ પડે છે. આમ ૪ ગતિનું ચક્ર ગાડાના પૈડાની જેમ જન્મ-મરણ, જન્મ-મરણના ચક્રવામાં સતત સંચરણશીલ સંસારમાં રહે છે. તેથી બૌદ્ધોની જેમ સર્વ ક્ષણિક, સર્વ શૂન્યં, સર્વં અનિત્યં મત કેવી રીતે માની શકાય ?

જૈનદર્શન પ્રમાણે પ્રત્યેક પ્રાણી તીર્થંકર થઈ શકે છે. વિશિષ્ટ પ્રક્રિયાનુસાર વિનયાદિની એક સીડી અને ૧૪ ગુણસ્થાનકની બીજી સીડી. તે ઉપર ક્રમિક પરંપરાગત પ્રણાલિએ આત્મા વિકાસ પામતો પરમોચ્ચ શિખરે પહોંચે ત્યારે મોક્ષ પામે છે. તે માટે જેઓ તીર્થંકર થવાના હોય છે તેઓ ક્યાંક ૨૦ સ્થાનકની સાધના કે તેમાંથી ગમે તે એકની સાધના કરી જીવનને અત્યંત પવિત્ર બનાવી દે છે. પૂર્વના ત્રીજા જન્મમાં આ સાધના કરી છેલ્લા જન્મમાં મોટા થઈ સંસારનું મહાભિનિષ્ક્રમણ કરી દીક્ષા અંગિકાર કરે છે. આત્મા ઉપરના ૮ કર્મોના આવરણને અનાવૃત્ કરવા તપશ્ચર્યા, ઉગ્ર વિહાર, કઠોર મરણાંત ઉપસર્ગો પ્રતિકાર વગર સહન કરવા, સતત ધ્યાન, કાયોત્સર્ગ-મહિનાઓ-વર્ષો સુધી કરી ચારે ઘનઘાતી કર્મોનો ક્ષય કરી વીતરાગતાદિ સર્વજ્ઞપણું પ્રગટ થાય છે. ૪ અઘાતી કર્મોનો ક્ષય થતાં સર્વજ્ઞ બની દેવકૃત સમવસરણમાં બેસી જગતને મોક્ષનો માર્ગ સમજાવે છે. જૈન ધર્મમાં એમને ભગવાન માન્યા છે જે પામરાત્મામાંથી પરમાત્મા બન્યા છે. તેઓ વીતરાગી, સર્વજ્ઞ, સર્વદર્શી, સિદ્ધ, બુદ્ધ, મુક્ત છે. જેથી ફરીથી સંસારમાં આવવાપણું રહેતું નથી. આમ આ દર્શને પ્રક્રિયા દ્વારા અનેક આત્મા પરમાત્મા બની શકે તેમ પ્રતિપાદિત કર્યું છે. અત્રે અવતારવાદને સ્થાન નથી. તેમની પરમાત્મા બનવાની પણ ઇજારાશાહી નથી. સંસારના ત્યાગી નિસ્પૃહી પરમાત્માને યુદ્ધ વગેરે કરવાનું ન હોવાથી આયુધાદિ ધારણ કરતા નથી તેમ જ નિ:સ્પૃહી હોઈ લીલા કરવાનો પ્રશ્ન જ નથી. જૈન ધર્મ અવતારવાદમાં માનતો ન હોવાથી વિવિધ અવતાર ધારણ કરવાની વાત જ અસ્થાને છે. વેદ, વેદાંત, રામાયણ, મહાભારત, પુરાણો વગેરે એનેકાત્મક ધર્મ ગ્રંથોમાં ભગવાન બનવાની પ્રક્રિયા જ નથી કેમકે અહીં અવતારવાદો સ્વીકાર્યા છે જે માટે સામાન્ય મનુષ્યો માટેના દ્વાર જ બંધ છે.

આનાથી ઊલટું તીર્થંકરોનો સાધનાનો કાળ છદ્માવસ્થાનો છે. આનાથી ઊલટું તીર્થંકરોનો સાધનાનો કાળ છદ્‌માવસ્થાનાં છે. પ્રભુ સૌને ધારણ કરે છે. તપ-તપશ્ચર્યાદિ કરી, વિહાર કરે છે, ઉપસર્ગો સહી કર્મ-નિર્જરા કરે છે. અદ્‌ભુત સાધનાઓ મહિનાઓ અથવા વર્ષો સુધી કરે છે. ઘનઘાતી કર્મો ખપાવી સંપૂર્ણ વીતરાગતા, કેવળજ્ઞાન, દર્શન, અનંતવીર્ય શક્તિ પ્રાપ્ત કરી મૌન તોડે છે. જગતના જીવો સમક્ષ દેશના આપે છે જે દેવતાઓએ બનાવેલા સમવસરણમાં આપે છે જેમાં સર્વપ્રથમ ગણધરો સમક્ષ 'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની ત્રિપદ'ની પ્રરૂપણા કરે છે. આ સિદ્ધાન્ત અકાટ્ય, શાશ્વત જે ત્રણે કાળમાં પરમ સત્ય સ્વરૂપે છે. 'સર્વ-જાનાતીતિ સર્વજ્ઞ:' સર્વ જાણે છે, અનંત જ્ઞાની છે. લોકાલોક વ્યાપી જ્ઞાન ધરાવે છે. જે સર્વજ્ઞ હોય તે અંશ માત્ર પણ અસમ્યક્ કે અસત્ય બોલે નહીં. 'અષ્ટાદશ દોષરહિતો જિન:' ૧૮ દોષોથી રહિત જિનેશ્વર ભગવંતો હોય છે. ૩૪ અતિશયો અને વાણીના ૩૫ ગુણોથી વિભૂષિત હોય છે. તેઓ અરિહંત કહેવાય છે. ૮ કર્મોમાંથી ૪ ઘનઘાતી કર્મોનો ક્ષય કરી સર્વજ્ઞ, સર્વદર્શી, કેવલી, વીતરાગી, અનંત શક્તિ સામર્થ્યના સ્વામી હવે ૪ શેષ અઘાતી (આત્માના ગુણોનો નાશ ન કરનારા) આયુષ્યાદિ બાકી હોવાથી દેહધારી, સદેહી અવસ્થામાં વિચરતા પૂર્વના ત્રીજા ભવમાં બાંધેલા તીર્થંકર નામકર્મનો રસોદય થતાં તીર્થની સ્થાપના કરનારાને તીર્થંકર કહેવાય છે. પરમાત્માનું આવું સુવિશુદ્ધ સ્વરૂપ બીજા કોઈ ધર્મમાં ન હોવાથી જૈન દર્શનની આ વિશેષતા છે.

વળી સંસારના સુખદુ:ખની લગામ પોતાના હાથમાં નથી રાખતા, ધર્મીને તારવા તથા અધર્મીઓનો સંહાર કરવાની કોઈ જવાબદારી નથી રાખી, તેમજ સૃષ્ટિનું સર્જન, વિસર્જન, પ્રલયાદિ પણ તેમના માથે નથી. જૈનદર્શનમાં આત્મા જ, પરમાત્મા બને છે. કોઈ પણ સંસારનો ભવ્યાત્મા કર્મક્ષયની પ્રક્રિયા દ્વારા પરમાત્મા બને છે. સર્વજ્ઞ પ્રણીત જૈન શાસન પ્રમાણે સંસારમાં અનંતાનંત જીવસૃષ્ટિ છે. આજે જે સૂક્ષ્મ દેખાતાં હોય, સ્થૂલ હોય તેઓ કર્માનુસારે યોનિયોમાં જન્મ ધારણ કરે છે. તેવા પ્રકારના કર્માનુસાર

આત્મિક વિકાસ સાધતાં સાધતાં મનુષ્ય જન્મમાં અવતાર ધારણ કરી સર્વજ્ઞ પ્રણીત ધર્મ પામી, આચરણમાં ઉતારી રાગ-દ્વેષાદિ અરિઓના હનનની ક્રિયા દ્વારા શત્રુ રૂપ કર્મોનો ક્ષય કરતાં કરતાં સર્વ કર્મોનો ક્ષય કરી નિર્વાણ પામી મોક્ષે પહોંચી સિદ્ધ, બુદ્ધ, મુક્ત બની જાય છે. સિદ્ધપદ એ પરમાત્માનું પદ છે. સિદ્ધપદ પણ પરમાત્માનું પદ છે; જ્યારે અરિહંત સદેહી પરમાત્મા છે. જેમણે જન્મ ધારણ કરી ધરતી પર વિચરતા હોઈ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

કેવલી ભગવંત ચારેય ઘાતિકર્મોનો ક્ષય કરી કેવળજ્ઞાની થયા બાદ આયુષ્ય કર્મ સહિત શેષ ચારેય અઘાતીકર્મોને સહજયોગે ખપાવે છે. આ ગુણસ્થાનકનો કાળ જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ દેશોન-પૂર્વકોટિ વર્ષનો હોય છે. જિન કેવલી કે તીર્થંકરનું આયુષ્ય જેટલું લાંબુ તેટલું તે ક્ષેત્રના તે લોકોનો પુણ્યોદય ! જે સાધકાત્માને તીર્થંકર નામ કર્મનો બંધ છે તેને કેવળજ્ઞાન થયા પછી જ એ કર્મ વિપાકોદયમાં આવે છે. અને તીર્થસ્થાપના કરે છે. તેઓ અષ્ટપ્રાતિહાર્યાદિ સહિતના સમવસરણાદિના પૂજ્ય, પવિત્ર અર્હને પામે છે. એવાં તીર્થંકરો જિન કેવલિ કહેવાય છે. તેઓ વિશેષમાં ૩૪ અતિશયોથી પ્રભાવક છે. ૩૫ ગુણોવાળી વાણીથી અલંકૃત હોઈ મોક્ષમાર્ગ પ્રસ્થાપક, મોક્ષમાર્ગ પ્રરૂપક, મોક્ષપ્રદાયક, જાગતિક પ્રાકૃતબલ નિયામક જગત ઉપકારક છે; જગદીશ છે. જ્યારે અન્ય કેવલી સામાન્ય કેવલી કહેવાય છે. ૧૪ પૂર્વો તથા આગમિક શાસ્ત્રના અધ્યયન કરી અધ્યાપન કરાવનારાને શ્રુતકેવલિ કહેવાય છે.

કેવલિ ભગવંતો અઢી દ્વિપમાં જ્યાં કૃષિ અસિ મસિ છે તેવાં ૧૫ કર્મભૂમિના ક્ષેત્રોમાં જ થાય છે. મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા, વિહરમાન ૨૦ તીર્થંકરો સદૈવ અસ્તિત્વ ધરાવે છે. અત્યારે સીમંધરાદિ ૨૦ તીર્થંકરો વિદ્યમાન છે. ૧૫ ક્ષેત્રોમાં અજીતનાથ ભગવાનના અસ્તિત્વ વખતે ૧૭૦ ઉત્કૃષ્ટ તીર્થંકરો હતા.

સંસાર ઘણો બિહામણો અને ભયંકર છે. કલ્યાણમંદિરની ગાથા ૪૧માં જણાવ્યું છે કે આવા બિહામણા સંસારમાંથી તારનારા તારક તીર્થંકરો કાર્યરત હોય છે જ.

તેનાથી વિપરીત કક્ષાનું મોક્ષનું સ્વરૂપ છે. સંસારમાં જ રાગ-દ્વેષ, સુખ-દુઃખ, ગત્યંતર, જન્માંતર જે જે છે તેમાંનું કશું મોક્ષમાં નથી. કારણ કે મોક્ષ એ આત્માની કર્મરહિત અવસ્થા છે, દુઃખરહિત અવસ્થા છે, જન્મ-મરણ રહિત અવસ્થા છે. જે બધું કર્મજનિત જ છે. કર્મો નથી માટે ત્યાં જન્મ-મરણાદિ કશું જ નથી. તેથી તેના ફળરૂપે ગત્યંતર, જન્માંતર, ભવાંતર કશું જ નથી. ત્યાં જન્મ-મરણના અભાવે યોનિ પણ ન જ હોય. જીવવિચારમાં સ્પષ્ટ કહ્યું છે કે 'સિદ્ધાણં નત્થિ દેહો ન આઉ ન કમ્મં ન પાણજોણિઓ.' તેથી તેઓ અશરીરી અકર્મી છે. એકમાત્ર શુદ્ધ આત્મા તરીકે છે. શુદ્ધ એટલે કર્મ વગરના. કારણ કે કર્મો વડે આત્મામાં અશુદ્ધિ પ્રવેશે છે. કર્મો ન હોય તેથી આત્મા શુદ્ધ સ્વરૂપે જ હોય. આવી છે મોક્ષાવસ્થા. સિદ્ધોનું પવિત્ર ધામ, પવિત્ર મોક્ષ જે શાશ્વત છે. ત્રણે કાળમાં શાશ્વત છે. અનંતકાળ પૂર્વે હતું અને અનંતકાળ પછી પણ શાશ્વત જ રહે છે. મોક્ષ ત્રણે કાળમાં શાશ્વત છે, અસ્તિત્વમાં રહેવાનો છે. તેથી સંસાર અને મોક્ષ બંને દ્વૈતોની સત્તા શાશ્વત છે. મોક્ષમાં ગયા પછી આત્માને સ્થિરતા પ્રાપ્ત થઈ જાય છે. અનંતકાળે પણ શાન્તિ નષ્ટ થાય તેમ નથી, હણાય તેમ નથી. ત્યાં સુખ પણ આનંદનું સ્વરૂપ લઈ અનંતકાળનું બની જાય છે જે સ્વસંવેદ્ય છે, વર્ણનાતીત છે. કેવલીગમ્ય છે. સંસારનું સ્વરૂપ આનાથી તદ્દન વિપરીત છે.

જૈનદર્શનમાં આત્માની ઉચ્ચત્તમ વિકસિત સ્થિતિ માટે માત્ર evolution નથી. તેમાં ઉત્ક્રાન્તિની સાથે અપક્રાન્તિને પણ સ્થાન આપ્યું છે. જેમકે ઉપશમશ્રેણિએ આરૂઢ થયેલા જીવને માટે ૧૧મે ગુણસ્થાનકે પહોંચ્યા પછી પડવાનું જ મુકરર થયેલું છે. તે જીવ ગબડતો ગબડતો પડતાં પડતાં ૨, ૧ તથા ઠેઠ નિગોદ સુધી પણ જઈ શકે છે. જ્યારે ક્ષપકશ્રેણિ જીવ ૧૦ મેથી ૧૧મે ન જતાં સીધો ૧૨, ૧૩, ૧૪ ગુણસ્થાનકે આરોહણ કરે છે. ૧૪ ગુણસ્થાનકની શ્રેણિની જેમ આપણે વિનયાદિ આત્મિક ગુણોના ઉત્કૃષ્ટતમ વિકાસની બીજી શ્રેણિ પણ જોઈ છે.

આ બે પદ્ધતિ ઉપરાંત આત્માના વિકાસને ક્રમિક સમજવા માટે પૂ. હરિભદ્રસૂરિ મહારાજે યોગદૃષ્ટિઓની વિચારણા રજુ કરી છે જે પોતાની સ્વતંત્ર છે જે આગમશાસ્ત્રોમાં નથી મળતી. તેથી તે આગમશાસ્ત્રીય વિચારણા નથી. ૧૪ ગુણસ્થાનકોની જેમ આ શ્રી હરિભદ્રસૂરિ મહારાજે 'યોગદૃષ્ટિ સમુચ્ચય' ગ્રંથમાં ગુણસ્થાનકમાં વિકાસની પ્રક્રિયાને ફક્ત ૮ યોગદૃષ્ટિમાં સમાવી છે જેમાં ઘણું સંક્ષિપ્તીકરમ કરાયું છે.

૧૪ ગુણસ્થાનકોમાં ૪થા ગુણસ્થાનકે આત્મા સમ્યગ્દર્શન પામે છે જે પહેલાં મિથ્યાત્વમાં પ્રવર્તતો હોય છે. જ્યારે યોગદૃષ્ટિમાં પાંચમી દૃષ્ટિમાં સમ્યગ્દર્શન પમાતું બતાવ્યું છે, તે પહેલાની ૪ દૃષ્ટિએ મિત્રા, તારા, બલા અને દીપ્રાને મિથ્યાત્વની બતાવી છે. અહીં યોગદૃષ્ટિનો આધાર ક્રમશઃ વધતા પ્રકાશના પ્રમાણના આધારે છે. જેમ જેમ પ્રકાશનું પ્રમાણ વધતું જાય છે તેમ તેમ દૃષ્ટિનો બોધ પણ બુદ્ધિંગત થતો રહે છે. દૃષ્ટિ શબ્દથી અભિપ્રેત આત્માનો બોધ વિશેષ છે. આમ આવા પ્રકારના બોધને પ્રકાશની સાથે સરખાવે છે. દા.ત. તૃણાગ્નિ તણખો બળે તો કેટલો પ્રકાશ થાય ? લાકડું બળે તો કેટલો થાય ? દીપક પ્રગટાવીએ તો કેટલો વધે ? રત્ન કે મણિનો પ્રકાશ, તારાઓનો પ્રકાશ, સૂર્યનો, પછી ચંદ્રનો પ્રકાશ જેમાં સરસ નિર્મળતા પવિત્રતા, કેટલી ઠંડક રહે છે ! જેમ પ્રકાશનું પ્રમાણ વધતું જાય, જેમ જીવ વિશેષનો આત્મબોધ સ્વરૂપ પ્રકાશ વધતો જાય છે, વધેલા પ્રકાશના આધારે જીવ દૃષ્ટિવાળો બોધવાળો બને છે.

અનંતાનંત આ સંસારમાં અનંતા જીવો ઇન્દ્રિયની દૃષ્ટિએ એકથી પાંચ ઇન્દ્રિયોવાળા વહેંચાયેલા છે. પંચેન્દ્રિયોમાં પણ સંજ્ઞિ અને અસંજ્ઞિ જીવો છે. સ્વસ્વકર્માનુસાર યોનિયોમાં ઉત્પન્ન થતાં થતાં નિગોદથી નીકળી નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ થતાં થતાં અંતિમ જન્મ મનુષ્ય યોનિમાં માતાના ગર્ભમાં તીર્થંકરને પણ જન્મ ધારણ કરવો પડે છે. તેઓ કલ્પસૂત્ર પ્રમાણે હરિવંસકુળ, રાજકુળ, ક્ષત્રિયકુળ, ભોગકુળાદિમાં મુખ્ય પટ્ટરાણીઓમાં ગર્ભપણે ઉત્પન્ન થાય છે. આ એક શાશ્વત વ્યવસ્થા છે. જ્યારે જીવની ભવિતવ્યતા પરિપક્વ થાય તથા ભવ્યતાથી ભગીરથ પુરુષાર્થ કરે જેની ખૂબ આવશ્યકતા હોઈ પૂ. ચિરંતનાચાર્યજી મહારાજે પંચસૂત્રમાં જણાવ્યું છે કે ત્રણ ઉપાયો જેવાં કે ૧. ચઉચરણગમણ, ૨. દુક્કડગરિહા, ૩. સુક્કડાણ સેવણ છે. આ રીતે ભવિતવ્યતા પરિપક્વ થવી સંભવ છે અને મોક્ષ માટે આગળ વધાય.

અદ્ભુત અને અપૂર્વ શ્રદ્ધા વડે ભટકવાનો જે રોગ ચિત્તને અનાદિકાળથી લાગુ પડ્યો છે તેને ભગીરથ પુરુષાર્થ કરી સ્થિર કરવાથી ચિત્ત સ્થિર થતાં જ્ઞાનાદિ આત્મગુણો ચરિતાર્થ થશે, જેમ અસ્થિર પાણીની નીચે પડેલાં અદૃશ્યમાન રત્નો સ્થિર પાણીમાં સહજ રીતે દૃષ્ટિગત થાય છે. નવતત્ત્વ પ્રકરણમાં ૮ રૂચક પ્રદેશો અચળ હોવાથી કર્મ ગ્રહણ કરતાં નથી. કર્મોનું જોર આત્મચેતનાને ઢાંકવાનું છે જ્યારે ૮ રૂચક પ્રદેશોનું જોર આત્મચેતનાનો ઉઘાડ કરવાનું છે.

આ રીતે આગળ વધેલાં જીવોને જૈન દર્શનપ્રમાણે અરિહંત અને સિદ્ધ સ્વરૂપના બન્નેને દેવતત્ત્વમાં ગણે છે. એમાં અરિહંત પરમાત્મા દેહસહિત છે, શરીરધારી છે છતાં પણ ૪ ઘાતીકર્મોથી મુક્ત કહેવાય છે, માટે સદેહે મુક્ત છે. દેહયુક્ત શરીરધારી હોવા છતાં પણ સંસારથી સર્વથા મુક્ત છે. હવે પાપાદિ કરવા કે કર્મબાંધવામાંથી મુક્ત છે. જ્યારે સિદ્ધ ભગવંતો આઠે આઠ કર્મોથી મુક્ત છે. આ રીતે જોતાં અરિહંત અને સિદ્ધોમાં ખાસ ફરક નથી; કેમકે માત્ર

શરીરના કારણે ભેદ છે. બંનેમાં બાકીનું બધું સમાન છે. બંનેનું કેવળજ્ઞાન-કેવળદર્શન-વીતરાગતા, અનંતશક્તિમત્તા બધું સમાન છે. દેહસહિત તે અરિહંત, જ્યારે દેહરહિત તે સિદ્ધ ભગવાન કહેવાય છે. સિદ્ધ સ્વરૂપે સ્થિર થયેલા ભગવંતોનું જેવું શુદ્ધવિશુદ્ધ, પરમ અને ચરમ સ્વરૂપ છે તે એક આત્યંતિક શુદ્ધાવસ્થા છે. મારા આત્માનું એ જ વર્તમાને સત્તાગત (પ્રચ્છન્ન) અપ્રગટ સ્વરૂપ છે. પ્રચ્છનપણે રહેલ શુદ્ધ-વિશુદ્ધ એવા આત્મ સ્વરૂપ પર જડના થરથી સંયોગવશાત વિરૂપિત થઈ ગયું, અશુદ્ધ, વિકૃત થઈ ગયેલું છે. પરમ સ્થિર, પૂર્ણ, અવિનાશી એવું આત્મસ્વરૂપ અસ્થિર, અપૂર્ણ, વિનાશી અને પર્યાયમુક્ત બની ગયું છે. આમ આવી વિરૂપ વિભાવદશા જે આત્માના સર્વ દુઃખનું કારણ બની ગયેલ છે, જે આત્માના સર્વ દુઃખનું કારણ એટલે મૂળ છે. આ વિરૂપ દશાને સ્વરૂપતામાં પલટાવી, પરિવર્તન કરી, મારે મારા સ્વરૂપ એટલે વિરૂપતાને સ્વરૂપતમાં સાવી મારે મારા સ્વરૂપે પ્રગટ કરી સ્વરૂપસ્થ થવાનું છે એટલે મારા આત્માની મૂળ સ્થિતિમાં આવી જવાનું છે.

આત્મા વિષે બહુ જ ટૂંકાણમાં કહેવું હોય તો તે અરૂપી, અનામી, અદશ્ય, અચલાદિ ગુણોવાળો પ્રત્યક્ષ દૃષ્ટિગોચર થતો નથી. ઈન્દ્રિગમ્ય નથી છતાં પણ તેનું લક્ષણ પૂજ્ય ઉમાસ્વાતિ મહારાજે તત્ત્વાર્થમાં કહ્યું છે કે 'ઉપયોગો લક્ષણ...ચેતના લક્ષણો જીવઃ' આત્માનું લક્ષણ ઉપયોગ અને ચેતના છે. ઉપયોગ એટલે જ્ઞાનાત્મક અને દર્શનાત્મક જ્ઞાનદર્શનને જ ઉપયોગ કહેવાય. પ્રતિક્રમણ કે વ્યાખ્યાનાદિમાં ઘોંઘાટ થાય ત્યારે 'ઉપયોગ, ઉપયોગ રાખો' એમ કહેવાય છે. તે સૂચવે છે કે અત્યારે તમારો જાણવા જોવાનો તમારો જ્ઞાનદર્શનનો ઉપયોગ ચાલી રહ્યો છે તેમાં સ્થિર થજો, રહેજો જેથી એકાગ્રતા તૂટી ન જાય. ઉપયોગ કે ચેતના બંને એક જ છે. સમાનાર્થક શબ્દો છે. અરિહંતના ભેદ કે પ્રકારો નથી. જ્યારે સિદ્ધોના શાસ્ત્રમાં ૧૫ ભેદો દર્શાવ્યા છે તે આ પ્રમાણે છે. (૧) જિનસિદ્ધ, (૨) અજિન સિદ્ધ, (૩) તીર્થ સિદ્ધ, (૪) અતીર્થ સિદ્ધ, (૫) ગૃહસ્થલિંગે સિદ્ધ, (૬) અન્યલિંગે સિદ્ધ, (૭) સ્વલિંગ સિદ્ધ, (૮) સ્ત્રીલિંગે સિદ્ધ, (૯) પુરુષલિંગે સિદ્ધ, (૧૦) નપુંસકલિંગે સિદ્ધ, (૧૧) પ્રત્યેક સિદ્ધ, (૧૨) સ્વયંબુદ્ધ સિદ્ધ, (૧૩) બુદ્ધબોધિત સિદ્ધ, (૧૪) એક સિદ્ધ, (૧૫) અનેક સિદ્ધ.

ઉપરના સિદ્ધો બતાવે છે કે જૈનો સંકુચિત માનસના નથી. અહીં તો આત્મા ઉપર લાગેલાં કર્મોના આવરણોનો ક્ષય કરી આત્મગુણો પ્રગટાવી આગળ આગળનાં ૧૪ ગુણસ્થાનકો ચઢતાં ચઢતાં જે આગેકૂચ કરી શકે છે તે જૈન હોય, જૈનેત્તર હોય, પુરુષ હોય, સ્ત્રી હોય, કોઈપણ ભવ્યાત્મા તથા ભવ્યતાના પરિપાકના ફળરૂપે મોક્ષમાં ક્યાં તો અરિહંત થઈ શકે અથવા સિદ્ધ પણ થાય. જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપાદિ ગુણોના સમૂહાત્મક પિંડનું નામ જ આત્મદ્રવ્ય છે અને તેનું ગુણોનું અસ્તિત્ત્વ આત્મા સાથે અનંતકાળ સુધી રહેવાનું.

તાત્પર્ય એટલું જ કે આપણે આ ચર્ચા, વિચારણા, આલોચના, પ્રરૂપણાના અંતે આત્મા જે ચેતન તત્ત્વ છે, શરીરાદિ તેને ચોંટેલા કર્મો બંને જડ છે. જેમ લોહચુંબક લોખંડના કણોને આકર્ષી પોતાની સાથે એકાકાર કરે છે તેમ કાર્મણવર્ગણા આત્માના પ્રદેશો સાથે જે રાગ-દ્વેષ, કષાયાદિથી મોહનીય પરિસ્થિતિમાં સંક્રાન્ત થઈ જાય છે તે બધું આત્માના નિજગુણો ઉપયોગ અને ચેતના એટલે કે જાણવું અને જોવું ક્રિયાન્વિત થતાં આત્મા પોતાની મૂળભૂત સ્થિતિમાં આવે છે. અહીં એટલું ધ્યાનમાં રાખવાનું કે આ બે ગુણો ઉપયોગ અને ચેતના આત્માના ગુણધર્મો છે નહીં કે જડ અચેતન શરીર કે કર્મોના. આત્મેતર જડ ટેબલ, ખુરસી, અરિસો, ઘર, સંપત્તિ વગેરે કોઈના નથી, આત્માના જ નિજી ધર્મો છે જે સનાતન, શાશ્વત, ત્રૈકાલિક છે.

છદ્મસ્થનો આત્મા હોય કે તીર્થંકરોનો, આત્માના ગુણો બંનેમાં છે જ, એકમાં અનાવૃત, જ્યારે બીજામાં આવરિત. ભક્તામરમાં આત્મા વિષે કહ્યું છે કે-ધૂમાડા વગરનો અને તેલવિહીન હોવા છતાં પણ ત્રણે જગતને પ્રગટ કરનારો છે. જે ઝંઝાવાતથી ઓલવાઈ ન જાય તેવો સકલ જગતને પ્રકાશિત કરનારો છે (૧૬) જે રાહુથી ગ્રસિત થનારો નથી અને એકી સાથે ત્રણે લોકને પ્રકાશિત કરનાર છે, જેનો પ્રકાશ વાદળોથી ઢંકાનારો નથી અને જેનો મહિમા સૂર્યને આંબી જાય તેવો છે (૧૭) જે હંમેશા ઉદિત રહેનારો તથા મોહરૂપી મહા અંધકારને નષ્ટ કરનારો છે. જગતને અપૂર્વ ઢબે પ્રકાશિત કરનારો, ચંદ્રબિંબ સમાન છે. તમારા મુખરૂપી ચંદ્રથી શશિ, અગ્નિ તથા સૂર્યની ક્યાં જરૂરત રહી છે કેમ કે તમારા મુખરૂપી ચંદ્રનો શીતલ પ્રકાશ જ અંધકારને નષ્ટ કરે તેમ છે (૧૯).

કલ્યાણ મંદિરમાં પણ આમ કહ્યું છેઃ-જન્મોરૂપી સાગરથી પરાંડ-મુખ હોવા છતાં પણ તમારા આશ્રિતોને તારક હોવાથી તારો છો. (૨૮) વળી યોગ્ય જ છે કે તમો કર્મોના વિપાકોદય વગરના છો. (૨૯) વિશ્વેશ્વર હોઈ લોકોના રક્ષક છો અને વિશ્વનો વિકાસ કરો છો. અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરનારા, ફંગોળી નાખનાર વિશ્વનો વિકાસ કરે તેવા શાશ્વત જ્ઞાનના અધિપતિ છો (૩૦).

અત્યાર સુધી વિવિધ દૃષ્ટિકોણથી આત્મા વિષયક જે વિવેચન, ચર્ચા, વિગતાદિ રજૂ કરી છે તેમાં સુજ્ઞ વાચકગણને પુનરુક્તિ દોષ જણાય તો તે માટે દિલગિરી સાથે ક્ષમાપ્રાર્થી છું કેમકે કૉલેજ કે વ્યાખ્યાનાદિમાં શ્રોતાગણમાંથી આડું અવળું મન વિચારોમાં ચાલી ગયું હોય તો બંને વક્તા વ્યાખ્યાતા કે પાટ પર બેસી વ્યાખ્યાન કરનારા સાધુ ભગવંતો સમજણ વધુ પડે તે માટે જુદી જુદી રીતે એતદ્વિષયક ચર્ચા રજૂ કરે છે જેથી બંને જાતના શ્રોતાઓ જેમાં એક વર્ગ તલ્લીનતાથી સાંભળે છે બીજો વર્ગ જેને વિષયાંતરમાં મન ચાલી ગયું છે તે બંને સારી રીતે વિષય સમજે તે માટે પુનરુક્તિ જરૂરી છે તેથી ફરીથી અત્રે પુનરુક્તિ દોષ માટે ક્ષમાપ્રાર્થીને ઉદાર દિલે સમજશો.

ઉપર્યુક્ત લખાણના સંદર્ભમાં સારસંક્ષેપ રૂપે આમ કહી શકાય કે જેમ એક દોરી કે દોરડું કે દિશાઓમાં પૂર્વ-પશ્ચિમ, ઉત્તર-દક્ષિણ તથા ચારે ખૂણાઓ વિરૂદ્ધ રીતે ગોઠવાયેલાં છે તેમ સંસાર ચક્રમાં નિગોદથી વિરૂદ્ધ દિશામાં મોક્ષ છે જે મેળવવા માટે જૈન દાર્શનિક ગ્રંથો કે તે સંબંધી લખાણાદિમાં જેના ઉપર ખૂબ ભાર મૂકાયો છે તે છે ઉપયોગ. આત્માની જ્ઞાન-દર્શનાત્મક પરિસ્થિતિને ઉપયોગ કહેવાયું છે. જે પ્રાપ્ત કરવા માટે અનુષ્ઠાન કે ધ્યાનાદિ ધાર્મિક ક્રિયાકલાપો કરતાં કરતાં ભાવનિર્જરા તથા ભાવના ઉપર ઘણો ભાર મૂક્યો છે જે માટે નવસ્મરણના ૮મા સ્મરણ કલ્યાણમંદિર સ્મરણનો ૩૮મો શ્લોક ટાંકી પ્રસ્તુત લખાણ સમાપ્ત કરું તે આ પ્રમાણે છેઃ-

આકર્ણિતોઽપિ મહિતોઽપિ નિરીક્ષિતોઽપિ
નૂનં ન ચેતસિ મયા વિધૃતોઽસિ ભક્ત્યા ।
જાતોઽસ્મિ તેન જનબાંધવ ! દુઃખપાત્રં
યસ્માત્ ક્રિયાઃ ફલન્તિ ન ભાવશૂન્યાઃ ।। ૩૮

આત્મા શબ્દની વ્યુત્પત્તિ જે સાર્થક છે અર્થ સમજાવે તેવી છે તે આ પ્રમાણે છેઃ-

'અટતિ અપરાપરપર્યાયાન્ સતતં ગચ્છતિ ઇતિ આત્મા'

અર્થાત્ નિરંતર નવનવા પર્યાયોમાં જે સતત જતો હોય તે આત્મા છે. પર્યાય એટલે શરીર અને સતત એક જન્મ પછી બીજા જન્મમાં, એક શરીર છોડી બીજા શરીરમાં જે સતત જાય છે, આવે છે તે આત્મા જ છે. નિગોદ અવસ્થામાંથી બહાર નીકલી વ્યવહાર રાશિમાં અકલ્પિત, અતકર્ય જન્મમાંથી ઉત્ક્રાન્તિ અને સુપુરુષાર્થ કરીને તે જ નિગોદનો એક જ આત્મા છેવટે સિદ્ધશિલા પર મોક્ષ પામી પોતાના સ્વતઃના ગુણધર્મલક્ષણાદિથી સંયુક્ત અને શાશ્વત હવે સ્થિર નિવાસી બની રહે છે. (સંપૂર્ણ) ❖❖❖

# શ્રી દેવચંદ્રજી મહારાજ રચિત શ્રી ધર્મનાથ જિન સ્તવન

☐ સુમનભાઈ એમ. શાહ

સમસ્ત લોક કે બ્રહ્માંડ પાંચ સત્‌દ્રવ્યોથી વ્યાપ્ત છે, જેને પંચાસ્તિકાય કહેવામાં આવે છે અને કાળ, જે દ્રવ્યનો વર્તના પર્યાય છે તેને ઔપચારિક દ્રવ્ય તરીકે ગણવામાં આવે છે. આ દ્રવ્યો સ્વતંત્ર, અનેક ધર્માત્મક (ગુણોવાળા) અને પોતપોતાના સ્વભાવમાં જ પરિણમે છે એવું જ્ઞાનીપુરુષોનું કથન છે. આમ જીવ (આત્મા), પુદ્‌ગલ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને કાળ એ છ દ્રવ્યોથી સમસ્ત લોક ભરપૂર છે. આ દ્રવ્યોને બે પ્રકારના ગુણો છે: સામાન્ય ગુણો જે દરેક દ્રવ્યમાં અવશ્ય હોય છે અને વિશેષ ગુણો જે દરેક દ્રવ્યના આગવા હોય છે. જીવદ્રવ્યના સામાન્ય ગુણો આવરણરહિત હોય છે, જ્યારે સાંસારિક જીવના વિશેષ ગુણો બહુધા આવરણયુક્ત હોય છે, એટલે સત્તામાં અપ્રગટપણે હોય છે.

શ્રી દેવચંદ્રજી મહારાજે પ્રસ્તુત સ્તવનમાં દ્રવ્યના સામાન્ય અને વિશેષ ગુણોનું સ્યાદ્‌વાદ પદ્ધતિથી અનેકાંતમય સ્વરૂપ પ્રકાશિત કર્યું છે. ઉપરાંત શ્રી તીર્થંકર પ્રભુને પ્રગટપણે વર્તતા આત્મિક વિશેષ ગુણોનું સ્વરૂપ પ્રકાશિત કર્યું છે. પ્રભુના જેવા જ ગુણો સાધકની આત્મસત્તામાં છે એમ ગુરુગમે જાણી અને મુક્તિમાર્ગનાં યથાર્થ કારણો સેવી આત્માર્થી પોતાનું આત્મકલ્યાણ સાધી શકે છે, એ પ્રસ્તુત સ્તવનનો મુખ્ય હેતુ જણાય છે. હવે સ્તવનનો ગાથાવાર ભાવાર્થ જોઇએ:

**ધર્મ જગનાથનો ધર્મ શુચિ ગાઇએ, આપણો આતમા તેહવો ભાવીએ;**
**જાતિ તસુ એકતા તેહ પલટે નહીં, શુદ્ધ ગુણ પજ્જવા વસ્તુ સત્તામયી.**
**ધર્મ જગનાથનો...૧**

નિશ્ચયદૃષ્ટિએ દરેક જીવની આત્મસત્તા શુદ્ધ ગુણ-પર્યાયમયી હોય છે, પરંતુ વ્યવહારદૃષ્ટિએ રાગદ્વેષ અને અજ્ઞાનવશ સાંસારિક જીવની વિભાવિક પ્રવૃત્તિથી આત્મિકગુણો બહુધા આવરણયુક્ત હોય છે. આમ છતાંય જીવદ્રવ્યના આત્મિકગુણો કાયમી હોવાથી તે પોતાનું સ્વજાતિપણું છોડતા નથી, એટલે ગુણો શુદ્ધ જ છે. પરંતુ આત્મિકગુણોને આવરણરહિત કરવાનો પુરુષાર્થ આત્માર્થીએ કરવો ઘટે છે. આ માટે સાધકે પ્રથમ તો ગુરુગમે શ્રી ધર્મનાથ પ્રભુના જ્ઞાન-દર્શનાદિ પ્રગટ ગુણોને જેમ છે તેમ ઓળખવા ઘટે. ત્યારબાદ શ્રી તીર્થંકર પ્રત્યે સાધકે અનન્યતા વર્તાવી તેઓના શુદ્ધ સ્વભાવનું સ્મરણ, ગુણકરણ, મનન, ચિંતન, ધ્યાનાદિમાં પ્રવૃત્ત થવું ઘટે. આવા પુરુષાર્થ-ધર્મની આરાધના વખતે સાધકે એવી ભાવના સેવવી ઘટે કે પોતાના સત્તાગત ગુણો પણ પ્રભુ જેવા જ શુદ્ધ છે. સાધક પોતાનો વીર્યગુણ પ્રવર્તાવી જેમ જેમ શ્રી તીર્થંકર પ્રભુ સાથે એકતા સાધે છે તેમ તેનામાં જ્ઞાનાદિ ગુણો આવિર્ભાવ પામે છે, એટલે ગુણોનું પ્રાગટ્ય થાય છે.

**નિત્ય નિરવય વલી એક અક્રિયપણે, સર્વગત તેહ સામાન્ય ભાવે ભણે;**
**તેહથી ઇતર સાવયવ વિશેષતા, વ્યક્તિ ભેદે પડે જેહની ભેદતા.**
**ધર્મ જગનાથનો...૨**

**એકતાપિંડને નિત્ય અવિનાશતા, અસ્તિ નિજ ઋદ્ધિથી કાર્યગત ભેદતા;**
**ભાવશ્રુત ગમ્ય અભિલાપ્ય અનંતતા, ભવ્ય પર્યાયની જે પરાવર્તિતા.**
**ધર્મ જગનાથનો...૩**

**ક્ષેત્ર ગુણભાવ અવિભાગ અનેકતા, નાશ ઉત્પાદ અનિત્ય પરનાસ્તિતા**
**ક્ષેત્ર વ્યાપ્યત્વ અભેદ અવક્તવ્યતા, વસ્તુ તે રૂપથી નિયત અભવ્યતા.**
**ધર્મ જગનાથનો...૪**

સામાન્ય ગુણો એ સર્વ સત્‌દ્રવ્યનો મૂળધર્મ કે સ્વભાવ છે. જેમ કે નિત્ય-અનિત્ય, નિર્‌અવયવ-સાવયવ, એક-અનેકતા, અક્રિય-સક્રિય, સર્વગત-દેશગત ઇત્યાદિ. આવા મુખ્યતઃ છ સામાન્ય ગુણો અને તેના પરસ્પર વિરોધાભાસ જણાતા એવા છ પ્રતિપક્ષ સામાન્ય ગુણો મળી બાર ગુણો દરેક દ્રવ્યમાં પ્રતિ સમયે અવશ્ય રહેલા છે. બીજીથી ચોથી ગાથામાં શ્રી દેવચંદ્રજીએ સ્યાદ્‌વાદ પદ્ધતિથી દ્રવ્યના સામાન્ય ગુણોનું અનેકાંતમય સ્વરૂપ પ્રકાશિત કર્યું છે. આવા ગુણો જાણવાથી સાધકને યથાર્થ સાધ્ય-સાધનની પ્રાપ્તિ થઈ શકે. વિવિધ અપેક્ષા કે દૃષ્ટિબિંદુથી દરેક દ્રવ્યના સામાન્ય ગુણો નીચે મુજબ જણાય છે:

**એકતા-અનેકતા :**

દરેક દ્રવ્યના સર્વ પ્રદેશ, ગુણો અને પર્યાયોનો સઘળો સમુદાય એક અખંડ પિંડરૂપે છે, એટલે ભિન્ન નથી. આ અપેક્ષાએ એકતા એ દ્રવ્યનો સામાન્ય ગુણ છે.

દરેક દ્રવ્યમાં ક્ષેત્ર, ગુણ અને ભાવ કે પર્યાયની અપેક્ષાએ અનેકતા પણ રહેલી છે. એક એક ગુણના અનંતા અવિભાગ હોવાથી તેમાં અનેકતા છે અને કોઈ એક ગુણના અનંતા પર્યાયોની અપેક્ષાથી દ્રવ્યમાં અનેકતા છે.

**નિત્યતા-અનિત્યતા :**

દરેક દ્રવ્યમાં કાયમી ધ્રુવતા રહેલી છે એ અપેક્ષાએ નિત્યતા એ દ્રવ્યનો સામાન્ય સ્વભાવ છે.

દરેક દ્રવ્યના ગુણોનો ઉત્પાદ્ અને વ્યય પર્યાયો મારફત થયા કરતો હોય છે અને આ અપેક્ષાએ દ્રવ્યમાં અનિત્યતા પણ રહેલી છે.

**અસ્તિતા-નાસ્તિતા :**

દરેક દ્રવ્ય પોતાના ગુણમય જ હોય છે એટલે કોઈ કાળે દ્રવ્ય પોતાની ગુણ-પર્યાયની ઋદ્ધિ છોડતું નથી. આ અપેક્ષાએ અસ્તિતા એ દ્રવ્યનો સામાન્ય ગુણ છે.

કોઇપણ એક દ્રવ્યના ગુણો બીજા દ્રવ્યમાં હોતા નથી એટલે 'પર'ની અપેક્ષાએ દ્રવ્યમાં 'નાસ્તિતા' પણ રહેલી છે.

**ભેદતા-અભેદતા :**

દરેક દ્રવ્યમાં અનેક ગુણો રહેલા છે અને દરેક ગુણનું કાર્ય અલગ-અલગ છે. એટલે ગુણોના કાર્યની અપેક્ષાએ દ્રવ્યમાં 'ભેદતા' રહેલી છે. દા. ત. દર્શનગુણને જોવાનું કાર્ય, જ્ઞાનગુણને જાણવાનું કાર્ય ઇત્યાદિ.

દ્રવ્યના સઘળા ગુણો તથા તેના પર્યાયોનો આધાર દ્રવ્ય છે. એટલે દ્રવ્ય અને તેના ગુણોમાં અભેદતા રહેલી છે. અથવા દ્રવ્ય અને તેના ગુણો છૂટા પાડી શકાતા નથી એવી અભિન્નતા છે.

**વચનગમ્ય-વચનાતીત (અનુભવગમ્ય) :**

દ્રવ્યના ચોક્કસ પ્રકારના ગુણો કે ભાવો વાણીથી કહી શકાય તેવા છે અથવા શ્રુતજ્ઞાનથી જાણી શકાય તેવા છે. આ અપેક્ષાએ દ્રવ્યનો અભિલાપ્ય સ્વભાવ.

દ્રવ્યમાં એવા પણ ગુણો છે, જે વચનાતીત હોય છે અથવા માત્ર અનુભવગમ્ય હોય છે. આ અપેક્ષાએ દ્રવ્યનો અન્‌અભિલાપ્ય સ્વભાવ.

**ભવ્યતા-અભવ્યતા :**

ગુણના પર્યાયોનું પરાવર્તન કે પરિણમન થવું એ દ્રવ્યનો ભવ્યતા સ્વભાવ.

જ્યારે કોઇપણ દ્રવ્યના ગુણનું પરાવર્તન કે પરિણમન પર્યાયો મારફત થાય છે ત્યારે પણ મૂળદ્રવ્યનું સ્વરૂપ કે તેના ગુણો બદલાતા નથી. આવી નિયતપણાની અપેક્ષાએ દ્રવ્યમાં 'અભેદતા' પણ છે.

ઉપર મુજબના દ્રવ્યના સામાન્ય ગુણો એક જ સમયે અનેકાંતમય સ્વરૂપે દ્રવ્યમાં વર્તે છે. દા. ત. જે સમયે દ્રવ્યમાં નિત્યતા છે, તે જ સમયે અનિત્યતા પણ રહેલી છે, એવી રીતે એકતા-અનેકતાદિ ગુણો

જાણવા.

**ધર્મ પ્રાગ્‌ભાવતા સકલ ગુણ શુદ્ધતા, ભોગ્યતા કર્તૃતા રમણ પરિણામતા;**
**શુદ્ધ સ્વપ્રદેશતા તત્ત્વ ચૈતન્યતા, વાપ્ય વ્યાપક તથા ગ્રાહ્ય ગ્રાહકતા.**
**ધર્મ જગનાથનો...૫**

પ્રસ્તુત ગાથામાં સ્તવનકારે શ્રી જિનેશ્વર પ્રભુના ચોક્કસ પ્રકારના વિશેષગુણો કે સ્વભાવનું સ્વરૂપ પ્રકાશિત કર્યું છે. શ્રી ધર્મનાથ પ્રભુએ આત્મિકજ્ઞાન-દર્શનાદિ ગુણોને આવરણ કરનાર સર્વે ઘાતીકર્મોનો કાયમી ક્ષય કરી સઘળા ગુણો પ્રગટ કર્યા હોવાથી તેઓ નિરંતર શુદ્ધ અને ક્ષાયિકભાવ પરિણામ પામી રહેલા છે. આત્મિક વિશેષગુણોનું સ્વરૂપ નીચે મુજબ જણાય છે.

**આવિર્ભાવતા :**

આત્મિક જ્ઞાન-દર્શનાદિ ગુણોનું પરિપૂર્ણ પ્રાકટ્ય થવું તે આવિર્ભાવ. દા. ત. સર્વજ્ઞ ભગવંત લોકાલોકના સર્વ પદાર્થોના સઘળા ભાવોને વર્તમાનમાં જોઈ-જાણે છે.

**ભોગ્યતા :**

સર્વજ્ઞ ભગવંતને સઘળા શુદ્ધ આત્મિક ગુણોની ભોગ્યતા છે માટે તેઓનો ભોક્તૃત્વ સ્વભાવ છે.

**કર્તૃતા :**

આત્મદ્રવ્યના સઘળા પ્રદેશો સામૂહિકપણે એક સાથે મળીને કાર્ય-પ્રવૃત્તિ કરે છે, માટે કર્તૃત્વ આત્માનો સ્વભાવ છે. દા. ત. દેહધારી અરિહંત પરમાત્માની કાર્ય-પ્રવૃત્તિ ક્રિયાના કર્તાપણાથી થાય છે.

**રમણતા :**

શ્રી અરિહંત પ્રભુ પોતાના શુદ્ધ સ્વગુણ-પર્યાયમાં જ જ્ઞાતા દ્રષ્ટા દ્વારા ભાવે રમમાણ હોય છે.

**પારિણામિકતા :**

સર્વજ્ઞ ભગવંતના સઘળા આત્મપ્રદેશો સંપૂર્ણ શુદ્ધતાને પામેલા હોવાથી તેઓને પારિણામિક ભાવ વર્તે છે.

**તત્ત્વ ચેતનતા :**

શુદ્ધ ચેતના એ આત્મદ્રવ્યનો વિશેષ સ્વભાવ છે. સર્વજ્ઞ અને સર્વદર્શીને શુદ્ધ ચેતના વર્તતી હોય છે.

**વ્યાપ્ય-વ્યાપકતા :**

સર્વજ્ઞના સઘળા અસંખ્યાત આત્મપ્રદેશો શુદ્ધ ચૈતન્યમય જ નિરંતર વ્યાપી રહેલા હોવાથી તેઓનો વ્યાપ્ય-વ્યાપકતા એ વિશેષગુણ છે.

**ગ્રાહ્ય-ગ્રાહકતા :**

સ્વગુણો કે નિજ-સ્વભાવ ગ્રાહ્ય છે અને આત્મા તેનો ગ્રાહક છે, તેથી આત્મામાં ગ્રાહ્ય-ગ્રાહકતા વિશેષગુણ છે.

ઉપર મુજબના આત્મિક વિશેષગુણો શ્રી જિનેશ્વર પ્રભુના શુદ્ધ સ્વરૂપમાં હોય છે. પ્રભુનું ભક્તિમય ગુણકરણ કરવા માટે સાધકે ગુરુગમે વિશેષગુણો જાણવા ઘટે.

**સંગ પરિહારથી સ્વામી નિજપદ લહ્યું, શુદ્ધ આત્મિક આનંદ પદ સંગ્રહ્યું;**
**જહવિ 'પર' ભાવથી હું ભવોદધિ વસ્યો, પરતણો સંગ સંસારતાએ ગ્રસ્યો.**
**ધર્મ જગનાથનો...૬**

હે ધર્મનાથ પ્રભુ ! પ્રચંડ પુરુષાર્થ આદરી આત્મિક વિશેષગુણોને આવરણ કરનાર કર્મરૂપ પૌદ્‌ગલિક રજકણોનો સંગ આપને છૂટી ગયો અને આપને કાયમની શુદ્ધ અસંગ-દશા પ્રગટ થઈ. હે પ્રભુ ! આપે શુદ્ધ અને આનંદમય નિજપદમાં કાયમી નિવાસ કર્યો છે. હે પ્રભુ ! હું તો 'પર'પુદ્‌ગલાદિ પદાર્થોમાં મોહાસક્ત હોવાથી ચારગતિરૂપ સંસાર-સમુદ્રમાં પરિભ્રમણ કરી રહ્યો છું. મારી આવી અવદશા 'પર' પદાર્થોના સંગથી થઈ છે તથા કર્મોએ મને સંસારમાં જકડી લીધો છે એનું મને ભાન થયું છે. આમ મારા અને પ્રભુ વચ્ચે વિશાળ અંતર પડ્યું છે.

**તહવિ સત્તાગુણે જીવ એ નિર્મલો, અન્ય સંશ્લેષ જિમ સ્ફટિક નવિ શામળો;**
**જે પરોપાધિથી દુષ્ટ પરિણતિ ગ્રહી, ભાવ તાદાત્મ્યમાં માહરું તે નહિ.**
**ધર્મ જગનાથનો...૭**

હે ધર્મનાથ પ્રભુ ! આપના દર્શનથી ગુરુગમે મને જાણવા મળ્યું કે નિશ્ચયદૃષ્ટિએ મારો આત્મા પણ સત્તામાં (અપ્રગટપણે) આપના જેવો નિર્મળ, અસંગ, અરૂપી અને શુદ્ધ જ છે. જેમ સ્ફટિક રત્ન પાછળ કૃષ્ણાદિ 'પર'પદાર્થોના હોવાપણાથી કાળો દેખાય છે, પરંતુ વાસ્તવમાં રત્ન શામળું નથી. જે જીવ 'પર'પદાર્થોમાં મારાપણું અને કર્મના કર્તાપણાનું અભિમાન રાખી વિભાવો કરે છે, તેને ઉપાધિમય સંસારમાં પરિભ્રમણ થયા કરે છે. આવી રીતે પુદ્‌ગલ દ્રવ્યના ઉપાધિરૂપ યોગથી જીવને રાગદ્વેષ અને અજ્ઞાનાદિની પરિણતિ થાય છે. વાસ્તવમાં ગુરુગમે મને જાણ થઈ છે કે મારો તાદાત્મ્યભાવ કે સ્વરૂપ આવું નથી, પરંતુ મારી અવદશા કર્મના સંયોગને આભારી છે.

**તિણે પરમાત્મ પ્રભુ ભક્તિ રંગી થઈ, શુદ્ધ કારણ રસે તત્ત્વ પરિણતિમયી;**
**આત્મ ગ્રાહક થયે તજે પર ગ્રહણતા, તત્ત્વભોગી થયે ટળે પરભોગ્યતા.**
**ધર્મ જગનાથનો...૮**

આત્માર્થી સાધકને નિશ્ચય થતો જાય છે કે વિભાવ પરિણતિ, એ મારા આત્માનો મૂળ સ્વભાવ નથી, માટે તેનું નિવારણ થઈ શકે તેમ છે. આ હેતુથી સાધક શ્રી ધર્મનાથ પ્રભુનો શરણાગત થઈ તેઓની ભક્તિના ગુણગાનમાં તન્મય થાય છે. સાધક પ્રત્યક્ષ સદ્‌ગુરુની નિશ્રામાં મુક્તિમાર્ગનાં યથાર્થ કારણો સેવે છે. આવા પુરુષાર્થના પરિણામરૂપે સાધક શુદ્ધ આત્મ-સ્વરૂપનો ગ્રાહક થાય છે, અને 'પર'પુદ્‌ગલાદિને પોતાના માની ગ્રહણ કરતો નથી. સાધક ઉત્તરોત્તર શુદ્ધ જ્ઞાનાદિ ગુણમય આત્મ-તત્ત્વનો ભોગી થાય છે અને તેની 'પર'પદાર્થોમાં ભોગ્યતા ટળે છે.

**શુદ્ધ નિઃપ્રયાસ નિજભાવ ભોગી યદા, આત્મક્ષેત્રે નહિ અન્ય રક્ષણ તદા;**
**એક અસહાય નિસ્સંગ નિર્દ્વંદ્વતા, શક્તિ ઉત્સર્ગની હોય સહુ વ્યક્તતા.**
**ધર્મ જગનાથનો...૯**

સાધકને જ્યારે 'પર'દ્રવ્યનું સંગીપણું છૂટી જાય છે અને તે શુદ્ધ સ્વગુણોનો ભોક્તા થાય છે ત્યારે તેના આત્મપ્રદેશોને લાગેલા પૌદગલિક રજકણોરૂપ ઘાતિકર્મોનો સર્વથા ક્ષય થાય છે. આવા ભવ્યજીવને ક્ષાયિક ભાવે આવિર્ભાવ પામેલા આત્મિકગુણોમાં અસંગપણું (કર્મસંગરહિતપણું), દ્વંદ્વાતીપણું (રાગદ્વેષરહિતપણું), સહજભાવે (અપ્રયાસ) સ્વતંત્રપણું (અન્ય દ્રવ્યની સહાયતા વગર) ઇત્યાદિ ઉત્સર્ગ શક્તિઓ પ્રગટ થાય છે. છેવટે આવો ભવ્યજીવ સ્વગુણોના પરમાનંદમાં નિમગ્ન રહે છે. ટૂંકમાં સાધકની ઢંકાયેલ આત્મશક્તિ પ્રગટપણે વ્યક્ત થાય છે.

**તેણે મુજ આતમા તુજ થકી નીપજે, માહરી સંપદા સકલ મુજ સંપજે;**
**તેણે મનમંદિરે ધર્મ પ્રભુ ધ્યાઇએ, પરમ 'દેવચંદ્ર' નિજ સિદ્ધ સુખ પાઇએ.**
**ધર્મ જગનાથનો...૧૦**

શ્રી ધર્મનાથ પ્રભુ જેવા પુષ્ટ-નિમિત્તનું શુદ્ધાવલંબન લઈ સાધક તેઓના પ્રગટ આત્મિકગુણોને ધ્યાવતાં, તેની આત્મિક સંપદા પ્રગટપણે વર્તે છે. હે પ્રભુ ! આવી સિદ્ધિ આપની આશ્રયભક્તિથી મને પ્રાપ્ત થઈ શકે તેમ છે. હે પ્રભુ ! આપની કૃપાદૃષ્ટિ અને ઉપકારકતા અજોડ છે. અવસર આવે જ્યારે આત્મિક સંપદા મને પ્રાપ્ત થશે ત્યારે મને સહજાનંદ અને સનાતન સુખ અનુભવવાનું સૌભાગ્ય મળશે એવો મને નિશ્ચય વર્તે છે. આવી રીતે જે મુમુક્ષુજન શ્રી અરિહંત પ્રભુનું આલંબન લઈ તેઓનું ગુણકરણ કરશે તે અનંત અને અક્ષય નિજ સંપદા પામવાનો અધિકારી નીવડશે.

આમ જીવદ્રવ્યના સામાન્ય ગુણો એ આત્મિક સત્તા છે જ્યારે વિશેષગુણો કાર્યસિદ્ધિ રૂપ હોય છે. આવા ગુણોને ગુરુગમે યથાર્થ ઓળખી સાધક આત્મ-સાધનામાં પ્રવૃત્ત થાય છે, તે ભવસમુદ્રને હેમખેમ પાર કરે છે, એ સ્તવનનો મુખ્ય હેતુ જણાય છે. ❖❖❖

# અક્ષર

☐ ડૉ. રણજિત પટેલ (અનામી)

મારી મોટામાં મોટી કોઈ નિર્બળતા હોય તો તે એ છે કે કામ પત્યા પછી પણ હું કોઈના આવેલા પત્રો ફાડી શકતો નથી. મારો મોટો દીકરો તો કામ પત્યે ગમે તેવા પત્રોનો અગ્નિસંસ્કાર કરી નાખે છે, એથી એ બધી રીતે હળવો થઈ જાય છે જ્યારે હું દિન-પ્રતિદિન ઊંડા કળણમાં ફસાતો જતો હોઉં એવું લાગે છે. છેલ્લા છ દાયકાના ભેગા થયેલા પત્રોની સંખ્યા પણ પાંચ હજારથીય વધારે છે. ફાઈલમાં રાખવાને બદલે હું એમને મોટા કોથળામાં ભરી રાખું છું. આજે તો પુસ્તકો કરતાં પત્રોની સંખ્યા ઝાઝી છે, જો કે ચારેક સાલ પૂર્વે મેં ચાર સાડા ચાર હજાર પુસ્તકો દાનમાં આપી દીધાં છે. આમે ય કોઇનો પત્ર આવે કે 'અમે પ્રો. વિ. ર. ત્રિવેદી સાહેબ, ડૉ. જયંત કોઠારી, યોગેશ્વરજી કે શ્રી ચં. ચી. મહેતાના પત્રોનું સંપાદન કરી રહ્યા છીએ' તો હું જુદા તારવીને સંપાદન કરવા માગનાર સજ્જનને મોકલી આપું છું. ત્રણેક દાયકા પૂર્વે એક સજ્જન મારી પાસેથી આપણા મૂર્ધન્ય સાક્ષરોના પત્રો લઈ ગયા. એમને પત્રોમાં નહીં પણ એમના હસ્તાક્ષરોમાં રસ હતો. કોઇને પણ આ રીતે પત્રો આપું છું ત્યારે મને થાય છે હાશ ! ઋણમુક્તિ થઈ કે વયમાં આવેલી કન્યા ઠેકાણે પડી ! ફાડવામાં કે અગ્નિ-સંસ્કાર કરવામાં મને રસ નથી, આપી દેવામાં આનંદ છે.

આવેલા પત્રો, કામ પત્યે હું કેમ ફાડી નાખતો નથી, એનું કારણ કહું ? કાર્ડ કે કવરમાં આવેલા પત્રોમાં કેટલાક શબ્દો, કેટલાક પ્રયોગો, કેટલીક કહેવતો, કેટલાક વિચારો, કેટલીક અભિવ્યક્તિની છટા ને તરાહ એવી હોય છે કે એમાં મારું મન મોહી જાય છે. વિચારું કે ઘઉં ઘઉં વીણી લઉં ને કાંકરા ફેંકી દઉં, પણ સ્વતંત્ર ઉતારા કરી લેવાની વૃત્તિ કે ફુરસદ ક્યાંથી લાવું ?...એટલે ડુંગર વધતો જાય છે, પણ આ નિર્બળતામાંથી પણ 'પત્ર-પુંજ' નામે એક સોનેટ લખાયું છે જે પ્રગટ થયું છે. એ સોનેટમાં મારી વ્યથાની કથા છે. અંગત ને બિનંગત. ભાવની એમાં અભિવ્યક્તિ છે.

થોડાક સમય પહેલાં ડૉ. ધીરુભાઈ પી. ઠાકરે મને 'પત્ર-માધુરી' નામે એક પુસ્તક ભેટ મોકલ્યું જેમાં તેમણે અનેકના પત્રોનું સુંદર સંપાદન કર્યું છે. એનું સાહિત્યિક મૂલ્ય તો છે જ પણ એથીય એનું દસ્તાવેજી મૂલ્ય ઝાઝું છે. 'પત્ર-માધુરી' વાંચ્યા બાદ મને પણ થયું કે હું પણ આવું કંઈક કરું...પણ ? ચયન, સંપાદન, પ્રકાશન, વિતરણ વેચાણની જવાબદારી ને માથાકૂટ કોથળામાં પત્ર ભરવા કરતાં ઝાઝી છે ! આ તો એક લ્હાયમાંથી બીજીમાં પડવા જેવું છે ! કાકા માંડે ને ફોઈ રાંડે જેવો ઘાટ !

કશું જ કામ ન હોય, મન ક્યાંય પરોવાતું ન હોય ત્યારે મન-રમાડો કરવા હું ફુરસદે કાગળોનો ઢગલો કરું છું ને તેમાંથી કેટલાક જુદા તારવી ભૂતકાળને તાજો કરું છું. ભૂતકાળને માણવાનો પણ એક વિશિષ્ટ ને વિશેષ આનંદ હોય છે ! કેટકેટલાં સુખદ-દુઃખદ સંસ્મરણો એમાં સળવળતાં કે ઊભરાતાં હોય છે ! ને ત્યારે કલાપી યાદ આવે છેઃ

'માણ્યું તેનું સ્મરણ કરવું એ ય છે એક લ્હાણું.' સ્મરણ અને મરણમાં, સસલાનો અર્ધો 'સ' જ વધારાનો છે...પણ મરણનુંય મરણ એક કેવળ સ્મરણમાં જ છે ! પત્ર-પુંજ એનું એક પ્રમાણ છે !

ફર્સ્ટથી એમ.એ. સુધી ભણવામાં મારો સુહૃદ સ્વ. પીતાંબર પટેલ...સાડા પાંચ દાયકા પૂર્વેનો એનો એક પત્ર મારા હાથમાં આવતાં એ આજથી ૬૮ સાલ પૂર્વે મેટ્રિકમાં નાપાસ થયેલો તેનું સ્મરણ થયું. ભણવામાં એ સેકન્ડ કલાસ હતો પણ મેટ્રિકમાં થર્ડ કલાસે ય ન આવ્યો ને ના-પાસ થયો એનું મુખ્ય કારણ 'સ્વયં અપિ લિખિતમ્ સ્વયં આપિ ન પઠિતમ્...એવા એના ગરબડિયા અક્ષરો હતા ! પાંચ વાર વાંચું ત્યારે એના પત્રનો ૧/૫ ભાગ સમજાય ! ત્રણેક સાલ માટે હું આઈ.એ.એસ.ની પરીક્ષામાં પરીક્ષક હતો. એમાં એક એવી ઉત્તરવહી આવેલી કે જે પીતાંબરના અક્ષરોને સુવાચ્ય કહેવડાવે ! નિરૂપાયે મારે એ ઉત્તરવહી ચકાસ્યા વિના પરત કરવી પડી હતી ! આપણા સુશિક્ષિત ને સંસ્કૃત નટ, રંગભૂમિના અભિનેતા શ્રી ધનંજય ઠાકર પર એક એવો પત્ર આવેલો જે ધનંજયને બદલે (ધ નં જ ય) 'ઘર નંબર પિસ્તાલીસ' વંચાય ! મારી પાસે એવા કેટલાક પત્રો છે જે હું હજી સુધી પૂરા વાંચી શક્યો નથી ! સમજવાની વાત તો ઘેર ગઈ!

મહાત્મા ગાંધીજીના અક્ષરો સારા ને સુવાચ્ય નહોતા. એનું એમને ઊંડું દુઃખ હતું. એ દુઃખને વ્યક્ત કરતાં એમણે શિક્ષણ-વિશ્વને એક મહા-સત્ય. આપ્યું છેઃ મને અક્ષરશઃ યાદ નથી પણ ભાવ કંઈક આવો છેઃ 'ખરાબ અક્ષર એ ખોટી ને અધૂરી કેળવણીનું દુષ્પરિણામ છે.' મતલબ કે સારા અક્ષર એ સાચી ને પૂર્ણ નહીં તો ય સારી ને સંતોષજનક કેળવણીનું સુ-પરિણામ છે. હજ્જારો પત્રોના સીધા સંસર્ગમાં આવ્યા બાદ મને મહાત્મા ગાંધીજીનું આ વિધાન સાચું ને સચોટ લાગે છે. શિક્ષણ શાસ્ત્રીઓ શું માને છે, ન-જાને !

આજથી આઠ દાયકા પૂર્વે હું જ્યારે મારા ગામની 'કુમારશાળા'માં ભણતો હતો ત્યારે શરૂઆતથી જ કોપી ઘૂંટાવવાનો નિયમ હતો. બરૂના કિત્તા માટે અમો અમારા ગામની ખારી નદીના પુલ પાસે ઊગેલાં બરૂમાંથી કિત્તા બનાવતા. મારા મોટાભાઈ રૂશનાઈ ઘરે બનાવતા. એક પૈસામાં એક ખડિયો ભરીને વેચતા પણ ખરા. ઘરની સહી, જાતે બનાવેલ કિત્તો, એનાથી કોપી કરવાની મઝા આવતી. અમારા ઘરમાં એક ડૉક્ટર ભાઈના અક્ષર જ ગરબડિયા, બાકી દાદા, પિતાજી, ત્રણ ભાઈઓ-સર્વેના અક્ષર સુવાચ્ય. શિક્ષકો પણ એ બાબતમાં ખૂબ ચોક્કસ ને જાગ્રત. એક દાખલોઃ સને ૧૯૩૨માં અમારી સાથે પાટડીના એક પ્રભાતકુમાર એમ. દેસાઈ ભણે. ભવિષ્યમાં એ 'ધરતી' માસિકના તંત્રી થયેલા ને મોટા ગજાના સમાજસેવક પણ. ત્રીજા ધોરણમાં શ્રી દેસાઈ હતા ત્યારે એમની ઉત્તરવહીના અક્ષરો જોઈ એમના વર્ગશિક્ષક એટલા બધા પ્રભાવિત થયા કે એમણે શ્રી દેસાઈના અક્ષરોવાળી ઉત્તરવહી આચાર્ય શ્રી ગામીને બતાવી. આચાર્ય શ્રી ગામીએ વર્ગશિક્ષક શ્રી રતિભાઈ અમીનને આ ઉત્તરવહી દરેક વર્ગને બતાવવા માટે સૂચના આપી ને ગામી સાહેબે શ્રી દેસાઈને સુંદર, મરોડદાર, સુવાચ્ય ને ઠરેલ અક્ષર માટે ઇનામ આપેલું. સને ૨૦૦૩ની જન્માષ્ટમીએ શ્રી દેસાઈનું ૮૫ સાલની વયે અવસાન થયું, પણ સને ૨૦૦૨ની જન્માષ્ટમીએ મને લખેલો પત્ર મેં સાચવી રાખ્યો છે. લગભગ છ દાયકા બાદના એમના અક્ષરો સને ૧૯૩૨ જેટલા જ સુંદર ને ઠરેલ છે. મારા મોટા દીકરાના અક્ષરો પણ શ્રી દેસાઈના અક્ષરોથી ઊતરે તેવા નથી. સ્કૂલમાં કે કોલેજમાં એના અક્ષરો જોઈ, શિક્ષકો ને પ્રોફેસરો ખૂબ પ્રસન્ન થતા હતા. આજે ય તે; બે સામયિકો જેમાં એ લખે છે એના તંત્રીઓ, લેખની સાથે અક્ષરોનાં પણ ખૂબ વખાણ કરે છે.

અક્ષરો પરથી કેટલાક લોકો પત્રલેખકના વ્યક્તિત્વની ખાસિયતો તારવે છે. સંભવ છે કે પ્રત્યેક દાખલામાં એ સાચું ન પણ હોય ! મેં પણ કેટલાકની એવી ખાસિયતો તારવવાનો ઉદ્યમ કરી જોયો છે. જુદા જુદા રોગોના અનેક નિષ્ણાત ડૉક્ટરો મારા ખાસ મિત્રો છે.

એડવોકેટ મિત્રોની સંખ્યા પણ કમ નથી. મેં જોયું છે કે એડવોકેટોની તુલનાએ ડૉક્ટરોના અક્ષરો નબળા હોય છે. ડૉક્ટરો એમના અક્ષરોના ઉપચાર કરી શકતા નથી ! સાક્ષર-સાહિત્યકારોમાં પ્રો. વિ. આર. ત્રિવેદી સાહેબના ઘણા બધા પત્રો મારી પાસે હતા. વર્ષો પહેલાં સંપાદન માટે શ્રી હેમંત દેસાઈને આપ્યાનું સ્મરણ છે. હજી વિ.ર.ત્રિ.ના કેટલાક પત્રો મળી આવ્યા છે. એમના અક્ષરો જોતાં મને નરસંડાની વેણીભાઈ ને સરોજબહેનની વાડી યાદ આવે છે. ખેતરમાં વાવણી, પણ શેઢે ચોમેર આમળાંનાં તરુ...પ્રો. ત્રિવેદી સાહેબ પણ પત્રની ચોમેર ખાલી જગ્યામાં લખાણનું વાવેતર કરે ! પ્રો. વિજયરાય વૈદ્યના અક્ષર એમના ને સુદામા જેવા દેહ-દુર્બળ. પણ શ્રી વિશ્વનાથ ભટ્ટના એમના જેવો કછોટો મારેલા લઠ્ઠ જેવા ! (ભટ્ટ સાહેબ ધોતિયાનો બંને બાજૂ કછોટો મારતા). પ્રો. મનસુખલાલ ઝવેરી, પ્રો. જશવંત શેખડીવાળા, પ્રો. મોહનભાઈ એસ. પટેલ, શ્રી કિશનસિંહ ચાવડા, પ્રો યશવંત શુકલ, શ્રી યશોધર મહેતા, શ્રીમતી હંસાબહેન મહેતા, વિનોદિનીબહેન નિલકંઠ વગેરેના અક્ષરો સુંદર-સુવાચ્ય તો ખરા પણ આત્મવિશ્વાસથી ભરેલા પણ ખરા ! ડૉ. મંજુલાલ મજમુદાર ને પ્રો. હસિત બૂચના અક્ષરો જ્ઞાતિએ નાગર...હસિતભાઈ તો આદિ-અંતમાં ચિત્રોય આલેખે ! અને અમારાં વસુબહેન ભટ્ટના અક્ષરો એમની ઊંચાઈ અને ઉદારતાના ય દ્યોતક ! એકવાર ભૂલમાં એમણે મને અમદાવાદથી વિદેશ સમજીને રૂપિયા સાડા આઠનો 'એર-લેટર' લખી દીધેલો ! અને એમના મિત્ર ને મારાં પરિચિત કુ. સોહિણી ધ્રૂ, પચાસ પૈસાના કાર્ડમાં સમાય એટલા લખાણ માટે ખાસ્સાં ત્રણ પાનનો સદુપયોગ (!) કરે ને કાગળની એક બાજુ સાવ કોરી ! સોહિણીબહેનનાં અક્ષરોની તુલનાએ મારા કેટલાય મિત્રોના અક્ષરો સાડીને બદલે જાણે કે 'સ્કર્ટ' પહેરેલા લાગે ! અને 'ક. પા. પરિવાર'ના તંત્રી ડૉ. બહેચરભાઈ પટેલના અક્ષરો તો જાણે કાર્ડ પર 'ડિસ્કોડાન્સ' ન કરતા હોય ! ...એમનો પત્ર અમુક 'એંગલે' રાખીને જ વંચાય ! અહીં કવિવર ન્હાનાલાલના અક્ષરોનો ઉલ્લેખ કરી વિરમું. ૬૬મેં વર્ષે એમણે એમના ઝભ્ભાના જમણા હાથની બાંય ઊંચી કરી મને કહેઃ 'દબાવ, જોઈ લે મસલ્સ, ૬૬મે વર્ષે ! એમના અક્ષર પણ એમના મસલ્સ જેવા જ...

સાચા-ખોટાની તો મને ખબર નથી પણ કેટલાક એવું કહે છે કે ખૂબ ઝીણા અક્ષરવાળા, મધ્યમકક્ષાના અક્ષરવાળા ને પ્રમાણમાં મોટા અક્ષરવાળા અનુક્રમે સ્વભાવે કંજૂસ, કરકસરિયા ને ઉદાર હોય છે ! મારી પાસેના હજ્જારો પત્રોના કેટલાક લેખકોને આ ગજે માપતાં મને પેલું 'લોકિયું પ્રમાણ' સાવ ખોટું તો લાગતું નથી ! જેમ 'ફેસ-રીડિંગ'ના તજજ્ઞો હોય છે તેમ અક્ષરો પરથી આપણા વ્યક્તિત્વનું પૃથક્કરણ કરનાર નિષ્ણાતો પણ હોય છે ! પણ અમારા ગામનો એક ચૌદશિયો નહીં પણ પૂનમિયો હાથને બદલે પગની આંગળીઓથી કલમ પકડી નનામા પત્રો કે ખોટા દસ્તાવેજો લખતો હતો...અક્ષરનિષ્ણાતો એના વ્યક્તિત્વને શી રીતે પિછાનવાના ! જો કે કર્મના નિયમ પ્રમાણે એને એ પગે ગેંગેરીન થયેલો...પગ કપાવવો પડેલો ! અક્ષર-ઉપાસકો અમારા એ પૂનમિયામાંથી કૈંક પદાર્થપાઠ શીખે...ને સ્વાભાવિકતાને પોંખે.

❖❖❖

# સ્વ. આચાર્યશ્રી જયાનંદ લ. દવે

## □ પ્રો. અરુણ જોષી

કેટલાંક વર્ષો પહેલાં સંસ્કૃત અકાદમી (ગાંધીનગર) અને ગોપાલકૃષ્ણ ટ્રસ્ટ (જૂનાગઢ)ના સંયુક્ત ઉપક્રમે મુ. શ્રી જયાનંદભાઇ દવેનું સન્માન થયેલું ત્યારે તેમણે જણાવેલું કે હકીકતમાં આ સન્માન સંસ્કૃત ભાષા-સાહિત્યનું, એના અધ્યાપનનું અને સમગ્ર વિદ્યાપ્રેમનું છે. આ શબ્દો દ્વારા સાક્ષર એવા જયાનંદભાઇનો સુંદર પરિચય મળી જાય છે.

ઇ. સ. ૧૯૧૭ પચીશમી ઓક્ટોબર, દશેરાના દિવસે ધ્રાંગધ્રામાં જન્મેલા જયાનંદભાઇની શૈક્ષણિક કારકિર્દી તેજસ્વી રહી હતી. ૧૯૩૪માં ધ્રાંગધ્રાની સર અજિતસિંહજી માધ્યમિક શાળામાંથી તેમણે મેટ્રીકની પરીક્ષા પ્રથમ નંબરે પાસ કરેલી. ભાવનગરની શામળદાસ કૉલેજમાંથી ૧૯૩૮માં બી.એ.ની પરીક્ષા ઉચ્ચ બીજા વર્ગમાં બીજા નંબરે તથા ૧૯૪૦માં ડી. જે. સિંધ કૉલેજ કરાંચીમાંથી એમ.એ.ની પરીક્ષા ઉચ્ચ બીજા વર્ગમાં પ્રથમ નંબરે પાસ કરેલી. પિતા લક્ષ્મીશંકર દવેને ધ્રાંગધ્રા તાલુકાના ઓગણીશ ગામોમાં કુલ ત્રણ હજાર વિઘા જમીન, પાંચ-છ વાડીઓ અને ધીરધારનો બહુ મોટો ધંધો હતો. પોતાના તેજસ્વી સંતાન જયાનંદભાઇને ધંધામાં મદદરૂપ થાય તે માટે વકીલ બનાવવાની પિતાની ઇચ્છા રહેલી પણ માતા રેવાબહેનના સંસ્કાર-વારસાને કારણે તેમણે વકીલ થવાને બદલે શિક્ષક થવાનું પસંદ કર્યું અને કરાંચીમાં ગુજરાત વિદ્યાલયમાં શિક્ષણ તરીકેનો વ્યવસાય અપનાવ્યો. ધ્રાંગધ્રા ખાતે તેમણે ક્રિકેટ પ્રત્યે પણ સારો રસ કેળવ્યો હતો. બહેનશ્રી પ્રો. તારાબહેન રમણલાલ શાહ (શ્રી મુંબઈ જૈન યુવક સંઘ) પણ ધ્રાંગધ્રાનાં વતની અને એમણે કરાંચીમાં માધ્યમિક શિક્ષણ લીધેલું ત્યારે જયાનંદભાઈ એ વિદ્યાલયના શિક્ષક તરીકે ભણાવતા. જયાનંદભાઈની બહેનની દીકરી રેણુકા તારાબહેન સાથે એક જ વર્ગમાં હતી. એટલે તેઓ બંને જયાનંદભાઈને મામા કહીને બોલાવતા. તે સંબંધે શ્રી જયાનંદભાઈ તેમને પોતાના ભાણેજ ગણતા અને જીવનના અંત સુધી તેમના પ્રત્યે વાત્સલ્યભાવ ધરાવતા રહ્યા હતા.

કરાંચીમાં ૧૯૩૮ થી ૧૯૪૬ સુધી વિવિધ શાળાઓમાં અધ્યાપન કાર્ય કર્યા પછી ડોલરરાય માંકડની જગાએ ડી. જે. સિંધ કૉલેજમાં ૧૯૪૭માં સંસ્કૃતના અધ્યાપક તરીકે તેમને સ્થાન પ્રાપ્ત થયું. દેશના ભાગલા પડતાં ટૂંક સમયમાં તેમને કરાંચી છોડવું પડ્યું અને મુંબઇની સિદ્ધાર્થ કૉલેજમાં સંસ્કૃતના અધ્યાપક તરીકે તેમની નિમણૂંક થઈ. ત્યાં સાડા બાર વર્ષ સેવા આપ્યા બાદ તેઓ મોરબીની આટ્ર્સ-કોમર્સ કોલેજના આચાર્ય બન્યા. ૧૯૬૦ થી ૧૯૭૫ના ગાળામાં સંનિષ્ઠ આચાર્ય તરીકે તેમણે નામના મેળવી પરંતુ, સિદ્ધાંતોની જાળવણી માટે તે સ્થાનેથી રાજીનામું આપી રાજકોટમાં સ્થિર થઈ તેમણે પચીશ જેટલાં વર્ષો સુધી 'પ્રણવાનંદ સંસ્કૃત ભવન' અને 'સૌરાષ્ટ્ર સાહિત્ય સભા'માં બહુ જ મહત્ત્વનું સાંસ્કૃતિક યોગદાન આપ્યું. આ અરસામાં તેમના વીશેક જેટલાં પુસ્તકો પ્રકાશિત થયાં અને તેમની વિદ્વતાની કદર રૂપે તેમને અનેક પુરસ્કારોની પ્રાપ્તિ થઈ તથા સરકારી તેમ જ બિનસરકારી મહત્ત્વની સમિતિઓમાં સભ્યપદની પણ પ્રાપ્તિ થઈ.

તેમણે લખેલાં અનેક પુસ્તકોમાં 'શ્રી શિવમહિમ્નઃ સ્તોત્ર' અને 'વિવેક ચૂડામણિ' અત્યંત ધ્યાનાકર્ષક બન્યાં છે અને પરમ સારસ્વત જ આટલું સરસ રીતે વિષયનું સ્પષ્ટીકરણ કરી શકે એવી પ્રતીતિ થયા વગર રહેતી નથી. તેમનાં લખાણોમાં જે વેદાંત વિષયક સૂક્ષ્મ નિરૂપણ જોવા મળે છે તે પાછળ કરાંચીમાં તેમણે સાંભળેલા પૂ.

સ્વામી રંગનાથાનંદની અસર હોઈ શકે.

તેમણે પત્રકારત્વ ક્ષેત્રે પણ મહત્ત્વનું પ્રદાન કરેલ છે. કરાંચીમાં બે વર્ષ સુધી 'સુહિણી' નામના સામયિકમાં કવિશ્રી કરસનદાસ માણેક સાથે સહતંત્રી રહ્યા. પછી મુંબઇમાં માણેકના 'સારથિ'ના સહતંત્રી રહ્યા તથા 'નચિકેતા'માં પણ સહતંત્રી તરીકે મહત્ત્વનો કાર્યભાર સંભાળ્યો. આ ઉપરાંત અખંડઆનંદ, પ્રસ્થાન, કવિલોક, કુમાર, ઊર્મિ અને નવરચના, જનકલ્યાણ વગેરેમાં તેમના કાવ્યો, લેખો અને વાર્તાઓ છપાતાં રહ્યાં. આ બધી સિદ્ધિઓ પરથી એક વિરલ સારસ્વત તરીકેની છબી ઉપસ્યા વગર રહેતી નથી. આમ તો, માનવ જીવન મળવું દુર્લભ છે, વિદ્વતા મળવી દુર્લભતર છે અને કવિત્વની પ્રાપ્તિ તો દુર્લભતમ છે. આ ત્રણે શ્રી જયાનંદભાઇએ પ્રાપ્ત કરેલ. તેમની વાક્‌છટા પણ અદ્‌ભુત હતી. એ બાબતનો મારો એક અનુભવ રજૂ કરું છું:

વર્ષો પૂર્વે અમરેલીમાં શ્રી જયાનંદભાઇના પ્રમુખપદે પૂ. શ્રી મોરારીબાપુનું રામાયણ વિશેનું વ્યાખ્યાન યોજાયેલું. પૂ. બાપુએ પોતાના વક્તવ્યને વિરામ આપ્યો અને પછી જયાનંદભાઇએ પોતાનું વક્તવ્ય આપવાની શરૂઆત કરી. તેમણે ઘણી મોટી સંખ્યામાં હાજર રહેલા શ્રોતાઓને ઝકડી રાખ્યા. અવ્યવસ્થા થશે એવી આયોજકોની આશંકા દૂર થઈ અને પૂ. મોરારીબાપુ પણ જયાનંદભાઇની વાક્‌છટાથી પ્રસન્ન થઈ ગયા. ત્યારબાદ મહુવાના કૈલાસ ગુરુકુળમાં સંસ્કૃત અકાદમી આયોજિત અનેક વ્યાખ્યાનોમાં શ્રી જયાનંદભાઇને પૂ. બાપુ આદરપૂર્વક સાંભળતા અને વક્તવ્યને અંતે જયાનંદભાઈ પૂ. બાપુને પ્રણામ કરતા ત્યારે વિદ્વતા સાથે નમ્રતાને ઓતપ્રોત થતી જોવા મળતી. તેમની લાક્ષણિક વાક્‌છટા અભ્યાસકાળથી જ ખીલવા માંડી હતી અને તેનો લાભ કરાંચીની શિક્ષણ સંસ્થાઓ, સિદ્ધાર્થ કોલેજ, મોરબીની શિક્ષણ સંસ્થાઓ, પ્રણવાનંદ ભવન અને છેલ્લે ગાંધીનગરના શ્રી અરવિંદ સેન્ટરને પ્રાપ્ત થયેલ છે. દ્વારકાધીશ મંદિરમાંથી જન્માષ્ટમીએ કૃષ્ણજન્મનો આંખો દેખ્યો અહેવાલ રજૂ કરીને રેડિયો તથા ટેલિવિઝનના માધ્યમથી તેમણે અનેક શ્રોતાઓ અને દર્શકોની ચાહના પ્રાપ્ત કરેલી.

શ્રી જયાનંદભાઈ મોરબીની આર્ટ્સ કૉલેજમાં આચાર્યપદે હતા ત્યારે ૧૯૬૩ થી ૧૯૭૦ના ગાળામાં મને તે કૉલેજમાં સંસ્કૃતના અધ્યાપક તરીકે કામ કરવાની તક મળી. વયોવૃદ્ધ અને વિદ્યાવદ્ધ એવા આચાર્યશ્રી સાથે ચીવટથી કામ કરવાની ટેવ અને ખાતરી કર્યા વિના કંઈ ન લખવું એવી માન્યતાને કારણે મને વધુ સતર્ક રીતે અભ્યાસશીલ બનાવ્યો. શ્રી કરસનદાસ માણેક, શ્રી ઇન્દુભાઈ ગાંધી વગેરે સાથે તેમણે મારો પરિચય કરાવ્યો અને મને લખવાની અને રેડિયો વાર્તાલાપો આપવાની તક અપાવી જેને કારણે હું 'પ્રબુદ્ધ જીવન', 'ઉદ્દેશ', 'અભિનવ ભારતી' જેવાં સામયિકોમાં લેખો લખતો રહ્યો અને આકાશવાણી–રાજકોટ પરથી સો ઉપરાંત વાર્તાલાપો આપી શક્યો છું. ૧૯૭૦માં હું મોરબીની કૉલેજમાં રાજીનામું આપી ભાવનગરની શામળદાસ કૉલેજમાં જોડાયો. શ્રી જયાનંદભાઇથી મારે દૂર જવાનું થયું પણ અમારા સંબંધમાં ઓટ આવી જ નહિ. હું અનેકવાર તેમનો અતિથિ બન્યો તો તેઓ પણ તેમનાં પત્ની સ્વ. દયાબહેન સાથે મારા મહેમાન બનતા રહ્યા. રાજકોટ ખાતેના તેમના 'ભવભૂતિ' નામના બંગલામાં તેમની સાથે કરેલી સાહિત્યિક ગોષ્ઠીઓ યાદ આવે છે ત્યારે મારા એકાંતનો સમય મને ખૂબ જ આનંદ આપી જાય છે.

શ્રી જયાનંદભાઈ કવિ પણ હતા. તેમનાં કાવ્યો તેમની મનોગત ભાવસૃષ્ટિને મૂર્ત કરે છે. પ્રાસાદિક વિશદતાનો અનુભવ કરાવતાં તેમનાં કાવ્યોનો સંગ્રહ 'મનોગતા' ૧૯૮૮માં પ્રગટ થયેલ છે.

આવી ઉત્કૃષ્ટ અને માતબર સાહિત્યિક પ્રવૃત્તિ કરતા શ્રી જયાનંદભાઇને તેમના પત્ની સ્વ. શ્રીમતી દયાબહેનનો સાથ અને સહકાર પ્રાપ્ત થયો હતો. પત્નીના અવસાન બાદ પણ તેઓ ભાંગી પડ્યા નહીં પરંતુ સ્વ. પત્નીના સૂક્ષ્મ અને વ્યાપક સહકારથી તેઓ ઉત્તરોત્તર ચઢિયાતા ગ્રંથોનું પ્રદાન કરતા રહ્યા. સંસ્કૃત અકાદમીના પ્રમુખ શ્રી ગૌતમ પટેલે આ સંદર્ભમાં યોગ્ય જ કહ્યું છે કે 'ભામતી વિના વાચસ્પતિ સંભવે નહિ.'

કોઇએ શ્રી જયાનંદભાઇને થોડી પણ મદદ કરી હોય તો તેનું અનેકગણું વળતર ચૂકવી દેવાની તેમની ખાસિયતનો મને પણ લાભ મળ્યો છે. 'વિવેક ચૂડામણિ' ગ્રંથ માટે તેમના વિશે બે શબ્દો લખવા એમ નક્કી થયા બાદ મારા લખાણથી સંતુષ્ટ થઈ તેમણે તેમનું 'વાગર્થ' નામનું પુસ્તક અમને પતિ–પત્નીને સમર્પિત કર્યું. આવી ઉદારતા જવલ્લે જ જોવા મળે.

શ્રી જયાનંદભાઇએ સંસ્કૃતભાષા ઉપર જેટલું પ્રભુત્વ પ્રાપ્ત કર્યું હતું તેટલું જ ગુજરાતી અને અંગ્રેજી ઉપર પણ પ્રાપ્ત કરેલું. આ વાતની પ્રતીતિ તેમના ગ્રંથો વાંચવાથી થયા વગર રહેશે નહિ.

જીવનના અંત સુધી સરસ્વતીની આરાધના કરનાર આ વિદ્વાનને જ્યારે જુઓ ત્યારે લેખન વાચનના કામમાં વ્યસ્ત જ હોય. બપોરના ભોજન બાદ પણ તેઓ આરામ કર્યા વગર કંઈક લખતા હોય અથવા છપાતા પુસ્તકનાં પ્રુફ તપાસતા હોય. હજી તેમનાં આઠેક પુસ્તકો પ્રેસમાં પ્રકાશિત થવાની રાહ જોઈ રહ્યાં છે.

શ્રી રાજગોપાલાચારી જેને ચેતનની ખેતી કહેતા એવા અધ્યાપનનો વ્યવસાય કરતી વખતે જયાનંદભાઈને જે સ્નેહી મિત્રવૃંદ પ્રાપ્ત થયેલું તેમાં સર્વશ્રી, કરસનદાસ માણેક, અમૃતલાલ યાજ્ઞિક, પ્રલ્હાદ પારેખ, પ્રેમશંકર ભટ્ટ, ઇશ્વરભાઈ દવે, ગૌતમભાઈ, વસંતભાઈ, જયંતભાઈ રાવળ વગેરેનો સમાવેશ થાય.

સંક્ષેપમાં કહેવું હોય તો શ્રી જયાનંદભાઈ એટલે સતત જ્ઞાનની સાધનાથી જિંદગીને સદાકાળ ઉત્સવ બનાવનાર કલાકાર. એમને પણ વિરોધીઓનો સામનો કરવો પડ્યો હશે જ પણ તેમણે તેમને દયાપાત્ર ગણીને વિસારી દીધેલા. તેમણે ક્યારેય કોઇની નિંદા કરી નથી. સર્વત્ર સમદર્શી હોવાથી તેઓ સર્વત્ર સ્નેહદર્શી બની ગયા હતા. તેથી જ તેઓ વિશાળ ઘેઘૂર વડલા જેવા લાગતા. ભૂમાના ઉપાસકને આ છાજે તેવું જ ગણાય. વિદ્વતા, વાત્સલ્ય અને વક્તૃત્વના ત્રિવેણી સંગમ અને જ્ઞાનની જ્યોત સમા હોવાથી તેમના વિદ્યાર્થીઓ પોતાને ધન્ય ગણે છે. આવા સફળ માનવી કુટુંબના વડા હતા તેથી તેમનો પરિવાર ધન્યતા અનુભવતો. જ્યેષ્ઠ પુત્ર શ્રી હારિતભાઈ તથા પુત્રવધૂ શ્રીમતી દેનાબહેન તેમની સેવા કરતાં કરતાં પોતાની જાતને નસીબદાર ગણતાં. અધ્યાપકજીવનનો પવિત્ર આદર્શ રજૂ કરનાર જયાનંદભાઇને પોતાના પૌત્ર–પૌત્રીઓ 'વહાલા–દાદાજી' કહીને ગર્વ અનુભવતાં. મિતાહાર, નિયમિતતા અને વચનપાલનની મક્કમતાથી તેઓ જીવનના અંત સુધી સ્વસ્થ રહ્યા. યુવાન પુત્રી તથા પત્નીના અવસાનથી પણ ચલિત થયા નહિ. તેમના ગ્રંથોને સુશોભિત વાહનમાં પ્રદર્શિત કરીને તેમની જ હાજરીમાં તેમના જન્મદિન ૨૦૦૨ના દશેરાના દિવસે ધ્રાંગધ્રામાં નીકળેલી બેંડવાજા સાથેની ઉત્સવયાત્રા મેં જોઇ છે. આવું નસીબ કોઈક જ લેખકોએ પ્રાપ્ત કર્યું હશે.

૨૦૦૩ના નવેમ્બર ૩૦મીએ ખૂબ જ સ્વસ્થ તબિયત અનુભવી તેમણે દેહ છોડ્યો. 'જીવવું આને કહેવાય' એવો સંદેશો આપી જનાર આ સારસ્વતને મારા કોટિ કોટિ પ્રણામ. ❖❖❖

# ગુરુ-ગોવિંદ : ઉપકાર અને વ્યવહાર

☐ પ. પૂ. મુનિ શ્રી હિતવિજયજી

ગુરુ ભગવંતનો મહિમા દર્શાવતી નીચેની પંક્તિઓ બહુ જ પ્રચલિત છે :

ગુરુ-ગોવિંદ દોનો ખડે, કિસ કે (કિન કે) લાગુ પાય;
બલિહારી ગુરુદેવ કી, ગોવિંદ દિયા બતાય.

અર્થ : કવિ કહે છે કે મારી સામે ગુરુ અને ગોવિંદ (ભગવાન) બંને હાજર હતા ત્યારે હું વિચારમાં પડી ગયો કે 'મારે પ્રથમ કોને પગે લાગવું ?' વિચાર કરતાં મને લાગ્યું કે આમ તો ભગવાન જ મહાન છે, પણ એ ભગવાનને ભગવાન તરીકે બતાવનાર-ઓળખાવનાર તો ગુરુ છે, માટે પ્રથમ હું ગુરુને પગે લાગું અને ત્યાર પછી ભગવાનને પગે લાગું !

કવિએ ઉપર મુજબનો પોતાનો વિચાર લોકોને ગુરુનો ઉપકાર સમજાવવાના શુભાશયથી રજૂ કરેલો હોવાથી અપેક્ષાએ એની વાત સાચી હોવા છતાં આ બાબત કાંઈક ઊંડો વિચાર માગી લે એવી જણાય છે.

કવિ ખરેખર માને છે કે ભગવાન જ મોટા છે, મહાન છે માટે પહેલાં તો મારે ભગવાનને જ પગે લાગવું જોઇએ, પણ એ ભગવાનને ભગવાન તરીકે બતાવનાર-ઓળખાવનાર તો ગુરુ જ છે. ગુરુ વિના ભગવાનને ભગવાન તરીકે જાણી શક્યા ન હોત. આ કારણથી ખરા ધન્યવાદને પાત્ર ગુરુ હોવાથી પ્રથમ નંબરે પગે લાગવા યોગ્ય ગુરુ છે અને ભગવાન બીજા નંબરે પગે લાગવા યોગ્ય છે.

કવિએ ઉપર મુજબનો વિચાર એક માત્ર ગુરુના ઉપકારને નજર સમક્ષ રાખીને જ કરેલો છે, પણ આ સંસારના નાના-મોટાના વ્યવહારને નજર સમક્ષ રાખીને કરેલો નથી. જેમ ગુરુનો ઉપકાર ભૂલવા જેવો નથી તેમ સંસારના શિષ્ટ ઉચિત વ્યવહારને પણ ભૂલવા જેવો નથી. આ સંસારમાં ઉપકારથી પણ વિશેષ મહત્ત્વ વ્યવહારનું છે. આ સમગ્ર સંસાર પ્રધાનપણે નાના-મોટાના વ્યવહારવાળો હોવાથી અહીં પ્રાધાન્ય વ્યવહારને જ અપાય એથી ઉપકાર ગૌણ બને. પોતાની નજર સામે ગુરુ અને ગોવિંદ (ભગવાન) બંને રહેલા હોય ત્યારે પ્રથમ ગોવિંદને અર્થાત્ ભગવાનને નમન કરીને પછી જ ગુરુને નમન થાય. કારણ કે ગુરુ ખુદ ગોવિંદને નમનાર હોય છે.

ગુરુ-શિષ્યની બેલડીમાંથી કોઈ એક માણસ શિષ્યના સંપર્કમાં આવેલો હોય, પણ ગુરુના સંપર્કમાં આવેલો ન હોય એથી એના ઉપર ઉપકાર શિષ્યનો હોવા છતાં ગુરુ-શિષ્ય બંને જ્યારે નજર સમક્ષ રહેલા હોય ત્યારે શિષ્યના પોતાના ઉપરના ઉપકારને હૃદયમાં રાખીને નાના-મોટાના શિષ્ટ વ્યવહારને જ આગળ કરાય. વ્યવહારમાં મોટાઈ ગુરુની છે. જે શિષ્ય ઉપકારી છે એ શિષ્યના પણ ઉપકારી ગુરુ છે. એટલે ગુરુ તો ઉપકારીનાય ઉપકારી છે. માટે પોતાના ઉપર ઉપકાર કરનારા શિષ્યના ઉપકારને હૃદયમાં રાખીને અને આ સંસારના નાના-મોટાના વ્યવહારને પ્રાધાન્ય આપીને વ્યવહારમાં મોટા ગણાતા ગુરુને જ પ્રથમ વંદન કરાય. ત્યાર પછી જ શિષ્યને વંદન કરાય. પોતાની સાથે જ રહેલા પોતાના ઉપકારી એવા પોતાના ગુરુને પ્રથમ વંદન કર્યા વિના જ પોતાને કરવામાં આવતા વંદનને શાણો અને વિવેકી શિષ્ય કદાપિ ઇચ્છે નહિ અને સ્વીકારે પણ નહિ. એ એને રુચિકર બને જ નહિ.

એવી જ રીતે નમન-વંદનની વાત જ્યારે ગુરુ અને ભગવાનની બાબતમાં હોય ત્યારે ભગવાનને ઓળખાવનારા ગુરુના ઉપકારને હૃદયમાં રાખીને અને આ સંસારના નાના-મોટાના વ્યવહારને નજર સમક્ષ રાખીને પ્રથમ નમન-વંદન તો મહાનમાં મહાન એવા ભગવાનને જ થાય. ત્યાર પછી જ ગુરુને વંદન થાય. આખા જગતને માટે પરમ પૂજ્ય તો ભગવાન જ છે.

એક વાત સારી રીતે સમજી લઇને સતત ધ્યાનમાં રાખવા યોગ્ય છે કે ગુરુ માર્ગદર્શક છે. સાધ્ય તો ભગવાન જ છે. અલબત્ત, સમર્થ જ્ઞાની એવા ગુરુ ભગવાનનો સાક્ષાત્કાર કરાવી શકે. ભગવાનની સમીપમાં રહેલા ગુરુ પણ પરમ પૂજનીય એવા ભગવાન પ્રત્યે પોતાનો અપાર ભક્તિભાવ દર્શાવી રહ્યા હોય !

ટૂંકમાં કહેવા યોગ્ય એ જ છે કે આ સંસારનો નાના-મોટાનો વ્યવહાર લોકોની સુખ-શાંતિનું ખૂબ મહત્ત્વનું કારણ હોવાથી એ વ્યવહાર અવશ્ય પ્રધાનપણે સાચવવા યોગ્ય છે. ❖❖❖

## વાર્ષિક સામાન્ય સભા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા ગુરુવાર તા. ૩૦-૯-૨૦૦૪ના રોજ સાંજના ૫-૩૦ કલાકે સંઘના કાર્યાલયમાં મળશે જે વખતે નીચે પ્રમાણે કામકાજ હાથ ધરવામાં આવશે.

(૧) ગત વાર્ષિક સામાન્ય સભાની મિનિટ્સનું વાંચન અને બહાલી.
(૨) ગત વર્ષ ૨૦૦૩-૨૦૦૪ ના સંઘ તેમ જ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયના વૃત્તાંત તથા ઑડિટેડ થયેલા હિસાબો મંજૂર કરવા.
(૩) સને ૨૦૦૩-૨૦૦૪ ની સાલ માટે સંઘના પદાધિકારીઓ તેમ જ કાર્યવાહક સમિતિના ૧૫ સભ્યોની ચૂંટણી.
(૪) સને ૨૦૦૪-૨૦૦૫ ની સાલ માટે સંઘ તેમ જ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયના અંદાજી બજેટને મંજૂરી આપવી.
(૫) સને ૨૦૦૪-૨૦૦૫ ની સાલ માટે સંઘ તેમ જ વાચનાલય અને પુસ્તકાલયના ઑડિટર્સની નિમણૂંક કરવી તથા વાચનાલય-પુસ્તકાલયની ભાવિ પ્રવૃત્તિઓ અંગે વિચારણા કરી નિર્ણય કરવો.
(૬) પ્રમુખશ્રીની મંજૂરીથી અન્ય રજૂઆત.

ઉપર જણાવેલી વાર્ષિક સામાન્ય સભાના અનુસંધાનમાં જણાવવાનું કે સંઘ તેમ જ વાચનાલય અને પુસ્તકાલયના ઑડિટ થયેલા હિસાબો સંઘના કાર્યાલયમાં રાખવામાં આવ્યા છે. તા. ૨૩-૯-૨૦૦૪ થી તા. ૨૭-૯-૨૦૦૪ સુધીના દિવસોમાં બપોરના ૩ થી ૬ સુધીમાં કોઇપણ સભ્ય તેનું નિરીક્ષણ કરી શકશે. કોઇને આ સામાન્ય સભામાં હિસાબો અંગે પ્રશ્ન પૂછવાની ઇચ્છા હોય તો વાર્ષિક સામાન્ય સભાના બે દિવસ અગાઉ લેખિત મોકલવા તેઓને વિનંતી.

જે સભ્યોને ઑડિટ કરેલા હિસાબોની નકલ જોઇએ તો તેમની લેખિત અરજી મળતાં નકલ મોકલવામાં આવશે. વાર્ષિક સામાન્ય સભામાં સર્વ સભ્યોને ઉપસ્થિત રહેવા વિનંતી છે.

**નિરુબહેન એસ. શાહ**
**ડૉ. ધનવંત ટી. શાહ**
મંત્રીઓ

Printed & Published by Nirubahen Subodhbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400 027. And Published at 385, S.V.P. Road, Mumbai-400 004. Editor: Ramanlal C. Shah.

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57
Posted at Byculla sorting office Mumbai-400 001 Licence to post without prepayment No. 271
● વર્ષ : (૫૦) + ૧૫ ● અંક : ૧૦ ● ૧૬ઓક્ટોબર, ૨૦૦૪ ● ● Regd. No. TECH / 47-890/MBI / 2003-2005
● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/- ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## तेसिं पि तवो असुद्धो ।

□ ભગવાન મહાવીર

### [તેમનું પણ તપ અશુદ્ધ છે.]

ભગવાન મહાવીરે કહ્યું છે કે 'તેમનું પણ' તપ અશુદ્ધ છે. અહીં 'તેમનું પણ' શબ્દો પ્રયોજવામાં આવ્યા છે. (તપ શબ્દ પુલ્લિંગમાં વપરાય છે અને નપુંસક લિંગમાં પણ વપરાય છે.) તેમનું પણ એટલે બીજાઓનું તો ખરું જ, પરંતુ તેઓનું તપ પણ અશુદ્ધ છે. અહીં 'તેઓ' એટલે કે જે મોટા કુળમાં ઉત્પન્ન થયેલા છે, જેઓની ગણના મોટા માણસોમાં થાય છે એવા સાધુ મહાત્મા. મોટા માણસોને કેટલાક વિશેષ અધિકાર હોય છે. પરંતુ તપમાં તેઓ અપવાદરૂપ નથી. વસ્તુતઃ મોટા હોવાને કારણે એમની જવાબદારી વિશેષ રહે છે. મોટાનો દાખલો પહેલો લેવાય છે. ભગવાન મહાવીરે સૂત્રકૃતાંગ સૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના આઠમા અધ્યયનમાં કહ્યું છે:

तेसिं पि तवो असुद्धो, निक्खंता जे महाकुला ।
जं नेवऽन्ने वियाणंति न सिलोगं पवेयए ॥

જેઓ મહાકુળમાં જન્મ પામ્યા હોવા છતાં પૂજા-સત્કારાદિ માટે તપ વગેરે કરે છે તેમનું પણ તપ અશુદ્ધ છે. દીક્ષિત થયા પછી તેઓ પૂજા-સત્કારાદિના ભાવ સાથે જે અનુષ્ઠાનો કરે છે તે પણ અશુદ્ધ છે. સાધુ ભગવંતોએ સામાન્ય રીતે પોતાના તપની બહુ જાહેરાત ન કરવી જોઇએ. યથાશક્ય પોતાના તપને ગુપ્ત રાખવું જોઇએ.

[સૂત્રકૃતાંગ સૂત્રની આ ગાથામાં तवोऽसुद्धो અથવા तवो असुद्धो ને બદલે तवो सुद्धो એવો પાઠ રાખીને, 'એવા મોટા કુળવાળાઓનું તપ પણ શુદ્ધ છે' એવો અર્થ ક્યાંક કરવામાં આવ્યો છે. પ્રથમ દૃષ્ટિએ એ અર્થ બરાબર લાગે છે. એમ કરવાથી પણ અર્થ બંધબેસતો લાગે છે, પરંતુ અહીં 'पि - પણ' શબ્દ પ્રયોજાયો છે. જો શુદ્ધ તપની વાત હોય તો 'પણ' શબ્દની આવશ્યકતા ન રહે. 'પણ' શબ્દ જ બતાવે છે કે અહીં અશુદ્ધ તપની વાત છે. વળી, આ ગાથા પરની સંસ્કૃત ટીકામાં પણ અશુદ્ધ-એવો અર્થ જ આપ્યો છે-तेषामपि तत्कृतंमनुष्ठानमशुद्धं. એટલે આ ગાથામાં 'શુદ્ધ' નહિ પણ 'અશુદ્ધ' પાઠ જ સુયોગ્ય છે.]

પર્યુષણ પર્વ આવે એટલે સમગ્ર જૈન સમાજમાં તપશ્ચર્યાનો એક માહોલ સર્જાય છે. સંવત્સરીના દિવસે તો ભારતભરમાં લાખો માણસ ઉપવાસ કરે છે. પર્યુષણ પર્વ પછી ઠેર ઠેર તપશ્ચર્યાના આંકડાઓ પ્રસિદ્ધિમાં આવે છે. કેટલાક સાધુ મહાત્માઓની એવી લબ્ધિ હોય છે કે એમની નિશ્રામાં તપ કરવાનો ભાવ થાય છે. ક્યાંક ત્રણ કે ચાર વર્ષના બાળકે અઠ્ઠાઈ કરી હોય એવા સમાચાર સાંભળવા મળે છે. ક્યારેક સાવ નાનું ગામ હોય, ચાલીસ-પચાસ ઘર હોય અને મુનિ મહારાજે કે આચાર્ય ભગવંતે કશો જ આગ્રહ ન કર્યો હોય તો પણ ગામના પ્રત્યેક ઘરમાંથી એક સભ્યે અઠ્ઠાઈ કરી હોય. ક્યારેક એક જ ઘરમાંથી બધાએ અઠ્ઠાઈ કરી હોય. ૪૫ કે ૬૦ ઉપવાસ કરનારા દર વર્ષે નીકળી આવે છે. આવી અને બીજી અનેક પ્રકારની તપશ્ચર્યાઓની વાત સાંભળી અન્ય સમાજ આશ્ચર્યચકિત થઈ જાય છે. આવી તપશ્ચર્યાને અંતે ઊજમણું થાય છે, શોભાયાત્રા નીકળે છે. આ શોભાયાત્રા શ્રાવકોના તપની હોય છે. સાધુ મહારાજના તપ માટે શોભાયાત્રા ન નીકળે. એમના તપની અનુમોદના માટે જાહેર મેળાવડા ન થવા જોઇએ. સાધુ મહારાજોનું તપ ગુપ્ત રહેવું જોઇએ. એનો પ્રચાર ન થાય. જો તેમના દ્વારા પ્રચાર થાય, ફોટા છપાવાય તો તે તપ અશુદ્ધ બની જાય છે.

જૈન ધર્મમાં તપ ઉપર ઘણો ભાર મૂકવામાં આવ્યો છે. તપથી કર્મની નિર્જરા થાય છે. તપ બાર પ્રકારનાં બતાવવામાં આવ્યાં છેઃ છ બાહ્ય તપ અને છ આભ્યંતર તપ. અનશન, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ અને સંલીનતા એ છ પ્રકારનાં બાહ્ય તપ છે. પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન અને કાયોત્સર્ગ આ છ આભ્યંતર પ્રકારનાં તપ છે. આ મુખ્ય પ્રકાર સમજવા માટે બતાવ્યા છે. વસ્તુતઃ તપ અનેક પ્રકારનાં છે. ઉદાહરણ તરીકે આયંબિલ, એકાસણું, બિયાસણું વગેરેનો જુદો ઉલ્લેખ નથી કર્યો, પણ તે આ છ બાહ્ય તપમાં અંતર્ગત કરી શકાય છે.

આ બારે પ્રકારનાં અથવા સર્વ પ્રકારનાં તપ મન, વચન અને કાયાના યોગો ઉપર સંયમ મેળવવા માટે છે. આરંભમાં તપ કષ્ટભર્યું લાગે છે, પણ સાધક ઉત્તરોત્તર ઉલ્લાસ અને પ્રસન્નતાપૂર્વક તપ કરતો થઈ જાય છે. કેટલાક બાહ્ય તપને લાંઘન કહીને વગોવે છે અને આત્મોપયોગ પર ભાર મૂકે છે, પણ જ્યાં સુધી મન, વચન અને કાયાના યોગો ઉપર સંયમ નથી આવતો ત્યાં સુધી આત્મોપયોગમાં સ્થિર થઈ શકાતું નથી. એટલે જ તપમાં બાલવીર્યથી પંડિતવીર્ય સુધી વિકાસ સાધવાનો છે. પંડિતવીર્યની સાધના વગર આત્મસ્વરૂપની રમણતામાં એકાગ્રતા કે સ્થિરતા આવતી નથી. એટલે જ કહેવાયું છે કે જે સાધક થોડો આહાર લે છે, થોડું બોલે છે, થોડી નિદ્રા લે છે તથા પોતાના સંયમનાં ઉપકરણો અત્યંત અલ્પ રાખે છે તેને દેવો પણ વંદન કરે છે.

આમ, તપ કરવું એ એક પ્રકારની વિશિષ્ટ શક્તિ છે. અસંખ્ય માણસો આખી જિંદગીમાં એક ઉપવાસ પણ નથી કરી શકતા. જે એક ઉપવાસ કરે તે સ્વેચ્છાએ અન્નનો ત્યાગ કરે છે. એમ કરવામાં શારીરિક તેમજ માનસિક શક્તિ જોઇએ. તેવું આત્મબળ જોઇએ.

જૈનો જેવી તપશ્ચર્યા કરે છે એવી તપશ્ચર્યા દુનિયામાં અન્ય કોઈ ધર્મના લોકો કરતા નથી. વ્યક્તિગત રીતે કોઈ તપશ્ચર્યા કરે એ જુદી વાત છે, પણ સામુદાયિક કક્ષાએ અન્ય કોઈ ધર્મમાં અઠ્ઠાઈ કે માસખમણ જેવી તપશ્ચર્યા થતી નથી. મુસલમાનોમાં રોજા છે, પણ તેમાં આખી રાત ખાઈ શકાય છે. માત્ર ક્રમ ઊલટો છે.

માણસે જો અન્ય કરતાં કંઈક વિશિષ્ટ શક્તિ પ્રાપ્ત કરી હોય તો તરત એ શક્તિ વિશે પોતાને વાત કરવાનું મન થાય અને બીજા પણ પોતાની શક્તિની પ્રશંસા કરે એવું તે ઇચ્છે.

ભગવાને અશુદ્ધ અને શુદ્ધ વીર્ય અર્થાત્ શક્તિ કે પરાક્રમનું સ્વરૂપ દર્શાવ્યું છે. અશુદ્ધ તપ વિશે તેમણે કહ્યું છે કે જે માણસો સાંસારિક દૃષ્ટિએ બહુ ભાગ્યવાન હોય છે, જે લોકોમાં પૂજાય છે, જેઓ સારા વક્તા છે, વ્યાખ્યાતા છે, વાદવિવાદ કરવામાં કુશળ છે પરંતુ મિથ્યાદૃષ્ટિ છે એટલે કે સમ્યગ્દૃષ્ટિથી રહિત છે તેવા માણસોનું તપ, દાન, સ્વાધ્યાય, યમનિયમ વગેરે લોકોમાં વખણાતાં હોવા છતાં તે અશુદ્ધ છે. તેમના તેવા તપ વગેરેથી કર્મની નિર્જરા થતી નથી, પરંતુ એથી શુભાશુભ કર્મબંધ થાય છે.

કોઈ મોટા રાજવી હોય, મંત્રી હોય, દીવાન હોય, સેનાપતિ હોય, મોટા શ્રેષ્ઠી કે શ્રેષ્ઠીપુત્ર હોય, નામાંકિત પુરુષ હોય તેવી કોઈ વ્યક્તિ જ્યારે ગૃહજીવનનો ત્યાગ કરી, પંચમહાવ્રત ધારણ કરી દીક્ષા લે ત્યારે એ દીક્ષા-મહોત્સવમાં હજારો માણસો આવે છે અને એમની દીક્ષાનાં વખાણ ચારે બાજુ થાય છે. એવા મહાકુળમાંથી આવેલા મહાત્માઓ આત્મસાધનાનું મૂલ્ય જાણે છે અને એમની બધી પ્રવૃત્તિ આરાધનામય અને મોક્ષાર્થે જ હોય છે. તેમ છતાં લોકો જિજ્ઞાસુ હોય છે. એમની વાતો જાણવા ઉત્સુક હોય છે અને એવી વાત તરત પ્રસરે છે, પ્રસિદ્ધિમાં આવે છે અને પ્રચારમાધ્યમો દ્વારા અનેક લોકો સુધી પહોંચે છે. એવા મહાત્માઓ જ્યારે કોઈ મોટી તપશ્ચર્યા કરે ત્યારે સહજ રીતે એની પ્રસિદ્ધિ થાય, પરંતુ સાધુમહાત્મા એવી પ્રસિદ્ધિથી પ્રભાવિત ન થાય. તેઓ આત્મસ્વરૂપમાં જ મગ્ન હોય. એક જ સંપ્રદાયમાં કોઈ એક સાધુએ અઠ્ઠાઈ કે માસખમણની તપશ્ચર્યા કરી હોય અને તે સમયે તેવી જ તપશ્ચર્યા મોટા કુળમાંથી આવતા કોઈ મહાત્માએ કરી હોય તો સમાજમાં મહાકુળવાળા મહાત્માની પ્રશંસા ચારે બાજુ વધારે થાય એ દેખીતું છે. પરંતુ ધારો કે કોઈ મહાત્મા પોતે એમ કહે (જો કે કહે જ નહિ) કે 'એ સાધુ તો ગરીબ કુટુંબમાંથી આવે છે, ઘણું કષ્ટ વેઠીને આવે છે એટલે અઠ્ઠાઈ કરવી એમને માટે રમત વાત છે, પરંતુ હું તો મોટા ઘરનો નબીરો હતો, સુખસાહ્યબીમાં ઊછર્યો હતો, ખાવાપીવાનો રસિયો હતો એટલે દીક્ષા લીધા પછી મેં જે અઠ્ઠાઈ કરી તે વધુ પ્રશંસાને પાત્ર છે'-જો આમ કહે તો તેમનું તપ અશુદ્ધ બની જાય છે. વળી અન્ય દ્વારા થતી પ્રશંસા પોતાને સાંભળવી ગમે તો પણ તેમનું તપ અશુદ્ધ બની જાય છે.

કોઈ સાધુ મહાત્માએ પર્યુષણમાં માસખમણ અર્થાત્ મહિનાના ઉપવાસ કર્યા હોય અને એ સંઘના સમાચાર છાપામાં કે કોઈ પત્રિકામાં આવ્યા હોય અને માસખમણ કરનારાઓની યાદીમાં એ સાધુ મહાત્માનું નામ રહી ગયું હોય, તે વખતે તેઓ જો કહે અથવા મનમાં વિચારે કે 'આ છાપાવાળાંઓનું છે કંઈ ઠેકાણું ? તપસ્વીઓની લાંબીલચક યાદી આપી, પણ મેં તો માસખમણ કર્યા તોય મારા નામનો કાંઈ ઉલ્લેખ જ ન મળે'-આવું જો કહેવામાં કે ચિંતવવામાં આવે તો તે તપ અશુદ્ધ જ ગણાય, કર્મની નિર્જરા કરવામાં તે કામ ન લાગે. વસ્તુતઃ આરાધક મહાત્માઓ તો એવી યાદી તરફ લક્ષ પણ ન આપે અને કોઈ પોતાના તપની પ્રશંસા કરે કે ન કરે, તેઓને કશી નિસ્બત ન હોય. તેઓ તો સમતાભાવમાં જ હોય, પોતાના આત્મસ્વરૂપમાં જ હોય.

ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ શુદ્ધ તપ કેવું હોય તે વિશે 'જ્ઞાનસાર'માં લખ્યું છે:

**यत्र ब्रह्म जिनार्चा च, कषायाणं तथा हतिः ।**
**सानुबन्धा जिनाज्ञा च तत् तपः शुद्धमिष्यते ॥**

[જેમાં બ્રહ્મચર્ય હોય, જિનભક્તિ હોય, કષાયોની હાનિ હોય- અર્થાત્ કષાયો ઓછા થતા જતા હોય અને જિનાજ્ઞાનો અનુબંધ વધતો જતો હોય, તે તપ શુદ્ધ મનાય છે.]

જે તપ કરવાથી બ્રહ્મચર્ય દૃઢ થતું હોય, જિનભક્તિનો રંગ લાગે, જિનાજ્ઞા પ્રત્યે આદર-બહુમાન થાય, કષાયો મંદ પડે એવા તપને શુદ્ધ કહેવામાં આવે છે.

કોઇને પ્રશ્ન થાય કે તો પછી તપની અનુમોદના કે પ્રભાવના કરી શકાય કે નહિ ? અવશ્ય તપની અનુમોદના અને પ્રભાવના કરી શકાય. બાળકો, યુવાનો અથવા અમુક પ્રકારના બાળ જીવો તપ કરતા હોય તો તેમને પ્રોત્સાહન આપવા માટે તેમના તપની અનુમોદના કરવી જોઇએ. એમ કરવાથી તેમને પોતાની શક્તિની પ્રતીતિ થાય છે, વધુ મોટું તપ કરવા માટે પ્રેરણા મળે છે અને તપની યથાર્થતા સમજાય છે. તપ એ માત્ર લાંઘન નથી એવી સમજ આવે છે. વળી તપસ્વી શ્રાવક-શ્રાવિકાના બહુમાનના કાર્યક્રમો યોજાય તે પણ એક અપેક્ષાએ જરૂરી છે. એથી જેઓ તપ ન કરતા હોય તેઓને પ્રેરણા મળે છે. અલબત્ત, બહુમાનના કાર્યક્રમથી તપસ્વીમાં અહંકાર ન આવવો જોઇએ. તપસ્વીએ માત્ર બહુમાનના કે એવા બીજા આશયથી તપ ન કરવું જોઇએ. એક શ્રીમંત વેપારીના પુત્રે અઠ્ઠાઈ કરી. એના પારણાના દિવસે ઘણા વેપારીઓને નિમંત્રણ આપવામાં આવ્યું હતું. કાર્યક્રમ મોટા હોલમાં રાખવામાં આવ્યો હતો. મહેમાનો અઠ્ઠાઈ કરનાર યુવાનને ચમચી રસ પીવડાવી એના હાથમાં કવર આપતા. વચ્ચે સમય મળે એટલે યુવાન તરત કવર ખોલી, એમાંની રકમ ગણી જોઈ, પાસે રાખેલી ડાયરીમાં તે રકમ નોંધી લેતો; લગ્નના ચાંલ્લાની જેમ. સંબંધીઓએ વ્યવહાર બરાબર કર્યો છે કે નહિ એ જોવામાં પિતા-પુત્રને રસ હતો. આવું તપ તે અશુદ્ધ તપ છે, બાલ તપ છે. પરંતુ કોઈ એમ કહે કે આવું તપ કરે એના કરતાં તપ ન કરે તો સારું, તો તે પણ યોગ્ય નથી. તપ અવશ્ય કરે, પણ તેમાં શુદ્ધિ લાવવા માટે સમજાવવાની જરૂર છે.

તપ કરવું કઠિન છે, પણ તપ જીરવવું એ તો એથી પણ વધુ કઠિન છે.

□ રમણલાલ ચી. શાહ


**સંઘનું નવું પ્રકાશન**

**પાસપોર્ટની પાંખે-ત્રીજો ભાગ**

**લેખકઃ ડૉ. રમણલાલ ચી. શાહ**

**કિંમત-રૂા. ૨૦૦/-**

(નોંધ-સંઘના સભ્યોએ અડધી કિંમતે કાર્યાલયમાંથી મેળવી લેવું. મોકલવામાં આવશે નહિ.)

મંત્રીઓ

□ નિરુબહેન એસ. શાહ

□ ધનવંત ટી. શાહ

# ત્રિયોગ

## (જ્ઞાનયોગ, ભક્તિયોગ, કર્મયોગ)

□ સ્વ. પન્નાલાલ જગજીવનદાસ ગાંધી

યુજ્ ધાતુ ઉપરથી યોગ શબ્દ ઉદ્ભવેલ છે. યોજવું એટલે જોડવું. જેના વડે આત્માનું પરમાત્મા સાથે યોજન (જોડાણ) થાય અને ફલ–સ્વરૂપે આત્મા સ્વયં પરમાત્મા બને તેનું નામ યોગ. આવા યોગ માટે આત્મા અને પરમાત્મા અર્થાત્ આત્માનું શુદ્ધ આત્મસ્વરૂપ એ ઉભયની ઓળખ કરવી પડે. આત્માની અને પરમાત્માની ઓળખ કરવી તેનું નામ 'જ્ઞાનયોગ'.

આત્માને સ્વયંના આત્માની અને પરમાત્માની ઓળખ થયા પછી એ પરમાત્મા પ્રતિનો જે આદર, બહુમાન, અહોભાવ, પૂજ્યભાવ, સમર્પણભાવ જાગે તે 'ભક્તિયોગ' છે.

ભક્તિયોગ અંતર્ગત કરાતી ક્રિયા એ 'કર્મયોગ' છે. સાથે સાથે આત્મા અને આત્મામાં અંતર્ગત રહેલ પ્રચ્છન્ન પરમાત્મ સ્વરૂપનો આદર કરીને જાતિથી એક જ એવા જીવજાતિના જાતભાઈ અન્ય સર્વ જીવોને જીવન જીવવા માટે સહાયભૂત થવું, એમની એટલે કે જીવની જયણા, રક્ષા, પાલનપોષણ કરવું તે પણ 'કર્મયોગ' છે.

કર્મયોગથી પ્રારંભ છે, ભક્તિયોગથી જોડાણ છે. એમાં જ્ઞાનયોગ જનિત ભાવ ભળતાં ત્રિયોગથી થતા વિકાસનું ફળ કેવળજ્ઞાન અર્થાત્ સ્વયંના ભગવદ્ સ્વરૂપ એટલે કે પરમાત્મ સ્વરૂપનું પ્રગટીકરણ છે.

જીવને પ્રાપ્ત મન, વચન, કાયાને અધ્યાત્મક્ષેત્રે યોગ કહ્યાં છે. કારણ કે તે મનોયોગ, વચનયોગ, કાયયોગ, ઉપયોગ (આત્મા જ્ઞાનોપયોગ દર્શનોપયોગ છે)થી ઉપયુક્ત છે અને ઉપયોગને સંકલ્પ, વિકલ્પથી મુક્ત કરી ઉપયોગવંતતા, સમગ્રતા, સ્થિરતા આપનાર સ્વ સાધન છે.

યોગ બનેલા હોય છે પુદ્ગલના, પણ હોય છે જીવને. એ યોગને, યોગરૂપ ન બનાવીએ અને ભોગમાં પ્રયોજીએ તો રોગનો ભોગ બની યોગનો વિનાશ નોતરીએ અને યોગથી ઉપયોગની ઉપયોગવંતતા, સમગ્રતા, સ્થિરતા પ્રાપ્ત કરી યોગાતીત એવી સિદ્ધતાની પ્રાપ્તિથી વંચિત રહી જઇએ અને દુઃખરૂપ સંસારમાં ભવભ્રમણ ચાલુ અને ચાલુ રહે.

યોગ અસંખ્ય છે પણ પ્રધાનપણે તેનું વર્ગીકરણ મનોયોગ, ભક્તિયોગ અને કર્મયોગમાં થાય છે. જ્ઞાનયોગમાં મનોયોગની, ભક્તિયોગમાં વચનયોગ અને કર્મયોગમાં કાયયોગની મુખ્યતા હોય છે. આ ત્રિયોગથી કરાતી ઉપાસના એ સ્વરૂપ પ્રાપ્તિ માટે કરાતી સ્વરૂપોપાસના છે. આ ત્રિયોગ સર્વમાન્ય અને સર્વસ્વીકૃત છે જેને આપણે વિગતે વિચારીએ.

**કર્મયોગ :**

કર્મયોગથી સંપર્કમાં આવનાર વસ્તુઓ અને વ્યક્તિઓ સાથે સુસંવાદિત રીતે સુંદર જીવન જીવવાનું હોય છે.

'Karmayog' teaches how to live with others. It is an art of living with others in rhythamatic way.

નિરપેક્ષ ન થઇએ ત્યાં સુધી અપેક્ષા સહિત એવાં આપણે સાપેક્ષ છીએ માટે સહુની વચ્ચે સહુની સાથે આપણે અરસપરસના પ્રેમ અને સાથ સહયોગથી સુસંવાદી જીવન જીવવાની કળા તે 'કર્મયોગ' છે.

'સાપેક્ષવાદ એટલે જ પ્રેમ, મૈત્રી, સાથ, સહયોગ, સહકાર. નિરપેક્ષ એટલે સ્વયંભૂ.'

દેહ સહિતના ત્રણેય યોગ પુદ્ગલદ્રવ્યના બનેલા હોય છે. પુદ્ગલદ્રવ્યના બનેલા યોગ બીજાં પુદ્ગલદ્રવ્યથી ટકે છે, વિકસે છે અને જીવાત્માથી વિખૂટું પડી જતાં વિખરાઈ જઈ વિનાશ પામે છે. પુદ્ગલ દ્રવ્ય લઈ લઈને અનાદિથી આજ દિવસ સુધી જીવન જીવતા આવ્યા છીએ. 'जीवो जीवस्य जीवनम्' જે કહીએ છીએ તે આ સંદર્ભમાં જ છે. સમજના ઘરમાં આવ્યા પછી એટલે કે જ્ઞાન થયા પછી ઉપરોક્ત સૂત્રને ઉલટાવવાનું છે. આપણા પોતાના જીવના ભોગે પણ અન્ય જીવોના જીવનને જાળવવા મથવાનું છે. 'ઘસાઈને ઊજળા થઇએ બીજાંના ખપમાં આવીએ' એવું રવિશંકર મહારાજે કહ્યું છે. પંડના ભોગે પણ અન્ય જીવોનું જીવન ટકે એવું જે જીવન, એવો જે સાધનાયોગ તે જ 'કર્મયોગ' જેની પરાકાષ્ટા સાધુયોગ (સર્વવિરતિ)નું અભયદાન પ્રધાન જીવાતું જીવન છે.

અન્ય જીવોના હિતાર્થે એમના આત્મા સંબંધી અને એમના દેહસંબંધી એમની આવશ્યકતાઓની પૂર્તિ કરવી અને તે માટે મન, વચન, કાય યોગને પ્રવર્તાવવા તે જ આપણો 'કર્મયોગ' છે. અન્યના દેહની આવશ્યકતા માટે થઇને કરાતું યોગપ્રવર્તન એ 'દ્રવ્યદયા' છે. જ્યારે અન્યની આત્મચિંતાથી અન્યના આત્મહિત માટે થઇને કરાતું યોગપ્રવર્તન એ 'ભાવદયા' છે. અન્ય જીવોના વર્તમાન ભવની તેમના યોગ અંગેની ચિંતાથી થતું યોગપ્રવર્તન એ દ્રવ્યદયા અર્થાત્ દ્રવ્યચિંતા છે. જ્યારે ભાવિ સુધરે અને ભવાંતના લક્ષપૂર્વક ઉપયોગની ચિંતાથી કરાતું યોગ પ્રવર્તન ભાવદયા કે ભાવાનુકમ્પા છે. તીર્થંકર પરમાત્મા વરસીદાન દેવા દ્વારા દ્રવ્યાનુકમ્પા એક વર્ષ સુધી કરે છે જ્યારે ભાવાનુકમ્પા તીર્થસ્થાપનાથી લઈ નિર્વાણ સુધીના દીર્ઘકાળ માટે જ્ઞાનદાન દેવા દ્વારા દેશનાના માધ્યમથી કરે છે. એના મૂળમાં પણ પૂર્વના ત્રીજા ભવે ચિંતવેલી ઉત્કૃષ્ટ ભાવના હોય છે. નિર્દોષ, નિષ્કંલક, નિરારંભી કે અલ્પારંભી પરોપકારી જીવન જીવવાની કલા છે. એ સચરાચર સૃષ્ટિ સાથેની સુસંવાદિતા છે. અહીં 'પરોપકાર' એવો શબ્દપ્રયોગ વ્યવહારભાષાને અનુલક્ષીને વ્યવહારનયથી કરાયો છે. નિશ્ચયનયથી વાસ્તવિકતા તો એ છે કે પરોપકાર કરવો એ સ્વોપકાર છે. જગત અર્થાત્ સચરાચર સૃષ્ટિ વડે આપણે સહુ આપણું જીવન જીવીએ છીએ. પૃથ્વી આપણને ધન–ધાન્ય આપે છે, જલસ્રોત જલ આપે છે, અગ્નિ ઉષ્મા, તાપ આપે છે, અને આહારને સુપાચ્ય બનાવવામાં સહાય કરે છે, વાયુ પ્રાણવાયુ આપે છે, આકાશ અવકાશ કહેતાં આવાસ આપે છે, વનસ્પતિ ઔષધ અને આહાર બની પાલનપોષણ કરે છે, પ્રાણી સૃષ્ટિ પોતાના દૂધથી શક્તિ આપે છે અને બોજ વહે છે. કેટકેટલો ઉપકાર જગતનો આપણી ઉપર છે ! જગતનો ઉપયોગ કર્યો છે તો હવે આપણે જગતને ઉપયોગી થઈ પડવાનું છે. જગત પાસેથી લીધેલું જગતનું જ જગતને પાછું આપી ઋણમુક્ત થવાનું છે. પરોપકાર એ પરોપકાર નથી પણ જાતનો જાત ઉપર થતો સ્વ ઉપકાર અર્થાત્ આત્મહિત છે. સ્વને કેન્દ્રમાં રાખી સ્વને ભૂલ્યા વગર, સ્વરૂપ એટલે કે પરમાત્મ સ્વરૂપને લક્ષમાં રાખી, સ્વની સાધના કરતાં કરતાં દેહ છે ત્યાં સુધી પરોપકાર ભૂલવાનો નથી.

પરોપકાર ક્રિયાનું ફળ સ્વ ઉપકાર છે. જ્યાં કાર્યકારણની પરંપરાનો અંત આવે ત્યાં પછી ફળ નહીં હોય પણ કૃતકૃત્યતા હોય છે. ઉપ એટલે સમીપ. જે પુદ્ગલની સન્મુખ થાય છે તે પુદ્ગલસંગી ભોગી બને છે. લક્ષપૂર્વક ઉપયોગની ચિંતાથી કરાતું યોગપ્રવર્તન ભાવદયા કે આત્માર્થી નહીં બનતાં દેહાર્થી બની પરાર્થી મટી સ્વાર્થી બને છે. જે પરના હિતમાં પૌદ્ગલિક ભૌતિક પદાર્થનો ત્યાગ કરે

છે તે પુદ્‌ગલથી છૂટે છે અને સ્વ આત્મ સમીપ થાય છે. આમ તે પરોપકાર દ્વારા સ્વોપકાર કરે છે. પરથી ખસે છે તે સ્વમાં વસે છે. દાનને એટલે જ તો સંવિભાગ કહેલ છે. એ પુણ્ય વિતરણ છે જેનાથી પુણ્યથી પણ છૂટાય છે અને અંતે સર્વથા કર્મમુક્ત થવાય છે. અન્ય દર્શનમાં પણ એને દક્ષિણા કહેલ છે કેમકે આપવાની દાક્ષિણ્યતા તે દક્ષિણા. જે ક્ષણે બીજાના હિતનો વિચાર કરાય છે તે ક્ષણે લેશ્યા કૃષ્ણ, નીલ, કાપોતમાંથી પલટાઇને તેજો, પદ્મ, શુકલ બને છે.

જીવ માત્ર પરમાત્મ સ્વરૂપ છે. એવા સર્વ જીવો પ્રતિ 'પ્રેમભાવ' કેળવવાનો છે, કેમકે જીવની જીવ સાથે જીવના નાતે જાતિઐક્યતા છે અને સત્તાગત સહુ જીવોનું સ્વરૂપ એક સરખું પરમાત્મ સ્વરૂપ છે જે પ્રગટ થયેથી સમસ્વરૂપી બનાય છે માટે સ્વરૂપ ઐક્યતા છે.

પુદ્‌ગલ પરિવર્તનશીલ અને પરિભ્રમણશીલ હોવાથી, પુદ્‌ગલના પ્રત્યેક સારા કે નરસા પર્યાય પ્રતિ તુલ્યભાવ (ઉદાસીનભાવ) રાખવાનો છે.

જેણે પોતાના પરમ આત્મસ્વરૂપને પ્રગટ કર્યું છે એવા પ્રગટ પરમાત્મા પ્રત્યે 'ભક્તિભાવ' સેવવાનો છે.

ઉપરોક્ત ત્રણ ભાવથી વીતરાગભાવ આવે છે. જીવ માત્ર પ્રતિના પ્રેમભાવનું પરિણામ કર્મયોગ છે. ગુણ અને ગુણીજન દેવગુરુ પ્રતિનો ભક્તિભાવ એ ભક્તિયોગ છે અને પુદ્‌ગલના સારા-નરસા પર્યાય પ્રતિનો 'સમભાવ' એ જ્ઞાનયોગ છે.

પોતાનું અને પરનું અહિત ન થાય તેની પૂરતી કાળજી રાખી, ચોક્કસ કરવા જેવું હોય તે કરવાનું ચુકાય નહીં તે 'કર્મયોગ' છે. એ કર્તવ્ય અર્થાત્ ફરજ છે.

પુદ્‌ગલ પ્રત્યેના ત્યાગ અને વૈરાગ્યની સાધના કરવા રૂપ 'હું દેહ નથી' એ ભાવે વર્તતા જિતેન્દ્રિયતાથી દેહના સંબંધથી છૂટવાનું છે. જ્યારે 'હું આત્મા (જીવ) છું અને સામો સંબંધમાં આવનાર પણ જીવ છે અને તે પણ મારી જેમ જ જીવવા ઇચ્છે છે' એવા ભાવથી પ્રેમ, કરુણા, વાત્સલ્ય, ક્ષમા, સમતા, સહનશીલતા, દાન, દયા, સેવા, પરોપકાર, અહિંસા આદિના ધર્મજનિત ભાવો કરતાં કરતાં જીવે અન્ય જીવોના સંબંધ એટલે કે ઋણથી મુક્ત થવાનું છે. ભક્તિભાવથી સંસારથી વિભક્ત થઈ ભગવાનના ભક્ત બની ભગવાનથી અભેદ થવાનું છે. પહેલાં હૃદયથી અભેદ થવાનું છે અને પછી સ્વરૂપથી અભેદ થવાનું છે. અર્થાત્ પરમાત્મા જેવા જ પરમાત્મા સ્વયં બનવાનું છે.

બાકી ઉપકાર તો જગત ઉપર જગત ઉપકારક જગતપતિ જગદીશ પ્રગટ પ્રભાવી તીર્થંકર પરમાત્મ ભગવંત જગન્નાથ કરે અને નહીં કે જીવાત્મા ! અર્હમ્ ઐશ્વર્યની આકર્ષકતા, અતિશયોની પ્રભાવકતા, પાંત્રીસ ગુણ અલંકૃત વાણીથી તીર્થસ્થાપના, મોક્ષમાર્ગ પ્રરૂપકતા, મોક્ષ પ્રદાયકતા અને જાગતિક પ્રાકૃતિક બળ નિયામકતાથી તેઓશ્રીની જગત સમસ્ત ઉપર અનન્ય ઉપકારકતા છે.

સજ્જન, સંત, સાધુ, મહાત્મા તો એ પ્રગટ પ્રભાવી પરમાત્માના ચાહક અને એઓશ્રીના ઉપકારકતાના વહેણના વાહક છે કે જેમનું અસ્તિત્વ પણ જગતઉપકારક છે. 'હું ઉપકારક છું' એવા વિકલ્પથી થતા પ્રવર્તનથી અહમ્ આવે છે. પ્રત્યેક જીવે, તેમાંય વિશેષે કરી સાધકે હરહંમેશ એ ખ્યાલ રાખવાનો છે કે પોતામાં રહેલા પોતાના ગુણોને કેળવતાં કેળવતાં, પોતામાં લેશમાત્ર અહમ્‌નો પ્રવેશ ન થાય. અહમ્‌ને ઓગાળવા કર્મયોગની સાથે સાથે ભક્તિયોગ અત્યંત આવશ્યક છે. ભક્તિયોગથી અહમ્‌ને દાસોઽહમ્‌માં અને પછી જ્ઞાનયોગથી તેને સર્વદર્શિતા રૂપ સર્વાકારમાં પરિવર્તિત કરી સોઽહમ્ બનવાનું છે.

પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, આકાશ, વનસ્પતિ વૃક્ષાદિ સમસ્ત પ્રકૃતિ માગ્યા વિના અને કોઇપણ જાતના વળતરની અપેક્ષા વિના નિઃસ્વાર્થભાવે, ભેદભાવ રાખ્યા વિના સહજભાવે જગત સમસ્તને આપે છે. જો કે તે સર્વ ઉપકારના ભાવપૂર્વક તેમ કરતાં નથી છતાં તે સર્વ અકામ નિર્જરા કરે છે માટે જ જ્ઞાની ભગવંતે ગુણની તાત્ત્વિક વ્યાખ્યા એવી કરી કે...

'ગુણ તે કહેવાય કે એનું ગુણકાર્ય ભેદભાવરહિત નિરપેક્ષપણે સહજ ભાવે અન્ય પ્રતિ અવિરત થયા કરે.' એમાં સાતત્યતા, સરળતા અને સહજતા હોય છે.

જેમ દેવ-ગુરુનું આલંબન લેવાનું છે અને એમનું સાન્નિધ્ય સેવવાનું છે તેમ દીન-દુઃખીઆની સેવા પણ યથાયોગ્ય રીતે કરવાની છે. એમ થતાં ઉભયપક્ષથી બળ મળશે અને વીતરાગતાને ખેંચી લાવનારો વૈરાગ્ય પ્રબળ થશે. એથી જ તો સાત ક્ષેત્રની સાથે સાથે અનુકમ્પાદાનને પણ સ્થાન અને માહાત્મ્ય આપ્યું છે. એટલું જ નહીં પણ સમકિત થયાના પાંચ લક્ષણોમાંનું એક લક્ષણ અનુકમ્પા ગુણને ગણાવ્યું છે. એ હૃદયની કોમળતા સૂચવનાર છે.

કર્તવ્ય (ધર્મ)થી અરસપરસ આપણે સહુ સંસારી જીવો એકબીજાને વફાદાર છીએ. ધર્મ સમજીને હું બ્રાહ્મણધર્મ પાળું છું. ધર્મ સમજીને હું ક્ષત્રિયધર્મ પાળું છું. ધર્મ સમજીને હું વૈશ્યધર્મ પાળું છું. ધર્મ સમજીને હું શુદ્ર ધર્મ પાળું છું. વર્ણભેદ વ્યવસ્થા માટે છે. વર્ણભેદ ભેદભાવ રાખવા માટે નથી.

ક્ષત્રિય પોતાના શૌર્ય (પરાક્રમ બળ)થી દેશનું અને નિર્બળોનું રક્ષણ કરવા વડે ક્ષત્રિય છે. એ નિર્બળકે બળ રામ છે. એમાં રક્ષણ છે.

વૈશ્ય ન્યાય, નીતિ અને પ્રામાણિકતાપૂર્વક ક્રય વિક્રય કરવા સહિત દાનાદિ ધર્મ વડે વૈશ્ય છે. એમાં પાલનપોષણ છે.

બ્રાહ્મણ બ્રહ્મસ્વરૂપમાં એટલે કે પરમાત્મસ્વરૂપમાં રમમાણ રહેવા-પૂર્વક બ્રહ્મસ્વરૂપના અર્થાત્ શુદ્ધાત્મસ્વરૂપ એવા પરમાત્મસ્વરૂપના જ્ઞાનદાન આપવા વડે બ્રાહ્મણ છે. એ દેવત્વ છે. તેથી જ તેમને ભૂદેવનું સંબોધન થતું હોય છે.

ઉપરોક્ત ત્રણેય વર્ણની સેવાદિ કરવાના સેવાધર્મ વડે શુદ્ર છે. એમાં સેવા છે. આમ જોઇએ તો ચારેય વર્ણે સેવા કરવાની છે.

જગતને જે આપવાનું છે તે કર્તવ્ય સમજીને પ્રામાણિકતાથી આપવાનું છે. એવું સેવાભાવી કર્તવ્યપરાયણ જીવન જીવીએ તો કહેવાય કે ધર્મમય જીવન જીવીએ છીએ.

બળ-શક્તિ-હુન્નર, કળા, વિદ્યા, સેવાશ્રમ આદિથી જગતને ખપમાં આવવાપૂર્વક જીવન જીવવા પૂરતું ખપજોગું આવશ્યક જગત પાસેથી લે તો તે સંસારનો વ્યવહાર છે અને તે ધર્મ છે. આવી હતી ભારતવર્ષની પ્રાચીન ઋષિકુળ સંસ્કૃતિ !

શક્તિનો સદુપયોગ પરમાત્મ તત્ત્વના પ્રગટીકરણના લક્ષ્યે કરવાનો હોય છે. આપણી પાસેની અધિક શક્તિ અને સામગ્રી જગતમાંથી પુણ્યોદયે મેળવેલી છે માટે જગતની છે અને પરમાત્માની દેણ છે. તેથી જ તે જગતના અન્ય અભાવપીડિત જરૂરતમંદ જીવોને તેમની જરૂરિયાત પ્રમાણે વહેંચી આપી જગતનું જગતને સાદર પરત કરવાનું હોય છે. આ સંદર્ભમાં જ 'સંવિભાગ' શબ્દ પ્રયોગ થતો હોય છે. અતિથિ સંવિભાગ નામક વ્રત પણ જૈન દર્શનમાં છે. એ પુણ્ય વિતરણ છે જે પરંપરાએ કર્મરહિતતાને આપનાર છે.

ધર્મ તો દુર્જન કે અયોગ્યને જરૂર પૂરતું આપવા કહે છે. રાજ વ્યવસ્થામાં કેદી ગુનેગારની પણ દેહાવશ્યકતાની પૂર્તિની વ્યવસ્થા હોય છે. આપવું તે જ કરુણા છે. એ જ ધર્મ આપનારને સજ્જન ધર્મી કહે છે ત્યારે આવશ્યકતાથી અધિક સાધન, સામગ્રી, સંપત્તિ, શક્તિને રાખનારને, સંગ્રહ કરનારને, ભોગવટો કરનારને અધર્મી કહે છે, પરિગ્રહી કહે છે. ધર્મે દરિદ્રોને દરિદ્રનારાયણ તરીકે બિરદાવ્યા છે. કારણ કે એમને નારાયણ એટલે કે પરમાત્મા લેખીને એમની દરિદ્રતા

દૂર કરવાનો સેવાધર્મ બજાવવાનો છે. 'આત્મવત્ સર્વભૂતેષુ યઃ પશ્યતિ સઃ પશ્યતિ.' જાતિ ઐક્યતા અને સ્વરૂપ ઐક્યતાના લક્ષ્યે થતો આત્મવ્યવહાર છે. એ આત્મોપ્યભાવ છે. મનુષ્યજીવન આપણને આપણા પોતાપૂરતું સ્વકેન્દ્રિત જીવન જીવવા માટે નથી મળ્યું. આપણે બીજાંઓના કલ્યાણ અર્થાત્ આત્મહિતભલા માટે કર્મયોગી થઇને જીવન જીવવાનું હોય છે.

કર્મયોગથી પુણ્યમાં વૃદ્ધિ થાય છે, કષાય મંદ પડે છે અને મોક્ષ માટેનાં અપેક્ષા, નિમિત્ત અને અસાધારણ કારણ આવી મળે છે. આપણા રાગદ્વેષમાં રહેલી અનંતાનુબંધી પ્રકારની ચીકાશ પરહિતચિંતા અને પરરહિત કર્તવ્યપરાયણતાથી દૂર થાય છે.

આત્મરતિ હોય તો વિશ્વ સાથે પ્રેમપૂર્ણ વાત્સલ્ય નીતરતો વ્યવહાર રાખવાપૂર્વક આપણે પ્રભુભક્તિ કરી શકીએ. દેહરતિ હોય તો તે શક્ય બનતું નથી. સર્વજ્ઞ વીતરાગ તીર્થંકર પરમાત્મા ભગવંતે ધર્મની સ્થાપના જીવને જીવના સ્વાધીન આત્મસુખ અર્થાત્ આત્મરતિ આપવા માટે કરેલ છે, અને નહિ કે ઐહિક (દૈહિક) પુદ્‌ગલનું સુખ અર્થાત્ દેહરતિ આપવા માટે.

પરમાત્માની આરતિ ઉતારતાં અરતિથી ઊગરવાની અને આત્મરતિથી ઉજાગર થવાની (ઊભરવાની) માગણી હોય છે.

લઘુ પ્રતિક્રમણ ઇરિયાવહિ સૂત્ર એ કર્મયોગ છે કે કોઇને પણ અશાતા, કિલામણા, જીવવધથી સંતાપ પહોંચાડાય નહિ. એ Reverence for life જીવ આદર છે.

શિવમસ્તુ સર્વ જગતઃ, પરહિત-નિરતા ભવન્તુ ભૂતગણાઃ;
દોષાઃ પ્રયાન્તુ નાશં, સર્વત્ર સુખી ભવન્તુ લોકાઃ

સુખ દેહાશ્રિત છે જ્યારે હિત આત્માશ્રિત છે. પ્રથમ પંક્તિમાં દેહસુખના દાનથી દ્રવ્યાનુકમ્પાની ભાવના વ્યક્ત થાય છે. જ્યારે પછી દોષનાશની ભાવનામાં ભાવાનુકમ્પા વ્યક્ત થાય છે. ત્યાર બાદ જ સર્વવ્યાપી એટલે કે લોકવ્યાપી સુખની અર્થાત્ લોક સમગ્રના સુખની ભાવના વ્યક્ત કરવામાં આવી છે. કારણ કે દાન દ્વારા દ્રવ્યાનુમ્પા એટલે દેહહિત અને દોષનાશ દ્વારા ભાવાનુકમ્પા એટલે આત્મહિતની ભાવના સર્વમાં હોય તો સર્વત્ર સુખ વ્યાપક બને. બીજા એક જ્ઞાની ભક્તયોગીએ પણ આવી ભાવના ભાવી છે કે...

સહુ અણુ પરમાણુ શિવ બની જાઓ,
આખા વિશ્વનું મંગળ થાઓ,
સર્વે જીવો મોક્ષે જાઓ.

આપણે સંસારી જીવો ત્રણ સ્વરૂપે છીએઃ (૧) વિકૃત (અશુદ્ધ) સ્વરૂપે છીએ. (૨) સૂક્ષ્મ સ્વરૂપથી આવરણ સ્વરૂપે છીએ અર્થાત્ શુદ્ધ પરમાત્મ સ્વરૂપ કર્મથી આવૃત થયેલું છે. (૩) અને સ્થૂલ દેહસ્વરૂપથી જગત સ્વરૂપે છીએ.

હવે જો સંસારીમાંથી સિદ્ધ થવું હોય, જીવમાંથી શિવ બનવું હોય તો...

(૧) વિકૃતિને સંસ્કૃતિથી પ્રકૃતિમાં પલટાવવી જોઇશે. વિભાવમાંથી સ્વભાવમાં અને વિરૂપમાંથી સ્વરૂપમાં આવવું જોઇશે.

(૨) ગ્રહિતનો સમજીને ત્યાગ કરવો જોઇશે અને અગ્રહિતની ઇચ્છાનો પણ ત્યાગ કરવો જોઇશે અર્થાત્ દેહધ્યાસ તોડવો પડશે અને દેહભાવ છોડવો જોઇશે.

(૩) કર્મપડળ (કર્મ આવરણ) હઠાવી નિરાવરણ થવું જોઇશે.

પહેલું અને બીજું જે વ્યવહાર છે; તે કરવામાં આવે તો ત્રીજું જે નિશ્ચય છે તે આપોઆપ થાય.

ગર્ભે જ જન્મ્યા છીએ તો જીવન સંમુર્ચ્છિમ જેવું અવિચારી, અવિવેકી ન જીવતાં વિવેકી જીવન જીવવું એ વિચારકનું કર્તવ્ય છે. કર્મયોગ પાયો છે અને પરમાત્મત્વ પ્રગટીકરણ એ શિખર છે. ત્રેસઠ શલાકા પુરુષોના જીવનમાં પાયામાં પ્રેમ પરોપકારનો કર્મયોગ છે, જ્યારે શિખરમાં સ્વયં તીર્થંકર નામકર્મના ઉદયથી તીર્થંકર પદ છે કે પછી પરમાત્માના પરમ અનન્ય ભક્ત છે.

અન્ય જીવોને અશાતા પહોંચે નહિ અને શાતા ઊપજે તેવું નિર્દોષ પરોપકારી જીવન જીવવું તે કર્મયોગ છે અને એ વ્યવહાર છે. તો બીજી બાજુ આત્માને પરમાત્મા રૂપે આકારવો અર્થાત્ સ્વભાવના પ્રગટીકરણ દ્વારા સ્વધર્મ (આત્મસ્વરૂપધર્મ)ને સાધવો તેનું નામ સ્વધર્મયોગ છે, જે નિશ્ચય છે અને તે જ્ઞાનયોગ છે. જ્યાં સુધી કાયા છે ત્યાં સુધી કર્મયોગ છે, તો પછી જ્યાં સુધી મન હોય તેયાં સુધી સ્વધર્મયોગ અર્થાત્ જ્ઞાનયોગ હોવો જોઇએ. તેરમા ગુણ સ્થાનકે કેવળજ્ઞાન પ્રાગટ્યથી એ સહજયોગ એવા સહજ કર્મયોગમાં પરિણમતો હોય છે.

દયા, દાન, સેવા, ભક્તિ, વૈયાવચ્ચ, જ્ઞાનદાન, પરોપકારાદિ દ્રવ્યાનુકમ્પા અને ભાવાનુકમ્પા જેનામાં નથી તે સાચો અહિંસક બની શકતો નથી. દીન, દુઃખી, દરિદ્રી, રોગી, દોષીને જોઇને હૃદય જે કંપી (ધ્રૂજી) ઊઠે છે અને હૃદયના તે કંપનને અનુસરીને દીન-દુઃખીઆના દુઃખને દૂર કરવાની જે ક્રિયા કરાય છે તેને 'અનુકમ્પાદાન' એવું સાર્થક નામાભિધાન કરાયેલ છે. તથાગત ભગવાન બુદ્ધના મહાભિનિષ્ક્રમણના મૂળમાં હૃદયનું કંપન હતું. આ કર્મયોગ એક માત્ર મનુષ્યયોનિમાં જ છે. દેવયોનિના દેવોના અરસપરસના વ્યવહારમાં આવો કર્મયોગ નથી. કેમકે દેવો બધાય પુણ્યશાળી અને શક્તિશાળી સુખી છે. તિર્યંચો શક્તિહીન, લાચાર અને અવિવેકી છે. જ્યારે નારકીના જીવો પુણ્યહીન અને પરાધીન છે.

ભૂતકાળમાં આ ભવ કે પરભવમાં જાણતાં કે અજાણતાં આપણે જે જે જીવોને ત્રાસ પહોંચાડેલ છે, હિંસાદિ ક્રૂર ભાવો કરેલ છે, તે કર્મો ખપાવવા માટે કર્મયોગની સાધના છે. કર્મયોગ વિના અનંતાનુબંધી પ્રકારના કષાયો જતાં નથી. કર્મયોગી કર્મયોગના બળે અનંતાનુબંધી કષાયોનો નાશ કરીને અધ્યાત્મમાર્ગે એટલે કે જ્ઞાનધ્યાનના માર્ગે આગળ વધવાને અને સ્વયં પરમાત્મા બનવાને લાયક થાય છે. અર્થાત્ ધર્મનો અધિકારી બને છે.

કર્મયોગ એટલે સુકૃત. કરવા યોગ્ય સુંદર કર્મ યા કૃત્ય કે જેના પરિણામે જેને માટે કૃત્ય કરાય છે અને જે કૃત્ય કરે છે તે કૃત્યનો કર્તા, ઉભય સુખને પામે છે. અથવા તો જે કરણી આત્માને પરમાત્મા સાથે જોડી આપે છે તે સુકૃત છે. અથવા તો જે કૃત્ય કરવાથી આત્માને સંતોષ થાય છે તે સુકૃત છે.

ત્યાગ વિના કદી કોઇની સેવા થાય નહિ અને પ્રેમ વિના કદી ત્યાગ કે સેવા કરી શકાય નહિ. પ્રેમ એટલે જ આત્મીયતા-આત્મોપ્યભાવ. આત્માની આત્મા સાથેની સજાતીયતા અને સમસ્વરૂપ ઐક્યતા સમજાઈ જાય તો બંધુભાવ, પ્રેમભાવ, વસુધૈવ કુટુમ્બકમ્‌નો ભાવ પેદા થયા વિના રહે નહિ.

કષાયમાં ભયંકર તીવ્રતા એ મળ છે. એ કર્મયોગથી જાય છે. સંસારમાં પુણ્યોદયે મળેલી ભોગસામગ્રી દુઃખરૂપ માનવી તે જ્ઞાનદશા છે. એ સામગ્રીનો બીજાઓના ભલા માટે સદુપયોગ કરવો તે કર્મયોગ છે. આ દશાથી સમકિત તરફ પ્રયાણ થઈ શકે છે. મળ કાઢવો એટલે અનંતાનુબંધી પ્રકારના કષાયનો નિકાલ કરવો અને સમ્યક્ત્વ અર્થાત્ ચોથા ગુણ સ્થાનકની પ્રાપ્તિ. એટલે કે બંધકોષ દૂર થવો અને બોધિલાભ રૂપી આરોગ્યનો લાભ થવો. અથવા તો વિનાશી પ્રતિની દોટ બંધ થવી અને અવિનાશી પ્રતિની દોટનો આરંભ થવો. વિનાશીથી છૂટાછેડા લેવા અને અવિનાશી સાથે છેડાછેડીથી જોડાવું.

☐ સંકલન-સૂર્યવદન ઠાકોરલાલ જવેરી

(ક્રમશઃ)

# નિદ્રાનું સામાન્ય સ્વરૂપ અને જૈન દૃષ્ટિ

□ ડૉ. કવિન શાહ

આહાર, નિદ્રા, ભય અને મૈથુનની ચાર સંજ્ઞા દેવ-મનુષ્ય અને પ્રાણીસૃષ્ટિમાં સર્વસામાન્યપણે રહેલી છે. નિદ્રાને વ્યવહારમાં ઊંઘ શબ્દથી ઓળખવામાં આવે છે. શારીરિક શ્રમ, થાક, ઉજાગરા, મિષ્ટાન્ન ભોજન, પ્રમાદ વગેરેને કારણે ઊંઘ આવે છે. સુખીયા માણસોને સારી નિદ્રા આવે છે. દુઃખીયા લોકોને ચિંતાના કારણે ઊંઘનું પ્રમાણ ઓછું હોય છે. દેવું, ચિંતા, ધંધાકીય મોટી જવાબદારી, દુષ્કૃત્યોની કરણી જેવાં કર્મોથી નિદ્રા વ્યવસ્થિત આવતી નથી. દિવસનો સમય કામકાજનો અને રાત્રિનો સમય આરામનો છે એમ સર્વવિદિત છે. ઊંઘ એ આરામનો એક પ્રકાર છે. દિવસના શ્રમ પછી રાત્રિના સમયમાં ઊંઘ અનિવાર્ય છે. અને તેમાંય રાતના ૧૨ થી ૪નો સમય તો અવશ્ય ઊંઘ આવે તેવો છે. નિદ્રાદેવી પ્રસન્ન થાય તે પણ ભાગ્યની વાત છે. ઘણા લોકો એવા છે કે નિદ્રા આવતી નથી. અનિદ્રા એ માનસિક રોગ છે. કેટલીક ટેબલેટ લેવાથી નિદ્રા આવે છે, પણ આ અકુદરતી નિદ્રા હોવાથી સ્વસ્થતા જળવાય છતાં લાંબા ગાળે અનિદ્રાનું દુઃખ તો હેરાન કરે છે. કેફી દ્રવ્યોનું સેવન નિદ્રા માટે હાનિકારક છતાં તેનું સેવન થાય છે. રોગીને રોગની પીડાથી અમુક સમય રાહત મળે તે માટે નિદ્રાધીન કરવા માટે ઘેનની ગોળી અપાય છે. આ કુદરતી ઉપાયોની સામે કુદરતી રીતે જ ઊંઘ આવે તેના જેવી કોઈ સુખદ અન્ય પરિસ્થિતિ નથી. ઊંઘમાં શરીરના અંગોપાંગ આરામમાં હોય છે. પણ મન તો ઊંઘમાં સ્વપ્નવિહાર કરે છે. ઊંઘ અને સ્વપ્ન એકબીજા સાથે ગાઢ સંબંધ ધરાવે છે. અર્ધજાગૃત અને અર્ધ સુપ્તાવસ્થા દરમ્યાન સ્વપ્ન આવે છે. ગાઢ નિદ્રામાં હોય તો પણ સ્વપ્ન આવે પણ યાદ રહેતું નથી. એટલે ઊંઘમાં સ્વપ્ન નથી આવતું એમ મનાય નહિ.

આયુર્વેદમાં સૂર્યોદય પહેલાં નિદ્રાત્યાગ માટે જણાવ્યું છે. સૂર્યોદય પહેલાં ઊઠવાથી પૂર્ણ આયુષ્ય ભોગવી શકાય છે. સૂર્યોદય પછી મોડા ઊઠનારા અને ઊંઘણશીઓ પૂર્ણ આયુષ્ય ભોગવી શકતા નથી. ભારતીય સંસ્કૃતિ અને ધર્મના સૂત્રધારો, ઋષિમુનિઓ અને મહાત્માઓ વહેલા ઊઠીને પ્રભુનામસ્મરણથી દૈનિક કાર્ય શરૂ કરતા હતા અને તંદુરસ્તી પણ સારી રહેતી હતી. એટલે અતિશય ઊંઘ હાનિકારક છે. 'રાતે વહેલા જે સૂઈ વહેલા ઊઠે વીર, બળ-બુદ્ધિ ને ધન વધે સુખમાં રહે શરીર.' આ જાણીતી પંક્તિઓ નિદ્રા વિશે પ્રકાશ પાડીને પ્રમાણસરની નિદ્રા અને વહેલા ઊઠવાની ટેવનું સમર્થન કરે છે. વિદ્યાર્થીનાં પાંચ લક્ષણ દર્શાવતા શ્લોકમાં કાગડા જેવી નજર, બગલા જેવું ધ્યાન, કૂતરા જેવી નિદ્રા, અલ્પઆહાર અને સ્ત્રીનો ત્યાગનો ઉલ્લેખ થયો છે. તેમાં આહાર અને ઊંઘ અલ્પ હોય તો વિદ્યાપ્રાપ્તિમાં વિશેષ પ્રગતિ થાય એટલે કૂતરા જેવી અલ્પનિદ્રા જીવનમાં સદા ચેતનવંતા બનવામાં ઉપકારક નીવડે છે.

નિદ્રા વિશે ધાર્મિક અર્થઘટન પણ સમજવા અને વિચારવા જેવું છે. જૈનદર્શનમાં આઠ કર્મની માન્યતા છે. તેમાં દર્શનાવરણીય કર્મના ઉદયને કારણે ઊંઘ આવે છે એમ માનવામાં આવે છે. આ કર્મનો ઉદય વધુ ભારે કે તીવ્ર હોય તો નિદ્રાનું પ્રમાણ વધુ હોય છે. ઊંઘણશી-કુંભકર્ણનિદ્રા જેવા શબ્દો વધુ પડતી ઊંઘવાળા માણસો માટે વપરાય છે. આહાર અને ઊંઘને વધુ સંબંધ છે. સ્વયં પુરુષાર્થથી આહાર અને ઊંઘની સંજ્ઞાને પરિમિત કરવાથી દીર્ઘકાળ પર્યંત માનસિક અને શારીરિક સ્વસ્થતા જળવાઈ રહે છે. શારીરિક શ્રમવાળાને ૮ કલાક અને માનસિક શ્રમવાળાને ૬ કલાકની નિદ્રા તંદુરસ્તી માટે ઉપકારક નીવડે છે. વધુ પડતી ઊંઘથી આળસનું પ્રમાણ વધી જતાં ઉદ્યમ કરવાની વૃત્તિ ધીમે ધીમે ઘટી જાય છે અને જીવનમાં સ્થગિત થઈ જાય છે. દર્શન એટલે જોવું અને આવરણ એટલે જોવામાં અવરોધ થવો. ઊંઘમાં વાસ્તવિક જગત વિસ્મૃત થાય છે અને માનસિક રીતે અવનવાં દૃશ્યો-વિચારો સ્વપ્ન બની દેખાય છે. સાધુપુરુષો, સંતો ને મહાત્માઓ ઊંઘણશીની કક્ષામાં નથી. આત્મસાધકો નિયમિત રીતે બ્રાહ્મ મુહુર્તમાં જાગીને પ્રભુનામસ્મરણ કરે છે.

–રાત રહે જ્યાંહરે પાછલી ખટઘડી

'સાધુપુરુષને સૂઈ ન રહેવું' નરસિંહ મહેતાનું આ વિધાન સાધુપુરુષોને પૂરતું મર્યાદિત નથી, પણ અન્ય લોકોને માટે પણ શરીરની સુખાકારી-સ્વસ્થતા માટે ઉપયોગી છે. કર્મના ઉદયથી નિદ્રા આવે છે, એમ જૈનદર્શનની માન્યતા છે. તો તે રીતે વિચારતાં નિદ્રાના પાંચ પ્રકાર છે.

ઉત્તરાધ્યયન સૂત્રનું ૩૩મું અધ્યયન કર્મવિપાકનું છે. તેમાં નિદ્રા વિશેનો ઉલ્લેખ મળે છે. જેમ પ્રતિહાર-દ્વારપાળ વડે રાજાનું દર્શન રોકાય છે, તેમ સામાન્ય અવબોધરૂપ દર્શન જે કર્મથી આચ્છાદિત કરાય તે દર્શનાવરણીય કર્મ છે.

(૧) સુખેથી જાગી શકાય તે નિદ્રા છે.

(૨) કષ્ટ કરીને જાગી શકાય તે અનિદ્રા છે. તેને નિદ્રા-નિદ્રા પણ કહે છે.

(૩) ઊભા-ઊભા કે બેઠા-બેઠા જે નિદ્રા આવે તે પ્રચલા છે.

(૪) ચાલતાં-ચાલતાં જે નિદ્રા આવે તે પ્રચલા-પ્રચલા છે.

(૫) દિવસમાં ચિન્તવેલ અર્થ સાધનારી વાસુદેવથી અડધા બળવાળી ઊંઘ તે થીણદ્ધિ છે.

નિદ્રા પંચકરૂપ આ પાંચ પ્રકૃતિઓ દર્શનલબ્ધિ વિનાશક હોય છે. નિદ્રા અને પ્રચલા ઊંઘ સારી છે. નિદ્રા-નિદ્રા, પ્રચલા-પ્રચલા ઊંઘ સારી ગણાતી નથી. થીણદ્ધિ નિદ્રા નરકગામી જીવને હોય છે. થીણદ્ધિ નિદ્રાનું એક દૃષ્ટાન્ત જોઈએ તો આ પ્રમાણે છે:

એક મુનિરાજને દિવસે હાથીએ હેરાન કર્યા હતા. મુનિએ રાત્રે થીણદ્ધિ નિદ્રાના ઉદયથી હાથી જ્યાં હતો ત્યાં જઈને તેને હણી નાખીને તેના દંતશુળ ઉપાશ્રયની બહાર મૂકીને નિદ્રાધીન થઈ ગયા. સવારે તેનાં લોહીવાળાં વસ્ત્રો જોઈને થીણદ્ધિ નિદ્રાનો ઉદય જોઈને તેમને સમુદાયમાંથી કાઢી મૂક્યા. બીજા એક દૃષ્ટાન્તમાં એક સ્ત્રીને થીણદ્ધિ નિદ્રાનો ઉદય થયો ત્યારે રાત્રે આભૂષણનો દાબડો લઈને ગામ બહાર જઈ જમીનમાં દાટી દીધો. ત્યારપછી છ મહિને ફરી થીણદ્ધિ નિદ્રાનો ઉદય થતાં તે આભૂષણનો દાબડો જ્યાં દાટ્યો હતો ત્યાંથી પાછો લાવી દીધો.

થીણદ્ધિ નિદ્રાનું વળી એક દૃષ્ટાંત ભાનુદત્ત મુનિનું છે. મુનિશ્રીએ મહાપુરુષાર્થ કરીને ચૌદપૂર્વનું જ્ઞાન સંપાદન કર્યું. પણ પૂર્વનાં કર્મના ઉદયથી પ્રમાદ ઘણો વધી ગયો. સંધ્યાકાળ થતાં જ નિદ્રાવસ્થા શરૂ થઈ જાય. પ્રતિક્રમણ કરતાં પણ નિદ્રાવસ્થાની સ્થિતિ હોય. સૂત્ર કે ક્રિયા કરી કે ન કરી તેનો કોઈ ખ્યાલ ન રહે. આ મુનિને બીજા શિષ્યો વિનયપૂર્વક પ્રમાદત્યાગ માટે જણાવતા હતા ત્યારે તેઓ ક્રોધ કરતા હતા. શિષ્યોએ મુનિને પ્રમાદત્યાગ કરવાની સૂચના આપવાનું બંધ કર્યું. આ પ્રમાદને કારણે જ્ઞાનની માત્રા ઘટી ગઈ. પ્રમાદ વધતો ગયો એટલે કે નિદ્રાનું પ્રમાણ વધતું ગયું. નિદ્રાવસ્થાને કારણે મુનિ અંતે આયુષ્ય પૂર્ણ કરી કાળધર્મ પામ્યા અને દુર્ગતિમાં ગયા. ચૌદ પૂર્વધર પણ પ્રમાદવશ આવી સ્થિતિમાં મરીને દુર્ગતિમાં ગયા તો વિચારીએ કે નિદ્રા કેવી દુશ્મન બની ગઈ.

આ દૃષ્ટાંતનો ઉલ્લેખ સંબંધસત્તરીમાં મળે છે. પંડિત વીરવિજયજી કૃત ચોસઠ પ્રકારી પૂજામાં દર્શનાવરણીય કર્મની છઠ્ઠી પૂજામાં

નિદ્રા-પંચકનો ઉલ્લેખ થયો છે. જ્ઞાન, ધ્યાન, તપ અને જાપ આદિમાં આત્મિક શક્તિનું સંક્રમણ કરવાથી દાસીની મયાજાળમાંથી મુક્ત થવાય આ માટે પ્રચંડ પુરુષાર્થ અને સતત ઉપયોગદશા અનિવાર્ય છે.

નિદ્રા વિશે કર્મગ્રંથ ભાગ-૧ થી ૧૧/૧૨ ગાથામાં ઉલ્લેખ મળે છે. આ પ્રમાણે નિદ્રાનાં સ્વરૂપ જાણીને ભવ્યાત્માઓ આરાધકભાવમાં વધુ એકાગ્ર થતા જાય તેમ નિદ્રા પર નિયમન થઈ શકે છે. ભગવાન મહાવીર સ્વામીએ નિદ્રા ઉપર વિજય મેળવ્યો હતો. આપણે આ કક્ષાએ આ કાળમાં પહોંચી ન શકીએ પણ સુખપૂર્વક જાગી શકાય તેવી નિદ્રા કેળવવા માટે ધર્મઆરાધના દ્વારા પુરુષાર્થ કરવો જોઈએ. જગતના લોકો ઘસઘસાટ ઊંઘતા હોય છે ત્યારે યોગીઓ, સંતો ને મહાત્માઓ અલ્પનિદ્રા પછી સ્વસ્થતાપૂર્વક જાગીને આત્મધ્યાનમાં એકાગ્ર બને છે. નિદ્રાનો પ્રમાદ આરાધનામાં વિઘ્નરૂપ છે. તેર કાઠિયામાં પણ તેની ગણતરી થાય છે. એટલે જેટલો સમય જાગૃત આરાધનામાં વીતે તેટલું આત્માનું કલ્યાણ થાય. ધર્મી પુરુષો જાગતા સારા કારણકે જાગતા હોય તો જ્ઞાન-ધ્યાનમાં મસ્ત રહીને આત્માના કલ્યાણમાં પ્રવૃત્ત થાય. અધર્મી આત્મા ઊંઘતા સારા કે ઊંઘના સમય દરમ્યાન પાપપ્રવૃત્તિથી અટકે.

# સ્વયંશિસ્ત

### ☐ ડૉ. રણજિત પટેલ (અનામી)

અનુશાસન અને નિયમબદ્ધ વર્તનના અર્થમાં શિસ્ત શબ્દ પ્રચલિત છે. વિવિધ શાસનને અર્થાત્ શિસ્તને નિષ્ફળ બનાવનારા લોકસમૂહે છે. સ્વયંશિસ્ત શબ્દ યોજ્યો છે.

શિસ્ત શબ્દ સામાન્ય રીતે રાજકર્તા વર્ગથી પ્રાપ્ત થતાં, નિયમના અર્થાત્ નિયમસમૂહના અર્થમાં સમજવામાં આવે છે. શાસનનાં વિવિધ ક્ષેત્રોમાં, રાજકાર્યના અનેક વ્યવહારોમાં આવા શિસ્તની અપેક્ષા રાખવામાં આવે છે. પ્રામાણિકતાના પર્યાય તરીકે કેટલાક એને સમજ્યા છે.

શાસન અર્થાત્ શિસ્ત એટલે ચોક્કસ પ્રકારની નિયમબદ્ધતા. તે માત્ર માનવસંદર્ભમાં, વ્યવહારસંદર્ભમાં કે રાજકાર્યના સંદર્ભમાં જ સમજાતી નથી પરન્તુ સમગ્ર વિશ્વના ચાલનમાં સમજવામાં આવે છે. આકાશી વિશ્વ, સૂર્ય-ચન્દ્ર, ગ્રહો-નક્ષત્રો, તારાઓ અને તેમના ભ્રમણમાં અને સમગ્ર વનસ્પતિસૃષ્ટિ તથા જન્તુપશુપંખી-સૃષ્ટિના વ્યવહારોમાં પણ શિસ્ત પ્રવર્તે છે. શિસ્ત, આમ વૈશ્વિક મહાનિયમ છે.

માનવી પાસેથી પણ, વ્યક્તિગત તેમજ સમૂહગત શિસ્તની અપેક્ષા રાખવામાં આવે છે, પરંતુ માનવીએ તો હંમેશાં શિસ્તને તોડવામાં આનંદ અને ગૌરવ માન્યાં છે. શિસ્તભંગનાં અનેક ઉદાહરણ સમાજમાં પ્રતિષ્ઠા પામેલા અને જેમની પાસેથી અનુશાસનપાલનની અપેક્ષા રાખવામાં આવે છે એવી વ્યક્તિઓ તરફથી પ્રાપ્ત થાય છે. કેટલીક વિધાનસભાઓ અને લોકસભાની કાર્યવાહી નિરખતાં, હાથના કંકણને અરીસામાં જોવું નહીં પડે. આથી સામાન્ય જનસમૂહ પણ આવા શિસ્તભંગને અનુસરે છે. પરિણામે સમગ્ર દેશ અથવા એક ચોક્કસ માનવસમૂહ શિસ્તહીન બને છે અને ધીમો વિનાશ નોતરે છે. સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પૂર્વેનું ભારત, બીજા મહાયુદ્ધ પહેલાંનું ફ્રાન્સ આનાં ઉદાહરણો છે.

શિસ્ત એ તો જીવનનું પોષક અને ધારક બળ છે: એવો ભંગ થતાં જીવન સ્વચ્છંદી અને નિર્માલ્ય બની જાય છે. વ્યક્તિઓ, વ્યક્તિસમૂહો અને દેશ શિસ્ત-વિમુખ બનતાં સ્વાતંત્ર્ય ગુમાવે છે.

બીજી બાજુ કઠોર, જડ અને લાગણીવિહીન શિસ્ત, કૃત્રિમ બંધનો ઊભાં કરે છે. આને પરિણામે માનવ-સમૂહ બળ પ્રદર્શન કરવા અને બીજાના હક્કો અને આનંદો છીનવી લેવા તથા પોતાના કાર્યક્ષેત્રનો અને ભોગવિલાસનો વિસ્તાર વધારવા તત્પર બને છે. સ્ટેલિનના સમયનું રશિયા તથા હિટલરના સમયનું જર્મની આનાં ઉદાહરણો છે.

સાર્વત્રિક શિસ્તનો વ્યક્તિમાં અભાવ અને તેને પરિણામે પ્રાપ્ત થયેલી અધોગતિ અને પરાધીનતાને બરાબર પિછાનીને ભારતીય મહાપુરુષોએ શિસ્ત ઉપર ભાર મૂક્યો. સાથે સાથે શિસ્તના અતિરેકનો પણ વિચાર કરવામાં આવ્યો છે અને જીવન અને જગતનાં દરેક અંગોમાં સ્વયંશિસ્તનો વિચાર અમલમાં મૂકવામાં આવ્યો છે.

સ્વયંશિસ્ત એ કોઈ નવી કે બહારની આયાત નથી. સમાજના સઘળા વ્યવહારો માનવીની સ્વયંશિસ્તને આધારે છે. રસ્તે ચાલનાર વ્યક્તિ, બીજાના ખિસ્સામાંથી કશુંક લઈ લેવાનો લોભ જતો ન કરે તો, રાજ્ય અથવા સમાજ તેની પાસે શિસ્ત પળાવશે અને શિસ્તનો ભંગ થતાં તેને શિક્ષા કરવામાં આવશે. રાજ્યને શિસ્ત માટેનું શાસન સ્વયંશિસ્ત તરફ દોરે છે.

આમ હોવા છતાં રાજ્ય દ્વારા કે સમાજ દ્વારા પળાવવામાં આવતી શિસ્તને ચોક્કસ મર્યાદા હોવી ઘટે. વ્યક્તિ સ્વયંશિસ્તની ટેવ ન પાડે તો કોઈપણ રાજ્યવ્યવસ્થા કશું કરી શકે નહીં. આનું ઉદાહરણ અત્યારે ભારતમાં વર્તમાન શિસ્ત છે.

સામાન્ય માનવી સ્વયંશિસ્ત ભૂલી, રાજ્યશિસ્ત પળાવે અને તેની જવાબદારી લે એવી અપેક્ષા રાખે છે. આ અપેક્ષા ભ્રમ છે અને આવા ભ્રમ ચાલુ રહેશે તો આપણે એકચક્રી શાસન, એકચક્રી શાસક જન્માવશે અને તેની પરંપરા ચાલુ થશે. માનવ અનુશાસનના ઇતિહાસમાં એકચક્રી શાસનની નિષ્ફળતાનાં ઉદાહરણો શોધવાં પડે તેમ નથી. આમ આત્મશિસ્ત એટલે આત્માનુશાસન. કેવળ વાચ્યાર્થજ લઇએ તો આત્મશિસ્તનો અર્થ નિયમબદ્ધ વર્તન (સેલ્ફ-ડીસીપ્લીન) એ સ્વયં-સ્પષ્ટ છે, પણ આત્માનો અર્થ સ્વયં એની સાથોસાથ આત્મા અને શિસ્તનો લક્ષ્યાર્થ શિષ્ટતા સાથે જોડીએ તો મનોનિગ્રહપૂર્વક કેળવેલી આત્માની ઉર્ધ્વતા એવો પણ અર્થ લઈ શકાય. આત્મશિસ્તના આવા વાચ્યાર્થ અને લક્ષ્યાર્થ લક્ષમાં લેતાં સહજ સમજાશે કે આ એક વિરલ ગુણ છે જે સર્વકાલીન તેમજ સર્વજનીન (ફોર ઓલ ટાઈમ એન્ડ ફોર ઓલ પિપલ) પણ છે.

શિસ્ત જેવો ફારસીમાં એક શુસ્ત શબ્દ છે. જેનો અર્થ નાહેલું-ધોયેલું થાય છે. શિસ્ત, શુસ્ત ને શિષ્ટતામાં તન, મન, હૃદય, પ્રાણ, આત્માના સંમાર્જનની વિભાવના ગર્ભિત હોવી ઘટે. આત્મશિસ્ત એ સ્વયંભૂ કે નથી વારસાગત. વ્યષ્ટિ-સમષ્ટિ એ એના ઘડતર કે સંગોપન કાજે, દેહ દેહીનો અદ્ભુત યોગ ને ચિત્તની અતંદ્ર જાગરુકતા સાધવી પડે છે. આમ, આત્મ-શિસ્ત એ કેવળ યોગીઓની જ પવનપાવડી નથી, અનુશાસન કર્તાઓનો પણ રાજદંડ છે. અને કલાકારોની પણ એ તો સંજીવની છે. વિકાસની વિવિધ અને અનંત શક્યતાવાળો માનવ, લવચીકતા અને 'રીજીડીટી'ના અંતિમોને ટાળી, અભ્યાસ ને વૈરાગ્યથી આત્મશિસ્તને સાધી શકે. એના વિના ચાર પુરુષાર્થ પણ અશક્ય છે. અરે, દુન્યવી મહત્તા મેળવવા કે અમર કીર્તિ પામવા કે અભ્યુદય અર્થે પણ આત્મશિસ્તની અનિવાર્યતા છે. માણસની વિવિધ શક્તિઓ જગતમાં, ઈન્દ્રિયોના વિષયોના વિવિધ ક્ષેત્રોમાં વહેંચાઈને વેડફાઈ જાય છે. એને અંકુશમાં લેવા માટે ધ્યેયનિષ્ઠા ને એકાગ્રતા આવશ્યક છે. આત્મશિસ્ત વિના આ બધું જ અશક્ય. આજના વ્યગ્ર જીવનની મોટા ભાગની અસ્વસ્થતાનું કારણ પણ આત્મશિસ્તનો સદંતર અભાવ છે. ચાબુકને ફટકારે ઘોડાને દોડાવવો પડે છે. જીવન મૂલ્યોને સાર્થક કરવા આત્મશિસ્ત અનિવાર્ય છે.

❖❖❖

# પારિભાષિક પદ-પંક્તિઓનું વિવેચન

## ☐ પ. પૂ. શ્રી મૃગેન્દ્રવિજયજી મહારાજ

પ્રાચીન જૈનાચાર્યોની અનેક રચનાઓમાં એવા વાક્ય-પ્રયોગો આવે છે જેનું હાર્દ સમજવા માટે ગુરુ-પરંપરા અને તત્કાલીન પરિસ્થિતિનો અભ્યાસ જરૂરી બને છે.

અહીં એવાં કેટલાંક પારિભાષિક પદ-પંક્તિઓનું સંકલન કર્યું છે. આપણે થોડાંક ઉદાહરણો જોઇએ:-

(૧) દયા ધર્મ કા મૂલ હૈ, ક્યા કાન ફૂંકાયા ?
જીવદયા ન હુ જાનતે, તપ ફોગટ માયા.
(ગાથા-૧૪)

પંડિત શ્રી વીરવિજયજી કૃત પંચ-કલ્યાણક પૂજામાં 'ક્યા કાન ફુંકાયા ?' વાક્ય-પ્રયોગ જોવા મળે છે. તેનો ભાવાર્થ છે કે-માતા-જનેતા દ્વારા મળેલ પ્રથમ જન્મ પછી બાળક-નવજાત શિશુને ગુરુ કે બ્રાહ્મણ પાસે લઈ જવામાં આવે છે. લગભગ આઠ વર્ષના બાળકને ગુરુ તેના કાનમાં મંત્ર સંભળાવે છે એને કાન ફુંકવાની વિધિ કહે છે.

અત્રે પાર્શ્વનાથ પ્રભુ અને કમઠયોગીના સંદર્ભમાં પાર્શ્વકુમાર કમઠને કહે છે કે-શું તેં દયાનો મંત્ર તારા કાનમાં ફુંકાવ્યો નથી ? તારા કર્ણ-પટલમાં હજી સુધી દયાનો શબ્દ પણ પહોંચ્યો નથી ? તો તું તાપસ કેવો ? તારો આ પંચાગ્નિ-તપ નિરર્થક છે.

(૨) ચાર ઘને મઘવા સ્તવે રે, પૂજાતિશય મહંત,
પાંચ ઘને યોજન ટલે રે, કષ્ટ એ તુરીય પ્રશસ્ત. ।

પંડિત વીરવિજયજી 'શુભવીર' વિરચિત 'જ્ઞાનરયણ રયણાયરૂ રે' સ્તવનની ચોથી ગાથા છે–અહીં તીર્થંકર ભગવાનના ચાર અતિશયોનું વર્ણન છે. તેમાં પૂજાતિશયનું વર્ણન કરતાં 'ચાર ઘને' પદ પ્રયુક્ત છે. એટલે ૪X૪X૪ ગુણતાં = ૬૪ થાય. ૬૪ ઇન્દ્રો આપની ભક્તિ-સ્તવના કરે છે. એ જ રીતે-અપાયાપગયાતિશય બતાવતાં કહે છે-'પાંચ ઘને' ૫X૫=૨૫. તે પછી ૨૫X૫ ગુણતાં=૧૨૫ યોજન થાય. એટલે કે-તીર્થંકર ભગવાન જ્યાં વિચરતા હોય તેના સવાસો યોજન સુધીમાં મારિ, મરકીનો ઉપદ્રવ ક્ષય પામે છે.

(૩) 'શત ગમે જાત્રા સેત્રુંજી તણી, બીજી પણ જેણે કીધી ઘણી,
સત્તર પ્રતિષ્ઠા જેણે કરી, બિંબ તણી મન ઉલટ ધરી,

આચાર્ય શ્રી જ્ઞાનવિમલસૂરિનો જન્મ વિ. સં. ૧૬૯૪માં થયો. તેમનો રાસ-ચરિત્ર ૬૦ ગાથા પ્રમાણ ગુજરાતીમાં ઉપલબ્ધ છે. આમાં ઉલ્લેખ મુજબ આ. જ્ઞાનવિમલસૂરિજીએ શ્રી સિદ્ધાચલજીની ૯૯ પાદ-યાત્રા કરી હતી અને તે ઉપરાંત બીજી વધુ પાદયાત્રા કરી હતી તે બતાવવા માટે અહિં 'શત ગમે' પ્રયોગ કર્યો છે. આવો પ્રયોગ અન્યત્ર પણ જોવા મળે છે.

ઉપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મ. વિરચિત અઢાર પાપ-સ્થાનકની સજ્ઝાયમાં આ રીતે વર્ણન છે.

'હોય વિપાકે દશગણું રે, એકવાર કિયું કર્મ,
શત, સહસ્ર, કોડી ગમે રે, તીવ્ર ભાવના મર્મ રે
પ્રાણી...(ગાથા-૩)

આ ગાથામાં હિંસાનો દારૂણ વિપાક-(તેનું ફળ) તેનો ગુણાકાર થતાં કેટલો વધી જાય છે અને તે વધતાં વધતાં દશ, શતક, હજાર, કરોડ સુધી પહોંચી જાય છે અને ક્યારેક નિકાચિત કર્મ તો અવશ્યમેવ જીવને ભોગવવું જ પડે છે.

આના ઉદાહરણમાં જોવાથી ખ્યાલ આવશે.

'તિહાં બાંધી અંતરાય, ભાખે શ્રી જિન રાય,
આ છે લાલ, સોલ ઘડીનાં સોલ વરસ થયાંજી.'

સજ્ઝાયમાં વર્ણન મુજબ-શ્રીકૃષ્ણની પટરાણી રૂક્ષ્મણીએ ભગવાન નેમિનાથ પ્રભુને પોતાના પુત્ર-વિયોગનું કારણ પૂછ્યું. પ્રભુએ કહ્યું:-

પૂર્વભવમાં તેં જંગલમાં મોર (ઢેલ)ના ઇંડાનો વિયોગ કરાવ્યો હતો તેથી માત્ર ૧૬ ઘડીના વિરહનું પરિણામ ૧૬ વર્ષ સુધી ભોગવવું પડ્યું.

કર્મની મહાસત્તા આગળ કોઇનું કશું ચાલતું નથી એવું અહીં ફલિત થાય છે.

(કળશ)

(૪) તિહાં રાય રાજે બહુ દિવાજે વિશ્વસેન-નરિંદ,
નિજ પ્રકૃતિ સોમહ, તેજે તપનહ માનું ચંદ દિણંદ,
તસ ગુણહ-ખાણી, પટ્ટરાણી નામે અચિરા નાર
સુખ સેજ સૂતાં ચૌદ પેખે, સુપન સાર દુવાર.

આચાર્ય શ્રી જ્ઞાનવિમલસૂરિ કૃત શાંતિજિન કળશની આ ગાથા છે. તેની ઢાળ ૧લીમાં ગાથા ક્રમાંક બેમાં ભગવાનની માતાએ દુવાર એટલે બે વાર ૧૪ સ્વપ્નો જોયા એવો નિર્દેશ કર્યો છે.

હા. આ વિધાન બરોબર છે. કારણ કે-શાંતિનાથ ભગવાન એક જ ભવમાં ચક્રવર્તી અને તીર્થંકર આમ બે પદવીઓના માલિક હતા તેથી માતા-અચિરાદેવીએ બે વાર સ્વપ્ન-દર્શન કર્યું હતું એવું અહીં અર્થઘટન અભિપ્રેત છે.

(૫) એક પ્રાચીન જૈન કાવ્યમાં ૨૨મા તીર્થંકર ભગવાન નેમિનાથને सिवादेवीमल्हार એટલે કે માતા શિવાદેવીને આનંદ આપનારા તરીકે વર્ણવ્યા છે. શિવાદેવી માતાના પુત્ર, નંદન કે દુલારા એવો શબ્દ-પ્રયોગ ન કરતાં 'મલ્હાર' શા માટે કહ્યાં ? અને મલ્હારનો અર્થ શું ? એવો પ્રશ્ન આપણને થાય. તો કવિનો આત્મા હંમેશા વર્ણનાત્મક-શૈલિનો રસિક હોય છે.

પ્રાકૃતમાં મૂળ मल्ह ક્રિયાપદ છે, मल्ह ધાતુનો અર્થ મોજ કરવી, આનંદ કરવો એવો થાય છે. એટલે માતાને આનંદ આપનારા એવું ફલિત થયું. મલ્હાર રાગનું નામ પણ આ રીતે યથાર્થ જણાશે.

(૬) આજે તારીખના યુગમાં તિથિનું મહત્ત્વ ઘટતું જાય છે. ભારતીય જ્યોતિષ શાસ્ત્રમાં પંચાગનું મહત્ત્વ છે તેમાં તિથિ, વાર, નક્ષત્ર, કરણ, યોગ છે, તિથિમાં પંદર દિવસ સુદના અને પંદર દિવસ વદ પક્ષે છે-આપણે સંક્ષેપમાં સુદ-વદ તરીકે પ્રયોગ કરીએ છીએ. હવે ઉંડા ઉતરીશું તો જણાશે કે-સુદ એટલે શુકલ દિવસ. શુકલ પક્ષની તિથિ, અને તે જ પ્રમાણે વદિ એટલે કૃષ્ણ પક્ષની તિથિ. કૃષ્ણને સંસ્કૃતમાં 'बहुल' કહેવાય છે, આમ बहुल दिवस થયું 'બ' અને 'વ' એકબીજા માટે વપરાતાં તેનું સંક્ષિપ્ત રૂપ व+दि =वदि થયું.

❖❖❖

### સંઘને મળેલું માતબર દાન

**અમને જણાવતાં અત્યંત હર્ષ થાય છે કે ગત પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન સંઘના આજીવન સભ્યો શ્રી પીયૂષભાઈ કોઠારી (પી. ડી. કોઠારી એન્ડ કંપની) તથા સૌ. ચંદ્રાબહેન કોઠારી તરફથી સંઘને વહીવટી ખર્ચ માટે રૂપિયા અગિયાર લાખ જેવી માતબર રકમનું દાન મળ્યું છે. સંઘના ઈતિહાસમાં આટલી મોટી રકમનું દાન આ પહેલી વાર મળેલ છે એથી ધન્યતા અનુભવીએ છીએ.**

**અમે તેમને અભિનંદન આપીએ છીએ અને અંતરથી તેમના પ્રત્યે આભારની લાગણી દર્શાવીએ છીએ.**

☐ મંત્રીઓ

Printed & Published by Nirubahen Subodhbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400 027. And Published at 385, S.V.P. Road, Mumbai-400 004. Editor: Ramanlal C. Shah.

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57
Posted at Patrika Channel sorting office Mumbai-400 001 Licence to post without prepayment No. 271
● વર્ષ : (૫૦) + ૧૫ ● અંક : ૧૧ ● ૧૬નવેમ્બર, ૨૦૦૪ ● ● Regd. No. TECH / 47-890 / MBI / 2003-2005

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/- ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## कुसीलवड्ढणं ठाणं दूरओ परिवज्जए ।

–ભગવાન મહાવીર

**[કુશીલ વધારનાર સ્થાનોનો દૂરથી જ ત્યાગ કરી દેવો જોઇએ]**

આ સંસાર ક્યારેય કુશીલથી–દુરાચારથી સર્વથા સંપૂર્ણપણે મુક્ત થઈ જાય એવું ક્યારેય થયું નથી અને થશે પણ નહિ. સંસારમાં અધર્મ, પાપ, દુરાચાર, વ્યસનો ઇત્યાદિ કાયમ રહેવાનાં. પુરાણો વાંચો, ઇતિહાસ વાંચો, દુરાચારથી, જુગાર વગેરે વ્યસનથી, પરસ્ત્રીગમન વગેરે પાપોથી મોટા મોટા માણસોનું પણ પતન થયું છે. માટે જ કુશીલવર્ધક સ્થાનથી દૂર રહેવાની ભલામણ છે.

દશવૈકાલિક સૂત્રમાં ભગવાને સાધુઓના આચાર વિશે ઊંડી ગવેષણા કરી છે અને સાધુઓ ગોચરી વહોરવા નીકળે ત્યારે શું શું લક્ષમાં રાખવું, ક્યાં ઊભા રહેવું, ક્યાં બેસવું વગેરે વિશે ભલામણો કરી છે. પોતાના વિશે કોઇને શંકા ન જાય એમ વર્તવું જોઇએ તથા શંકાશીલ સ્થાનોથી દૂર રહેવું જોઇએ.

દસવૈકાલિક સૂત્રમાં ભગવાને કહ્યું છે:

**अगुत्ती बंभचेरस्स इत्थिओ यावि संकणं ।**
**कुशील वड्ढणं ठाणं दूरओ परिवज्जए ॥**

[કુશીલવર્ધક સ્થાનથી બ્રહ્મચર્યની અગુપ્તિ થાય છે. (ગુપ્તિ થતી નથી એટલે પાલન થતું નથી.) વળી સ્ત્રીઓને પણ શંકા ઉત્પન્ન થાય છે. માટે કુશીલવર્ધક સ્થાનને દૂરથી ત્યાગી દેવું જોઇએ.]

ભગવાને મુનિઓને જે સરસ ભલામણો કરી છે એમાં અનેકના અનુભવનો પડઘો છે અને સૂક્ષ્મ મનોવૈજ્ઞાનિક વિચારણા છે.

ભગવાને તો સાધુઓના બ્રહ્મચર્યના પાલન વિશે શિખામણ આપતાં જે કેટલીક મહત્ત્વની વાતો કરી છે ને ગૃહસ્થોએ પણ એટલી જ સમજવા જેવી છે.

જેમ કોઈ ચેપી રોગ ફેલાયો હોય તો જે વ્યક્તિને એ થયો હોય એનાથી આપણે દૂર રહીએ છીએ તેવી જ રીતે જ્યાં દુરાચાર ચાલતા હોય એવાં સ્થાનોથી દૂર રહેવું જોઇએ. જેમ નબળા શરીરના માણસને તરત ચેપ લાગે છે તેમ નબળા મનના માણસને દુરાચાર તરત વશ કરી લે છે. અશિષ્ટ દૃશ્યો, ફિલ્મો, સામયિકો, પુસ્તકો માણસમાં કૌતુક જન્માવે છે અને પછી તેને પતન તરફ ઘસડી જાય છે.

દુનિયામાં ઉત્તરોત્તર આંતરરાષ્ટ્રીય સંબંધો વધતા રહ્યા છે. કેટલાક દેશોને ગરજે સંબંધો ટકાવવા પડે છે તો કેટલાક સંબંધો સ્વાભાવિક ક્રમે વિકસે છે. કોઈ દેશ એકલો અટૂલો રહી શકતો નથી. રહે તો તે ઘણો પાછળ પડી જાય છે. આમ વધતા જતા આવા વૈશ્વિક વ્યવહારને કારણે એક દેશની ખરાબ ચીજવસ્તુઓ, રીતરિવાજો, વ્યસનો ઇત્યાદિ બીજા દેશમાં ઘૂસી જાય છે અને ફેલાય છે. અમેરિકા જેવા રાષ્ટ્રને ઓસામા બિન લાદેનની જેટલી ફિકર છે એટલી જ ફિકર પોતાના દેશમાં ચરસ, ગાંજો વગેરે માદક પદાર્થો ઘૂસીને પોતાના યુવાનોને પાયમાલ કરી દે છે એની છે. પાશ્ચાત્ય દેશોમાંથી અને બીજેથી પણ અશ્લીલ સામયિકો, અશ્લીલ વિડિયો ફિલ્મ વગેરે આખી દુનિયામાં પહોંચી ગયાં છે. ભારત પણ એમાં બાકાત નથી.

કુશીલવર્ધક સ્થાનને દૂરથી ત્યજવાની વાત તો બરાબર છે, પણ હવે વર્તમાન કાળમાં ટી.વી., કોમ્પ્યુટર વગેરે કુશીલનાં નિમિત્તો આપણા ઘરોમાં આવી ગયાં છે. આપણે એનાથી આઘે જઇએ તેને બદલે તે જ આપણી પાસે આવી ગયાં છે. માટે આપણી જવાબદારી ઘણી બધી વધી જાય છે.

પાંચ દાયકા પૂર્વે જે પ્રકારનાં ચલચિત્રો બતાવાતાં હતાં તેના કરતાં વર્તમાન ચલચિત્રોમાં સ્ત્રીપુરુષના અભિનયમાં ઘણી છૂટ લેવાય છે. કેટલાકમાં તો વિષયો જ એવા લેવાય છે. પાશ્ચાત્ય દેશોમાં તો જીવનના એક સ્વાભાવિક ક્રમ તરીકે સ્વીકારાયું છે, પરંતુ એથી અનેકનાં જીવન પાયમાલ થાય છે.

પોર્નોગ્રાફી અર્થાત્ અશ્લીલતાભર્યાં દૃશ્યોથી કમાણી કરી લેવા માટે કેટલા બધાં માણસો દુનિયામાં નીકળ્યા છે. કોમ્પ્યુટર ઉપર એવાં દૃશ્યો કેટલા બધા માણસો નિહાળે છે. કેટલાક દેશોમાં ઑફિસમાં કામકાજ કરતાં કરતાં વચ્ચે એવાં દૃશ્યો નિહાળી લેનાર કર્મચારીઓ હોય છે. કંપનીઓ એ Lock કરી નાખે તો કર્મચારીઓ એનો કોડવર્ડ શોધી કાઢીને પણ જોઇ લેતાં હોય છે. આવું જ ઘરોમાં નાનાં બાળકો કે મોટા માણસો પણ કરતા હોય છે. કોડવર્ડ શોધી કાઢતાં નાનાં બાળકો પણ શીખી જાય છે. કેટલીક વખત માતા પિતાને વખતોવખત કોડવર્ડ બદલતા રહેવું પડે છે.

જાતજાતની અશ્લીલ ફિલ્મો તો આખી દુનિયામાં પ્રસરી ગઈ છે. એક વખત મધ્યપ્રદેશમાં એક સ્થળેથી બીજે સ્થળે અમે જઈ રહ્યા હતા. રસ્તામાં એક નાના ગામમાંથી અમારી ટેક્ષી પસાર થઈ ત્યારે ત્યાં એક સ્થળે ઘણા પુરુષોનું મોટું ટોળું એકઠું થયું હતું. જાણે કોઈ ઘટના ન બની હોય ! ટેક્ષી ડ્રાઇવરે કહ્યું કે આ બધા સિનેમા જોવા એકઠા થયા છે. નજર કરી તો ગામઠી થિયેટર ઉપર કોઈ ઇંગ્લીશ પિક્ચરનું નામ હતું.

'આ બધાને ઇંગ્લીશ પિક્ચરમાં શી સમજ પડે ?' અમે પ્રશ્ન કર્યો.

ટેક્ષી ડ્રાઇવરે જવાબ આપ્યો કે 'પહેલાં આ થિયેટર ખોટમાં ચાલતું હતું. જ્યારથી ઇંગ્લીશ પિક્ચરો ચાલુ કર્યાં ત્યારથી ધૂમ કમાણી કરે છે. આજુબાજુના ગામડાના છોકરાઓ પણ અહીં પિક્ચર જોવા આવે છે.'

'પણ આ લોકોને તો ઇંગ્લીશમાં લખતાંવાંચતાં કે બોલતાં પણ નહિ આવડતું હોય. પિક્ચરમાં શી સમજ પડે ?'

ટેક્ષી ડ્રાઇવરે કહ્યું કે 'એ લોકોને ક્યાં પિક્ચર જોવું છે ? પણ પિક્ચરની વચ્ચે બે-ત્રણ મિનિટ નગ્ન ફિલ્મ બતાવી દે છે એ જોવા જ તેઓ આવે છે.'

કુશીલતાનું પોષણ કરીને કમાણી કરવા માટે લોકો કેવી કેવી તરકીબો કરે છે !

દુનિયામાં અનાચાર માટેનાં સાધનસગવડો વધતાં જાય છે. આપણી જૂની ગ્રામપદ્ધતિમાં બે વિજાતીય વ્યક્તિને એકાંત જોઇતું હોય તો પણ ન મળે. તળાવ કિનારે કે ખેતરમાં જાય તો પણ જતાં આવતાં પકડાઈ જાય. હવે દુનિયામાં વસતિ વધી છે. મોટા ઘરોમાં ઘણા કમરા હોય છે. કોઇની પૂછપરછ હોતી નથી. એટલે વ્યભિચાર માટે ઘરોમાં જ સગવડો વધી છે. વળી દુનિયાભરમાં નાનાં ગેસ્ટ હાઉસથી માંડીને પંચતારક હોટેલોમાં ઘણી સગવડો વધી છે. દુનિયાની કોઇપણ એવી પંચતારક હોટેલ નહિ હોય કે જેની રૂમોમાં ક્યારેય અનાચારનું ખોટું કામ થયું ન હોય. કેટલીક હોટેલોમાં તો કર્મચારીઓ જ એવી સગવડ કરી આપી કમાણી કરે છે.

એકાંત અને સતત સાહચર્ય સ્ત્રીપુરુષને પતન તરફ ઘસડી જાય છે. કેટલીય ઓફિસોમાં ખોટા સંબંધો બંધાય છે. ક્લિન્ટન જેવા અમેરિકાના પ્રમુખ પોતે પ્રમુખપદ પર હોય ત્યારે જ પોતાના કાર્યાલયમાં વ્યભિચાર કરે અને પકડાય ત્યારે કબૂલ કરી લેવું પડે એ તો અનાચારની હદ થઈ. પરંતુ એનું કારણ યુવાન મોહક કર્મચારી યુવતી સાથેનું એકાંત છે. આપણે ત્યાં કહ્યું છે કે 'કામિની કે સંગ કામ જાગે હી જાગે.'

પરસ્ત્રીગમન એ પણ એક મોટું વ્યસન છે. વ્યસન એટલે જે કુટેવમાંથી માણસ જલદી છૂટી ન શકે તે. વ્યસન માણસને દુર્ગતિમાં લઈ જાય છે. વ્યસનની વ્યાખ્યા આપવામાં આવી છે :

**व्यस्यति पुरुषं श्रेयसः इति व्यसनम्**–અર્થાત્ જે દુષ્કર્મ માણસને કલ્યાણમાર્ગથી પાડે છે તે વ્યસન.

કુશીલ વ્યક્તિમાં દુરાચાર આવે છે, વ્યસનોમાં તે સપડાય છે. ભારતીય સાંસ્કૃતિક પરંપરામાં વ્યસનનોનો નિષેધ કરવામાં આવ્યો છે. કહ્યું છે :

**द्यूतं च मां सं च सुरा च वेश्या, पापर्द्धि चौर्यं परदारसेवा ।**
**एतानि सप्त व्यसनानि लोके, घोराति घोरं नरकं नयन्ति ॥**

(૧) ધૂત=જુગાર, (૨) માંસ, (૩) મદિરા, (૪) વેશ્યા, (૫) શિકાર, (૬) ચોરી, (૭) પરસ્ત્રીગમન–આ સાત વ્યસન ઘોરાતિઘોર નરકમાં જીવને લઈ જાય છે.

જુગાર વગેરે માત્ર એકાદ વ્યસનથી પણ મોટા મોટા પુરુષો જો પાયમાલ થયા હોય તો એક કરતાં વધારે વ્યસનથી જીવની કેવી દુર્ગતિ થાય ? પરંતુ જીવ એક વાર વ્યસને ચડ્યો તો એમાંથી જલદી છૂટાતું નથી. એનો સમય થાય એટલે મન ત્યાં દોડવા લાગે છે. બીડી, સિગરેટની તલપ લાગે એટલે માણસથી રહી શકાતું નથી. ન મળે તો માથું ભમે છે, કશું કામ સૂઝતું નથી.

એક વાર અમારા એક વડીલ અધ્યાપકને એમના પરિવાર સાથે અમારે ત્યાં ભોજન માટે નિમંત્રણ આપ્યું હતું. જમ્યા પછી અમે બધા બેઠકના ખંડમાં બેઠા, પરંતુ અધ્યાપકનો મોટો પુત્ર દેખાયો નહિ. એટલી વારમાં ક્યાં જતો રહ્યો ? અમે વિચારમાં પડ્યા. બધા રૂમમાં, બાથરૂમમાં જોયું પણ એ ક્યાંય હતો નહિ, ત્યાં અધ્યાપકે ફોડ પાડ્યો કે એ થોડી વારમાં આવશે. એને જમ્યા પછી છેલ્લે કોળિયે સિગરેટ પીવાની અને ત્યાર પછી તમાકુવાળું પાન ખાવાની ટેવ પડી ગઈ છે. એટલે જમીને તરત એ ઘરમાંથી ચૂપચાપ નીકળી ગયો. મિત્રોની સોબતે ચડીને એ વ્યસની થઈ ગયો છે. ઘણું સમજાવવા છતાં એની ટેવ છૂટતી નથી. એની ટેવથી અમને શરમ આવે છે.'

થોડા વરસમાં કેન્સરની બીમારીથી એનું મૃત્યુ થયું હતું.

માણસ વ્યસન તરફ ઘસડાય છે ત્યારે એક વ્યસનથી અટકતું નથી. એકમાંથી બીજું અને ત્રીજું એમ ચાલે છે.

જૂના વખતનો ટુચકો છે. કોઈ છોકરાની સગાઈ કરવા અંગે એક ભાઈએ અભિપ્રાય માગ્યો તો એ વડીલે યુક્તિપૂર્વક રજૂઆત કરી હતી.

'તમને છોકરો કેવો લાગે છે ?' તો વડીલે અભિપ્રાય આપ્યો કે 'સગાઈ કરવા જેવું ઘર છે. છોકરો સરસ દેખાવડો છે, હોંશિયાર છે, ભણ્યો છે અને બાપનો ધંધો સારી રીતે શીખી રહ્યો છે. બધી રીતે એ સારો છે, પણ એક નાની કુટેવ છે.'

'શી કુટેવ છે ?'

'બીજી કંઈ નહિ, માત્ર જૂઠું બોલવાની ટેવ છે.'

'જૂઠું બોલવાની ટેવ છે ? કેમ, શું કામ જૂઠું બોલે છે.'

'એ તો બીજું કંઈ નહિ, પણ સિગરેટ પીને ઘરે આવ્યો હોય અને ઘરનાં પૂછે તો ના જ કહેવી પડે ને.'

'એટલે એ સિગરેટ પીએ છે ?'

'ના રોજ નહિ, પણ સરખે સરખા મિત્રો કલબમાં પાનાં રમતાં હોય અને કોઈ પીવા આપે તો પીવી પડે.'

'એટલે કલબમાં જાય છે અને જુગાર રમે છે ?'

'ના, રોજ નહિ. એ તો જે દિવસે દારૂ મંગાવ્યો હોય અને બધા પીતા હોય ત્યારે જુગાર રમવાનું મન થાય.'

'એટલે દારૂ પણ પીએ છે ?'

'ના રે, એ તો ક્યારેક મોડી રાતે બહાર રખડવા નીકળ્યા હોય, કોઈ બાઇને ઘરે ગયા હોય ત્યારે ત્યાં દારૂ આપે તો પીવો પડે.'

આમ એક વ્યસનમાંથી ધીમે ધીમે બધાં વ્યસનની એમણે વાત કરી. વસ્તુતઃ માણસ જ્યારે વ્યસની બને છે ત્યારે ધીમે ધીમે એનાં વ્યસન વધે છે.

આખી દુનિયામાં કામુકતા વધી રહી છે. એ માટે જાતજાતની દવાઓ પણ નીકળી છે. કામુકતાની સાથે વ્યભિચાર, બળાત્કાર, હત્યા, આત્મહત્યા ઇત્યાદિ પ્રકારની ઘટનાઓ પણ વધવા લાગી છે. રોજ સવારે અખબાર વાંચતાં આવી બધી ઘટનાઓ વિશે વધુ વાંચવા મળે છે. આમાંથી બચવા માટે સર્વ સ્તરે વિચારણા થવી ઘટે.

કબૂતર, કૂતરાં, ગધેડાં વગેરે પશુપંખીઓમાં જાહેરમાં જાતીય સંબંધ માટે કોઈ ક્ષોભ કે શરમ હોતાં નથી. તેમાં પતિપત્ની કે ભાઈબહેન જેવું પણ કશું હોતું નથી. પુરાણ કાળમાં આદિમાનવ એવું જીવન જીવતો હતો. એમાંથી, ક્રમે ક્રમે સંસ્કારી કુટુંબ વ્યવસ્થા આવી, તે એટલે સુધી કે ભાઇબહેન વચ્ચે પણ જાતીય સંબંધ ન હોઈ શકે. આ સંસ્કાર આપણા લોહીમાં વહે છે. પાશ્ચાત્ય સંસ્કૃતિમાં આવા સંસ્કારો ઓછા છે અને એનો લોપ થતો જાય છે અને એની અસર ભારતીય જીવન ઉપર પડવા લાગી છે. વિજ્ઞાન ઘણું આગળ વધ્યું છે પરંતુ મનુષ્યને તે પાછું પશુજીવન તરફ ધકેલી રહ્યું છે.

સમગ્ર દુનિયા ભોગ, વિલાસિતા, કુશીલતા તરફ આગળ વધતી જાય છે. ઓગણીસમી સદીમાં માણસો જેવું જીવન જીવતા હતા તેના કરતા વર્તમાન કાળમાં ઘણી શિથિલતા આવી ગઈ છે. ધર્મગુરુઓ કે સમાજનેતાઓ ગમે તેટલી બુમરાણ મચાવે તો પણ એની અસર મર્યાદિત વર્તુળ ઉપર થાય છે. એટલે આખી દુનિયા જ્યારે પ્રવાહપતિત થઈ રહી છે ત્યારે તેમાં આપણે આપણી જાતને ઘસડાવા ન દેતાં બચાવી લેવી જોઇએ. ધર્મગુરુઓ તો પોતાના શિષ્યપરિવારને સારી રીતે સાચવી શકે છે, પણ સમાન વિચારધારાવાળા ગૃહસ્થોએ નાનામોટાં સંસ્કાર મંડળો રચીને પોતાના મંડળોના લોકોને પતિત થતાં બચાવવા જોઇએ. આખી દુનિયાને સુધારી નહિ શકાય, પણ જાતને સુધારી શકાશે.

એક ચીની પ્રાર્થના છે, 'Oh God ! Reform thy World beginning with me.' 'હે પરમાત્મા ! જગતને સુધારવાના કાર્યની શરૂઆત તમે મારાથી કરો.

☐ રમણલાલ ચી. શાહ

❖❖❖

# શારદા સંકુલ-વિકલાંગ પુનર્વસન સેવાયજ્ઞ-કપડવંજ

## (આર્થિક સહાય કરવા માટે નોંધાયેલી રકમની યાદી)

સંઘના ઉપક્રમે પર્યુષણ વ્યાખ્યાનમાળા-૨૦૦૪ દરમિયાન 'શારદા સંકુલ-કપડવંજ'ને આર્થિક સહાય કરવાનું ઠરાવવામાં આવ્યું હતું. અમને જણાવતાં આનંદ થાય છે કે આશરે સોળ લાખ જેટલી માતબર રકમ નોંધાઈ છે. એ માટે દાતાઓના અમે ઋણી છીએ. દાતાઓ અને રકમની યાદી નીચે મુજબ છે:

| | |
|---|---|
| ૧,૧૧,૧૧૧ | ડૉ. બિપિનચંદ્ર હીરાલાલ કાપડિયા, સદગત પુષ્પાબેન બિપિનચંદ્ર કાપડિયાના સ્મરણાર્થે |
| ૧,૦૦,૦૦૧ | શ્રી હરેશ શાંતિલાલ મહેતા (Onward Foundation) |
| ૧,૦૦,૦૦૦ | શ્રી પીયૂષભાઈ શાંતિલાલ કોઠારી અને ચંદ્રાબહેન કોઠારી (પી.ડી.કોઠારી એન્ડ કું.) તથા શ્રી શાંતિલાલ નાનચંદ કોઠારી ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૫૪,૦૦૦ | શ્રી મનસુખ ગોવિંદજી શાહ એક્ષ્યુક્યુટર્સ એકાઉન્ટ, હસ્તે શ્રીમતી રસીલા મનસુખલાલ શાહ |
| ૫૧,૦૦૦ | શ્રી જયંતીલાલ મણિલાલ મહેતા-પાલનપુર નિવાસી હસ્તે દિલીપ મહેતા-દેવલાલી |
| ૫૧,૦૦૦ | મે. કોનવેસ્ટ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૩૧,૦૦૦ | શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ |
| ૨૭,૦૦૦ | શ્રી કાકુલાલ છગનલાલ મહેતા |
| ૨૫,૦૦૦ | શ્રી સુકેતુ શાહ હસ્તે : રમણિકલાલ ભોગીલાલ શાહ |
| ૨૫,૦૦૦ | શ્રી અમીચંદ આર. શાહ |
| ૨૫,૦૦૦ | શ્રી પ્રમોદચંદ્ર સોમચંદ શાહ એન્ડ ફેમિલી |
| ૨૫,૦૦૦ | શ્રી ભણશાલી ટ્રસ્ટ હસ્તે : શ્રી જીતુભાઈ ભણશાલી |
| ૨૫,૦૦૦ | શ્રી એક્સલન્ટ એન્જિનિયરીંગ કોર્પોરેશન હસ્તે : રમેશભાઈ અજમેરા |
| ૨૦,૦૦૦ | ડૉ. રજ્જૂભાઈ એન. શાહ પરિવાર તરફથી હસ્તે શ્રી વર્ષાબહેન આર. શાહ |
| ૧૨,૦૦૦ | શ્રીમતી રમાબેન કાંતિલાલ દેસાઈ તરફથી ચોકસી પરિવારના સ્મરણાર્થે, હસ્તે : વર્ષાબહેન રજ્જુભાઈ શાહ |
| ૧૧,૧૧૧ | સ્વ. રાકેશ ખુશાલચંદ ગડાના સ્મરણાર્થે, હસ્તે : ખુશાલચંદ સોજપાર ગડા |
| ૧૧,૦૦૦ | શ્રી ચંપાબહેન મૂલચંદ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૧૧,૦૦૦ | શ્રી પ્રવીણભાઈ ભણશાલી (ગિરનાર ચા) |
| ૧૧,૦૦૦ | શ્રી દિનાબેન અનંતભાઈ શાહ, સ્વ. વિભા પુંડરીક વોરાના સ્મરણાર્થે |
| ૧૦,૦૧૦ | સ્વ. મોમાયા માસાના વિલ પ્રમાણે સ્વ. ડૉ. ખોડીદાસના સંતાનો તરફથી |
| ૧૦,૦૦૦ | શ્રી વસંતલાલ કાંતિલાલ શાહ |
| ૧૦,૦૦૦ | ડૉ. જયશેખર ઝવેરી |
| ૧૦,૦૦૦ | શ્રી પ્રતાપ ભોગીલાલ |
| ૧૦,૦૦૦ | શ્રી ચંદ્રકાંત કેશવલાલ પબ્લિક ચેરિટી ટ્રસ્ટ |
| ૯,૦૦૦ | ડૉ. રમણલાલ ચીમનલાલ શાહ તથા પ્રો. તારાબહેન રમણલાલ શાહ |
| ૯,૦૦૦ | શ્રી રસિકલાલ લહેરચંદ શાહ તથા રસિલાબહેન રસિકલાલ શાહ |
| ૯,૦૦૦ | શ્રી ચંદ્રકાંતભાઈ દીપચંદ શાહ |
| ૯,૦૦૦ | શ્રી નિરૂબહેન સુબોધભાઈ શાહ |
| ૯,૦૦૦ | શ્રી ડૉ. ધનવંતભાઈ તિલકરાય શાહ |
| ૯,૦૦૦ | સ્વ. જ્યોત્સના ભૂપેન્દ્ર જવેરીના સ્મરણાર્થે હસ્તે : શ્રી ભૂપેન્દ્ર ડાહ્યાભાઈ જવેરી |
| ૯,૦૦૦ | શ્રી કુસુમબહેન નરેન્દ્રભાઈ ભાઉ |
| ૯,૦૦૦ | શ્રી રમાબહેન જયસુખલાલ વોરા |
| ૯,૦૦૦ | શ્રી દિલીપભાઈ વીરેન્દ્રભાઈ કાકાબળીયા |
| ૯,૦૦૦ | શ્રી સી. જે. શાહના સ્મરણાર્થે હસ્તે : નિતીનભાઈ ચીમનલાલ શાહ |
| ૯,૦૦૦ | શ્રી અરુણાબહેન અજિતભાઈ ચોકસી |
| ૯,૦૦૦ | શ્રી હંસાબહેન ગોસરભાઈ વિસરીયા હસ્તે : સૌમીલ પંકજ વિસરીયા |
| ૯,૦૦૦ | શ્રી દિપ્તીબહેન નિતીન સોનાવાલા |
| ૯,૦૦૦ | શ્રી યશોમતીબહેન શાહ |
| ૯,૦૦૦ | સ્વ. મોહનલાલ ઝવેરચંદ ઝવેરી ટ્રસ્ટ હસ્તે : મંજુલાબહેન મહેન્દ્ર ગાંધી |
| ૯,૦૦૦ | શ્રી હર્ષરંજન ચેરિટેબલ ટ્રસ્ટ હસ્તે : શ્રી હર્ષદભાઈ દીપચંદ શાહ |
| ૯,૦૦૦ | શ્રી શાંતિલાલ ઉજમશીભાઈ એન્ડ સન્સ ચેરિટેબલ ટ્રસ્ટ હસ્તે : મહેશ શાહ |
| ૯,૦૦૦ | શ્રી શાંતિલાલ મંગળજી મહેતા |
| ૯,૦૦૦ | સ્વ. શ્રી ચીમનલાલ ઠાકોરદાસ ઘડિયાલી હસ્તે પ્રવીણા ઘડિયાલી |
| ૯,૦૦૦ | શ્રી રમાબહેન એન. કાપડિયા ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૯,૦૦૦ | મે. હેમીલ્ટન હાઉસવેર્સ પ્રા. લી. |
| ૬,૦૦૦ | શ્રી ગાંગજીભાઈ પોપટલાલ શેઠિયા ફેમિલી ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૬,૦૦૦ | શ્રી કલાવતીબહેન શાંતિલાલ મહેતા |
| ૬,૦૦૦ | શ્રી પ્રકાશ ડી. શાહ |
| ૬,૦૦૦ | શ્રી અનીતા શશિકાંત મહેતા |
| ૬,૦૦૦ | શ્રી બિજલ સૌમીલ મહેતા |
| ૬,૦૦૦ | શ્રી હર્ષા વિક્રમ શાહ |
| ૬,૦૦૦ | શ્રી વિક્રમ રમણલાલ શાહ |
| ૬,૦૦૦ | સ્વ. હસુમતીબહેન હસમુખલાલ કુવાડિયાના સ્મરણાર્થે હસ્તે : ડૉ. હેમંત એચ. કુવાડિયા |
| ૬,૦૦૦ | શ્રી અજિતભાઈ રમણલાલ કુવાડિયા |
| ૬,૦૦૦ | શ્રી રજનીકાંત ચંદુલાલ ભણશાલી |
| ૬,૦૦૦ | શ્રી ધીરજલાલ એલ. મહેતા |
| ૬,૦૦૦ | શ્રી વકીલ ઉમેદચંદ બેચરદાસ ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૬,૦૦૦ | શ્રી પદમકુલ ચેરિટેબલ ટ્રસ્ટ હસ્તે : જયંતીલાલ પી. શેઠ |
| ૬,૦૦૦ | શ્રી અનીશ દિલીપ શાહ |
| ૬,૦૦૦ | શ્રી એક બહેન તરફથી |
| ૬,૦૦૦ | શ્રી હસમુખલાલ જી. શાહ |
| ૬,૦૦૦ | શ્રી સુભદ્રાબહેન સારાભાઈ શાહ-અમદાવાદ |
| ૬,૦૦૦ | શ્રી રમેશભાઈ અમરતલાલ મહેતા |
| ૬,૦૦૦ | શ્રી રમીલાબહેન રમેશભાઈ મહેતા |
| ૫,૦૦૧ | શ્રી અંજન આઈ. ડાંગરવાલા |
| ૫,૦૦૧ | શ્રી કુંજલતા રમેશચંદ્ર કોઠારી |
| ૫,૦૦૦ | શ્રી રમાબહેન વિનોદભાઈ મહેતા |
| ૫,૦૦૦ | શ્રી અપૂર્વ લાભુભાઈ સંઘવી |
| ૫,૦૦૦ | શ્રી અપર્ણાબહેન ભૂપેન્દ્રભાઈ શાહ |
| ૫,૦૦૦ | શ્રી તેજલ સીંગ |
| ૫,૦૦૦ | એક શુભેચ્છક |
| ૫,૦૦૦ | શ્રી ભૂપેન્દ્ર હિંમતલાલ શાહ |
| ૫,૦૦૦ | શ્રી ઘેલાણી ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૫,૦૦૦ | શ્રી ઇલાબહેન ચંપકલાલ મોદી |
| ૫,૦૦૦ | શ્રી મંજુલા આર. શાહ |
| ૫,૦૦૦ | શ્રી સુજાતા પી. કાપડિયા |
| ૩,૦૦૧ | શ્રી સ્મિતા મયંક શાહ |
| ૩,૦૦૦ | શ્રી નિયતા અજય ગોયલ |
| ૩,૦૦૦ | શ્રી વસુબહેન ચંદુલાલ ભણશાલી |
| ૩,૦૦૦ | શ્રી પુષ્પાબહેન ચંદ્રકાંત પરીખ |
| ૩,૦૦૦ | શ્રી નટુભાઈ પટેલ |
| ૩,૦૦૦ | શ્રી મીનાબહેન શાહ |
| ૩,૦૦૦ | શ્રી સી. એન. સંઘવી ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૩,૦૦૦ | શ્રી ઉષાબહેન નાથાલાલ પરીખના સ્મરણાર્થે |
| ૩,૦૦૦ | શ્રી રમેશભાઈ જે. શાહ |
| ૩,૦૦૦ | શ્રી રસીલાબહેન મહેન્દ્રભાઈ ઝવેરી |
| ૩,૦૦૦ | શ્રી મીના કિરણ ગાંધી |
| ૩,૦૦૦ | શ્રી મેઘા સચીન ગાંધી |
| ૩,૦૦૦ | શ્રી ભારતીબેન ગજેન્દ્ર કપાસી |
| ૩,૦૦૦ | સ્વ. ચીમનભાઈ જે. શાહની સ્મૃતિમાં હસ્તે : ગજેન્દ્ર આર. કપાસી |
| ૩,૦૦૦ | શ્રી તરૂણાબહેન શાહ |
| ૩,૦૦૦ | મે. ગુલાબદાસ એન્ડ કું. |
| ૩,૦૦૦ | શ્રી સરોજરાણી શાહ ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૩,૦૦૦ | શ્રી ચંદ્રકાંત યુ. ખંડેરિયા |
| ૩,૦૦૦ | શ્રી રાજેન્દ્ર અમરતલાલ HUF |
| ૩,૦૦૦ | શ્રી નિરંજન હરગોવનદાસ ભણશાલી |
| ૩,૦૦૦ | શ્રી કુસુમ મણીલાલ પોલડીયા |
| ૩,૦૦૦ | શ્રી હસમુખલાલ મહાસુખલાલ શાહ |
| ૩,૦૦૦ | શ્રી નયનાબહેન બાબુભાઈ ચોકસી-અમદાવાદ |

હસ્તે : ભૂપેન્દ્ર ડાહ્યાભાઈ જવેરી
૩,૦૦૦ શ્રી મણિબહેન વીજપાર નીસર
૩,૦૦૦ શ્રી પ્રવીણ વીજપાર નીસર
૩,૦૦૦ ડૉ. કાંતિલાલ કલ્યાણજી સાવલા
૩,૦૦૦ શ્રી સરલા કાંતિલાલ સાવલા
૩,૦૦૦ શ્રી નટવરલાલ રતિલાલ મહેતા
૩,૦૦૦ મે. ફ્રેન્ડલી પ્રિન્ટર્સ
૩,૦૦૦ શ્રી બાબુભાઈ ચંપકલાલ તોલાટ
૩,૦૦૦ શ્રી નિર્મળાબહેન બાબુભાઈ તોલાટ
૩,૦૦૦ શ્રી ઇન્દુમતી રાજેન્દ્ર શાહ
૩,૦૦૦ શ્રી ભગવતીબહેન સોનાવાલા
૩,૦૦૦ શ્રી ઇલા આણંદલાલ સંઘવી
૩,૦૦૦ શ્રી ચંચળબહેન આણંદલાલ સંઘવી
૩,૦૦૦ શ્રી સ્મિતા સંઘવી
૩,૦૦૦ શ્રી ત્રિશલા ઇલેકટ્રોનિક્સ
૩,૦૦૦ શ્રી શશીકાંત ચીમનલાલ શેઠ
૩,૦૦૦ શ્રી રમેશભાઈ પી. મહેતા
૩,૦૦૦ શ્રી ઝલકબેન રાકેશ શાહ
૩,૦૦૦ શ્રી વિપુલ ખેતશી શાહ
૩,૦૦૦ શ્રી ભાનુબહેન વિમલભાઈ શાહ
૩,૦૦૦ શ્રી કિરણભાઈ હીરાલાલ શાહ
૩,૦૦૦ મે. એચ. ડી. ઇન્ડસ્ટ્રીઝ
૩,૦૦૦ એક બહેન
૩,૦૦૦ શ્રી સરસ્વતીબહેન રસિકલાલ શાહ
૩,૦૦૦ શ્રી બાબુભાઈ છોટાલાલ શાહ
૩,૦૦૦ શ્રી ભોગીલાલ સુખલાલ શાહ
હસ્તે : લતાબહેન
૩,૦૦૦ શ્રી મૃદુલ બિપિનચંદ્ર ઝવેરી
૩,૦૦૦ શ્રી જયવંતીબહેન જોરમલભાઈ મહેતા
૩,૦૦૦ શ્રી મુકુંદ સારાલાલ નગરશેઠ
૩,૦૦૦ શ્રી મફતલાલ ભીખાચંદ ફાઉન્ડેશન
૩,૦૦૦ શ્રી જે. કે. ફાઉન્ડેશન
૩,૦૦૦ શ્રીમતી નલિની શાહ
૩,૦૦૦ શ્રી પ્રદીપ ડી. કોઠારી
૩,૦૦૦ શ્રી નીલાબહેન ચંદ્રકાંતભાઈ શાહ
૩,૦૦૦ શ્રી ભાઈચંદ મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ
૩,૦૦૦ શ્રી જીતેશ નટવરલાલ મહેતા
૩,૦૦૦ શ્રી માનબાઈ ડુંગરશી
૩,૦૦૦ સ્વ. દેવકુંવરબેન જેસંગ રાંભીયા
૩,૦૦૦ શ્રી હર્ષા ભરત ડગલી
૩,૦૦૦ શ્રી મીનાક્ષીબહેન વી. સંઘવી
૩,૦૦૦ ડૉ. હેમંત એચ. કુવાડિયા
૩,૦૦૦ શ્રી હરીલાલ ટી. શાહ
૩,૦૦૦ એક બહેન
૩,૦૦૦ શ્રી તુષાર ચંદ્રકાંત તલસાણીયા
૩,૦૦૦ શ્રી પ્રકાશ એચ. દોશી
૩,૦૦૦ શ્રી રમેશભાઈ પોપટલાલ શાહ
૩,૦૦૦ શ્રી ઉષાબહેન પ્રવીણભાઈ શાહ
૩,૦૦૦ શ્રી ભરત પારેખ આકાર આર્ટ્સ, જ્યુથિકા ગોરેના સ્મરણાર્થે
૩,૦૦૦ શ્રી અપૂર્વ રવીન્દ્ર મહેતા
૩,૦૦૦ સ્વ. જયંતિલાલ અંબાલાલ શાહના સ્મરણાર્થે તથા તેમના કુટુંબીજનો તરફથી
૩,૦૦૦ શ્રી દિલીપભાઈ માણેકલાલના સ્મરણાર્થે તેમના કુટુંબીજનો તરફથી
૩,૦૦૦ શ્રી સૂચિત એ. દોશી
૩,૦૦૦ શ્રી રોહન ચંદુ નિર્મળ
૩,૦૦૦ શ્રી અંજુલા રમણીકલાલ શાહ
૩,૦૦૦ શ્રી રમણીકલાલ ઉમેદચંદ શાહ
૩,૦૦૦ શ્રી કનુભાઈ રસિકલાલ શાહ (કોલસાવાળા)
૩,૦૦૦ શ્રી પ્રવીણચંદ્ર જમનાદાસ શાહ
૩,૦૦૦ શ્રી વનિતાબહેન શાહ
૩,૦૦૦ સ્વ. રાકેશ વિનુભાઈ મહેતાના સ્મરણાર્થે
૩,૦૦૦ શ્રી હિંમતલાલ કેસવલાલ સખીદા હસ્તે : હસમુખભાઈ
૩,૦૦૦ શ્રી દર્શિની શાહ
૩,૦૦૦ શ્રી નીપા એ. શાહ
૩,૦૦૦ મે. ઝવેરી વોરા એન્ડ એસોસીએટ્સ
૩,૦૦૦ શ્રી ઇન્દુભાઈ એમ. શેઠ
૩,૦૦૦ સ્વ. ચંદ્રાબહેન સોભાગભાઈ શાહના સ્મરણાર્થે
૩,૦૦૦ સ્વ. ગીતાબહેન પરિમલ આઝાદના સ્મરણાર્થે
૩,૦૦૦ શ્રી ધીરૂભાઈ વી. શાહ
૩,૦૦૦ શ્રી અભિષેક એ. જૈન
૩,૦૦૦ શ્રી વી. નવીન કીશન કુનલ શાહ
૩,૦૦૦ શ્રી જીતેન્દ્ર ધરમદાસ શાહ
૩,૦૦૦ શ્રી વીણાબહેન સુરેશકુમાર ચોકસી
૩,૦૦૦ શ્રી મોહક હરેશભાઈ શાહ–વડોદરા
૩,૦૦૦ શ્રી કેતન એસ. ઝવેરી
૩,૦૦૦ શ્રી રીટા ધનરાજ શાહ
૩,૦૦૦ શ્રી મહેન્દ્ર એમ. સંગોઈ, મેઘજી ખીમજી સંગોઇના સ્મરણાર્થે
૩,૦૦૦ શ્રી કેશવલાલ કીલાચંદ ચેરિટેબલ ટ્રસ્ટ
૩,૦૦૦ શ્રી શારદાબેન બાબુભાઈ
૩,૦૦૦ શ્રી મહેન્દ્ર રસિકલાલ શાહ
૩,૦૦૦ મે. સ્મીથ એન્જિનિયરિંગ કું.
૩,૦૦૦ શ્રી હંસા ભરત શાહ
૩,૦૦૦ શ્રી કે. સી. છેડા
૩,૦૦૦ મે. પ્રણવ સ્ટીલ કોરપોરેશન
૩,૦૦૦ શ્રી શારદાબેન સંઘવી
૩,૦૦૦ શ્રી દિગન્ત મધુભાઈ શાહ
૩,૦૦૦ શ્રી મેઘના શાહ
૩,૦૦૦ શ્રી લલિતકુમાર સી. કોઠારી
૩,૦૦૦ શ્રીમતી રંભાબહેન પોપટલાલ વોરા
૩,૦૦૦ સ્વ. કંચનબહેન ચીમનલાલ અજમેરા હસ્તે : મહેશભાઈ
૩,૦૦૦ શ્રી જયંતીલાલ એમ. દોશી HUF હસ્તે : દોશી એન્ડ સન્સ–આણંદ
૩,૦૦૦ શ્રી વી. આર. ગાલા
૩,૦૦૦ શ્રી ભાનુ ચેરિટી ટ્રસ્ટ
૩,૦૦૦ શ્રી કુંદનલાલ રવિચંદ શાહ
૩,૦૦૦ શ્રી વર્ષાબેન કુંદનલાલ શાહ
૩,૦૦૦ શ્રી જસ્મીન બી. પરીખ
૩,૦૦૦ મે. નંદુ ડ્રેપર્સ
૩,૦૦૦ શ્રી પ્રદીપ એ. શાહ
૩,૦૦૦ શ્રી દીપાલી એસ. મહેતા
૩,૦૦૦ શ્રી સંજય એસ. મહેતા
૩,૦૦૦ શ્રી નિતીન એમ. ઝવેરી
૩,૦૦૦ શ્રી ધૈર્યકાન્ત પી. શાહ
૩,૦૦૦ શ્રી પ્રવીણચંદ્ર એમ. શાહ
૩,૦૦૦ શ્રી લખમશી નપ્પુ સ્મારક સાધારણ ફંડ
૨,૫૦૧ શ્રી એસ. સી. શાહ
૨,૫૦૦ શ્રી મધુકાન્તા જે. પરીખ
૨,૫૦૦ શ્રી જયંતીલાલ ચુનીલાલ શાહ
૨,૫૦૦ શ્રી રમણીકલાલ એસ. ગોસલીયા
૨,૫૦૦ શ્રી કુમુદ આર. ભણશાલી
૨,૧૦૦ શ્રી એક સદ્‌ગૃહસ્થ
૨,૦૦૦ શ્રી વનલીલા એમ. વોરા
૨,૦૦૦ શ્રી રેહાન કેયુર શાહ
૧,૫૦૧ શ્રી રસીલાબહેન જે. પારેખ
૧,૫૦૦ શ્રી તનસુખભાઈ કામદાર
૧,૫૦૦ શ્રી સુવર્ણાબહેન દલાલ
૧,૧૧૧ શ્રી ભવરભાઈ વાલચંદ મહેતા
૧,૦૦૮ શ્રી જેસલ મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ
૧,૦૦૧ એક બહેન
૧,૦૦૧ શ્રીમતી દુર્ગા પરીખ
૧,૦૦૧ શ્રી તુષાર મુકેશ રાઠોડ
૧,૦૦૧ શ્રી વિજયકુમાર ખોડીદાસ શાહ
૧,૦૦૦ શ્રી દિનેશ દેવચંદ ગાલા
૧,૦૦૦ શ્રી ગુણવંતીબેન ચીનુભાઈ ચોકસી
૧,૦૦૦ એક સદ્‌ગૃહસ્થ
૧,૦૦૦ શ્રી વિનોદચંદ્ર હરીલાલ મહેતા
૧,૦૦૦ શ્રી ભારતી ડી. શાહ
૧,૦૦૦ શ્રી નવીન ગાંધી
૧,૦૦૦ શ્રી બોનાન્ઝા ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ પ્રા. લી.
૧,૦૦૦ શ્રી સંયુક્તા પ્રવીણ મહેતા
૪,૮૬૩ રૂપિયા એક હજારથી નીચેની રકમનો સરવાળો.

## શારદા સંકુલનો કાર્યક્રમ

સંઘ તરફથી ગત પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન કપડવંજની સંસ્થા શારદા સંકુલ–વિકલાંગ પુનર્વસન સેવાયજ્ઞ માટે એકત્ર થયેલ નિધિ તે સંસ્થાને અર્પણ કરવાનો કાર્યક્રમ શનિવાર, ૮મી જાન્યુઆરી ૨૦૦૫ના રોજ ચિખોદરાના ડૉ. રમણીકલાલ દોશીના પ્રમુખપદે કપડવંજ મુકામે યોજવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં જેઓ જોડાવા ઈચ્છતા હોય તેઓએ રૂપિયા ત્રણસો કાર્યાલયમાં ભરીને પોતાનું નામ અને ટેલિફોન નંબર નોંધાવી દેવા.

મુંબઈથી રાત્રે શુક્રવાર તા. ૭મી જાન્યુઆરીએ વડોદરા એક્સપ્રેસમાં નીકળી બીજે દિવસે વડોદરાથી કપડવંજ જઈશું અને કાર્યક્રમ પછી તે જ દિવસે રાત્રે વડોદરાથી નીકળી મુંબઈ આવીશું. વધુ વિગત માટે કાર્યાલયનો સંપર્ક કરવો.

☐ મંત્રીઓ

## સંઘ માટે નોંધાયેલી રકમ

વધતાં જતાં ખર્ચ અને ઘટતાં જતાં વ્યાજના દરને કારણે સંઘને પોતાના વહિવટી ખર્ચને પહોંચી વળવા માટે આર્થિક સહાયની આવશ્યકતા ઊભી થઈ છે. એ માટે દાતાઓને પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન અપીલ કરવામાં આવતાં સારો પ્રતિસાદ અમને મળ્યો છે. એ માટે સર્વ દાતાઓના અમે ઋણી છીએ. રકમ અને દાતાઓના નામોની યાદી નીચે મુજબ છે.

૧૧,૦૦,૦૦૦ મે. પી. ડી. કોઠારી એન્ડ કું. (કોરપસ માટે)
૧૧,૦૦૦ શ્રી મુક્તાબહેન લાભુભાઈ સંઘવી
૧૦,૦૦૦ શ્રી મનહર સી. પારેખ અને મુક્તા પારેખ, એટલાન્ટા (U.S.A.)
૫,૦૦૦ ડૉ. રમણલાલ ચીમનલાલ શાહ તથા પ્રો. તારાબહેન રમણલાલ શાહ
૫,૦૦૦ શ્રી રસિકલાલ લહેરચંદ શાહ તથા શ્રી રસિલાબહેન રસિકલાલ શાહ
૫,૦૦૦ શ્રી ચંદ્રકાંતભાઈ દીપચંદ શાહ
૫,૦૦૦ શ્રી નિરૂબહેન સુબોધભાઈ શાહ
૫,૦૦૦ ડૉ. ધનવંતભાઈ તિલકરાય શાહ
૫,૦૦૦ સ્વ. જ્યોત્સના ભૂપેન્દ્ર જવેરીના સ્મરણાર્થે હસ્તેઃ ભૂપેન્દ્ર ડાહયાભાઈ જવેરી
૫,૦૦૦ શ્રી કુસુમબહેન નરેન્દ્રભાઈ ભાઉ
૫,૦૦૦ શ્રી રમાબહેન જયસુખલાલ વોરા
૫,૦૦૦ શ્રી દિલીપભાઈ વિરેન્દ્રભાઈ કાકાબલીયા
૫,૦૦૦ સ્વ. સી. જે. શાહના સ્મરણાર્થે હસ્તે : નિતિનભાઈ ચીમનલાલ શાહ
૫,૦૦૦ શ્રી ગાંગજીભાઈ પોપટલાલ શેઠિયા ફેમિલી ચેરિટેબલ ટ્રસ્ટ
૫,૦૦૦ શ્રી કે. એમ. સોનાવાલા ચેરિટેબલ ટ્રસ્ટ
૫,૦૦૦ શ્રી વસંતલાલ કાંતિલાલ શાહ
૫,૦૦૦ શ્રી દીનાબહેન અનંત શાહ
૫,૦૦૦ એક બહેન
૫,૦૦૦ શ્રી અમીચંદ આર. શાહ
૫,૦૦૦ શ્રી રમાબહેન એન. કાપડિયા
૫,૦૦૦ શ્રી શારદાબહેન સંઘવી
૩,૦૦૦ શ્રી રમાબહેન વિનોદભાઈ મહેતા
૩,૦૦૦ શ્રી ઉષાબહેન જે. મહેતા
૩,૦૦૦ શ્રી અજિતભાઈ રમણીકલાલ ચોકસી
૩,૦૦૦ શ્રી ચીનુભાઈ એન. શેઠ
૩,૦૦૦ શ્રી રાજેન્દ્ર અમરતલાલ HUF
૩,૦૦૦ શ્રી શારદાબેન સંઘવી
૩,૦૦૦ શ્રી નિર્મળા ઇન્દુભાઈ શેઠ
૨,૦૦૦ શ્રી વસુબહેન ચંદુલાલ ભણશાલી
૨,૦૦૦ શ્રી કલાબહેન એસ. મહેતા
૨,૦૦૦ શ્રી પુષ્પાબહેન ચન્દ્રકાંત પરીખ
૨,૦૦૦ શ્રી નિયતા અજય ગોયેલ
૨,૦૦૦ શ્રી પ્રવીણભાઈ ભણશાલી (ગિરનાર ચા)
૨,૦૦૦ શ્રી હર્ષરંજન ચેરિટેબલ ટ્રસ્ટ
૨,૦૦૦ શ્રી પ્રકાશ ડી. શાહ
૨,૦૦૦ શ્રી રમેશભાઈ પી. મહેતા
૨,૦૦૦ શ્રી જે. કે. ફાઉન્ડેશન
૨,૦૦૦ મે. ફ્રેન્ડલી ટાઈપસેટર્સ
૨,૦૦૦ શ્રી ડૉ. બિપિન દોશી
૨,૦૦૦ શ્રી યશોમતીબહેન શાહ
૨,૦૦૦ શ્રી શર્મીબહેન ભણશાલી
૨,૦૦૦ શ્રી પૂર્ણિમા મહેતા
૨,૦૦૦ શ્રી વી. આર. ગાલા
૧,૫૦૦ શ્રી રસિલાબહેન જે. પારેખ
૧,૫૦૦ શ્રી તનસુખલાલ કામદાર
૧,૫૦૦ શ્રી સુવર્ણાબહેન દલાલ
૧,૫૦૦ શ્રી ચંદ્રકાંત કેશવલાલ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
૧,૦૦૦ શ્રી અરૂણાબહેન અજિતભાઈ ચોકસી
૧,૦૦૦ શ્રી નટુભાઈ પટેલ
૧,૦૦૦ મે. ત્રિશલા ઇલેક્ટ્રોનિક્સ
૧,૦૦૦ શ્રી ચંદ્રકાંત બી. નરસિંહપુરા
૧,૦૦૦ શ્રી અનિલા શશીકાંત મહેતા
૧,૦૦૦ શ્રી મીના ગાંધી
૧,૦૦૦ શ્રી અલકાબહેન કિરણભાઈ શાહ
૧,૦૦૦ શ્રી ચંદ્રિકાબહેન કુંભાણી
૧,૦૦૦ શ્રી રમણીકલાલ એસ. ગોસલીયા
૧,૦૦૦ શ્રી ભારતી ડી. શાહ
૧,૦૦૦ શ્રી ભારતી બી. શાહ
૧,૦૦૦ શ્રી શાંતિલાલ ઉજમશીભાઈ એન્ડ સન્સ ચેરિટિ ટ્રસ્ટ હસ્તે : મહેશ શાહ
૧,૦૦૦ શ્રી મુકેશભાઈ શાહ
૧,૦૦૦ શ્રી બાબુભાઈ જયંતીલાલ હસ્તે : શારદાબહેન
૧,૦૦૦ શ્રી પ્રમોદભાઈ સોમચંદ શાહ
૧,૦૦૦ શ્રી કેશવલાલ કીલાચંદ ચેરિ. ટ્રસ્ટ
૧,૦૦૦ શ્રી સુજીત પરીખ
૧,૦૦૦ શ્રી જીતેન્દ્ર હંસોટી
૧,૦૦૦ શ્રી કુંદનલાલ રવિચંદ શાહ

### CORPUS DONATION

**(વર્ષ દરમ્યાન મળેલું કોરપસ ડોનેશન)**

**જમનાદાસ હાથીભાઈ મહેતા અનાજ રાહત ફંડ**

૨૫,૦૦૦ શ્રી વિક્ટર ફરનાન્ડીસ
૨૫,૦૦૦ શ્રી વિનોદભાઈ જે. મહેતા

**દીપચંદ ચી. શાહ પુસ્તક પ્રકાશન ફંડ**

૨૫,૦૦૦ શ્રી હસ્તીમલ બાફના ચેરિટેબલ ટ્રસ્ટ

**કિશોર ટિંબડિયા કેળવણી ફંડ**

૨૫,૦૦૦ શ્રી વિક્ટર ફરનાન્ડીસ

❖❖❖

સંઘનું નવું પ્રકાશન
પાસપોર્ટની પાંખે-ત્રીજો ભાગ
**લેખકઃ ડૉ. રમણલાલ ચી. શાહ**
**કિંમત-રૂા. ૨૦૦/-**
(નોંધ-સંઘના સભ્યોએ અડધી કિંમતે કાર્યાલયમાંથી મેળવી લેવું. મોકલવામાં આવશે નહિ.)

□ **નિરુબહેન એસ. શાહ**
□ **ધનવંત ટી. શાહ**
મંત્રીઓ

---

## પર્યુષણ વ્યાખ્યાનમાળા-૨૦૦૪ દરમિયાન શારદા સંકુલના ટ્રસ્ટીઓને પોતાના સ્વજનો, સંબંધીઓ, મિત્રો વગેરે તરફથી દેશ-વિદેશમાંથી સીધી મળેલી રકમ નીચે પ્રમાણે છે :

૧૦,૦૦,૦૦૦ એક સદ્ ગૃહસ્થ
૧,૨૫,૦૦૦ ડૉ. વિજયકુમાર એમ. ગાંધી
૧,૨૫,૦૦૦ શ્રી કેયુરભાઈ વિજયકુમાર ગાંધી
૩૫,૦૦૦ શ્રી ભાવિનીબહેન કીર્તિભાઈ ભણશાલી
૩૧,૦૦૦ શ્રી કાંતિલાલ આર. પરીખ
૨૧,૦૦૦ શ્રી શાંતાબહેન ધીરજલાલ શાહ
૧૦,૧૧૧ શ્રી બાબુ સાહેબ નાનકજી વસનજી ચેરિટેબલ ટ્રસ્ટ
૧૦,૦૦૦ શ્રી લખુભાઈ લાલજીભાઈ પટેલ
૧૦,૦૦૦ શ્રી પુષ્પાબહેન કીર્તિલાલ ભણશાલી
૧૦,૦૦૦ શ્રી પ્રફુલ અમીચંદ શાહ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
૬,૦૦૨ શ્રી ગાંધી અને લાખાણી
૫,૦૦૧ શ્રી શ્રીદેવી ઉમાકાંત ડૉક્ટર
૫,૦૦૧ શ્રી મુકુંદભાઈ એચ. દોશી
૫,૦૦૧ શ્રી એન. એમ. શાહ
૫,૦૦૧ શ્રી બી.એમ. શાહ
૫,૦૦૦ શ્રી મોહનભાઈ લખુભાઈ પટેલ
૫,૦૦૦ શ્રી ગૌતમભાઈ ટી. પટેલ
૫,૦૦૧ શ્રી નાનાલાલ ગિરધરલાલ નાપાવાલા
૫,૦૦૧ શ્રી રતિલાલ બાલાલભાઈ દોશી
૫,૦૦૧ શ્રી રમેશભાઈ રતિલાલ શાહ
૫,૦૦૦ શ્રી શાંતા એચ. સંઘવી
૨,૫૦૦ શ્રી પુનિત ડી. સંઘવી
૨,૫૦૦ શ્રી દિલીપ એચ. સંઘવી

❖❖❖

# ત્રિયોગ

## (જ્ઞાનયોગ, ભક્તિયોગ, કર્મયોગ)

□ સ્વ. પન્નાલાલ જગજીવનદાસ ગાંધી

(ગતાંકથી સંપૂર્ણ)

**ભક્તિયોગ :**

સત્ એટલે જેનું અસ્તિત્વ ત્રિકાલ છે તે નિત્ય તત્ત્વ એવા પરમ આત્મસ્વરૂપ કે શુદ્ધ આત્મસ્વરૂપ જેનું પ્રગટ થયેલ છે તે પરમાત્મતત્ત્વનું આલંબન લઇને સત્ તત્ત્વ સાથે અભેદ કરાવનારો જે યોગ છે તે 'ભક્તિયોગ.' એને 'ઉપાસનાયોગ' પણ કહેવાય છે, કેમકે પ્રગટ પરમાત્મતત્ત્વની ઉપ એટલે સમીપ આસન રાખવાથી એમના જેવાં બનાય છે. જેવા થવું હોય તેવાના પડખા સેવવાથી એના જેવા થવાય છે તે ભ્રમર ઇલિકા ન્યાય છે. કહ્યું છે કે જેવું ગુંજન, જેવું દર્શન અને જેવો સંગ તેવું પરિણમન. સંગનો રંગ ચઢે છે અને એના રંગે રંગાઈ જવાય છે. સંગીતમાં, નૃત્યમાં, ચિત્રકલા આદિમાં નિપુણ થવા ઇચ્છુકે તથાપ્રકારની તે તે કલામાં પારંગત નિષ્ણાતોના ચરણનું શરણ લેવું પડતું હોય છે, તે આપણે સહુ જાણીએ છીએ અને તેવો આપણો વ્યવહાર છે. પ્રત્યક્ષ યોગ સુલભ ન હોય તો પરોક્ષ યોગ પણ સેવવો પડતો હોય છે. એનું પ્રસિદ્ધ ઉદાહરણ બાણાવલી એકલવ્ય અને ગુરુ દ્રોણાચાર્યનું છે. સર્વ આર્ય ધર્મમાં પ્રતિમા અને પ્રતિમાપૂજનની પ્રાધાન્યતા છે. બાકી તો જગતમાં એક યા બીજા પ્રકારે કોઈ ને કોઈ રીતે મીણબત્તી, ધૂપ આદિથી પૂજા થતી જ હોય છે. વ્યક્તિ વિશેષના વિશિષ્ટ વ્યક્તિત્વ પ્રતિની અભિવ્યક્તિ એ ભક્તિ નથી તો શું છે ?

પરમાત્મા, શુદ્ધાત્મા, સિદ્ધાત્મા થવાના ઉત્સુકે, જે કોઈ વ્યક્તિએ સ્વયંના આત્માને શુદ્ધ બનાવી, પોતાનું શુદ્ધાત્મત્વ, પરમાત્મત્વ પ્રગટ કર્યું છે તેવી પ્રગટ પરમાત્મ સ્વરૂપી વ્યક્તિનો યોગ કરીને, એમના ચરણનું શરણ ગ્રહી, એમને સમર્પિત થઈ, ન્યોછાવર થઈ, એની આજ્ઞામાં રહી, એમના ચીંધ્યા માર્ગે ચાલવું જોઇએ, અર્થાત્ એ ઉપાસ્યના ઉપાસક બની એમની ઉપાસના કરવી જોઇએ.

વ્યક્તિની ભક્તિથી એ વ્યક્તિના વ્યક્તિત્વનું ભક્તમાં સંક્રમણ એટલે કે અવતરણ થતું હોય છે. ટૂંકમાં કહીએ તો 'ઉપાસ્યની ઉપાસનાથી ઉપાસકનું ઉપાસ્ સ્વરૂપે ઉપસિત થવું તે ઉપાસનાયોગ છે.' અથવા તો 'ભક્તનું ભક્તિ દ્વારા ભગવાનથી અભેદ થવું તે ભક્તિયોગ છે.' કહ્યું છે ને કે 'જેનું જ્ઞાન, જેનું ધ્યાન તેનો આત્મા ! અને જેવું જ્ઞાન, જેવું ધ્યાન તેવો આત્મા !'

પ્રગટ પરમાત્મ સ્વરૂપ વ્યક્તિ અર્થાત્ પરમાત્મ ભગવંતનો પ્રત્યક્ષ સાક્ષાત યોગ થવો તે સર્વશ્રેષ્ઠ યોગ, જે બહુ બહુ પુણ્ય રાશિના યોગે ભાગ્યશાળીને પ્રાપ્ત થાય છે કે જેણે પૂર્વે પરોક્ષપણે સેવાભક્તિ કરી છે અને પ્રત્યક્ષના વિરહના તલસાટે તરફડ્યો છે. એવો પ્રત્યક્ષ યોગ થવો એટલે ભાવ સ્વરૂપ વીતરાગ, સર્વજ્ઞ, સર્વદર્શી તીર્થંકર ભગવંતનો ભેટો થવો.

સર્વ ક્ષેત્રે, સર્વ કાળે, સર્વને પ્રત્યક્ષયોગ થવો શક્ય નથી. પ્રત્યક્ષ યોગ જ્યાં, જ્યારે, જેને શક્ય હોય ત્યાં, ત્યારે, તેણે બાણાવળી એકલવ્યની જેમ પરોક્ષયોગ સાધી પ્રત્યક્ષયોગ તુલ્ય પરિણામ મેળવવું જોઇએ. પરોક્ષયોગમાં પ્રતીક, પ્રતિકૃતિ અને પ્રતિનિધિનું મહત્ત્વ હોય છે. એ સહુ કોઈ ધર્મી કે અધર્મીનો સર્વત્ર સર્વકાલીન જીવનવ્યવહાર છે. જે જીવનવ્યવહારમાં છે તે ધર્મવ્યવહારમાં ધર્મક્ષેત્રે અધ્યાત્મ લક્ષ્યે હોય છે.

પરોક્ષયોગમાં નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવનું માહાત્મ્ય છે. જે પ્રત્યક્ષ નથી, હાજરાહજુર નથી એવાંનાં નામ એટલે કે સંજ્ઞાના જાપથી અર્થાત્ નામ સ્મરણથી, સ્થાપના એટલે કે એની આકૃતિથી, પ્રતીક કે પ્રતિકૃતિ યા પ્રતિબિંબથી અથવા તેના પ્રતિનિધિ જે ભગવંતોના વાહક બની ભગવાન વતી ભગવતી રૂપ બની ભગવાનના ભગવદ્ભાવના વાહક છે તેનાથી, એ પ્રત્યક્ષના દ્રવ્ય કહેતાં, એ પ્રત્યક્ષના દ્રવ્યદળના જીવનવિકાસના જીવનકવન (જીવનચરિત્ર)થી અને એ પ્રત્યક્ષભાવ સ્વરૂપે મળ્યા નથી તો તેના ભગવદ્ભાવને આપણા ભાવ બનાવીને એ પ્રત્યક્ષની સાથે આ રીતે નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ વડે પરોક્ષ રીતે પણ સંબંધિત થઇને પ્રત્યક્ષ જેવું ફળ મેળવી શકાતું હોય છે. તેમ ન થાય તો પરોક્ષ દ્વારા કાળાંતરે પ્રત્યક્ષનો ભેટો કરી આપે એવા દેશકાળના સંયોગોને પ્રાપ્ત કરી શકાય છે. આ ચાર નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવને જૈન દર્શનમાં તેના આગવા પારિભાષિક શબ્દ નિક્ષેપા તરીકે ઓળખવામાં આવે છે. આ માટે જ જૈન દર્શનમાં જિનબિંબ, જિનમંદિર, જિનાગમ, સાધુ, સાધ્વીનું અત્યંત મહત્ત્વ છે.

જિનમંદિર એ સમવસરણનું પ્રતીક છે, જિનબિંબ એ સાક્ષાત્ જિનેશ્વર ભગવંતનું પ્રતીક છે જેની જીવિત સ્વામીના ભાવે આરાધના થાય છે. એ પ્રભુની કાયાનો-કાયયોગનો નિક્ષેપો છે. જ્યારે જિનાગમ એ પ્રભુના વચનયોગનો નિક્ષેપો છે. સાધુ અને સાધ્વી એ પ્રભુના ચાહક અને વાહક એવા પ્રભુના પ્રતિનિધિ છે જે પ્રભુની ગેરહાજરીમાં પ્રભુતુલ્ય છે. જ્યારે પ્રભુની શુકલ લેશ્યાનું અને શુકલધ્યાનનું આપણા મનોયોગમાં અવતરણ કરાવવું એ પ્રભુના મનોયોગનો ભાવ નિક્ષેપો છે.

ઉપાસનાના ભેદો સ્તુતિ, પ્રાર્થના અને ધ્યાન છે. સ્તુતિના વિષયમાં જેની પાસે લેવા આવ્યા છીએ તે આપનારા ઇષ્ટદેવની સારામાં સારી પ્રશંસા કરવી. એમની બિરદાવલી ગાવી. ઉપાસ્ય ઇષ્ટદેવને ઉપાસકે ઉપાસનામાં સારામાં સારી ઊંચી દૃષ્ટિએ નિહાળવા તે સ્તુતિ છે.

પ્રાર્થનાના વિષયમાં લેવા આવ્યા છીએ, માગવા આવ્યા છીએ તો એમની પાસેથી સત્ય, નિત્ય, નિર્દોષ માગવું કે જેવું 'જય વીયરાય' સૂત્રમાં પ્રાર્થ્યું છે.

જ્યારે ધ્યાનના વિષયમાં અભેદ થવાનું છે. આપનારા ઉપાસ્ય પરમાત્મ ભગવંત સાથે લેવા આવેલા ઉપાસકે એકાત્મ સાધવાનું છે. લઈ લેવાનું છે અને એમના જેવા થઈ જવાનું છે.

ધ્યાતા ધ્યેય ધ્યાન પદ એકે, ભેદ છેદ કરશું હવે ટેકે;
ક્ષીરનીર પરે તુમશું મીલશું, વાચકયશ કહે હેજે હળશું...સાહિબા વાસુપૂજ્ય.

જેનાં બ્રહ્મ, આનંદ અને વિજ્ઞાન એકરૂપ બની ગયાં છે તે આપણા ધ્યેય (લક્ષ્ય)ને યોગ્ય છે. લક્ષ એકનું જ રાખવાનું હોય. શ્રદ્ધા એકની જ હોય, ધ્યેય પદાર્થ એક જ હોય, જ્યારે જ્ઞાન અનેકનું કરાય.

શ્રદ્ધેય પદાર્થ સાથે શ્રદ્ધાથી અભેદ થવાનું છે. લક્ષ્ય પદાર્થ સાથે લક્ષણથી અભેદ થવાનું છે. જ્યારે ધ્યેય પદાર્થ સાથે ધ્યાનથી અભેદ થવાનું છે.

એક કવિહૃદયે ગાયું છે...

You split me, tore my heart
open, filled me with love
You poured your spirit into me
I knew you as I know myself

હે પ્રેમના સાગર (કરુણાસાગર) પરમાત્મા ! તું તો મારા જિગરના ટુકડા કરે છે. હૃદયને ચીરીને તેમાં તું પ્રેમ (કરુણા) અને બસ પ્રેમ (વીતરાગતા) જ ભરી દે છે. તેં તારો આત્મા જ મારામાં રેડી દીધો છે એટલે હવે તારામાં અને મારામાં કોઈ તફાવત રહ્યો નથી. જે તું તે હું અને જે હું તે તું. સોઽહમ્ ! સોઽહમ્ !

[આ નિક્ષેપા વિષે પૂર્વે પ્રબુદ્ધ જીવનમાં આવેલ અને ત્રૈકાલિક આત્મવિજ્ઞાનમાં પ્રકાશિત થયેલ લેખ જોઈ જવા ભલામણ છે.]

ભક્તિ-ઉપાસનાયોગનું ક્રિયાત્મક અને ભાવાત્મક પાસું જે વિસ્તૃત વિચારણા માગી લેતું હોય તેથી અત્રે આ લેખમાં તેને સ્પર્શતા નથી. છતાં ભક્તિયોગના માહાત્મ્યમાં એટલું જરૂર જાણીએ કે ભક્તિયોગમાં 'હું'નું વિસર્જન થતાં, અહં ઓગળી જતાં, તુંહી ! તુંહીના બ્રહ્મનાદથી બ્રહ્મસ્વરૂપનું પ્રાગટ્ય થાય છે. પૂજ્યની પૂજા એ ગુણીની પૂજા દ્વારા ગુણની પૂજા છે જેનાથી ગુણનું

પ્રાગટ્ય થાય છે. પદ્મવિજયજીએ ગાયું છે કે...

જિન ઉત્તમ ગુણ ગાવતાં, ગુણ આવે નિજ અંગ;

પદ્મવિજય કહે એહ સમય પ્રભુ પાલજો, જેમ થાઉં અક્ષય અભંગ પ્રથમ.

**જ્ઞાનયોગ :**

સૃષ્ટિ શું છે ? સૃષ્ટિ સમસ્તમાં હું ક્યાં છું ? હું કોણ છું ? સૃષ્ટિના સંચલનમાં મારો શું ફાળો છે ? મારું વર્તમાન સ્વરૂપ શું શુદ્ધ છે ? અશુદ્ધ છે ? પૂર્ણ છે ? કે પછી અપૂર્ણ છે ? અશુદ્ધ અપૂર્ણ છે તો પછી મારું શુદ્ધ, પૂર્ણ, મૌલિક સ્વરૂપ શું છે ? આત્મા શું છે અને પરમાત્મા શું છે ? જેને પૂર્ણસ્વરૂપ કહેવાય છે તે સચ્ચિદાનંદ કે પરમાત્મ સ્વરૂપ કેવું છે ? એ શુદ્ધાત્માની પરમાત્માદશા, સિદ્ધાવસ્થા, શુદ્ધ સ્વરૂપાવસ્થા કેવી છે ? એમના સ્વરૂપ ગુણ સર્વદર્શિતા (કેવળદર્શન); સર્વજ્ઞતા (કેવળજ્ઞાન) એટલે કે બ્રહ્મજ્ઞાન કે પૂર્ણજ્ઞાન; વીતરાગતા, સહજતા કે પરમ સ્થિરતા, સ્વરૂપ સ્થિરતા, પૂર્ણકામ કે સંતૃપ્તતા; આનંદવેદન; પૂર્ણવીર્યતા કે અનંત શક્તિ શું છે અને કેવાં છે ? બંધન શું છે અને કેવાં છે ? એ બંધન શું તોડી શકાય એમ છે ? એ બંધન કેમ કરીને કેવી રીતે તોડી શકાય અને બંધનમુક્ત થવાય ? શું બંધન દુઃખ છે અને બંધનમુક્તિ સુખ છે ? મુક્તિ (મોક્ષ) છે તો તેને મેળવી શકાય એમ છે કે નહિ ? એ મોક્ષ મેળવવાના શું કોઈ ઉપાય છે ? ઉપાય છે તો તે કયા કયા ઉપાય છે અને એ મોક્ષમાર્ગ કેવો છે ? એ મોક્ષમાર્ગનો વિકાસક્રમ કેવો છે ? કોઇએ મુક્તિ મેળવી છે ? એ કોણ કોણ છે ? શું એમની પાસેથી એ મોક્ષમાર્ગ જાણી શકાય ? આવા આવા પ્રશ્નો જાતને કરવા પૂર્વક સ્વનું શોધન એટલે કે સંશોધન કરવું, આ સઘળાંનો ઊહાપોહ કરવો, વિચારણા કરવી અને તેનું સંતોષપૂર્વકનું તર્કસંગત સમાધાન મેળવવું એ 'જ્ઞાનયોગ' છે.

જેની ભક્તિ કરવી છે, જેની ઉપાસના કરવી છે અને જેના ચરણનું શરણ ગ્રહીને એના આલંબનથી એના જેવું સ્વયં બનવું છે તે ઉપાસ્ય ભગવદ્ તત્ત્વ ભગવાન પરમાત્માની ઓળખાણ કરવી, પરિચય કેળવવો તે પણ 'જ્ઞાનયોગ' છે. કારણકે ભક્તિનું મૂલ પ્રીતિ અને પ્રીતિનું મૂળ પરિચય છે. વળી જ્ઞાનયોગથી ભક્તિ-યોગની વૃદ્ધિ છે અને ભક્તિયોગથી જ્ઞાનયોગની વૃદ્ધિ છે. ઉભય અન્યોન્ય છે.

કાંટાથી કાંટો નીકળે અને ઝેર ઝેરનું મારણ બનતું હોય છે, તેમ વિચારથી વિચારનું નિર્મૂલન થતું હોય છે તે વિકલ્પથી વિકલ્પનું મારણ કરવું તે પણ 'જ્ઞાનયોગ' છે. જ્ઞાનયોગ એ ભાવ આશ્રિત ભાવ છે, જે શ્રેષ્ઠ સાધના છે, જેમાં સ્વરૂપસમજ અને સ્વરૂપ રમમાણતા કેળવવા પડતાં હોય છે. એને માટે દ્રવ્યાનુયોગનું જ્ઞાન સહાયક બને છે.

અસદ્ વિકલ્પોને કાઢવા માટે સદ્વિકલ્પો એટલે કે સમ્યગ્ વિકલ્પો ઉપયોગી છે. સાથે સાથે એ પણ ભૂલવા જેવું નથી કે સદ્વિકલ્પો કે શુભ વિકલ્પો એ કાંઈ આત્માનું સ્વરૂપ નથી. આત્માનું શુદ્ધ, ચરમ અને પરમ સ્વરૂપ તો સંકલ્પ-વિકલ્પથી મુક્ત એવું નિર્વિકલ્પ સ્વરૂપ છે. છતાંય તે શુદ્ધની પ્રાપ્તિ શુભના આલંબનથી છે. શુભ વડે અશુભથી છૂટાય છે અને તે શુભ જ શુદ્ધમાં પરિણમે છે. અવિનાશી સાથેનું જોડાણ વિનાશીથી છોડાવી અવિનાશી બનાવે છે. નિર્વિકલ્પદશાની પ્રાપ્તિ સમ્યગ્ વિકલ્પ આશ્રિત છે. ભક્તિયોગ એ નિર્વિકલ્પદશામાં લઈ જનારો સમ્યગ્ વિકલ્પ છે.

જ્ઞાનયોગ અંતર્ગત સ્વરૂપદૃષ્ટિ તીવ્ર બનેલી હોય અને જ્ઞાયકભાવ ખૂબ ખૂબ ઘૂંટાયેલો હોય તો નિર્વિકલ્પદશા શીઘ્ર પ્રાપ્ત થાય છે. અથવા તો તેવી નિર્વિકલ્પદશા પ્રાપ્ત થાય ત્યાં સુધી એ દશાએ પહોંચાડનાર એવાં સમ્યક્‌ત્વની પ્રાપ્તિ થાય છે, જે અપ્રતિપાતી બની ભવાંતરમાં પરંપરા ચાલુ રહે તેવા પ્રકારનું પણ હોઈ શકે છે. એવા સમકિતને સમ્યક્‌ત્વ તરીકે ઓળખાવેલ છે. યુદ્ધ જેવા હિંસાના પ્રસંગે અથવા તો આકુળવ્યાકુળ બનાવનારા વિષમ સંયોગોમાં પણ સમ્યક્‌ત્વ અકબંધ રહેતું હોય છે તેમાં કારણભૂત સ્વરૂપદૃષ્ટિનું બળ હોય છે. જ્ઞાનયોગ સાધકને નિઃશંકતા અને દૃઢતાનું પ્રદાન કરે છે.

નવ તત્ત્વ, કર્મ સાહિત્ય અને દ્રવ્યાનુયોગના અભ્યાસને પણ જ્ઞાનયોગ કહેવાય છે કેમકે એ અભ્યાસથી જ્ઞાનયોગમાં પ્રવેશ થાય છે. જ્ઞાનયોગથી ધ્યાનયોગમાં પ્રવેશ થાય છે અને ધ્યાનયોગથી વળી જ્ઞાનયોગમાં અને જ્ઞાનયોગથી ધ્યાનયોગમાં વૃદ્ધિ થતી હોય છે. ભક્તિયોગ અને જ્ઞાનયોગની જેમ ધ્યાનયોગ અને જ્ઞાનયોગ પણ અન્યોન્ય છે જેના ફળસ્વરૂપ કેવળજ્ઞાન પ્રાપ્તિ થતાં ધ્યાનાતીત થવાય છે.

**ત્રિયોગ તુલના :**

જીવે જાતને પૂછવાનું છે અને સ્વયંનું શોધન કરવાનું છે કે..'તું કોણ ? હું કોણ ?'

'હું પરમાત્મ સ્વરૂપ આત્મા છું અને મારે મારામાં રહેલ મારા જ અપ્રગટ પરમાત્મ સ્વરૂપને પ્રગટ કરવાનું છે.' આ જ જ્ઞાનયોગ છે.

તું કોનો ? તારું કોણ ?...

'હું મારા પરમાત્માનો અને પરમાત્મા સિવાય બીજું કોઈ મારું નહિ.' સ્ત્રી, સંતતિ, સંપત્તિ, સ્વનજનાદિ કોઈ, કશુંય મારું નહિ સિવાય એક મારા પરમાત્મા. પર કદી કોઈ કાળે આપણું થાય નહિ. 'જે સ્વરૂપથી અભેદ થઈ શકાય તેનો તું અને તે છે તારામાં જ રહેલું તારું પરમાત્મ સ્વરૂપ.' આ જ ભક્તિયોગ છે.

'પરમાત્માની ભક્તિ કરતાં કરતાં સ્વયં પરમાત્મા નહિ બનું ત્યાં સુધી હું આત્મા આત્મભાવે મારા વર્તુળમાં મારી આસપાસ રહેલ પરમાત્મ સ્વરૂપ આત્માઓની અર્થાત્ શિવસ્વરૂપ જીવોની સેવાદિ કરું.' આ જ કર્મયોગ છે.

કર્મયોગ એ ભૌતિકતા છે. ભક્તિયોગ એ આસ્તિકતા છે અને જ્ઞાનયોગ એ આધ્યાત્મિકતા છે. કર્મયોગ એ ક્રિયાત્મક એટલે ક્રિયા સ્વરૂપ છે અને તે કર્તવ્ય, ફરજ કે જવાબદારી છે. ભક્તિયોગ ભાવ સ્વરૂપ છે. જ્યારે જ્ઞાનયોગ એ ચિંતન, મનન, ધ્યાન, વિચાર સ્વરૂપ છે.

દૃશ્ય જગત પ્રતિ ત્યાગ અને વૈરાગ્ય હોય, પરમાત્મ વ્યક્તિની ભક્તિ હોય, જ્યારે સ્વરૂપપદની ઝંખના અને લક્ષ્ય હોય.

પદાર્થ ઉપર દૃષ્ટિ કરવા સ્યાદ્વાદકળા જોઇએ કે જેમાંથી કર્મયોગ આવે. ભાવના કરવા માટે હૃદયની કળા જોઇએ કે જેમાંથી ભક્તિયોગ આવે. ધ્યાન ધરતાં ધરતાં ધ્યેયથી અભેદ થવા એકાગ્રતા જોઇએ જે મનની કળા છે અને તે ચિંતનયોગ એટલે કે જ્ઞાનયોગ છે. એ નિરીહિ, નિર્મોહી, નિર્વિચાર, નિર્વિકલ્પ થવાની પ્રક્રિયા છે.

કર્મયોગ અને ભક્તિયોગમાં દૃષ્ટિ 'પર' એવા સજાતીય અને વિજાતીય પદાર્થો ઉપર રહે છે જ્યારે જ્ઞાનયોગમાં દૃષ્ટિ સ્વ એવા આત્મા ઉપર રહે છે.

ધર્મની આદિ કર્મયોગથી છે અને અંત જ્ઞાનયોગથી કેવળજ્ઞાન પ્રાપ્તિમાં છે. કેવળજ્ઞાન પ્રાગટ્યથી નિર્વાણ સુધીનો શેષ જીવનકાળ પછી આ અપ્રયાસ Effortless સહજ કર્મયોગ બની રહે છે.

દેહ છે, ઋણાનુબંધ છે માટે કર્મયોગ છે. દેહના હુંકાર અને મનના મોટાપણાનો જે અહં છે તેને ઓગાળવા ભક્તિયોગ છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે તેથી જ્ઞાનયોગ છે.

કર્મયોગની પૂર્ણતા અક્રિય બનવામાં છે. ભક્તિયોગની પૂર્ણતા સ્વયં ભગવાન બનવામાં છે. જ્યારે જ્ઞાનયોગની પૂર્ણતા કેવળજ્ઞાન પ્રાગટ્યથી છે.

કોઈ પણ સંસારી જીવ દેહ અહં કે જ્ઞાન વિનાનો નથી. વર્તમાનમાં આપણો અહં દેહમાં છે, તેથી જ્ઞાન અજ્ઞાન રૂપે પરિણમેલ છે. જ્ઞાનને એના મૂળ સત્ય સ્વરૂપમાં આકારવા માટે જ કર્મયોગ-ભક્તિયોગ-જ્ઞાનયોગ છે. એ માટે થઇને જ ઋષિમુનિઓએ સાધનાસૂત્ર આપેલ છે કે...

'બધું ભગવાનનું છે.' 'બધે ભગવાન છે.' 'બધા ભગવાન છે.'

'બધું ભગવાનનું છે' એ માન્યતાથી કર્તાભાવ અને માલિકીભાવ નીકળી જતાં અહં ઓગળી જાય છે. જે કાંઈ મળ્યું છે તે પુણ્યોદયે મળેલ છે અને તે પુણ્યબંધનું કારણ ભગવાનની ભક્તિ તથા ભગવાને આપેલી સમજ છે. કાર્યમાં કારણનો ઉપચાર કરીને ભક્તિ કરાતી હોય છે. આ ભક્તિયોગ-સમર્પણતા છે.

'બધે ભગવાન છે' એ માન્યતાથી સર્વત્ર સર્વવ્યાપી સર્વેશ્વર ભગવાનની હાજરી વર્તાતી હોય છે અને તેથી વર્તના સારી થાય છે. કેવળજ્ઞાનથી ભગવાન

સર્વવ્યાપી છે. આ જ્ઞાનયોગ છે.

'બધા ભગવાન છે' એ માન્યતાથી સર્વ સાથે ભદ્ર વ્યવહાર થાય છે તે કર્મયોગ છે.

પરમાત્મા સર્વના છે એટલે પરમાત્મા મારા પણ છે. પરમાત્મા સર્વરૂપ છે એટલે મારે બીજું કાંઈ નહિ સિવાય કે પરમાત્મા.

પરમાત્મા સર્વત્ર છે અર્થાત્ સર્વ કોઈ સત્તાગત પરમાત્માસ્વરૂપ આત્મા છે એટલે બધે જ બધામાં જ પરમાત્મા જોવા તે કર્મયોગ છે.

પરમાત્મા સર્વકાલીન છે એટલે હર ઘડી પરમાત્મા જોવા તે આપણો દર્શનાચાર એટલે ભક્તિયોગ છે.

પરમાત્મા સર્વવ્યાપી છે કેમકે પરમાત્મા સર્વજ્ઞ હોવાથી સચરાચર સૃષ્ટિ પરમાત્માના જ્ઞાનમાં પ્રતિબિંબિત થયેલ છે. એ જ્ઞાનયોગ છે.

કર્મયોગથી 'મલ' જાય છે અને સમકિત થાય છે. દૃષ્ટિ સમ્યગ્ થયેથી સત્ સ્વરૂપ એવા પરમાત્મ સ્વરૂપની લગન લાગે અને પરમાત્મા બનવાના લક્ષ્યે પરમાત્માને શરણાગત થઈ, સર્વાર્પણ કરી સાચી ભક્તિ–ઉપાસના કરાય. એવી ભક્તિથી–ભક્તિયોગથી 'વિક્ષેપ' એટલે અસ્થિરતા, ખલેલ, અશાંતતા દૂર થાય અને ચિત્ત અભય, અખેદ, અશોક, પ્રસન્ન રહે છે. ભક્તિથી ભીંજાયેલ, મુલાયમ, શાંત, ઉપશાંત, પ્રશાંત બનેલ મનથી પરમાત્મસ્વરૂપના જ્ઞાનધ્યાનમાં લયલીન થવાય છે, જેના વડે ક્ષપકશ્રેણિના મંડાણ મંડાતા એ જ્ઞાનયોગે કરી આવરણ હઠી જતાં 'નિરાવરણ' થવાય છે.

આમ કર્મયોગનું ફળ પુણ્યોદય છે, ભક્તિયોગનું ફળ શાંતિ છે અને જ્ઞાનયોગનું ફળ પરમપદની પ્રાપ્તિ છે.

મલ અને વિક્ષેપ આપણે જોઈ, જાણી, અનુભવી શકીએ છીએ. પરંતુ આવરણ જોઈ પણ શકતા નથી અને અનુભવી પણ શકતા નથી. એ આવરણ હટે અને નિરાવરણ થવાય ત્યારે જ સર્વજ્ઞ બનાય છે. આવરણ હટાવવા, વિક્ષેપ હટાવવો જરૂરી છે અને વિક્ષેપ હટાવવા મલ હટાવવો જરૂરી છે.

ધર્મ, કર્મયોગ, ભક્તિયોગ અને જ્ઞાનયોગથી અપાય છે. પાયામાં કર્મયોગ બધાંને એકસરખો છે. તેમ શિખરમાં જ્ઞાનયોગ બધા માટે એકસરખો છે.

જે પૂર્ણ શક્તિશાળી છે તે પરમાત્મા છે. એ પ્રથમ ઉપાસ્ય છે અને જે આપણાથી અધિક શક્તિશાળી છે તે દ્વિતીય ઉપાસ્ય તત્ત્વ છે. એ દ્વિતીય ઉપાસ્ય તત્ત્વમાં લોકોત્તર ક્ષેત્રે રહેલાં સમકિતી દેવદેવી તથા લબ્ધિવંત યોગી પુરુષોની–ઉપાસના પરમાત્મ તત્ત્વ સાથે અનુસંધાન કરાવી આપનાર છે. જ્યારે લૌકિકક્ષેત્રનાં દેવદેવીઓ લૌકિક સાંસારિક ક્ષેત્રે લાભ આપનાર છે. બાકી તો સમકિતી દેવદેવીઓ સ્વયં પણ પરમાત્મ તત્ત્વના ઉપાસક છે અને લૌકિક દેવદેવીઓ તો લોકોત્તર સમકિતી દેવદેવીઓ તથા લોકોત્તમ પરમાત્મ તત્ત્વ આગળ વામણાં છે. વાસ્તવિકતા તો એ છે કે પૂર્ણતાની (મુક્તિની) પ્રાપ્તિના લક્ષ્યે, પૂર્ણ એવા પરમાત્મ તત્ત્વની ઉપાસનામાં, પૂર્ણતાની પ્રાપ્તિ નહિ થાય ત્યાં સુધી સર્વ કાંઈ પૂર્ણની પ્રાપ્તિમાં સાનુકૂળ હોય તે સર્વ વસ્તુ, વ્યક્તિ, સંયોગોની ઉપલબ્ધિ કરાવી આપવાની ક્ષમતા હોય છે. વિચારકે વિચારવું રહ્યું કે લોકોત્તમ પરમાત્મ તત્ત્વ પાસેથી પૂર્ણ મળતું હોય, સર્વ કાંઈ બધું જ મળતું હોય તો પછી થોડામાં કે થોડા ઘણામાં શા માટે સંતુષ્ટ થવું અને લોકોત્તમને છોડી અન્ય પાસેથી મેળવવા શા માટે ફાંફા મારવા ? જીવનવ્યવહારમાં પણ એવું છે કે રાજા મળી ગયા પછી કોઈ ચપરાશીનો ભાવ પૂછતું નથી.

કવિએ ગાયું છે...

'મ્હારે તો તું સમરથ સાહિબ, તો કિમ ઓછું માનું ?
ચિંતામણિ જેણે ગાંઠે બાંધ્યું, તેહને કામ કિશ્યાનું ?

કર્મયોગીને, ભક્તિયોગ ફળે છે અને ભક્તયોગીને જ્ઞાનયોગ ફળે છે. કર્મયોગથી ઋજુતા (કોમળતા) આવે છે. ભક્તિયોગથી નમ્રતા, નિરહંકારિતા, સરળતા આવે છે, જ્યારે જ્ઞાનયોગથી નિઃશંકતા અને દઢતા આવે છે. કર્મયોગનું ફળ ભક્તિયોગ છે અને ભક્તિયોગનું ફળ જ્ઞાનયોગ છે. અંતે જ્ઞાનયોગનું ફળ કેવળજ્ઞાન પ્રાગટ્ય છે.

ભક્તિ જ્ઞાનસાપેક્ષ હોવી જોઇએ અને જ્ઞાન ભક્તિસાપેક્ષ હોવું જોઇએ જેવું ગૌતમ ગણધર ભગવંત, આનંદઘનજી, યશોવિજયજી, દેવચંદ્રજી આદિમાં જોવા મળે છે. એમ હોય તો જ ઉભય–અરસપરસ એકમેકના પૂરક બની રહી વિકાસ સાધતાં સાધતાં, સિદ્ધિ સાંપડતાં પૂર્ણ બનાશે. ભક્તિ જ્ઞાનસાપેક્ષ નહીં હોય તો તે ભક્તિ, અને જ્ઞાન, ભક્તિસાપેક્ષ નહીં હોય તો તે જ્ઞાન, નિરપેક્ષ બની જશે. જ્ઞાનથી ભક્તિમાં ભાવુકતાની ચમક ઝળકે છે તો ભક્તિથી જ્ઞાન રસતરબોળ થાય છે.

સ્યાદ્ સંસારમાં અને સંસારીને જ લાગુ પડે છે કારણ કે સંસાર એકાન્તે દેહ અને મોહ ઉપર ઊભો છે. સ્યાદ્વાદની દેણ સાધકને તેની સાધકાવસ્થામાં તે સ્યાદ્ એટલે કે અધૂરો, અપૂર્ણ છે, તેનો નિર્દેશ કરી નિરાભિમાની, નિરાગ્રહી બનવા અને પૂર્ણતાનું–સ્યાદ્નું લક્ષ્ય બંધાવવા માટે છે. ત્રણેય યોગને એકમેકના પૂરક બનાવવાના છે. સાધકે પોતપોતાની કક્ષા અનુસાર ત્રણેય યોગનો સુમેળ સાધવાનો છે. આ ત્રણે યોગ મોક્ષ–પ્રાપ્તિની સાધનાના પાયા છે. એને દર્શન, જ્ઞાન અને ચારિત્ર્ય રૂપે પણ ઘટાવી શકાય. ત્રણમાંથી એક હોય તો તે બીજા બેને ખેંચી લાવે છે. અગર તો ત્રણમાંથી એક હોય અને બીજા બે ન હોય તો જે એક હોય તે પણ ટકે નહિ. ત્રણમાં કોઈ એકબીજાની અપેક્ષાએ ગૌણપ્રધાન હોઈ શકે છે પણ ત્રણેય હોય ત્યારે જ વિનાશીથી છૂટેલો, અવિનાશી બનવાના લક્ષ્યે અવિનાશીથી જોડાયેલો અવિનાશી બની સર્વથા બંધનમુક્ત થઈ શકે.

ખ્રિસ્તી ધર્મમાં કર્મયોગની પ્રધાનતા જોવામાં આવે છે. વૈષ્ણવ ધર્મમાં ભક્તિયોગની પ્રધાનતા જોવામાં આવે છે. વેદાંતદર્શનમાં જ્ઞાનયોગની પ્રધાનતા છે. જૈન દર્શન સર્વજ્ઞપ્રણીત છે, અને તેથી કર્મયોગ, ભક્તિયોગ અને જ્ઞાનયોગ એ ત્રણેય યોગનું ખૂબીપૂર્વકનું સુંદર ગુંથન છે, જે પ્રાતઃકાળ અને સંધ્યાકાળે કરાતી ષડાવશ્યક (પ્રતિક્રમણ)ની ક્રિયામાં તથા પ્રભુપૂજાવિધિમાં જોવા મળે છે, જેમાં દ્રવ્ય અને ભાવ ઉભય પ્રકારનું પૂજન હોય છે.

યોગમાર્ગ ત્રાટક ધ્યાનનો માર્ગ છે. વેદાંતમાર્ગ વિચાર ધ્યાનનો માર્ગ છે. ભક્તિમાર્ગ શરણ, સમર્પણ, ભાવ ધ્યાનનો માર્ગ છે. એ ત્રણેય પ્રકારનો ખૂબ સુંદર સમન્વય જૈન દર્શનમાં કરવામાં આવ્યો છે.

અંગ્રેજીમાં શરીરના મહત્વના ત્રણ અંગો (H) થી ઓળખાવાય છે: HAND (હાથ), HEART (હૃદય) અને HEAD (મસ્તિષ્ક). આ ત્રણ અવયવોના ઉપયોગની શક્તિની તીવ્રતાના આધારે વ્યક્તિની પ્રકૃતિનો નિર્ણય થઈ શકતો હોય છે. જેના હાથ વધુ કામગરા હોય તેવી કામગરી વ્યક્તિ હોય તેને કર્મયોગનું માધ્યમ પ્રધાનપણે ફાવે. જેનું હૃદય ઋજુ, ભીનું, લાગણીશીલ હોય તેવી વ્યક્તિને ભક્તિયોગનું માધ્યમ સાધનામાં વધુ અનુકૂળ રહે. જેનું મસ્તિષ્ક તેજસ્વી હોય, બુદ્ધિ વધુ ધારદાર હોય એવી બુદ્ધિશાળી વ્યક્તિને જ્ઞાનયોગનું સાધના માધ્યમ, પ્રધાનપણે ઉપયોગી નીવડે. સામાન્ય રીતે જીવોની પ્રકૃતિ આ રીતના શ્રમપ્રધાનતા, લાગણીપ્રધાનતા અને બુદ્ધિપ્રધાનતાના ત્રણ વર્ગમાં વર્ગીકૃત થતી હોય છે.

રુચિ પડે તે સાધન અપનાવીએ. પરંતુ જે કોઈ સાધન અપનાવીએ તેનાથી ચિત્તવૃત્તિનો નિરોધ કરી સમત્વ અવશ્ય સાધીએ. અર્થાત્ વીતરાગ બનીએ.

સ્થૂલ કર્મયોગ અપનાવીએ તો નિષ્કામભાવે ફળની ઈચ્છા રાખ્યા વિના, કર્તાપણાના અભિમાનથી રહિત સ્વોપકારના લક્ષ્યે પરોપકાર કરતાં રહીએ. અથવા પરમાત્માની આજ્ઞામાં રહી પરમાત્મા બનવા ઉત્સુક એવા પરમાત્માના ચાહક અને વાહક ગીતાર્થ સદ્ગુરુદેવની નિશ્રામાં (શરણમાં) શુદ્ધિના લક્ષ્યે સદ્આચરણરૂપ પંચાચાર પાલનાનો ક્રિયાયોગ કરતાં રહીએ તો તે જ્ઞાનસાપેક્ષ ક્રિયાયોગ એવો કર્મયોગ છે. વળી તે પ્રતિમાપૂજા એટલે આજ્ઞાપાલનરૂપ ભક્તિયોગ પણ છે જે ચિત્તવૃત્તિ નિરોધરૂપ સમત્વનિષ્પાદક યોગ પણ છે.

સૂક્ષ્મ એવા ભક્તિયોગને અપનાવીએ તો તેમાં પણ ઉપાસનામાં લયલીન થઈ જવાતાં સંસારનાં વિષયકષાય ભાવરહિત થવાય છે તે ચિત્તવૃત્તિનિરોધરૂપ સમત્વયોગ છે.

શૂન્ય એવા જ્ઞાનયોગને અપનાવીએ તો તેમાં પણ શુભભાવ અને શુભવિકલ્પનો પણ નિરોધ કરી બને એટલું અંશે અંશે પણ વિકલ્પવિચારરહિત અમનસ્ક અવસ્થામાં કે નિર્વિકલ્પ ઉપયોગમાં રહેવાય તે પણ ચિત્તવૃત્તિનિરોધરૂપ સમત્વયોગ છે.

અવિનાશી વ્યક્તિને પકડવી તે ભક્તિયોગ છે. સ્વરૂપપદનું જે લક્ષ્ય છે તે જ્ઞાનયોગ છે અને વિનાશી પ્રતિની અરુચિ, જે વૈરાગ્ય ભાવના છે, તે ત્યાગ દ્વારા કર્મયોગ રૂપે વ્યક્ત થાય છે.

શરીર, ઈન્દ્રિય, પ્રાણ, મન અને બુદ્ધિ સાધકનાં સ્વસાધન છે. શરીર, ઈન્દ્રિયોમાં; ઈન્દ્રિયો, પ્રાણમાં; પ્રાણ, મનમાં; અને મન બુદ્ધિમાં લય પામી જઈ તે ઉભય મન-બુદ્ધિ આત્મામાં લય પામે તો શાંતતા, ઉપશાંતતા, પ્રશાંતતા જેમાં છે એવી નિર્વિકલ્પકતાની ઉપલબ્ધિ થાય છે એ નીરિહીતા, વીતરાગતા છે જે પૂર્ણજ્ઞાન-બ્રહ્મજ્ઞાન-કેવળજ્ઞાન-સર્વજ્ઞતાની જનની છે.

કર્મયોગ સુધી સ્થૂલ વિકલ્પભાવો રહે છે, ભક્તિયોગ સુધી સૂક્ષ્મ વિકલ્પભાવો રહે છે. જ્યારે જ્ઞાનયોગથી અંતે શૂન્યમાં સમાઈ જવાય છે. અહીં શૂન્ય એટલે અભાવ નહિ પણ અવ્યાબાધતા અસરઅભાવ એવું અર્થઘટન કરવાનું છે એ તદ્રૂપતા છે.

તો હે જીવ હવે તું...

જગતમાં જગતની સેવા, ત્યાગ દાનાદિના પરોપકારથી કર! કર્મયોગી થા!

પરમાત્મામાં પ્રેમ, વિશ્વાસ, શ્રદ્ધા રાખ! ભક્ત બન! ભક્તયોગી થા!

આત્મા-પરમાત્માની શોધ-ખોજ કર! જ્ઞાનયોગી થા!

**(સંકલન : સૂર્યવદન ઠાકોરદાસ ઝવેરી)**

# સદ્ગત સાક્ષરો

## ☐ ડૉ. રણજિત પટેલ (અનામી)

**(૧) પ્રકાંડ પંડિત : ડૉ. ભોગીલાલ સાંડેસરા**

ઈ. સ. ૧૯૫૮માં હું વડોદરાની 'મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી'માં 'રીડર' તરીકે નિમાયો પણ એ પહેલાં અંગત સંબંધની રૂએ હું ડૉ. સાંડેસરાને મળવા અવારનવાર વડોદરા આવતો. ૧૯૩૭માં 'ગુજરાત સમાચાર'માં અમોએ સાથે નોકરી કરેલી, ૧૯૩૮ થી ૧૯૪૩ સુધી કૉલેજમાં સાથે અભ્યાસ કરેલો એટલે 'ભોગીભાઈ' કહેવાની જૂની ટેવ.

(૧) અર્ધી-સદી-પુરાણા મારા ગણતર સુહૃદોમાંના એક તે સ્વ. ભોગીલાલ જયચંદભાઈ સાંડેસરા. ૧૯૩૭માં અમો 'ગુજરાત સમાચાર'માં સાથે નોકરી કરતા હતા. ૧૯૩૮ થી ૧૯૪૩ સુધી કૉલેજ-અભ્યાસમાં પણ સાથે અને ૧૯૫૮ થી ૧૯૭૫ સુધી વડોદરાની મ.સ.યુનિ.માં પણ સાથે જ. તેઓ ૧૯૭૫માં નિવૃત્ત થયા, હું ૧૯૭૭માં. નિવૃત્તિ પછી પણ તા. ૧૮-૨-૧૯૯૫-એમના દેહોત્સર્ગ સુધી મૈત્રીનો અમારો એ સંબંધ અતૂટ ને ઉષ્મા-સભર રહ્યો.

(૨) જન્મ-તા. ૧૩-૪-૧૯૧૭. ઈ. સ. ૧૯૩૧માં જૂનના 'બુદ્ધિપ્રકાશ'માં એમનો પ્રથમ લેખ નામે-'પડી માત્રાનો સમય' પ્રગટ થયેલો-એટલે કે માંડ ચૌદ વર્ષની વયે લેખન કાર્ય શરૂ કર્યું ને સાદ્યંત, લગભગ સાડા છ દાયકા સુધી ચાલુ રહ્યું જેના ફલ-સ્વરૂપે એમનાં લગભગ પચાસેક પુસ્તકોનો લાભ ગુજરાતી સાહિત્યને પ્રાપ્ત થયો છે. ૧૯૩૩માં, અખિલ ભારતીય પ્રાચ્ય-વિદ્યા-પરિષદનું સાતમું અધિવેશન વડોદરામાં ભરાયું ત્યારે, મધ્યકાલીન ગુજરાતી ભાષાના એક આરૂઢ વિદ્વાન તરીકે એમણે એમનો સંશોધન-લેખ રજુ કરેલો. સંઘવિજય કૃત 'સિંહાસન બત્રીસી', કવિ માધવ કૃત 'રૂપસુંદર કથા', વીરસિંહ કૃત 'ઉષાહરણ' અને મતિસારની 'કર્પૂરમંજરી' જેવી જૂની ગુજરાતીની કૃતિઓનું સંપાદન તેમણે તેમની ૧૬ થી ૨૪ વર્ષની વયે કરેલું...એમાંય તે કવિ માધવ કૃત 'રૂપસુંદર કથા'નું સંપાદન ઈ. સ. ૧૯૩૪માં જ્યારે તેમણે માંડ સત્તર વર્ષની વયે કરેલું ત્યારે તેઓ 'મેટ્રીક ફેઈલ' હતા અને જ્યારે તેઓ ૧૯૪૧માં એમ.એ.ના વિદ્યાર્થી હતા ત્યારે તેમનું જ સંપાદન કરેલું આ પુસ્તક તેમને અભ્યાસક્રમમાં ભણવાનું આવેલું ! વિશેષમાં, સં. ૧૭૦૬માં રચાયેલા આ વૃત્તબદ્ધ શૃંગારકાવ્યે, જૂના ગુજરાતી સાહિત્યમાં વૃત્તબદ્ધ રચનાઓ થતી નહોતી એવા શ્રી ન. ભો. દિવેટિયાના વિધાનને નિરાધાર ઠેરવેલ.

(૩) ડૉ. સાંડેસરાના સાહિત્યસર્જન પર દૃષ્ટિપાત કરતાં લાગે છે કે એમના સર્જનકાળનો પ્રથમ દાયકો-એટલે કે ઈ. સ. ૧૯૩૧ થી ૧૯૪૧ સુધીનો સમય-સંશોધક-સંપાદન-કાળ હતો. ૧૯૪૩માં એમ.એ.માં પ્રથમ કક્ષામાં ઉત્તીર્ણ થયા બાદ એમની સંશોધક-અનુવાદક-ચિંતક ને સંપાદક તરીકેની શક્તિઓનો પૂર બહારમાં વિકાસ થયો હતો. સંપાદનની જ વાત કરીએ તો, ઉપર્યુક્ત ચાર સંપાદનો ઉપરાંત, ઇ. સ. ૧૯૭૫ સુધીમાં લગભગ ડઝનેક સંપાદનો આપણને એમની પાસેથી ઉપલબ્ધ થાય છે. આ સર્વ સંપાદનોનું કોઈ ને કોઈ રીતે આગવું મૂલ્ય ને મહત્ત્વ તો છે જ. એ સર્વમાં એમનો ઝીણો સંપાદકીય વિવેક સર્વત્ર વરતાય છે.

(૪) ડૉ. સાંડેસરા કુશળ સંશોધકની જેમ જ પ્રૌઢ ને ઠરેલ અનુવાદક પણ હતા. અનુવાદકલામાં તેઓ સવ્યસાચી હતા. ઈ. સ.ના પાંચમા સૈકા આસપાસ રચાયેલા બૃહત પ્રાકૃત કથાગ્રંથ-સંઘદાસગણિ કૃત 'વસુદેવ હિંડી'નો તેમણે ૧૯૪૬માં અભ્યાસપૂર્ણ પ્રસ્તાવના સહિત અનુવાદ કર્યો છે. વિશેષમાં આ ગ્રંથમાંથી પ્રાપ્ત થતી સાંસ્કૃતિક સામગ્રી વિશેનો અંગ્રેજી નિબંધ તેમણે મોસ્કો ખાતે ૧૯૬૦માં મળેલી આંતરરાષ્ટ્રીય પ્રાચ્યવિદ્યા પરિષદના પચીસમા અધિવેશનમાં રજૂ કર્યો હતો. ઈ. સ. ૧૯૪૯માં પ્રગટ થયેલો તેમનો 'પંચતંત્ર'નો અનુવાદ, સંપાદન-સંશોધન અને અનુવાદ-ક્ષેત્રે વિરલ છે. અહીં તેમણે પશ્ચિમ ભારતીય 'પંચતંત્ર'નો સંપૂર્ણ અનુવાદ તો આપ્યો જ છે પણ સાથોસાથ અન્ય પ્રાચીન પાઠ-પરંપરાઓમાંથી કથાઓ, તુલનાત્મક ટિપ્પણો, અગત્યનાં પાઠશોધનો, પરિશિષ્ટો અને ખાસ્સાં ૯૬ પૃષ્ઠોનો વિસ્તૃત ને અભ્યાસપૂર્ણ ઉપોદ્ઘાત પણ આપ્યો છે. આપણા મૂર્ધન્ય, વિવેક પ્રો. રા. વિ. પાઠક સાહેબે આ ગ્રંથ માટે 'પુરોવચન'માં લખ્યું છે: 'હિંદમાં સંસ્કૃતમાંથી વ્યુત્પન્ન થતી ભાષાઓમાં આટલી શાસ્ત્રીય અને વિશાળ દૃષ્ટિથી 'પંચતંત્ર'નું આ પહેલું જ સંપાદન થાય છે.' આ ઉપરાંત ૧૯૫૨માં 'ભારતીય આર્યભાષા અને હિન્દી'એ ડૉ. સુનીતિકુમાર ચેટરજીએ, 'ગુજરાત વિદ્યાસભા'ના આશ્રયે આપેલાં, 'ઈન્ડો આર્યન એન્ડ હિંદી' એ વિષયમાં આઠ વ્યાખ્યાનોનો સુવાચ્ય અનુવાદ આપ્યો છે. એ વિષયની ગુજરાતી પરિભાષાની રચના માટે પણ આ મહત્ત્વનો ગ્રંથ છે. 'મહામાત્ય વસ્તુપાલનું સાહિત્યમંડળ તથા સંસ્કૃત સાહિત્યમાં તેનો ફાળો'-૧૯૪૫નો આ તેમનો પીએચ.ડી. માટેનો શોધ-પ્રબંધ...જે અંગ્રેજીમાં લખાયેલો-એ જે ૧૯૫૦માં અંગ્રેજીમાં, ૧૯૫૭માં ગુજરાતીમાં અને તે પછી હિન્દી અને તેલુગુમાં પણ ભાષાંતરીત થયેલ છે...આમ અનેક ભાષાઓ પરના તેમના પ્રભુત્વનો લાભ,

ગુજરાતી સાહિત્યને એમના શિષ્ટ ને શાસ્ત્રીય ને સુવાચ્ય અનુવાદો દ્વારા પણ પ્રાપ્ત થયેલ છે.

ન્યુયોર્કના રોકફેલર ફાઉન્ડેશનના સ્પેશ્યલ ફેલો તરીકે ઈંગ્લેન્ડ, પશ્ચિમ જર્મની, સ્વીટ્ઝર્લેન્ડ, ફ્રાન્સ, યુ.એસ.એ., જાપાન, સિંગાપુર, થાઈલેન્ડ અને કંબોડિયા એ દેશોની વિદેશયાત્રાના વિગતવાર અનુભવો પત્રો દ્વારા આલેખતો 'પ્રદક્ષિણા' નામનો તેમનો પ્રવાસ-ગ્રંથ ગુજરાતી પ્રવાસ-સાહિત્યમાં નોખી ભાત પાડે છે તો તેમણે ઇ.સ. ૧૯૭૮માં (નિવૃત્તિ બાદ) એમના પૂજ્ય ગુરુ મુનિશ્રી જિનવિજયજીનું જીવન કાર્ય આલેખતું ચરિત્ર પણ લખ્યું છે. ૧૯૭૫માં સેવામાંથી નિવૃત્ત તયા બાદ પણ તેમણે 'મેરુસુંદર ઉપાધ્યાય કૃત 'વાગ્ભટાલંકાર બાલાવબોધ' પ્રબંધાદિમાં ઐતિહાસિક ને સામાજિક વસ્તુ, અંગ્રેજીમાં 'દયારામ' અને છેલ્લે રાજશેખર સંબંધે પુસ્તક પ્રગટ કર્યા છે.

પણ ઉપર્યુક્ત સંપાદનો, અનુવાદો અને પ્રકીર્ણ ગ્રંથો ઉપરાંત, એમના સંશોધન તેમ જ ચિંતન ક્ષેત્રે અનેક ગ્રંથો છે જેમાં એમનું સાચું હીર પ્રગટ થવા પામ્યું છે. એમના કેટલાકનો ઉલ્લેખ જ કરીએ તો ૧૯૪૫માં પ્રગટ થયેલ 'ઇતિહાસની કેડી', ૧૯૫૨માં પ્રગટ થયેલ 'જૈન આગમ સાહિત્યમાં ગુજરાત', ૧૯૪૫માં પ્રગટેલ 'શબ્દ અને અર્થ', ૧૯૬૧નું 'સંશોધનની કેડી', ૧૯૬૬માં પ્રગટ થયેલ 'ઇતિહાસ અને સાહિત્ય', ૧૯૬૭નું 'અન્વેષણા' અને ૧૯૭૩નું 'અનુસ્મૃતિ' મુખ્ય છે. આ ગ્રંથનો ઊડતો પરિચય કરીએ તો, 'ઇતિહાસની કેડી'એ ઈતિહાસ અને સંસ્કૃતિ-વિષયક લેખોનો સંગ્રહ છે-જેમાં, નરસિંહ પૂર્વેનું ગુજરાતી સાહિત્ય, આપણું લોકવાર્તા વિષયક પ્રાચીન સાહિત્ય, 'ગુજરાતમાં સંસ્કૃત' નાટક; 'હેમચંદ્રાચાર્યનું શિષ્યમંડળ', 'આયુર્વેદનું સંશોધન' આદિ વિશિષ્ટ લેખો આમાં ગ્રંથસ્થ થયા છે તો જૈન આગમ સાહિત્યમાં ગુજરાત અને અમદાવાદના ભો. જે. વિદ્યાભવનમાં અધ્યાપક-સંશોધક તરીકે તૈયાર કરેલો ગુજરાતના ઇતિહાસની સામગ્રી માટે અતિ મહત્ત્વનો ગ્રંથ છે 'શબ્દ અને અર્થ'. મુંબઈ યુનિ.ના આશ્રજયે ૧૯૫૨માં આપેલાં ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળાના અતિલોકપ્રિય થયેલાં પાંચ વ્યાખ્યાનો છે-જે શબ્દોના અર્થપરિવર્તનમાં કારણભૂત પરિબળોનું ગુજરાતીમાં પ્રથમ અધ્યયન છે. 'સંશોધનની કેડી'એ ઇતિહાસ અને સાહિત્ય વિષયક લેખસંગ્રહ છે. રણજિતરામ સુવર્ણચંદ્રકના સ્વીકાર પ્રસંગે આપેલું, 'સંશોધનના કેટલાક પ્રશ્નો'-એ વ્યાખ્યાન, ગુ.સા.પરિષદના નડિયાદ-અધિવેશનના ઇતિહાસ-પુરાતત્ત્વ વિભાગના પ્રમુખ તરીકે આપેલું. 'ગુજરાતમાં પુરાતત્ત્વ સંશોધન'-એ વ્યાખ્યાનાદિ આમાં ગ્રંથસ્થ થયાં છે તો 'ઇતિહાસ અને સાહિત્ય'-આ વિષયના સ્વાધ્યાય લેખોનો સંગ્રહ છે. નર્મદચંદ્રકના સ્વીકાર પ્રસંગે આપેલ સોલંકી યુગની 'શ્રી અને સંસ્કૃતિ', ગુ. ઇતિહાસ પરિષદના પ્રમુખસ્થાનેથી આપેલ, 'ઇતિહાસ અને સાહિત્યના તાણાવાણા', ગુજરાતીના અધ્યાપક સંઘના પ્રમુખસ્થાનેથી આપેલ 'ગુજરાતી કોશ'-એ વ્યાખ્યાનો આમાં ગ્રંથસ્થ થયાં છ. 'અનોષણા' એ 'ઇતિહાસ અને સંસ્કૃતિ વિષયક' લેખ-સંગ્રહ છે. 'ગુજરાત સંશોધક પરિષદ'ના ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગના પ્રમુખપદેથી આપેલ તથા બીજા લેખો આમાં ગ્રંથસ્થ થયા છે તો 'અનુસ્મૃતિ'; ઇતિહાસ અને સાહિત્ય વિષયક લેખસંગ્રહ છે. ગુ. યુનિ.ની કૉલેજોમાં આપેલાં ત્રણ યુનિ. વ્યાખ્યાનો અને અન્ય ૨૬ સ્વાધ્યાય લેખો આમાં ગ્રંથસ્થ થયા છે.

અહીં એમની સાહિત્ય સેવામાં, 'જર્નલ ઓફ ધી ઓરિએન્ટલ ઇન્સ્ટિટ્યૂટ', 'સ્વાધ્યાય' અને એકવારના 'બુદ્ધિપ્રકાશ'ના તંત્રી તરીકેની સેવાઓનો તેમ જ 'પ્રો. બ. ક. ઠાકોર પ્રકાશનમાળા' અને 'પ્રાચીન ગુર્જર ગ્રંથમાળા'નો પણ ખાસ ઉલ્લેખ કરવો જોઇએ. પ્રાચીન ગુર્જર ગ્રંથમાળાને તો પ્રો. જયંત કોઠારી, ડૉ. સાંડેસરાનું 'સર્વોત્કૃષ્ટ ને ચિરંજીવ' પ્રદાન ગણાવ છે. ડૉ. સાંડેસરાનો અંતિમ લેખ-સંગ્રહ (મરણોત્તર) નામે 'યજ્ઞશેષ' સંબંધે 'પ્ર. જી.'માં મારો લેખ પ્રગટ થઈ ગયો છે એટલે અહીં પુનરાવર્તન કરતો નથી.

આમ તો તેમના 'અનુસ્મૃતિ' લેખ-સંગ્રહ સંબંધે વ્યક્ત કરેલો પંડિત સુખલાલજીનો અભિપ્રાય તેમનાં અન્ય લખાણોને પણ લાગુ પડે તેમ છે. પંડિતજી લખે છેઃ 'તમારું વાંચન, વિચારસરણી અને નિરૂપણશૈલી અને બધું વ્યાપકતાની ભૂમિકા પર યોગ્ય રીતે ઘડાયું છે. 'મૂળ વિના કશું જ ન લખવું' એ એમની શૈલીનો પ્રધાન ગુણ છે.'

(૮) પ્રબોધમૂર્તિ સ્વ. ગોવર્ધનરામ જેના અગ્રણી હતા એવો પંડિત યુગ, સ્વાતંત્ર્યના સર સેનાપતિ જેના મોવડી હતા એવો ગાંધીયુગ ને એ પછીના સ્વાતંત્ર્યોતર યુગમાં જે ગણતર સાહિત્યકારોને સક્રિય રીતે જીવવાનું ને સર્જન કાર્ય કરવાનું પરમ સદ્ભાગ્ય પ્રાપ્ત થયું હતું તેમાંના એક હતા સ્વ. ભોગીલાલ જ. સાંડેસરા.

મને કોઈ પૂછે કે ઉડીને આંખે વળગે એવો ડૉ. સાંડેસરાનો ગુણ કયો ? તો એક ક્ષણના પણ વિલંબ વિના હું કહું કે એમનું ડહાપણ (Wisdom) પરિપક્વ બુદ્ધિનું એ પરિણામ હતું. અનુભવની એરણ પર એ કસાયેલું હતું. યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લેવાની એમની શક્તિ ખરેખર અદ્ભુત હતી. એમની સ્મૃતિ-શક્તિ આશ્ચર્ય ઉપજાવે તેવી હતી. શિક્ષણ, સંશોધન ને સાહિત્ય ક્ષેત્રે એમનું પ્રદાન યશસ્વી છે. ઇતિહાસ, સાહિત્ય, સંસ્કૃતિ, પ્રાચ્યવિદ્યા, મધ્યકાલીન ગુજરાતનો ઇતિહાસ, જૈન સાહિત્ય ભાષાશાસ્ત્ર વગેરેમાં એમનો લગાવ નૈસર્ગિક હતો. સંસ્કૃત, પ્રાકૃત-અપભ્રંશ, તેમજ મધ્યકાલીન ગુજરાતમાં ભાષા સાહિત્ય એમને હસ્તામલવત્ હતાં Inter Disciplenary Scholarship ના એ જીવંત પ્રતીક હતા. એ અડંગ શારદોપાસક વિદ્વાન પુરુષની બહુર્મુખી વિદ્વત્તા પાછળ એમનું તપ હતું. વિદ્યાતપ જેવી જ એમની શીલની ઉપાસના પણ ઉત્કટ. કેટકેટલી વાતો એમના અંતરમાં સમાઈ શકતી હતી ! Confidential ના એ આદર્શ નમૂના જેવા હતા. શિસ્તના ચૂસ્ત આગ્રહી. 'એટીટેક'ની વાતમાં કોઈથી કશી જ છૂટ ન લઈ શકાય. અન્યથી કૈંક, 'વિશેષ'નો ભાવ ખરો. એમના અંતરંગ સુહૃદોમાં ત્રણઃ આચાર્ય શ્રી યશવંતભાઈ શુકલ, ડૉ. સી. પી. શુકલ ને ડૉ. રણજિત પટેલ (અનામી). ડૉ. સાંડેસરાના નિધન સાથે ગુજરાતનું પાંડિત્ય જાણે કે ખંડિત થયું.

**(૨) ઉમાશંકરભાઈ : હળવી પળોમાં**

શ્રી વિષ્ણુદેવ સકલેશ્વર પંડિત સંસ્કૃતના પ્રકાણ્ડ વિદ્વાન હતા. સને ૧૯૩૮માં અમદાવાદની ગુજરાત કૉલેજમાં હું એમનો સહાધ્યાયી હતો. સને ૧૯૪૬માં જ્યારે તેઓ પેટલાદની નારાયણ સંસ્કૃત પાઠશાળામાં આચાર્ય હતા ત્યારે હું ત્યાંની આર્ટસ કૉલેજમાં ગુજરાતીનો પ્રોફેસર હતો. પંડિતજીએ વેદવિષયક સાતેક પુસ્તકો પ્રગટ કર્યા છે. એમની વિદ્વતામાં પૂર્વ-પશ્ચિમની શિક્ષાનો સુયોગ થયેલો. એકવાર પંડિતજીને ઘરે પાંચેક હજારની ચોરી થઈ. ઉમાશંકરભાઈ પંડિતજીને ઓળખે એટલે મેં સહજભાવે પાંચ હજારની ચોરીની વાત કરી એટલે તરત જ ઉમાશંકરભાઈ બોલ્યા:

'પંડિતોએ આટલો બધો પરિગ્રહ શા માટે વેંઢારવો જોઇએ ?

એકવાર આપણા અર્થઘન કવિતાના પુરસ્કર્તા પ્રો. બ. ક. ઠાકોરે ઉમાશંકરભાઈની 'સંસ્કૃતિ' માસિક સંબંધે ટીકા કરી: 'આજકાલ 'સંસ્કૃતિના લેખોનું પોત પાતળું પડતું જાય છે.' ઉમાશંકરભાઇએ તરત જ કહ્યું: 'સંસ્કૃતિ' માસિકના લેખકો એ જ એના વાંચકો છે ને

એમાંના આપ પણ એક છો...'

સને ૧૯૪૩-૪૪માં ઉમાશંકરભાઈ કવિ ગ-અ-થ (જર્મન મહાકવિ ગટે) અને એકરમેનનો કોઈ ગ્રંથ વાંચી રહ્યા હતા-એ બેઉના સંવાદો. કંઈ કામ પ્રસંગે મારે જોષી સાહેબને મળવાનું થયું...ને ગ-અ-થ.ની વાત નીકળતાં, એને ઘણાં 'ઇલિગલ' સંતાનો હતાં એ જાણવા મળતાં મેં સહજ ભાવે કહ્યું: આ સારું કહેવાય ?

તો તરત જ જોષી સાહેબ બોલ્યાઃ

'ગટે જેવો બાપ હોવાનું સદ્ભાગ્ય ઓછું ગણાય ?'

બનતાં સુધી સને ૧૯૪૩માં, પ્રો. બ. ક. ઠાકોરે, 'ગુજરાત વિદ્યાસભા'ના ઉપક્રમે નવીન કવિતા-વિષયક વ્યાખ્યાનો આપેલાં. પ્રો. ઠાકોરનાં વ્યાખ્યાનોનું વાંચન ઉમાશંકરભાઇએ કરેલું. બીજે દિવસે હું જોષી સાહેબને મળવા ગયો તો તેમના ટેબલ પર, પ્રો. બ. ક. ઠાકોરની 'લિરિક'ની પચાસેક નકલો પડેલી. મારી સાથે બીજા પણ એમ.એ.નાં ત્રણેક વિદ્યાર્થી હતા. 'લિરિક'ની એક નકલ હાથમાં લઈ તેઓ બોલવા લાગ્યાઃ 'ચચ્ચાર આના! ફક્ત ચાર જ આના. પાકુ પૂઠું ને પાકું બાઈન્ડીંગ...લિરિક વિષયક વિદ્વતાપૂર્ણ લાંબો નિબંધ...ફક્ત ચચ્ચાર આનામાં જાય છે...કોઈની સાથે ઝઘડો થતાં શસ્ત્ર તરીકે પણ ઉપયોગમાં આવશે...ફક્ત ચાર જ આનામાં !' એમની આ અદાથી ખુશ થઈ અને 'લિરિક'ની મહત્તા સમજી મિત્રોને ભેટ આપવા લેખે લાગશે એવી ગણતરીએ મેં 'લિરિક'ની અગિયાર નકલો ખરીદી.

સને ૧૯૫૦ થી ૧૯૫૮ સુધી હું નડિયાદની સી.બી.પટેલ આર્ટ્સ કૉલેજ અને જે. જે. કૉલેજ ઓફ સાયન્સમાં ગુજરાતીનો પ્રોફેસર-અધ્યક્ષ હતો. 'શ્રી ગોવર્ધન સાહિત્યસભા'ના ઉપક્રમે અમોએ સને ૧૯૫૬માં શ્રી ગોવર્ધન શતાબ્દી અને સને ૧૯૫૮માં અભેદમાર્ગ પ્રવાસી પ્રો. મણિલાલ ન. દ્વિવેદી અને મસ્તકવિ બાલાશંકરની શતાબ્દી ઉજવેલી. આ નિમિત્તે અમોએ કેટલાક ખ્યાતનામ સાહિત્યકારો...જેવા કે સર્વશ્રી ક.મા.મુનશી, રમણલાલ વ. દેસાઈ, પ્રો. વિ. ર. ત્રિવેદી, ઉમાશંકર, સુંદરમ્, કિશનસિંહ ચાવડા, જ્યોતીન્દ્ર દવે, વિશ્વનાથ ભટ્ટ, વિજયરાય વૈદ્ય, યશવંત શુકલ, પ્રો. એસ. આર. ભટ્ટ, મંજુલાલ મજમુદાર, ડૉ. ભોગીલાલ સાંડેસરા અને શ્રી શાંતિલાલ ઠાકર જેવાઓનાં વ્યાખ્યાનો ગોઠવેલાં. મણિલાલ શતાબ્દી ટાણે વક્તાઓમાં સુંદરમ્, ઉમાશંકર, યશોધર મહેતા, શ્રી શાંતિલાલ ઠાકર ને આ લેખક પણ હતા. આ વ્યાખ્યાનમાં શાંતિલાલ ઠાકરનું વ્યાખ્યાન અતીવ નોંધપાત્ર હતું. મણિલાલ ને બાલાશંકરની અનુપમ મૈત્રી અને એમનાં કાવ્યોની વાત કરતાં વચ્ચે વચ્ચે ખુશ થાય ત્યારે 'ક્યા બાત હૈ', 'ક્યા બાત હૈ'-એમ તેઓ ધ્રુવપદની માફક બોલતા હતા...માઈક આગળ સ્ટેજ ઊંચા થઈ હવામાં હાથ વીંઝી જ્યાં બોલવા ગયા 'ક્યા બાત હૈ ?' ને એમના ધોતિયાની કાછડી નીકળી ગઈ એટલે શ્રોતાવર્ગમાંથી એકી સામટા ચાર પાંચ અવાજ આવ્યા 'ક્યા બાત હૈ' ...ને સ્ટેજ પર ઉમાશંકરભાઈ જે હસ્યા છે !...ધીરેથી એ ગણગણ્યાઃ 'વાછકાછમન નિશ્ચલ રાખે !' સુંદરમ્ શાંત-સ્વસ્થ.

એકવાર ઉમાશંકરભાઈ કિશનસિંહ ચાવડા સાથે સવારે અગિયારના સુમારે મારે ઘરે પધાર્યા. કિશનસિંહે એમનું તાજેતરમાં પ્રગટ થયેલું પુસ્તક-'અમાસથી પૂનમ ભણી' મને ભેટ આપ્યું. ચા-પાણી દરમિયાન વાતવાતમાં જોષી સાહેબ કહે, વડોદરા કોર્પોરેશન કરે યા ના કરે, પણ હું તો સ્ટેશનથી અલકાપુરી સુધીના રસ્તાને 'અનામી-માર્ગ' કહેવાનો. મેં કહ્યું: 'મારા કરતાં ચાવડા એ માનના વિશેષ અધિકારી છે.' જોષી સાહેબ કહે: 'પણ ચાવડા કવિ ક્યાં છે ?' મેં કહ્યું : 'અમાસના તારા'માં ઓછું કવિત્વ છે ?' જોષી સાહેબ કહેઃ 'આપણે તો નવલકથાકાર કે નિબંધકાર કરતાં કવિનું વિશેષ ગૌરવ કરવાના.' આ પણ હળવાશનો એક તુક્કો જ હતો !

જોષી સાહેબના એ 'હળવા તુક્કા'ને આગળ ચલાવતાં મેં કહ્યું: 'જો આપનો આગ્રહ કવિ માટે જ હોય તો ૫૧, કુંજ સોસાયટીના કવિ-બેરી. ડાહ્યાભાઈ એ માનના વિશેષ અધિકારી છે...એમણે તો પૂ. બાપુ પર મહાકાવ્ય લખવાને વર્ષોથી પુરુષાર્થ કર્યો છે.' તરત જ જોષી સાહેબ કહે: 'એ હશે, પણ તેઓ તો લંડનવાસી છે...આપણે તો વડોદરાવાસીનો વિચાર કરવાનો !'

એક જમાનો હતો જ્યારે અમદાવાદનો પ્રીતમનગરનો અખાડો અનેક વિધેયાત્મક પ્રવૃત્તિઓનું કેન્દ્ર હતો. સંભવ છે કે સને ૧૯૪૩માં ત્યાં, શ્રી જ્યોતીન્દ્ર દવેના પ્રમુખપદે એક મુશાયરો યોજવામાં આવેલો જેમાં કવિ સુંદરમ્, ઉમાશંકર ઉપરાંત ઘણા નવીન કવિઓ પણ હાજર હતા. એ મુશાયરામાં 'પાદપૂર્તિ'નો કાર્યક્રમ હતો, જેમાં ચારેક પંક્તિઓ આપવામાં આવી હતી. એમાંની બે મને આજે છ દાયકા બાદ પણ યાદ છે. (૧) એ જ સમજાતું નથી કે કેમ આવું થાય છે ? (૨) હેમંતની શર્વરી. મુશાયરામાં શયદા પણ હાજર હતા. વિનોદિની બહેન નીલકંઠે 'હેમંતની શર્વરી' પંક્તિની દુર્બોધ અને ગંભીર પાદ-પૂર્તિ કરેલી...વાતવાતમાં ઉમાશંકરભાઈ બોલેલાઃ 'વિનોદિની બહેનમાં એમના નામના ગુણ સિવાય બધું જ છે !'

અંગત કારણસર મેં સને ૧૯૪૪માં એમ.એ.ની પરીક્ષામાંથી ડ્રોપ લેવાનો વિચાર કર્યો તો ઉમાશંકરભાઈ અને પૂ. કે. કા. શાસ્ત્રીએ હળવી શૈલીમાં અર્જુન વિષાદયોગની જેમ અનામી વિષાદયોગ, સંસ્કૃતમાં લખેલો જેની મને જાણ કરેલી પણ વંચાવેલ નહીં. હળવાશભર્યો વિનોદ એમની સંવિદ્નો અવિભાજ્ય ગુણવિશેષ હતો.

**(૩) રામનારાયણ પાઠક અને પ્રો. પોતદાર**

સને ૧૯૩૮થી સને ૧૯૪૪ સુધી-એમ.એ. સુધી હું અમદાવાદની ત્રણ કૉલેજોમાં ભણ્યો. બી.એ. સુધી ગુજરાત કૉલેજમાં ને એમ.એ. ગુજરાત કૉલેજ ઉપરાંત એલ.ડી. અને 'વિદ્યાસભા'માં. આ છ સાલ દરમિયાન મને ગુજરાતી, અંગ્રેજી અને સંસ્કૃતના અનેક વિદ્વાન અધ્યાપકોનો લાભ મળ્યો જેમ કે ગુજરાતીમાં પ્રો. અનંતરાય રાવળ, પ્રો. રામનારાયણ પાઠક, પ્રો. રસિકલાલ પરીખ, પ્રો. કે. કા. શાસ્ત્રી, પ્રો. ઉમાશંકર જોષી તો અંગ્રેજીમાં પ્રો. એસ. એસ. ભાંડારકર, પ્રો. ફિરોજ કાવસજી દાવર અને સંસ્કૃતમાં પ્રો. અભ્યંકર દાદા, પ્રો. પોતદાર, પ્રો. ટી. એન. દવે, પ્રો. આર. બી. આઠવલે વગેરે વગેરે... આ બધામાંથી બે પ્રોફેસરોને હું આજે છ દાયકા વિત્યા બાદ પણ ભૂલી શક્યો નથી. એમને ન ભૂલવાનું કારણ પણ વિશિષ્ટ છે. એ બે પ્રોફેસરો જ્યારે અમુક કાવ્ય કે કૃતિ શિખવે ત્યારે રડ્યા વિના રહેજ નહીં. એક પ્રોફેસર તો વર્ગ લીધા વિના અધવચમાં જ ચાલ્યા જાય. બીજા પ્રોફેસર રૂમાલથી આંખો લૂછે ને બે મિનિટનો ઈન્ટરવલ પાડે. એ બે સહૃદયી ને વિદ્વાન-નિષ્ઠાવાન પ્રોફેસરો તે પ્રો. રામનારાયણ પાઠક ને બીજા સંસ્કૃતના પ્રો. પોતદાર.

બંનેય અકવડિયા બાંધાના. રાયણની સાંઠા જેવી એમની દેહયષ્ટિ.. ઉપલક દૃષ્ટિએ જોઈએ તો પ્રભાવશાળી ન લાગે પણ જ્યારે શિખવવાનું શરૂ કરે ત્યારે આપણને તરબોળ કરી દે. આપણને થાય કે ક્લાસ જલ્દી પૂરો ન થાય તો સારું. બસ એમને સાંભળ્યા જ કરવાનું દિલ થાય. કાવ્ય કે કૃતિમાંથી નવાજ અર્થોનો સ્ફોટ થયા

છોકરો ટગર ટગર શું જોયા કરે છે ?' બાએ કહ્યું, 'જાણે બધું સમજતો હોય તેમ ઊંચો થઈ થઇને ચારેબાજુ જોવાની એને ટેવ છે.' (આમાં શબ્દો કદાચ જુદા હશે પણ એનો ભાવ બરાબર એ છે.)

હું ચાલતાં અને બોલતાં પ્રમાણમાં વહેલું શીખ્યો હતો. બાને 'રેવા'ને બદલે 'ડઉઆ' કહેતો. એટલે બા કેટલીકવાર ટોકતાં 'ડઉઆ, ડઉવા' શું કરે છે ? 'રેવા' બોલ...મને દાંત વહેલા આવ્યા હતા અને ખાતાં જલદી શીખ્યો હતો.

નાના બાળકની શૌચક્રિયા માટે લાક્ષણિક રીત હતી. દરેક ઘરે ઓટલા રહેતા. મા ઓટલા ઉપર પાટલો નાખીને બેસે. પછી બંને પગની સામસામી એડીઓ ભેગા કરીને પોલાણ જેવું (આજની પોટી) બનાવે. પંજા પર બાળકને બેસાડે અને સિસકારો કર્યા કરે એટલે બાળકને શૌચ થાય. ત્યાર પછી બાળકને ધોવડાવી મા ઓટલા નીચે ઊતરી મળ ઉપર ધૂળ નાખે અને ઓટલાની ભીંતમાં કરેલા ગોખલામાં બે લંબચોરસ પતરા રાખ્યાં હોય તેના વડે મળ એક પતરાંમાં લઈ જ્યાં નખાતો હોય ત્યાં નાખી આવે.

હું ચાલતાં શીખ્યો ત્યારે શૌચક્રિયા માટે બા મને ફળિયા બહાર લઈ જવા લાગી. બા જ્યારે શૌચ માટે ફળિયા બહાર લઈ જાય અને એક મકાનની શૌચ માટે વપરાતી ભીંત આગળ બેસાડે પછી બા ઊભી રહે. પણ કોઇક વાર હું રમત જ કર્યા કરતો હોઉં અને શૌચક્રિયા ભૂલી જાઉં ત્યારે બા ચિડાતી. કોઈ વાર બે ત્રણ છોકરા ભેગા થઇ ગયા હોય તો રમત કરતા. ગામડાગામમાં રાતને વખતે શેરીઓમાં ઘાસના દીવા રહેતા. એનો નહિ જેવો પ્રકાશ પડે. અંધારું હોય ત્યારે બા ફાનસ લઇને ઊભી રહે. દર કલાકે રામજી મંદિરમાં પહેલાં નગારું વાગે અને પછી ડંકા વાગે. કોઇવાર બા કહે, 'જલદી કર, જો આઠના ડંકા થયા.'

ત્રણથી પાંચ વર્ષ સુધી મારી સવારના ગાળામાં મુખ્ય પ્રવૃત્તિ તે બા કૂવે પાણી ભરવા જાય ત્યારે તેમની આંગળિયે જવાની, બપોરે બા સાથે તળાવે કપડાં ધોવા જવાની અને સાંજે દેરાસરે આરતી–મંગળદીવો કરવાની હતી. પાણી ભરીને પાછાં ફરતાં ખભે રાખેલાં ભીનાં દોરડાથી બાનાં કપડાં ભીંજાઈ જતાં. ફળિયામાં દાખલ થતાં બા બૂમ મારતી 'એ...ઘડો ઉતારાવજો.' એટલે ઘરમાંથી કોઇક બા નીચાં નમે એટલે ઘડો ઉતારી લેતાં. પછી બેડું બા જાતે ઉતારતાં. બપોરના વખતે તડકામાં બા સપાટ પહેરી, માથે ધોવાનાં કપડાં ભરેલું મોટું ચેલિયું ચડાવતાં. એના ઉપર લાકડાનો પાયો (ધોકો) મૂકે અને હાથે બનાવેલા સાબુનો મોટો ગોળો (દડા જેવો) મૂકે. (ત્યારે સાબુ ગોળ આવતા.) તળાવે જઈ મને એક ઝાડ નીચે બેસાડે, બા એક શિલા ઉપર કપડાં ઘસે, ધોકા મારે અને પછી કછોટો વાળી ઘૂંટણ સુધીના પાણીમાં જાય અને કપડાં પલાળી, નીચોવી, ખભે મૂકીને પાછાં ફરે અને નીચોવેલી ગડવાળાં કપડાં ચેલિયામાં મૂકે. આ સમય દરમિયાન હું ઝાડ નીચે બેસીને બધાંને કપડાં ધોતાં જોતો, પણ મને વિશેષ આનંદ તો પવન સાથે હિલોળા લેતા પાણીમાં સૂર્યનું પ્રતિબિંબ પડતાં અને બદલાતાં જોતો. એને ઓકળિયો કહેતા. ચકચકતી હજારો ઓકળિયો જોતાં હું ધરાતો નહિ.

સાંજે દેરાસરમાં આરતી સાથે નગારું વાગે તે સાંભળવામાં વધુ આનંદ આવતો. નગારું ઊંચે હતું એટલે આરતી–મંગળદીવો પૂરો થતાં બા મને ઊંચો કરી નગારું વગડાવતાં.

ચારેક વર્ષની ઉંમરે એક દિવસ સાંજે ઘરમાં હું અચાનક વેદનાની ભયંકર ચીસો પાડવા લાગ્યો. ફાનસના અજવાળે બાએ જોયું તો ત્યાં વીંછી હતો. સાપ ડંખ મારીને ભાગી જાય. વીંછી એટલામાં જ ફરતો રહે. ઊંચી પૂંછડીને કારણે પકડવાનું પણ સહેલું. તરત પિતાજીએ ચીપીયાથી વીંછી પકડીને તપેલીમાં મૂકી દીધો. તપેલીમાં વીંછી આંટા માર્યા કરે, પણ બહાર નીકળી ન શકે. તપેલી ઢાંકીને પિતાજી વીંછીને દૂર વગડામાં નાખી આવ્યા. હું ચીસો પાડતો સૂઈ રહ્યો. અમથીબાને મંત્ર ભણી વીંછી ઉતારતાં આવડે. એમના મંત્રથી મને થોડી રાહત થઈ, પણ દર્દ ચાલુ હતું. એવામાં બાને વિચાર સૂઝ્યો. તેઓ ઉપાશ્રયે ગયાં. સાધુ મહારાજને વિનંતી કરી એટલે મહારાજ કામળી ઓઢીને ઘરે આવ્યા. જ્યાં મને દર્દ થતું હતું ત્યાં હાથ મૂકીને મંત્ર ભણ્યા. પછી એમણે મને કહ્યું, 'તું ઊંઘ આવે ત્યાં સુધી 'વીતરાગ નમો જિણાણં' બોલ્યા કરજે. તને જરૂર મટી જશે.' પથારીમાં સૂતાં સૂતાં મેં રટણ ચાલુ કર્યું. બા મને પંપાળતી રહી અને કહેતી રહી કે 'હમણાં મટી જશે.' એમ કરતાં થોડીવારમાં જ હું ઊંઘી ગયો. સવાર પડતાં તો કંઈ થયું જ ન હોય એમ લાગ્યું.

બીજી એક વખત પણ મને વીંછી કરડ્યો હતો. આ વખતે મોટો વીંછી નહિ પણ વીંછીનું બચ્ચું હતું. સવારે નાહીને મેં સ્કૂલે જવા માટે વળગણી પરથી ખમીશ ઉતાર્યું. પહેરવા જતાં બાંયમાં રહેલા વીંછીએ હાથ પર ડંખ માર્યો. મેં ચીસાચીસ ચાલુ કરી. બાએ ધમકાવ્યો, 'કેમ આટલી બધી બૂમાબૂમ કરે છે ?' ત્યાં તો બાએ ખમીશ ઝાપટ્યું તો નીચે વીંછી પડ્યો. ઘરમાં એક જણ વીંછી પકડવા રોકાયું. પિતાજી બહારગામ હતા. એટલે બા મને અમારા એક વડીલ નાથાકાકાને ત્યાં લઈ ગયાં. નાથાકાકા મને ઊંચકીને બજારમાં લઈ ગયા. બાથી (સ્ત્રીઓથી) બજારમાં જવાય નહિ. કાકા મને એક મોટરવાળા પાસે લઈ ગયા અને વીંછી કરડ્યાની વાત કરી. એણે મોટરનું બોનેટ ખોલી બેટરીના બે વાયર મારા બે હાથમાં પકડાવ્યા અને કહ્યું બિલકુલ સહન ન થાય ત્યારે જ હાથ છોડી દેજે. ત્રણ ચાર વખત કરીશું.' મોટરનું એન્જિન ચાલુ કરતાં મને હાથે ધડ ધડ થવા લાગ્યું. (હળવો શોક લાગવા માંડ્યો). સહન થતું નહોતું છતાં હિંમત રાખી. ચાર વખત એમ કર્યું અને કહ્યું, 'જા મટી ગયું છે. હવે રડતો નહિ.' મારી પીડા ચાલી ગઈ. ઘરે આવીને કપડાં પહેરીને હું સ્કૂલે ગયો.

વીંછી કરડવાના બનાવો ત્યારે ગામડાંઓમાં વારંવાર થતા. એ મટાડવા માટે વિવિધ ગામઠી ઉપચારો થતા.

અમૃતલાલ દાદાને રૂના વેપારમાં મોટી ખોટ આવી અને માથે દેવું થઈ ગયું ત્યારે એમણે પોતાના ચારે દીકરાઓને ગામ છોડીને બીજે જઈ નોકરીધંધો કરવાની ભલામણ કરી. ત્યારે ચારે ભાઇઓ દ્વારા પાદરા તાલુકાના મોભા રોડ નામના ગામે સ્ટેશન પાસે શરૂ થયેલા નવા વસવાટમાં અનાજ, કાપડ વગેરેની પ્રકીર્ણ ચીજવસ્તુઓની દુકાન કરવાનો વિચાર કર્યો. એ માટે ચારે ભાઇઓએ ત્યાં દુકાન ભાડે રાખી. મારા પિતાશ્રીએ એ માટે પહેલ કરી અને રેવાબા સાથે મને અને મારી નાની બહેન પ્રભાવતીને લઈ ગયા. ત્યારે મને પાંચમું વર્ષ બેઠું હતું. પરંતુ પિતાશ્રીના બીજા કોઈ ભાઇઓ આવ્યા નહિ, મોભામાં અમે એક વર્ષ રહ્યાં, પણ સંતોષકારક કમાણી ન થતાં અને દાદાની તબિયત બગડતાં પાછા પાદરે આવ્યા.

મોભામાં અમારા ઘરની પાછળ જ વગડો અને ખેતરો હતાં. વગડામાં થોડે સુધી અમે રમવા જતા. આગળ જતાં ડર લાગતો. ત્યારે શાક બજારમાંથી વેચાતું લાવવાનું નહિ કારણ કે એવું બજાર જ ત્યાં નહોતું. ઘરની પાછળના વંડામાં બધાં લોકો શાક ઉગાડીને ખાતા. ભીંડા, ગવાર વગેરેના છોડ અને તુરિયાં તથા ગલકાં વગેરેના વેલા વાવેલા તે હજુ યાદ છે. છોડ ઉપર જ્યાં શાક ઊગે તે બાને બતાવીએ. એમાં ખાસ તો ચોમાસાની ઋતુમાં થતાં કંટોલાં વીણી લાવવાની બહુ મઝા પડતી. બાએ કહેલું કે કંટોલા તો વરસાદ પડ્યા પછી જ ઊગે એ વાક્ય આજે પણ ભૂલાયું નથી. બા કંટોલા વીણવા અમને વગડામાં લઈ જતી. કોઈ વાર વરસાદ બહુ પડી ગયો હોય તો વચ્ચે મોટા ખાડાઓમાં પાણી ભરાઈ ગયું હોય. બા તો ખાબોચિયું ડહોળતી આગળ ચાલે, પણ હું ઊભો રહી જાઉં.

બા કહે 'એમ બીએ છે શું ? બહુ પાણી નથી.' પાણી મારી છાતી સુધી આવે. કપડાં તો પહેર્યા ન હોય, પણ પાણીમાં જતાં ડર લાગે. ખાબોચિયાના બીજા છેડે પહોંચું ત્યારે સલામતીનો આનંદ થતો. ખાબોચિયામાં વરસાદનુ તાજું પાણી હોય અને સૂર્યપ્રકાશ નીકળે ત્યારે પાણી દુધિયા રંગનું દેખાય. એવા પાણીની જીવંતતા જ જુદી ભાસે. વળી પવનમાં વરસાદનું તાજું પાણી હિલોળા લેતું હોય એ જોવાનું ગમે.

મોભામાં એક દિવસ એક બાવો અમારા ઘરે માગવા આવ્યો. બાએ એને લોટ અને ચોખા આપ્યા. બાની ઉદારતા જોઈ એણે ભોજનની માગણી કરી. બાએ ના કહી તો પણ ઘરમાં કોઈ પુરુષ નથી એ જોઇને એણે હઠ લીધી અને ઓટલે બેઠો. બેત્રણ વાર કહેવા છતાં એ ખસ્યો નહિ. બાવો બદમાશ જેવો લાગ્યો. બાપુજી ઘરમાં હતા નહિ એટલે બાએ તરત સમયસૂચકતા વાપરી મને પાછલે બારણેથી અલીકાકાને બોલાવવા મોકલ્યો. મુસલમાન અલીકાકા અમારા ઘરની નજીક રહેતા હતા. મેં દોડતા જોઈ અલીકાકાને વાત કરી. તેઓ હાથમાં લાકડી લઇને આવી પહોંચ્યા. એમણે લાકડી ઉગામી બાવાને ગામ બહાર ભગાડ્યો.

એક વાર મોભામાં રાતના આઠ–નવ વાગે 'સાપ આવ્યો, સાપ આવ્યો' એવી બૂમ પડી. બધા ઘરની બહાર નીકળી ગયાં. પાંચ છ ઘર દૂર સાપ દેખાયો હતો. બધા લાકડી લઈ બહાર દોડ્યા. કોઈક સાપ પકડવાનો લાકડાનો લાંબો સાણસો લઈ આવ્યું. અંધારું હતું એટલે સાપ ક્યાં ભરાઈ ગયો તે દેખાયું નહિ. સાપ લપાતો લપાતો બાજુવાળા પડોશીના ઘરમાં ભરાયો તે દેખાયો. ત્યાંથી સાપને ભગાડતાં પાછલે બારણેથી નીકળી ગયો, પણ પછી ત્યાંથી અમારા ઘરમાં ભરાયો. ફાનસના અજવાળે તે દેખાયો. પણ ભગાડવા જતાં તે મોભ ઉપર ચડી ગયો અને એક બખોલમાં ભરાયો. ત્યાંથી ઘણા પ્રયત્નો કરવા છતાં તે ઊતર્યો નહિ. છેવટે નક્કી કર્યું કે બધાંએ ફળિયામાં ખાટલા ઢાળીને સૂઈ જવું. થોડાક પુરુષો લાકડી સાથે જાગતા રહે. બાએ અમને ભાઈબહેનને ખાટલામાં સૂવાડ્યાં. અને પોતે જાગતાં રહીને નવકારમંત્રનું રટણ કર્યું. પિતાજી પણ જાગતા રહ્યા. બીકને લીધે આખી રાત સાપ નીકળ્યો નહિ, પણ સવાર થતાં ઘરની બહાર નીકળ્યો તે અમે બધાએ જોયું પણ એને કોઇ પકડે તે પહેલાં તો તે ઝડપથી વગડામાં પહોંચી ગયો.

મોભામાં સ્ટેશનની પાસે જ અમારું ઘર હતું. એટલે સ્ટેશન પર અમે કેટલાક છોકરા રમવા જતા. સ્ટેશન માસ્તરને પણ એ ગમતું કારણ કે એમને અમારી ઉંમરનો એક દીકરો હતો. આખા દિવસમાં એક ગાડી આવે અને એક જાય. પછી માસ્તરને કંઈ કામ નહિ. ત્યારે અમે પાટા પર સમતોલપણું રાખીને ચાલવાની હરીફાઈ કરતા. સિગ્નલથી કેવી રીતે પાટા છૂટા પડે તે તથા એન્જિનનું મોઢું બદલવું હોય તો તે માટેના કૂવાના પાટા કેવી રીતે ફેરવવા તથા ક્યારે કેટલા ડંકા વગાડવા તે માસ્તરનો મદદનીશ અમને સમજાવતો.

મોભામાં એક વર્ષ રહી દુકાન સંકેલી પિતાજીને પાદરા પાછા ફરવું પડ્યું, મારા અમૃતલાલ દાદાના છેલ્લા માંદગીના દિવસોનું અને એમના અવસાનના દિવસનું ચિત્ર હજુ નજરમાં તરવરે છે. માંદગીના વખતે ઉપરના માળે (મેડા ઉપર) એમને સૂવાડ્યા હતા. તેઓ શૌચાદિ માટે ઘરબહાર જઈ શકે એમ નહોતા એટલે એમને માટે પાટ મંગાવવામાં આવી હતી. અમે એમને જોવા ઉપર જઇએ તો તરત નીચે જવાનું કહેવામાં આવતું. તેઓ ગુજરી ગયા તે વખતે અમને બધાં છોકરાંઓને બાજુના એક મકાનમાં પૂરવામાં આવ્યા હતા જ્યાંથી અમે જોઈ શકીએ. દાદાની ઠાઠડી ઊંચકીને લઈ ગયા પછી અમને છોડ્યા હતા. દાદાના ગુજરી ગયા પછી અમુક દિવસ સુધી રોજ સવારે ફળિયામાં રોવાકૂટવાનું રાખવામાં આવતું. એ માટે સગાં સંબંધીની સ્ત્રીઓને કહેણ મોકલાતું. નજીકની શેરીમાં રહેતા બે હીજડાઓ મરશિયા ગવડાવતા. કેટલીક સ્ત્રીઓ છાતી કૂટવામાં માત્ર બે હાથનો અભિનય કરતી. દાદીમાં અમથીબા તથા ચારે વહુઓ જોરથી કૂટતી અને છાતી લાલઘૂમ કરતી. અમે છોકરાઓ એ વર્તુળની બહાર ઊભા રહીને નિહાળતા. રેવાબા જ્યારે બહુ કૂટતાં અને લાલઘૂમ છાતીમાં લોહીની ટશરો ફૂટતી ત્યારે એ દૃશ્ય જોઇને અમે છોકરાંઓ રડતાં. ત્યારે અમથીબા પણ રેવાબાને અટકાવતાં. એક દિવસ તો તડકામાં છાતી કૂટતાં રેવાબા બેભાન પણ થઈ ગયાં હતાં. પારકે ઘેર કૂટવા જવાનું હોય તો પણ રેવાબા પોતાનું ઘર હોય તેમ સમજી જોરથી છાતી કૂટતા.

અમૃતલાલદાદાના અવસાન પછી એકાદ વર્ષે મારા પિતાશ્રી અને એમના ભાઇઓએ મિલકતની વહેંચણી કરી એ દિવસો મારી નજર સમક્ષ અત્યારે પણ તાદૃશ છે. પિતાશ્રીના પિતાશ્રી અમૃતલાલ શેઠને ધંધામાં ભારે ખોટ આવી હતી. એક જમાનાના આખા પાદરા તાલુકાના પ્રથમ નંબરના સૌથી મોટા સંપત્તિવાન ગણાતા અમૃતલાલ શેઠ પોતાના રૂ–કપાસના વેપારમાં આગમાં ૯૦૦ જેટલી ગાંસડી બળી જતાં થયેલા નુકસાનને કારણે રાતોરાત દેવાદાર થઈ ગયા હતા. પછીના દિવસો એમના વળતા પાણીના શાન્ત દિવસો હતા. ઘરની બહાર જવાનું એમને ગમે નહિ. ઘરનું ઘર વેચાઈ ગયું હતું, પરંતુ એમાં પોતે પતિપત્ની જીવે ત્યાં સુધી રહેવાની અદાલતે છૂટ આપી હતી.

૧૯૩૩માં એમનું અવસાન થયું તે પછી પિતાશ્રી અને એમના બીજા ત્રણે ભાઇઓ–એમ ચાર જણ વચ્ચે વહેંચવાનું હોય તો તે માત્ર ઘરવખરી જ હતી. પિતાશ્રીના માતુશ્રી અમથી બા અમારી સાથે રહે એમ નક્કી થયું હતું. મિલકતમાં રોકડ તો કંઈ હતી નહિ. અમૃતલાલ શેઠે–બાપાએ ચારે દીકરાઓને લખાણ કરી કાયદેસર ફારગતી આપી દીધી હતી કે જેથી પોતાના દેવા માટે દીકરાઓને કોઈ સતાવે નહિ.

વહેંચણીમાં માત્ર ઘર વખરી હતી, પરંતુ મોટું ઘર એટલે ઘરવખરી ઘણી હતી. એમાં તપેલાં તપેલી, થાળી વાટકા વગેરે તાંબા પિત્તળનાં વાસણો, ગાદલાં, ઓશીકાં, ચાદરો, ખાટલા, ડામચિયા, ઘંટી, બંબા, સગડીઓ, અથાણાની કાચની બરણીઓ, ગોળ અને ચોરસ ફાનસો, ચીમનીઓ, હીંચકા, પાટ, લાકડાની ખુરશીઓ, માટીના માટલાં, ઘડા ઇત્યાદિ. ઘર હોય એટલે સેંકડો વસ્તુઓ હોય. સૂચના પ્રમાણે રોજ થોડી થોડી સરખી સરખી વસ્તુઓ ઘરમાંથી બહાર ફળિયામાં અમે છોકરાંઓ લાવીને મૂકીએ. વડીલો એના ભાગ પાડે. અને દરેક પોતાનો ભાગ પોતાને ઘરે લઈ જાય. એ વખતે પિતાશ્રી પોતાની પ્રકૃતિ અનુસાર કશું માગે નહિ કે કશા માટે આગ્રહ રાખે નહિ. જે આવે તે સ્વીકારી લે. એ વખતે ઘરે ગયા પછી રેવાબા પિતાશ્રીને ઢીલા સાદે કહે, 'તમે કેમ કંઈ બોલતા નથી ? બધી સારી સારી વસ્તુઓ બીજા ભાઇઓ લઈ જાય છે અને તૂટેલી નકામી વસ્તુઓ આપણા ભાગમાં આવે છે.'

પિતાજી કહેતા, 'આપણે મોટું મન રાખવું. સારી સારી વસ્તુઓ લઇ જઇને જો તેઓ રાજી થતા હોય તો ભલે થાય. કોઈ ચીજવસ્તુ માટે ઝઘડા થાય એવું મને ગમતું નથી. આપણને અન્યાય થાય છે એ હું સમજું છું પણ મને જે મળે એમાં સંતોષ છે.

આજે આટલે વર્ષે પણ એ દૃશ્યો મારી નજર સમક્ષ તરવરે છે. પિતાજી કશું બોલે નહિ, જે ભાગમાં આવે તે શાંતિથી લઈ લે. અને પછી એકાંત મળતાં બા–બાપુજીની સમાધાનભરી વાતો સાંભળવા મળે.

અમે નાના હતા ત્યારે ઇરાનીઓની બહુ બીક રહેતી. અમે જુદા રહેવા લાગ્યા ત્યારે એક વખત પાદરામાં ઇરાનીઓ આવી ચડ્યા. ગામને પાદર તંબૂ તાણીને રહે અને પોતપોતાના ટોપલા સાથે બજારમાં છરી, ચપ્પુ, કાતર વગેરે ઓજારો વેચવા બેસતા. હોંશિયાર જબરા માણસો બરાબર ભાવતાલ કરીને વસ્તુ ખરીદતા, પણ નબળા માણસોને ખરીદવા બોલાવી, લોભાવીને છેતરી લેતા. એકંદરે તેમની છાપ ખરાબ હતી. ઇરાનીઓ ગોરા અને તેમાં પુરુષો પાટલૂન અને સ્ત્રીઓ ફ્રોક પહેરતી. અને બે ચોટલા વાળી આગળ બે નાની લટ લટકતી રાખતી. પુરુષો કરતાં સ્ત્રી બહુ જબરી હોય. ગામમાં ઇરાનીઓ આવે તો તેમને અટકાવી શકાય નહિ, પણ કોઈ ખાસ ખરીદી ન કરે તો તેઓ બેત્રણ દિવસમાં જ બીજે ગામ ચાલ્યા જાય. ગામ બહાર કોઈ એકલદોકલ મળે તો લૂંટી લેતા.

એક વખત ગામમાં અફવા ઊડી કે એક ઇરાની નાના છોકરાને કોથળામાં નાખીને ઉપાડી ગયો. ત્યારથી આખું ગામ સાવધ બની ગયું. એ વખતે હું પાદરામાં ટાવરવાળી સ્કૂલમાં ભણતો. આખી બાંયનું ખમીસ, અડધું પાટલૂન અને માથે સફેદ ટોપી પહેરીને ઉઘાડા પગે ખભા પાછળ દફતરની થેલી

રાખી આગળ એના નાકામાં હાથ ભરાવી બધા વિદ્યાર્થીઓ ભણવા આવતા. રોજ સવારે નાહીને પહેરેલાં કપડાં હોય તે બીજે દિવસે સવારે ઊતરતાં. શાળામાં ભણવા તળાવના કિનારે થઇને, ટૂંકા નિર્જન રસ્તે અમે જતા. ઇરાનીઓની વાત આવી એટલે બાએ કડક સૂચના આપી દીધી કે તળાવ બાજુથી નહિ પણ ગામમાં થઇને ઝંડા બજારના રસ્તે ઘરે આવવું. કોઈ ઇરાની દેખાય તો દોડી જવું. બાની આ સૂચના દિવસો સુધી અમે પાળી હતી.

શાળામાં ભણતા થયા પછી બા દર વર્ષે ઉનાળાની રજામાં અમને છોકરાંઓને લઇને પોતાના પિયરમાં ઓડ ગામે જતી. ત્યાં એમની બે બહેનો રહેતી. વળી ત્યાંથી નજીકના ગામ કણભાઈપરામાં એમના માતાપિતા–ઇચ્છાબા અને ચુનીલાલ બાપા રહેતા. એ દિવસોમાં પગે ચાલીને જ પાદરા સ્ટેશને જવાનો રિવાજ હતો. સામાનમાં લોઢાનો ટ્રંક વજનદાર હોય એટલે બા માથે મૂકીને ચાલતી. એમાં કોઈ લજ્જા ગણાતી નહિ. અમે પાદરાથી વિશ્વામિત્રી જઈ ત્યાંથી મોટી ગાડીમાં બેસી આણંદ ઊતરતાં અને ત્યાંથી ગાડી બદલી ગોધરાવાળી ગાડીમાં બેસી ઓડ ઊતરતાં અથવા સીધા કણભાઈપરા જવાનું હોય તો ભાલેજ સ્ટેશને ઊતરતાં. ભાલેજથી ચાલતાં જ અમારે મોસાળના ઘરે જવાનું રહેતું. તે માટે અગાઉથી જણાવવાનો રિવાજ નહોતો. રેલવેમાં પણ ડબ્બા અડધા ખાલી હોય. જ્યાં સારા માણસો હોય અને બારી પાસેની બેઠક મળે એ ડબ્બો પસંદ કરાતો કે જેથી મહી નદીનાં દર્શન થાય. બા મહીસાગરમાં પૈસો નાખવાનું અમને અચૂક કહેતાં. ટ્રેનમાંથી નીચે નદીના પટમાં ચાલતા માણસો કેટલા નાના લાગે તે બા અમને બતાવતાં. એ દૃશ્ય હજુ પણ યાદ છે. મોસાળમાં જઇએ ત્યારે ખેતરોમાં જઇને આંબલી, રાયણાં, જાંબુ, જામફળ, કાચી કેરી વગેરે પથ્થરથી પાડીને અમે ખાતાં. ઘર માટે તુવેરની સીંગો તોડી લાવતા. કોઈ વાર મહીના કોતરોમાં થઇને નદીએ નાહવા જતાં. ત્યાં નદીના પટમાં વાવેલાં વેલા પરથી ઉતારેલાં ચીભડાં ખરીદીને ખાતા.

બાની સમયસૂચકતાનો એક પ્રસંગ યાદ આવે છે. એક વખત બા સાથે અમે પાદરાથી ઓડ જતાં હતાં. એમાં અમુક અંતર બસમાં કાપવાનું હતું. અને પછી ટ્રેન પકડવાની હતી. રસ્તામાં એક ઠેકાણે બસ ઊભી રહી એટલે અમે ઊતર્યા. પણ ત્યાં કોઈ વસતિ નહોતી. પરંતુ બાની નજર ગઈ. ઘણે દૂર ઇરાનીઓનું ટોળું હતું. બાએ એ જોયું. એટલામાં કેટલાક ઇરાની સ્ત્રીપુરુષો માથે ટોપલા લઈ અમારી બાજુ આવવા લાગ્યા. અમને છોડીને બસ ચાલવા લાગી હતી ત્યાં તો બાએ જોરથી બસવાળાને બૂમ પાડી, 'બસવાળાભાઈ, બસ ઊભી રાખો, ઊભી રાખો. બસ તરત ઊભી રહી ગઈ. બાએ અમને કહ્યું, 'અલ્યા દોડો, બસમાં પાછા બેસી જઇએ.' અમે દોડતાંકને બસમાં બેસી ગયા. અમને પાછા બસમાં બેસતા જોઈ ઇરાનીઓ ત્યાં જ ઊભા રહી ગયા.

બસવાળો બોલ્યો, 'માજી ! મને થયું કે તમે કેમ અહીં ઊતરો છો ?'

'ઓછું ચાલવું પડે એટલે ઊતર્યા, પણ પછી ખબર પડી કે અહીં તો ઇરાનીઓ છે. સારું થયું તમે મારી હાંક સાંભળી અને ઊભી રાખી. નહિ તો આજે ઇરાનીઓએ મારી સોનાની બંગડીઓ પડાવી લીધી હોત.'

હું આઠેક વર્ષનો હતો ત્યારે પાદરામાં આસપાસના ફળિયાના છોકરાઓ 'કંટિયારા' તળાવ પાસે રમવા જતા. ઉનાળાની રજાના દિવસોમાં પાણી ઓછું થાય અને કિનારાની માટી સૂકવા લાગે ત્યારે એવી પોચી ચીકણી માટી કાઢી અમે એનાં રમકડાં બનાવી તડકામાં સૂકાવા મૂકતાં. સૂકાયેલાં રમકડાં ઘરે લાવતા. કોઈ વાર માટીમાંથી કાણાંવાળો પોલો પાવો બનાવતા અને એ સૂકાય ત્યારે વગાડતા. કોઇવાર માટીની પેન બનાવી, ઘરે લાવી ચૂલામાં શેકતા અને લાલ થયેલી પેનથી પાટીમાં લખતા. આવાં રમકડાં બનાવતાં એક વખત કેટલાક છોકરાઓને આંગળીએ ગુમડાં થવા લાગ્યાં. મને પણ થયાં. એ પાકે એટલે એમાંથી રસી નીકળતી. એ ચેપી રસીથી આજુબાજુની આંગળીઓને ચેપ લાગતો, પણ મટી જતું. એક વખત મને એ રીતે દસે આંગળીએ ચેપ લાગ્યો. હવે હાથથી ખવાય નહિ. બા ખવડાવે અથવા ચમચાથી ખાઉં. આ વખતે જલદી મટ્યું નહિ એટલે બા ચિંતાતુર થઈ. એવામાં પાસેના પડોશી જેઠાલાલના ઘરે એમના કોઈ સગા આવ્યા હતા. તેઓ વૈદું કરતા. બાએ એમને મારી આંગળીઓ બતાવી. વૈદે કહ્યું ચેપ ઘણો વધી ગયો છે એટલે હવે બરાબર ઉપચાર નહિ કરો તો આંગળીઓ કપાવવી પડશે. હવે ચાલુ મલમપટ્ટીથી નહિ મટે. એ વખતે એમણે ઉપચાર બતાવ્યો. લોઢાના ચેલિયામાં ગંધક, પારો અને કણજીનું તેલ ભેળવીને બરાબર લસોટવું. એવી રીતે જે મલમ થાય તે બધી આંગળીએ લગાડી પાટો બાંધી લેવો. વૈદે બતાવેલા આ ઉપચારથી થોડા દિવસમાં આંગળીઓમાં રૂઝ આવી ગઈ. અને એમ કરતાં સદંતર મટી ગયું. આટલે વર્ષે પણ એ ઘટના અને ઉપચાર મને યાદ છે.

બાને રોજ સવારે નાહીને દેરાસર દર્શન–પૂજાનો નિયમ હતો. શ્રીમંત હતા ત્યારે વસાવેલી ચાંદીની ડબ્બીમાં ચોખા વગેરે ભરીને લઈ જાય. પાછા ફરતાં તેઓ રોજ પાસેની શેરી નવઘરમાં આવેલા માણિભદ્રના સ્થાનકમાં જઈ દીવો કરી પગે લાગતાં. તેમને માણિભદ્ર દેવમાં ઘણી શ્રદ્ધા હતી. હું શાળામાં ભણતો થયો ત્યારે એમણે મને રોજ માણિભદ્રના સ્થાનકે જઈ દીવો કરવાની ટેવ પાડી હતી. (નવઘરીમાં આ જૂનું સ્થાનક હવે રહ્યું નથી. દેરાસરમાં નવું સ્થાનક થયું છે.)

પિતાશ્રી માટે પાદરામાં ગુજરાન ચલાવવાનું પછી વધુ કઠિન બન્યું હતું. તેઓ નામું લખવામાં બહુ હોંશિયાર હતા અને એમના અક્ષર પણ મરોડદાર હતા. એવામાં વડોદરામાં 'આર્યનૈતિક નાટક સમાજ' નામની નાટક કંપનીમાં એક મિત્રની ભલામણથી નામું લખવાની નોકરી મળી ગઈ. એક મહિના પછી તે નાટક કંપની મુંબઈ ગઈ એટલે પિતાજીને મુંબઈ જવું પડ્યું. નાટક કંપની ત્યાં બે વર્ષ રોકાવાની હતી એટલે પિતાજી મુંબઇમાં વ્યવસ્થા કરી અમને તેડવા આવ્યા. અમારું કુટુંબ ૧૯૩૭માં મુંબઇમાં આવીને વસ્યું. ખેતવાડી વિસ્તારમાં એક ચાલીમાં એક રૂમ પિતાશ્રીએ ભાડે રાખી હતી.

મુંબઇમાં આવતાં બાપુજીએ અમને એક ખાસ સૂચના આપી. અમારા પ્રદેશમાં માને નામથી બોલાવવાનો રિવાજ હતો. એટલે અમે બધાં 'રેવા' કહેતાં. મુંબઇમાં બાપુજીએ કહ્યું કે હવે 'રેવા' નહિ કહેવાનું, 'બા' કહેવાનું. રસ્તામાં તમે રેવા કહીને વાત કરતાં હો ફાલતુ માણસો પણ નામ જાણી જાય. પછી તેઓ નામની બૂમ પાડી સંતાઈ જાય. અહીં મવાલીઓ પણ ઘણા હોય છે. એટલે અમે બધાંએ 'બા' કહેવાનું ચાલુ કર્યું.

મુંબઈ આવીને બા બહુ રાજી થયાં. તેમણે કહ્યું, પાદરા કરતાં અહીં ઓછી મહેનત. પાદરામાં તો બપોરે તડકામાં તળાવે કપડાં ધોવા જતી. અહીં મુંબઇમાં તો ઘરમાં નળમાં પાણી આવે એટલે વાર ન લાગે. નાની હતી અને ઓડમાં ઊંડા કૂવામાંથી પાણી ખેંચતાં દમ નીકળી જતો. કૂવેથી પાણી ભરી લાવવાનું કામ ઓડ અને પાદરામાં બહુ વર્ષો કર્યું છે, એટલે મુંબઇમાં ઘરમાં નળ એ તો અમારે મન સાહ્યબી કહેવાય. વળી પાદરામાં લાકડાં મૂકી, ફૂંક મારી ચૂલો સળગાવવો પડતો. અહીં સગડી અને પ્રાયમસ સળગાવવામાં કેટલી રાહત છે ! (પછીથી ઘરમાં ગેસ આવ્યો ત્યારે તો બા બહુ રાજી થઈ હતી.)

એ દિવસોમાં ઘાટી મહિને એક રૂપિયામાં વાસણ માંજતો અને એક રૂપિયામાં કપડાં ધોતો. પણ એટલા પૈસા બચાવવા બા હાથે વાસણ માંજતા અને કપડાં ધોતા. બામાં ખડતલપણું હતું એટલે સવારથી રાત સુધી દસ માણસની રસોઈ કરવી, બધાંને જમાડવા, વાસણ માંજવા, કપડાં ધોવાં વગેરેમાં જરા પણ થાક લાગતો નહિ. આટલાં કામ વચ્ચે પણ દેવદર્શન, સામાયિક વગેરે ચૂકતાં નહિ.

બા હાથે કામ કરતાં છતાં આખા મકાનમાં બા માટે સૌને માન હતું. મકાનની સર્વ સ્ત્રીઓ બાને 'માસીબા' કહીને બોલાવતી. નાનાં

છોકરાંઓમાં પણ બા બહુ પ્રિય હતાં. બાનો કાયમ નિયમ હતો કે દર શુક્રવારે મકાનના બધાં છોકરાંને વાટકી ભરીને ચણા આપવા. એ મકાન અમે છોડ્યું ત્યાં સુધી આ નિયમ ચાલુ રહ્યો હતો. બાની એવી પ્રતિષ્ઠા હતી કે પડોશી-પડોશી વચ્ચે ઝઘડો થાય ત્યારે લવાદ તરીકે બાની નિમણૂંક થતી. તેઓ પોતાની કોઠાસૂઝથી એવો ઉકેલ બતાવતાં જે બંને પક્ષને રાજીખુશીથી માન્ય હોય.

બે વર્ષ કામ કરી 'આર્ય નૈતિક' નાટક કંપનીએ અમદાવાદ જવાનું નક્કી કર્યું. બાપુજીને હવે બધાંને લઈને અમદાવાદ જવાનું ફાવ્યું નહિ. એટલે એ નોકરી છોડી દીધી. પણ બીજી નોકરી મળતાં વખત લાગ્યો. એમ દિવસો પસાર થયા અને ઘરમાં તકલીફ વધવા લાગી. દસ સભ્યોના કુટુંબનો નિભાવ કરવાનું બહુ કપરું બની ગયું હતું.

બાનાં ધૈર્યનો જ્યારે વિચાર કરું છું ત્યારે એક પ્રસંગ તરત નજર સામે તરવરે છે. ત્યારે મારી ઉંમર તેર વર્ષની હશે. એ કપરા દિવસોમાં સૌથી મોટા ભાઈ કાપડની મારકેટમાં મહિને દસ રૂપિયાના પગારની નોકરી કરે. બીજા નંબરના ભાઈ અમદાવાદ નોકરી કરવા ગયેલા. પિતાજી સ્વદેશી મારકેટમાં મહિને ચાલીસ રૂપિયાના પગારે નોકરી કરે. અમે ચાર ભાઈબહેન સ્કૂલમાં ભણીએ. બીજાં બે નાનાં હતાં.

આટલી આવકમાંથી ઘરનું ગુજરાન થતું નહોતું. થોડું દેવું પણ થઈ ગયેલું. એવામાં પિતાજીની નોકરી છૂટી ગઈ. તેઓ નિરાશ થઈ ગયા. પછી રોજ બજારમાં નોકરી માટે આંટો મારીને આવે પણ કોઈ નોકરી મળે નહિ. એમ કરતાં બે મહિના થઈ ગયા.

એક દિવસ બપોરે બાપુજી બજારમાંથી આવી નિરાશ થઈ આરામખુરશીમાં બેઠા હતા ત્યારે હું ઘરમાં એક બાજુ બેસી લેશન કરતો હતો. બાપુજીને જોઈ બાએ પૂછ્યું, 'કેમ આમ સૂનમૂન બેઠા છો ?' બાપુજીએ કહ્યું, 'કોઈ નોકરી મળતી નથી એટલે ચિંતા થાય છે કે ઘરનું પૂરું કેવી રીતે કરીશું ? માથે દેવું પણ થયું છે.' બાએ કહ્યું, 'ભગવાન કસોટી કરે છે, પણ બધું સારું થઈ જશે.' દરમિયાન બાના મનમાં પણ કંઈક મનોમંથન ચાલ્યું હશે. પછી એમણે પોતાનો ટ્રંક ખોલી (ત્યારે ઘરમાં કબાટ નહોતાં) એક ડબ્બી કાઢી અને એમાંથી સોનાની બે બંગડી કાઢી બાપુજીના હાથમાં મૂકતાં બોલ્યાં, 'આ હવે વેચી આવો !' બંગડી સામે બાપુજી જોઈ રહ્યા અને પછી થોડીવારે બોલ્યા, 'આ કેમ વેચાય ? આ તો તારા પિયરની છે. પછી કોઈ લગન પ્રસંગે શું પહેરીશ ?' બાએ કહ્યું, 'પિયરની ભલે હોય, હવે વેચી દેવી જોઇએ. લગન પ્રસંગે, હું કચકડાની બંગડી પહેરીશ. મને શરમ નહિ લાગે.' બાએ ધૈર્યથી બાપુજીને કહ્યું, પણ બાપુજી અસ્વસ્થ થઈ ગયા. એમની આંખમાંથી દડદડ આંસું પડ્યાં.

બાએ ફરીથી કહ્યું, 'તમે મન મક્કમ કરીને વેચી આવો, હું કહું છું ને ! અત્યારે જ ઊપડો, પછી પાછો તમારો વિચાર બદલાશે.'

બાપુજી બજારમાં જઇને આવ્યા. બાના હાથમાં પૈસા મૂકતાં કહ્યું, 'વેચી નથી, પણ ચાર મહિના માટે ગિરો મૂકી છે.'

'જે કર્યું તે ભલે કર્યું, આપણે હવે પહોંચી વળીશું.'

ત્યાર પછી બાએ દેરાસરે જતાં થોડીક બહેનોને કહ્યું કે 'ઘરે કંઈ કામ કરવાનું મળે તો અપાવજો.' એવામાં ત્રણેક મહિના પછી દિવાળી આવતી હતી. બાને ઓળખાણથી કેલેન્ડરો બનાવવાનું કામ મળી ગયું. પ્રેસવાળાને ત્યાંથી કેલેન્ડરના પૂઠાં અને ચિત્રો વગેરે લઈ આવીએ. ઘરે એના ઉપર કંપનીના નામનો કાગળ, લક્ષ્મીજી, સરસ્વતી, શ્રીગણેશ, શિવજી વગેરેનાં ચિત્રો ઓર્ડર પ્રમાણે લાહીથી ચોંટાડીએ અને તિથિ તારીખનો ડટ્ટો કાણાંમાં ભરાવી ટાઈટ કરી નાખીએ. ઉપર કાણાંમાં લાલ દોરી ભરાવી ગાંઠ મારીએ. દિવાળી સુધી આ કામ ચાલ્યું. ઘરનાં બધાં કામ કરવા બેસી જાય. રોજનાં સો-દોઢસો કેલેન્ડર તૈયાર થાય. કેલેન્ડર પતે પછી કાગળની કોથળીઓ બનાવવાનું કામ બા મેળવી લાવે અને એમાં પણ અમે તે કરવામાં લાગી જતાં. રાતના ઉજાગરા પણ કરતા, પણ એમ કરતાં આવક થતી ગઈ.

બાની ઈચ્છા એવી હતી કે કષ્ટ પડે તો પણ પોતાનાં સંતાનોને ભણાવવાં. હું મેટ્રિકમાં હતો ત્યારે વાંચવા માટે જાગતો તો બા મારી પાસે જાગતાં બેસી રહેતાં કે જેથી મને આળસ ન આવે. મેટ્રિક પછી અમે બે ભાઈઓ શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં રહેવા ગયા તો બા બે-ત્રણ દિવસે કશુંક ખાવાનું બનાવીને લાવતાં અને કહેતાં કે દોસ્તારોને પણ ખવડાવજો. બી.એ. પછી એમ.એ.ના અભ્યાસ માટે પાટણ જૈન મંડળની હોસ્ટેલમાં રહેવા ગયો તો બા રોજ મારે માટે ટિફિન લઈને આવે કે જેથી મારે ઘરે જવા આવવામાં સમય ન બગડે. એમ.એ.માં હું પહેલો આવ્યો અને સુવર્ણચંદ્રક મળ્યો ત્યારે બાને કહેતો કે 'આ ચંદ્રક તમારે લીધે મળ્યો છે.' સંતાનોને ભણાવવાની બાની હોંશ એટલી બધી કે પાંચ સંતાનો ડબલ ગ્રેજ્યુએટ થયાં અને તે પણ આવા કપરા સંજોગોમાં.

આમ છતાં બા અમારા કોઈ ભાઈબહેનની કોલેજ જોવા આવ્યાં નથી. મારી ઝેવિયર્સ કોલેજનું નામ પણ બાને ન આવડે. કહે કે મારે નામ શીખીને શું કામ છે ? કોઈ પૂછે તો કહે કે ધોબીતલાવ પર આવેલી કોલેજમાં ભણે છે.

૧૯૪૪ના ગાળામાં અમારી આર્થિક સ્થિતિ સુધરવા લાગી, માથે કોઈ દેવું રહ્યું નહિ. પિતાજીની નોકરી ઉપરાંત મોટા બે ભાઇઓ નોકરીએ લાગી ગયા. એમ ઘરમાં ત્રણ જણનો પગાર આવવા લાગ્યો. વળી મેટ્રિક પછી અમે બે ભાઇઓ ભણવા સાથે ટ્યૂશન કરવા લાગ્યા અને ગ્રેજ્યુએટ થયા પછી નોકરીએ ચડ્યા. એમ કરતાં પાંચ જણનો પગાર આવવા લાગ્યો એટલે રેવાબાને કોઈ ચિંતા રહી નહિ. ઘરમાં સગવડ માટે કેટલાક ફેરફાર કરાવ્યા. પછી તો આર્થિક સ્થિતિ ઉત્તરોત્તર સુધરતી ગઈ.

૧૯૪૮ પછી એક પછી એક ભાઇનાં લગ્ન થયાં અને તેઓ નાની રૂમ છોડીને સ્વતંત્ર રહેવા લાગ્યા. એમ કરવાની બા-બાપુજીએ સંમતિ આપી. બાને હવે ઘણી જ રાહત લાગી અને સંતાનોની ચડતી જોઇને બહુ આનંદ થયો. આમ છતાં ખેતવાડીની ચાલીનું ઘર એ અમારું કેન્દ્રસ્થાન રહ્યું.

બાને તપશ્ચર્યામાં સારી શ્રદ્ધા હતી. એકાસણું, આયંબિલ, ઉપવાસ એમનાં ચાલતાં હોય. આયંબિલની ઓળી તેઓ કરતાં. પર્યુષણના દિવસોમાં એમણે એક વખત અઠ્ઠાઈ કરેલી. પર્યુષણના આઠ દિવસમાંથી પહેલા ચાર અને છેલ્લા ત્રણ એમ સાત ઉપવાસ ઘણીવાર કર્યા હતા. એક વખત બાને ઉપધાન કરવાની ભાવના થઈ હતી. લાલબાગ (માધવબાગ) ઉપાશ્રયે નામ પણ તેઓ નોંધાવી આવ્યાં હતાં. એ માટે જરૂરી ઉપકરણો પણ લઈ આવ્યાં હતાં. ત્યાં બે દિવસ અગાઉ કોઈક બહેન ઘરે મળવા આવ્યાં. વાત નીકળતાં તેમણે કહ્યું, 'રેવાબહેન, તમારાથી ઉપધાન ન થાય. તમને ક્યાં બધી વિધિ આવડે છે !' આથી બા નાસીપાસ થયાં અને ઉપધાનમાં જોડાયાં નહિ. થોડા દિવસ પછી દેરાસરમાં કોઈક અનુભવી બહેન મળ્યાં. બાએ ઉપધાનમાં ન જોડાવાનું કારણ કહ્યું. એમણે કહ્યું, 'બધી વિધિ બધાંને ન આવડે, પણ એટલે ઉપધાન ન છોડાય. ન આવડે તો સાધુ મહારાજ બધી વિધિ કરાવે, તમે ભૂલ કરી.' આ સાંભળી બા બહુ નિરાશ થયાં. ઉપધાનની એક વખત તક ચૂક્યાં, તે પછીથી ફરીથી ક્યારેય ઉપધાન કરવાની અનુકૂળતા મળી નહિ. પણ દીકરી ઇંદિરાને ઉપધાન કરાવીને આનંદ અનુભવ્યો.

આઠ છોકરાં ઉછેરનાર બાની પાસે બાળકના મનને જીતવાની વાત્સલ્યભરી કળા હતી. એ દિવસોમાં ટેલિફોન કોઇકને ત્યાં જ હતા. એટલે અમે અમારાં બંને નાનાં સંતાનોને-શૈલજા તથા અમિતાભને લઇને અઠવાડિયામાં એકબે વાર બાને મળવા જતાં. બંને સંતાનોને શિખંડ બિલકુલ ભાવતો નહિ. બાને થયું કે નાનાં છોકરાંઓને શિખંડ બહુ જ ભાવે. ન ભાવે તે બરાબર ન કહેવાય. એક વાર અમે બાને ઘરે ગયાં તો બાએ શિખંડ બનાવ્યો હતો. બાએ પૂછ્યું તો બંનેએ શિખંડની ના પાડી. બાએ કહ્યું, 'આજે તમારા પપ્પાની વરસગાંઠ છે અને તમે શિખંડ ન ખાવ તે મને ગમતું નથી.' પછી બાએ વહાલથી કહ્યું, 'એક એક નાની ચમચી જેટલો આપું છું. જરાક જીભે અડાડી લેજો.' પછી બાએ બંનેને સાવ નાની ચમચી

જેટલો શિખંડ આપ્યો. બંનેને ભાવ્યો. એટલે બાએ એક બીજી ચમચી ભરીને આપ્યો અને પાસે બંને માટે વાડકી ભરીને મૂકી. બંને બધો શિખંડ ખાઈ ગયાં અને વધુ શિખંડ માગ્યો અને ધરાઇને ખાધો. ત્યારથી બંને બાળકોએ 'શિખંડવાળાં બા' એવું બાનું નામ પાડ્યું અને એમને માટે એ કાયમનું થઈ ગયું. પછી જ્યારે બાને ઘરે જવાનું હોય ત્યારે શિખંડ બનાવવાનું તેઓ અચૂક કહેવડાવતાં.

એક દિવસ સાંજે અમે ઘરમાં બેઠાં હતાં. બાપુજી ઑફિસેથી હજુ આવ્યા નહોતા. તે વખતે બા પલંગ પર બેઠાં હતાં ત્યાં અચાનક કંઈ અસંબદ્ધ બોલવા લાગ્યાં. અવાજ મોટો થઈ ગયો. આંખો પહોળી થઈ ગઈ. અમે વિચારમાં પડી ગયાં. થયું કે બાને માથે ગરમી ચડી ગઈ છે. શું કરવું તે સૂઝતું નહોતું. ડૉક્ટરને બોલાવવાનો વિચાર કરીએ છીએ ત્યાં મારા નાના ભાઈ પ્રમોદભાઇએ પાણી ભરેલો ઘડો લાવી બાને માથે ઢોળી દીધો. બાના કપડાં પલળ્યાં અને પથારી પણ પલળી. 'આવું કરાય ?' એવો અમે પ્રમોદભાઇને ઠપકો આપવા લાગ્યા, ત્યાં તો બા ધીમે ધીમે સ્વસ્થ થઈ ગયાં અને અમને ઠપકો આપવા લાગ્યાં કે 'એને વઢો નહિ. એણે મારે માથે પાણી રેડ્યું એટલે મને ટાઢક થઈ ગઈ. હવે સારું લાગે છે. મને માથે ગરમી ચઢી ગઈ હતી.'

અમને થયું કે સંભવ છે કે બાનું બ્લડપ્રેશર વધી ગયું હશે; પરંતુ એ દિવસોમાં તરત બ્લડપ્રેશર મપાવવાનો વિચાર આવતો નહિ. વળી બાને એવું પછી કેટલાંક વર્ષ સુધી થયું નહોતું. એટલે ત્યારે એ ચિંતાનો વિષય નહોતો.

અમારું કુટુંબ સાધારણ સ્થિતિનું હતું. એટલે બા-બાપુજીને ચિંતાનો સૌથી મોટો વિષય તે દીકરાઓની સગાઈનો હતો. જ્ઞાતિમાંથી કન્યા મળે નહિ અને જ્ઞાતિ બહારની મળે પણ તે લેવાય નહિ. એ દિવસોમાં ૧૮-૨૦ વર્ષની ઉંમરે લગ્ન થતાં. અમારા સગાંઓમાં બધાનાં દીકરા-દીકરીનાં લગ્ન થઈ ગયાં, પણ સૌથી મોટા ભાઈ ૨૨-૨૩ વર્ષના થયા, પણ હજુ સગાઈની કોઈ વાત આવતી નહિ. આથી બાને વધારે ચિંતા થતી. અડધી રાતે પણ પથારીમાં બેઠાં વિચાર કરતાં હોય. છેવટે ૨૬ વર્ષની વયે સૌથી મોટા ભાઈનાં લગ્ન થયાં. એક વખત લાઈન ચાલુ થઈ એટલે પછી ચાલવા લાગી. અમારા ત્રણ ભાઈનાં સગાઈ-લગ્ન થઈ ગયાં.

મારાં લગ્ન વખતે પરિસ્થિતિ ઊલટી થઈ. મેં એમ.એ. સુધીનો અભ્યાસ કર્યો અને મુંબઈની ઝેવિયર્સ કોલેજમાં અધ્યાપક તરીકે કામ કરવા લાગ્યો. હવે જ્ઞાતિમાંથી વારંવાર કન્યાની વાત આવતી પણ બાને તે યોગ્ય લાગતી નહિ. છેવટે મારાં લગ્ન જ્ઞાતિ બહાર કરવાનો નિર્ણય થયો. એમ થાય તો અમને જ્ઞાતિબહાર મૂકવામાં આવે, પણ હવે જ્ઞાતિનાં બંધનો શિથિલ થયાં હતાં. એટલે મારાં લગ્ન માટે અન્ય જૈન જ્ઞાતિનાં અને કોલેજમાં સહાધ્યાયિની, મુંબઈની સોફાયા કોલેજનાં અધ્યાપિકા તારાબહેનની એમના પિતા તરફથી દરખાસ્ત આવી ત્યારે બાએ અને કુટુંબના સર્વેએ એ સહર્ષ સ્વીકારી લીધી. બાનો ઉલ્લાસ એટલો બધો હતો કે અમારાં લગ્નના દિવસે તેઓ દાદર ઊતરતાં પડી ગયાં અને વાગ્યું તો પણ સમગ્ર વિધિ અને સત્કાર સમારંભ દરમિયાન કોઈને જણાવા દીધું નહોતું. વળી ત્યારે સોફાયા કોલેજનાં પ્રિન્સિપાલ મધર વોર્ડને પગે લાગવા અમે ગયાં તો તેઓ સાથે આવ્યાં હતાં. આ રીતે એમણે સોફાયા કોલેજ પણ જોઈ.

ત્યાર પછી કેટલાંક વર્ષ બાને સારું રહ્યું. તેઓ શત્રુંજય, શંખેશ્વર, મહુડી, માતર, ઝઘડિયા, કાવી વગેરે સ્થળે કેટલીક વાર જાત્રા કરી આવ્યાં. વળી તેઓ સ્પેશિયલ ટ્રેઇનમાં ૪૫ દિવસની શિખરજીની યાત્રા કરી આવ્યા, જેમાં દિલ્હી, આગ્રા તથા ઉત્તર, બિહાર, મધ્યપ્રદેશ અને આંધ્ર સહિત ઘણાં બધાં તીર્થોનો સમાવેશ થયો હતો.

ત્યાર પછી બાને ૬૮ વર્ષની ઉંમરે લકવાનો હુમલો આવ્યો. તરત હૉસ્પિટલમાં દાખલ કર્યા અને અઠવાડિયામાં સારા થઇને ઘરે આવ્યાં. ત્યાર પછી અમે બા–બાપુજીને વિમાનમાં ભાવનગર લઈ જઈ શત્રુંજયની જાત્રા કરાવી આવ્યા. વિમાનમાં બેસવાનો એમનો પહેલો અનુભવ હતો. એથી એમણે ખૂબ આનંદ અનુભવ્યો.

લકવામાંથી બા સાજા થયાં અને હરતાં ફરતાં થયાં. કેટલીક જાત્રાઓ પણ કરી આવ્યાં. પણ પછી આંખે મોતિયો આવ્યો, અને તપાસ કરાવતાં ડાયાબિટિસ પણ નીકળ્યો. એટલે મોતિયાનું ઓપરેશન કરવાની દાક્તરોએ ના પાડી. પરિણામે બાને આંખે ઝાંખપ વધતી ગઈ. સાવ નજીક માણસ આવે ત્યોર ઓળખાય. મોતિયાને લીધે પછી તો ઘરની બહાર જવા આવવાનું બંધ થયું. બહેન ઈન્દિરા રસોઈ ઉપરાંત બાની બધી ચાકરી કરતી.

ચાર ભાઈ અને એક બહેનનાં લગ્ન થતાં ખેતવાડીની ચાલીની રૂમમાં હવે બા–બાપુજી સાથે બે ભાઈ અને એક બહેન રહ્યાં. હવે ગુજરાનની ચિંતા નહોતી. બધા ભાઇઓને ત્યાંથી રકમ આવતી. હવે બાનો હાથ છૂટો રહ્યો. પિતાજી નોકરી છોડી નિવૃત્ત થયા.

બીજા બે ભાઇનાં લગ્ન થતાં બા–બાપુજી અને બહેન ઇન્દિરા વાલકેશ્વર મોટા ઘરમાં રહેવા આવ્યાં. ચાલીની રૂમ પછી છોડી દીધી. દરમિયાન પ્રમોદભાઇએ પણ જુદું ઘર લીધું, ઇન્દિરાબહેનનાં પણ લગ્ન થયાં અને ભરતભાઇએ પણ મોટું ઘર લીધું. જીવનના અંત સુધી બા બાપુજી ભરતભાઇને ત્યાં રહ્યા.

સિત્તેરની ઉંમરે દાંત ગયા પછી બાને આંખે મોતિયો પાકવા આવ્યો ત્યારે અમે કહ્યું 'બા તમે ઓપરેશન કરાવો તો બરાબર દેખાશે.' એ દિવસોમાં ઓપરેશન એ મોટી વાત હતી. મોતિયાના ઓપરેશનમાં ચારેક દિવસ હૉસ્પિટલમાં રહેવું પડતું. બાએ કહ્યું, 'મારે ઓપરેશન કરાવવું નથી. નહિ દેખાય તો મારે જોઇને પણ શું કામ છે ?' હું મારે શાંતિથી રહેવા માગું છું.' પછી તો બાને ડાયાબિટિશની તકલીફ ચાલુ થઈ એટલે ડૉક્ટરે જ ઓપરેશનની ના પાડી. પરિણામે બાને તદ્દન ઝાંખું દેખાતું. સાવ પાસે કોઈ આવે તો અણસાર આવે. અવાજથી જ બધાંને ઓળખે.

આંખના અંધાપા સાથે બાની શારીરિક અશક્તિ પણ વધી ગઈ. તેઓ આખો દિવસ પલંગમાં બેસતાં કે સૂતાં. પિતાશ્રી પણ આખો દિવસ બા પાસે બેસતા અને નવકારમંત્ર, સ્તવનાદિ સંભળાવતા. બા અમારા સૌથી નાના ભાઈ ભરતભાઇને ત્યાં રહેતાં. એમણે તથા એમનાં પત્ની જયાબહેને છેલ્લાં વર્ષોમાં બાને નવડાવવામાં, ખવડાવવામાં, શૌચાદિ ક્રિયા કરાવવામાં ઘણી સારી સેવાચાકરી કરી હતી.

એમ કરતાં પોષ સુદ ૭, વિ. સં. ૨૦૨૧ના દિવસે ઈ.સ. ૧૯૭૫માં ૭૫ વર્ષની વયે બાએ મધરાતે હૃદયરોગનો હુમલો થતાં શાન્તિથી દેહ છોડ્યો. એક ઉત્તમ આત્માએ જીવનલીલા સંકેલી લીધી. એ વખતે તત્ત્વના જાણકાર પિતાશ્રીએ સારી સ્વસ્થતા અને સમતા ધારણ કરી હતી. અને અમને પણ સ્વસ્થ રહેવા કહ્યું હતું.

બાનું જીવન એટલે સમ–વિષમ સંજોગોથી સભર ધર્મમય સમતામય જીવન. બાની કૂખે અમને જન્મ મળ્યો એ અમારા જીવનની ધન્યતા છે.

એમના પુણ્યાત્માને કોટિ કોટિ વંદન.

☐ રમણલાલ ચી. શાહ


સંઘનું નવું પ્રકાશન

**જૈન ધર્મના પુષ્પગુચ્છ**

**લેખક : ડૉ. બિપિનચંદ્ર હી. કાપડિયા**

**ડૉ. રમણલાલ ચી. શાહ**

**કિંમત–રૂા. ૧૦૦/-**

(નોંધ-સંઘના સભ્યોએ અડધી કિંમતે કાર્યાલયમાંથી મેળવી લેવું. મોકલવામાં આવશે નહિ.)

☐ નિરુબહેન એસ. શાહ
☐ ધનવંત ટી. શાહ
મંત્રીઓ

# ઉડિયા નવલકથા 'યંત્રારૂઢ'

□ ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)

ઇ. સ. ૧૯૨૯માં બોલાંગિરિ ખાતે જન્મેલા અને ૧૯૫૨માં અંગ્રેજી વિષય લઇને લખનૌ યુનિવર્સિટીના એમ.એ. થયેલા ઉડિયા ભાષાના નામાંકિત સર્જક શ્રી ચંદ્રશેખર રથે ઓરિસ્સા રાજ્યમાં શિક્ષણ ક્ષેત્રે રીડર, ઉપાચાર્ય, આચાર્ય, રાજ્ય પાઠ્યપુસ્તક સમિતિના મંત્રી તથા રાજ્ય શિક્ષણ ખાતાના નાયબ નિયામકપદે સફળ કામગીરી બજાવવાની સાથે સાથે પાંચ જેટલા નવલિકા સંગ્રહો, ત્રણ નિબંધ સંગ્રહો અને બે નવલકથાઓનું પોતાની માતૃભાષા ઉડિયામાં સર્જન કરીને ઇ. સ. ૧૯૮૧માં સરલા એવૉર્ડ, ૧૯૮૦ અને ૧૯૮૧માં ઓરિસ્સા સાહિત્ય અકાદમી એવોર્ડ અને બે વાર બિશુવા મિલન એવૉર્ડ તથા ઇ.સ. ૧૯૮૭માં કેન્દ્રિય સાહિત્ય અકાદમીનો એવૉર્ડ પ્રાપ્ત કરવાનું બહુમાન મેળવ્યું છે.

એમના સમગ્ર સાહિત્ય સર્જનમાં ઇ. સ. ૧૯૬૭માં પ્રગટ થયેલ 'યંત્રારૂઢ' નવલકથા સૌથી વધુ નોંધપાત્ર ને યશસ્વી છે. એકવીસ પ્રકરણોમાં ને ૧૪૮ પૃષ્ઠોમાં વિસ્તરિત આ નવલકથા એક નાના શા ગામના લક્ષ્મીનારાયણ મંદિરના વૈદિક ધર્મપ્રિય પૂજારી સનાતનદાસ નામના મુખ્ય પાત્ર ને તેના કુટુંબજીવનની આસપાસ કેન્દ્રિત થયેલી છે. એમાં એમની પત્ની, એમના બટ, ટકુઆ, જયી, બાયગ, રઘુનાથ ને હરિ નામનાં સંતાનો, એમના સહાધ્યાયી પ્રતિષ્ઠિત વિદ્વાન જ્યોતિષી પં. નિલકંઠ ત્રિપાઠી, રાજદ્વારી ક્ષેત્રનો અઢંગ ખેલાડી વૃંદ નાયક, હરિ ભગત, ધવલેશ્વર મંદિરના ગોંસાઇજી મહારાજ, સૂરજ માળી, વૈકુંઠ વૈદ્યરાજ, ક્રિયાકાંડી જદુ મિશ્ર, સનાતન દાસના સાળા સુદર્શન ને નંદ પાટમાલી, તત્ત્વજ્ઞાની પ્રો. ગંગાધર શતપથી, મથુરા વૃંદાવનના પુરોહિત પંડાઓ, કલકત્તાના દક્ષિણેશ્વરના સાધુમહાત્માઓ, કલકત્તાના પ્રો. વિમલ, જગન્નાથપુરી તથા કાશી વિશ્વનાથ મંદિરના અંતેવાસી સેવકો, ગંધિયા આદિ ચપરાસીઓ, સનાતનદાસનાં જ્ઞાતિજનો ને સ્વજનો તથા ગામના વેપારી આદિ એમાં ગૌણપાત્રો રહેલાં છે. પાટપુર, રામચંદ્રપુર, મદનપુર, રતનપુર ને તીર્થ પુરુષોત્તમ જેવાં નાનાં ગામો તથા જગન્નાથપુરી, કાશી, મથુરા, વૃંદાવન આદિ પવિત્રધામોમાં નવલકથાએ આકાર લીધો છે. મહદંશે ગ્રામવાતાવરણ ને ધાર્મિક તીર્થોના ધર્મપ્રધાન વાતાવરણમાં નવલકથાની ઘટના વિકાસ પામેલી છે.

ગુજરાતી સાહિત્યની શકવર્તી પુરાણસમી નવલકથા 'સરસ્વતીચંદ્ર'ની જેમ અહીં સર્જકે ધર્મકથા નિમિત્તે સંસ્કૃતિકથા આલેખી છે. 'સરસ્વતીચંદ્ર'માં જેમ ગુણસુંદરીનું કુટુંબજાળ છે તેમ અહીં સનાતનદાસની કુટુંબકથા ને તેની સમસ્યાઓનું નિરૂપણ છે. સરસ્વતીચંદ્રમાં જેમ સુંદરગિરિના સાધુઓ સરસ્વતીચંદ્રની સેવામાવજત કરે છે તેમ અહીં વૃંદાવનના સાધુઓ મૂર્છાવશ સનાતનદાસની માવજત ને સારવાર કરે છે. સરસ્વતીચંદ્રમાં જેમ બુદ્ધિધનનો કારભાર ને રત્નનગરીના રાજ્યતંત્રને પડછે રાજ્યતંત્રના જટિલ પ્રશ્નો વ્યાપક રીતે ચર્ચાયા ને છણાયા છે તેમ અહીં ઘણા નાના પાયે સમકાલીન રાજકીય પ્રશ્નો, યુદ્ધ અને સૈન્યભરતી, મોંઘવારી, કુટુંબનિયોજન, મોંઘુંદાટ શિક્ષણ અને તેનાં અનિષ્ટો, રેલવે તંત્રનાં અનિષ્ટો, ભીખ માંગનારાઓની બદી, ભવાઈ જેવી થઈ ગયેલી ચૂંટણી આદિનાં અનિષ્ટોની છણાવટ ઉપરાંત વ્રત ઉપવાસોનો અતિરેક, ભૂતપ્રેત જેવા વહેમો, તીર્થસ્થાનોએ પંડા પુરોહિતોની ખાયકી ને પજવણી, શ્રાદ્ધ પિંડદાનના ક્રિયાકાંડ, લગ્ન પછી પુત્રોનું માબાપ પ્રત્યેનું ઉપેક્ષિત વલણ, મોંઘી તબીબી સેવા આદિ ધાર્મિક-સામાજિક પ્રશ્નોની પણ છણાવટ થયેલી છે. જેમ 'સરસ્વતીચંદ્ર'માં એના મુખ્યપાત્ર સરસ્વતીચંદ્રની ચિંતનમંડિત સ્વગતોક્તિની બહુલતા છે તેમ આ નાની શી નવલકથામાં ય એના મુખ્યપાત્રસમા સનાતનદાસ સ્વગતોક્તિ દ્વારા અનેકવાર ચિંતનની ચકડોળે ચઢે છે. 'સરસ્વતીચંદ્ર'ની જેમ 'યંત્રારૂઢ'માં પણ ઉદ્ધરણરૂપે સંસ્કૃત ઉક્તિઓ ને કવિતાટાંચણો નજરે પડે છે.

જે રીતે 'સરસ્વતીચંદ્ર'માં એના સર્જક મહાપંડિત મનીષી ગોવર્ધનરામનું અનેકદેશીય મનનીય ચિંતન સમાજ, ધર્મ, રાજ્ય, કુટુંબજીવન આદિ અનેકવિધ વિષયોમાં ને તેમાંય મુખ્યત્વે ધર્મવિષયમાં તેના સર્જકના ચિંતનની ચાંદની મનોહર રીતે પથરાયેલી છે. જુઓ-'કાલસ્ય કુટિલા ગતિ:, ક્યારે માણસનું શું થશે તે કોણ કહી શકે છે ? જો ભાગ્યમાં એકાદ રેખા ખેંચાઈ ગઈ તો એને દૂર કરનાર કોઈ નથી. હશે જ. તો એની સઘળી વ્યવસ્થા થઈ જશે. અને નહિ હોય તો ગમે તેટલા બળવાનને ય એને વશ થવું પડશે. દશરથ જેવા ક્ષત્રિય રાજા ઇચ્છત તો આખી પૃથ્વીને હલાવી શકત ને ? પણ એના ભાગ્યમાં લખાયું હતું કે સત્યનું પાલન કરવા માટે પુત્રને વન મોકલવો અને એ રીતે મૃત્યુ પામવું. ભલે આપણે કહીએ કે આપણા પ્રયત્નોથી બધું થઈ જશે. પણ...' અને વળી જુઓ-'માણસને જે મળે છે તેનાથી વધારે પ્રાપ્ત કરવાની એને લાલસા હોય છે. એને લાગે છે કે એના જેટલી યા એનાથી ઓછી લાયકાત-પાત્રતા ધરાવનાર ઘણા લોકોને અહેતુક ઇશ્વર કૃપા મળી છે. એથી ઇર્ષ્યા થાય છે, અસંતોષ થાય છે, પણ છતાં કોઈ રીતે મનનું સમાધાન થતું નથી. ખુદને મનાવવા માટે કોઈ નિમિત્ત-મિષ તો જોઇએ. એટલે 'ભાગ્યનું ફળ છે એ' એમ કહી દેવાથી અડધું સમાધાન થાય. છતાં એમાંય અસમાનતા લાગે ને એમાંય મન ન માને તો કહેશે કે એ તો કરેલાં કર્મોનું ફળ છે. જે કર્મો જાતે કર્યા છે એનાં ફળ તો જન્મ-જન્માંતર સુધી ભોગવવા પડતા હોય છે.' 'કોઇના માથે વજ્ર તૂટી પડે છે તો કોઇના માથે હાથી સોનાના કળશથી પાણી ઢોળે છે. કોઈ પચાસો અન્નદાનવ્રત કરવા છતાં પુત્ર-પુત્રીનું મોઢુંય જોવાની તરસ સંતોષી શકતો નથી તો કોઇને ઘેર જથ્થાબંધ સંતાનો ખડકાય છે. આ બધી કેવી લીલા છે ! એ કોણ કરે છે ? મને લાગે છે કે માટીના પુતળા સમા માણસના હાથમાં કશુંય નથી. કોઇક અદીઠ કોઈ યંત્ર ઘૂમાવીને આ બધું કરી રહેલ છે...કુંભાર ચાક પર કાચી માટીના લોટામાં થોડું પાણી રેડીને એ ગોઠવી દે છે...એ પછી એની ઇચ્છા મુજબ વાસણ બનાવશે. એ જ રીતે કોઈ રાજાને ત્યાં તો કોઈ રંકને ત્યાં જન્મ લે છે. કોઈ એવી બુદ્ધિ લઇને અવતરે છે કે ઘડીકમાં એને બધી વિદ્યા હસ્તગત થઈ જાય, કોઈ ગદ્ધા જેવો મૂર્ખ પાકે છે કે બકરી ઘેટાં ચરાવવા જેટલીય આવડત એ મેળવી શકતો નથી. માણસ માત્ર વયની બાબતમાં જ નહિ, પણ સઘળી બાબતની શક્તિમર્યાદા લઇને જન્મે છે. નસીબની રેખા મુજબ જ જીવન. જરાય આઘુંપાછું નહિ. અસલ વાત જ આ છે. જેવી જગન્નાથની ઇચ્છા. સઘળી એની જ રમત સંસારમાં.'

સ્ત્રીની મોહિની વિશેનું ચિંતન જુઓ-'સાચી બિના છે ! લગ્ન પછી માણસ કેટલો બદલાઈ જાય છે ? નારીની મોહિની-એ ચારે વિદ્યાઓમાં પારંગત હોય છે. એની મોહિની-વશીકરણ ને ઉચ્ચાટન, પારંગત શું ? વિધાતાએ એને એ વિદ્યા સાથે જ જન્મ આપ્યો હોય છે. એને જોઇને જ માણસની અક્કલ જ એવી થઈ જાય છે કે તેને દુનિયાની સઘળી ચીજો તુચ્છ લાગે છે. અગ્નિની સામે રાખેલા મીણની જેમ એ પીગળી જાય છે. મોટું આશ્ચર્ય એ છે કે ન ઓળખાણ કંઈ ને તદ્દન અજાણ છતાં ઘડીભરમાં એ થઈ જાય છે સર્વસ્વ. એ સ્ત્રી ન

હોય તો સંસાર ન ચાલે. છતાં એ બધાં અનર્થોનું મૂળ ! એને માટે કાપાકાપી, કેટલા ઝઘડા ને એને લીધે સર્જાય રામાયણ ને મહાભારત...કેટલો શક્તિહીન છે માણસ ! વેલની માફક આવીને એને એ સ્ત્રી લપેટી લેશે. જોતજોતામાં એટલી પ્રબળતાથી જકડી લેશે કે સસરીની આખા ઝાડને જ ખાઈ જશે. ઠીક જ કહ્યું છે-'નારી મોહિની વિષ્ણુમાયા.' સ્ત્રીઓ પાસે એ મોહિની ગુણ જરા જેટલો રાખ્યો છે. અન્યથા એને કોણ પૂછત. આ દુનિયા એમ જ ખતમ થઈ જાત. પણ શું ? એને તો વિધાતાએ ફૂરસદે અજબ નુસખાથી ઘડી છે...પુત્ર પોતાની વહુ સાથે રહેવા અલગ ઘરસંસાર કરવા ઇચ્છે છે અને સંસારની માયાનું સ્વરૂપ છે સ્ત્રીઓ. મા, વહુ, બહેન, બેટી-વિવિધ રૂપો વડે વિવિધ રીતે એ બાંધી લે છે. પાણી પર મલાઈ દેખાડશે. નહિ તો જૂઠો સંસાર રસિક કેવી રીતે લાગે ! એનામાં મનનો લોભ ન હોય, પણ તે લોકોને લોભ લગાડે છે. એને લીધે તો માણસને જીવવાનો લોભ જાગતો હોય છે. પછી એ એની જંજાળમાં પડે છે. એ એક અદ્ભુત જીવ છે. વિચિત્ર વાત છે કે એક રીતે તે તદ્દન નિરીહ, કશુંય ન જાણનાર અજાણ જેવી લાગશે, એને જકડી ન રખાય તો વહી જશે એ. બીજી રીતે જુઓ તો એ અજગર છે, સમૂળગુ ગળી જાય ત્યાં સુધી દાંત પણ લગાડશે નહિ જરાયે. પણ સંપૂર્ણ જકડ્યા પછી એકવાર દાઢ આમ ફેરવી તો બિચારો જીવ ચૂરચૂર થઈ જાય સસરીનો ! અસંયમી વાત તો આપણે કરીએ છીએ. એ તો સ્ત્રી છે. એની રખેવાળી કરો. ચોગરદમથી માણસો વાઘની જેમ એની સામે ઘૂરકી રહે છે. આહ ! એ બિચારી હરણી ! અરે...જાવ...ખરી રીતે તો એ જ વાઘણ છે. એનાથી બચી જાય એવો ભાગ્યે જ કોઈ પક્ષો દેખાશે. બધે હારી ગઈ...હારી ગઈ એ-એમ ભલે દેખાતું, પણ અંતે તો એ જ જીતી જાય છે. અબળા રૂપ લઇને ય મોહની ભૂરકી નાખશે ને શુંભ-નિશુંભ જેવાય કાબૂમાં આવીને વશ થઈ જશે. વિરોચન સુદ્ધાં મટી જશે. મંદરાચલને હલાવી નાખનાર અસુરો પણ એની સમક્ષ ચક્કર ખાઇને હાલી જશે. પીયા જ કરો આંખોથી એનું મોહિની રૂપ...ઓહ—એ છે માયાવી વિષ્ણુનું અમોઘ શસ્ત્ર. એનું ચરિત્ર સમજવું એટલે વિષ્ણુ-માયાને સમજવી ! કહ્યું જ છે-'ત્રિયા ચરિત્ર, પુરુષસ્ય ભાગ્ય, દેવો ન જાનાતિ કુત્તઃ મનુષ્યાં. આ સૃષ્ટિ જેનો ખેલ છે, તે એ નારી મારફત આંખ-મીંચામણી ખેલી રહ્યો છે. જુવાન ઉંમર હશે, શરીરમાં શક્તિ-દૈવત હશે, એ વખતે તે કહીં-કહીંથી આવીને ઘેરી લેશે. ઘો-ઘો રાણીની રમતમાં માણસ વચમાં જ પડી જશે. જ્યાં મોં ઉઘાડવા ઇચ્છશે ત્યાં એને પહેરેગીર રૂપે ચોકી કરતી એ જોશે. હાથમાં હાથ રાખવામાં એ ચોક્કસ રહેશે. નીચા નમીને છટકવા માગશો તો એ વધારે ઊંચી થઇને રોકી રાખશે. એના હાથની પકડ પર ઘા કરી છટકી શકાય, પણ એ શું સહજ છે ? એ તો ચારે તરફ ઘૂમી વચ્ચે રહેલાને ડૂબાડતી રહેશે...'બોલ બોલ રાણી, કેટલું છે પાણી. પગ સમાણું પાણી ! કમર સુધીનું પાણી ! બોલ રાણી બોલ કેટલું પાણી ? ગળા સુધીનું પાણી ?' એ રીતે ડૂબતો જશે, વખત જ ક્યાં રહે ? જોત જોતામાં તો એ ડૂબી જશે ! 'ત્રેતા યુગના પહેલવાન-હનુમાન હતા તો મહાયોગી ને પરમ ભક્ત. છતાં એ સુરસાની સામે તો હારી જ ગયા, એ યોગબળથી જેટલા મોટા થતા ગયા, એનું મોં પણ એટલું જ મોટું થતું ગયું. શક્તિથી એને જીતવી સંભવિત નથી, એટલે બળથી નહિ, પણ બુદ્ધિકુનેહથી એને જીતવી પડશે. ઘૂસી જાવ એના મોંમાં. એ વિચારશે-જાણે ગળી ગઈ એ. આંખો મીંચીને એ ગળી ગઈ, એમ સમજશે, પણ જોયું તો નાકના માર્ગથી એ સૂક્ષ્મરૂપે હનુમાન સરકીને છટકી ગયેલા. નારી પોતાનો ભાગ જરૂર લેશે; પણ એને બળપૂર્વક એનો એટલો ભાગ ન આપવાનું વિચારતા હો, તો બચ્ચા ભૂલી જ જજો. એવી આશા જ ન રાખતા. એને ઘરસંસાર જોઇએ છે, આપી દો એને શરીર. એ રીતે ધનવૈભવ-પુત્રપુત્રી-સઘળું મળી જશે. પણ સૂક્ષ્મ રીતે આત્માને ઉગારી લેવો પડશે. નહિ તો એ સમગ્ર ગળી જશે ને એ જઠરાગ્નિમાં પડીને રાખ જ થઈ જશો તમે...નારી માયા છે...માયા-સ્વરૂપે એ તો અંધ છે આપણી જેમ. પણ અપાર બળ છે એનું. આત્માપુરુષનું નહિ ચાલે એની આગળ. એ તો લંગડો સાબિત થશે. પણ બંને મળી જઇને રહેશે. અન્યથા સૃષ્ટિનો તંતુ કેવી રીતે ચાલી શકશે આગળ.

અને વળી જુઓ-'સાધનાનો સંઘર્ષ ન હોય તો આત્મબળ આવશે જ નહિ. નદી અવશ્ય સમુદ્રમાં જઇને મળશે, જીવશિવ એક થશે, પણ એ માટે આટલાં બધાં વિઘ્નો શા માટે જોઇએ ? હા, એની શક્તિની કસોટી કરવા એકાદ અવસર અપાય તે પૂરતો ગણાય. વિપત્તિ તો માણસની યોગ્યતાની કસોટી કરતી હોય છે.' 'રે બિચારો ધૃતરાષ્ટ્ર ! સો પુત્રો પણ એને કામ ના લાગ્યા. છેવટે પાંચ પાંડવોએ એમને પછાડ્યા !...એવું તો યુગ-યુગોથી ચાલતું આવ્યું છે...એની પાછળ ખુદ નિયંતા રહ્યા હોય છે...શસ્ત્રહીન રહીને ય તે રથની લગામ હાથમાં લે છે ને બ્રહ્મથી માંડીને નાના જંતુ પર્યંત સઘળાને નિમિત્ત બનાવીને ઉપયોગમાં લે છે. પછી અર્જુન ન જીતે તો કોણ બીજું જીતે ? મહાસમર યજ્ઞમાં નિમિત્ત બનવું એ ઓછી યોગ્યતાની વાત છે શું ?

લેખનશૈલીની દૃષ્ટિએ પણ 'યંત્રારૂઢ'ના લેખકમાં 'સરસ્વતીચંદ્ર' કારની શૈલીની થોડી છાંટ વરતાય છે ખરી. કહેવતો, સ્વગતોક્તિઓ, સ્વપ્નવર્ણન, કાવ્યપંક્તિઓ ને અવતરણોની બહુલતા તો નથી, પણ તેનો સારો એવો ઉપયોગ-વિનિયોગ તો થયો જ છે. અને જુઓ સનાતનદાસના મનની સ્થિતિ દર્શાવતી કાવ્યાત્મક પંક્તિઓ-'કુમુદિનીના ફુલ શા સ્મિતમાં એના સ્વચ્છ ધોયેલ-લૂંછેલ મન ઝરણાના પાણીમાં રહેલ સોનાનાં ઘરેણાંની જેમ મલકી રહ્યું છે.' અને જુઓ નદીનું આવું વર્ણન-'રસ્તો એનો ઘણો લાંબો છે...પહાડની અંધારી ગુફાથી તે અટલ શીતલ છલછલતા સમુદ્ર સુધીનો, કેટલા વળાંક, કેટલાં વમળ, કેટલા ખંડ-વિખંડના ફાંટા, કેટલા સુમેળ-અમેળ થઈ ગયા પછી-કોઇ એને ખેંચી આણે છે-બિચારી નદીને પૂછીએ આપણે તો એ કહી ન શકે-મેળાપ સ્થળ નજીક આવતા રેતીના બંધની બીજી બાજુથી સમુદ્ર એને પોકાર કરીને નિમંત્રે છે ને થઈ જાય છે. નદી સ્થિર ને નિશ્ચલ. ઊમટી ઊમટી બાહુ લંબાવીને મહોદધિ એને તેડી લઈ જાય છે-ને ખારા ફીણવાળા મોજાંમાં એ ખોવાઈ જાય છે-નિમગ્ન થઈ જાય છે.'

સનાતનદાસના જીવનની અંતિમ વેળા સાથે લેખકે કરેલું ટૂંકું પણ જીવંત વર્ણન જુઓ-

'સમુદ્ર પણ એમનું માન જાળવે છે, એને લાગે છે-જાણે આકાશ પીગળીને પાણી થઈ ગયું. સમુદ્રની નીલી સીમાક્ષિતિજ પર આકાશ ઝૂકી ગયું છે. મોજાં-લહેરો ઊછળતી વખતે લાગે છે જાણે પહાડની ચોટી ચૂરેચૂરા થઇને ઝરી રહી છે-તૂટી ફૂટીને ફીણ બની ગઈ. ઘૂ ઘૂ ગર્જન ધ્વનિ જાણે પૃથ્વીના પેટાળમાંથી સ્પંદિત થઇને ઊઠી રહ્યો છે...સમુદ્ર પર રાત ઝૂકી ગઈ...વેરવિખેર વાદળ ને સરસરતી હવા...રેતીના ઢગ પર નિશ્ચલ નિર્વેદ શા સૂતા છે સનાતનદાસજી... કેટલાક સમય પછી અંધકાર છરછર કંપી ગયો. જાણો ન જાણો પણ સમુદ્રનું ગર્જન પણ થંભી ગયું. અડધી રાતના ફૂંકાતો મતવાલો પવન પણ જંપી ગયો. તારા પણ નભમાં ફીકા નિસ્તેજ થઈ ગયા. સનાતનદાસના દેહે સૂકા પર્ણની માફક કંપ અનુભવ્યો ને અવારનવાર છરછર કરતી રેતી કંપીને પરસેવાથી ભીની થઈ ગઈ.

આ રીતે કંઇક અંશે 'સરસ્વતીચંદ્ર'ની લઘુ આવૃત્તિ સમા ઉડિયા ભાષાના સમર્થ સર્જક પ્રો. ચંદ્રશેખર રથ કૃત 'યંત્રારૂઢ' નવલકથા મહત્ત્વની ને ધ્યાનપાત્ર છે.

# આત્મચિંતન

□ ડૉ. કવિન શાહ

વિશ્વમાં વિવિધ ધર્મો અને જાતિમાં આત્મા વિષેની વિચારણા થઈ છે. જૈન દર્શનમાં પણ આત્મા અને શરીર ભિન્ન છે. આત્મા પૂર્વ સંચિત કર્મોને આધારે ૮૪ લાખ જીવયોનિમાં ભ્રમણ કરે છે. આત્માનું શુદ્ધ સ્વરૂપ પામવા માટે મુક્તિ–મોક્ષ મેળવવા માટેનો દર્શનશાસ્ત્રોમાં ઉપાય પણ દર્શાવ્યો છે. સમગ્ર જીવન બાહ્ય પરિણતિની લાંબીલચક માયાજાળમાં પૂર્ણ થઈ જાય છે. આત્માનો પશ્ચાતાપ પણ આયુષ્યની અંતિમ ક્ષણોમાં વાદળ સમાન વિખરાઈ જાય છે. આવો વીજળીના ઝબકારા જેવો ક્ષણિક સમય આવે ત્યાર પહેલાં આત્માનો વિચાર કરવો અનિવાર્ય છે. આત્મા નિરંજન, નિરાકાર, અમર, અજર, જ્યોતિર્મય, સ્ફટિક સમાન, શુદ્ધ, લોકાલોક પ્રકાશક, જ્ઞાન આત્મા, પરમાનંદ જેવા પારિભાષિક આધ્યાત્મિક શબ્દોથી આત્માને ઓળખવામાં આવે છે.

આપણાં આગમસૂત્રોમાં આત્મા વિશે જણાવ્યું છે કે 'જીવ ઉત્તમ ગુણોનું આશ્રયસ્થાન છે. બધા દ્રવ્યોમાં ઉત્તમ દ્રવ્ય છે. અને સર્વ તત્ત્વોમાં પરમ તત્ત્વ છે. એમ તમે નિશ્ચયપૂર્વક જાણો. જગતમાં અનેક દ્રવ્યો છે અને તેની પર્યાયો પણ વિભિન્ન છે. આત્મા દ્રવ્યથી શાશ્વત છે. અને પર્યાઓથી અશાશ્વત છે. એવા શાશ્વત આત્મા વિશેની વિચારણા આત્મા સ્વરૂપ પ્રાપ્તિ માટે માર્ગદર્શક બને છે.

આ શાશ્વત આત્મા ત્રણ પ્રકારના છે. બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા. પરમાત્માના બે પ્રકાર છે. અરિહંત અને સિદ્ધ. શરીરની ઇન્દ્રિયોના સમૂહ સહિત આત્મા માનવો તે બહિરાત્મા છે. આત્મા દુનિયાની અનેકવિધ બાહ્ય પ્રવૃત્તિઓમાં જોડાઈને જીવન વીતાવે છે. દેહ અને ઇન્દ્રિયની પ્રવૃત્તિઓમાં રાચે છે. ત્યારે તે બહિરાત્મા કહેવાય છે. દેહ અને આત્માને ભિન્ન સ્વીકારવો તે અંતરઆત્મા કહેવાય છે. યશોવિજયજી મહારાજની અમૃતવેલની સજ્ઝાયમાં આત્મા વિશે જણાવ્યું છે કે-

'દેહ મન વચન પુદ્ગલ થકી, કર્મથી ભિન્ન તુજ રૂપ રે
અક્ષય અકલંક છે જીવન, જ્ઞાન આનંદ સ્વરૂપ રે !'

અંતરાત્માને જાણવા માટે આ ગાથાનો અર્થ ચિંતન અને મનન કરવા લાયક છે. સર્વ કર્મ રહિત કર્મ કલંકથી વિમુખ એ પરમાત્મા છે. કેવળજ્ઞાનની જાતના સર્વ પદાર્થોના દ્રવ્યગુણ પર્યાયને જાણનારા દેહધારી એટલે શરીરી એ અરિહંત છે અને મોક્ષ સુખમાં બિરાજમાન એ સિદ્ધ ભગવંતનો આત્મા છે.

બહિરાત્મા અંતરઆત્માને ભૂલીને સંસારના વ્યવહારમાં રચ્યોપચ્યો રહેવાથી કર્મબંધ કરીને ભવભ્રમણ વધારે છે. એટલે કે જન્મમરણની પરંપરા દુઃખ, શોક, ભય, કર્મવિપાક, રોગ, વૃદ્ધાવસ્થા, આર્તધ્યાન, રૌદ્રધ્યાન વગેરેમાં કાળ નિર્ગમન કરે છે. જેણે આત્માની ચિંતા હોય તે બહિરાત્માની પ્રવૃત્તિઓમાંથી મુક્ત થવાનો સર્વવિરતિ/દેશવિરતિ ધર્મ સ્વીકારવો. ઉપયોગ પૂર્વક વ્રત પાલન અને અતિચાર દોષ માટે ત્રિકારણ યોગથી પ્રાયશ્ચિત કરવું. સંવર અને નિર્જરા તત્ત્વોનું સ્વરૂપ જાણીને તે પ્રમાણે વ્યવહાર કરવો. આમ કરવાથી બહિરાત્મા અંતરાત્માની નજીક આવી શકે છે. મન, વચન, અને કાયાથી સ્વયં બહિરાત્માની પ્રવૃત્તિનો ત્યાગ કરીને જેઓ અંતરાત્મામાં નિમગ્ન થાય છે ને પરમાત્માનું ધ્યાન ધરે તે આત્મા પરમાત્મા પદને પ્રાપ્ત કરવા માટે સમર્થ બને છે. આત્માને શુદ્ધ કરવા માટે બહિરાત્માની પ્રવૃત્તિઓ ત્યાગ કરવા લાયક છે. શુદ્ધ આત્મા વર્ણ, ગંધ, રસ, પર્યાય, વેદ વગેરેથી સર્વથા મુક્ત છે. વ્યવહારથી આ બધી વિગતો આત્માની છે. નિશ્ચય નયથી તો આત્મા સિદ્ધ સ્વરૂપી છે. ગુણોની અપેક્ષાએ અન્ય પ્રકારો જાણવા મળે છે. જ્ઞાનાત્મા એ જ્ઞાન ગુણના વિકાસથી કહેવાય છે. વર્તમાન જીવો મતિ-શ્રુત જ્ઞાનવાળા અસંખ્ય આત્મા છે. પુરુષાર્થ કરીને આત્માના જ્ઞાન ગુણ પ્રગટ થાય એટલે અવધિ-મનપર્યવ અને કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે. એવો આત્મા જ્ઞાનાત્મા કહેવાય છે. આત્માનો દર્શન ગુણ મુખ્ય છે. સમકિત પામીને આત્મા ઉત્તરોત્તર ઉપરના ગુણસ્થાનકે આરોહણ કરતો છેવટે મુક્તિ પામે છે. વીતરાગ દેવની ઉપાસના વીતરાગે કરેલા સુગુરુની ઉપાસના અને વીતરાગે પ્રરૂપેલો ધર્મ એ જ સત્ય એ જ આચરવા લાયક છે. એવી દૃઢ શ્રદ્ધા આત્માને થાય ત્યારે તે સમ્યક્ દર્શન આત્મા બને છે. આવા સમ્યક્ દર્શનને પામેલો આત્મા અવશ્ય મોક્ષગામી બને છે. ચરિત્ર આત્મા એ આત્માનો જ્ઞાન અને ક્રિયા સાથેનો સંબંધ દર્શાવે છે. આચાર એ પરમ ધર્મ છે અને ચારિત્રાચારનું વિશુદ્ધ પાલન કરવાથી ચારિત્રાત્મા ગુણી બને છે. વીર્યાત્મા એ આત્માની શક્તિનો ધર્મ છે. પુરુષાર્થની આ શક્તિનો ઉપયોગ કરવો જોઇએ. ભોગ સુખમાં ન જાણે કેટલી વાર શરીર સંપત્તિનો ઉપયોગ કર્યો હતો ! આત્માના વિકાસ માટે તપ, જપ, વ્રત, નિયમ, ધ્યાન વગેરેમાં ઉપયોગ થાય તો આત્માની શક્તિનો સાચી દિશામાં ઉપયોગ થયો કહેવાય અને મોક્ષરૂપી ઇષ્ટની પ્રાપ્તિ સહજ બની જાય. યોગાત્મા શબ્દ પણ આત્મા સાથે જોડાયેલો છે. અનાદિકાળથી પરિભ્રમણ કરતો આત્મા જ્યાં સુધી પરમાત્માની ભક્તિમાં સમર્પણ થઈને આત્મ–સ્વરૂપ પ્રાપ્ત કરવા માટે ભગીરથ પુરુષાર્થ આદરે ત્યારે આવો આત્મા યોગાત્મા કહેવાય છે. મન, વચન અને કાયાથી ધ્યાનમગ્ન બને તો તેવા આત્મા યોગાત્મા બનીને આત્મ સાક્ષાત્કાર કરે છે. આત્માના આ બધા ગુણો નિશ્ચય નયથી તો તેમાં રહેલાં છે. પણ તેને વ્યવહાર નયથી વ્રત-નિયમ, ઉપાસના દ્વારા પ્રગટીકરણ કરવા માટે ધર્મારાધના છે. જીવનમાં અનેક ચિંતા અને ઉપાધિમાં લપેટાયેલો ફસાયેલો બહિરાત્મા ખુદ સ્વરૂપને વિસ્મૃત કરી ગયો છે. તો પ્રભુએ બતાવેલા રાજમાર્ગ ઉપર ચાલવામાં આવે તો માનવજીવન સાર્થક થાય. ચિંતા તો આત્માની કરવાની છે. આત્મચિંતા ઉત્તમ છે. સંસાર વૃદ્ધિ કરાવનારા પત્ની–પુત્ર, પરિવાર–ધન સંપત્તિ–સગાં સ્નેહી–દુનિયાદારીના સંબંધોની ચિંતા એ મધ્યમ કક્ષાની છે. સંસારી છીએ એટલે ચિંતા થાય પણ તેમાં નિકાચિત કર્મ ન થાય તેવી ભાવના હોવી જોઇએ. વિષય વાસના, ઈન્દ્રિયોના ભોગ ભોગવવાની ચિંતા અધમ કક્ષાની છે અને પારકાની ચિંતા કરવી એ અધમમાં અધમ કક્ષાની છે. આ વિજ્ઞાન યુગના પ્રતાપે મુદ્રણ કલાનો અદ્ભુત વિકાસ થવાથી આપણું વિચાર સામ્રાજ્ય વિશ્વવ્યાપી ચિંતા કરીને આત્મશ્રેય સાધી લઇએ તો જીવનમાં કંઈક પામવાનો સંતોષ થાય. ભવ સુધારીને ભવાંતરમાં પણ દેવગુરુ અને ધર્મની સામગ્રી પ્રાપ્ત થતાં આત્મા પરમાત્મા પદગામી બની શકે. આત્મચિંતન કરવા માટે પ્રતિદિન ભવ્યાત્માએ વિચારવું કે હું એક છું, હું આત્મા છું. મોહમાયા અને મમતાથી રહિત છું. જ્ઞાન અને દર્શનથી પરિપૂર્ણ છું એમ શ્રદ્ધાથી વિચારણા કરીને આત્મભાવમાં આત્મરમણતામાં રાચવું.

❖❖❖

## શારદા સંકુલનો કાર્યક્રમ

સંઘ તરફથી ગત પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન કપડવંજની સંસ્થા શારદા સંકુલ–વિકલાંગ પુનર્વસન સેવાયજ્ઞ માટે એકત્ર થયેલ નિધિ તે સંસ્થાને અર્પણ કરવાનો કાર્યક્રમ શનિવાર ૮મી જાન્યુઆરી ૨૦૦૫ના રોજ ચિખોદરાના ડૉ. રમણીકલાલ દોશીના પ્રમુખપદે કપડવંજ મુકામે યોજવામાં આવ્યો છે.

મુંબઈથી રાત્રે શુક્રવાર તા. ૭મી જાન્યુઆરીએ વડોદરા એક્સપ્રેસમાં નીકળી બીજે દિવસે વડોદરાથી કપડવંજ જઈશું અને કાર્યક્રમ પછી તે જ દિવસે રાત્રે વડોદરાથી નીકળી મુંબઈ આવીશું. વધુ વિગત માટે કાર્યાલયનો સંપર્ક કરવો.

□ મંત્રીઓ

# દાદીના શબ્દપ્રયોગ

□ ડૉ. રણજિત 'અનામી'

મારાં દાદી આમ તો સાવ અભણ હતાં પણ અનુભવમાં બહુ જ સમૃદ્ધ હતાં. હું સવા વર્ષનો હતો ને માતૃસુખથી વંચિત બની ગયો. પણ દાદીએ માતા અને દાદીનું વાત્સલ્ય આપવામાં રજ માત્ર કચાશ રાખી નથી. કહેવતોની સમૃદ્ધિ મને દાદી તરફથી વારસામાં મળી. બાર વર્ષનો થયો ને વતનમાં રહ્યો ત્યાં સુધી દાદીએ મારા ઘડતરમાં મહત્ત્વનો ભાગ ભજવેલો. ન માયો સમજી મને દાદીએ ખૂબ ખૂબ લાડ લડાવેલાં તેથી હું અતિ લાડમાં બગડ્યો પણ હોઇશ. મને ઠેકાણે લાવવા દાદી તે કાળે મારા માટે જે શબ્દ-પ્રયોગ કરતાં હતાં તેનું આજે આઠેક દાયકા બાદ સ્મરણ થાય છે. એમાંના કેટલાક શબ્દ-પ્રયોગ આજે વ્યવહારમાં વપરાતા નથી. મને સોંપેલું કોઈ કામ હું સુપેરે ન કરું તો દાદી હંમેશ ટોકતીઃ-

'મારો રોયો વેતા વિનાનો છે.' હવે તે કાળે તો હું 'વેતા' શબ્દનો અર્થ સમજવા અસમર્થ હતો પણ આજે વિચારું છું તો 'વેતા' શબ્દ સંસ્કૃત 'વિત્તિ' શબ્દ પરથી આવ્યો છે. વિત્તિ એટલે સમજ કે વેત પરથી ! ભલીવાર, ડહાપણ કે આવડત વિનાનો ને 'વેતા' વિનાનો કહેવાય. કમઅક્કલ કે ગાંડાને પણ વેતા વિનાનો કહેવાય. સંસ્કૃતમાં 'વેત્તા' એટલે જાણકાર, જાણનાર શબ્દ છે. જે 'વેત્તા' નથી તે 'વેતા' વિનાનો. નાનપણમાં પણ હું મારું સ્મરણ છે ત્યાં સુધી પ્રમાદી નહોતો બલકે વધુ પડતો ચંચળ ને તરવરિયો હતો...પણ દાદીએ ચીંધેલું કામ ન કરું ને પથારીમાં પડ્યો રહું એટલે દાદી અચૂક બોલવાની; 'મારો રોયો પદોડ' છે. કોઇપણ વાક્યમાં 'રોયો' શબ્દ દાદીનું ધ્રુવપદ હતું. તે કાળે પદોડ શબ્દ મને કદાચ પ્રશંસાવાચક લાગ્યો હશે. 'સાર્થ ગુજરાતી જોડણી કોશ'માં દાદીનો આ 'પદોડ' શબ્દ નથી પણ 'પદેડવું' કે 'પદોડવું' શબ્દ છે. સંસ્કૃત 'પ્રદ્રુ' દોડવું ઉપરથી કે પાદવું પરથી એ શબ્દ આવ્યા હશે ? હિંદીમાં 'પદોડા' શબ્દ છે જેનો અર્થ થાકી જાય ત્યાં સુધી ખદેડવું કે દોડાવવું થાય છે. મરાઠીમાં 'પુદડણે' શબ્દ છે જેનો અર્થ ગમે તેમ-બગડે ત્યાં સુધી ખૂબ વાપરવું કે કામમાં લેવું એવો થાય છે. સંસ્કૃત, હિંદી, મરાઠી શબ્દો સાથે 'પદોડ' એટલે 'પ્રમાદી', આળસુ, કામ કર્યા વિના પડી રહેનારો એવો અર્થ સંકળાયેલો નથી બલકે ફરજિયાત રીતે સક્રિય કરવાનો ભાવ છે તો પછી જોડણી કોશમાં 'પાદવું' પરથી પદોડ શબ્દ આવ્યો હશે એવો શંકાસૂચક પ્રશ્નાર્થ છે તે દાદીને અભિપ્રેત હશે ! કોઇકવાર એવા ભાવાર્થનું એ બોલતાં પણ હતાઃ 'મારો રોયો પદોડની માફક પથારીમાં પડ્યો પડ્યો પાદ્યા કરે છે.' 'પદોડ' જેવો એક શબ્દ તે વારંવાર વાપરતાં-'મારો રોયો દગડો છે.' 'દગડ' કે 'દગડું' શબ્દનો અર્થ હિંદીમાં 'દગલબાજ', લુચ્ચુ થાય છે. સાચી વાત પર વિશ્વાસ ન મૂકનાર-કામની બાબતમાં હરામખોરી કે લુચ્ચાઇ કરનારને માટે પણ એ શબ્દ વપરાય છે 'દગડાઈ; પણ 'દગડ'નો એક અર્થ 'પથ્થર', 'પહાણો', પથ્થરનું ચોસલુ, ઢેફુ કે ગચિયું પણ થાય છે. મને લાગે છે કે દાદીને મન 'દગડો'-એટલે પથ્થર, પહાણા જેવો અર્થ અભિપ્રેત હશે. પથ્થર પડ્યો ત્યાં પડ્યો. ઉઠાવનાર મળે તો ઊઠે...બાકી દગડાઈ કરીને 'દગડો' બની જાય ! મારાથી બે સાલ મોટા મારા ભાઈ સાથે હું કોઈ વસ્તુની આપ-લેમાં અન્યાય કરું તો દાદી બોલવાનાઃ 'મારા રોયા ! 'વહેરો વંચો' કરનારનું કોઈ દિ' 'ભલું ન થાય.' 'વહેરો વંચો' એટલે ભેદ, આંતરો. 'વહેરવું' એટલે-પ્રાકૃત 'વિહુર' સંસ્કૃત-વિધુર-વિયુક્ત-છૂટું પાડેલું. 'વહેરો વંચો'નો જે સાચો અર્થ થતો હોય તે પણ મને કોઈ સ્વતંત્ર રીતે અર્થ કરવાની સ્વતંત્રતા આપે તો હું એનો એવો અર્થ કરું કે 'વ્યવહારમાં વંચના કરવી તે વહેરો વંચો ! ઘણીવાર દાદી મને કહેતાં 'મારો રોયો લપોડ' છે. લપોડનો વાચ્યાર્થ તો થાય છે ખોટાં વચન આપનાર, ખોટી ડંફાશ મારનાર, લબાડી, જૂઠું બોલવાની ટેવવાળાને પણ 'લબાડ' કે 'લબાડી' કહેવાય છે. મારા પિતાજી કોઇપણ પ્રકારના ભલીવાર વિનાના માણસને 'લપોડશંખ' કહેતા. 'લબાડ' અને 'લપોડ'માં અર્થનું કેટલું બધું સામ્ય છે ! 'પ' અને 'બ' માં પણ ક્યાં અંતર ઝાઝું છે ? વચ્ચે 'ફ' જ આવી જાય છે ! દાદીએ ચીંધેલું કોઈ કામ ન કરું ને રમવા ભાગી જાઉં તો બોલવાનાંઃ 'મારો રોયો બેહર છે.' જોડણી કોશમાં 'બેહર' શબ્દ નથી...બેસર છે. સૂરતીઓ 'સ'ને બદલે 'હ' બોલતા હોય છે. 'હવા રૂપિયાનું હવા હેર હાક.' 'બેસર'નું 'બેહર' થયું હોય પણ એનો અર્થ થાય છે અડધી કાળી ને અડધી રેતાળ જમીન.

સંસ્કૃતમાં 'વેસર' શબ્દ છે જેનો અર્થ 'ખચ્ચર' થાય છે. 'વ' નો 'બ' અને 'સ' નો 'હ' થતાં 'વેસર'નો 'બેહર' થાય. 'મોટો ઘોડા જેવો થયો કે ખોલા જેવો થયો પણ અક્કલ ના'વી'...એમ ઉપાલંભમાં બોલાય છે. ઘોડા કરતાં 'ખચ્ચર' કનિષ્ટ પણ ભાર ઉપાડવામાં અવ્વલ. દાદીને કદાચ 'ખચ્ચર' અર્થ જ અભિપ્રેત હશે ! 'મારો રોયો હોહરો' છે. જોડણી કોશમાં આ શબ્દ નથી પણ મને બરાબર ખબર છે કે જ્યારે હું કોઇપણ સોંપેલું કામ કરવાનું ભૂલી જાઉં ત્યારે દાદી 'હોહરો' શબ્દ-પ્રયોગ કરતાં. એવો જ એમનો બીજો શબ્દપ્રયોગ હતોઃ 'મારો રોયો ફગડણ છે.' 'ફકદંડ' કે 'ફગદંડ' પણ છે. 'ફાગ', 'ફગવું' ઉપરથી આ શબ્દ આવ્યો છે જેનો અર્થ 'ઉડાઉ', લુચ્ચું કે બેફિકરું થાય છે. 'ફગડણ' જેવો બીજો પ્રયોગ અત્યાર સુધી ક્યાં ફાગ ગાવા ગયો હતો. આ પણ ફગવું ઉપરથી આવ્યો છે. પ્રાચીન સાહિત્યમાં 'ફાગ' નામનો કાવ્યપ્રકાર છે...ફાગ ગાવા જતાં સમયનું ભાન ન રહે તે સાવ સ્વાભાવિક છે. આનંદ સિવાય એમાં બીજી કોઈ કમાણી નહીં એટલે આવો એનો અર્થ થયો. મારો રોયો બામચા જેવો છે.' જોડણીકોશમાં આ શબ્દ નથી. મારા કયા વર્તનના પ્રત્યાઘાતરૂપે આ શબ્દ દાદી વાપરતાં તેની મને ખબર નથી. સંભવ છે કે કદાચ અસ્વાભાવિક વર્તન માટે એ શબ્દ વાપરતાં હોય !...પણ મને પાકી ખાતરી છે કે તેઓ આ શબ્દ ઘણીવાર વાપરતાં. રામલીલા, ભવાઈ કે તૂરી સાથે એને દૂરનો કોઈ સંબંધ હોય ? -ન-જાને. 'ભામટા'નો 'બામચો' થયો હોય ! ભામટો એટલે રખડેલ, ઉઠાવગીર, ભમતો ચોર. અત્યારે તો મને આટલાં જ 'વિશેષણો' યાદ આવે છે. મોટાભાઈ જીવતા હોત તો શબ્દવૃદ્ધિ થાત પણ દાદીના આ ઉપાલંભોમાં કોઈ તિરસ્કારનો ભાવ નહોતો. દાદીની ગાળો પણ ઘીની નાળો જેવી લાગતી. સમજતો નહોતો એટલે આનંદથી હસી કાઢતો. આજે સમજું છું તો ય મને એ બધા શબ્દ-પ્રયોગ યથાર્થ લાગે છે. કેટલા બધાં પ્રેમથી, કેટલી બધી લાગણીથી દાદી આવા શબ્દ-પ્રયોગ કરતાં હતાં. મારા જીવન-ઘડતરમાં દાદીનો ખૂબ મોટો હિસ્સો ને પ્રભાવ છે. મારા મોટાભાઇએ છેલ્લો-શ્વાસ લીધો ત્યારે ખાસ તો દાદીને યાદ કરેલાં. મેં મારા એક પુસ્તકમાં તેમને આ રીતે 'અર્પણ' કરેલ છેઃ-

'જાતે ભણ્યાં ના, અમને ભણાવ્યા.'

જેમને દાદી ને દાદાનો પ્રેમ મળ્યો છે એ આત્માઓ કેટલા બધા સુખી ગણાય !

❖❖❖

# તત્ત્વાર્થસૂત્રકાર, પ્રકાંડ પંડિત શ્રી ઉમાસ્વાતિજી મહારાજ

□ પ. પૂ. મુનિશ્રી વાત્સલ્યદીપ

જૈન શાસન હંમેશાં પ્રભાવક આચાર્ય ભગવંતોથી સુશોભિત રહ્યું છે. પ્રભાવશાળી અને જ્ઞાની આચાર્યોની મહાન પરંપરામાં આચાર્ય શ્રી ઉમાસ્વાતિજીને સંભારવા પડે. શ્રી ઉમાસ્વાતિનું સ્થાન અને માન અતિવિશિષ્ટ છે. કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યે 'સિદ્ધહેમ શબ્દાનુશાસન'માં તેમની પ્રશંસા उमास्वाति संग्रहतारः (શ્રેષ્ઠ સંગ્રાહક ઉમાસ્વાતિ) તેવા શબ્દોમાં કરી છે.

સંસ્કૃત ભાષાના પ્રકાંડ પંડિત, આગમગ્રંથોના વિરલ જ્ઞાની, શ્રેષ્ઠ દાર્શનિક, ગ્રંથ 'તત્ત્વાર્થસૂત્ર'ના સર્જક શ્રી ઉમાસ્વાતિનું વિરલ સદ્ભાગ્ય એ છે કે તેમને શ્વેતાંબર અને દિગંબર બન્ને પરંપરા પોતાના માને છે અને તેમનો પરિચય પોતાની રીતે આપે છે, પરંતુ શ્વેતાંબર વિદ્વાનોએ તર્કબદ્ધ રીતે તેમની ગુરુ પરંપરા સિદ્ધ કરી છે.

શ્રી ઉમાસ્વાતિ રચિત 'તત્ત્વાર્થસૂત્ર'ની ભાષ્યની પ્રશસ્તિ અનુસાર, તેમના દીક્ષાગુરુ આચાર્ય શ્રી ઘોષનંદિ હતા. શ્રી ઘોષનંદિ ૧૧ અંગસૂત્રોના ધારક હતા અને વાચનાચાર્ય શિવશ્રીના શિષ્ય હતા. શ્રી ઉમાસ્વાતિના વિદ્યાગુરુ 'મૂલ' નામે વાચનાચાર્ય હતા. શ્રી 'મૂલ' મહાવાચનાચાર્ય શ્રી મુંડપાદના પટ્ટધર હતા. શ્રી ઘોષનંદિ ઉચ્ચનાગરના શ્રમણ હતા.

શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્રને શ્વેતાંબર વિદ્વાનો ઉમાસ્વાતિને શ્વેતાંબર આમ્નાય મુજબ ઉચ્ચનાગર શાખાના માને છે તે મુજબ, તત્ત્વાર્થની ભાષ્ય પ્રશસ્તિમાં ઉચ્ચનાગર શાખાનો ઉલ્લેખ છે અને તે પશ્ચાનુપૂર્વી ક્રમે ગણીએ તો કલ્પસૂત્રની સ્થવિરાવલી પ્રમાણે, આર્ય સુહસ્તિના શિષ્ય સુસ્થિત, સુપ્રતિબદ્ધ, તેમના શિષ્ય ઇન્દ્ર દિન્ન, તેમના શિષ્ય આર્ય દિન્ન અને આર્ય દિન્નના શિષ્ય શાંતિ શ્રેણિક હતા. શાંતિ શ્રેણિકથી ઉચ્ચનાગર શાખાનો ઉદ્ભવ થયો. ભાષ્યની પ્રશસ્તિ ઉચ્ચનાગર શાખાનો ઉલ્લેખ કરે છે તે મુજબ, શ્રી ઉમાસ્વાતિ ગુરુપરંપરા આચાર્ય શ્રી સુહસ્તિસૂરિની સિદ્ધ થાય છે. આ શ્રી સુહસ્તિ સૂરિ, કામવિજેતા તરીકે પ્રસિદ્ધ શ્રી સ્થૂલિભદ્રજી મહારાજના શિષ્ય હતા.

શ્વેતાંબર અને દિગંબર બન્ને પોતાના જ ગણે એવા સાધુરત્ન જૈનશાસનમાં શ્રી ઉમાસ્વાતિ એકમાત્ર છે. દિગંબર પરંપરામાં તેમના ઉમાસ્વાતિ અને ઉમાસ્વામી એવાં બે નામ જાણીતાં છે. દિગંબર ગ્રંથાનુસાર, ગૃધ્રપિચ્છ ઉમાસ્વાતિને તત્ત્વાર્થના કર્તા કહ્યા છે.

ઉમાસ્વાતિનો પરિચય આ પ્રમાણે છેઃ ન્યગ્રોધિકા ગામ, કૌભિષણી ગોત્ર, માતાનું નામ ઉમા અને પિતાનું નામ સ્વાતિ. માતા-પિતાના નામને જોડીને તેમનું દીક્ષાનું નામ ઉમાસ્વાતિ. વેદ શાસ્ત્રોના વિદ્વાન અને સંસ્કૃત ભાષાના પંડિત શ્રી ઉમાસ્વાતિ જિન પ્રતિમા નિહાળીને વૈરાગ્ય પામ્યા અને સાધુ બન્યા.

તેમના સમયમાં વિદ્વાનોની ભાષા દેવગિરા સંસ્કૃત હતી. જૈન આગમ સૂત્રોના તલસ્પર્શી જ્ઞાતા શ્રી ઉમાસ્વાતિએ આગમ ગ્રંથોના સાર રૂપે 'તત્ત્વાર્થ સૂત્ર' નામનો અદ્ભુત ગ્રંથ સર્જી આપ્યો અને તેમની વિશિષ્ટતા પ્રસ્થાપિત કરી. તત્ત્વાર્થ સૂત્ર અજોડ ગ્રંથ છે.

તત્ત્વાર્થ સૂત્ર શું છે ? 'તત્ત્વાર્થ સૂત્ર' શ્રી ઉમાસ્વાતિની ભવ્ય પ્રતિભાનો અદ્ભુત નમૂનો છે. તેમણે જૈન ધર્મના સિદ્ધાંતોને, જૈન આગમ ગ્રંથોમાંથી સૂત્ર રૂપે ચૂંટીને 'તત્ત્વાર્થસૂત્ર' સ્વરૂપે સર્જન કર્યું છે.

શ્વેતાંબર પરંપરા અનુસાર આજે પણ તત્ત્વાર્થસૂત્રનો સ્વાધ્યાય કરનાર એક ઉપવાસનું ફળ પ્રાપ્ત કરે છે. 'તત્ત્વાર્થ સૂત્ર'માં જીવ વિજ્ઞાન, જડ વિજ્ઞાન, જનન વિદ્યા, શરીર વિજ્ઞાન, માનસ વિજ્ઞાન, લોક વિજ્ઞાન, ભૂગોળ, ખગોળ, કર્મ વિજ્ઞાન, મોક્ષ, ઇત્યાદિ અનેક વિષયોનો ઉલ્લેખ છે. આવા અનેક વિષયોનો આ એકમાત્ર સારગ્રંથ છે અને શ્વેતાંબર તથા દિગંબર પરંપરામાં અલ્પપાઠભેદ સાથે સમાન ભાવે સ્વીકૃત થયો છે. દિગંબર પરંપરા શ્રી ઉમાસ્વાતિને શ્રુતકેવલી તુલ્ય ગણે છે.

સમ્યગ્દર્શન, સમ્યગ્ જ્ઞાન, સમ્યક્ ચારિત્ર મોક્ષમાર્ગ છે તેવું સિદ્ધવચન તત્ત્વાર્થસૂત્રમાં મળે છે. જૈન દર્શનની અનેક માન્યતાઓનું પ્રતિપાદન તત્ત્વાર્થ સૂત્રકાર તેમાં કરે છે, તત્ત્વાર્થ સૂત્રમાં ૧૦ અધ્યાય છે અને તેમાં ૩૫૭ સૂત્રો છે.

પ્રથમ ચાર અધ્યાયમાં ૧૫૮ સૂત્રો છે, તેમાં; જીવ અને તેના ભેદો, દેવ અને નરક ભૂમિ, ભૌગોલિક સ્થિતિનું નિરૂપણ છે. પાંચમા અધ્યાયમાં ૪૨ સૂત્ર છે, તેમાં; ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાય આદિનું નિરૂપણ છે. છઠ્ઠા અધ્યાયમાં ૨૭ સૂત્ર છે, તેમાં આસ્ત્રવ તત્ત્વનું નિરૂપણ છે. સાતમા અધ્યાયમાં ૩૯ સૂત્ર છે, તેમાંઃ સંવરતત્ત્વનું નિરૂપણ છે. આઠમા અધ્યાયમાં ૨૬ સૂત્ર છે, તેમાં; કર્મતત્ત્વનું નિરૂપણ છે. નવમા અધ્યાયમાં મોક્ષનું નિરૂપણ છે.

તત્ત્વાર્થ સૂત્રનું સર્વાંગી વિલોકન કરતાં કહી શકાય કે તે જૈન શાસનનો આકર ગ્રંથ છે અને તેની રચનાથી જ જૈન દર્શનના દાર્શનિક સાહિત્યના નિર્માણના મંડાણ થયાં. તત્ત્વાર્થ સૂત્ર જૈન ધર્મનો પ્રતિનિધિ ગ્રંથ છે, આધારગ્રંથ છે.

તત્ત્વાર્થ સૂત્રના વ્યાખ્યા-ગ્રંથોમાં તત્ત્વાર્થાધિગમભાષ્ય એ શ્રી ઉમાસ્વાતિની સર્વોપરી રચના છે. તત્ત્વાર્થાધિગમભાષ્યની પ્રશસ્તિમાં ઉમાસ્વાતિનો સંક્ષિપ્ત જીવનપરિચય સાંપડે છે. તત્ત્વાર્થ સૂત્ર વિશે દિગંબર આચાર્યોએ સર્વાર્થસિદ્ધિ, શ્રુતસાગરી, રાજવાર્તિક, શ્લોકવાર્તિક આદિ ટીકાઓની રચના કરી છે. તત્ત્વાર્થની સૌથી મોટી ટીકાની રચના શ્વેતાંબર પરંપરક સિદ્ધસેન ગણિની છે. આ ટીકાકાર સિદ્ધિસેન ગણિ તત્ત્વાર્થભાષ્યની કૃતિની પ્રશસ્તિમાં પોતાને ભાસ્વામીના શિષ્ય ગણાવે છે. ભાસ્વામી આર્યદિન્ન સૂરિના પ્રશિષ્ય અને આર્ય સિંહગિરિના શિષ્ય હતા. આચાર્ય શ્રી હરિભદ્રસૂરિએ પણ તત્ત્વાર્થ ભાષ્ય પર લઘુવૃત્તિની રચના કરી છે. તેમની આ વૃત્તિ લગભગ પાંચ અધ્યાયો પૂરતી છે. પછીની વૃત્તિની રચના તેમના શિષ્ય શ્રી યશોવિજયસૂરિ અને તેમના શિષ્યે પૂરી કરી છે. તત્ત્વાર્થ સૂત્ર અને ભાષ્ય ઉપરાંત, જંબૂદ્વીપ સમાસ, પૂજા પ્રકરણ, શ્રાવક પ્રજ્ઞપ્તિ, ક્ષેત્રસમાસ, પ્રશમરતિ પ્રકરણ આદિની રચનાઓ પણ શ્રી ઉમાસ્વાતિની ગણાય છે. શ્રી ઉમાસ્વાતિએ ૫૦૦ ગ્રંથો રચ્યા હતા તેવી માન્યતા શ્વેતાંબર પરંપરામાં છે.

વિક્રમીય ૧૯મી સદીમાં થયેલા તપાગચ્છીય જૈનાચાર્ય શ્રી વિજયાનંદસૂરિજી મહારાજ એટલે કે શ્રી આત્મારામજી મહારાજે, શ્રી ઉમાસ્વાતિએ 'તત્ત્વાર્થ સૂત્ર'માં કયું સૂત્ર ક્યાં આગમમાંથી લીધું છે તેવું એક વિશિષ્ટ સંશોધન પણ પ્રગટ કર્યું છે. પરંપરાગત સંશોધન અનુસાર શ્રી ઉમાસ્વાતિ વીર નિર્વાણ સંવત ૭૭૦ આસપાસ થયા હતા તેવું પ્રતિપાદિત થાય છે.

❖❖❖

# શ્રી દેવચંદ્રજી મહારાજ રચિત શ્રી સુવિધિનાથ જિન સ્તવન

□ સુમનભાઈ એમ. શાહ

સૂક્ષ્મ નિગોદથી માંડી દેવગતિ સુધી અનાદિકાળથી સાંસારિક જીવે વિવિધ જીવયોનિમાં જન્મ–મરણના ફેરા અનંતવાર કર્યા છે. પરંતુ મનુષ્યગતિના કોઈ ભવ્ય જીવને પુણ્યોદયે જ્યારે દેહધારી અરિહંત પ્રભુ કે તેઓની પ્રશાંત મુખમુદ્રા ધરાવતી પ્રતિમાજીના નિશ્ચય–વ્યવહારથી વિધિવત્ દર્શન થાય છે, ત્યારે તેને પોતાના આત્મસ્વરૂપનું ઓળખાણ થાય છે. આવા સાધકને રાગદ્વેષ અને અજ્ઞાનમય જીવનમાંથી મુક્ત થવાની રુચિ ઉત્પન્ન થાય છે. જિજ્ઞાસુ સાધક પ્રત્યક્ષ સદ્ગુરુની નિશ્રામાં શ્રી તીર્થંકર પ્રભુનું આલંબન લઈ મુક્તિમાર્ગનાં યથાર્થ કારણો સેવવા તત્પર થાય છે, એ પ્રસ્તુત સ્તવનનો મુખ્ય હેતુ જણાય છે. હવે સ્તવનનો ગાથાવાર ભાવાર્થ જોઇએ:

**દીઠો સુવિધિ જિણંદ, સમાધિરસે ભર્યો, હો લાલ ।। સ. ।।**
**ભાસ્યો આત્મસ્વરૂપ, અનાદિનો વીસર્યો, હો લાલ ।। અ. ।।**
**સકલ વિભાવ ઉપાધિ, થકી મન ઓસર્યો, હો લાલ ।। થ. ।।**
**સત્તા સાધન માર્ગ, ભણી એ સંચર્યો, હો લાલ ।। ભણી. ।। ...૧**

હે પ્રભુ ! આજસુધી રાગદ્વેષ અને અજ્ઞાનમય વૈભાવિક વૃત્તિ અને પ્રવૃત્તિથી મારું જીવન અનેક જીવયોનિમાં વ્યતીત થયા કર્યું છે. પરંતુ આજે આપનું દર્શન નિશ્ચય અને વ્યવહારદૃષ્ટિથી વિધિવત્ થયું તેથી હું ધન્યતા અનુભવું છું. હે સુવિધિનાથ ! આપની પ્રશાંત મુખમુદ્રાનાં દર્શન કરતાં આપના કેવળ જ્ઞાનાદિ આત્મિક ગુણો પરમ સમાધિરસમાં નિમગ્ન થયેલ મેં નિહાળ્યાં. આવું અનુપમ દર્શન થવાથી મારી શુદ્ધ આત્મસત્તાનું મને સ્મરણ કે ભાન થયું, જે અનાદિકાળથી વિસ્મૃત હતું. હે પ્રભુ ! આત્મસત્તા પ્રગટ કરવાની મને રુચિ અને અભિલાષા જાગૃત થઈ છે. આ મનોરથ પૂરો કરવા હું સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર્ય–તપાદિ સત્સાધનોનો સદ્ગુરુની નિશ્રામાં સદુપયોગ કરી મુક્તિમાર્ગ સાધવા કૃતનિશ્ચય થયો છું.

**પ્રભુ તુમ જાણંગ રીતિ, સર્વ જગ દેખતા, હો લાલ ।। સ. ।।**
**નિજ સત્તાએ શુદ્ધ, સહુને લેખતા, હો લાલ ।। સ. ।।**
**પરપરિણતિ અદ્વેષ-પણે ઉવેખતા, હોલ લાલ ।। પ. ।।**
**ભાગ્યપણે નિજ શક્તિ, અનંત ગવેખતા, હો લાલ ।। અ. ।।....૨**

શ્રી તીર્થંકર પરમાત્મા પોતાના કેવળ જ્ઞાન–દર્શનમય–આત્મિક ગુણોથી સમસ્ત લોકના સર્વ દ્રવ્યના શુદ્ધ કે અશુદ્ધ ત્રૈકાલિક પરિણમન વર્તમાનમાં જોઈ–જાણે છે. તેઓ જીવના પરપરિણમન કે અશુદ્ધ દશાને જાણતા હોવા છતાંય તેની દ્વેષરહિત ઉપેક્ષા કરે છે અથવા તેમાં ઉદાસીનતા સેવે છે. એટલે શ્રી અરિહંત પ્રભુ પોતાની આત્મસત્તાથી જીવના માત્ર શુદ્ધ સ્વરૂપને જ લક્ષમાં લે છે. હે પ્રભુ ! અનંત ગુણ–પર્યાય રૂપ શક્તિને જ આપશ્રી ભોગ્યરૂપ ગણી તેમાં જ રમમાણ કરો છો. ટૂંકમાં સંપૂર્ણ નિર્દોષ દશાને પામેલા એવા અરિહંત પરમાત્મા જગતના સર્વ જીવ પ્રત્યે સરખી કરુણાદૃષ્ટિથી માત્ર શુદ્ધતા જુએ છે અને જીવની વૈભાવિક પ્રવૃત્તિની ઉપેક્ષા કરે છે.

**દાનાદિક નિજ ભાવ, હતા જે પરવશા, હો લાલ ।। હ. ।।**
**તે નિજ સન્મુખ ભાવ, ગ્રહી લહી તુજ દશા, હો લાલ ।। ગ્ર. ।।**
**પ્રભુનો અદ્ભુત યોગ, સરૂપતણી રસા, હો લાલ ।। સ. ।।**
**ભાસે વાસે તાસ, જાસ ગુણ તુજ જિસા, હોલ લાલ ।। જા. ।।...૩**

હે પ્રભુ ! મારી વૃત્તિ અને પ્રવૃત્તિ, જે અનાદિકાળથી પરાધીનપણે પુદ્ગલ અનુયાયી હતી તે આપની વીતરાગદશાનું પુષ્ટ–નિમિત્ત પામી સ્વરૂપાલંબી થઈ છે, જેથી હું આત્મસન્મુખ થયો છું. શ્રી જિનપ્રતિમાજીના દર્શનનો મને અપૂર્વ યોગ પ્રાપ્ત થયો છે, જેનાથી આત્મસ્વભાવ પ્રગટ કરવાની મારી ભૂમિકા તૈયાર થઈ છે. એટલે પ્રતિમાજીનું શુદ્ધાવલંબન લેવાથી અને તીર્થંકર પ્રભુના આત્મિક ગુણોની મને ઓળખાણ થતાં તેની નિરંતર પ્રતીતિ રહ્યા કરે છે. શ્રી અરિહંત પ્રભુની સમ્યક્ ઓળખાણ અને આત્મિક ગુણોની પ્રાપ્તિ અર્થે વિધિવત્ પ્રક્રિયા કોઈ જ્ઞાનીપુરુષ પાસેથી જ થઈ શકે તેમ છે, કારણ કે તેઓને આત્માનુભવ પ્રત્યક્ષ પ્રમાણરૂપ વર્તતો હોય છે.

**મોહાદિકની ઘૂમી, અનાદિની ઊતરે, હો લાલ ।। અ. ।।**
**અમલ, અખંડ, અલિપ્ત, સ્વભાવ જ સાંભરે, હો લાલ ।। સ્વ. ।।**
**તત્ત્વરમણ શુચિ ધ્યાન, ભણી જે આદરે, હો લાલ ।। ભ. ।।**
**તે સમતારસ ધામ, સ્વામી મુદ્રા વરે, હો લાલ ।। સ્વ. ।।...૪**

અનાદિકાળથી મોહાસક્તિમાં ઓતપ્રોત થયેલ માનવને જ્યારે શ્રી તીર્થંકર પ્રભુનું પુષ્ટ–નિમિત્ત પ્રાપ્ત થાય છે, ત્યારે તેનો દેહાભ્યાસ (દેહમાં આત્મબુદ્ધિ) દૂર થવા માંડે છે. આવા ભવ્યજીવને નિર્મળ, અખંડ અને અલિપ્ત આત્મસ્વભાવની જ્યારે યથાર્થ ઓળખ થાય છે, ત્યારે તેનું ધ્યાન આત્મિક ગુણોમાં વર્તે છે. શ્રી અરિહંત પ્રભુ પ્રત્યે અનન્યતા અને પ્રશસ્ત ધ્યાનાદિથી સાધક પ્રભુ સાથે એકતા અનુભવે છે. આવા ધર્મધ્યાન અને શુકલધ્યાનથી સાધક ઘાતીકર્મોનો ક્ષય કરે છે, એટલે તેને સંવરપૂજક નિર્જરા થયા કરે છે. છેવટે સાધક પ્રશાંત અને સમતારસથી ભરપૂર પ્રભુ જેવી જ મુદ્રા અવસર આવે પ્રાપ્ત કરી શકે છે.

**પ્રભુ છો ત્રિભુવન નાથ, દાસ હું તાહરો, હો લાલ ।। દા. ।।**
**કરુણાનિધિ અભિલાષ, અછે મુજ એ ખરો, હો લાલ ।। અ. ।।**
**આતમ વસ્તુ સ્વભાવ, સદા મુજ સાંભરો, હો લાલ ।। સ. ।।**
**ભાસન વાસન એહ, ચરમ ધ્યાને ધરો, હો લાલ ।। ચ. ।। ...૫**

હે પ્રભુ ! આપ ત્રણ ભુવનના નાથ છો. વળી આપ ભવ્યજીવને તેના સત્તાગત આત્મિકગુણો પ્રાપ્ત કરાવનારા અને તેનું જતન કરનાર છો. પ્રભુ ! હું આપનો સેવક છું અને મારા પ્રત્યે કરુણાદૃષ્ટિ રાખી મુક્તિ માટેની મારી અભિલાષા પૂર્ણ કરો. હે પ્રભુ ! આપ જ મારા પ્રગટ શુદ્ધાત્મા છો અને મને આપની પ્રત્યે જ અનન્યતા વર્તે. હે પ્રભુ ! મને આત્મ–સ્વભાવમાં જ સમ્યક્ પ્રતીતિ, શ્રદ્ધા અને તન્મયતા વર્તે. હે પ્રભુ ! મારું સમગ્ર જીવન આપની આજ્ઞાધીનપણામાં જ વ્યતીત થાય. આવા સઘળા મનોરથો હે પ્રભુ ! આપની કૃપાથી સફળ થાઓ.

**પ્રભુમુદ્રાને યોગ, પ્રભુ પ્રભુતા લખે, હો લાલ ।। પ્ર. ।।**
**દ્રવ્યતણે સાધર્મ્ય, સ્વસંપત્તિ ઓળખે, હો લાલ ।। સ્વ. ।।**
**ઓળખતા બહુમાન, સહિત રુચિ પણ વધે, હો લાલ ।। સ. ।।**
**રુચિ અનુયાયી વીર્ય, ચરણધારા સધે, હો લાલ ।। ચ. ।।...૬**

શ્રી તીર્થંકર પરમાત્માની પ્રશાંત મુખમુદ્રાનું સમ્યક્દર્શન થવાથી સાધકને તેઓની અનંત અને અક્ષય જ્ઞાનદર્શનમય પ્રભુતાનું ઓળખાણ થાય છે. સાધકને આંતરિક સૂઝ પ્રગટે છે કે જે પ્રકારની આત્મિક સંપદા પ્રભુને પ્રગટપણે વર્તે છે એવી જ સંપદા તેનામાં પણ સત્તાએ કરીને છે, પરંતુ તે બહુધા અપ્રગટપણે છે. સાધકને પ્રભુના આત્મિક ગુણો પ્રત્યે બહુમાન ઉત્પન્ન થાય છે અને તેવા ગુણોની પ્રાપ્તિ થાય એવી અભિલાષા પ્રગટે છે. આવી આત્મજાગૃતિનો સદુપયોગ કરી સાધક પોતાનો વીર્યગુણ પ્રવર્તાવી આજ્ઞાધીનપણામાં વર્તે છે. છેવટે સાધકને પોતાના આત્મસ્વભાવમાં ક્રમશ: સ્થિરતા થવા માંડે છે.

**ક્ષાયોપશમિક ગુણ સર્વ, થયા તુજ ગુણરસી, હો લાલ ।। થ. ।।**
**સત્તા સાધન શક્તિ, વ્યક્તતા ઉલ્લસી, હો લાલ ।। વ્ય. ।।**
**હવે સંપૂર્ણ સિદ્ધિ, તણી શી વાર છે, હો લાલ ।। ત. ।.**
**'દેવચંદ્ર' જિનરાજ, જગત આધાર છો, હોલ લાલ ।। જ. ।।...૭**

શ્રી દેવચંદ્રજી મહારાજ પ્રસ્તુત સ્તવનના ઉપસંહારમાં કહે છે કે મારા સર્વ જ્ઞાન–દર્શન–ચારિત્ર્યાદિ ક્ષાયોપશમિક ગુણો હે પ્રભુ ! આપના ક્ષાયિક કેવળ જ્ઞાનદર્શનાદિ આત્મિક ગુણોના રસિયા થયા છે. હે પ્રભુ ! મારી આત્મસત્તા જે અત્યાર સુધી અપ્રગટ હતી તે આપના શુદ્ધાવલંબનથી વ્યક્ત થવા માંડી છે અને તેનો મને ભાવોલ્લાસ વર્તે છે. હે પ્રભુ ! મને હવે નિશ્ચય વર્તે છે કે આપની કૃપાથી ટૂંક સમયમાં મને કાર્યસિદ્ધિ અવશ્ય પ્રાપ્ત થશે. હે પ્રભુ ! આપ જગતના સર્વ જીવોના તરણતારણ અને આધાર છો.

Printed & Published by Nirubahen Subodhbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400 027. And Published at 385, S.V.P. Road, Mumbai-400 004. Editor: Ramanlal C. Shah.